
# ગુજરાત

દીપોત્સવી અંક

વિક્રમ સંવત - ૨૦૭૫ • વર્ષ - ૨૦૧૯




કિંમત : ₹ ૪૦/-


" શૃંગાર "
- ભાર્ગવી આર. ભટ્ટ
મો. - ૯૪૨૯૬૩૯૩૩૬



# ગુજરાત

દીપોત્સવી અંક

વિક્રમ સંવત - ૨૦૭૫

વર્ષ - ૨૦૧૯


**તંત્રી**
અશોક કાલરીયા

**સહતંત્રી**
અરવિંદ પટેલ

**સંપાદક**
પુલક ત્રિવેદી

**ઉપસંપાદક**
જગદીશ આચાર્ય

**સહસંપાદક**
મનીષા વાઘેલા, બેલા મહેતા

**વિતરણ વ્યવસ્થા**
ઇશ્વર ઠાકોર, જયેશ દવે, હસમુખ પટેલ, કિર્તી પરમાર, જે. બી. મુનિયા, પ્રકાશન શાખા, ગાંધીનગર તથા જિલ્લા માહિતી કચેરીઓ

**પ્રકાશક**
માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**પ્રોસેસિંગ અને મુદ્રણ**
સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ


**વેબસાઇટ**
www.gujaratinformation.net

**કિંમત : ₹ ૪૦/-**



આ અંકમાં પ્રસિદ્ધ થયેલી કૃતિઓમાં લેખકો દ્વારા વ્યક્ત થયેલા વિચાર સાથે પ્રકાશક સંમત છે જ એમ માનવું નહીં



## દિવ્ય અને ભવ્ય ગુજરાતના નિર્માણ માટે સંકલ્પબદ્ધ બનીએ...

માનવ જીવનમાં પ્રકાશનું અદકેરું મહત્ત્વ છે. દિવાળી એટલે પ્રકાશનું પર્વ. અજ્ઞાન અને દુરાચારના અંધકારને જ્ઞાન અને સદાચારની દીપ જ્યોતથી પ્રકાશિત કરવાનો તહેવાર એટલે દીપોત્સવ.

પ્રકાશના આ મહાપર્વ દિવાળીમાં આપણે સૌ ગુજરાતી બાંધવો સાથે મળીને ઉમંગ અને ઉત્સાહથી દીપકની હારમાળા પ્રગટાવી બે હાથ જોડી પરમાત્માને પ્રાર્થના કરીએ કે, 'હે પ્રભુ અમને બધાને સત્ય અને ઊર્ધ્વ વિકાસનો નવતર પ્રકાશપથ દેખાડ જેથી અમે અજ્ઞાનના અંધકારમાં અટવાતાં અમારાં ભાઈ-બહેનોને વિકાસનો સાચો રાહ બતાવી શકીએ.'

ભવ્ય અને દિવ્ય ગુજરાતના નિર્માણ માટે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલમાં ભારતના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં આરંભેલી વિકાસયાત્રા સંવેદનશીલતા, પારદર્શકતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતાના ચાર આધારસ્તંભો દ્વારા વધુ તેજ રફતારથી આગળ વધી રહી છે.

મને કહેતા આનંદ થાય છે કે, છેલ્લા બે દાયકાથી પ્રગતિશીલતા એ જ ગુજરાતની ઓળખ બની છે. વિકાસની રાજનીતિ પ્રસ્થાપિત કરીને વિકાસને જ ગુજરાતનો મિજાજ બનાવતા ગુજરાતની જનતાએ ૨૪-૨૪ વર્ષથી એક જ પક્ષના સુશાસનને સ્વીકારી જનહિતનાં કાર્યો કરવા આશીર્વાદ આપ્યાં છે. જનકલ્યાણને વરેલી ગુજરાત સરકાર સંવેદનશીલતા અને પરિણામલક્ષિતાથી ભવ્ય અને દિવ્ય ગુજરાતના નિર્માણ માટે અને પ્રત્યેક ગુજરાતીના ઉત્કર્ષ માટે સતત અને સઘન પરિશ્રમ કરી રહી છે. એનું પ્રમાણ એ જ છે કે આજે ગુજરાત અનેક ક્ષેત્રોમાં નંબર વન છે.

'મિનિમમ ગવર્નમેન્ટ, મેક્સિમમ ગવર્નન્સ'ના મૂળ મંત્રને સમર્પિત નિર્ણાયક ગુજરાત સરકારે રાજ્યના વિકાસ અને જનઉત્કર્ષ માટે પ્રશાસકીય વ્યવસ્થાને તથા સમગ્ર તંત્રને સંપૂર્ણ શક્તિથી જનહિતનાં કાર્યો માટે પ્રેરિત કરી છેલ્લાં ત્રણ વર્ષમાં ૬૦૦થી વધુ જનહિતલક્ષી નિર્ણયો કર્યા છે. આ પ્રત્યેક નિર્ણયના કેન્દ્રમાં ગુજરાતની સાડા છ કરોડની જનતા રહી છે. લોકોને સાથે રાખીને લોકોના વિકાસ માટે નિર્ણયોનું પરિણામલક્ષી અમલીકરણ કરવા માટે 'ફાસ્ટ ટ્રેક ગવર્નન્સ'ની, સંકલ્પથી સિદ્ધિની અનુભૂતિ ગુજરાતી બાંધવોને થઈ રહી છે.

સામાજિક હકારાત્મકતાને સહિયારી રીતે આનંદથી ઉજવવાનું આ પર્વ છે. ગુજરાત સરકારની નીતિઓમાં સર્વગ્રાહી વિકાસનો પ્રકાશ ઝગમગે છે. સંવેદનશીલ રાજ્ય સરકારે સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ યોજનાઓ, અભિયાનો તથા કાર્યક્રમોના માધ્યમથી જન જન સુધી શિક્ષણ, આરોગ્ય, રોજગાર, સુરક્ષા, સ્વચ્છતા વગેરે જેવી પાયાની સવલતો ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. રાજ્યની અંદર થયેલા માર્ગ અકસ્માતમાં ગુજરાતના કે ગુજરાત બહારના નાગરિકોને વાહન અકસ્માત થતા ₹ ૫૦,૦૦૦ સુધીની આર્થિક સહાયનો નિર્ણય સંવેદનશીલ

સરકારની અગ્રિમ-પરિચાયક યોજના છે. ગુજરાતની માતા, બહેન, દીકરીઓ તથા શાળામાં અભ્યાસ કરતા બાળકોના શારીરિક સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને જનની સુરક્ષા યોજના, મમતા ડોલી, મમતા દિવસ, વહાલી દીકરી યોજના અને શાળા આરોગ્ય તપાસણી જેવા સઘન પગલાંઓથી સર્વાંગીણ સુખાકારી તરફ સહુ આગળ વધી રહ્યા છે.

ટેકનોલોજીના વિનિયોગ દ્વારા સીએમ ડેશ બોર્ડ થકી તમામ જિલ્લાઓ સાથે સતત સંપર્કમાં રહી શકે તેવી ટેકનો-ફ્રેન્ડલી વ્યવસ્થાઓ 'ડિજિટલ ગુજરાત'ની પહેચાન બની છે.

મને કહેતા ગૌરવ થાય છે કે, જળસંચય, જળસંવર્ધન અને જળવિતરણ માટેનો સુજલામ્ સુફલામ્ જળસંચય અભિયાન સ્વરૂપે અનોખો પરિશ્રમ યજ્ઞ ગુજરાતે દેશ અને દુનિયાને બતાવ્યો છે. લોકોના પ્રશ્નો અને સમસ્યાને ઉકેલવામાં સંવેદનશીલ સરકારે સેવાસેતુ કાર્યક્રમ અન્વયે તેમના દ્વારે જઈને તેમના પ્રશ્નોનું સુખદ નિરાકરણ કર્યું છે. શહેરો અને ગામોના સમતોલ વિકાસની પરિભાષા ગુજરાતમાં અંકિત થઈ છે. ભ્રષ્ટાચાર ઉપર જબરજસ્ત આક્રમણ કરીને એન્ટી કરપ્શન બ્યુરોને વધુ મજબૂત બનાવાયું છે. મહેસૂલી કાયદાઓમાં મોટા પાયે જનહિતલક્ષી પરિવર્તનો કરી રાજ્યના જન સામાન્યની સુખાકારીને કેન્દ્રમાં રાખવામાં આવી છે.

આસો વદ અમાસની રાત્રીએ પ્રત્યેક ઘર પોતાની આસપાસના વાતાવરણને પ્રકાશથી દેદિપ્યમાન બનાવતી દીપહારમાળા સર્જી 'દીપો ભવઃ'ની ભાવનાને વધુ સુદૃઢ કરે છે. વિક્રમ સંવત ૨૦૭૫ની નક્કર કાર્યોની સાથે વિદાય અને નવા સમણાંઓ સાકાર કરવાની સંકલ્પબદ્ધતાની શક્તિના સંચાર સાથે વિક્રમ સંવત ૨૦૭૬ના વર્ષનું મંગલ પ્રભાત ઉગ્યું છે. આવો, આપણે સૌ ગુજરાતી બાંધવો આવનારા નૂતન વર્ષના આરંભે સહુ સાથે મળી ભવ્ય ગુજરાતના નિર્માણમાં લાગી જઈએ. ગુજરાતની વિકાસયાત્રામાં દિવ્યતાપૂર્ણ રીતે સક્રિય ભાગીદાર બનીએ.

આપણા તહેવારો આપણી વિશિષ્ટ સાંસ્કૃતિક વિચારધારાની ધરોહર છે. આ પર્વોના આગમન સાથે એકધારા જીવનમાં નવો ઉત્સાહ અને નવી પ્રેરણાનો સંચાર થાય છે. ઉત્સવોમાં વડીલોનાં આશીર્વાદ ઊર્જા આપે છે. મિત્રો અને સ્નેહીઓ સાથે સંવાદ, સૌહાર્દ અને સદ્‌ભાવના સેતુથી વધુ આત્મીયતા કેળવાય છે. તહેવારોમાં સામૂહિક ઉજવણી માનવીના મનને નવી તાજગીસભર ચેતના અને ઉમંગથી ભરી દે છે.

ગુજરાતના પનોતાપુત્ર અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે ભારતે આગવી અને અનોખી ઢબે વિકાસ, શૌર્ય અને સાહસિકતાનો પરિચય સમસ્ત વિશ્વને કરાવ્યો છે. ગુજરાત ભારતના વિકાસનો 'ગેટ વે' છે. માનવ વિકાસના તમામ સૂચકાંકોમાં ગુજરાતે ડંકો વગાડ્યો છે. જન સામાન્યના સર્વાંગીણ વિકાસની પ્રતિબદ્ધતા આપણો મંત્ર રહ્યો છે.

દિવાળી પર્વ પ્રસંગે હૃદયપૂર્વકની શુભકામનાઓ સાથે આવનારું વિક્રમ સંવત-૨૦૭૬નું નવલું વર્ષ પ્રેરણાદાયી, શુભદાયી તથા ફળદાયી નીવડે તેવી સૌ ગુજરાતી બાંધવોને અનેક અનેક શુભેચ્છાઓ પાઠવું છું.

આપનો,

(વિજય રૂપાણી)
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય

# પ્રકાશના પર્વના સત્કાર સાથે આગળ વધવાનો ટંકાર કરીએ



असतो मा सदगमय, तमसो मा ज्योतिर्गमय ।।

અસત્યથી સત્ય તરફ અને અંધકારથી ઉજાશ તરફનું ઊર્ધ્વ પ્રયાણ એ ભારતીય જ્ઞાન પરંપરાનો મૂળ આધાર છે. પ્રકાશ, સત્ય અને જ્ઞાનનો મહિમા, આપણા વેદો-પુરાણો પૂરતો જ સીમિત નથી, આ સદ્‌ગુણો ભારતના લોકોના લોહીમાં વણાઇ ગયા છે. દીપોત્સવ સાચા અર્થમાં લોકોત્સવ છે. દીપાવલીના આરંભે સરસ્વતી વંદના વડે જ્ઞાનનું મહાત્મ્ય, લક્ષ્મી પૂજા એ સુખ - સમૃદ્ધિનો સ્વીકાર અને રાત્રિના અંધકારમાં પ્રજ્વલિત - દેદિપ્યમાન દીપકોનો જ્યોતિપૂંજ એ જ્ઞાન અને વિકાસના પ્રકાશના આગમનની ઉમંગપૂર્વક ઉજવણી છે. જ્ઞાનના પ્રકાશથી સમગ્ર ભારતવર્ષને લાગણીના તાંતણે બાંધતું દીપાવલીનું પર્વ આપણા સહુના જીવનમાં હર્ષ, ઉમંગ, ઉલ્લાસ અને નાવીન્ય લાવે છે.

સગા-વ્હાલાંઓ, પરિવારજનો, મિત્રો તથા શુભચિંતકોની સાથે તહેવારોની ઉજવણીનો આનંદ અનેરો હોય છે. ગુજરાતી ભાઇ - બહેનો માટે દીપોત્સવની ઉજવણી ટાણે વીતેલા વર્ષમાં આપણે શું પ્રાપ્ત કર્યું અને શું ભૂલો કરી તેનું આકલન કરી આગામી વર્ષે વધુ આગળ વધવા કટિબદ્ધ બનવાનો પાવન અવસર છે.

ગરવા ગુજરાતની ગરીમાને વણી લેતા વિવિધ વિષયોને આવરી લેતો સાહિત્યિક સંપુટ ગુજરાત દીપોત્સવી અંક - ૨૦૭૫ આપ સર્વના હાથમાં મૂકતા હર્ષ અને સંતોષની લાગણી અનુભવું છું. આ દળદાર ગ્રંથના પ્રગટીકરણ પ્રસંગે સંલગ્ન સર્વ સર્જનાત્મક અને સંવેદનશીલ લેખકોને અને વાચકોને દીપાવલીના પાવન પ્રસંગે શુભેચ્છા સાથે વિ. સં.-૨૦૭૬નું નૂતન વર્ષ શુભદાયી, ફળદાયી અને પ્રગતિ આપનારું નીવડે તેવી અંતઃકરણપૂર્વકની શુભકામના પાઠવું છું.

*અશ્વિની કુમાર, આઈ.એ.એસ.*
*સચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ*

सत्यमेव जयते

## ચાલો, સાહિત્યના રસપાનથી પ્રકાશનું પર્વ ઉજવીએ



ગૂર્જરધરાની ગરિમા અને સંસ્કાર સમૃદ્ધિ સમગ્ર વિશ્વને આકર્ષે છે. આપણા ઉત્સવો વૈવિધ્યપૂર્ણ સંસ્કાર વારસાની છબી ઉજાગર કરે છે. આપણી સાંસ્કૃતિક ધરોહરમાં ઉત્સવોનો અપ્રતિમ મહિમા છે. તેમાં પણ દીપોત્સવી પર્વ શિરમોર પર્વ છે. આ પર્વની સાથે નવા વર્ષના આગમનનો આશાભર્યો આનંદ જોડાયેલો હોય છે. કલા, સંસ્કૃતિ, સાહિત્ય, ઈતિહાસ અને આપણા સંસ્કાર વારસાનું પ્રતિબિંબ રજૂ કરતો દીપોત્સવી અંક ગુજરાત અને ગુજરાત બહાર અદમ્ય લોકચાહના ધરાવે છે.

સામાજિક વિકાસનાં દરેક ક્ષેત્રે ગુજરાતે તેજ ગતિથી વિકાસ કર્યો છે. ગુજરાત સમગ્ર દેશ માટે વિકાસ મોડેલ બની રહ્યું છે. ગુજરાતના ખૂણે - ખૂણે વિકાસનો પ્રકાશ પહોંચાડવામાં રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાની પ્રત્યેક ગુર્જરવાસીને પ્રતીતિ થઇ રહી છે.

પ્રતિવર્ષની પરંપરા અનુસાર આ વર્ષે ગુજરાત દીપોત્સવી અંક - ૨૦૭૫ વાચકોના કરકમળમાં મૂકતા મને અત્યંત હર્ષની લાગણી થાય છે. ગુજરાત દીપોત્સવી અંકની શબ્દ અને સંસ્કારના ચિંતન સાથેની સત્ત્વશીલ સાહિત્ય સામગ્રી વાચક મિત્રોને રસતરબોળ કરશે, એવી મને શ્રદ્ધા છે. સર્જનાત્મક સાહિત્યકારો પોતાના લેખનમાં ગુજરાતની અસ્મિતાને વ્યક્ત કરતા આવ્યા છે. વિવિધ સાહિત્ય સ્વરૂપો અને ગુજરાતની ગરિમાની અનુભૂતિ કરાવતો દીપોત્સવી અંક - ૨૦૭૫ ગુજરાતી સાહિત્યરસિક વાચકોની વાચનક્ષુધા સંતોષશે. દીપાવલી એ મૂળતઃ જ્ઞાનના પ્રકાશના મહિમાને ઉજવતુ અનોખું પર્વ છે.

ગુજરાત દીપોત્સવી અંકમાં સમાવિષ્ઠ અભ્યાસલેખો, નિબંધો, હાસ્યલેખો, નવલિકાઓ, કાવ્યો, ચિત્રો, ફોટા જેવી વિવિધ સાહિત્ય કૃતિઓ વાચકો, પ્રબુદ્ધ નાગરિકો સહિત સૌ કોઇને આનંદ આપશે. દીપોત્સવી પર્વની શુભેચ્છા સાથે નવું વર્ષ આપ સૌને ફળદાયી અને મંગલમય બની રહે એવી શુભકામનાઓ...


**અશોક કાલરીયા**, આઈ.એ.એસ.

માહિતી નિયામક

# અનુક્રમણિકા

## અભ્યાસલેખ સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | બારડોલીથી બિરલા હાઉસ (દિલ્હી) | - ગુણવંત શાહ | ૧૭ |
| ૨. | ગાંધીને ઘડ્યા સ્થાનવિશેષે..... | - ડૉ. વિષ્ણુ પંડ્યા | ૨૩ |
| ૩. | મધ્યકાલીન ગુજરાતી સંશોધનનું ગૌરીશંકર શિખર : કે. કા. શાસ્ત્રી | - બળવંત જાની | ૨૯ |
| ૪. | સાહિત્ય દીવીના અજવાળે કરેલી પ્રકાશયાત્રા | - ડૉ. કુમારપાળ દેસાઈ | ૩૭ |
| ૫. | 'મહાત્મા' વિશેષણે મને અત્યંત દુઃખ આપ્યું છે | - દેવેન્દ્ર પટેલ | ૪૧ |
| ૬. | કમળ :ભારતીય સંસ્કૃતિનું પદ્માસન! | - જય વસાવડા | ૪૩ |
| ૭. | મનોહર મહેસાણા | - ડૉ. નરોત્તમ વાળંદ | ૪૭ |
| ૮. | વિજ્ઞાન પણ કહે છે : સ્ત્રી-પુરુષથી વધુ શક્તિશાળી છે ! | - યશવંત મહેતા | ૫૧ |
| ૯. | દ્વારિકા : યુગ યુગ ધ્યાનવિલીન | - નરોત્તમ પલાણ | ૫૫ |
| ૧૦. | કંઠનો કામણગાર : પ્રાણલાલ વ્યાસ | - જોરાવરસિંહ જાદવ | ૫૭ |
| ૧૧. | કથાઓ : હેતુ અને અર્થ | - હસુ યાજ્ઞિક | ૬૧ |
| ૧૨. | 'નવજીવન' ની શતાબ્દી યાત્રા... | - ભદ્રાયુ વછરાજાની | ૬૭ |
| ૧૩. | ઉત્તર ગુજરાતની પ્રાગૈતિહાસિક સંસ્કૃતિ | - ડૉ. ભગવાનદાસ પટેલ | ૭૧ |
| ૧૪. | લાઠી | - યાસીન દલાલ | ૭૫ |
| ૧૫. | સંગીત ઉપાસક વાડીલાલ નાયક | - દોલત ભટ્ટ | ૮૫ |
| ૧૬. | પંડિતયુગના પ્રહરી પ્રો. બ. ક. ઠાકોર : પુનર્મૂલ્યાંકન | - પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૮૯ |
| ૧૭. | સરદાર વલ્લભભાઈ પટેલ : અમદાવાદના આંગણે | - ડૉ. માણેક પટેલ 'સેતુ' | ૯૫ |
| ૧૮. | સરકારી શિક્ષકોનો સરકારી શાળાનાં બાળકો માટેનો અનોખો યજ્ઞ- 'બી નચિકેતા' | - અજય મો. નાયક | ૯૯ |
| ૧૯. | ડૉ. આંબેડકરના સપનાનું ભારત | - કિશોર મકવાણા | ૧૦૫ |
| ૨૦. | માનવસમાનતાના પુરસ્કર્તા : સંત કબીર | - નટુભાઈ પરમાર | ૧૧૧ |
| ૨૧. | પાલનપુર રાજ્યના ઐતિહાસિક અજવાળામાં ચારણી સાહિત્યનું પ્રદાન | - શિવદાન ગઢવી | ૧૧૭ |
| ૨૨. | અધ્યાત્મની જીવનમાં આવશ્યકતા | - પરમાનંદ મા. ગાંધી | ૧૨૨ |
| ૨૩. | સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિ અને લોકસંસ્કારો | - લક્ષ્મણ પીંગળશીભાઈ ગઢવી | ૧૨૫ |
| ૨૪. | બાળસાહિત્ય આજનાં વાચન-વિમુખ બાળકો સુધી કઈ રીતે પહોંચાડી શકાય ? | - સોમાભાઈ વિ. પટેલ | ૧૩૧ |
| ૨૫. | કૃષ્ણલીલામાં નાગદમન અને સાંયાજી ઝૂલા | - વસંતભાઈ ગઢવી | ૧૩૫ |
| ૨૬. | પાંડવોએ આંબો રોપીઓ..... | - કાકડિયા મનસુખ વી. | ૧૩૯ |
| ૨૭. | હર્ષકાલીન સ્ત્રીઓનાં અવનવાં આભૂષણો | - ટીના દોશી | ૧૪૯ |
| ૨૮. | રમણભાઈનો કાવ્યવિચાર | - વિજય શાસ્ત્રી | ૧૫૩ |
| ૨૯. | ઝાલાવાડનો સાંસ્કૃતિક વારસો : ખાંભી અને પાળિયા | - ભૂપેન્દ્ર મો. દવે | ૧૫૫ |
| ૩૦. | 'પાને પાને પ્રકટતો પ્રકાશ' (પાંચ પ્રેરણાદાયી પુસ્તકોની વાત) | - રેખાબા સરવૈયા | ૧૬૧ |
| ૩૧. | ગુજરાતી લોકગીતોમાં ગુંજતો જીવનબોધ | - નીલેશ પંડ્યા | ૧૬૫ |
| ૩૨. | માણસને હંમેશાં દોડાવતી રહી છે ઘડિયાળ | - માવજી મહેશ્વરી | ૧૬૯ |
| ૩૩. | ચિંતા નહીં ચિંતન... | - ડૉ. અશોક નારાયણ | ૧૭૨ |

# અનુક્રમણિકા

## નવલિકા સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | વાંદરાનું લોહી | - મોહમ્મદ માંકડ | ૧૭૭ |
| ૨. | દર્શન | - ડૉ. દિનકર જોશી | ૧૮૧ |
| ૩. | સિંહાસન | - વર્ષા અડાલજા | ૧૮૩ |
| ૪. | એવોર્ડ મલેલ, ના મલેલ... | - રજનીકુમાર પંડ્યા | ૧૮૭ |
| ૫. | વાંસનો અંકુર | - મોહનલાલ પટેલ | ૧૮૯ |
| ૬. | મલાજો | - કેશુભાઈ દેસાઈ | ૧૯૩ |
| ૭. | પપ્પા, તમે ક્યાં છો ? | - ડૉ. ચંદ્રકાન્ત મહેતા | ૧૯૭ |
| ૮. | કેશવ પુરાઈ ગયો | - ઉત્પલ ભાયાણી | ૨૦૫ |
| ૯. | સુનયના મેડમ આખરે શું કહે છે ? | - રમેશ ર. દવે | ૨૦૭ |
| ૧૦. | ગઈ... એટલું જ પૂછો ! | - રાઘવજી માધડ | ૨૧૧ |
| ૧૧. | ક્રોસ રોડ પર | - નસીર ઈસમાઈલી ‘ઝુબિન’ | ૨૧૫ |
| ૧૨. | તરફડાટ | - સુમંત રાવલ | ૨૧૭ |
| ૧૩. | અવસર | - રમેશ ત્રિવેદી | ૨૨૧ |
| ૧૪. | શ્રદ્ધાદીપ | - ભી. ન. વણકર | ૨૨૫ |
| ૧૫. | અન્યમાં શૂન્ય | - નીતિન ત્રિવેદી | ૨૨૭ |
| ૧૬. | હાથીના દાંત | - નટવર પટેલ | ૨૩૩ |
| ૧૭. | ઉત્તરાર્ધ | - દશરથ પરમાર | ૨૩૫ |
| ૧૮. | ઈશ્વરનાં રૂપ... | - અલતાફ પટેલ | ૨૩૯ |
| ૧૯. | રિયાસત રૂપની...! | - અતુલકુમાર વ્યાસ | ૨૪૩ |
| ૨૦. | ફેસબુકના ઓટલેથી | - નીલમ દોશી | ૨૪૭ |
| ૨૧. | સામા પગલે... | - નટવર ગોહેલ | ૨૫૧ |
| ૨૨. | મા બનેલી સાસુ | - અવિનાશ પરીખ | ૨૫૫ |
| ૨૩. | વટેમાર્ગુ | - ડૉ. સુરમ્યા જોષી | ૨૫૯ |
| ૨૪. | નિઃસહાય | - પ્રવીણ ગઢવી | ૨૬૩ |
| ૨૫. | ઈનામ... | - ડૉ. સ્વાતી નાયક | ૨૬૭ |
| ૨૬. | સંતોકની ગુલાબ અને મંછા | - દર્શના ભગલાણી | ૨૬૯ |
| ૨૭. | ડૉલીની જીવનકથાનો પ્રારંભ | - પિનાકિન દવે | ૨૭૩ |
| ૨૮. | ક્યાં... સુધી ? | - પ્રફુલ્લ કાનાબાર | ૨૭૫ |
| ૨૯. | મધ્યમવર્ગની સાડી | - સંજય થોરાત | ૨૭૭ |
| ૩૦. | હાર-જીત | - અઝીઝ ટંકારવી | ૨૭૯ |

# અનુક્રમણિકા

## વિનોદિકા સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | દસમા-બારમાવાળાં બાબા-બેબીનાં માતા-પિતાનો ટીવી ઈન્ટરવ્યૂ | - રતિલાલ બોરીસાગર | ૨૮૫ |
| ૨. | કંકોતરીઓ વહેંચવાની સેવા | - નિરંજન ત્રિવેદી | ૨૮૭ |
| ૩. | હા, હા, હા.... ! | - પ્રવીણ દરજી | ૨૮૯ |
| ૪. | 'હાસ્યમંદિર'માં ડોકિયું | - હરિકૃષ્ણ પાઠક | ૨૯૧ |
| ૫. | હું ગુજરાત છું, ગરવી ગુજરાત ! | - હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત' | ૨૯૫ |
| ૬. | વધ્યો તો સમજો વઘારાયો... ! | - ડૉ. નલિની ગણાત્રા | ૨૯૭ |
| ૭. | બેસણામાં બેઠેલાઓ | - પરાગ ત્રિવેદી | ૩૦૧ |
| ૮. | મેચ જોવાની મઝા કે સજા ? | - ડૉ. જગદીશ ત્રિવેદી | ૩૦૩ |
| ૯. | સર્વે ગુણાઃ ગાડીમાશ્રયન્તે | - અધીર અમદાવાદી | ૩૦૭ |
| ૧૦. | "નવરી બજારનો રોડ-શો" | - જીતેન્દ્ર ઠક્કર | ૩૧૩ |
| ૧૧. | ઝીણકી ફોલ્લી | - રમેશ તન્ના | ૩૧૫ |
| ૧૨. | હાસ્યલેખ ટાઈમ ઈઝ મની ? હાઉ ફની ! | - કિશોર અંધારિયા | ૩૧૯ |
| ૧૩. | દાઢી સદા સુખદાયી | - નગીન દવે | ૩૨૧ |
| ૧૪. | મોબાઈલ ગીતા | - ભર્ગદેવ ભટ્ટ, 'હાસ્યાયન' | ૩૨૩ |
| ૧૫. | અમે બ્યુઝનેસ કર્યો ! | - કૃષ્ણ પંડિત | ૩૨૫ |
| ૧૬. | સજોડે ફોટો પડાવો | - કલ્પના દેસાઈ | ૩૨૭ |
| ૧૭. | ફટાકિયું | - પ્રદ્યુમ્ન આચાર્ય | ૩૩૩ |
| ૧૮. | અતિથિ - No Entry | - દિલીપ શાહ 'રસીલા' | ૩૩૫ |
| ૧૯. | વાંધા પડે !... | - નિપુણ સી. ચોકસી | ૩૩૭ |
| ૨૦. | કોર્ટની રમૂજ | - મધુર દિ. ધ્રુવ | ૩૩૯ |


## નાટિકા સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | ભરોસો | - પ્રકાશ લાલા | ૩૪૫ |
| ૨. | 'નાસ્તિક' | - વિનોદ સી. દવે | ૩૪૯ |
| ૩. | ઓટલો ને રોટલો આપે, સૂરત ! | - રવીન્દ્ર પારેખ | ૩૫૫ |
| ૪. | સમજણનો સૂર | - દુર્ગેશ ઓઝા | ૩૬૩ |
| ૫. | હીરાનું પારખું | - તારિણીબહેન દેસાઈ | ૩૭૩ |
| ૬. | મેના ગુર્જરી- નવ સંસ્કરણ | - ડૉ. નિરંજન રાજ્યગુરુ | ૩૭૯ |
| ૭. | હું , અહીં કે પેલેપાર (એકાંકી) | - ડૉ. શૈલેશ ટેવાણી | ૩૯૪ |

# અનુક્રમણિકા

## કાવ્ય સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | પંખી પાછું વળ્યું નગરથી... | - રઘુવીર ચૌધરી | ૪૦૧ |
| ૨. | સુંદર છે આ સમય | - ચન્દ્રકાન્ત શેઠ | ૪૦૧ |
| ૩. | એક વાસંતી વાયરાને કહેજો | - ભાનુપ્રસાદ ત્રિવેદી | ૪૦૨ |
| ૪. | જોવું રહ્યું મીંચાઈને ! | - રાજેન્દ્ર શુક્લ | ૪૦૨ |
| ૫. | એવું નથી | - માધવ રામાનુજ | ૪૦૩ |
| ૬. | ગઝલ | - ખલીલ ધનતેજવી | ૪૦૩ |
| ૭. | બાવો જાગે છે કે ઊંઘે છે...! | - દલપત પઢિયાર | ૪૦૪ |
| ૮. | કાવ્યારંભે સરસ્વતી પ્રાર્થના | - વિનોદ જોશી | ૪૦૫ |
| ૯. | આવ્યા | - રાજેશ વ્યાસ 'મિસ્કીન' | ૪૦૫ |
| ૧૦. | ગીત | - હરીશ મીનાશ્રુ | ૪૦૬ |
| ૧૧. | "'ઘર' બનતાં વાર લાગે છે" | - મણિલાલ હ. પટેલ | ૪૦૬ |
| ૧૨. | ક્ષણક્ષણમાં - ક્ષણક્ષણથી | - ધીરેન્દ્ર મહેતા | ૪૦૭ |
| ૧૩. | એકાકાર | - નીતિન વડગામા | ૪૦૭ |
| ૧૪. | ગંગા, જમુના, સરસ્વતી | - યોગેશ જોષી | ૪૦૮ |
| ૧૫. | બોલો, કેવું લાગ્યું ? | - ધૂની માંડલિયા | ૪૦૮ |
| ૧૬. | શું હશે એનું નામ ? | - કિસન સોસા | ૪૦૯ |
| ૧૭. | ઢેખાળું | - રમણીક સોમેશ્વર | ૪૦૯ |
| ૧૮. | મારી તમને એ જ અરજ છે | - મુસાફિર પાલનપુરી | ૪૧૦ |
| ૧૯. | થાય સરવાળો પછી | - શિવજી રૂખડા | ૪૧૦ |
| ૨૦. | હવેલી - મોનો ઈમેજ કાવ્ય | - સતીશ ડણાક | ૪૧૧ |
| ૨૧. | "મા" | - હર્ષદ ચંદારાણા | ૪૧૨ |
| ૨૨. | ઝીલણજી... | - ગુણવંત ઉપાધ્યાય | ૪૧૩ |
| ૨૩. | ઉખાણું | - બકુલેશ દેસાઈ | ૪૧૩ |
| ૨૪. | જળપુરાણ | - મનોહર ત્રિવેદી | ૪૧૪ |
| ૨૫. | વરખની દાબડીમાં | - સંજુ વાળા | ૪૧૫ |
| ૨૬. | મૂરઝાયા હતા | - હર્ષ બ્રહ્મભટ્ટ | ૪૧૫ |
| ૨૭. | અમને શું ફેર પડે બોલો ? | - કૃષ્ણ દવે | ૪૧૬ |
| ૨૮. | જીવતર શું કામનું ? | - ભાગ્યેશ જહા | ૪૧૬ |
| ૨૯. | જિંદગી | - અંકિત ત્રિવેદી | ૪૧૭ |
| ૩૦. | એક ફોટો... | - હર્ષદ ત્રિવેદી | ૪૧૭ |
| ૩૧. | આતમવાણી | - દિલીપ જોશી | ૪૧૮ |
| ૩૨. | તો શું કરું ? | - ફિલિપ ક્લાર્ક | ૪૧૮ |
| ૩૩. | બા વિણ | - ગોવિંદ દરજી 'દેવાંશુ' | ૪૧૯ |
| ૩૪. | કારણ | - રાધેશ્યામ શર્મા | ૪૧૯ |
| ૩૫. | ગઝલ | - રઈશ મનીઆર | ૪૨૦ |
| ૩૬. | આવ તું | - રમેશ પટેલ 'ક્ષ' | ૪૨૦ |

# અનુક્રમણિકા

## કાવ્ય સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૩૭. | ગઝલ | - ઉર્વીશ વસાવડા | ૪૨૧ |
| ૩૮. | શમશેર બેધારી | - કિશોર જિકાદરા | ૪૨૧ |
| ૩૯. | તમારી ચાહમાં કેવળ | - અનંત પટેલ | ૪૨૨ |
| ૪૦. | ગઝલ | - અનિલ ચાવડા | ૪૨૨ |
| ૪૧. | ગઝલ | - ભાવેશ ભટ્ટ | ૪૨૩ |
| ૪૨. | ગઝલ | - ચંદ્રેશ મકવાણા | ૪૨૩ |
| ૪૩. | ખરીદું | - હરદ્વાર ગોસ્વામી | ૪૨૪ |
| ૪૪. | અવશેષ સૂરના | - ડૉ. એસ. એસ. રાહી | ૪૨૪ |
| ૪૫. | રાખડી આવી | - અશોક ચાવડા 'બેદિલ' | ૪૨૫ |
| ૪૬. | જોઉં છું | - મનીષ પરમાર | ૪૨૫ |
| ૪૭. | ઊડતું ભાળ્યું અંધારું | - સ્નેહી પરમાર | ૪૨૬ |
| ૪૮. | ગઝલ | - પ્રશાંત કેદાર જાદવ | ૪૨૬ |
| ૪૯. | ગઝલ | - રમેશ ઠક્કર | ૪૨૭ |
| ૫૦. | દીકરી છે... | - યોસેફ મેકવાન | ૪૨૭ |
| ૫૧. | તો ચાલશે ? | - મનીષ પાઠક 'શ્વેત' | ૪૨૮ |
| ૫૨. | કણસાય જિંદગી ! | - ભરત કવિ 'ઊર્મિલ' | ૪૨૮ |
| ૫૩. | અપેક્ષા | - ભાનુપ્રસાદ પુરાણી | ૪૨૯ |
| ૫૪. | મોંઘેરી મિરાત મીરાં | - પ્રદીપ સુમિરન | ૪૨૯ |
| ૫૫. | જીદ | - ભસ્માંગ માંકડ "સમ્રાટ" | ૪૩૦ |
| ૫૬. | મારા વિચારમાં | - નટવર આહલપરા | ૪૩૦ |
| ૫૭. | કેવું થવા બેઠું | - ડૉ. ઈશ્વર સુથાર (શિલ્પી) | ૪૩૧ |
| ૫૮. | મારો આલોક | - પ્રફુલ્લ રાવલ | ૪૩૧ |
| ૫૯. | વૃક્ષ | - રમેશ પટેલ | ૪૩૨ |
| ૬૦. | શબ્દ કેરા જામનો ઉત્સવ... | - મનહર ઠાકર | ૪૩૨ |
| ૬૧. | માનો તો છે દિવાળી રોજની | - દિનેશ દેસાઈ | ૪૩૩ |
| ૬૨. | આ લોચન | - પ્રીતમ લખલાણી | ૪૩૩ |
| ૬૩. | દિવસો આવ્યા | - રક્ષા શુક્લ | ૪૩૪ |
| ૬૪. | ગઝલ | - વિવેક મનહર ટેલર | ૪૩૪ |
| ૬૫. | રક્ષાબંધને | - નયના જાની | ૪૩૫ |
| ૬૬. | એક લગ્નોત્સુક વનવાસી કન્યાનો અભરખો | - ચંદ્રશેખર પંડ્યા | ૪૩૫ |
| ૬૭. | આ ગાંધીનગર છે | - કનૈયાલાલ ભટ્ટ | ૪૩૬ |
| ૬૮. | સ્વથી સમષ્ટિ | - કરસનદાસ લુહાર | ૪૩૬ |
| ૬૯. | લીંબડીની મુખ્ય બજારનાં દશ્યો | - રમેશ આચાર્ય | ૪૩૭ |
| ૭૦. | '...આવ ને...' | - ડૉ. ધૈવત શુક્લ | ૪૩૭ |
| ૭૧. | જળ-કમળવત્ | - પારસ એસ. હેમાણી | ૪૩૮ |
| ૭૨. | ગઝલ | - ડૉ. મનોજ જોશી 'મન' | ૪૩૮ |

# અનુક્રમણિકા

## કાવ્ય સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૭૩. | સાવ ખાલી | - ડૉ. પ્રદીપ આઝાદ | ૪૩૯ |
| ૭૪. | પાંચ તત્ત્વ | - હર્ષિદા દીપક ત્રિવેદી | ૪૩૯ |
| ૭૫. | કવિતાને પરણતા કવિને... | - દીપક ત્રિવેદી | ૪૪૦ |
| ૭૬. | ઝાલર વાગે | - પ્રજ્ઞા પટેલ | ૪૪૦ |
| ૭૭. | ગઝલ | - ભાવિન ગોપાણી | ૪૪૧ |
| ૭૮. | આંગળી ચીંધું | - દર્શક આચાર્ય | ૪૪૧ |
| ૭૯. | વિકાસ જારી | - સૉલિડ મહેતા | ૪૪૨ |
| ૮૦. | અમે અમને | - રમણ વાઘેલા | ૪૪૨ |
| ૮૧. | ગઝલ | - ડૉ. મુકેશ જોશી | ૪૪૩ |
| ૮૨. | તમે... (ગીત) | - જયંતિ ધોકાઈ | ૪૪૩ |
| ૮૩. | જિંદગી | - પ્રશાંત સોમાણી | ૪૪૪ |
| ૮૪. | ગઝલ | - વિપુલ માંગરોલીયા | ૪૪૪ |
| ૮૫. | છેટા બધા વ્હાલા થઈ ગયા... | - શૈલેષ પંડયા “ભીનાશ” | ૪૪૫ |
| ૮૬. | મજૂરણના અરમાન | - રેણુકા દવે | ૪૪૫ |
| ૮૭. | સડતી હશે ! | - ભૂપેન્દ્ર ત્રિવેદી, ‘સ્વયંભૂ’ | ૪૪૬ |
| ૮૮. | ઘણું બધું અજાણ્યું | - સંસ્કૃતિરાણી દેસાઈ | ૪૪૬ |
| ૮૯. | ગીત | - વિનોદ ગાંધી | ૪૪૭ |
| ૯૦. | ગઝલ | - વિનુ બામણીયા “અતીત” | ૪૪૭ |
| ૯૧. | ગઝલ | - પ્રતાપસિંહ ડાભી ‘હાકલ’ | ૪૪૮ |
| ૯૨. | પુરવાર કરવાનું નથી | - કિરણસિંહ ચૌહાણ | ૪૪૮ |
| ૯૩. | મત્લા - ગઝલ : સાધો | - જિગર જોષી ‘પ્રેમ’ | ૪૪૯ |
| ૯૪. | ગઝલ | - ડૉ. સતીન દેસાઈ ‘પરવેઝ’ | ૪૫૦ |
| ૯૫. | ગઝલ | - જિગર ઠક્કર ‘ગઝલનાથ’ | ૪૫૦ |
| ૯૬. | એ વાતનો... | - નટવર હેડાઉ | ૪૫૧ |
| ૯૭. | હવે | - ઉમેશ જોશી | ૪૫૧ |
| ૯૮. | મૃત્યુનો સામાન છે. | - બેન્યાઝ ધ્રોલવી | ૪૫૨ |
| ૯૯. | અણસાર | - મધુસૂદન પટેલ ‘મધુ‘ | ૪૫૨ |
| ૧૦૦. | ગીત | - ભગીરથ બ્રહ્મભટ્ટ | ૪૫૩ |
| ૧૦૧. | ગીત | - કુમાર જૈમિનિ શાસ્ત્રી | ૪૫૩ |
| ૧૦૨. | હવે હસતા હસતાય રોવાઈ જશે | - સ્નેહલ નિમાવત | ૪૫૪ |
| ૧૦૩. | બની જાય છે... | - પંકજ ચૌહાણ ‘કમલ’ | ૪૫૪ |
| ૧૦૪. | દીકરી - ચૌદ ભુવનનું તેજ ! | - પ્રફુલ્લા વોરા | ૪૫૫ |
| ૧૦૫. | તારો સહારો ! | - ડૉ. રમેશ જે. મહેતા | ૪૫૫ |
| ૧૦૬. | સફર | - મહેશ દેસાઈ | ૪૫૬ |
| ૧૦૭. | ગઝલ | - સાહિલ | ૪૫૬ |

# ફોટોગ્રાફ્સ અને ચિત્રો

હરિભાઈ દા. ટંડેલ
રમેશ હાલારી
અર્પણ કાપડીયા
ભાર્ગવી આર. ભટ્ટ
ડૉ. ઉષા પાઠક
રેખા વેગડ
દુર્ગેશ ઉપાધ્યાય
બળવંત જોષી
દામોદર ગજ્જર
વી. એલ. નિમાવત
જયદીપ ઠાકર
અંજલિ મહેતા
ભાટી એન
દેશલ પગી
તેજસ જીનગરા


પ્રશાંત એમ. પટેલ
નરેશ લીમ્બાચિયા
અશોક ખાંટ
બનવારી રાજપૂત
ડૉ. અશોક પટેલ
હસમુખ રાવલ
જેસલબહેન જાડેજા
હંસરાજભાઈ દેસાઈ
શૈલેષ રાવલ
આનંદ પી. પટેલ
જયેશ જાદવ
જસ્મીન દવે
ભૂમિકા ભાવસાર
મનહર કાપડિયા
કનુ પટેલ

નરેન અંધારિયા
મુકેશ પંડિત
કલ્પિત પંચાલ
રેખાબહેન ચૌહાણ
વિક્રમ પગી
રસિક ગલચર
પરેશ પ્રજાપતિ
અમૂલ પરમાર
શીતલ પી. સરવૈયા
અવની દવે
પશાભાઈ મકવાણા
પીયૂષ કે. પટેલ
નટુભાઈ પરીખ
હરીશ મેકવાન
રમેશ એમ. ગોહિલ
તેજસ દોશી
પ્રિયા આનંદ પરિયાણી
દર્શન શાહ

**: મુખપૃષ્ઠ - ૧ :**
**નીરૂપમા ટાંક**
**(૯૪૨૮૮૧૧૦૦૩)**

**: મુખપૃષ્ઠ - ૨ :**
**હર્ષ પગી**
**(૯૭૨૪૧૨૪૬૨૬)**

**: રેખાંકન :**
**જસ્મીન દવે**
**(૯૯૦૯૯૫૫૧૧૭)**



" બાપુ "

- મનહર કાપડિયા

મો.-૯૪૨૬૫૨૯૦૨૯



" આરાધના "

- કનુ પટેલ

મો.-૯૮૨૫૦૪૧૨૮૯

# અભ્યાસલેખ સંપુટ

ગુણવંત શાહ
ડૉ. વિષ્ણુ પંડ્યા
બળવંત જાની
ડૉ. કુમારપાળ દેસાઈ
દેવેન્દ્ર પટેલ
જય વસાવડા
ડૉ. નરોત્તમ વાળંદ
યશવંત મહેતા
નરોત્તમ પલાણ
જોરાવરસિંહ જાદવ
હસુ યાજ્ઞિક
ભદ્રાયુ વછરાજાની
ડૉ. ભગવાનદાસ પટેલ
યાસીન દલાલ
દોલત ભટ્ટ
પ્રસાદ બ્રહ્મભટ્ટ

ડૉ. માણેક પટેલ 'સેતુ'
અજય મો. નાયક
કિશોર મકવાણા
નટુભાઈ પરમાર
શિવદાન ગઢવી
પરમાનંદ મા. ગાંધી
લક્ષ્મણ પીંગળશીભાઈ ગઢવી
સોમાભાઈ વિ. પટેલ
વસંતભાઈ ગઢવી
કાકડિયા મનસુખ વી.
ટીના દોશી
વિજય શાસ્ત્રી
ભૂપેન્દ્ર મો. દવે
રેખાબા સરવૈયા
નીલેશ પંડ્યા
માવજી મહેશ્વરી
ડૉ. અશોક નારાયણ



" પુષ્પનો પમરાટ "
- હરિભાઈ દા. ટંડેલ
મો. - ૯૨૬૫૭૧૮૪૦૦

# બારડોલીથી બિરલા હાઉસ (દિલ્હી)

*- ગુણવંત શાહ*

**મા**નવી પેદા થયો ત્યારથી પૃથ્વી પર એક જ વાતે સતત સંઘર્ષ થતો રહ્યો છે :

- ભદ્રતાનાં પરિબળો સામે દુરિતનાં પરિબળો ટકરાતાં રહ્યાં છે.
- શુભનાં પરિબળો સામે અશુભનાં પરિબળો અથડાતાં રહ્યાં છે.
- સજ્જનતા સામે દુર્જનતા અફળાતી રહી છે.
- દૈવી શક્તિ સામે આસુરી શક્તિ સતત બાખડતી રહી છે.
- રામત્વ સામે રાવણત્વ નફફટ હાસ્ય વેરતું રહ્યું છે.
- યુધિષ્ઠિરત્વ સામે દુર્યોધનત્વ મોં ફાડીને ઊભું જ હોય છે.

આવું જ્યારે અને જ્યાં પણ બને ત્યારે સમર્થ શાસકનું કર્તવ્ય શું? 'ગૂડ ગવર્નન્સ', એટલે એવું સુશાસન, જેમાં ગુનાખોર લોકો (આતતાયીઓ) સખણા રહે અને સજ્જનો શાંતિથી જીવે. યુધિષ્ઠિરત્વ ચીમળાઈ જાય અને દુર્યોધનત્વનું ચડી વાગે, ત્યારે માનવતાનો છોડ કરમાઈ જતો હોય છે. એ છોડ સલામત રહે એવાં પરિબળો જળવાઈ રહે એવા પરિબળનું નામ ધર્મ છે. સરદાર પટેલ સંલક્ષણ (સીન્ડ્રમ) આવી શાણી સમજણમાંથી જન્મેલું પાકેલું પુણ્યફળ ગણાય. દાખલા તરીકે સરદારનું પરાક્રમ વારંવાર પ્રગટ થયું તેમાં ધર્મની રક્ષા થઈ. પૃથ્વી આવી રક્ષા વિના ટકી ન શકે, કારણ કે માનવતાની રક્ષા વિના ધર્મની રક્ષા થઈ ન શકે, સરદાર પટેલને સમજવાની ચાવી આવી વ્યાપક અને ઊંડી સમજણમાં રહેલી છે. સરદાર પટેલની શાસનશૈલીમાં માનવધર્મની રક્ષા ગુરુત્વમધ્યબિંદુના સ્થાને હતી. એમાં મહાત્મા ગાંધીના સત્યપ્રેમની સુગંધ હતી અને મકમતાની મજબૂતી હતી. સરદારને ઢીલી ઢીલી અને નિર્વીર્ય સજ્જનતા બિલકુલ માન્ય ન હતી. એમની અહિંસામાં કાયરતાનો છાંટો પણ ન હતો. સત્યાગ્રહમાં વીરતા શોભે, દીનતા નહીં શોભે. સત્યાગ્રહમાં બલિદાન શોભે, યાચના નહીં શોભે. મહાદેવભાઈએ બારડોલીના સત્યાગ્રહમાં બનેલો સાચો પ્રસંગ નોંધ્યો છે. એમના જ શબ્દોમાં સાંભળો :

**સરદારને ઢીલી ઢીલી અને નિર્વીર્ય સજ્જનતા બિલકુલ માન્ય ન હતી. એમની અહિંસામાં કાયરતાનો છાંટો પણ ન હતો. સત્યાગ્રહમાં વીરતા શોભે, દીનતા નહીં શોભે. સત્યાગ્રહમાં બલિદાન શોભે, યાચના નહીં શોભે**

એક મિત્રે માગણી કરી કે અમારા ગામમાં આવી તો જાઓ. 'વલ્લભભાઈ કહે નહીં ત્યાં સુધી નહીં,' - એમ ગાંધીજીએ જવાબ આપ્યો. આખરે વલ્લભભાઈએ કહ્યું કે 'જઈ આવો' ત્યારે તેઓ સરભોણ અને રાયમ જઈ આવ્યા. રાયમમાં હજારો માણસો આસપાસનાં ગામોમાંથી આવ્યાં હતાં, તેમને ખબર હતી કે દેશ આખો તેમની ચર્ચા કરી રહ્યો છે. સેંકડો સ્ત્રીઓ હતી, અને એક ઠેકાણે કાંતવાનું પ્રદર્શન ગોઠવ્યું હતું. બધાં ગોઠવાઈ ગયાં એટલે એક પછી એક બહેને પોતાનાં અર્ઘ્ય આપ્યાં. ગાંધીજીને ભાષણ કરવું નહોતું, પણ આભારની ખાતર પણ ભાષણ કરવું પડ્યું. તેમણે કહ્યું :


'સરદારનો હુકમ છે કે તેમના સિવાય કોઈએ બોલવું નહીં એટલે મારાથી કશું ન બોલાય. સરદાર હોત અને હુકમ કરત તો બોલત. આજે તો તમારી બહાદુરી અને તમારા સંગઠનને માટે તમને ધન્યવાદ આપું છું. રેંટિયાનું પ્રદર્શન જોઈને મને આનંદ થયો, પણ આજે રેંટિયા વિષે પણ ન બોલું. આપણે જેમને સરદાર બનાવ્યા, તેમના હુકમ અક્ષરશઃ પાળવા એ આપણો ધર્મ છે. હું સરદારનો મોટોભાઈ થાઉં એ વાત સાચી છે, પણ જાહેર જીવનમાં જેની નીચે આપણે કામ કરતા હોઈએ તે આપણો પુત્ર હોય કે નાનો ભાઈ હોય તોપણ તેના હુકમ માન્ય રાખવા જ જોઈએ. એ કાંઈ નવો કાયદો નથી. એ આપણો પ્રાચીન ધર્મ છે. એ ધર્મનું પાલન કરવા માટે જ શ્રીકૃષ્ણે અર્જુનનું સારથિપણું કર્યું અને યુધિષ્ઠિર રાજાએ રાજસૂય યજ્ઞ કર્યો ત્યારે તેમણે પતરાળાં ઉઠાવેલાં. એટલે આજે તો માત્ર તમને ધન્યવાદ જ આપું છું. વલ્લભભાઈએ તમને દેશમાં પ્રસિદ્ધ કર્યા. સરકારે તમને જગપ્રસિદ્ધ કર્યા છે. ભવિષ્યમાં તમને હજીયે મોટી ફતેહ મળો.'

'આ બધાં ભાઈઓ અને બહેનો રામભરોસે બેઠાં હતાં અને સરદારનું પડ્યું વચન ઉપાડવાને માટે તૈયાર હતાં. ગાંધીજીએ આવીને તેમને ઊલટા વધારે વલ્લભભક્ત બનાવ્યા.'*

* મહાદેવભાઈ દેસાઈ, બારડોલી સત્યાગ્રહનો ઈતિહાસ, પ્રકાશક : શ્રી મહાદેવ દેસાઈ જન્મશતાબ્દી સમિતિ, ગાંધી સ્મારક, હરિજન આશ્રમ, અમદાવાદ-૩૮૦૦૨૭. પાન-૨૧૩

મહાદેવભાઈએ નોંધેલા આ પ્રસંગમાં પ્રગટ થતા વિવેકનું સૌંદર્ય તો જુઓ! મર્યાદાપુરુષોત્તમ 'રામના વંશજ' તરીકે જેમને રામમનોહર લોહિયાએ વર્ણવ્યા, એવા મહાત્મા ગાંધીએ પોતાનાથી નાના એવા વલ્લભભાઈની આજ્ઞા પાળી બતાવી. ગાંધીજીએ કહ્યું : 'સરદાર હોત અને હુકમ કરત તો બોલત.' કહેવાતા સત્યાગ્રહમાં આજકાલ ઘાંટાઘાંટ અને ઘોંઘાટ જોવા મળે છે. દેશભરમાં મહાત્મા ગણાતા ગાંધીજી જ કહી શકે : 'સરદાર હુકમ કરતા તો બોલત.' જ્યાં આવો સહજ વિવેક હોય, ત્યાં વિજય કેટલો દૂર? જ્યારે બારડોલીની લડતમાં ભવ્ય વિજય પ્રાપ્ત થયો ત્યારે દેશના મહાનુભાવોએ સરદાર વલ્લભભાઈ પર અભિનંદનની વર્ષા કરી હતી. થોડાંક નામો આવાં હતાં. સાંભળો :

* 'સત્યાગ્રહની એક સચોટ જીત ચંપારણમાં થઈ હતી. બીજી અને તેના જ જેવી જીત બારડોલીની છે.'
  **- પંડિત મદનમોહન માલવીય**
* 'આપણા દેશના જાહેર જીવનના ઈતિહાસમાં અતિશય ઉજ્જવળ વિજય માટે અભિનંદન.'- **કનૈયાલાલ મુનશી**
* 'હાર્દિક અભિનંદન. સત્યાગ્રહના એકમાત્ર માર્ગમાં તમે આગેવાન થયા છો.'
  **- સત્યમૂર્તિ**
* 'આ યશસ્વી વિજય માટે તમારી સાથે આખું હિંદ આનંદ અનુભવે છે.'
  **- સુભાષ બોઝ**
* 'અભિનંદન. આપણા બહાદુર ભાઈઓ અને તેમના નેતાને.'
  **- મૌ. શોકતઅલી**
* હું તો માનું છું કે ખેડૂતોની રગેરગમાં શરાબની માફક (જો આ ઉપમા સામે આપનો વાંધો ન હોય તો) એ (વિજય) ફરી વળશે. **- રિચર્ડ ગ્રેગ***



**સરદાર પટેલને ઓળખવાની ચાવી વિજયના દિવસોમાં એમણે બતાવેલી નમ્રતા અને નમ્રતા સાથે પ્રગટ થતા સહજ વિવેકમાં રહેલી છે. નાગપુર અને બોરસદ(ખેડા)ના વિજય વખતે તો ગાંધીજી જેલમાં હતા**

* સર લલ્લુભાઈ શામળદાસે 'ઇન્ડિયન નેશનલ હેરલ્ડ'માં એક ખાસ લેખ લખ્યો તેમાં જણાવ્યું : 'તાલુકાના ખેડૂતોએ હિંસાનું એક પણ કૃત્ય કર્યા વિના

આટલાં કષ્ટો સહ્યાં તેથી સમગ્ર હિંદુસ્તાનમાં જ નહીં, પણ પરદેશમાં પણ સરદાર માટે પ્રશંસા અને અજાયબી ઉત્પન્ન થઈ છે. ઉશ્કેરાયા વિના અને સામો ઘા કર્યા વિના લોકો કષ્ટો વેઠી લેશે એ વિષે હું અશ્રદ્ધાળુ હતો. આ લડતના કેટલાક આગેવાનો આગળ મારી અશ્રદ્ધા મેં વ્યક્ત કરી ત્યારે ખાસ કરીને મહાદેવ દેસાઈએ મને ખાતરી આપેલી કે 'જ્યાં સુધી આ લડત વલ્લભભાઈના કાબૂમાં છે, ત્યાં સુધી ખેડૂતો તરફથી હિંસા થવાનો જરાય ભય નથી... વલ્લભભાઈ સિવાય બીજા કોઈ આવી લડતમાં સફળ થાય નહીં.'

લડતનું વાતાવરણ કેવું હતું તેનો ખ્યાલ આવે તે માટે મહાદેવભાઈ નોંધે છે : 'રાનીપરજની બહેનો પોતે કાંતેલા સૂતરના હારો બંને મૂર્તિઓને (ગાંધી અને સરદારને) પહેરાવીને આનંદ માનતી હતી. અને રેંટિયા અને દારુનિષેધનાં ગીતો ગાતી હતી.'

**પીશો મા, પીશો મા, પીશો મા, દારૂ પીશો મા.**<br>
**અમે પીશું તો ગાંધીરસ પીશું..... દારૂ૦**<br>
**અમે પીશું તો રામરસ પીશું..... દારૂ૦**

વિજયની ખબર આવી ને ફૂલચંદભાઈને ઊર્મિ છૂટી આવી. એમણે વિજયનાં અનેક ગીતો રચી કાઢ્યાં.

સાંભળો :-

**હાક વાગી વલ્લભની વિશ્વમાં રે**<br>
**તોય બળિયાને કીધા માત**<br>
**પ્રાણ ફૂંક્યા ખેડૂતનાં હાડમાં રે**<br>
**કાયરતાને મારી લાત.......... હાક વાગી૦**<br>
**જીત ડંકો વગાડ્યો વિશ્વમાં રે**<br>
**બારડોલીનો જયજયકાર........ હાક વાગી૦**

સરદાર પટેલને ઓળખવાની ચાવી વિજયના દિવસોમાં એમણે બતાવેલી નમ્રતા અને નમ્રતા સાથે પ્રગટ થતા સહજ વિવેકમાં રહેલી છે. નાગપુર અને બોરસદ(ખેડા) ના વિજય વખતે તો ગાંધીજી જેલમાં હતા. તે વખતે લોકોને ગુરુશિષ્યનાં ભેગાં દર્શન થયાં ન હતાં. બારડોલી સત્યાગ્રહના વિજય પછી તાલુકાના ખેડૂતોના હરખનો પાર

* ગાંધીજીને બરાબર સમજનારા પશ્ચિમના વિચારક રિચાર્ડ ગ્રેગનું મજેનું પુસ્તક 'Which Way Lies Hope' (નવજીવન) વાંચવા જેવું છે. મને એ મુ.બબલભાઈ મહેતાએ સૂચવેલું. - **લેખક**

ન હતો. એમનાં હૃદયમાં ગાંધી-સરદાર મજબૂત આસન જમાવીને બેઠા હતા. હવે એક દશ્યની કલ્પના કરો :

૧૯૨૮ની ૧૨મી ઑગસ્ટે બારડોલીના બધા સૈનિકો સમેત સરદારને સુરતનું નિમંત્રણ મળ્યું હતું. પોતાની સેનાને લઈને જે ટ્રેનમાં સરદાર ગયા તે ટ્રેનમાં બુલંદ અવાજે ગવાતાં ગીતોમાં પણ ગજબની મસ્તી ભરેલી હતી. સુરતમાં આ ત્રણસો જેટલા સૈનિકોનું સરઘસ નીકળ્યું તે દશ્યમાં પણ મસ્તી હતી. આવો ભવ્ય વિજય અને આવું ભવ્ય સન્માન કોઈના પણ મનમાં અહંકાર ન જગાડે તો જ આશ્ચર્ય! મહાદેવભાઈના જ શબ્દો સાંભળો :

'વલ્લભભાઈની મૂંઝવણ તો એથીય વધારે હતી. ગાંધીજીની સમક્ષ માનપત્રો લેવાં એ જ તેમને ભારે વસમું લાગતું હતું. બારડોલીમાં તેમણે સાફ કહ્યું - માનપત્ર આપવાનો સમય જ હજી નથી આવ્યો, એ તો ૧૯૨૨ની પ્રતિજ્ઞાનું પાલન થશે ત્યારે જ આવવાનો છે.' (પાન-૨૩૫)

માનપત્ર લેવાની પોતાની લાયકાત નથી એમ જણાવતાં તેમણે કહ્યું :

**'વલ્લભભાઈની મૂંઝવણ તો એથીય વધારે હતી. ગાંધીજીની સમક્ષ માનપત્રો લેવાં એ જ તેમને ભારે વસમું લાગતું હતું. બારડોલીમાં તેમણે સાફ કહ્યું- માનપત્ર આપવાનો સમય જ હજી નથી આવ્યો**

'અહિંસાના સિદ્ધાંતનું પાલન કરનારા તો હિંદુસ્તાનમાં છૂટાછવાયા અજ્ઞાત ઘણાયે પડ્યા છે; તેમના ભાગ્યમાં જાહેરાત નથી. જે પૂરું પાલન નથી કરતા તેમના ભાગ્યમાં જાહેરાત આવી પડી છે. અહિંસાના પાલનની વાત કરવી એ જ મારે માટે તો નાને મોઢે મોટી વાત કરવા જેવું છે - કોઈ માણસ હિમાલયની તળેટીએ બેસીને તેના શિખરે પહોંચવાની વાત કરે તેના જેવું છે. પણ કોઈ કન્યાકુમારી આગળ બેસીને તે શિખરે પહોંચવાની વાત કરે તેના કરતાં તળેટીએ બેસીને એ વાત કરે તે કંઈક વધારે ડાહ્યો કહેવાય એટલું જ. બાકી હું તો ગાંધીજીની પાસેથી ભાંગ્યોતૂટ્યો સંદેશો તમારી આગળ મૂકું છું. તેટલાથી જ જો તમારામાં પ્રાણ આવ્યા, તો જો હું પૂરો પાળનારો હોત, તો ૧૯૨૨ની પ્રતિજ્ઞા પાળીને આપણે બેસી ગયા હોત.' (પાન-૨૩૫)

આ પ્રવચનમાં રહેલો સહજ વિવેક સરદારની પ્રતિભાને આબાદ પ્રગટ કરનારો છે. આવા શબ્દોમાં ત્રણ બાબતો ખાસ નોંધવા જેવી છે :

(૧) વિજયની ક્ષણે જન્મી શકે એવા ઉન્માદની સદંતર ગેરહાજરી
(૨) વિજયનો જશ ગાંધીજીને આપવાની પ્રબળ ઉત્સુકતા
(૩) સ્વરાજની યાત્રા માટે હજી વધારે આત્મશુદ્ધિની જરૂર છે એવું દર્શન

સરદારને સમજવામાં આ ત્રણ બાબતે પ્રગટ થતા ઊર્ધ્વમૂલ વિવેકની નોંધ લેવા જેવી છે. કોઈ પણ છીછરો મનુષ્ય પોતે જશ લેવાનો લોભ ટાળી ન શકે એવો ભવ્ય વિજય સરદારે પ્રાપ્ત કર્યો હતો. આવી જ સહજ નમ્રતા એમણે ગાંધીજી પ્રત્યે બતાવી હતી તેનાં ઉદાહરણોની ખોટ નથી. મનુષ્ય બધું જતું કરી શકે, પરંતુ અધિકારપૂર્વક મળતો વાજબી યશ જતો કરી ન શકે. સરદારની મહાનતા આવો વાજબી યશ જતો કરીને એ ગાંધીજીને મળે તેવો આગ્રહ કરવામાં રહેલી જણાય છે. કાકાસાહેબ કાલેલકરે તે દિવસોમાં નોંધ્યું હતું :

'ગાંધીજીના સિદ્ધાંતોની વ્યવહારુ આવૃત્તિ કાઢવામાં વલ્લભભાઈએ બતાવેલી કુશળતા જોઈને કેટલાકને એમ જ થાય કે ગાંધીજી જો વલ્લભભાઈ મારફતે બધું જ કામ લે, તો પ્રજા જલદી સમજી જશે.'

('વીર વલ્લભભાઈ' મહાદેવ દેસાઈ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર)

સરદાર પટેલની પ્રતિભામાં પ્રગટ થતું વિવેકપૂર્ણ શીલ ધ્યાન ખેંચનારું છે. જીવનની છેલ્લી ક્ષણ સુધી એમણે પોતાના ચારિત્ર્ય પર નાનો સરખો ડાઘ પડવા દીધો નથી. પાછલાં વર્ષોમાં ગાંધીજી સાથે કોઈ વાતે સ્પષ્ટ મતભેદ થયા હોય, ત્યારે પણ સરદારનું ચારિત્ર્ય જળવાયું છે. આ વાતે પુરાવાની ખોટ નથી. એમણે ગાંધીજીના ઈરાદાને કારણે ત્રણ ત્રણ વખત કૉંગ્રેસનું અધ્યક્ષપદ જતું કર્યું હતું અને છેલ્લે તો ભારતના પ્રથમ વડાપ્રધાન થવાની તક પણ જતી કરી હતી. આ બધા જ કિસ્સામાં ગાંધીજીની આમન્યા એમણે કઈ હદે જાળવી, તેનો ઈતિહાસ સાક્ષી છે. આવી આમન્યા જાળવવાની નમ્રતાને કારણે એમણે કૉંગ્રેસનું પ્રમુખપદ ત્રણ વાર જતું કર્યું તોય કોઈ પણ પ્રકારની કટુતા રાખી ન હતી. સાવ સહજપણે



કરવામાં આવેલો આવડો મોટો ત્યાગ એમણે જવાહરલાલ નેહરુની તરફેણમાં કર્યો હતો. યાદ રાખવા જેવું છે કે એ દિવસોમાં કૉંગ્રેસના પ્રમુખને 'રાષ્ટ્રપતિ' કહેવાનો રિવાજ હતો. સરદાર મહાન નેતા હતા, તોય કહેતા રહ્યા : 'હું નેતા નથી, સૈનિક છું.' આવું ઉદાત્ત સૈનિકપણું જ એમને ઉત્તમ કોટિના 'સરદાર' બનાવનારું હતું! લગભગ આવી જ રીતે એમણે આઝાદ દેશના પ્રથમ વડાપ્રધાન બનવાની તક સામે આવીને ઊભી રહી, ત્યારે એ ઐતિહાસિક સન્માન પણ જતું કર્યું હતું. શું આ કોઈ જેવોતેવો ત્યાગ હતો? કૉંગ્રેસનું સંસ્થાગત માળખું તૈયાર કરવામાં અને એને મજબૂત બનાવવામાં વલ્લભભાઈએ કોઈ જ કસર છોડી ન હતી. દેશને સ્વરાજ મળ્યું તે સમયગાળામાં દેશના ટુકડા ન થાય તે માટે કૉંગ્રેસનું માળખું મજબૂત હોય તે જરૂરી હતું, ખૂબ જરૂરી હતું. એવી સુગ્રથિત અને સંગઠિત કૉંગ્રેસને કારણે જ દેશ એક રહ્યો અને પછી સરદારના સામર્થ્યને કારણે એક થયો.

**સરદાર મહાન નેતા હતા, તોય કહેતા રહ્યા : 'હું નેતા નથી, સૈનિક છું.' આવું ઉદાત્ત સૈનિકપણું જ એમને ઉત્તમ કોટિના 'સરદાર' બનાવનારું હતું! લગભગ આવી જ રીતે એમણે આઝાદ દેશના પ્રથમ વડાપ્રધાન બનવાની તક સામે આવીને ઊભી રહી.**

સરદાર વલ્લભભાઈ પટેલનું ચારિત્ર્ય એમની ત્યાગ કરવાની સહજ તૈયારીમાં સમાયેલું હતું. એમણે બારડોલીના સત્યાગ્રહ વખતે 'મારા સિવાય અન્ય કોઈએ બોલવું નહીં' - એવો આગ્રહ રાખ્યો તેમાં કોઈને ઉદ્દંડતા દેખાય, પરંતુ વાસ્તવિકતા જુદી હતી. લડતના કેપ્ટન તરીકે તેઓ ઇચ્છતા હતા કે અતિ ઉત્સાહમાં બોલાયેલા અન્ય કોઈના શબ્દો લડતને નબળી ન પાડે. આવો આગ્રહ રાખવાનો અધિકાર કર્તવ્યપરાયણ અને કાર્યદક્ષ કેપ્ટનને હોવો જ જોઈએ. ખુદ ગાંધીજીએ પણ સરદારનો આવો 'હુકમ' માન્ય રાખ્યો તે આપણે જોયું. તેઓ બારડોલી તાલુકાના સરભાણ અને રાયમ ગામે ગયા ત્યારે ગ્રામજનોના આગ્રહ છતાં પણ પ્રવચન કરવાનું ટાળ્યું. કારણ શું? કારણ કે સરદારનો 'હુકમ' હતો.

સરદારસાહેબની* અહિંસા મહાત્મા ગાંધી જેવી અતિ સૂક્ષ્મ ન હતી. 'ગાંધીજી મહાત્મા છે, હું નથી.' - સરદારના આ શબ્દો સરદારના ચારિત્ર્ય અંગે ઘણુંબધું કહી જાય છે. આ વાતની પ્રતીતિ મને પૂજ્ય રવિશંકર મહારાજ સાથે કરેલી પદયાત્રામાં અકોટી નામના ગામે થઈ હતી. સાંભળો :

પૂજ્ય મહારાજ સાથે અમે જ્યારે અકોટી ગામે પહોંચ્યા ત્યારે સદ્ગત ઉત્તમચંદ શાહ સાથે હતા. કોઈ પાટીદારના ઘરમાં પૂજ્ય મહારાજ વચલી પરસાળમાં સૂઈ ગયા ત્યારે હું અને ઉત્તમચંદભાઈ આગલી પરસાળમાં વાતે ચડી ગયા. બારડોલીની લડતના ખરેખરા દિવસોમાં ઉત્તમચંદભાઈ સરદાર પટેલની સાથે સૈનિકની માફક સોંપેલાં કામો કરી રહ્યા હતા. ઉત્તમચંદભાઈએ વાતવાતમાં મને એક પ્રસંગ કહ્યો, જે ખાસ જાણીતો નથી. તાલુકાની સરકારી ઓફિસેથી એક સર્કલ (મામલતદારની કક્ષા પછીની કક્ષાએ કામ કરતો અધિકારી) તાલુકાના કોઈ ગામે જવાનો હતો. સરદારસાહેબે ઉત્તમચંદભાઈને સૂચના આપી : 'ઉત્તમચંદ! ખાદીની સાડીઓની મોટી થપ્પી લઈને એ ગામે કાલે પહોંચી જવાનું છે. ગામના ખેડૂતોની સ્ત્રીઓ ખાદીની સાડી પહેરીને ફરતી જુએ, તો એ અધિકારીને એવી છાપ પડે કે લોકો લડતને ટેકો આપનારા છે. ઉત્તમચંદભાઈએ એ સૂચનનો અમલ કર્યો.

તે જ દિવસે રાતે સ્વરાજ આશ્રમ બારડોલીમાં કાર્યકર્તાઓની મિટિંગ મળી ત્યારે ઉત્તમચંદભાઈએ સરદારસાહેબને પ્રશ્ન પૂછ્યો : 'સરદારસાહેબ! આજે આપણે જે યુક્તિ કરી તેને ગાંધીજી માન્ય રાખે ખરા?' સરદારે જે જવાબ આપ્યો તેમાં આખા ને આખા સરદાર ઠલવાઈ ગયા. એમણે કહ્યું : 'ઉત્તમચંદ! ગાંધીજીની અહિંસા સુધી આપણે સૌ નહીં પહોંચી શકીએ. આપણને પચે એટલી અહિંસા પાળવાની અને લડત ચલાવવાની.' સરદાર એક વાતે બિલકુલ સ્પષ્ટ હતા. પોતે પોતાની મર્યાદામાં રહીને અહિંસક સત્યાગ્રહની લડત ચલાવી રહ્યા હતા. તેઓ ગાંધીજીની અહિંસાને પૂરેપૂરી ન પચાવી શકે, એ વાતે બિલકુલ સ્પષ્ટ હતા. તેઓ સ્વરાજ મળ્યા પછી જ્યારે દેશના પ્રથમ ગૃહપ્રધાન બન્યા ત્યારે બધી જ વાતે મહાત્મા ગાંધી સાથે સહમતી સાધી શક્યા ન હતા. તેઓ 'પોતાની રીતે' દેશના ગૃહપ્રધાન તરીકે પોતાનો સ્વધર્મ બજાવી રહ્યા હતા. ક્યારેક ગાંધીજી નારાજ થાય તોય સરદારે પોતાનું ધાર્યું જ કર્યું હતું. એ સમયગાળામાં બોલાયેલા એમના શબ્દો યાદગાર છે :

મૈને ગાંધીજી કો કહા, મુઝે રાજ ચલાના હૈ.
ગાંધીજી કહતે હૈં કિ કુછ ન કરો,
તો મૈં વહ નહીં કર સકતા,
ક્યોં કિ મૈં તીસ કરોડ કા ટ્રસ્ટી હો ગયા હૂઁ.

* પૂજ્ય રવિશંકર મહારાજ કાયમ 'સરદારસાહેબ' જેવું આદરપૂર્ણ સંબોધન કરવાનું રાખતા.

મેરી જિમ્મેવારી હૈ કિ મૈં સબકી રક્ષા કરું.
દેશ પર હમલા હોગા તો મૈં બરદાશ્ત નહીં કરુંગા,
ક્યોંકી મેરી જિમ્મેવારી હૈ.
મૈને ગાંધીજી કો કહા : આપકા રાસ્તા અચ્છા હૈ
લૈકિન વહાં તક મૈં નહીં જા પાતા હૂઁ ।*

ખાસ નોંધવા જેવું છે. ૧૯૨૮ના વર્ષમાં બારડોલી સત્યાગ્રહના દિવસોમાં સરદારે સાથીદારને કહ્યું હતું : 'ઉત્તમચંદ! ગાંધીજીની અહિંસા સુધી આપણે સૌ નહીં પહોંચી શકીએ. આપણને પચે એટલી અહિંસા પાળવાની અને લડત ચલાવવાની.' ૧૯૨૮માં જે સૂર હતો, તે જ સૂર ૧૯૪૮માં પણ ફરી પ્રગટ થયો. માત્ર શબ્દો જુદા હતા, પરંતુ વલણ સરખું જ હતું! આમ ગાંધીજી સાથે અસંમત થતી વખતે પોતાની મર્યાદા અંગેની સભાનતા કાયમ હતી. આવા વલણમાં ક્યાંય અસત્ય કે દંભ કે છેતરપિંડી ન હતાં. કંઈક આવી પ્રામાણિક અસંમતિ સત્યની અને અહિંસાની વધારે નજીક હતી એમ કહી શકાય. સરદારની આ વિશિષ્ટતા જ સરદાર પ્રત્યેના મારા આદરનું મૂળ છે. ઘણા અનુયાયીઓએ ગાંધીજીને છેતરીને ખુશ રાખવામાં સફળતા મેળવી હશે, પરંતુ સરદારે કદી ગાંધીજીને છેતર્યા નથી. શું આ જેવીતેવી સિદ્ધિ ગણાય?

**૧૯૨૮ના વર્ષમાં બારડોલી સત્યાગ્રહના દિવસોમાં સરદારે સાથીદારને કહ્યું હતું : 'ઉત્તમચંદ! ગાંધીજીની અહિંસા સુધી આપણે સૌ નહીં પહોંચી શકીએ. આપણને પચે એટલી અહિંસા પાળવાની અને લડત ચલાવવાની'**

ગાંધીજીને ન છેતરવાની વાતે સરદાર બિલકુલ સ્પષ્ટ હતા. ગુજરાતી સાહિત્યના સાક્ષર, વિવેચક, કવિ અને વાર્તાકાર સદ્‌ગત રામનારાયણ વિશ્વપાથ પાઠકે બારડોલી સત્યાગ્રહના દિવસોમાં બનેલો પ્રસંગ નોંધ્યો છે. એ આખો પ્રસંગ એમના જ શબ્દોમાં અહીં પ્રસ્તુત છે. સાંભળો :

હું બારડોલી ગયો અને તરત જ તેમણે (સરદાર પટેલે) મને સ્વજન ગણી લીધો. સદ્‌ગત મહાદેવભાઈ મારા અંગત મિત્ર, તેને લીધે આમ બન્યું હોય એ સંભવિત છે, પણ વધારે સાચું તો એ લાગે છે કે એમની લડતમાં કોઈ જોડાય એટલે તરત તેને તેઓ સ્વજન ગણી લેતા. માટે જ તેઓ જન્મથી જ સરદાર હતા. બારડોલી રહ્યો ત્યારે એક વાર સવારમાં તેમણે મોટર તૈયાર કરાવી. ફોર્ડે પોતાની નવીન ગાડી ભેટ મોકલેલી તે એ હતી એમ યાદ છે. એ સહેજ પૂછતાં કહે : 'ફલાણે દૂરને ગામ અમુક ભાઈને ખસ થઈ છે. એકલો દૂર રહ્યો મૂંઝાઈ ગયો છે. પણ લડતમાં મૂકો તો તીરની પેઠે જાય. હું જરા જઈ આવીશ એટલે એની અકળામણ મટી જશે.' આ સાચા સરદારનું લક્ષણ છે. એ પોતાના દરેક સિપાહીને અંગત રીતે ઓળખે છે, ચાહે છે અને તેની સાથે સમાનભાવે વર્તે છે.

બારડોલી તાલુકામાં ફરતાં ફરતાં કોઈ નાના આશ્રમમાં અમારો મુકામ થયો. અમે ગયા ત્યારે અમારે માટે કંસાર કરેલો હતો. કંસાર પીરસાયો એટલે તેને ઉદ્દેશીને (સરદાર) મહાદેવભાઈને કહે : 'મહાદેવ! આ ન હોય તમારો આશ્રમ; ખાઓ, પીઓ, મજા કરો.' સરદાર સંયમને માનતા... પણ તેને લીધે મન, જીવ, હૃદય ચીમળાઈ જાય એ એમને પસંદ ન હતું.*

આ પ્રસંગ ઘણુંબધું કહી જાય છે. આશ્રમમાં અસ્વાદવ્રત પાળવું પડે. સરદારને એ બહુ ન પચે તેથી આ કટાક્ષમાં પણ સરદારની સચ્ચાઈ પ્રગટ થઈ :


(૧) સરદાર ગાંધીજીના આંધળા અનુયાયી ન હતા.

(૨) સરદાર ગાંધીજીના અપ્રામાણિક અનુયાયી ન હતા.

(૩) સરદાર પોતાની જીવનદષ્ટિ છોડીને ગાંધીજીનાં અગિયાર વ્રતના ચુસ્ત પાલનમાં માનનારા શિષ્ય ન હતા. તેઓ આશ્રમમાં ઝાઝું રહ્યા નથી. ઉપરોક્ત કટાક્ષ અસ્વાદવ્રત અંગે છે.

(૪) એમના વલણમાં ક્યાંય ગાંધીજીને છેતરવાની તૈયારી ન હતી.

શું ગાંધીજી સાથે કોઈ મુદ્દે અસંમત થવું એ ગુનો ગણાય? શું ગાંધીજી સર્વગુણસંપન્ન એવા પૂર્ણ પુરુષોત્તમ હતા? શું શિષ્યોને કે અનુયાયીઓને ગાંધીજી પાસેથી એમનું 'માણસપણું' છીનવી



* 'દિવ્ય ભાસ્કર' તા. ૧૫-૧૨-૨૦૦૯

* રા. વિ. પાઠક ગ્રંથાવલી-૩ પાન-૬૭૩-૭૪. આ લખાણ મૂળે 'બુદ્ધિપ્રકાશ' (૬-૯-૧૯૫૧)માં પ્રગટ થયું હતું. મિત્ર જયંતિ નાઈએ આ ગ્રંથ મને પહોંચાડ્યો હતો.

**શુદ્ધ દિલથી**
**ઇશ્વર પર ભરોસો રાખી**
**આપણું કર્તવ્ય કર્યે જવું**
**એથી રૂડું શું હોઈ શકે ?**
**- સરદાર**


નોંધ : સરદારને ઓળખવા માટે આટલા શબ્દો જ પૂરતા નથી ?

લેવાનો અધિકાર ખરો? સરદારને સમજવા હોય તો આ ત્રણ પ્રશ્નો પર ઊંડો વિચાર કરવો પડશે.

થોડુંક સત્ય જાળવીને જીવનારા અને પોતાને જડેલા ચપટીક સત્યને સુદામાના તાંદુલની પોટલીની જેમ જાળવનાર પ્રત્યેક સીધી લીટીના મનુષ્યની આ કહાણી છે.

*સૂને રી મૈંને નિર્બલ કે બલ રામ ।*
*પિછલી સાખ ભઈ સંતન કી આડે સઁવારે કામ ॥*
*જબ લગ ગજ બલ અપની બરત્યો નેક સરી નહિ કામ ।*
*નિર્બલ હૈ બલ રામ પુકાર્યો આયે આધે નામ ॥*
*અપ બલ, તપ બલ ઔર બાહુ બલ ચૌથા હૈ બલ દામ ।*
*સૂર કિશોર કૃપાસે સબ બલ હારે કો હરિનામ ॥*

ક્યાં અંગ્રેજ સલ્તનત અને ક્યાં બારડોલી પંથકના ખેડૂતો ? વજનદાર રોડ-રોલર સામે રસ્તે રઝળતા ચણાની તે શી વિસાત ? હા, જો ચણાની પાસે સત્યનું અને સત્યનારાયણનું બળ હોય, તો એ સલ્તનતને પણ નમાવી શકે. આટલું વાંચ્યા પછી



**હું હરપળે જોઉં છું કે મૃત્યુની વચ્ચે જીવન કાયમ ટકી રહેલું છે, અસત્યની વચ્ચે સત્ય ટકી રહેલું છે અને અંધકારની વચ્ચે પ્રકાશ ટકી રહેલો છે. એથી હું સમજું છું કે ઈશ્વર જીવન છે, સત્ય છે, પ્રકાશ છે. તે જ પ્રેમ છે, તે જ પરમ કલ્યાણ છે.**

ગાંધીજીના જીવનમય શબ્દો સાંભળવા જેવા છે :

આ સત્તા (ચેતનસત્તા) તે કેવળ પ્રેમમય છે.

કારણ, હું હરપળે જોઉં છું કે મૃત્યુની વચ્ચે જીવન કાયમ ટકી રહેલું છે, અસત્યની વચ્ચે સત્ય ટકી રહેલું છે અને અંધકારની વચ્ચે પ્રકાશ ટકી રહેલો છે. એથી હું સમજું છું કે ઈશ્વર જીવન છે, સત્ય છે, પ્રકાશ છે. તે જ પ્રેમ છે, તે જ પરમ કલ્યાણ છે.

★ ★ ★

તમે નબળા છો એમ માનવાનો ઈનકાર કરો તો તમે સબળા બની જશો.

★ ★ ★

તલવાર શૂરની સંજ્ઞા નથી, બીકની નિશાની છે.

★ ★ ★

બારડોલીના સત્યાગ્રહમાં ગાંધી નામના ટમટમતા દીવાની જ્યોત સત્યમય બનીને જલતી રહી. જે વિજય મળ્યો, તે શરીરબળનો નહીં પણ આત્મબળનો એટલે કે રામના બળનો હતો. સરદાર પટેલ જેવી લક્ષ્મણઘટના બારડોલીમાં જીવતી થઈ. વાનરસેના રામ-લક્ષ્મણના ટેકામાં નિષ્ઠાપૂર્વક કામે લાગી અને વિજય પામી. લક્ષ્મણ મન્યુસ્વરૂપ હતો. વૈદિક પરિભાષામાં મન્યુ એટલે પુણ્યપ્રકોપ અથવા ઉચિત ક્રોધ. વેદનો ઋષિ ભગવાનને પ્રાર્થના કરે છે : 'હે પ્રભુ! તું મન્યુસ્વરૂપ છે, મને મન્યુ આપ.' સત્યાગ્રહમાં કાયરતાને કોઈ સ્થાન નથી હોતું. કહેવાતા નિર્બળ મનુષ્યોનો પુણ્યપ્રકોપ સરદાર વલ્લભભાઈ દ્વારા પ્રગટ થયો. ઢીલા ઢીલા માણસો કદી સત્યાગ્રહ ન કરી શકે. જ્યાં સત્યનો સથવારો હોય, ત્યાં આત્મદીપનું અજવાળું હોવાનું. બારડોલીમાં એ આબાદ પ્રગટ થયું! ખરેખરા સરદાર બારડોલીની લડતમાં પ્રગટ થયા. તેઓએ જે ઈતિહાસ રચ્યો, તે ૧૯૪૮ની ત્રીસમી જાન્યુઆરીએ સાંજે ગાંધીજીના જીવનના છેલ્લા કલાક સુધી લંબાયો! બિરલા મંદિરમાં મહાત્મા સાથે સરદારે ગાળેલો એ અંતિમ કલાક પાર્થ અને પાર્થસારથિ એવા કૃષ્ણને જોડનારો તીર્થસ્વરૂપ કલાક હતો.

*ટહુકો, ૧૩૯, વિનાયક સોસાયટી,*
*જૂના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૨૦*
*ફોન - ૦૨૬૫-૨૩૪૦૬૭૩*

# ગાંધીને ઘડ્યા સ્થાનવિશેષે.....

*- ડૉ. વિષ્ણુ પંડ્યા*


**આ**પણે ગાંધીજી વિષે કેટલીક અત્યંત મહત્ત્વની અને પ્રાસંગિક વાતો જાણીએ. પ્રાસંગિક એટલા માટે કે ગાંધીજી હંમેશાં પ્રાસંગિક રહ્યા છે, એક યા બીજી રીતે રહ્યા છે. સંપૂર્ણ રીતે નહિ તો આંશિક રીતે રહ્યા છે. આઈન્સ્ટાઈને એક સુખ્યાત વાક્ય કહ્યું કે સો વર્ષ પછી લોકો - નવી પેઢીને ખબર પણ નહિ પડે કે એને આશ્ચર્ય થશે કે આવો કોઈ માણસ ભૂમિ પર જન્મ્યો હતો. એ વાત એમની સાચી એટલા માટે હતી કે એમને પણ ખ્યાલ હતો કે બદલાતી જે સૃષ્ટિ છે, જમાનો છે, યુગાન્તર છે, એમાં વિચારો પણ બદલાય છે, આચારો પણ બદલાય છે, વાતાવરણ બદલાય છે, માહોલ બદલાય છે અને એની વચ્ચે આ ગાંધી, પોતડીધારી, સુકલકડી પણ મજબૂત અને છતાં ખડખડાટ હાસ્ય સાથે દેશ આખાનાં જીવન અને દર્શનની સાથે આત્મસાત્ થયેલો માણસ. એ ક્યાં અને કેવી રીતે જીવંત રહેશે એ એક સંશોધનનો વિષય છે, લુઈ ફિશરે છેલ્લાં વર્ષોમાં ગાંધીજી સાથે જ્યારે દિલ્હીમાં મુલાકાત લીધી, એમનું પુસ્તક પણ છે એમણે લખ્યું છે કે આવી અંધાધૂંધી વચ્ચે પણ આવો એક સ્વસ્થ અને સ્થિતપ્રજ્ઞ માણસ જોવો મુશ્કેલ છે અને દુનિયામાં મેં ઘણા લોકોની મુલાકાત લીધી છે અને ઘણા વિષે લખ્યું છે પણ ગાંધી તો ગાંધી છે. આ લુઈ ફિશરે કહ્યું. ત્રીજી વાત પણ આપણને યાદ આવે કે વિનોબાજીને કોઈએ પૂછ્યું, કે આ સંપૂર્ણ મનુષ્યનું ચિત્ર કેવું હોવું જોઈએ ? તો એમણે કાગળ લીધો અને ગાંધીજીની રેખા દોરીને બતાવી કે આ સંપૂર્ણ મનુષ્ય ! વાત સાચી હતી કે એક માણસે પોતાની જિંદગીના અનેક પડાવો પછી આ કામ કર્યું.

**દરેક વ્યક્તિની સાથે જેમ એના વિચારો, એના સંઘર્ષો, એની આત્મદઢતા એ બધું જોડાયેલું હોય છે. એ જ રીતે સ્થાનવિશેષનું પણ મહત્ત્વ છે અને આ સ્થાન અને એના વિચાર એ બંને ભેગાં થઈ જાય છે એમાંથી એક નવો માહોલ પેદા કરે છે**

દરેક વ્યક્તિની સાથે જેમ એના વિચારો, એના સંઘર્ષો, એની આત્મદઢતા એ બધું જોડાયેલું હોય છે. એ જ રીતે સ્થાનવિશેષનું પણ મહત્ત્વ છે અને આ સ્થાન અને એના વિચાર એ બંને ભેગાં થઈ જાય છે એમાંથી એક નવો માહોલ પેદા કરે છે. ઉદાહરણ તરીકે જન્મ્યા પોરબંદરમાં, અભ્યાસ થયો રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં અને અભ્યાસમાં પણ નબળા હતા એવું પણ કહેવામાં આવે છે. પછી મુંબઈમાં અને ત્યાંથી લંડન ગયા. એટલે અભ્યાસ અગલ-અલગ જગ્યાએ, એનાં ક્ષેત્રો બદલાયાં પણ કંઈ અભ્યાસથી જ એમની વ્યક્તિતા જે છે એ માપી શકાય એવી નથી. જે રીતે ત્યાં ગયા અને સૌથી મોટી ઘટના બની, દક્ષિણ આફ્રિકા ગયા અને સેન્ટ પીટ્સબર્ગમાં જે રેલવે-ટ્રેનના ડબ્બામાંથી જ્યારે એમને કાઢી મૂકવામાં આવ્યા, એમનો સામાન ફેંકી દેવામાં આવ્યો અને એય કડકડતી ઠંડીમાં ત્યારે આ માણસે એવું વિચાર્યું નહોતું પણ એણે એવું કર્યું ખરું કે એક દિવસ જે રીતે મને અહીં ફેંકી દેવામાં આવ્યો છે એ રીતે હું બ્રિટિશરોને આખા દેશમાંથી ફેંકી દઈશ. આ તેમણે કર્યું અને એને માટે એણે જે રસ્તો પકડ્યો તે સત્યાગ્રહનો રસ્તો. સત્યાગ્રહ માટેનો પહેલો આશ્રમ તે સાબરમતી નહિ પણ ફિનિક્સ આશ્રમ છે. અને એ દક્ષિણ આફ્રિકાનો છે અને તેમાં પ્રયોગો કર્યા. એ પ્રયોગોમાં જેમ સત્યાગ્રહનો પ્રયોગ સૌથી મહત્ત્વનો હતો, જીવન-કેળવણીનો હતો એ જ રીતે પત્રકારત્વનો હતો. આ મહાત્માના જીવનમાં પત્રકારત્વે જે ભાગ ભજવ્યો છે એના વિષે બીજું ઘણું સંશોધન થઈ શકે એમ છે. 'ઈન્ડિયન ઓપિનિયન' શરૂ કર્યું. ત્યાં એક નાનકડું પ્રેસ હતું. પ્રેસ એટલે.. એક નાનકડું ટ્રેડલ, થોડા કાગળો હોય એને કમ્પોઝ કરવાનો સામાન, એ વખતે કંઈ કમ્પ્યૂટર તો હતાં જ નહિ ! જાતે જ બધું કમ્પોઝ કરવું પડતું. બીબાં



ગોઠવવા પડતાં અને એમાંથી પ્રૂફ કાઢવું પડે. પ્રૂફની કોપી નીકળે પછી એને સુધારે. પછી ફરી એને અંદર મૂકે. પછી ગેલી અને ગેલો જેનો કહેવાય એ પ્રેસમાં અંદર મૂકવામાં આવે અને પછી એક પછી એક પાનાં છપાય. એક કલાકમાં માંડ પાંચસો કોપી છપાય. એટલે સ્મોલ ઈઝ બ્યુટીફુલ એવું તો બહુ મોડું સુમાકરે કહ્યું પણ આ માણસે ત્યારે જ કહ્યું હતું કે નાની વસ્તુઓ લઈને એટલા માટે બેઠો છું કે મને ખબર છે કે આ સામ્રાજ્યવાદીઓ કે જેમની સામે હું પડ્યો છું એ લોકો કંઈ મને વધુ સહન નહિ કરી શકે અને જ્યારે સહન નહિ કરી શકે ત્યારે મારી પાસે મોટી મિલકત હોય, છાપાં મોટાં હોય, મોટી સામગ્રી હોય તો મને જ નડે. એ બધું જાય, તૂટે એનાથી બહુ મોટું નુકસાન થાય. એટલે મારું પણ એ કામ છે કે જે નાનું હોય, નાનકડું ટ્રેલ લઈ જાય તોય શું ને ન લઈ જાય તોય શું ? એટલે સ્મોલ ઈઝ બ્યુટીફૂલ ! નાનકડું કામ, નાનકડો આશ્રમ અને નાનકડું પ્રેસ. એનાથી દ. આફ્રિકામાં જે મોટી, મોટા ગજાની એક આખી પરિસ્થિતિ સર્જી, એ પરિસ્થિતિમાંથી જ સત્ય આવ્યું. સત્યાગ્રહ કેવી રીતે આવ્યો એની પણ એક રસિક ઘટના છે. જાહેરાત કરી, ચળવળ તો પહેલાં શરૂ કરી હતી. 'પહેલા ગિરમિટિયા' નામની એક નવલકથા પણ છે. અને એમાં એનું વર્ણન છે કે આપણે જે પ્રવૃત્તિ કરીએ છીએ એને એક નામ જોઈએ. દરેક આંદોલનને પોતાનું એક નામ હોય છે એને એ નામની પાછળ એની આખી ફિલસૂફી હોય છે એટલે સ્પર્ધા જાહેર કરી કે આપણે આને નામ શું આપવું ? તો અલગ અલગ નામ આવ્યાં અને એમાંથી એમના અંતેવાસી




**જુદી જુદી જગ્યાએ જે આંદોલનો થયાં. દક્ષિણ આફ્રિકામાં થયાં, નેલ્સન મંડેલાએ તો કહ્યું હતું પણ ખરું કે તમે તો અમને બેરિસ્ટર ગાંધી આપ્યા હતા પણ અમે તમને મહાત્મા ગાંધી બનાવીને પાછા આપ્યા**

મગનલાલ ગાંધી, કે જે એમના સ્વજન હતા એમણે 'સદાગ્રહ'નામ આપ્યું. ગાંધીજીનો સંબંધ સત્યની સાથે છે. એમની આત્મકથાનું નામ છે 'સત્યના પ્રયોગો' અને તમે જોગાનુજોગ જુઓ, ગુજરાતમાં સત્યનો આગ્રહ અને કેટલીક વાર સત્યનો દુરાગ્રહ પણ ! ગુજરાતમાં સ્થાપિત થયેલો છે. દયાનંદ સરસ્વતીએ સૌરાષ્ટ્રમાં મોરબી-ટંકારાથી આખા દેશમાં જે કંઈ કર્યું, એમના પ્રવચનનું નામ છે "સત્યાર્થપ્રકાશ", કરશનદાસ મૂળજી નામના એક સમાજ સુધારક હતા. એમણે પહેલું અખબાર બહાર પાડ્યું, અને સુધારા માટે એમણે જે કાર્મ કર્યું એ સામયિકનું નામ હતું "સત્યપ્રકાશ". દાદાભાઈ નવરોજી, આપણા પારસી ગુજરાતી મુંબઈમાં હતા અને મુંબઈમાં એમને થયું કે અખબાર બહાર પાડવું જોઈએ અને નામ પાડ્યું - "રાસ્ત ગોફતાર". રાસ્ત ગોફતારનો અર્થ થાય છે સત્યનો પ્રવક્તા. એટલે આપણી આજુબાજુ સત્યની એક પરિસ્થિતતિને પહેલેથી આપણે પચાવીને બેઠા છીએ. તમે સૌરાષ્ટ્રમાં જાઓ તો એક નાનકડો દોહરો જોવા મળે કે સાચું સોરઠિયો ભણે ! એમાંય સત્ય આવે છે અને આ સત્ય એટલા માટે આવે છે કે આપણે એના આગ્રહી છીએ. મને લાગે છે કે સૌરાષ્ટ્રે ગાંધીજીને પરંપરામાં સત્ય આપ્યું છે. "સત્યવાદી હરિશ્ચંદ્ર" નાટક એમણે જોયું રાજકોટમાં અને પછી એમને થયું કે મારે પણ આવા સત્યવાદી થવું જોઈએ, ત્યાં બીજ રોપાયું અને એટલે સત્યની સાથે કામ કરવા માટે એમણે દક્ષિણ આફ્રિકાનું જે આંદોલન હતું એને નામ આપ્યું "સત્યાગ્રહ". આખી દુનિયામાં વીસમી સદીમાં આ સત્યાગ્રહ શબ્દે શબ્દકોશથી પર થઈને જે હચમચાવી છે આખી કથા છે. જુદી જુદી જગ્યાએ જે આંદોલનો થયાં. દક્ષિણ આફ્રિકામાં થયાં, નેલ્સન મંડેલાએ તો કહ્યું હતું પણ ખરું કે તમે તો અમને બેરિસ્ટર ગાંધી આપ્યા હતા પણ અમે તમને મહાત્મા ગાંધી બનાવીને પાછા આપ્યા. બર્મામાં આંદોલન થયું, યુરોપના દેશોમાં થયું, ચેકોસ્લેવેકિયામાં, પોલેન્ડમાં, હંગેરીમાં... છેલ્લે હમણાં ઈજિપ્તમાં - જે આંદોલનો થયાં તેની પાછળ ક્યાંક ને ક્યાંક સત્યાગ્રહ શબ્દ છે. હમણાં જે પ્રજાકીય આંદોલનો થયાં એમાં જે લેખક હતો બર્માનો એમાં એણે સત્યને જ મુખ્ય રાખ્યું છે. એટલે સત્યાગ્રહ શબ્દ ભલે આપણો હોય પણ એ વૈશ્વિક શબ્દ બની ગયો અને શબ્દકોશની બહાર પણ એનો એટલો જ

અંદાજ મળ્યો છે. એ દૃષ્ટિએ સત્યાગ્રહ શબ્દ દક્ષિણ આફ્રિકામાં જન્મ્યો. જુઓ, સ્થાનવિશેષની હું વાત કરું છું. રાજકોટ-પોરબંદર શિક્ષણ, લંડનમાં શિક્ષણ, આફ્રિકામાં સત્યાગ્રહ, પીટ્સબર્ગમાં જ્યાં એમની ગોરાઓએ હાલાકી કરી એ ઘટના અને એના પછી એ ભારત આવ્યા તો ભારતમાં એમણે ચંપારણમાં સત્યાગ્રહ કર્યો. આખા દેશમાં ગરીબમાં ગરીબ પ્રજા, ગળીનો વેપાર અને ગળીના વેપારમાં કંગાળ કિસાનોની સાથે જે શોષણ થતું હતું એ શોષણ સામાન્ય નહોતું-અસામાન્ય હતું અને છેક ૧૮૫૭માં બ્રિટિશ અફસરોએ કંપની સરકારે આ જુલમો શરૂ કર્યા હતા, જુલમો પેદા કર્યા હતા અને ત્યાં અફીણ વાવવામાં આવતું. શરૂઆતમાં ઓરિસ્સા, બિહાર, ચંપારણ અને બાકી બીજી જગ્યાએ અને એ અફીણનો વેપાર ચીન સાથે કરવામાં આવતો. ઈસ્ટ ઈન્ડિયા કંપની જો સમૃદ્ધ થઈ હોય તો એ અફીણના વેપારથી થઈ છે અને એની પરંપરામાં ગળીનો વેપાર આવ્યો. ગાંધીજીએ જોયું કે હાલત એકદમ ખરાબ છે એટલે એમણે કહ્યું કે પહેલો સત્યાગ્રહ હું અહીં કરીશ. કરવો ન પડ્યો. કારણ કે ત્યાંના તે વખતના જે બ્રિટિશ અધિકારી હતા એ થોડા સમજદાર હતા કે આપણે અત્યારે વાવાઝોડું આવે તો એ કામ નહિ લાગે ! છેક દક્ષિણ આફ્રિકામાં આ માણસે કામ કર્યું છે. આપણી વિરુદ્ધમાં કર્યું છે ને આપણી તરફેણમાંય કર્યું છે. બ્રિટિશ સેનામાં બોઅર યુદ્ધ દરમિયાન બ્રિટિશ સૈનિકોની સાથે ભારતીય સૈનિકો પણ હોય. એની ભરતીનું કામ ગાંધીજીએ કરેલું તેમની પોતાની ફિલસૂફી હતી. એ ફિલસૂફી પછી બીજા વિશ્વયુદ્ધ વખતે પણ આવી કે બીજા વિશ્વયુદ્ધમાં ભારતીયોએ પણ સૈનિકોમાં જોડાવું. શા માટે ? તો સાવરકર જેવા ક્રાંતિકારોના કહેવા પ્રમાણે જો થોડાક લોકો આમાં વધારે જાય તો રાષ્ટ્રીય જાગૃતિ માટે કામનું છે. એ અલગ ઘટના છે, પણ ત્યાં ફિનિક્સ આશ્રમ શરૂ થયો. પછી ચંપારણમાં સત્યાગ્રહ થયો. પછી આપણે ત્યાં કોચરબ અને સાબરમતી આશ્રમ થયા. અને બંને આશ્રમો એટલા માટે થયા કે એક શાંત લાક્ષણિકતા હતી નગરની, શ્રેષ્ઠીઓ હતા, મદદ કરશે એવું પણ લાગતું હતું. બહુ કોઈ મોટા ઝઘડા નહોતા માલિક-મજૂરો વચ્ચેના. મિલો અનેક પ્રકારની હતી. અહીંના રણછોડદાસ લોટવાળાએ સૌથી પહેલી મિલ દાદાભાઈ નવરોજીની મદદથી લંડનથી સામગ્રી મંગાવીને બનાવી હતી અને પરિણામે ભારતનું માન્ચેસ્ટર અમદાવાદ બની ગયું. આવા સંજોગોમાં એમને લાગતું હતું કે અમદાવાદ વધારે ઉપકારક બનશે એટલે અહીં આશ્રમ થયો અને એ આશ્રમનો ઈતિહાસ આપણે જાણીએ છીએ કે આ આશ્રમ દરમિયાન જે સત્યાગ્રહ થયો, ખૂબ જ ભવ્ય, મોટા ગજાનો, એ દાંડીકૂચ થઈ અમદાવાદથી નીકળીને દાંડી સુધી પહોંચી એ વખતે મીઠા-નમકની વાત થઈ કે નમક પર વેરો ન લગાવવો જોઈએ અને એ પકાવી શકાય. કોઈ પણ માણસ પકવી શકે. આવું તો બીજું ઘણું બધું હતું, પણ નમક એટલા માટે પસંદ કર્યું કે અગાઉ પણ, ગાંધીજીના આગમન પહેલાં સુરતમાં નમક સત્યાગ્રહ થયો હતો અને વેપારીઓએ એક આંદોલન કરેલું. હડતાલો પાડી હતી. એક-એક મહિના સુધી ! એટલે કે પરંપરામાં હતું આ નમક સત્યાગ્રહ કર્યો ત્યારે મોતીલાલ નેહરુએ કહેલું, બલકે અલ્હાબાદથી એક પત્ર લખ્યો કે બાપુ ! આ શું કર્યું તમે ? આમાં કંઈ ન થાય ! આનાથી તમે શું કરશો? એમણે જવાબ આપ્યો છે કે મોતીલાલ ! કૂચ થવા દો ! હું જઈશ ને પછી ત્યાં થઈશ પછી જુઓ કે આખા દેશમાં શું થાય છે ? અને આખો દેશ એક જાગૃતિની આગમાં ધકેલાઈ ગયો. બધે નમક- સત્યાગ્રહો શરૂ થયા. આ નાના નાના સત્યાગ્રહોમાં જ પ્રજાકીય ચેતનાનો અગ્નિ પેદા થયો. એટલે આપણે એ વર્ષને ચપટી મીઠું અને ફાંસીનો ઝૂલો એ બે ઘટનાઓથી યાદ કરીએ છીએ. એક તરફ ગાંધીજીની દાંડીકૂચ. બીજી તરફ લાહોરમાં સરદાર ભગત સિંહ- રાજગુરુ- સુખદેવને અપાયેલી ફાંસી. આ બે ઘટનાઓ એક સાથે થઈ. ત્રીજી ઘટના એક વરસ પછી થઈ

**મિલો અનેક પ્રકારની હતી. અહીંના રણછોડદાસ લોટવાળાએ સૌથી પહેલી મિલ દાદાભાઈ નવરોજીની મદદથી લંડનથી સામગ્રી મંગાવીને બનાવી હતી અને પરિણામે ભારતનું માન્ચેસ્ટર અમદાવાદ બની ગયું**



પણ એની અસર વિદેશોમાં વધારે થઈ. એ ૧૯૩૧ના માર્ચ મહિનામાં ૩૧મી માર્ચે, જીનિવામાં આપણા બીજા એક ગુજરાતી ક્રાંતિકારી શ્યામજી કૃષ્ણ વર્માનું દેહાવસાન. આખી દુનિયામાં ક્રાંતિનો-ભારતીય આઝાદીનો પ્રચાર અને પ્રસાર કરવામાં એ માણસે જેટલું કામ કર્યું છે, વિદેશોમાં એટલું બીજા કોઈએ નથી કર્યું. જુઓ, આપણા બે એન.આર.જી. ! એક દ.આફ્રિકામાં એન.આર.જી. તે ગાંધીજી અને જીનિવામાં એન.આર.જી. તે શ્યામજી ! શ્યામજીને લેનિન પણ માનતા. મેક્સિમ ગોર્કીએ એમને પત્ર લખ્યો હતો કે તમે તો ભારતના મેઝિની છો. ઈન્ડિયા હાઉસની સ્થાપના કરી. લંડનમાં અને ગાંધીજી પણ ત્યાં ગયા હતા. એ વાત ઠીક છે કે બેઉનાં રસ્તા અલગ હતા, ધ્યેય એક હતું. બંનેને આઝાદી પ્રાપ્ત કરવી હતી. ગાંધીજીને આઝાદી ઉપરાંત માનવ-કલ્યાણ સુધી પહોંચવું હતું. ક્રાંતિકારોને એક વાર ક્રાંતિ કરીને માનવ કલ્યાણ સુધી પહોંચવાના રસ્તા શોધવા હતા. એટલે વસ્તુ એક જ હતી. પણ એ ૧૯૩૦ની આસપાસ જે કંઈ થયું એટલે એમનો સાબરમતી આશ્રમ ઐતિહાસિક આશ્રમ થયો. દાંડીકૂચ થઈ અને આ દાંડીકૂચ એક અદ્ભુત ઘટના હતી. આપણા એક આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત પત્રકાર કૃષ્ણલાલ શ્રીધરાણી એ વખતે ૧૬-૧૭ વર્ષના હતા. વિદ્યાપીઠમાં ભણતા અને એમને થયું કે મારે પણ જવું જોઈએ. પણ બાપુએ ના પાડી કે આમાં તો આપણે અમુક વર્ષના લોકોને, ૭૫ લોકોને જ પસંદ કર્યા છે. ન આવી શકાય ! તો કહે - સાથે આવીશ ! સાથે ગયા ! કરાડીમાં પણ બેઠા હતા. સત્યાગ્રહ જોયા પછી એમણે એક કવિતા લખી. અને એ કવિતાનું શીર્ષક છે સપૂત! "આવવું ન આશ્રમે મળે નહિ સ્વતંત્રતા !" એવી એની શરૂઆત છે. એક યંગ બોય - આ છોકરો કહે, મારે બાપુને બતાવવી છે !" ગાંધીજી પાસે ગયા. એમણે વાંચી - "આ શું છે ?" "બાપુ ! મેં કવિતા લખી છે !" એક ક્ષણ પછી બાપુનો પ્રતિભાવ હતો એ સાંભળવા જેવો છે. એમણે કહ્યું - "આટલો સમય તેં જે કવિતાનું કાંતણકામ કર્યું એના કરતાં કાંતણકામ કર્યું હોત તો વધારે સારું થાત. આવડા છોકરાને તો સમજ ન પડે એટલે નિરાશ થયા, મહાદેવભાઈ દેસાઈએ એમની પાસે જઈને કહ્યું કે બાપુ ખુશ થયા છે ! એટલે માની ગયા ! આવી ઘટનાઓ પણ એ વખતે થઈ છે. એટલે આવી ઘટનાઓ પછી દાંડી જે ઐતિહાસિક ઘટના તરીકે સ્થાપિત થઈ એ પછી સાબરમતી આશ્રમનું બાપુએ વિસર્જન કર્યું. એ ઘટના આપણે કોઈ કહેતા નથી. એમણે જાહેર કર્યું કે હું આશ્રમનું વિસર્જન કરું છું. શા માટે ? કારણ કે સાધુ તો ચલતા ભલા ! ગતિશીલતા હતી. ચરૈવેતિ ચરૈવેતિ ! ચાલતા રહો, ચાલતા રહો ! એમનું આત્મપ્રાણનું સૂત્ર હતું. વર્ધા ગયા, સર્વ સેવાસંઘ નામની એક સંસ્થાની સ્થાપના કરી. આ સંસ્થાનો વિરોધ થયો. મોટા ગજાના નેતાઓ જવાહરલાલ નેહરુ, સુભાષચંદ્ર બોઝ વગેરેએ કહ્યું - બાપુ ! તમે આ બીજો વૈકલ્પિક પક્ષ ઊભો કરો છો. બાપુએ કહ્યું - આ વૈકલ્પિક પક્ષ નથી, મારો આદર્શ એ છે કે આઝાદી જંગ થાય ત્યાં સુધી સામાન્ય પ્રજા સુધી પહોંચવા માટે એક બિનરાજકીય તાકાત જોઈએ. એટલા માટે સર્વ સેવા સંઘની સ્થાપના કરી. આઝાદી મળી ગઈ. પછી તેમણે કહ્યું હતું કે, આપણે બધા હવે શાસક છીએ. હવે પક્ષની જરૂર નથી. માન્યા નહિ કોઈ ! પણ એમની માન્યતા એવી હતી કે છેવટે તો આ સંસદીય લોકતંત્રમાં પણ લોકશક્તિ મહત્ત્વની છે. રાજનૈતિક પક્ષ પોતાની એક મર્યાદામાં રહે છે. એનાથી આગળ વધવું જોઈએ. એટલે સાબરમતીથી વર્ધા સેવા સંઘ. આ પાંચમું સ્થાન !


**આપણા બે એન. આર. જી.! એક દ.આફ્રિકામાં એન. આર.જી. તે ગાંધીજી અને જીનિવામાં એન.આર.જી. તે શ્યામજી ! શ્યામજીને લેનિન પણ માનતા. મેક્સિમ ગોર્કીએ એમને પત્ર લખ્યો હતો કે તમે તો ભારતના મેઝિની છો**

સ્થાનવિશેષની વાત કરું છું ત્યારે મુંબઈની વાત અવશ્ય કરવી જોઈએ. ઈ.સ. ૧૯૪૨માં ક્વિટ ઈન્ડિયા-ભારત છોડોની શરૂઆત થઈ. એક રીતે ઇતિહાસકારો પણ કહે છે કે ગાંધીજીનો, અંગ્રેજ પ્રજા સારી છે, ભલી છે, લોકશાહીપ્રેમી છે, સ્વરાજ આપી દેશે આ તમામ પ્રકારનો ભ્રમ ભાંગ્યો હોય તો એ ૧૯૪૨માં પહેલો ભ્રમ એમનો જલિયાવાલા બાગની ઘટના થઈ ત્યારે ભાંગ્યો. એ વખતે એમણે બ્રિટિશરો દ્વારા અપાયેલો ખિતાબ પાછો આપી દીધો. હા, તો મુંબઈમાં ભારત છોડો આંદોલન શરૂ થયું. આ પાંચમી ઘટના ! સ્થાનવિશેષ તરીકે અવશ્ય એમનો આગાખાન મહેલ પણ લેવો જોઈએ. યરવડા જેલમાં પણ એ રહ્યા. એ વખતે કસ્તૂરબાનું અવસાન થયું. મહાદેવભાઈ દેસાઈનું પણ અવસાન થયું. અને લગભગ જે ૫૦૦૦૦ જેટલાં પાનાં, આખો ગાંધીજીનો અક્ષરદેહ થયો તેમાં પણ મોટાભાગના પત્રો એ યરવડા જેલમાં જ થયા છે. આંબેડકર સાથેનો જે વાદ-વિવાદ અને વિમર્શ એ પણ ત્યાં જ થયો. મતદાર સંઘની જે વાત હતી એ મુદ્દે તેઓ આમરણ

અનશન પર બેઠા હતા, આંબેડકરે એમને પારણાં કરાવ્યાં હતાં. લંડન પણ એમના સ્થાનવિશેષમાં સ્થાન ધરાવે છે. અલગ રીતે લંડનમાં પહેલાં એ અભ્યાસ કરતા હતા ત્યારે સ્વાભાવિક રીતે જ ભારતનો કોઈ યુવક જાય અને જરા ઠાઠમાઠથી રહે, બ્રિટિશરોની સમકક્ષ થવા મથે, એવી રીતે રહેતા હતા. એ તો એમણે સ્વીકાર્યું પણ છે. પછી એમને લાગ્યું કે આ બધું નકામું છે. વ્યર્થ છે ! એટલે એમણે એમાંથી પાછા ફરવાનું શરૂ કર્યું. ગોળમેજી પરિષદોમાં ગયા. હવે આ ગોળમેજી પરિષદ ભારતીયો માટે મહત્ત્વની ઘટના છે, એટલા માટે કે બ્રિટિશરો ભારતને સ્વરાજ્ય આપવા માંગતા નહોતા, ભારતના ભાગલા કરવા ઈચ્છતા હતા. દલિતોનો અલગ વિચાર, મુસ્લિમોનો અલગ વિચાર-લઘુમતીનો અલગ વિચાર. અને એને માટે એણે બધા સુપ્રતિષ્ઠ લોકોને ભેગા કર્યા હતા. એ વખતે ગાંધીજી ત્યાં ગયા અને મજાની વાત એ છે કે પોતાના સ્વાભાવિક, ભણવા ગયા હતા એ વેશમાં નહિ, સામાન્ય પોતડીમાં-ધોતીમાં ગયા હતા. ઈંગ્લેન્ડનાં રાણીને મળવાનું હતું. ત્યાં બધા ડ્રેસ કોડ હોય ! ડ્રેસ કોડ ગાંધીજીને ક્યાંથી શોધવો ? એમણે કહ્યું કે જે છે તે છે, મારો દેશ આવો છે, સાહેબ ! તમે બધાએ લૂંટ કરી છે એટલે હિન્દુસ્તાન ગરીબ દેશ છે ! આ વાત પહેલાં દાદાભાઈ નવરોજીએ કરેલી. ફર્સ્ટ મેમ્બર ઓફ પાર્લામેન્ટ ઈન બ્રિટન ! પહેલા ચૂંટાયેલા ધારાસભ્ય એમણે ‘‘ઓન પોવર્ટી’’ નામનું એક પુસ્તક લખ્યું હતું. એ જમાનામાં ૧૯૦૫માં ! એમાં એમણે એ દર્શાવેલું કે ભારત પર બ્રિટિશરોએ આર્થિક રીતે જે શોષણ કર્યું છે એને કારણે કેવા હાલ થયા છે ! એમાંથી બોધપાઠ લઈને એક ૨૫-૨૬ વર્ષનો યુવક મદનલાલ ધીંગરા લંડનમાં કર્ઝન વાયલીનો વધ કરે છે. સશસ્ત્ર સ્વાતંત્ર્ય જંગ સાથે જોડાયેલા લોકો હતા એ. શ્યામજી કૃષ્ણ વર્મા, સાવરકર, ધીંગરા, લાલા હરદયાલ, વીરેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય, મેડમ કામા વગેરે. એ બધાં તો ક્રાંતિમાં માનતાં હતા. પણ જે દિવસે ગાંધીજી ત્યાં ગયા, સાવરકર મળ્યા હતા એમને વિજયાદશમીનો એક કાર્યક્રમ હતો. એમાં બેઉ એક જ મંચ પરથી બોલ્યા. સાવરકરે કહ્યું - ‘‘રામને પણ લડાઈ કરવી પડતી હતી !’’ ગાંધીજીએ કહ્યું કે રામ મૂળભૂત રીતે અહિંસાવાદી હતા ! આ ઘટનાઓ ઐતિહાસિક અને રોચક છે. ગાંધીજીને જાણવા હોય તો આપણે એની બધી બાજુઓની ઘટનાઓ તરાશવી પડે ! મદનલાલ ધીંગરાએ કર્ઝન વાયલીનો વધ કર્યો અને પછી પંદર-વીસ દિવસ બાદ એમને ફાંસી થઈ. એ વખતે ગાંધીજી વિચલિત હતા. કારણ કે એ દરમિયાન એમણે પોતાનો સિદ્ધાંત અપનાવી લીધો હતો. દ. આફ્રિકામાં કે સત્ય, અહિંસા અને અસહકાર એ ત્રણ વસ્તુઓ જ આપણા માટે જરૂરી છે. એ વિચારને આધારે જ એમને લિયો ટોલ્સટોયે પત્ર લખ્યો. ‘‘એક હિન્દુને પત્ર !’’ એમાં એણે લખ્યું હતું કે બધી અશાંતિની અને અરાજકતાની વાતો છોડી દેવી જોઈએ, શાંતિપ્રિય થવું જોઈએ. ગાંધીજીને એ વિચાર પસંદ પડ્યો. તેમણે પછી એ યંગ ઈન્ડિયામાં પણ છાપ્યો. પણ એ વખતે જે તારકનાથ દાસ અમેરિકામાં હતા, લાલા હરદયાલ હતા, વીરેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય હતા, સાવરકર હતા એ બધા તો કહેતા હતા કે નહિ ! આપણે તો વિપ્લવ વિના ચાલે જ નહિ, સાહેબ ! વિપ્લવ નહિ કરીએ તો આ મીંઢી પ્રજા છે. બ્રિટિશર્સ ! એમણે આપણી પર અત્યાચાર કર્યા છે. અને લાંબા સમય સુધી કરશે. આવું માનનારો એક વર્ગ છેક ૧૮૫૭થી ૧૯૪૭ સુધી રહ્યો છે અને એ લોકોએ બલિદાનો પણ આપ્યાં છે. એ બલિદાનોની ગાંધીજીએ પણ પ્રશંસા કરી છે. પણ એક મર્યાદામાં રહીને ! ભગત સિંહ હતા, સુખદેવ હતા, રાજગુરુ હતા, ચંદ્રશેખર આઝાદ હતા. અસંખ્ય લોકો લગભગ છ લાખ લોકો મર્યા છે. ફાંસીએ ચડ્યા છે, આંદામાન ગયા છે, તોપને ગોળે દેવાયા છે. એ ઘટનાઓ વખતે, મદનલાલ ધીંગરાએ જે છેલ્લું નિવેદન કર્યું એ પણ ક્રાંતિનું તત્ત્વજ્ઞાન-ફિલોસોફી ઓફ રિવોલ્યુશન હતું. એમાં એમણે એમ કહ્યું કે હું વારંવાર આ કામ કરીશ. મને વારંવાર ફાંસીએ ચડાવજો. અને ત્યાં સુધી કે જ્યાં સુધી ભારત આઝાદ ન થાય અને જે દિવસે ભારત આઝાદ થશે ત્યારે સ્વતંત્ર ભારત સમગ્ર માનવજાતના કલ્યાણ અર્થે જગતગુરુ તરીકે સ્થાપિત થશે. માનવ કલ્યાણની ક્રાંતિકારીઓની વાત પોતાની રીતની હતી. ગાંધીજીની પોતાની રીતની હતી અને આ બધું લંડનમાં થયું. લંડનમાં જ્યારે આ ઘટના બની ત્યારે એક બીજી ઘટના પણ ગાંધીજી સાથે જોડાયેલી છે. એમનું પ્રથમ પુસ્તક છે- ‘હિન્દ સ્વરાજ’ ગુજરાતીમાં લખાયેલું છે. એના વિશેની અનેક ચર્ચાઓ સાંભળીએ છીએ, વિચાર-વિશ્લેષણ થાય છે. આ ‘હિન્દ સ્વરાજ’નો વિચાર ગાંધીજીને ક્યાંથી સૂઝ્યો ? એ

**દ. આફ્રિકામાં કે સત્ય, અહિંસા અને અસહકાર એ ત્રણ વસ્તુઓ જ આપણા માટે જરૂરી છે. એ વિચારને આધારે જ એમને લિયો ટોલ્સટોયે પત્ર લખ્યો. ‘‘એક હિન્દુને પત્ર !’’**

તેમણે પોતાની પ્રસ્તાવનામાં - પહેલી પ્રસ્તાવનામાં લખ્યું છે. લંડનમાં હતા, લંડનમાં ધીંગરા વગેરેએ આ કર્યું, એ કૃત્ય એમને પસંદ નહોતાં પડ્યાં. એમને એમ લાગતું હતું કે ક્રાંતિકારી પ્રવૃત્તિઓ જો ભારતમાં હાવિ થઈ જશે તો આપણે મારા સિદ્ધાંતો પ્રમાણે હિન્દ દેશને સ્વરાજ અપાવવામાં નિષ્ફળ જઈશું એટલે એમણે લંડનથી જહાજમાં આવતાં આ પુસ્તક 'હિન્દ સ્વરાજ' લખ્યું છે. એટલે ઈતિહાસની વિડમ્બના જુઓ કે કેટલીક વાર ક્રિયામાં પ્રતિક્રિયા જન્મે છે. ધીંગરાને થયેલ ફાંસી અને ધીંગરાએ કરેલા નિવેદનની પ્રતિક્રિયા રૂપે ગાંધીજીએ આ પુસ્તક લખ્યું છે. આવું મહત્ત્વનું પુસ્તક કેટલીક પ્રતિક્રિયામાંથી જન્મ્યું છે એ પણ આપણે સ્વીકારી લેવું જોઈએ. એટલે એ દૃષ્ટિએ એમનો-લંડનનો મહત્ત્વનો પ્રયોગ આ થયો. છેલ્લું સ્થાન એમનું એક બાકી રહ્યું અને એ હતું લાહોર. ૧૯૪૭માં ભારત વિભાજન થયું. ભારત આઝાદ થયું. રક્તરંજીત નોઆખલી-પંજાબ...બધી જગ્યાએ... ટ્રેનોની ટ્રેનોમાં લોહીભીનાં મડદાં, હિજરતીઓ પારાવાર ! એટલે ગાંધીજી ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના દિવસે દિલ્હીમાં લાલ કિલ્લા પર પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ રાષ્ટ્રધ્વજ ફરકાવવાના હતા ત્યારે ત્યાં ઉપસ્થિત નહોતા. આખી જિંદગી જે માણસે સ્વતંત્રતા માટે લડાઈ કરી એ દિવસે એ માણસ નોઆખલી-જે પીડિતો હતા, જેમની ઉપર આક્રમણો થયાં હતાં, જેમનાં ઘર તૂટ્યાં હતાં, બાળી મૂકવામાં આવ્યાં હતાં



**ઇતિહાસકાર અરવિન્દ ઘોષને કહ્યું હતું : કાશ, આજે મારો પુત્ર સુભાષ અહીં હોત ! ૧૯૪૮માં એમની હત્યા થઈ, અને 'હે રામ' શબ્દ સાથે એમણે વિદાય લીધી...આ આખી એમની જીવનલીલા, મહાત્માની જીવનલીલા !**

એમની વચ્ચે હતા. ત્યારે એમનો અંતરાત્મા એટલો બધો વિહ્વળ હતો, દુઃખીને વિપ્લવી હતો કે એને.. એ વખતનાં એમનાં વિધાનો પણ એવાં છે. એ વખતે એમને લાગે છે કે મેં પ્રયોગ કર્યાં અહિંસાના એ બરાબર નહોતા ! કાં તો હું બરાબર કરી ન શક્યો અથવા પ્રજા બરાબર સમજી ન શકી. નહિ તો આવું કેમ થાય ? તો એ પણ એક ઘટના અને એ ઘટના પછી એમની ઈચ્છા લાહોર જવાની હતી, પાકિસ્તાન થઈ ગયું હતું. મહમ્મદ અલી ઝીણાને પણ એમણે મેસેજ મોકલ્યો હતો. ઝીણાસાહેબે પણ હા પાડી હતી. જો તેઓ પાકિસ્તાન ગયા હોત તો ઈતિહાસમાં થોડો ફરક આવત ! જે કામ સુભાષ બાબુ સિંગાપુરમાં બેસીને કરવાના હતા. આઝાદ, હિન્દ ફોજ હતી અને એમણે કહ્યું હતું કે જો હું અત્યારે ભારતમાં હોત તો ઝીણાને મનાવી લેત. ભારત વિભાજિત ન થવા દેત ! એ જ કામ, મને લાગે છે કે આને વિષે વિશ્લેષણ થવું જોઈએ, અને એ દૃષ્ટિએ એ જો લાહોર ગયા હોત. ખુદ ગાંધીજીએ ઈતિહાસકાર અરવિન્દ ઘોષને કહ્યું હતું : કાશ, આજે મારો પુત્ર સુભાષ અહીં હોત ! ૧૯૪૮માં એમની હત્યા થઈ, અને 'હે રામ' શબ્દ સાથે એમણે વિદાય લીધી...આ આખી એમની જીવનલીલા, મહાત્માની જીવનલીલા ! આ મહાત્મા કેવળ મહાત્મા નહોતા, મહાપુરુષ પણ હતા અને ભારતીય રાજનીતિમાં, ભારતીય સમાજનીતિમાં ભારતીય અર્થનીતિમાં એમણે જે પરિકલ્પના આપી એ રામરાજ્યની હતી. આ રામરાજ્ય એટલે સમગ્ર પ્રજા, સામાન્યમાં સામાન્ય માણસના મનમાં બેઠેલા રામને જાગૃત કરી શકે અને એની દરિદ્રતા નષ્ટ થાય, એ સુખેથી જીવે અને માત્ર અહીં જ જીવે એવું નહિ પરંતુ પરલોક સુધી પણ સરસ રીતે જીવી શકે એવી એમની પરિકલ્પના હતી એ ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપદેશ દ્વારા અને કર્મ દ્વારા પ્રગટ કરી હતી.

(આંબેડકર યુનિ.ના અભ્યાસક્રમ માટે બોલાયેલું.)

*અધ્યક્ષ, ગુજરાત સાહિત્ય અકાદમી,*
*અભિલેખાગાર ભવન,*
*સેક્ટર-૧૭, ગાંધીનગર*
*મો. ૯૪૨૭૮૦૪૭૨૨*

# મધ્યકાલીન ગુજરાતી સંશોધનનું ગૌરીશંકર શિખર : કે. કા. શાસ્ત્રી

*- બળવંત જાની*

**તા.** ૯-૯-૨૦૦૬ના દિવસે શાસ્ત્રીજી ગોલોકવાસી થયા. ઈ.સ. ૧૯૭૬થી તેમની સાથે મારે સંપર્કમાં આવવાનું થયેલું. ત્રીસ વર્ષમાં કોઈ વર્ષ એવું નહીં હોય કે તેમની સાથે નિરાંતે વાતો, વિમર્શ, માર્ગદર્શન મેં ન મેળવ્યાં હોય. એમણે એમનો ગ્રંથભંડાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગ્રંથાલયને ભેટ સ્વરૂપે આપી દીધેલો. એમણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી વિષયમાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને ચંદ્રક જાહેર કરેલો.

ગુજરાતી ભાષાવિજ્ઞાન-વ્યાકરણ વિશે મારો બહુ ઊંડો અભ્યાસ નહીં. એટલે એના વિશે મારી જાણકારી પણ પ્રમાણમાં ઓછી, અધ્યાપનકાર્યને કારણે થોડું ખપજોગું જોયું-વાંચ્યું હોય, ભણાવ્યું હોય. પણ મારો વિશેષ રસ અને રુચિ મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય વિષયે. આ વિષયનાં એમનાં ઘણાં પુસ્તકો મને એમણે સહી કરીને ભેટ આપેલાં. કેટલાંક ખરીદ્યાં પણ હોય. એ બધા સાંઠ-પાંસઠ ગ્રંથો વિશેની મારી અભ્યાસ નોંધ અને માર્જિકલ નોટ્સને આધારે 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય વિશેના એમના શોધ અભ્યાસ' સંદર્ભે મારો સ્વાધ્યાય અહીં રજૂ કરવા ધાર્યો છે. પ્રારંભે એમની જીવનરેખા અને મારી સ્મરણ નોંધને મૂકી છે.

'કે.કા.'થી સુખ્યાત સંશોધક કે.કા.શાસ્ત્રીનો જન્મ ૨૮-૭-૧૯૦૫માં જૂનાગઢ-સોરઠના માંગરોળ ખાતે થયેલો. ઈ.સ. ૧૯૨૧માં મુંબઈ યુનિવર્સિટીમાંથી મેટ્રિક્યુલેટ થયેલા. માંગરોળમાં જ સંસ્કૃત પાઠશાળામાં શાસ્ત્રી તરીકે ઈ.સ. ૧૯૨૪ થી ખંડસમયનો અધ્યાપન કાર્યભાર સંભાળેલો. સાથે સાથે માંગરોળની કોરોનેશન હાઈસ્કૂલમાં પણ સહાયક શિક્ષક તરીકે ઈ.સ. ૧૯૨૫ થી ક્રિયાશીલ થયેલા. એક દાયકા સુધી વતનમાં અધ્યાપનસેવાઓ આપ્યા પછી તેઓ અમદાવાદમાં ઈ.સ. ૧૯૩૬ થી સ્થાયી થયા. પ્રારંભે 'પ્રજાબંધુ' સાપ્તાહિકમાં 'સહાયક સબ એડિટર' તરીકે એક વર્ષ સુધી સેવાઓ આપીને ત્યારની 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી', હાલની 'ગુજરાત વિદ્યાસભા'માં સંશોધક તરીકે ૧૯૩૭થી ૧૯૩૯ સુધી સેવાઓ આપી. પછી ૧૯૩૯થી એ જ સંસ્થામાં અનુસ્નાતક વર્ગમાં ખંડસમયના અધ્યાપનકાર્ય માટે સેવાઓ આપવાનું આરંભેલું. સાથે-સાથે ઇ.સ.૧૯૪૩ થી ૧૯૫૮ સુધી એ જ સંસ્થામાં ક્યૂરેટર તરીકે સેવારત રહ્યા. અમદાવાદની લાલભાઈ દલપતભાઈ પ્રાચ્યવિદ્યા ભવનમાં ૧૯૫૮ થી ૧૯૬૧ સુધી સંશોધક તરીકે સેવાઓ આપી. અહીંથી તેઓનો મુનિ પુણ્યવિજયજી અને મુનિ જીનવિજયજી સાથે પણ ગાઢ સંપર્ક સ્થપાયો હતો. પ્રાચીન હસ્તપ્રતોના સૂચિપત્રની કામગીરીમાં જેસલમેર, પાટણ એમ અનેક સ્થળે એમની સાથે પ્રવાસમાં પણ તેઓ જોડાયેલા અને એમના કાર્યમાં સહાયભૂત થયેલા. ઈ.સ. ૧૯૬૧થી ૧૯૭૦ સુધી બાલાભાઈ દામોદર મહિલા કૉલેજમાં અધ્યાપક તરીકે સેવાઓ આપીને એ સમયગાળા દરમિયાન ૧૯૬૬માં વિદ્યાવાચસ્પતિની પદવી મેળવેલી. અમદાવાદની ભો.જે. વિદ્યાભવનમાં ઇ.સ. ૧૯૫૮થી અને 'ગુજરાત રિસર્ચ સોસાયટી'માં ઇ.સ. ૧૯૬૧થી માનદ અધ્યાપનકાર્ય અને સંશોધનકાર્યમાં વ્યસ્ત રહ્યા. એમણે ઓગણીસ વિદ્યાર્થીઓને પીએચ.ડી. તથા સહસ્રાધિક વિદ્યાર્થીઓને એમ.એ.ની પદવી માટે શિક્ષણ આપેલું.

> **અમદાવાદની લાલભાઈ દલપતભાઈ પ્રાચ્યવિદ્યા ભવનમાં ઇ.સ. ૧૯૫૮ થી ૧૯૬૧ સુધી સંશોધક તરીકે સેવાઓ આપી. અહીંથી તેઓનો મુનિ પુણ્યવિજયજી અને મુનિ જીનવિજયજી સાથે પણ ગાઢ સંપર્ક સ્થપાયો હતો**

એમની વિદ્યાકીય, સાહિત્યિક અને સંસ્કૃતિલક્ષી સાહિત્યસેવાઓને કારણે ઇ.સ. ૧૯૭૭ અને ૧૯૮૩માં મહામહીમોપાધ્યાય- ૧૯૭૬માં ભારત સરકારે પદ્મશ્રીની અને ઇ.સ. ૧૯૯૨માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ ડી.લિટ્.ની પદવી અર્પણ કરીને એમને સન્માનિત કરેલા.


* * *

મારી વિદ્યાર્થી અવસ્થામાં અનુસ્નાતક અભ્યાસ દરમ્યાન મારા વિદ્યાગુરુ ડૉ. ઈશ્વરલાલ ર. દવેને કારણે મારે ડૉ. હરિવલ્લભ ભાયાણી, કે. કા. શાસ્ત્રી, ડૉ. રમણલાલ ચી. શાહ, ડૉ. ચિમનલાલ ત્રિવેદી, ડૉ. રમણલાલ જોશી અને જયંત કોઠારી સાથે પરિચયમાં આવવાનું થયું અને ઉત્તરોત્તર અંગત સંબંધમાં પરિણમીને એમની સાથે એ બધાનાં દેહાવસાન સુધી ગાઢ રીતે સંકળાઈ રહેવાનું બનેલું. આદરણીય કે.

કા. શાસ્ત્રીએ મને મારા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના અધ્યયનમાં ખૂબ જ મદદ કરેલી. એમ.એ.ના અભ્યાસકાળ દરમિયાન મેં એમને સાંભળેલા. ઈ.સ. ૧૯૭૬માં એમને પદ્મશ્રી પ્રાપ્ત થયો હોઈને એમના બહુમાનનો પ્રસંગ હતો. મેં 'જનસત્તા'દૈનિકપત્રમાં હિંમતભાઈ શેઠ અને દિનેશભાઈ રાજાના કહેણથી 'કે.કા. પદ્મશ્રીથી વિભૂષિત નથી થયા, પણ પદ્મશ્રીને કે.કા.એ વિભૂષિત કરેલા છે.' શીર્ષકથી લખાણ લખેલું.

મારા 'ભરતેશ્વર બાહુબલિરાસ'ના સંપાદનમાં જૂની ગુજરાતીના શબ્દાર્થમાં અને વ્યાકરણનાં રૂપો તૈયાર કરવામાં મને તેમની ખૂબ મદદ મળેલી. ભાલણની 'રામવિવાહ આખ્યાન'ની હસ્તપ્રત મને ભો. જે. વિદ્યાભવનમાંથી મેળવી અપાવેલી. એના સંશોધનમાં-પ્રકાશનમાં પણ મદદરૂપ થયેલા. રાજકોટમાં પધારે ત્યારે અમારે ઘરે અવશ્ય પગલાં કરે, પછી હું એમને વીરબાઈમા મહિલા કૉલેજના પૂર્વપ્રાધ્યાપક જીવણભાઈ છગનભાઈ જોશીને ત્યાં અથવા તો ઈતિહાસના પ્રો. ડૉ. આર. જી. પરીખને ત્યાં પહોંચાડું. અમારા નિવાસસ્થાને સૌ. ઊર્મિલા અને ચિ. પુલકેશીને તેમના તરફથી પ્રાપ્ત થયેલા, રૂપિયા બે, પાંચ, દશ અને પચાસની ચલણી નોટો હજુ તેમણે લક્ષ્મીપ્રસાદી રૂપે જાળવી રાખી છે. અમે અમદાવાદ ગયા હોઈએ ત્યારે એમના નિવાસસ્થાને 'મધુવન'માં અવશ્ય ગયા હોઈએ. પૂ. બા. પાર્વતીબહેનનું આતિથ્ય માણતા, લાડુડી રૂપે સ્નેહભાથું ક્યારેય ન મળ્યું હોય એવું બન્યું નથી.

મારા 'ભાલણની સમગ્ર કાવ્યકૃતિઓ'ની મારી વાચનાના અને લખાણના અંતિમ પ્રૂફ્સ જોવાનું નવાણું વર્ષની ઉંમરે પણ એમણે સ્વીકારેલું. ઊર્મિલાને સાથે લઈને



એક વખત એમને મળવા ગયો ત્યારે સન્મિત્ર મનોજ રાવલ સાથે હતા, મારા પરત્વેનો પુત્રવત્ સ્નેહ અવલોકીને મનોજે મને કહેલું કે 'બળવંતભાઈ તમે ભાયાણીસાહેબ અને કે.કા. નો જે સ્નેહ પ્રાપ્ત કર્યો એ જ મોટી ઉપલબ્ધિ ગણાશે.'

અમારી યુનિવર્સિટીમાં વિઝિટીંગ પ્રાધ્યાપક તરીકે પધારેલા ત્યારે પંદરેક દિવસ એમની સંગતમાં સાથે ગાળેલા. ઈશ્વરલાલ ર. દવેના ષષ્ટિપૂર્તિ સન્માન પ્રસંગે, એમની સહાયતા મળેલી. હું જ્યારે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં કુલપતિપદે હતો ત્યારે એમનાં પુત્રવધૂ ક્રિષ્નાબહેન પાસેથી અમે આર્કિટેક્ચર કૉલેજ-વિદ્યાશાખા માટે તેમની સહાય લીધેલી, એ એમને ગમેલું. એમનાં સંતાનોમાંથી શ્યામભાઈને મળેલો. મુકુન્દભાઈ અને મધુભાઈ વિશે એમની પાસેથી જ સાંભળવાનું બનેલું. અમેરિકામાંની મય-ઈન્કા સંસ્કૃતિ વિશેનાં એમનાં સંશોધનો સંદર્ભે મેં એક વખત વક્તવ્ય આપેલું. મારાં પત્ની ઊર્મિલા પરત્વે તેમનું અપત્યવાત્સલ્ય. વિષ્ણુદાસ વિશેના પીએચ. ડી. પદવી માટે ઘણા સંદર્ભગ્રંથો તેમણે ઊર્મિલાને પૂરા પાડેલા. ઊર્મિલાને ઉદ્દેશીને પાર્વતીબાને તેઓ કહેતા હતા કે આપણી લલિતા, હરિપ્રિયા, ઈસા અને ઈન્દિરા માફક આને પાંચમી ગણવી. પૂર્વજન્મનું અમારું કોઈ લેણું હશે કે અમે એમની પાસેથી અપત્યવાત્સલ્ય અને વિદ્યાકીય ગ્રંથો પ્રાપ્ત કરી શક્યા. આવા વિદ્યાપુરુષોનું સ્નેહભાજન હું બન્યો એનું મને ગૌરવ છે અને એને હું મારી બહુ મોટી પ્રાપ્તિ ગણું છું.

સંશોધન-વિવેચન ક્ષેત્રે કે.કા. શાસ્ત્રીનું પ્રદાન અનેક પ્રકારનું અને બહુવિધ વિદ્યાશાખામાં થયેલું છે. એમણે વિવિધ પ્રકારના કોશ તૈયાર કર્યા. ચરિત્રગ્રંથો લખ્યા. અનુવાદો કર્યા. એકાંકીઓ રચ્યા, ભાષાવિજ્ઞાન, વ્યાકરણ અને અપભ્રંશમાં તથા પ્રાપ્ત કંઠસ્થ પરંપરાના લોકસાહિત્ય ઉપરાંત સંસ્કૃત વિષયના ગ્રંથોના સંપાદન એમ વિવિધ રીતનાં આઠ-દસ ક્ષેત્રે પોતાના અભ્યાસનો સાહિત્યજગતને ભારે મોટો પરિચય કરાવ્યો.

**સંશોધન-વિવેચન ક્ષેત્રે કે.કા. શાસ્ત્રીનું પ્રદાન અનેક પ્રકારનું અને બહુવિધ વિદ્યાશાખામાં થયેલું છે. એમણે વિવિધ પ્રકારના કોશ તૈયાર કર્યા. ચરિત્રગ્રંથો લખ્યા. અનુવાદો કર્યા**

* * *

મેં અહીં એમના મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને લગતા સીત્તેર જેટલા ગ્રંથોનો આઠેક મુદ્દામાં વિગતે સમયે-સમયે અભ્યાસ કરીને નોંધ કરેલી એને આધારે 'કે. કા. શાસ્ત્રી મધ્યકાલી ગુજરાતીનું ગૌરીશંકર શિખર' શીર્ષકથી

મારો સ્વાધ્યાય પ્રસ્તુત કરવાનો ઉપક્રમ સેવ્યો છે.

(૧)

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો પ્રાચીન હસ્તપ્રતને આધારે અધ્યયન કરનારા દશ-બાર સંશોધકોમાં 'કે. કા.'ને પ્રથમ સ્થાને મૂકવા પડે, કારણ કે એમના જેટલી પ્રાચીન હસ્તપ્રતના સંપાદનની-વાચના તૈયારી કરવાની કામગીરી અન્ય કોઈએ પણ કરી નથી. બીજું મધ્યકાલીન ગુજરાતી સર્જકો અને એમના સાહિત્યસંદર્ભે વ્યાપક રૂપનું ઊંડાણથી અધ્યયન બહુ ઓછાનું છે. મેં અહીં એમનાં પ્રાચીન હસ્તપ્રત આધારિત કૃતિઓનાં સંપાદનો, એમનો મધ્યકાલીન ગુજરાતી કૃતિકેન્દ્રી સર્વાંગી સ્વાધ્યાય એમ બે ખંડમાં મારો સ્વાધ્યાય પ્રસ્તુત કર્યો છે. પહેલાં એમના દ્વારા થયેલા હસ્તપ્રત સંપાદનગ્રંથોને અને પછી ગ્રંથશ્રેણીને અને ત્યારબાદ કર્તાકેન્દ્રી અધ્યયન શ્રેણીને અહીં અભ્યાસ માટે ખપમાં લીધી છે.


૧. ગોપાલદાસકૃત 'વલ્લભાખ્યાન' (ઈ.સ. ૧૯૩૧)
૨. રત્નેશ્વરકૃત ભાગવતસ્કંધ ૧, ૨ (ઈ.સ. ૧૯૩૬)
૩. ભીમકૃત 'પ્રબોધપ્રકાશ' (ઈ.સ. ૧૯૩૬)
૪. અસાઈતકૃત 'હંસાઉલી' (ઈ.સ. ૧૯૪૫)
૫. અજ્ઞાતકૃત 'વસંતવિલાસ' (ઈ.સ. ૧૯૫૮, ૬૬)
૬. ચાર ફાગુકાવ્યો (ઈ.સ. ૧૯૬૨)
૭. ભાણદાસના ગરબા (ઈ.સ. ૧૯૯૯)
૮. રણછોડનાં ધોળ (ઈ.સ. ૧૯૯૯)
૯. મીરાંનાં પદો (ઈ.સ. ૨૦૦૦)

મારી દૃષ્ટિએ પ્રાચીન હસ્તપ્રતને આધારે વાચના નિશ્ચિત કરીને કર્તા વિશે, કૃતિ વિશે અને મધ્યકાલીન ગુજરાતી ભાષા અને સાહિત્યસ્વરૂપ પરંપરામાં કૃતિ-કર્તાના પ્રદાનની વિગતે નોંધ દર્શાવતાં તેમના આ અધ્યયનપૂર્ણ અધ્યયન-સંશોધન સંપાદનના નવ ગ્રંથો ગુજરાતી સાહિત્યની રિદ્ધિ અને સિદ્ધિ છે. એમના સંપાદનગ્રંથોનું સ્વરૂપ પૂરું શાસ્ત્રીય જણાય છે. પાઠ નિયત કરવાની પદ્ધતિ, વ્યાકરણનાં રૂપો ખોળવાનું વલણ, શબ્દોના અર્થ અને ક્યાંક વ્યુત્પત્તિની નોંધ, અર્વાચીન ગુજરાતીમાં અનુવાદ, કર્તાનો પરિચય અને કૃતિનું વિશ્લેષણ એમની સંપાદનવિભાવનામાં સમાવિષ્ટ હોઈને મધ્યકાલીન ગુજરાતીના આ હસ્તપ્રત આધારિત સંપાદનગ્રંથોએ એક મોટો આદર્શ સ્થાપેલો છે.

નરસિંહ પૂર્વેની પરંપરામાં ભીમનું મહત્ત્વ ગુજરાતીમાં પ્રથમ વખત તેમણે સંપાદન-સંશોધનકૃતિ દ્વારા આંકી આપ્યું. મધ્યકાલીન તથા ગુજરાતી પદ્ય પરંપરામાં ભાગવતસ્કંધ ૧ અને ૨ ને રત્નેશ્વર કઈ રીતે ગુજરાતીમાં ઢાળે છે એ એમણે તારવી બતાવ્યું : 'વસંતવિલાસ'નું એમનું સંપાદન મધ્યકાલીન ગુજરાતી ભાષા, સાહિત્ય સંદર્ભે વર્ણનકલાના નમૂના તરીકે તેમણે બહુ વહેલું અવલોકેલું. લૌકિક કથાનકનું આલેખન કરતી 'હંસાઉલી' મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશિષ્ટ પ્રકારની કથનકળા અને વિષયસામગ્રીની માવજત જેવા મહત્ત્વના ઘટકોને નજર સમક્ષ રાખીને, હસ્તપ્રતને આધારે વાચના નિયત કરી આપેલી. 'વસંતવિલાસ'ની સમીપવર્તી ફાગુ સ્વરૂપની ચાર રચનાઓ સંપાદિત કરીને જૈનસાહિત્ય સ્વરૂપની કૃતિઓનો પરિચય પણ તેમણે બહુ વહેલો કરાવીને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ફાગુ સાહિત્ય સ્વરૂપની સમજ માટે શ્રદ્ધેય સામગ્રી પ્રસ્તુત કરેલી.

**નરસિંહ પૂર્વેની પરંપરામાં ભીમનું મહત્ત્વ ગુજરાતીમાં પ્રથમ વખત તેમણે સંપાદન-સંશોધન કૃતિ દ્વારા આંકી આપ્યું. મધ્યકાલીન તથા ગુજરાતી પદ્ય પરંપરામાં ભાગવતસ્કંધ ૧ અને ૨ ને રત્નેશ્વર કઈ રીતે ગુજરાતીમાં ઢાળે છે એ એમણે તારવી બતાવ્યું**

ગોપાલદાસ, રત્નેશ્વર અને ભીમ નિમિત્તે કૃષ્ણભક્તિ પરંપરા, અસાઈતની કૃતિ નિમિત્તે લૌકિક પરંપરા તેમજ ફાગુ અને 'વસંતવિલાસ' નિમિત્તે શૃંગારરસની વર્ણનકલાના સિંજારવ દ્વારા રસાનુભવ પ્રાપ્તિ માટેના મધ્યકાલીન કર્તાઓના અભિવ્યક્તિ કૌશલ્યને પણ તેમણે વિગતે અને વિશદ રીતે પ્રમાણેલું. પદ પ્રકારની, ધોળ અને ગરબા સ્વરૂપની વિપુલ તથા સત્ત્વશીલ રચનાઓ સર્જનારા રણછોડ અને ભાણદાસ જેવા ગૌણ ગણાતા કર્તાઓની રચનાઓ સંપાદિત કરીને મધ્યકાલીન પદબંધમાં પ્રાપ્ત થતું અભિવ્યક્તિસ્વરૂપ વૈવિધ્ય એમના અધ્યયન નિમિત્તે



તેમણે ચીંધી બતાવેલું. એમનાં આ બધા મધ્યકાલીન કૃતિલક્ષી સંપાદનો ખરા અર્થમાં આપણા ઇતિહાસમાં ઉમેરણરૂપ છે.

વિવિધ હસ્તપ્રતો મેળવવી, એમાંના સ્વીકૃત બની રહે તેવા શ્રદ્ધેય પાઠ નિયત કરવા તથા પાઠભેદ નોંધવા, કૃતિનો અર્વાચીન ગુજરાતીમાં રસળતી શૈલીમાં અનુવાદ કરવો, ભાષારૂપો તારવવા અને અર્થઘટન તથા શબ્દકોશ આ તેમની મધ્યકાલીન સાહિત્યકૃતિ સંપાદનની ભારે મોટી વિશિષ્ટતાઓ છે.

(૨)

કૃતિલક્ષી સંપાદન ઉપરાંત હસ્તપ્રતોને આધારે તેમણે નરસિંહ, ભાલણ, પ્રેમાનંદની અને દયારામ જેવા ચાર મહત્ત્વના કવિઓની વિવિધ કૃતિઓને સંપાદિત કરી એ પણ એમનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય-સંશોધન ક્ષેત્રે બહુ મહત્ત્વનું પ્રદાન ગણાશે. એમનાં કર્તાલક્ષી સંપાદન સંદર્ભે મહત્ત્વનાં ગણતાં એ પ્રદાનનો પરિચય મેળવીએ.

૧. 'નરસિંહકૃત હારસમેનાં પદ અને હારમાળા' (૧૯૩૮, ૧૯૫૦)
૨. 'નરસિંહકૃત રાસસહસ્ત્રપદી' (૧૯૪૨)
૩. 'નરસિંહ મહેતાનાં પદ' (૧૯૬૪)
૪. 'નરસિંહ મહેતાનાં આત્મચરિત્રાત્મક કાવ્યો' (૧૯૬૯)

નરસિંહ મહેતાની કૃતિઓનું હસ્તપ્રતોને આધારે તેમણે કરેલું સંપાદન મધ્યકાલીન ગુજરાતી સંશોધન સંપાદનક્ષેત્રે તેમનું બહુમૂલ્ય ગણાતું, પ્રથમ હરોળનું પ્રદાન છે.

તેમણે નરસિંહનાં પદના સંભવિત ગણવા પડે એવા પાઠ પસંદ કર્યા, તેમણે જે અર્થઘટનો કર્યા એને એમના પછીના લગભગ બધા અભ્યાસીઓ અનુસર્યા છે. તેમણે વિષયાનુસાર વર્ગીકરણ કરીને નરસિંહના સાહિત્યને સંપાદિત કર્યું અને



મૂલવ્યું એ પણ ગુજરાતીમાં અભ્યાસની પરંપરા બની ગઈ. ઇચ્છારામ સૂર્યરામ દેસાઈની બૃહદ પ્રકારની કામગીરી બાદ વધુ શાસ્ત્રીય રીતે નરસિંહની પ્રતિભાને તેમણે હસ્તપ્રત આધારિત પ્રાપ્ત રચનાઓને આધારે શાસ્ત્રીય અભિગમથી સુલભ કરાવી અને વિગતથી મુલવી પણ ખરી.

'હારસમેનાં પદ' નરસિંહકૃત જ માનવાનાં રહે. એમની ભાષાનું પોત, ઐતિહાસિક આધારો અને પ્રાચીન હસ્તપ્રતોની પ્રાપ્તિને કારણે હારસમેના-હારમાળાની વિપુલ પદરાશિમાંથી તેમણે પ્રમાણભૂત પદો અલગ રીતે તારવીને એનું અર્થઘટન કર્યું. આવું જ આત્મચરિત્રનાં પદો સંદર્ભે તેમણે કરેલાં સ્વાધ્યાય-સંપાદન વિશે પણ કહી શકાય. પાછળથી મળતી હસ્તપ્રતો કે કંઠસ્થ પરંપરાનો આધાર સાવ નગણ્ય ગણાય નહીં એવી તેમની સ્થાપનાને અવગણી શકાય તેમ નથી.

**કડવાબંધ સંદર્ભે આખ્યાન સ્વરૂપમાં પ્રારંભે જ પ્રયોગશીલ વલણો વિષયસામગ્રી અને અભિવ્યક્તિ સંદર્ભે નવોન્મેષ દાખવનારા ભાલણનો ગુજરાતી અભ્યાસીઓને પ્રથમ વખત પરિચય કરાવનારા સંશોધક સંપાદક છે કે. કા. શાસ્ત્રી**

નરસિંહના કર્તૃત્વ માટે અને માન્યપદ-સંખ્યા સંદર્ભે પાછળથી કેટલાક અભ્યાસીઓએ ઊભા કરેલા પ્રશ્નોને જો સ્વીકારીએ તો જે-જે કર્તાઓની હસ્તપ્રતો અત્યારે ઉપલબ્ધ નથી એના કર્તૃત્વ સંદર્ભે મોટી સમસ્યા ઊભી થાય. કે. કા. શાસ્ત્રીની મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના મોટા ગજાના કવિશ્રી નરસિંહની રચનાઓની હસ્તપ્રતો મેળવવાની, પાઠ નિયત કરવાની અને શબ્દાર્થ પ્રસ્તુત કરવાની કામગીરીને હરિવલ્લભ ભાયાણી અને જયંત કોઠારી જેવા અભ્યાસીઓએ પણ એમના 'કૃષ્ણકાવ્ય', 'રાસમાળા' અને 'નરસિંહ પદમાલા' ગ્રંથોમાં અભ્યાસમાં ખપમાં લીધી જણાય છે, મને એ જ કે.કા.શાસ્ત્રીની મહત્તા અને મૂલ્યવત્તાનું ઘટક જણાય છે.

એમણે નરસિંહ પછીના તુરતના અને પ્રેમાનંદના પુરોગામી કવિશ્રી ભાલણની રચનાઓનું સંપાદન કર્યું એ પણ ઘણું મહત્ત્વનું પ્રદાન બે-ત્રણ રીતે ગણાશે.

૧. ભાલણકૃત કાદંબરી-પૂર્વભાગ (૧૯૫૩)
૨. ભાલણકૃત 'નળાખ્યાન' (૧૯૫૭, ૧૯૬૫)
૩. ભાલણકૃત 'કાદંબરી' ઉત્તરભાગ (૧૯૬૪, ૧૯૬૮)

કડવાબંધ સંદર્ભે આખ્યાનસ્વરૂપમાં પ્રારંભે જ પ્રયોગશીલ વલણો વિષયસામગ્રી અને અભિવ્યક્તિ સંદર્ભે નવોન્મેષ દાખવનારા ભાલણનો ગુજરાતી અભ્યાસીઓને પ્રથમ વખત પરિચય કરાવનારા સંશોધક સંપાદક છે કે. કા. શાસ્ત્રી. એમણે કાદંબરીમાં ભાલણે દાખવેલી રચનાકલાનું

સૌંદર્ય, એમાંની ભાષાનું ઐતિહાસિક વ્યાકરણગત રૂપ અને શબ્દાર્થ સાથે સંશોધનમૂલક અભ્યાસ પ્રસ્તુત કરીને ભાલણની સંસ્કૃતપ્રચુર, ક્લિષ્ટ અને ગુજરાતી ભાષાની ઓજસ્વિતા પ્રગટાવતી કાદંબરી આખ્યાનના પૂર્વભાગ અને ઉત્તર ભાગનું શાસ્ત્રીય સંપાદન કર્યું. કેશવ હર્ષદ ધ્રુવનું સંપાદન પાઠ-વાચના સંદર્ભે અશાસ્ત્રીય છે, એવું દસ્તાવેજી આધારો સાથે હસ્તપ્રતને નજર સમક્ષ રાખીને તેમણે તર્કપૂત રીતે શોધી બતાવ્યું. કે. હ. ધ્રુવ જેવા પુરોગામીએ દાખવેલા પાઠની શુદ્ધિ-વૃદ્ધિનાં અશાસ્ત્રીય વલણની સામે પોતે શાસ્ત્રીય અભિગમ દાખવીને કરેલું પુનઃસંપાદન બધા જ અગ્રણી વિદ્વાનોમાં સ્વીકૃતિ પામ્યું.

તેમણે ભાલણના 'નળાખ્યાન' સંદર્ભે પુરોગામી સંપાદક-સંશોધકના બે નળાખ્યાનવાળા વલણને પડકારીનો હસ્તપ્રતાનો આધારે ભાલણકૃત નળાખ્યાનનો અભ્યાસ કરીને, સંસ્કૃત ચંપૂકાવ્ય અને નલોપાખ્યાન તથા અન્ય પ્રભાવાત્મક સંદર્ભો ખોલી આપીને કરેલો સ્વાધ્યાય તેમની વિશદ અને તુલનાત્મક વિશ્લેષણાત્મક અભ્યાસનિષ્ઠાનું દ્યોતક છે.

ભાલણ ઉપરાંત એમણે પ્રેમાનંદ જેવા અત્યંત મહત્ત્વના અને મોટા ગજાના કવિની પણ મહત્ત્વની આખ્યાનકૃતિઓ પ્રાચીન હસ્તપ્રતોને આધારે સંપાદિત કરીને પોતાની ઊંડી અભ્યાસનિષ્ઠા અને સૂઝપૂર્વકની સંશોધનપ્રીતિનો પરિચય કરાવ્યો છે.

૧. પ્રેમાનંદકૃતિ 'ચંદ્રહાસ', 'સુધન્વા' અને 'અભિમન્યુ આખ્યાન' (૧૯૬૦)
૨. પ્રેમાનંદકૃત 'નળાખ્યાન' (૧૯૬૯, ૭૨)
૩. પ્રેમાનંદકૃત 'સુદામાચરિત્ર' (૧૯૬૭)
૪. પ્રેમાનંદકૃત 'મામેરું' (૧૯૭૩)


**પ્રેમાનંદનાં ભારે મહત્ત્વનાં છ આખ્યાનો પ્રાચીન હસ્તપ્રતોને આધારે એમણે સંપાદિત કરીને પ્રેમાનંદની આખ્યાનકળાથી અભ્યાસીઓને સુપરિચિત કર્યા. બહુ મોટું કામ એમણે મૂળ કૃતિ અને પ્રેમાનંદના ફેરફારો ઉપરાંત કૃતિમાંનાં ઉમેરણને અવલોકીને પ્રસ્તુત કર્યા, તે છે**

પ્રેમાનંદનાં ભારે મહત્ત્વનાં છ આખ્યાનો પ્રાચીન હસ્તપ્રતોને આધારે એમણે સંપાદિત કરીને પ્રેમાનંદની આખ્યાનકળાથી અભ્યાસીઓને સુપરિચિત કર્યા. બહુ મોટું કામ એમણે મૂળ કૃતિ અને પ્રેમાનંદના ફેરફારો ઉપરાંત કૃતિમાંનાં ઉમેરણને અવલોકીને પ્રસ્તુત કર્યા, તે છે. ઉપરાંત એમણે પ્રેમાનંદનાં ચરિત્રોનાં ગુજરાતીકરણના વલણને, ભાષાનો વિનિયોગ કરવાની કલાને પણ તારવી બતાવીને અભ્યાસીઓને પ્રેમાનંદની સર્જકપ્રતિભાનો ખરો પરિચય કરાવ્યો. પ્રેમાનંદનાં ગૌણ ગણાતાં આખ્યાનો કે પ્રેમાનંદના પુરોગામી કર્તાઓ દ્વારા રચાયેલાં આખ્યાનોની વિષયસામગ્રીને ખપમાં લઈને એમાં પ્રેમાનંદની પ્રતિભાનો સ્પર્શ પુરોગામીથી પ્રેમાનંદને કેવી રીતે મહત્ત્વનું અને મોટાગજાનું સર્જકપદ અપાવે છે એનો તેમણે તારવેલો નિર્દેશ પણ એમની સંશોધકમુદ્રાનું પરિચાયક છે

પ્રેમાનંદનું રસનિરૂપણ, અલંકાર વિનિયોગ અને કૃતિમાંથી પ્રાપ્ત વર્ણસગાઈમાંથી પ્રગટતી કવિત્વશક્તિ તથા ભાષાના રૂપને વર્ગીકૃત કરીને વર્ણવીને એમની વિદ્વત્તા અને સંશોધક દૃષ્ટિબિંદુનો પરિચય કરાવ્યો. એમણે પસંદ કરેલા પાઠ, નિયત કરેલી વાચના સંદર્ભે વિદ્વાનો એકમત રહ્યા. એમના શબ્દાર્થ અને ભાષા-વ્યાકરણલક્ષી અભ્યાસપૂર્ણ નિષ્કર્ષો અનુગામીઓને કૃતિલક્ષી સ્વાધ્યાયમાં ઘણા ઉપયોગી થઈ પડ્યા. પ્રેમાનંદની આખ્યાનકૃતિઓનો એમનો સંપાદન સ્વાધ્યાય આ વિષયના પ્રમાણભૂત સંશોધક-સંપાદક તરીકે તેમને સ્થાપે છે.

નરસિંહ, ભાલણ અને પ્રેમાનંદ પછીનું મધ્યકાલીન ગુજરાતીના મેજર પોએટ દયારામની રચનાઓ વિશેનું તેમનું વિશદ અને વિગતપૂર્ણ અધ્યયન-સંપાદન પણ મધ્યકાલીન ગુજરાતીસાહિત્યના ઈતિહાસ સંદર્ભે અત્યંત મહત્ત્વનું યોગદાન મનાયું છે.

૧. દયારામકૃત 'ભક્તિપોષણ' (૧૯૩૮)
૨. દયારામકૃત 'રસિકવલ્લભ' (૧૯૬૧)
૩. દયારામ રસધારા - ૧ (૧૯૭૨)
૪. દયારામ રસધારા - ૨ (૧૯૭૩)
૫. દયારામ રસધારા - ૩ (૧૯૭૫)
૬. દયારામ રસધારા - ૪ (૧૯૭૫)



૭. દયારામ રસધારા - ૫ (૧૯૮૧)
૮. દયારામ રસધારા - ૬ (૧૯૮૧)
૯. દયારામ રસધારા - ૭ (૧૯૮૧)
૧૦. દયારામ રસધારા - ૮ (૧૯૮૫)
૧૧. દયારામ રસધારા - ૯ (૧૯૮૫)
૧૨. દયારામ રસધારા - ૧૦ (૧૯૮૫)
૧૩. દયારામ ગદ્યધારા-૧ (૧૯૮૧)
૧૪. દયારામ ગદ્યધારા-૨ (૧૯૮૧)
૧૫. દયારામ ગદ્યધારા-૩ (૧૯૮૫)
૧૬. દયારામ ગદ્યધારા-૪ (૧૯૮૫)

કે. કા. શાસ્ત્રીએ દયારામની ગુજરાતી ઉપરાંત વ્રજ, હિન્દીભાષાની પદ્યરચનાઓ પણ એકત્ર કરીને હસ્તપ્રતને આધારે વાચના-પાઠ-નિયત કરીને હિન્દીના વિદ્વાન અધ્યાપક અને દયારામપરંપરાના પરમ વૈષ્ણવ પ્રા. જીવણલાલ છ. જોશી સાથે મળીને તેમણે કરેલું સંપાદનકાર્ય એ બહુ મોટી સેવા છે. બહુધા હવેલી સંગીતનાં પદો, જુદા-જુદા ઉત્સવ પ્રસંગે ગવાતાં પદોની નાનકડી-નાનકડી ક્રાઉન સાઈઝની દશ પુસ્તિકાઓનો આપણા કોઈ પણ સંશોધક અભ્યાસીઓએ વિગતે અભ્યાસ કર્યાનું મારા ધ્યાનમાં નથી. એમણે દયારામનાં ગદ્યલખાણોને પણ ચાર પુસ્તિકામાં પ્રકાશિત કર્યાં. એ પણ એમનું દયારામ વિશેના સ્વાધ્યાયનું મહત્ત્વનું પ્રદાન છે. 'રસિકવલ્લભ' રચના હસ્તપ્રતોને આધારે ઘણી વહેલી તેમણે ગુજરાતી મધ્યકાલીન સાહિત્યના અભ્યાસીઓને ઉપલબ્ધ કરાવી આપેલી.

**પુષ્ટિમાર્ગી વૈષ્ણવપરંપરાના સૈદ્ધાન્તિક પાસાને દયારામે એમની વિપુલ પદરાશિમાં ક્યાં ક્યાં કેવી રીતે ખપમાં લઈને વણી લીધાં છે તેનો આલેખ પણ અભ્યાસીઓને પાછળથી ખૂબ જ ખપમાં લાગ્યો છે. તેમનું વૈષ્ણવધર્મ-પરંપરાનું જ્ઞાન પણ એમાંથી પમાય છે**

પુષ્ટિમાર્ગી વૈષ્ણવપરંપરાના સૈદ્ધાન્તિક પાસાને દયારામે એમની વિપુલ પદરાશિમાં ક્યાં ક્યાં કેવી રીતે ખપમાં લઈને વણી લીધાં છે તેનો આલેખ પણ અભ્યાસીઓને પાછળથી ખૂબ જ ખપમાં લાગ્યો છે. તેમનું વૈષ્ણવધર્મ-પરંપરાનું જ્ઞાન પણ એમાંથી પમાય છે. એ રીતે વૈષ્ણવ પરંપરાનું તેમનું ઊંડું જ્ઞાન, રાગ, ઢાળ અને તાલની એમની અભિજ્ઞતા તથા પરિભાષાના તલસ્પર્શી અભ્યાસને કારણે તેમણે પસંદ કરેલા પાઠ સર્વથા સ્વીકૃત ગણાયા. દયારામ વિશેનો તેમનો અભ્યાસ અભ્યાસીઓને શ્રદ્ધેય અભ્યાસસામગ્રી પૂરી પાડનારો હોઈને એની મહત્તા પણ ઘણી છે.

(૩)

મધ્યકાલીન ગુજરાતીના મહત્ત્વના ચાર કવિઓની મહત્ત્વની રચનાઓને હસ્તપ્રતને આધારે સંપાદિત કર્યા પછી અત્યંત મહત્ત્વનું અને મધ્યકાલીન ગુજરાતીનું પોતીકું રૂપ પ્રગટાવતું પદ્યાત્મક ગુજરાતી મહાભારતકેન્દ્રી કૃતિઓ સંદર્ભે તેમનું સંપાદન છે. મધ્યકાલીન સાહિત્યનાં સંપાદનોમાં મહાભારતના ગુજરાતી પદબંધના સાત ગ્રંથોની સંશોધનમૂલક સંપાદન- શૃંખલા ભારે મહત્ત્વનું અને દૃષ્ટિપૂર્વકનું સંશોધન-સંપાદન છે.

૧. મહાભારત પદબંધ-૧ (આદિ સભાપર્વ) (૧૯૩૩)
૨. મહાભારત પદબંધ-૨ (વનપર્વ) (૧૯૩૪)
૩. મહાભારત પદબંધ-૩ (વિરાટ-ઉદ્યોગપર્વ) (૧૯૩૬)
૪. મહાભારત પદબંધ-૪ (ભીષ્મ, દ્રોણ અને કર્ણપર્વ) (૧૯૪૧)
૫. મહાભારત પદબંધ-૫ (કર્ણ પર્વ) (૧૯૪૯)
૬. મહાભારત પદબંધ-૬ (અશ્વમેધપર્વ) (૧૯૫૬)
૭. મહાભારત પદબંધ-૭ (મૌશલ, પ્રસ્થાન અને સ્વર્ગારોહણપર્વ) (૧૯૫૦)

નાકર, વિષ્ણુદાસ, આદિ મધ્યકાલીન કવિઓ દ્વારા સંસ્કૃત ભાષાના પ્રાચીન પ્રશિષ્ટ ગ્રંથ મહાભારતને ગુજરાતી પદ-કડવા બંધમાં ઢાળવાના પ્રયાસો થયેલા, તે તેમણે સંપાદિત કરીને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યકૃતિમાંની ભાષાકીય સમૃદ્ધિનો સદૃષ્ટાંત પરિચય કરાવ્યો. 'ફાર્બસ ગુજરાતી સભા-મુંબઈ'માં જળવાયેલી હસ્તપ્રતોમાંથી પાઠ નક્કી કરી, પાઠભેદ દર્શાવીને તેમણે કરેલું સંપાદનકાર્ય ગુજરાતી મધ્યકાલીન સાહિત્ય પરંપરાની બહુ મોટી સેવા છે. અપાર ધીરજ, ઊંડી સૂઝ અને હસ્તપ્રત લેખનની કુળપરંપરાના ખ્યાલને કારણે એમનું આ સંપાદનકાર્ય પ્રાચીન હસ્તપ્રતની સંપાદન પદ્ધતિ સંદર્ભે પણ બહુ મોટું પ્રદાન છે. તેમનું આ મધ્યકાલીન ગુજરાતી મહાભારત પદબંધકૃતિ સંપાદન શોધવિદ્યાકાર્ય સત્તર વર્ષ સુધી ચાલેલું.

પ્રાચીન હસ્તપ્રતોને આધારે વાચના તૈયાર કરીને સંપાદિત કરેલા મધ્યકાલીન સાહિત્યના ઈ.સ. ૧૩૫૦ થી ૧૮૫૦ સુધીના સમયગાળાના તેમના આયુષ્યકાળ દરમિયાન તેમણે કરેલાં અભ્યાસમંડિત ચુમ્માલીસ સંપાદનો એમાનાં હસ્તપ્રત પ્રાપ્તિ, વાચના નિયત કરેલ, પાઠભેદ, નોંધવા

શબ્દાર્થ, ભાષારૂપો તારવવા અને વિષયસામગ્રીનો તુલનાત્મક અભ્યાસ ઉપરાંત વિશદરૂપની ટિપ્પણ-નોંધને કારણે ગુજરાતી સંશોધન-સંપાદન ઈતિહાસમાં મહત્ત્વનું સ્થાન અને માન ધરાવે છે. સંખ્યા અને ગુણવત્તા એમ ઉભય દૃષ્ટિએ તેમના જેટલું પ્રાચીન હસ્તપ્રતકેન્દ્રી સંશોધન સંપાદન અન્ય કોઈ વિદ્વાને કર્યું નથી. આવાં કારણથી તેઓ મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય સંશોધન સંપાદનમાં ટોચનું-મોખરાનું સ્થાન ધરાવે છે.

(૪)

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યકૃતિઓના શાસ્ત્રીય સંશોધન અને સંપાદન પછી મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય સંદર્ભે તેમના દ્વારા આલેખાયેલા ઈતિહાસલક્ષી, સ્વરૂપલક્ષી અને કર્તાલક્ષી અધ્યયનલેખોના ગ્રંથો મધ્યકાલીન ગુજરાતી સંશોધન સ્વાધ્યાયની મોટી રિદ્ધિ છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઈતિહાસલેખન માટે એમના દ્વારા પ્રાપ્ત અભ્યાસપૂર્ણ સામગ્રી અને અધ્યયનની નિષ્કર્ષરૂપ વિગતો અનેક અભ્યાસીઓને ખૂબ ઉપયોગી થઈ પડી છે. એમ કહી શકાય કે ઈતિહાસ અંતર્ગત સમાવિષ્ટ ૩૦ થી ૩૫ ટકા સામગ્રી એમના તરફથી અભ્યાસીઓને સંદર્ભ સ્વરૂપે સુલભ થઈ છે, હવે એ સામગ્રીનું અવલોકન કરીએ.

**કે. કા. શાસ્ત્રીએ બહુધા જૈનેતર કવિઓની કૃતિઓની હસ્તપ્રતો જ્યાં જળવાયેલી છે એની સંકલિત યાદીનું સૂચિપત્ર પ્રકાશિત કરીને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યસંપદાઓનો આછો અંદાજ આપેલો**

૧. ‘ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી’ (૧૯૩૮)
૨. ‘કવિચરિત ભાગ-૧’ (૧૯૩૯, ૫૨)
૩. ‘કવિચરિત ભાગ-૨’ (૧૯૪૧, ૫૨)
૪. ‘આપણા કવિઓ’ (૧૯૪૨, ૧૯૭૮)
૫. ‘ગુજરાતી સાહિત્યનું રેખાદર્શન’ (૧૯૫૧)
૬. ‘ભક્તિકવિતાનો ગુજરાતીમાં વિકાસ’ (૧૯૮૧)
૭. ‘ગુજરાતી સાહિત્યના ઈતિહાસનાં મૂળતત્ત્વ’ (૨૦૦૦)
૮. ‘મધ્યકાલીન ગુજરાતીના સાહિત્ય સ્વામીઓ’ (૨૦૦૩)

મધ્યકાલીન ગુજરાતી જૈન કવિઓ અને એમની કૃતિઓ હસ્તપ્રતમાં જળવાયેલી ક્યાં-ક્યાં ઉપલબ્ધ છે એનું સવિગત સૂચિપત્ર મોહનલાલ દલીચંદ દેસાઈ દ્વારા તૈયાર કરવામાં આવેલું. કે. કા. શાસ્ત્રીએ બહુધા જૈનેતર કવિઓની કૃતિઓની હસ્તપ્રતો જ્યાં જળવાયેલી છે એની સંકલિત યાદીનું સૂચિપત્ર પ્રકાશિત કરીને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યસંપદાઓનો આછો અંદાજ આપેલો. એ જ પ્રકારે ‘કવિચરિત’ના બન્ને ગ્રંથો મધ્યકાલીન કવિઓની જીવન અને કવન વિષયક માહિતીનો આકરગ્રંથ છે. આ બન્ને ભાગો એમાંની પ્રાથમિક માહિતીને કારણે સંશોધકોને-અભ્યાસીઓને ખૂબ જ ઉપયોગી રહ્યાં છે. ‘આપણા કવિઓ’ પણ આવો જ સાહિત્યના ઈતિહાસલક્ષી ગ્રંથ છે. ગ્રંથના છાપકામ દરમ્યાન ધ્યાનમાં આવેલી વિગતોને પરિશિષ્ટ-ઉમેરણ રૂપે મૂકીને એમની સંશોધકે રાખવાની જાગરૂકતા, ખેવના અને ઝીણી ઝીણી વિગતો ધ્યાનમાં રાખવાથી કેવાં પરિણામો પ્રાપ્ત થાય એના સુફળ સવિગત આલેખીને અભ્યાસીઓને એના પરિચય કરાવતા કરાવેલો છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું ભારે મહત્ત્વનું ઘટક ભક્તિ છે. એ આંદોલન કઈ રીતે પ્રગટ્યું, ઝીલાયું અને ગુજરાતમાં વિસ્તર્યું એનો તત્ત્વદર્શનમૂલક તથા સાહિત્યલેખન એમ ઊભય રીતનો સાહિત્યિક ઈતિહાસ એમણે ‘ભક્તિ કવિતાનો ગુજરાતીમાં વિકાસ’ નામના ગ્રંથમાં પ્રકાશિત કર્યો છે. એમનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઈતિહાસ સંદર્ભે સંક્ષિપ્ત આલેખન ‘ગુજરાતી સાહિત્યનું રેખાદર્શન’ નામના ગ્રંથમાં સમાવિષ્ટ છે. ઉપરાંત ‘ગુજરાતી સાહિત્યના ઈતિહાસના મૂળતત્ત્વ’ તથા ‘મધ્યકાલીન ગુજરાતીના સાહિત્ય સ્વામીઓ’ પણ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યિક ઈતિહાસને અનુલક્ષીને આધાર સાથે સમય, કર્તૃત્વ અને કર્તાની મહત્તાની વિગતોનો સવિગત પરિચય કરાવતા ગ્રંથો છે. આ બધા સંશોધન ગ્રંથોમાંથી એમનો મધ્યકાલીન ગુજરાતીને અનુલક્ષીને ઊંડો અભ્યાસ, વિપુલ સંદર્ભસામગ્રીનું નિરૂપણ કરવાનો અભિગમ અને તલસ્પર્શી નિરીક્ષણ પ્રસ્તુત કરવાનો ઉપક્રમ એમના વિદ્વત્તાપૂર્ણ સંશોધક-વિવેચક વ્યક્તિત્વનો પરિચાયક છે.

(૫)

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઈતિહાસ સંદર્ભે કર્તાલક્ષી, યુગલક્ષી, પ્રવાહલક્ષી અને સ્વરૂપલક્ષી વિચારણા પણ તેમણે કરી છે. એ સહુથી મોટી શ્રદ્ધેય સંદર્ભસામગ્રી તરીકે ખપમાં આજે પણ અભ્યાસીઓને લાગે છે. તેમણે વિવિધ સમયગાળાના સાહિત્યસર્જનને અનુલક્ષીને પોતાના ગ્રંથોમાં પોતીકી અને આગવી આદરભાવક સંજ્ઞાઓ જેવી કે રાસયુગ, આખ્યાનયુગ એવા નામકરણરૂપે પ્રયોજેલી. એમનાં આ બધાં સંશોધનકાર્યો ઉપરાંત ભારે મહત્ત્વનું સંશોધનમૂલક

આલેખન તેમણે મહત્ત્વના મધ્યકાલીન ગુજરાતી સારસ્વતો સંદર્ભે કર્યું છે. એ કાર્યો જે-તે કર્તા વિશે સંશોધનાત્મક સામગ્રી એક સ્થાને સુલભ કરી આપતાં હોઈને ખૂબ મહત્ત્વનાં છે. હવે તેમના આવા કર્તાકેન્દ્રી સંશોધનમૂલક અધ્યયનગ્રંથોને અવલોકીએ.

૧. 'પ્રેમાનંદ એક અધ્યયન' (૧૯૫૮)
૨. 'ભાલણ એક અધ્યયન' (૧૯૫૯)
૩. 'રસિકવલ્લભ એક અધ્યયન' (૧૯૬૨)
૪. 'નરસિંહ મહેતા એક અધ્યયન' (૧૯૭૦)
૫. 'ત્રણ જ્યોતિર્ધરો : અખો, શામળ, દયારામ' (૧૯૭૩)

નરસિંહ, પ્રેમાનંદ, ભાલણ, અખો, શામળ અને દયારામ એમ મધ્યકાળના પાંચ ભારે મહત્ત્વના સર્જકો વિશે એમણે વિગતે સંશોધનમૂલક ગ્રંથો રચ્યા તે આજે પણ અભ્યાસીઓને સંદર્ભગ્રંથો તરીકે ખપમાં લાગે છે. કર્તા અને કૃતિઓ વિશે તેમની નૂતન સ્થાપના તર્કનિષ્ઠ અને તુલનાત્મક હોય છે. ભાલણસંદર્ભે તેમણે સમય નક્કી કર્યો છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઇતિહાસના ગ્રંથોમાં પણ કેટલુંક લેખન-કેટલાંક પ્રકરણો તેમણે લખ્યાં છે. તેમનું આ સંશોધનમૂલક શોધકાર્ય પુરોગામીઓની માન્યતા અને અર્થઘટન સંદર્ભે પુનઃ તપાસ કરતું હોઈને ખૂબ અગત્યનું છે. આથી તેઓ મુનશી, જેઠાલાલ ત્રિવેદી, રા.ચુ. મોદી, કેશવ હર્ષદ ધ્રુવ આદિ વિદ્વાનોના મતથી વિશેષ દસ્તાવેજી આધાર સાથે પોતીકો- જુદો મત અભ્યાસમંડિત સ્થાપે છે. પુરોગામીઓ દ્વારા થયેલા કાર્યની ફેર-તપાસ કરીને પોતાના તરફથી સાધાર મુદ્દાઓ ઉપસ્થિત કરીને કર્તાનો સમય નક્કી કરે છે. કૃતિઓના ક્રમ નક્કી કરે છે અને પોતીકાં શબ્દાર્થ તથા અર્થઘટનો પ્રસ્તુત કરે છે, એમાંની એમની તર્કપૂત રીતે દસ્તાવેજી આધારો પ્રસ્તુત કરવાની પદ્ધતિ સરાહનીય છે.

**સંશોધનકાર્યો ઉપરાંત ભારે મહત્ત્વનું સંશોધનમૂલક આલેખન તેમણે મહત્ત્વના મધ્યકાલીન ગુજરાતી સારસ્વતો સંદર્ભે કર્યું છે. એ કાર્યો જે-તે કર્તા વિશે સંશોધનાત્મક સામગ્રી એક સ્થાને સુલભ કરી આપતાં હોઈને ખૂબ મહત્ત્વનાં છે**

* * *

અભ્યાસ માટે પસંદ કરેલા વિષયનો તંતોતંત અભ્યાસ કરીને તલસ્પર્શી વિગતો આધાર અને તર્ક સાથે પ્રસ્તુત કરવાનું તેમનું વલણ તથા સાહિત્યના ઇતિહાસ-આલેખનની બાબતોમાં સાંસ્કૃતિક અને ઐતિહાસિક તથ્યોને સાંકળવાનું તેમનું વલણ એમના મધ્યકાલીન ગુજરાતી સાહિત્યિક તપાસ આલેખનનું ભારે પ્રશસ્ય પાસું મને જણાયું છે. આપણા સાહિત્યિક સંશોધનની આ બધી સામગ્રી તેજસ્વી અને ઊજળી બાજુ છે. પ્રાચીન લિપિની જાણકારીથી હસ્તપ્રતોને ઉકેલવાની, પાઠ નિયત કરવા માટે છંદોબંધ અને હસ્તપ્રતોના લેખનનો કાળક્રમ કેન્દ્રમાં રાખવાનું તેમનું વલણ ઉપરાંત કર્તૃત્વ સંદર્ભે તાર્કિક, સાંસ્કૃતિક સંદર્ભને કેન્દ્રમાં રાખવાનું તેમનું વલણ, ગુજરાતીમાં સંશોધનસામગ્રીને પ્રયોજવાનું તેજસ્વી પ્રકરણ છે. આ બધું એમના કૃતિસંપાદન, સ્વાધ્યાયલેખન અને અધ્યયનમૂલક શોધગ્રંથોમાં અવલોકવા મળે છે. સાહિત્ય ઉપરાંત તેમની ભાષા-વ્યાકરણલક્ષી અભિજ્ઞતાનો પરિચય કરાવતી શબ્દોની વ્યુત્પત્તિ, ઐતિહાસિક વ્યાકરણની રૂપરેખા પણ દૃષ્ટિ સમક્ષ રાખવાની એમની વ્યાકરણકેન્દ્રી વિભાવનાથી સભર તેમનો સંશોધન-અભિગમ ગુજરાતી સંશોધનક્ષેત્રે વિરલ જણાયો છે. એકનિષ્ઠ ભાવે, બિન-અંગત દૃષ્ટિબિંદુ જાળવી, પૂરા તાટસ્થ્યપૂર્વક તેમણે કરેલાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય વિશેનાં સંશોધન સંપાદન કાર્યોનું ગુજરાતીમાં એમનું પ્રદાન મધ્યાકાલીન ગુજરાતી સાહિત્ય સંશોધનસંદર્ભે ગૌરીશંકર શિખર તરીકે ઓળખાવવું પડે એવી પ્રજ્ઞા અને વિદ્વત્તાથી સભર એમના વિપુલ, સત્ત્વશીલ અને શોધનિષ્ઠ એવા આ 56 ગ્રંથો છપ્પનભોગનો પ્રસાદ છે.

*'તીર્થ' ૨૬૪, જનકપુરી,*
*યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫*
*મો.- ૯૮૨૫૦૭૫૦૯૮*

# સાહિત્ય દીવીના અજવાળે કરેલી પ્રકાશયાત્રા

*- ડૉ. કુમારપાળ દેસાઈ*

**સ**મગ્ર રાષ્ટ્રની સ્વાધીનતાની આકાંક્ષા જ્યારે અપાર લોકચાહના ધરાવતા ધરતીના કવિની ધીંગી તળપદી વાણીમાં પ્રગટ થાય, ત્યારે પ્રજાહૃદયની આકાંક્ષાઓનો હૃદયસ્પર્શી ધબકાર અનુભવાય છે. ઝવેરચંદ મેઘાણી એ ભારતની આઝાદીના ઈતિહાસમાં એમની સર્વતોમુખી પ્રતિભાથી છવાઈ રહેલા એક વિશિષ્ટ પત્રકાર છે. સૌરાષ્ટ્રના રાણપુર જેવા નાનકડા ગામમાંથી પ્રગટ થતા 'ફૂલછાબ' દ્વારા એમણે હજારો માનવીઓના અંતરમાં દેશભક્તિનો જુવાળ જગાવ્યો. એમને માટે પત્રકારત્વ એ ભારતમાતાની પૂજા-અર્ચના હતું. રજવાડાંઓની આપખુદી અને સરમુખત્યારશાહી સામે બુલંદ અવાજ ઉઠાવનારા ઝવેરચંદ મેઘાણીની ભાવનાની દીવીનો પ્રકાશ આઝાદીની લડતના કપરા તબક્કાઓમાં જનસમૂહને માટે અંગ્રેજ સામ્રાજ્ય સામેની લડતનો શ્રદ્ધાદીપ બની રહ્યો. એક બાજુ સંખ્યાબંધ રજવાડાંઓમાં કચડાયેલી કાઠિયાવાડની પ્રજા અને બીજી બાજુ આઝાદી કાજે અંગ્રેજ સરકાર સામે સત્યાગ્રહ અને અસહકાર જેવી ગાંધી-પ્રવૃત્તિથી જાગેલું ભારત - આ બંને વિરોધી-પરિબળોની જોહુકમી સામે મેઘાણીએ નિર્ભયતાથી કલમ ચલાવી.

**ઝવેરચંદ મેઘાણી પાસે પત્રકારત્વ એ ઉચ્ચ આદર્શો ધરાવતી લોકસાધનાનું સ્વરૂપ હતું. કોલકાતાના એલ્યુમિનિયમના કારખાનામાં અંગત મંત્રી તરીકે બે વર્ષ કામ કર્યા બાદ વતનનો સાદ સાંભળીને મેઘાણી સૌરાષ્ટ્રમાં પાછા આવ્યા**

ઝવેરચંદ મેઘાણી પાસે પત્રકારત્વ એ ઉચ્ચ આદર્શો ધરાવતી લોકસાધનાનું સ્વરૂપ હતું. કોલકાતાના એલ્યુમિનિયમના કારખાનામાં અંગત મંત્રી તરીકે બે વર્ષ કામ કર્યા બાદ વતનનો સાદ સાંભળીને મેઘાણી સૌરાષ્ટ્રમાં પાછા આવ્યા. ખેતી કરું, વેપાર ખેડું કે પછી દેશી રજવાડામાં નોકરી કરું - એમ ભિન્ન ભિન્ન વિચારો કર્યા બાદ ભાવનગરની સનાતન હાઈસ્કૂલમાં 'સહુ કોઈને માટે ભાંગ્યાના ભેરુ જેવી' શિક્ષકની નોકરી સ્વીકારવાનો વિચાર કર્યો. એ સમયે ઝવેરચંદ મેઘાણીએ લખેલો 'ચોરાનો પોકાર' લેખ સૌરાષ્ટ્રના પત્રકારત્વના પિતામહ, સ્વાતંત્ર્યપ્રેમી, ક્રાંતિકારી, ઉદ્દામવાદી અને જાતનું જોખમ ખેડીને માટીમાંથી મર્દો સર્જનાર અમૃતલાલ શેઠને ખૂબ ગમી ગયો. એમને લાગ્યું કે આવું જીવંત લખાણ જિંદગીમાં એમણે ક્યારેય વાંચ્યું નથી. બગસરાવાસી મેઘાણીને કાઠિયાવાડના રાણપુર ગામમાં આવવાનું તારથી તેડું મોકલ્યું. શાળાના શિક્ષક થવાને બદલે મેઘાણીને 'વર્તમાનપત્રરૂપી વિશાળ શાળામાં શિક્ષક બનવા' માટે અમૃતલાલ શેઠે સફળ આગ્રહ કર્યો. એક અર્થમાં સમય જતાં મેઘાણીએ નિશાળના વર્ગને બદલે કલમના તેજથી પ્રજાના રુચિ અને સંસ્કાર શિક્ષક તરીકે અક્ષરકાર્ય કર્યું અને પ્રજાની સ્વાધીનતાની ભાવનાને પોતાની બળકટ શૈલી દ્વારા પ્રગટ કરતા રહ્યા.

મેઘાણીએ પત્રકારનાં ગુણલક્ષણો વર્ણવવાને પોતાની કાર્યશૈલીથી પત્રકારત્વના ઊંચા માનદંડોનું જીવંત ઉદાહરણ પૂરું પાડ્યું.. એમનો પહેલો માપદંડ હતો કે પત્રકારનું સ્વાભિમાન કોઈ પણ ભોગે જળવાવું જોઈએ, આથી રજવાડાઓમાં લોકસાહિત્યકાર મેઘાણીને આવકાર આપવા માટે સહુ કોઈ આતુર રહેતા, પરંતુ 'ફૂલછાબ' પર પ્રતિબંધ હોય એ રજવાડામાં મેઘાણી કદી પગ પણ મૂકતા નહીં. એ રજવાડામાં લોકસાહિત્યની અપાર સમૃદ્ધિ હોય, રાજાની નિકટના ચારણો અને લોકગાયકો સાથે એમનો ઘરોબો હોય, તેમ છતાં જ્યાં પોતાના પત્રનો અવાજ ગૂંગળાવામાં



આવતો હોય, ત્યાં મેઘાણી ન જાય. આવી ખુમારી જાળવવા માટે પત્રકાર મેઘાણીને ઘણું સહન પણ કરવું પડ્યું, પરંતુ એનો એમને લેશમાત્ર રંજ નહોતો. એ જ રીતે પત્રકાર કોઈ રાજ કે પક્ષની મીઠી મહેરબાની હેઠળ કલમ ચલાવે તે મેઘાણીને હરગીઝ મંજૂર નહોતું. 'અમુક વાદના વીજળી પ્રવાહની પેટીમાં' પત્રકારત્વ પુરાય તેને પત્રકારના સ્વાતંત્ર્ય પરના પ્રહાર સમાન માનતા હતા. જ્યારે 'ફૂલછાબ' સૌરાષ્ટ્રના રાજરંગોમાં ઝબકોળાયેલું લાગ્યું કે આ સ્વાભિમાની પત્રકારે ક્ષણનાય વિલંબ વિના એને છોડ્યું. ૧૯૪૬ની પહેલી જુલાઈએ અમદાવાદના કોમી હુલ્લડમાં વસંત-રજબ હોમાયા, ત્યારે 'ઊર્મિનવરચના'માં મેઘાણીએ લખ્યું. 'પાંચસો મરજીવાની મોખરે મહાત્માજીનો પ્રવેશ જો જમાલપુરમાં થયો હોત તો જગતને કંઈક જાણવા-ગ્રહવા જોગું જરૂર મળ્યું હોત.'

એ રાત્રે પુણેથી આવતા ગાંધીજીનો ટ્રેન ઉથલાવી જાન લેવાનો પ્રયાસ થયો હતો, એની જાણ મેઘાણીને નહોતી, પરંતુ મેઘાણી હિંમતભેર ટીકા કરી શકતા હતા. એ સમયે 'રાષ્ટ્રશક્તિ' નામનું અખબાર શરૂ થયું, ત્યારે મેઘાણીએ એ વિશેની પોતાની નોંધમાં રાજ્યાશ્રય સામે એને સ્પષ્ટરૂપે ચેતવણી આપી હતી. પત્રકાર મેઘાણીની નિર્ભયતા એવી હતી કે બોટાદથી હદપાર થયેલા ગોવિંદ નામના માથાભારે બહારવટિયાએ 'ફૂલછાબ'માં પોતાને વિશે સારું લખવા માટે મેઘાણીને આગ્રહ કર્યો. મેઘાણી કંઈ તાબે થાય ખરા ? ગોવિંદે ૧૯૪૦ની બીજી એપ્રિલે રેલવે પ્લેટફૉર્મ પર મેઘાણીના સાથી પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો, તો મેઘાણીએ દોડીને એને બરાબર પકડ્યો, નીચે પાડ્યો અને બરાબર સબોડ્યો. પત્રકાર મેઘાણી સ્વપ્રશંસા સામે તકેદારી રાખતા. એક વાર 'ફૂલછાબ'ની પ્રશંસા કરતો લેખ એના લેખક મંડળે લખ્યો, ત્યારે મેઘાણીએ એ લેખ રદ કર્યો. એના ફર્મા છપાઈ ગયા હતા, તે બધા બાળી નખાવ્યા. આર્થિક નુકસાન વેઠીને પણ એ સ્થાને નવો લેખ લખીને પ્રગટ કર્યો.



**એક વાર 'ફૂલછાબ'ની પ્રશંસા કરતો લેખ એના લેખક મંડળે લખ્યો, ત્યારે મેઘાણીએ એ લેખ રદ કર્યો. એના ફર્મા છપાઈ ગયા હતા, તે બધા બાળી નખાવ્યા. આર્થિક નુકસાન વેઠીને પણ એ સ્થાને નવો લેખ લખીને પ્રગટ કર્યો**

પોતાના અભિપ્રાયો પરત્વે મેઘાણી નખશિખ પ્રમાણિક હતા. ગાંધીજી પાસેથી મહામૂલું 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ મેળવનારા એવા મેઘાણી ગાંધીજીની ટીકા કરતાં પણ અચકાતા નહીં. એમણે 'સાંબેલાના સુર' નામની એમની કોલમમાં ગાંધીજીએ કરેલી એમની કલમની હરાજી સામે આકરી ટીકા કરી હતી. સત્યનિષ્ઠ પત્રકાર મેઘાણીએ કહ્યું, 'હું સ્વતંત્ર પત્રકારત્વમાં માનું છું. ગુજરાતમાં એવું મને આજે જણાતું નથી. પ્રોપેગેન્ડાને પક્ષવાદ જ્યાંત્યાં જણાય છે. પરાધીન દેશમાં એ અનિવાર્ય છે એમ તમે કહો એ ઠીક છે, પણ એની મર્યાદા હોવી ઘટે. ગમે તે વ્યક્તિ સામે કે સંસ્થા સામે તે ભૂલ માટે આંગળી ચીંધવાનો અને સ્પષ્ટ કથન કરવાનો પત્રકારનો તે ધર્મ છે.' (ઊર્મિ નવરચના-૯, એપ્રિલ, ૧૯૪૭ સ્મૃતિઅંક)

આઝાદીના આંદોલન સમયે મેઘાણીની કલમે કેટલીય મહત્ત્વની ઘટનાઓ પર કાવ્ય દ્વારા પ્રતિભાવ આપ્યો. કાવ્યના શબ્દ પાસે લોકહૃદયને સ્પર્શવાની સૌથી વધુ શક્તિ છે અને એમાં પણ લોકસાહિત્યનું આકંઠ પાન અને ગાન કરનાર મેઘાણી પાસે એવી શક્તિ હતી કે પ્રજાહૃદયની ભાવનાઓને કાવ્યમાં ઘૂંટી ઘૂંટીને વ્યક્ત કરતા. દીર્ઘ તંત્રીલેખ દ્વારા જે સિદ્ધ ન થાય, તે મેઘાણી એમના નાનકડા પ્રાસંગિક કાવ્યથી સિદ્ધ કરી શકતા હતા. ગોળમેજી પરિષદમાં જઈ રહેલા મહાત્મા ગાંધીજીને ઉદ્દેશીને લખેલું 'છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ' કે પછી દાંડીકૂચ સમયે લખેલું 'શી રીતે જાગિયો આ અજગર સરીખો દેશ ?' જેવાં કાવ્યોમાં મેઘાણીએ સ્વાધીનતા-સંગ્રામ સમયે લોકજીવનમાં પ્રબળ જાગૃતિ સર્જી હતી. ૧૯૩૧ની ૨૯મી ઑગસ્ટે અને ગુરુવારે 'સૌરાષ્ટ્ર'ના પ્રથમ પાને પ્રગટ થયેલા 'ઝેરનો કટોરો' કાવ્ય વાંચીને શનિવારે

મુંબઈથી સ્ટીમરમાં જઈ રહેલા ગાંધીજીએ 'મારી સ્થિતિનું સાચું વર્ણન' એમ કહ્યું હતું. અખબારના પાને છપાયેલાં એ કાવ્યો દેશના વાતાવરણમાં ચોપાસ લોકકંઠે ગુંજતાં થયાં. એ કાવ્યોનાં ગાન હજારો નરનારીઓને માટે દેશભક્તિનું પ્રેરણામૃત બની રહ્યું.

ગાંધીજીના ઉપવાસ, વીરાવાળા સામેનો સત્યાગ્રહ, ધોલેરા સત્યાગ્રહ જેવા અનેક પ્રસંગોએ ઉત્તમ અને યાદગાર કાવ્યોની રચના કરી હતી. ઈ.સ. ૧૯૩૦માં એમની પંદર કૃતિનો પહેલો સંગ્રહ 'સિંધુડો' પ્રગટ થતાં સરકારે એ પુસ્તક જપ્ત કર્યું હતું. ઝવેરચંદ મેઘાણી પર ખોટો આરોપ મૂકીને અંગ્રેજ સરકારે એમની ધરપકડ કરી હતી. ધંધુકાની અદાલતમાં એમને બે વર્ષની સજા ફરમાવી, ત્યારે પોતાના નિર્ભીક નિવેદનની સાથે એમણે આઈરિશ કવિ મૅક્સવીનની 'છેલ્લી પ્રાર્થના' દર્દીલી આર્જવભરી વાણીમાં ગાઈ હતી.

*'હજારો વર્ષ જૂની અમારી વેદનાઓ*
*કલેજાં ચીરતી કંપાવતી અમ ભયકથાઓ*
*મરેલાંના રુધિર ને જીવતાંનાં આંસુડાઓ*
*સમર્પણ એ સહુ તારે કદમ પ્યારા પ્રભુઓ !'*

આ પ્રાર્થનાએ ન્યાયાધીશની આંખમાં પણ આંસુ લાવી દીધાં હતાં.

**પત્રકારો માટે મેઘાણીની કુરબાનીનો પણ વિચાર કરવા જેવો છે. ૧૯૪૨માં સરકારે 'ફૂલછાબ' પર પ્રતિબંધ મૂક્યો, ત્યારે એના કર્મચારીઓને છૂટા કરવા ન પડે તે માટે મેઘાણીએ સાર્વજનિક રસની પાક્ષિક પુસ્તિકાઓ પ્રગટ કરી**

ભારતની સ્વાધીનતા સમયના પત્રકારત્વમાં આવાં પ્રાસંગિક કાવ્યો દ્વારા લોકલાગણી જગાડવાનો પ્રયત્ન વિરલ જ હશે. બીજી બાજુ એમણે લખેલું 'નવા કલેવર ધરો હંસલા' એ કાવ્ય વાંચીએ ત્યારે એ કાવ્ય આજે પણ એટલું જ સાંપ્રત લાગે કે જેમાં દેશની દુઃખદ રાજકીય પરિસ્થિતિમાં પરિવર્તન લાવવાની એમની અભીપ્સા પ્રગટ થાય છે.

મેઘાણીને માટે પત્રકારત્વ એ લોકશિક્ષણ, લોકજાગૃતિ અને લોકસંસ્કારનું માધ્યમ હતું. 'સૌરાષ્ટ્ર', 'ફૂલછાબ' કે 'જન્મભૂમિ' પત્રોએ રજવાડાંઓની જોહુકમી સામે અવાજ ઊઠાવીને ગાંધીભાવનાના અડીખમ સમર્થક તરીકે. રાષ્ટ્રજાગૃતિ આણી હતી એમાં મેઘાણીની ઊર્મિશીલ, પ્રેમશૌર્યથી ધબકતી કલમનો નાનોસૂનો ફાળો નથી. અંગ્રેજ સરકારના અનિષ્ટોને ખુલ્લાં પાડવા માટે મેઘાણીએ ગદ્યલેખો તો ઠીક કિન્તુ કાવ્ય અને કાર્ટૂન બન્ને દ્વારા પ્રહાર કર્યા છે. કોઈ મોટી સત્તા કરતાં પણ સમાજજીવન પર આ પત્રકારત્વ વધુ પ્રભાવક બની રહ્યું.

પત્રકારો માટે મેઘાણીની કુરબાનીનો પણ વિચાર કરવા જેવો છે. ૧૯૪૨માં સરકારે 'ફૂલછાબ' પર પ્રતિબંધ મૂક્યો, ત્યારે એના કર્મચારીઓને છૂટા કરવા ન પડે તે માટે મેઘાણીએ સાર્વજનિક રસની પાક્ષિક પુસ્તિકાઓ પ્રગટ કરી. ત્રણ મહિના સુધી પ્રતિબંધ ચાલુ રહ્યો ત્યાં સુધી એમણે પોતાના સાથી કર્મચારીઓની હિફાજત કરી.

'સૌરાષ્ટ્રના સિંહ' અમૃતલાલ શેઠ અને 'ધરતીનું ધાવણ પીનાર પહાડનું બાળ' મેઘાણીનો મેળાપ અને એમનું પત્રકારત્વ એ ગુજરાતી પત્રકારત્વનાં ગૌરીશિખરો છે. અમૃતલાલ શેઠ લખે છે 'સૌરાષ્ટ્ર'નું અમારું પત્રકારત્વ એક દેવમંદિર હતું. ત્યાં સેવાભાવનું સંગીત ગુંજતું. આદર્શોની પૂજાઅર્ચના થતી. ત્યાગનાં અને બલિદાનનાં પુષ્પો ચડાવતાં. સેવાજીવનના ઘંટારવ થતા. લડાઈના શંખો ફૂંકાતા અને એ મંદિરે આવતા દર્શનાતુરોને આરતી સાથે ફૂલની પાંખડીઓની ભેટ થતી.' ('મારા જીકાકા, મારું રાણપુર', લાભુબહેન મહેતા, પૃ.૩૨)

આ સમયે પ્રજાજીવનને જગાડવા માટે ઝવેરચંદ મેઘાણીએ તળપદી વાણીવાળી ભાષામાં રાષ્ટ્રના પ્રાણપ્રશ્નોને એવી રીતે પ્રગટ કર્યા કે એમાં પ્રજાને પોતીકી બોલીનો રણકાર અને ટંકાર સંભળાવા લાગ્યો. કેટલાય વર્ષોથી લોકકંઠમાં પુરાઈ રહેલી સોરઠી સંસ્કૃતિના લોકજીવનના ઉત્તમ નિરીક્ષક અને મેઘાણીએ એને અનુરૂપ જોરદાર, ઊર્મિપ્રધાન ભાષાશૈલી પ્રયોજી. મેઘાણીએ આજના સંશોધનાત્મક પત્રકારત્વ



(INVESTIGATIVE JOURNALISM)ને માટે આદર્શરૂપ ગણાય એવો પુરુષાર્થ એ સમયે મેઘાણીએ કર્યો. એમના તંત્રીલેખોમાં શિષ્ટ ભાષાની સુઘડતા અને લોકબોલીની મીઠાશનો સ્વયંભૂ સમન્વય અનુભવાયો. એમણે અખબારી લખાણ પર સાહિત્યનો જરીકસબ કર્યો. આમ એમના સાહિત્યની ગંગોત્રી એમનું પત્રકાર જીવન છે, તો એમના પત્રકારત્વનાં લખાણો 'સાહિત્યદીવી'ના આધારે કરેલી પ્રકાશયાત્રા છે.

ગુજરાતી પત્રકારત્વમાં પ્રયોજાતા ગદ્યને મેઘાણીની જોમભરી, સચ્ચાઈભરી, તાતા તીર જેવી વેધક બાનીએ હરણફાળ ભરાવી. એમાં ધરતીની સોડમ જેવી તળપદી ભાષા હોવાને કારણે એ રસાળ અને રણકતી બની. ઝવેરચંદ મેઘાણી પહેલાં રોમેન્ટિક ગદ્યછટા તો મળે છે, પરંતુ એમાં લોકસાહિત્યનો રંગ અને સોરઠી વાણીનો મરોડ એ મેઘાણીનું આગવું પ્રદાન છે.

ગુજરાતી પત્રકારત્વની ભાષામાં ધરતીની સુગંધ આવી, લોકસાહિત્યનો રંગ ને સોરઠી વાણીની છટા આવી. તેમની પાસે ભાવને લાડ લડાવવાની કુશળતા હતી અને આ રીતે ગુજરાતી પત્રકારત્વમાં ગદ્યની અવનવી છટાનો 'કસુંબી ગુલાલ' એમણે ઉડાડ્યો. આમાં ક્યાંક અતિશયોક્તિ કે શબ્દાળુતા આવી જતી પરંતુ મેઘાણીની આ શૈલીએ એક આગવી લોકહૃદયને સ્પર્શનારી અને તળપદી બાનીનું માધુર્ય રેલાવતી 'સૌરાષ્ટ્ર સ્કૂલની શૈલી'નું નિર્માણ કર્યું. જે કેડી સમય જતાં રાજમાર્ગ બની. માત્ર પત્રકારત્વમાં જ નહીં, બલ્કે અન્ય સાહિત્યકારોએ એમના સર્જનમાં પણ આ શૈલીનો વિનિયોગ કર્યો.



મેઘાણીએ લેખો આકર્ષક બનાવવા માટે માહિતીની ચોકસાઈનો ક્યારેય ભોગ આપ્યો નથી. તેઓ સમાચારની વિશ્વસનીયતાની પૂરેપૂરી ચકાસણી કરતા હતા. એમણે એમના લેખોમાં વિષયની એટલી ભિન્ન ભિન્ન રીતે નિત્યનૂતન માવજત કરી કે પત્રકારત્વમાં લેખો લખનાર માટે આ લખાણો મૂલ્યવાન તાલીમશાળા ગણાય.

મેઘાણીએ સમાચારની સજાવટ, માર્મિક શીર્ષકો, વ્યંગ્યચિત્રો વગેરે દ્વારા અખબારની પ્રસ્તુતિમાં નાવીન્ય સાધ્યું. એ જ રીતે 'કલમ અને કિતાબ' વિભાગ દ્વારા સાહિત્યિક પત્રકારત્વની નવી ક્ષિતિજો ખોલી આપી. સ્વાધીનતાના આંદોલન સમયે મેઘાણીની મૂલ્યપરસ્તીએ એમના પત્રકારત્વને દશાંગુલ ઊંચે રાખ્યું છે. તેઓ ક્યારેય સસ્તી લોકપ્રિયતા મેળવવા પોતાના સ્થાનથી નીચે ઊતરતા નથી, બલ્કે પોતાના પ્રયત્નથી પત્રકારત્વને ઊંચે લઈ જાય છે. કોઈ ચોક્કસ જૂથ કે વર્ગને વળગી રહેવાને બદલે પોતાનો સ્વતંત્ર અભિપ્રાય હંમેશાં વ્યક્ત કર્યો. લોકપ્રિયતાની ખેવનામાં ક્યારેક સાહિત્યકાર અને પત્રકાર સમૂળગું સત્ત્વ ગુમાવે છે, જ્યારે મેઘાણીની કલમે સત્ત્વશીલતા અને મૂલ્યનિષ્ઠા પ્રતિ અહર્નિશ જાગૃતિ દાખવી છે.

**લોકપ્રિયતાની ખેવનામાં ક્યારેક સાહિત્યકાર અને પત્રકાર સમૂળગું સત્ત્વ ગુમાવે છે, જ્યારે મેઘાણીની કલમે સત્ત્વશીલતા અને મૂલ્યનિષ્ઠા પ્રતિ અહર્નિશ જાગૃતિ દાખવી છે**

સાહિત્યકાર મેઘાણી, લોકસાહિત્યકાર મેઘાણી અને પત્રકાર મેઘાણી દ્વારા ગાંધીજીના રાષ્ટ્રીય આંદોલનને એક વેગ મળ્યો. રજવાડાંની રિબાતી પ્રજા અને ગાંધી પ્રવૃત્તિઓના આંદોલને જાગેલી પ્રજા માટે રાહબર બની રહ્યા.

*૧૩-બી, ચંદ્રનગર સોસાયટી,*
*જયભિખ્ખુ માર્ગ, પાલડી,*
*અમદાવાદ-૩૮૦૦૦૭*
*ફોન : ૦૭૯-૨૬૬૦૨૬૭૫*

# 'મહાત્મા' વિશેષણે મને અત્યંત દુઃખ આપ્યું છે

- *દેવેન્દ્ર પટેલ*

**સ**મગ્ર દેશ ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી ઊજવી રહ્યો છે.

બાપુ માટે વિશ્વવિખ્યાત વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઇને કહ્યું હતું કે, ''આવનારી પેઢીઓ આ પૃથ્વી પર હાડમાંસનો આવો કોઈ માનવી અવતર્યો હશે તેમ માનવા તૈયાર થશે નહીં.''

ગાંધીજી વ્યવસાયી લેખક નહોતા છતાં સ્વામી આનંદના કહેવાથી આત્મકથા લખી. બાપુએ આ આત્મકથા નવજીવન માટે લખી, પરંતુ તેની પ્રસ્તાવના અમદાવાદના સાબરમતી આશ્રમમાં નિવાસ દરમિયાન લખી. ગાંધીજી પહેલાં તો આત્મકથા લખવા તૈયાર નહોતા, પરંતુ તેમાં તેમણે તેમના જીવનમાં કરેલા સત્યના પ્રયોગો જ લખવા વિચાર્યું. ગાંધીજીએ ખૂબ નમ્રતાપૂર્વક એની પ્રસ્તાવનામાં લખ્યું છે કે, ''એ પ્રયોગો મારફતે મને 'મહાત્મા'નું પદ મળ્યું છે. એની કિંમત પણ જૂજ જ છે. કેટલીક વાર તો એ વિશેષણે મને અતિશય દુઃખ આપ્યું છે. મને મળેલા 'મહાત્મા' વિશેષણથી હું ફુલાઈ ગયો હોઉં તેવી એક પણ ક્ષણ મને યાદ નથી.''

**ગાંધીજીની ખૂબી એ રહી છે કે તેમણે અગાઉ જે લખ્યું છે તેને બ્રહ્મવાક્ય માનીને ન ચાલવું તેમ બાપુએ કહ્યું છે. તેમણે ફરી એક વાર લખ્યું હતું કે, ''મારાં બે લખાણમાં કોઈને વિરોધાભાસ જણાય તો એક જ વિષય પરનાં મારાં બે લખાણોમાંથી છેલ્લા લખાણને જ પ્રમાણભૂત માનવું''**

વિશ્વમાં અનેક આત્મકથાઓ-જીવનકથાઓ લખાઈ છે, પરંતુ કોઈનીયે આત્મકથાનો વિશ્વની સૌથી વધુ ભાષામાં અનુવાદ થયો હોય તો તે 'સત્યના પ્રયોગો' છે. આ પુસ્તકને આટલો બધો વિશાળ વાચકવર્ગ મળ્યો હોવા છતાં બાપુ લખે છે કે, ''મારાં પ્રકરણો વાંચતી વખતે વાંચનારને મારામાં અભિમાનનો ભાસ થાય તો સમજવું કે મારી શોધમાં ખામી છે. મારા લેખોને કોઈ પ્રમાણભૂત ન ગણે તેમ હું ઈચ્છું છું. કહેવાયોગ્ય એક પણ વાત હું છુપાવવા માગતો નથી. મારા દોષનું ભાન વાંચનારને પૂરેપૂરું કરાવવા માગું છું. મારે તો સત્યના શાસ્ત્રીય પ્રયોગો જ વર્ણવવા છે. હું કેવો રૂપાળો લાગું છું તે વર્ણવવાની તલમાત્ર ઈચ્છા નથી.''

ગાંધીજીની ખૂબી એ રહી છે કે તેમણે અગાઉ જે લખ્યું છે તેને બ્રહ્મવાક્ય માનીને ન ચાલવું તેમ બાપુએ કહ્યું છે. તેમણે ફરી એક વાર લખ્યું હતું કે, ''મારાં બે લખાણમાં કોઈને વિરોધાભાસ જણાય તો એક જ વિષય પરનાં મારાં બે લખાણોમાંથી છેલ્લા લખાણને જ પ્રમાણભૂત માનવું.''

ગાંધીજીએ લખ્યું છે કે, ''હું અતિશય શરમાળ છોકરો હતો. નિશાળમાં મારા કામ સાથે કામ હતું. ઘંટ વાગવાના સમયે પહોંચવું અને શાળા બંધ થાય એટલે ઘરે ભાગવું. ભાગવું શબ્દ ઈરાદાપૂર્વક લખું છું. મને કોઈનીયે સાથે વાતો કરવાનું ગમતું નહોતું. કોઈ મારી મશ્કરી કરશે તો ? એવી બીક લાગતી હતી. હાઈસ્કૂલના પહેલા વર્ષમાં કેળવણી ખાતાના ઈન્સ્પેક્ટર નિશાળ તપાસવા આવ્યા. તેમણે અમારી પરીક્ષા લેવા વિદ્યાર્થીઓને પાંચ શબ્દ લખાવ્યા. જેમાંનો એક શબ્દ કેટલ (Kettle) હતો. મેં જોડણી ખોટી લખી હતી. મને મારા માસ્તરે બૂટની અણી મારી ઈશારો કર્યો. મને ખબર ન પડી કે બાજુમાં બેઠેલા છોકરાની પાટીમાં જોઇ જોડણી સુધારવાનું કહે છે. બીજા બધા જ ચોરી કરતા હતા. બધા છોકરાઓના પાંચેપાંચ શબ્દ ખરા પડ્યા. હું એકલો ઠોઠ સાબિત થયો. મારી મૂર્ખામી માસ્તરે મને પાછળથી સમજાવી કે મારે બાજુના વિદ્યાર્થીની પાટીમાં જોઈ સાચી જોડણી લખવાની જરૂર હતી, પરંતુ મારા મન પર એમની વાતની કોઈ અસર ન થઈ. મને બીજા વિદ્યાર્થીઓની પાટીમાંથી ચોરી કરતાં કદી આવડ્યું નહીં.''

તેઓ લખે છે ''૧૮ વર્ષની વયે હું વિલાયત ગયો પણ મારી માતા મને વિલાયત જવા પરવાનગી આપતાં નહોતાં. તેમને એમ હતું કે હું વિલાયત જઇ દારૂ પીતો, માંસાહાર કરતો અને બીજાને છેતરતો થઇ જઇશ. મેં માંસ, મદિરા અને સ્ત્રીસંગથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લીધી તે પછી જ મને માતાએ વિલાયત જવાની પરવાનગી આપી.''

તેઓ લખે છે : ''માતાના આશીર્વાદ લઇ થોડા માસનું અમારું બાળક મારી સ્ત્રી સાથે મૂકીને હું હોંશે હોંશે મુંબઈ પહોંચ્યો. એ વખતે દરિયામાં સફર કરતાં પહેલાં લોકો બહુ બિવડાવતા. દરમિયાન અમારી નાતમાં ખળભળાટ થયો. નાત બોલાવવામાં આવી. અત્યાર સુધી કોઈ મોઢ વાણિયો વિલાયત ગયો નહોતો. મને નાતની વાડીમાં હાજર રહેવા ફરમાન મોકલવામાં આવ્યું.

હું નાત સમક્ષ હાજર રહ્યો. મને ખબર નથી કે

એકાએક મારામાં હિંમત ક્યાંથી આવી ? મને કોઈનો ડર ન લાગ્યો. નાતના શેઠ સાથે કાંઈક દૂરનું સગપણ હતું. મારા પિતા સાથે તેમને સારો સંબંધ હતો. નાતના શેઠે મને કહ્યું: ''નાત માને છે કે તેં વિલાયત જવાનો વિચાર કર્યો છે તે ખરાબ છે. આપણા ધર્મમાં દરિયો ઓળંગવાની મનાઈ છે. વળી વિલાયતમાં આપણો ધર્મ ન સચવાય. ત્યાં સાહેબ લોકો સાથે ખાવું-પીવું પડે છે.''

મેં જવાબ આપ્યો : ''મને લાગે છે કે વિલાયત જવામાં કોઇ જ અધર્મ નથી. મારે તો ત્યાં જઈ વિદ્યાભ્યાસ કરવાનો છે. વળી, જે વસ્તુઓનો ભય છે તેનાથી દૂર રહેવાની મેં મારાં માતુશ્રી પાસે પ્રતિજ્ઞા લીધેલી છે. એટલે એ બધાથી હું દૂર રહીશ.''

શેઠ બોલ્યા : ''પણ અમે તને કહીએ છીએ કે ત્યાં ધર્મ ન સચવાય. તું જાણે છે કે, મારે તારા પિતાશ્રી સાથે કેવો સંબંધ હતો. તારે મારું કહેવું માનવું જોઈએ.''

મેં કહ્યું : ''એમની સાથેના સંબંધની મને ખબર છે. આપ વડીલ છો, પણ આ બાબતમાં હું લાચાર છું. વિલાયત જવાનો મારો નિર્ણય હું ફેરવી શકું નહીં, મારા પિતાશ્રીના મિત્ર અને સલાહકાર એક બ્રાહ્મણ છે અને તેઓ પણ માને છે કે મારા વિલાયત જવામાં કોઇ દોષ નથી. મારાં માતુશ્રી અને ભાઈની આજ્ઞા પણ મને મળી છે.''

**વર્તમાનપત્રમાં ભારે શક્તિ છે પણ જેમ નિરંકુશ પાણીનો ધોધ ગામોનાં ગામ ડૂબાડે છે અને પાકનો નાશ કરે છે તેમ નિરંકુશ કલમનો ધોધ પણ વિનાશ જ નોતરે છે**

શેઠ બોલ્યા : ''નાતનો હુકમ તું નહીં માને ?'' મારા આ જવાબથી શેઠને રોષ ચડ્યો. મને બે-ચાર સંભળાવી. હું સ્વસ્થ બેસી રહ્યો અને શેઠે હુકમ કર્યો : ''આ છોકરાને આજથી નાત બહાર ગણવામાં આવશે. જે કોઈ તેને મદદ કરશે તેને નાત પૂછશે અને તેનો સવા રૂપિયો દંડ થશે.''

ગાંધીજી લખે છે ''આ ઠરાવની મારા ઉપર કોઈ જ અસર થઈ નહીં. મેં શેઠની રજા લીધી. મને હતું કે મને નાત બહાર મૂકવાના આ ઠરાવથી મારા ભાઈ ડરી જશે. સદ્ભાગ્યે એવું કાંઈ થયું નહીં અને તેઓ દૃઢ રહ્યા. તા. ૪થી સપ્ટેમ્બરના રોજ ઊપડનાર સ્ટીમરમાં જૂનાગઢના એક વકીલ બેરિસ્ટર પણ જવા રવાના થવાના હતા તેવા સમાચાર મળ્યા. મેં તેમની સાથે જવાનું નક્કી કર્યું. ભાઈને તાર કર્યો. તેમણે રજા આપી. મેં મારા બનેવી પાસે પૈસા માગ્યા પણ તેમણે મને કોઈ મદદ ન કરવાના નાતના હુકમની વાત કરી. નાત બહાર થવાનું તેમને પરવડે તેમ નહોતું. હું કુટુંબના એક મિત્ર પાસે પહોંચ્યો. તેમણે ભાડાના પૈસા આપ્યા અને તે પૈસા મારા ભાઈ પાસેથી લઈ લેવા મેં તેમને કહ્યું. તેમણે મને હિંમત આપી. મેં તેમનો આભાર માન્યો. પૈસા (ઉછીના) લઈ ટિકિટ કઢાવી. ૧૮ વર્ષની વયે દુનિયાના અનુભવ વગરનો હું જુવાનિયો હતો.''

તા. ૪થી સપ્ટેમ્બર, ૧૮૮૮ના રોજ મેં મુંબઈનું બંદર છોડ્યું.

બાપુ સ્ટીમરના અનુભવની વાત આગળ વધારતાં લખે છે : ''સ્ટીમરમાં સ્ટુઅર્ડની સાથે વાતો કરતાં હું શરમ અનુભવતો. અંગ્રેજીમાં વાત કરવાની મને ટેવ નહોતી. મારા ને મજમુદાર વકીલ સિવાય બીજા બધા મુસાફરો અંગ્રેજ હતા. તેમની સાથે બોલતા ન આવડે. હું આખો દિવસ સ્ટીમરની કેબિનમાં ભરાઈ રહેતો. ડેક પર થોડા માણસ હોય તો જ બહાર નીકળતો. મજમુદારની સલાહ પછી હું બહાર નીકળ્યો ત્યારે એક ભલા અંગ્રેજે મારા પર દયા ખાઈ વાત શરૂ કરી. માંસ ન ખાવાના મારા આગ્રહ પર તેઓ હસ્યા. આમ કરતાં કરતાં હિંદનો ઉપસાગર આવ્યો એટલે મેં માંસ ખાધું નથી કે મદિરા પીધી નથી તેવું પ્રમાણપત્ર મેં અંગ્રેજ મિત્ર પાસેથી લીધું. તેમણે ખુશીથી આપ્યું અને કેટલાય સમય સુધી મેં કિંમતી ધનની જેમ તે પ્રમાણપત્ર સાચવી રાખ્યું હતું.''

બાપુના જીવનના આ તો થોડાક જ પ્રસંગો અહીં વર્ણવ્યા છે. બાપુએ કહ્યું હતું : સત્યાગ્રહ એ સર્વોપરી તલવાર છે તે જેમ વાપરો તેમ વપરાય. જેની પર વપરાય તે પણ સુખી થાય છે. તે લોહી કાઢતી નથી, છતાં પરિણામ લાવી શકે છે. તેને કાટ ચડતો નથી અને તે તલવાર કોઈ લઈ શકતું નથી.

ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં છાપું કાઢ્યું હતું તે પછી તેમણે લખ્યું કે, ''વર્તમાનપત્રો સેવાભાવથી ચલાવવા જોઈએ, એ હું 'ઇન્ડિયન ઓપિનિયન' (છાપાનું નામ)ના પહેલા માસની કારકિર્દીમાં જોઈ શક્યો છું. વર્તમાનપત્રમાં ભારે શક્તિ છે પણ જેમ નિરંકુશ પાણીનો ધોધ ગામોનાં ગામ ડૂબાડે છે અને પાકનો નાશ કરે છે તેમ નિરંકુશ કલમનો ધોધ પણ વિનાશ જ નોતરે છે.'' ગાંધીજીએ બહુ જ વિનમ્રતાથી લખ્યું છે કે, ''મારે દુનિયાને કશું નવું શીખવવાનું નથી. સત્ય અને અહિંસા અનાદિકાળથી ચાલ્યાં આવે છે.''

*એ-૧૦૧, અભિલેખ વિલા. થલતેજ-શિલજ રોડ,*
*રેલવે ક્રોસિંગ પાસે, શિલજ ચાર રસ્તા, શિલજ,*
*અમદાવાદ-૩૮૦૦૫૯.*
*મો. -૯૮૭૯૨૦૭૧૦૨*

# કમળ :ભારતીય સંસ્કૃતિનું પદ્માસન!

- જય વસાવડા

**ભા**રતીય સંસ્કૃતિના પ્રકાંડ વિદ્વાન આનંદ કુમારસ્વામીને કોઈએ પૂછેલું કે, 'કઈ ચીજ કાઢી નાખવાથી ભારતીય શિલ્પ કે સાહિત્યની રોનક જતી રહે?'

જવાબ મળ્યો, 'કમળ'!

જી હા, દિવાળીના દેવી મહાલક્ષ્મીનું આસન એવું કમળ! કમળ આપણું રાષ્ટ્રીય પુષ્પ પણ છે, જૈન કે સ્વામીનારાયણ મંદિરોના અદ્‌ભુત સ્થાપત્યોમાં કમળનો આકાર પાયા કે છતમાં જોવા મળે છે. હમ્પીથી અંગકોરવાટના હવે અવશેષ બનેલાં મંદિરોમાં પણ દિલ્હીનું લોટસ ટેમ્પલ હોય કે સિડનીની પ્રસિદ્ધ ઓપેરા હાઉસ- કમળના આકારનું બાંધકામ છે. આપણાં મૂળિયાં સાથે જડબેસલાક જોડાયેલું આ પ્રસિદ્ધ પુષ્પ કંઈ અમથે-અમથું જ રાષ્ટ્રીય પ્રતીક નથી બન્યું. ભારતની ભવ્યતા અને ભાતીગળપણાને ઓળખવાનારા કમળનો કમાલ પારખે છે.

**આપણા રાષ્ટ્રીય પ્રતીક ત્રણ સિંહની આકૃતિની નીચે ઊલટું કમળ છે અને તેનું કારણ એ છે કે સમ્રાટ અશોકે બનાવેલા પ્રત્યેક સ્તંભો પર કમળ અંકિત છે! લગભગ પ્રત્યેક ભારતીય મંદિરોની છતમાં ઊલટા કમળ આકારના પથ્થરિયા ઝુમ્મરો જોવા મળશે જ !**

એબીસીએલની 'મિસ વર્લ્ડ'ના સ્ટેજ પર કર્ણાટકના જે લુપ્ત નગર 'હમ્પી'નો સેટ ખડો કરાયો હતો. એ હમ્પીના અવશેષોમાં ૧૫૭૫ની સાલમાં મુગલાઈ અસરમાં બનેલો 'કમલ મહેલ' પણ સામેલ છે. આવાં કમળ આકારનાં સ્થાપત્યો ચાંદગિરી, મદુરા, તાંજોર, સાંચી, ઉદયગિરિ, ભારદ્દુત વગેરેમાં પણ પુષ્કળ છે. સ્થાપત્યશાસ્ત્રનો ઉલ્લેખ 'રાજવલ્લભ' નામના પ્રાચીન ગ્રંથમાં છે. તેમાં ૪ દ્વાર અને ૨૩૬ સ્તંભવાળા 'કમલોદ્ભવ' નામક નિવાસસ્થાનની બાંધણીનું વિગતપ્રચુર વર્ણન છે. આપણા રાષ્ટ્રીય પ્રતીક ત્રણ સિંહની આકૃતિની નીચે ઊલટું કમળ છે અને તેનું કારણ એ છે કે સમ્રાટ અશોકે બનાવેલા પ્રત્યેક સ્તંભો પર કમળ અંકિત છે! લગભગ પ્રત્યેક ભારતીય મંદિરોની છતમાં ઊલટા કમળ આકારના પથ્થરિયા ઝુમ્મરો જોવા મળશે જ ! તેની પાછળનો પૌરાણિક તર્ક ખબર છે?

યોગશાસ્ત્રોમાં માનવદેહમાંના ચક્રો (થેન્કસ ટુ રેકી, આ ચક્રો આજે આપણે ત્યાં 'ઈન થિંગ' ગણાય છે!) મસ્તિષ્કથી મૂલાધાર સુધી આ નિરુપાયા છે. જેમાં પ્રત્યેકમાં ઊલટું કાલ્પનિક કમળ છે, એવી કલ્પના થઈ છે. માનવ યોગાભ્યાસથી પ્રાણવાયુ નિયંત્રિત કરી એ ચક્રમાં પહોંચાડે એટલે તેના અધિષ્ઠાતા દેવતા જાગી જાય અને કમળ સીધું થઈ જાય ! ધર્મસ્થળોમાંના ઊલટા કમળ માટે છે ને રસ પડે તેવું સૂલટું સમાધાન? એથીયે અધિક રસમય વાતો કમળના સંદર્ભે આપણા પૌરાણિક ગ્રંથોમાં છે. અંધશ્રદ્ધા અલગ વાત થઈ, પણ સિરિયસલી એક વાત નોંધવી જોઈએ કે, પ્રાચીન ભારતીય ગ્રંથોમાં ધાર્મિકતાના અંચળા તળે પણ જે અદ્‌ભુત વર્ણનો અને કથાનકો છે તેની આગળ તો હોલિવૂડના ફિલ્મ સર્જકોની કલ્પનાશક્તિ ઝાંખી પડે! જેમકે, 'તૈત્તરીય બ્રાહ્મણ'માં એવી વાત છે કે આ સૃષ્ટિ તરલ હતી. પ્રજાપતિએ તેમાં એક કમળ તરતું જોયું અને તેના મૂળનો તાગ લેવા તેણે ડૂબકી મારી. બ્રહ્માને એ સ્થાને પાતાળમાં માટી મળી અને એ બહાર લઈ આવી કમળપાંદડી પર એમણે ફેલાવી, ધરતીની રચના શરૂ કરી! એટલે વિષ્ણુની નાભિમાંથી ખીલેલા કમળ પર બ્રહ્મા બેઠાં હશે?

ગોંડ આદિવાસીઓની લોકકથાઓમાં કમળની પાંખડીઓના સાત પડિયા બનાવી તેમાં સર્જનહારે પૃથ્વીના કણો મૂકી સૃષ્ટિ રચેલી એવી માન્યતા છે. પ્રાચીનતમ પુસ્તક 'ઋગ્વેદ'માં પણ કમળના બે પ્રકારો નિરુપાયા છે. 'પુંડરિક'(શ્વેત કમળ) અને 'પુષ્કર'(નીલ કમલ)!



અથર્વવેદમાં કમળની ઉપમા હૃદયને મળી છે. 'પંચવિંશ બ્રાહ્મણ'માં પુંઢરિક નક્ષત્રસમૂહની રોશનીમાંથી અને નીલકમલ અશ્વિનીકુમારો જેવા દિવ્ય ચિકિત્સકો દ્વારા ઉત્પન્ન થયાની વાત છે.

ભારતવાસીઓને ભારે પ્રિય એવા 'હનુમાન ચાલીસા' સાથે તુલસીદાસે રચેલી ચોપાઈ 'નવ કંજ લોચન કંજ મુખકર, કંજ પદ કંજારૂણં' તો આંખ મીંચીને બધા રટ્યા કરે છે. પણ તેનો અર્થ ? અહીં 'કંજ' એટલે કમળ અને શ્રીરામનાં અલગ અલગ અંગોને કમળ સાથે સરખાવાયાં છે! ક્ષીરસાગરમાં સૂતેલા વિષ્ણુની નાભિમાંથી પ્રગટેલા કમળ પુષ્પમાંથી બ્રહ્માનો આવિર્ભાવ થયો, એ તો અત્યંત જાણીતી કથા અને તેથી જ તો વિષ્ણુ 'પદ્મનાભ' કહેવાયા! બ્રહ્મા પદ્મમાંથી જન્મેલા 'પદ્મજ' અને તેમના પુત્રી સરસ્વતી 'પદ્મજા'! પદ્મા નદી પણ છે, અને પદ્મપુરાણ અને યોગનું બેઝિક એવું પદ્માસન પણ!

**માત્ર કમળના નામધારી કાવ્યના છંદોની યાદી જો શબ્દકોશમાંથી બનાવીએ તો, આખું પાનું છલકાઈ જાય તેમ છે એ ધ્રુપદ સંગીત, છપ્પા, રાગ બધે તેના અઢળક ઉલ્લેખો! વિવિધ નામોમાં તેનું ફેવિકોલ જેવું ચુસ્ત જોડાણ !**

વિષ્ણુ તો શંખ, ચક્ર, ગદા આદિ સાથે કમળને હાથમાં પણ ધારણ કરે અને જમણા પગમાં પણ કમળનું સામુદ્રિક શાસ્ત્રની દૃષ્ટિએ દુર્લભ ચિહ્ન ધરાવે! 'મહાભારત'ની એક આડકથાને અનુસરીએ તો લક્ષ્મી પણ શ્રીહરિના મસ્તિષ્કમાંથી નીકળેલ કમળમાંથી પેદા થઈ. 'કમલા' નામધારી અને લાલ કમળના આસનવાળી થઈ. આ 'કમલા'ના ઈશ યાને 'કમલેશ' મતલબ વિષ્ણુ! કમળનું કૂળ પણ ભારત મનાય છે. એ અમસ્તુ જ? આ દેશમાં જ કમલ કહો તો છોકરો, કમલા કહો તો છોકરીને કમળો કહો તો રોગ!

પરંતુ, કમળ સંસારભરમાં હાજરાહજૂર છે. વિએતનામનું પણ એ રાષ્ટ્રીય પુષ્પ છે! પરદેશમાં બ્લ્યુ લોટસ યાને નીલકમલ જાદૂઈ ને દેવતાઈ ચમત્કાર ગણાય છે. ઈજિપ્તના પિરામિડો પર કોતરાયેલ આકૃતિઓ અને મૂર્તિઓમાં પણ એક દેવતા કમળ ઉપર આસનારૂઢ છે ! ઈસ્લામમાં પણ સાતમા આસમાનમાં બેઠેલા અલ્લાહની એક બાજુ કમળ છે, એવા ઉલ્લેખ અંગે સાંભળેલું! બૌદ્ધ પંથ 'મહાયાન'માં તો ઓર એક મીઠડી કહાણી છે કે સ્વર્ગમાં વિભૂષિત આત્માઓ ત્યાં ખીલેલા મણિકમળ સ્વરૂપે હોય છે.



ચીનમાં પદ્મપાણિ બુદ્ધનું એક સ્વરૂપ 'અવલોકિતેશ્વાર'ના નામે પૂજાય છે અને તેમનું આસન કમળપુષ્પ છે! તિબેટનો પેલો પ્રસિદ્ધ જપમંત્ર 'ઓમ મણિપદ્મ હુમ' પણ ક્યાં કમળની ઉપસ્થિતિ અવગણી શક્યો છે! આપણા રામાયણ જેવી કથા ધરાવતું મશહૂર ગ્રીક મહાકાવ્ય 'ઓડિસી' પણ કમળના સંદર્ભો ધરાવે છે. તો ઈરાની, રોમન કે ગ્રીક ચિત્રોમાં પણ કમળની કમાલ ચારેકોર! ઈ.પૂ. ૨૨૫ના સમયની એક ચીની હસ્તલિપિ મળી આવેલી. તેમાં પણ કમળે પોતાની છાપ છોડેલી!

આપણી જ ભારતીય નૃત્યકળા, ચિત્રકળા, સંગીત કે કાવ્યશાસ્ત્રમાં કમળનું સ્થાન ચર્ચવા જઈએ તો પીએચ.ડી. થઈ શકાય! માત્ર કમળના નામધારી કાવ્યના છંદોની યાદી જો શબ્દકોશમાંથી બનાવીએ તો, આખું પાનું છલકાઈ જાય તેમ છે એ ધ્રુપદ સંગીત, છપ્પા, રાગ બધે તેના અઢળક ઉલ્લેખો! વિવિધ નામોમાં તેનું ફેવિકોલ જેવું ચુસ્ત જોડાણ! આજે ભુલાઈ ગયેલા 'કમલબંધ' નામના એકદમ ઈન્ટરેસ્ટિંગ કાવ્યપ્રકારનો ઉલ્લેખ પુરાતન વ્યાકરણ ગ્રંથોમાં છે. જેમાં કમળપુષ્પના આકારમાં કાવ્ય લખવાનું રહેતું. મૂળની દાંડલીથી શરૂ કરીને વાંચો તો એક મૂળભૂત સળંગ કાવ્ય વાંચવા મળે. પણ કમળના આકારમાં શબ્દો એવી રીતે ગોઠવવાના કે, એ મૂળ કાવ્ય ઉપરાંત ગમે તે ડાબા જમણા છેડેથી એક એક અક્ષર કે શબ્દ પકડતા જાવ તો નવી નવી પંક્તિઓ રચાતી જાય! એવું જ પાંદડીઓના અગ્રભાગથી નીચે આવીએ ત્યારે બને, અને એકમાં અનેક કાવ્યો સર્જાતાં જ રહે! કોમ્પ્યૂટરને પણ કસે એવો 'જીગસો' પઝલ જેવો કાવ્યપ્રકાર છે ને !(આવો અટપટો પ્રકાર લુપ્ત થાય તેમાં નવાઈ શી ?હેહેહે)

કમળ આપણી સંસ્કૃતિનું એવું અણમોલ અને અભિન્ન

અંગ છે કે, 'કમળામાંથી કમળની ઉત્પતિ' થાય એ પ્રાચીન માન્યતા સાચી છે કે ખોટી એ સવાલની એક સંસ્કૃત કવિએ અદ્‌ભુત શ્લોક રચી પાદપૂર્તિ કરી કે-

'કમલે કમલોત્પતિઃ /શ્રુયતે ન ચ હષ્યતે/ બાલે તવ મુખ્મ્ભોજે/ દષ્ટ મિન્દી વરદ્વયમ'

અર્થ : કમળમાંથી કમળ ઉત્પન્ન થાય છે એવું સંભળાય છે, પણ ક્યારેય દેખાયું નથી, પરંતુ હે પ્રિયતમા સુંદરી. તારા મુખરૂપી કમળમાં નેત્રરૂપી કમળ પણ સુશોભિત છે, એજ તો તેની દેખીતી સાબિતી છે!

જોકે, આયુર્વેદના રસિયાઓએ કમળના વિવિધ ઘરગથ્થુ ઉપયોગોને શબ્દચિત્રો લુપ્ત થવા દીધા નથી. ગર્ભાશયનું યોનિમાર્ગના છેડે આવેલું મુખ 'કમળમુખ' અને તેને જોડતો માર્ગ 'કમળગ્રીવા' કહેવાય છે. ગર્ભની નાળનો છેડો જ્યાં હોય છે એ સ્થાનને 'કમળ' કહેવાય છે. શીતળ મનાતું કમળ દાહ, રક્તવિકાર, ગૂમડાં આદિના ઈલાજમાં ડાંડલીથી પાન સહિત વપરાય છે. કમળકાકડીના નામે ઓળખાતાં કમળનાં બીજ કે ફળની તો પૌષ્ટિક અને (કેટલાક માટે) સ્વાદિષ્ટ વાનગીઓ પણ બને છે, એ જાણીતું છે. પણ એમેઝોન નદીના વર્ષાવનો, કમળ અને બેંગાલુરુ વચ્ચેના એક વિક્રમસર્જક સંબંધની જાણ છે ખરી?

**દુનિયાની સૌથી વિશાળ એવી કમળની જાત એમેઝોનમાં 'વિક્ટોરિયા લીલી'ની થાય છે જેમાં સવા ફીટનું ફૂલ અને છ-સાત ફીટ વ્યાસના ગોળ થાળા જેવા તોસ્તાન પાન થાય છે. આ પાનમાં એકબીજા પર આધારિત કુદરતી સ્ફટિકમય ડિઝાઈન જોવા મળે છે**

દુનિયાની સૌથી વિશાળ એવી કમળની જાત એમેઝોનમાં 'વિક્ટોરિયા લીલી'ની થાય છે જેમાં સવા ફીટનું ફૂલ અને છ-સાત ફીટ વ્યાસના ગોળ થાળા જેવા તોસ્તાન પાન થાય છે. આ પાનમાં એકબીજા પર આધારિત કુદરતી સ્ફટિકમય ડિઝાઈન જોવા મળે છે. જેને આધારે લોખંડના માળખા પર કાચ મઢી ઈંગ્લેન્ડમાં પ્રખ્યાત 'ક્રિસ્ટલ પેલેસ' ૧૯૫૧માં બનાવાયેલો. તેની લઘુ પ્રતિકૃતિઓ ઠેકઠેકાણે થઈ. જેમાં એક કોપી સર્જાઈ બેંગાલુરુના લાલબાગમાં આજેય અડીખમ રહીને સહેલાણીઓને આકર્ષતા 'કાચઘર' તરીકે ! વેલ. 'નીલુમ્બીયમ સ્પીસીઓઝમ વાઈલ્ડ' યાને કમળનું ફૂલ જ સર્જનાત્મક પ્રતિભાઓને આકર્ષે તેવું નથી. તેના પાણીની સપાટી પણ મીણિયા 'કવર'ને કારણે તરતાં રહેતાં પાન ભી કુછ કમ નહીં !

વૈજ્ઞાનિક વાત જ કરવી હોય તો દ્વિદળા જૂથની વનસ્પતિમાં આવતું કમળ બે વર્ષમાં બીમાંથી પૂર્ણ સ્વરૂપ ધારણ કરે છે. તેનાં ૨,૦૦૦ વર્ષ જૂનાં બીજ પણ સફળતાથી ઊગ્યાં હોય તેવા વિક્રમો નોંધાયા છે! ઓગસ્ટથી ઓક્ટોબરમાં તેની વિશ્વાવ્યાપી મોસમ ખીલે છે. સફેદ, લાલ, ગુલાબી, જાંબલી, ભૂરા, પીળા, લીલા....અઢળક રંગો, આકારો, વેરાયટીમાં ઠેકઠેકાણે ઊગતા કમળમાં બે મુખ્ય પ્રકારો હોય છે. એક તો 'કમલબંધુ' નામ ધરાવતાં સૂરજનાં ઊગવા-આથમવા સાથે જ ખીલતાં-બિડાતા સૂર્યવિકાસી 'કમલિની' અને બીજા ચંદ્રવિકાસી એવી 'પોયણાં'! હિમાલયમાં થતું દુર્લભ 'બ્રહ્મકમળ' એવું તો પૂજાયું કે એક પ્રકારના કેક્ટસના ફૂલો એના નામે ઉગવાં ને વેચાવાં લાગ્યાં છે આજે!

આ ગુણધર્મને ધ્યાનમાં લઈએ તો કમળમાં પુરાયેલા ભમરાની બાળવાર્તાથી લઈ કેટકેટલી મદઝરતી રોમેન્ટિક પંક્તિઓ લખાઈ છે! વૈતાળપચ્ચીસીની વાર્તામાં પણ પાણીમાં દૂર-દૂર ભાગતું કમળ હોય અને સર્વધર્મ-સમન્વયના ધ્યાનલક્ષી 'બહાઈ' સંપ્રદાયનાં જગતભરનાં મંદિરો (જેમાંનું એક દિલ્હીમાં પણ છે) પણ કારીગરીના અદભુત નમૂનાસમા લોટસ ટેમ્પલ (કમળાકાર મંદિર) જ હોય ! મોગલ બાદશાહોના બગીચાથી લઈને સિનેમાના ટાઈટલ કે રાસલીલામાં રચાતા કમળપુષ્પ સુધી આધુનિક વિઝ્યુઅલ ગ્રાફિક્સથી લઈ આંગણામાં દોરાતી રંગોળી સુધી, પરંપરાગત ભરતકામથી કર્મકાંડી પૂજન-અર્ચન સુધી... સઘળું જગત 'કમળાકાર' છે !

કમળ ભારતમાં સૌંદર્યનો પર્યાય છે, તેની ગુલાબ જેવી સુગંધ ન હોવા છતાં યુરોપમાં જે સંબંધ 'બ્યુટી અને રોઝ'નો છે, તે ભારતમાં 'કમળ' અને 'કમનીય'નો છે. કોમળ શબ્દ પણ કમળપંખુડીઓની મુલાયમ સ્નિગ્ધતા થકી



ઉદ્દ્ભવ્યો હશે? 'કમલદલલોચન' યાને કમળપાંદડી જેવી આંખોવાળા એવું તો કૃષ્ણનું નામ છે જ, પણ 'કમલાક્ષી' એક સૌંદર્યપ્રશસ્તિ પણ છે. કામશાસ્ત્રમાં પણ કમળના પ્રત્યક્ષ-પરોક્ષ ઉલ્લેખો છે. નારીના રૂપના મોહક વર્ણનમાં તો કમળની સરખામણીના અલંકારો છે જ. પણ રતિક્રીડામાં શરીરના મધ્યબિંદુએ ઓર્ગેઝમની ચરમ સીમાએ દેહમાં થતાં સંકુચન-આકુંચન યાને થ્રોબિંગ વાયબ્રેશન્સને કમળના બીડાવા-ઉઘડવાની ગુલાબી ઉપમા અપાઈ છે! કમળનો મધુરસ ચૂસવા જતાં એની બિડાતી પાંદડીઓમાં કેદ થયેલા ભમરાની પ્રાચીન કવિતાઓ શમા પાછળ ફના થતા પરવાનાઓની કલ્પના કરતા જૂની છે.! પિંક ડેલિકેટ કમળ એ નારી ને ભ્રમર એ નર!

**તત્ત્વજ્ઞાનમાં આસક્તિ પાણીની માફક ચોમેર હોવા છતાં કમળ જેવા સ્થિતપ્રજ્ઞ ઊભેલા માનવને ભીંજવે નહીં. તેવી નિસ્પૃહ અવસ્થાને 'જલકમલવત' સ્થિતિ કહે છે. સંઘપરિવારના મૂળ સંસ્કાર સત્તા કે સંપત્તિ પરત્વે જલકમલવત્ રહેવાના જ છે**

ઉર્દુમાં કમાલ કે મુકમ્મલ જેવા શબ્દોનો કમળ સાથે સંબંધ હશે? આરબ કેમલ કે રશિયન ક્રેમલિન વાંચો તોય એમાં કમલ સંભળાય! ધવલ પ્રકાશવાળા ચંદ્રને સંસ્કૃતમાં 'કમલિસુકંદ કાંતિ' કહે છે. શંકરનું એક નામ 'કમલેક્ષણ' છે. તો બ્રહ્માના કમલસંભવ, કમલસુતન! એકવીસમી સદીમાં પણ હજુ માથા કાપીને પ્રભુને પ્રસન્ન કરવાની કમળપૂજાની દંતકથાઓ જડસુઓના દિમાગમાંથી જતી નથી! બાય ધ વે, સરોવરમાં ઊગે તે 'સરોજ' યાને કમળ કે 'રાજીવ' એટલે કમળ એ સર્વવિદિત છે. પણ કમળનાં બાકીનાં કેટલાંક નામો જોઈએ તો...અબ્જ, જલજ અંબુજ, નલિન, અરવિંદ. સહસ્રદલ બ્રહ્મ, મહોત્પદ, શતપત્ર, કુશસય, તામરસ, સારસ, કુવલય, મકરંદી. ઈન્દીવર, પંકેરૂહ, કોકોનદ, કુમુદ, સરસિરૂહ, બિહ, પ્રસૂન, અંભોરૂહ, પીતક, ધીતેલા, નાગફણી(જેમાં વચ્ચેથી નાગની ફેણ જેવી ડાંડલી હોય છે.) અને 'પંક'યાનિ કાદવમાં જન્મતું - પંકે જાયતિ ઈતિ 'પંકજ'!

તત્ત્વજ્ઞાનમાં આસક્તિ પાણીની માફક ચોમેર હોવા છતાં કમળ જેવા સ્થિતપ્રજ્ઞ ઊભેલા માનવને ભીંજવે નહીં. તેવી નિસ્પૃહ અવસ્થાને 'જલકમલવત્' સ્થિતિ કહે છે. સંઘપરિવારના મૂળ સંસ્કાર સત્તા કે સંપત્તિ પરત્વે જલકમલવત્ રહેવાના જ છે. કારણ કે, કમળ કદી વહેતા પાણીમાં ખીલતું નથી. એ કેવળ સ્થિર જળમાં જ ખીલે છે. એટલે આપણા આધ્યાત્મિક વારસામાં કમળની પાંખડીઓ ખીલવી એને આત્માના દ્વારા ઉઘડવા એ સાથે સરખાવાયું છે અને આસક્તિ એટેચમેન્ટ વિના ખીલવાની સ્થિતપ્રજ્ઞ વિતરાગ ભાવનાને કમળ સાથે સરખાવાઈ છે. કમળની આઠ પાંખડીઓ માનવીના જુદા જુદા ગુણ દર્શાવે છે. પવિત્રતા, શાંતિ, દયા, માંગલ્ય, નિઃસ્પૃહતા, સરળતા, ઈર્ષ્યાનો અભાવ અને ઉદારતા.ગમતીલું ગુલાબ કદાચ પ્રાચીન ભારતમાં નહોતું. એ પર્શિયા કે યુરોપમાંથી અહીં આવેલું હોઈ શકે. ગુલ કે રોઝના ઉલ્લેખો રામાયણ કે મહાભારતમાં નથી. આજે દિવાળીના સુશોભન કે ભેટ કે રંગોળી કે બૂકે કે મીઠાઈ કે પૂજામાં સૌથી વધુ ગુલાબ વપરાય છે. એ જ ભારત કેવું સર્વસમાવેશક રહ્યું છે, એનો સુગંધી સબૂત છે! લક્ષ્મી અને નારાયણ બંને સાથે જોડાયેલા કમળને ભારત જ પૂરું ઓળખતું નથી! મહત્ત્વની વાત એ છે કે, કાદવનો ઉપયોગ પોષણ તરીકે કરી, એમાંથી ખાતર મેળવીને કમળ તો લાલગુલાબી રૂપાળું જ ખીલે છે. જીવનમાં ય સમસ્યા અને ટીકાના કાદવઉછાળમાંથી સમૃદ્ધ થઈ રૂડા-સોહામણા કમળની જેમ ખીલવું, એ જ દિવાળી ટાણે દિલમાં થતો દીવો!

શુભ કમલિની દિવાળી, હેપી રોઝી ન્યૂ ઈયર.

*૩૦૨, ઉજાશ ફ્લેટ, નાલંદા પાર્કની બાજુમાં,*
*અમીન માર્ગ, કાલાવર રોડ, રાજકોટ*
*મો. - ૯૮૨૫૪૩૭૩૭૩*

# મનોહર મહેસાણા

*- ડૉ. નરોત્તમ વાળંદ*

**આ**જનો ગુજરાત પ્રાંત તે પ્રાચીન સમયમાં તેના ઉપરના અર્ધા ભાગમાં આનર્ત પ્રદેશ તરીકે ઓળખાતો હતો. ઐતિહાસિક વિગતો મુજબ આ પ્રદેશ પર મૌર્ય, ઈન્ડોગ્રીક, ક્ષત્રપ, ગુપ્ત, મૈત્રક, શક અને ગુર્જર રાજાઓએ રાજ્ય કર્યુ હતું. મહાક્ષત્રપ રુદ્રદામનના સમયમાં શક સંવત ૭૨ (ઈ.સ. ૧૫૦)માંના જૂનાગઢમાં ગિરનારની તળેટીમાં આવેલા શિલાલેખમાં તેનો ઉલ્લેખ મળે છે. આનંદપુર (વડનગર)માં બ્રાહ્મણોને અપાતા દાનપત્રમાં પણ આ નામ મળે છે. ચીની મુસાફર હ્યુએનસંગે કરેલા પ્રવાસ વર્ણનમાં (ઈ.સ. ૬૪૦)માં પણ આનંદપુરનો ઉલ્લેખ છે.

અનુમૈત્રક કાળમાં પ્રતિહાર વંશના રાજા નાગભટ્ટ બીજાએ (ઈ.સ. ૭૯૨-૮૪) પંચાસર (હાલનો સમી તાલુકો) ના ચાપોત્કર(ચાવડા) રાજા રાજશિખરીને હરાવી પોતાનું શાસન સ્થાપ્યું. તે પણ જય શિખરીના પુત્ર વનરાજે પ્રતિહાર સત્તાને હરાવી અણહિલવાડ (હાલનું પાટણ)માં પોતાની સત્તા સ્થાપી. આમ, ગુજરાતના મહેસાણાની આજુબાજુનો પ્રદેશ ચાવડા વંશની સત્તા નીચે આવ્યો. આ અંગેની માહિતી જૈન પ્રબંધોમાંથી મળે છે.


**મહેસાણાની દૂધસાગર ડેરી સહકારી ધોરણે દૂધ ઉત્પાદન કરતી અમૂલ પછીની રાજ્યની બીજી પરંતુ ઉત્તર ગુજરાતની પ્રથમ હરોળની ડેરી છે. ૧૧૪૩ કરતાંય વધુ દૂધ મંડળીઓ મારફત આ ડેરીનું કાર્ય ચાલે છે**

ગુજરાતમાં ચૌલુક્ય(સોલંકી) વંશની સત્તા ઈ.સ. ૯૪૨થી ૧૭૫૦ સુધી પ્રવર્તતી હતી. આ સમય દરમિયાન સાહિત્ય, કલા, ધર્મ વગેરે ક્ષેત્રે ઉન્નતિકાળમાં હતાં. સોલંકી યુગ એ સુવર્ણયુગ ગણાતો હતો. મૂળરાજથી માંડીને કુમારપાળ સુધીના રાજાઓએ સત્તાની સરહદો વધારી. સિદ્ધરાજના સમયમાં તો તેની સત્તા દક્ષિણ ગુજરાતના લાટ પ્રદેશ સુધી વિસ્તરી હતી. આ સમગ્ર વિસ્તાર સારસ્વત મંડળ તરીકે ઓળખાતો હતો. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે પાટણને કર્મભૂમિ બનાવી 'સિદ્ધહેમ' નામનો વ્યાકરણનો અમૂલ્ય ગ્રંથ લખ્યો. એ રીતે એમાં કર્તા(હેમચંદ્રાચાર્ય) અને કરિયિતા(સિદ્ધરાજ)નાં નામો અંકિત હતાં.

અન્ય પ્રજાની સરખામણીમાં મહેસાણા પ્રદેશની ભાષા ખરબચડી અને આખાબોલી છે. પ્રજા ખડતલ છે. મહેનત-મજૂરી કરવામાં પાછી પડે એવી નથી આ પ્રદેશ કર્કવૃત્ત પર આવેલો હોઈ, આબોહવા ગરમ અને સૂકી છે. શિયાળામાં ઠંડી વધુ પડે છે. ચોમાસામાં વરસાદ સામાન્ય પડે છે. નૈસર્ગિક રીતે જોઈએ તો બારે માસ પાણી વહેતું હોય એવી નદીઓનો અહીં અભાવ છે. ઘઉં, જુવાર, બાજરી, ચોખા અને કપાસ અહીંનું મુખ્ય ઉત્પાદન છે. કુદરતી તેલ, વાયુ અને ખાતરની ઈફકો ફેકટરી એ આ પ્રદેશનું રાષ્ટ્રને મહત્ત્વનું પ્રદાન છે.

મહેસાણા ખાસ તો અહીંની દૂધસાગર ડેરી માટે પ્રખ્યાત છે. આજુબાજુનાં ગામોમાં ખેડૂતોની વસ્તી હોઈ, ભેંસ પાળવાની પ્રથા પડી છે. એમાંય ભેંસનું વિશિષ્ટ રીતે પાલન થાય છે. તેથી આ ભેંસને 'મહેસાણવી ભેંસ' કહેવાય છે. મહેસાણાની દૂધસાગર ડેરી સહકારી ધોરણે દૂધ ઉત્પાદન કરતી અમૂલ પછીની રાજ્યની બીજી પરંતુ ઉત્તર ગુજરાતની પ્રથમ હરોળની ડેરી છે. ૧૧૪૩ કરતાંય વધુ દૂધ મંડળીઓ મારફત આ ડેરીનું કાર્ય ચાલે છે. આધુનિક ટેકનોલોજીથી દૂધની ગુણવત્તા અને જથ્થાની ચકાસણી કરવામાં આવે છે. જિલ્લામાં પાંચ શીતકેન્દ્રો આ કામગીરી સંભાળે છે. દૂધ વ્યવસાય સાથે સંકળાયેલા ઉત્પાદકોને જાગૃત કરવા ડેરી દ્વારા વિવિધ યોજના અમલી છે. દૂધ





શંકુઝ વોટરપાર્ક, મહેસાણા



ઉત્પાદનની ચીજવસ્તુઓ જેવી દહીં, છાશ, માખણ અને પેંડા ભારતભરમાં પ્રખ્યાત છે.

તેલ અને કુદરતી વાયુ પંચ એ મહેસાણાની અખૂટ સંપત્તિ છે. ઓ.એન.જી.સી. મહેસાણા અસેટની સ્થાપના ૧૯૬૭માં એક નાના પ્રોજેક્ટ તરીકે થઈ હતી. શરૂઆત કડીના ઉત્તર વિસ્તારમાં તેલસંશોધનથી કરવામાં આવી. ત્યારબાદ ઉત્પાદન કરવા માટે ડ્રીલિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી. જે આજે ઓ.એન.જી.સી. અસેટ તરીકે ઓળખવામાં આવે છે. અસેટનું મુખ્ય કાર્યાલય મહેસાણા-અમદાવાદ હાઈવે પાસે પાલાવાસણા ખાતે આવેલું છે.

મહેસાણા અસેટનું કાર્ય ઉત્તર ગુજરાતના ચાર જિલ્લાઓમાં એટલે કે મહેસાણા, પાટણ, ગાંધીનગર અને અમદાવાદમાં આશરે ૬૦૦૦ ચો.કિ.મિ. વિસ્તારમાં ફેલાયેલું છે. જેમાં મુખ્ય તેલ ક્ષેત્રો શોભાસણ, જગુદન, માણસા નંદાસણ, લીંચ, જોટાણા, નોર્થ કડી, સંથાલ, બેચરાજી, લણવા વગેરે છે. ખનીજ તેલ અને ગેસ આશરે ૧૧૦૦થી ૨૨૦૦ મીટરની ઊંડાઈથી પ્રાપ્ત થાય છે. સમગ્ર ભારત ઓ. એન.જી.સી. ઓનશોટ અસેટોમાં સૌથી વધુ ઉત્પાદન મહેસાણા અસેટ કરે છે.

ગુજરાતના અર્થશાસ્ત્રમાં ઓ. એન.જી.સી.નો મહત્ત્વનો ફાળો છે. ગુજરાત સરકારને રોયલ્ટી સ્વરૂપે રકમ પણ આપવામાં આવે છે. મહેસાણા અસેટ ઓ.એન.જી.સી. ની સામાજિક અને આર્થિક વિકાસ કાર્યક્રમ દ્વારા એક સામાજિક જવાબદારી સંભાળે છે. અને તેના ભાગરૂપે કાર્યક્ષેત્રમાં આવતાં શહેરો અને ગામડાઓમાં આર્થિક અને અન્ય સ્વરૂપ સહાય કરે છે. ખાસ કરીને પ્રાથમિક અને માધ્યમિક શાળામાં કોમ્પ્યૂટરો, પીવાના પાણીની વ્યવસ્થા, જરૂરિયાતવાળાં ગામડાંઓમાં મફત સર્વ રોગ નિદાન કેમ્પ, આંખ રોગ નિદાન અને ઓપરેશન જેવા લાભો આર્થિક રીતે નબળા લોકોને આપવામાં જિલ્લામાં અગ્રેસર ભૂમિકા ભજવે છે.

**મહેસાણાની આજુબાજુની ભૂમિમાં હજી કેટલાંય શિલ્પ સ્થાપત્યો છુપાયેલાં પડ્યાં છે. પાટણની રાણીની વાવ અને સહસ્રલિંગ તળાવ, મોઢેરા- આ બધાં સ્થળો ખોદકામ દ્વારા શિલ્પ-સ્થાપત્ય કલા દ્વારા છુપાયેલાં બહાર આવ્યાં છે**

મહેસાણાની આજુબાજુની ભૂમિમાં હજી કેટલાંય શિલ્પ સ્થાપત્યો છુપાયેલાં પડ્યાં છે. પાટણની રાણીની વાવ અને સહસ્રલિંગ તળાવ, મોઢેરા- આ બધાં સ્થળો ખોદકામ દ્વારા શિલ્પ-સ્થાપત્ય કલા દ્વારા છુપાયેલાં બહાર આવ્યાં છે. અમદાવાદથી અંબાજી તરફ જતાં ઉમતા ગામ આવે છે. આ ગામની વચ્ચોવચ આઠ મીટર ઊંચો ટેકરો આવેલો હતો. આ ટેકરા પર લગભગ ૧૦૦ વર્ષ સુધી પ્રાથમિક શાળા અને એક પોલીસ સ્ટેશન કાર્યરત હતાં. દૂધસાગર ડેરીનું મકાન બનાવવા માટે જરૂરી ખોદકામ કરવાની જરૂર પડી. એમ કરતાં કોઈ કોઈ કોતરાયેલા પથ્થરો નજરે ચડ્યા. ધીમે ધીમે કામ કરતાં શિલ્પના સ્તંભો બહાર આવવા લાગ્યા. આખું ખોદકામ કાળજીપૂર્વક કરવામાં આવ્યું, તો આખું જૈન મંદિર દેખાયું. પુરાતત્ત્વવિદોએ જાણ્યું કે મંદિરની સાથે મૂર્તિઓ પણ રહેલી છે. ચક્રેશ્વરી દેવી, સરસ્વતી દેવી, મયૂર શિલ્પ તથા અન્ય ધાર્મિક વસ્તુઓ નીકળવા લાગી. એમ લાગે છે કે ધરતીકંપ કે જળરેલને લીધે બધું દટાઈ ગયું હશે. સમય જતાં માટીના થર બાઝી જતાં ટેકરો બની ગયો હશે.

મહેસાણા જિલ્લાની સૌથી પ્રાચીન સંસ્કૃતિના અવશેષો સિદ્ધપુર તાલુકાના અનોડિયા કોટ અને પેઢામલી પાસેથી સાબરમતીની ભેખડમાંથી ઈ.સ. ૧૮૦૨માં રોબર્ટ બ્રુસફટ નામના ભૂસ્તરશાસ્ત્રીએ પ્રાપ્ત કર્યા હતા. ત્યાંથી મળેલા પાષાણયુગના અવશેષો પચાસ હજાર વર્ષ જેટલા પ્રાચીન હશે, એવો તેમનો મત છે. અવશેષો મળી આવ્યા છે, તે જગાએ પહેલા સમુદ્ર હતો, પરંતુ કાલાંતરે દરિયો ખસ્યો અને જમીન બહાર આવી. ત્યાં નદીઓ વહેવા લાગી. તે પછી વધુ પાષાણ યુગના અવશેષો સાબરમતીના તટથી મળી આવ્યા છે. આવા અવશેષો વિજાપુર તાલુકામાં હીરપુરા, રંગપુર, ગઢડા, પેઢામલી, ફુદેડા અને મહેસાણા તાલુકામાં મેઉ, મૂળસણ, આખજ, લાંઘણજ, રણછોડપુરા, કડી, તાલુકામાં ડાંગરવા,







કિઓલ, ઝુલાસણ વગેરે સ્થળેથી મળી આવ્યા છે.

ઐતિહાસિક કાળમાં આર્યોના આગમન પૂર્વે દ્રવિડોની વસ્તી આ પ્રદેશમાં હશે. નાગરખંડમાં જણાવ્યા પ્રમાણે હાટકેશ્વર ક્ષેત્રના ચમત્કારપુર(વડનગર) સાથે નાગપ્રજાનો સંબંધ હતો. એ પ્રાચીન દ્રવિડ પ્રજા હતી. આર્યોના આગમન બાદ ઉત્તર ગુજરાતનો પ્રદેશ આનર્ત તરીકે ઓળખાતો હતો. પુરાણો પ્રમાણે વૈવસ્વત મનુનો પુત્ર શર્યાતિ હતો. શર્યાતિનો પુત્ર આનર્ત આ પ્રદેશનો રાજા હતો. 'આનર્ત' શબ્દને 'નૃત' સાથે સંબંધ હોય એમ મનાય છે. આ જિલ્લાની નાયક-ભોજક જ્ઞાતિ આ નૃત્ય કળામાં પ્રવીણ છે.

મોઢેરા આજુબાજુનો પ્રદેશ સ્કંદ અને બ્રહ્મપુરાણ પ્રમાણે ધર્મારણ્ય તરીકે ઓળખાતો હતો. ઊંચા ટેકરા પર વસેલું મોઢેરા ગામ પહેલાં બંદર હતું. અત્યારનો અરબી સમુદ્ર પહેલાં ન હતો. સૌરાષ્ટ્ર દ્વીપ હતો અને ખંભાતના અખાત અને કચ્છના અખાત વચ્ચે દરિયો હતો. દોઢેક હજાર વર્ષ પહેલાંના ધરતીકંપને લીધે સૌરાષ્ટ્ર અને ગુજરાત વચ્ચેનો સમુદ્ર અદશ્ય થયો અને જમીન ઉપસી આવી. મોઢેરા બંદર મટી ગયું. ધર્મારણ્ય પ્રદેશમાં દેવોએ અહીં 'મોહેરક' નામે નગર વસાવ્યું. તે મોઢેરા કહેવાયું. ટૂંકમાં મહેસાણા જિલ્લાનો પ્રદેશ અસુર, નાગ અને આર્ય સંસ્કૃતિ સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલો છે.

**મોઢેરા આજુબાજુનો પ્રદેશ સ્કંદ અને બ્રહ્મપુરાણ પ્રમાણે ધર્મારણ્ય તરીકે ઓળખાતો હતો. ઊંચા ટેકરા પર વસેલું મોઢેરા ગામ પહેલાં બંદર હતું. અત્યારનો અરબી સમુદ્ર પહેલાં ન હતો**

ગુજરાતમાં ગાયકવાડી રાજ્યના સ્થાપક પિલાજીરાવ હતા. ઈ.સ. ૧૭૩૨માં મોગલ સૂબાના માણસોએ પિલાજીરાવનું ખૂન કર્યું. તે પછી દામાજીરાવે ઈ.સ. ૧૭૬૮ દરમિયાન વીરતા અને મુત્સદ્દીગીરીથી ગુજરાતમાં ગાયકવાડી સત્તા વધારી. તેણે સોનગઢને સ્થાને પાટણને મુખ્ય મથક બનાવ્યું. ઈ.સ. ૧૭૮૦માં અંગ્રેજો અને ગાયકવાડ વચ્ચે ગુજરાતની મરાઠી સત્તાના પ્રદેશો વચ્ચે સંધિ થઈ. સાથે પેશ્વાની સામેલગીરી થઈ, પરંતુ ૧૮૧૮માં ટૂંક સમયમાં પેશ્વાઈનો અંત આવ્યો. ગુજરાતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ પોતાનું વર્ચસ્વ વધાર્યું. ગાયકવાડને ઝૂકવું પડ્યું. સમાધાનરૂપે અંગ્રેજોએ મહારાજા ખંડેરાયને 'શ્રીમંત સરકાર મહારાજા ગાયકવાડ'નો ઈલકાબ આપીને નવાજ્યા.

ખંડેરાવના અવસાન સમયે રાણી જમનાબાઈ ૧૭ વર્ષનાં હતા. ૧૮૭૧માં રાણીએ તારામતીને જન્મ આપ્યો. એટલે વડોદરાની ગાદી પર નવા વારસદારની શોધ ચાલી. પિલાજીરાવની પાંચમી પેઢીએ કવલાણા ગામમાં કાશીરાવ એક ખેડૂત તરીકે રહેતા હતા. એમના ત્રણ પુત્રો હતા. આનંદરાવ, ગોપાળરાવ અને સંપતરાવ. એ ત્રણમાંથી વચેટ ગોપાળરાવને દત્તક લેવાયા અને તેઓ સયાજીરાવ ત્રીજા તરીકે જાહેર થયા.

૧૨ વર્ષની વયનો ખેડૂતનો અભણ દીકરો રાજા બન્યો. તેને રાજા તરીકેની તાલીમ આપવા અંગ્રેજ શિક્ષક રોક્યા. તે ઉપરાંત રાજ્યના વિવિધ વિસ્તારોની મુલાકાતે જવાનું ગોઠવાયું. તે વખતે વડોદરા રાજ્યમાં કડી પ્રાન્ત હતો, ગાયકવાડી અમલમાં પાટણને મુખ્યમથક કરી, રાજ્ય વહીવટ ચલાવવાનો હતો, પરંતુ વડોદરા પ્રાન્તની ફેરણી (મુલાકાત) વખતે વડોદરાની પસંદગી થઈ. કડી પ્રાન્તની સરહદમાં મહેસાનજી ચાવડાનું એક પરગણું હતું. લોકો તેને 'મેહાજી ઠાકોરનું પરગણું' કહેતા. ઠાકોરે પોતે વિ.સં. ૧૪૧૪ ભાદ્રપદ સુદ-૧૦, ઈ.સ. ૧૩૫૮માં ગામનું તોરણ બાંધીને વસાવેલું અને ચામુંડા દેવોને અર્પણ કરેલું. એમના નામ પરથી 'મહેસાણા' નામ પડ્યું. કડી પ્રાન્ત હતો. મહેસાણા તાલુકો હતો. ઈ.સ. ૧૯૩૧માં મહેસાણા જિલ્લો બન્યો. મહેસાણામાં ફતેહસિંહજી ગાયકવાડનો રાજમહેલ છે.

યુવા પેઢીનું ભાવિ ઉજ્જવળ બનાવવા ઉચ્ચ કક્ષાના ટેકનિકલ વ્યવસાયલક્ષી અને પારંપારિક શિક્ષણની સુવિધાઓ સાથે ૧૯૯૭થી સ્થપાયેલી ગણપત યુનિવર્સિટી વિદ્યાસંકુલ ક્ષેત્રે આગવું સ્થાન ધરાવતી સંસ્થા છે. મહેસાણાની ભાગોળે ખેરવા ગામની સીમમાં ૩૦૦ એકરના વિશાળ ભૂમિખંડ ઉપર શાળાકીય શિક્ષણથી અનુસ્નાતક શિક્ષણ સુધીની સુવિધાઓ અહીં ઉપલબ્ધ છે. ૧૨મી એપ્રિલ ૨૦૦૫થી આ સંસ્થાની સિદ્ધિમાં વધુ એક સોપાન ઉમેરાયું છે. સંસ્થાને ગણપત યુનિવર્સિટીનો દરજ્જો મળ્યો છે.

રાજ્યની સૌ પ્રથમ કન્યા સૈનિકશાળા પણ આ સંસ્થામાં





ચાલી રહી છે. અંગ્રેજી માધ્યમની આ નિવાસીશાળામાં કન્યાઓને લશ્કરી તાલીમ આપવામાં આવે છે. માત્ર શિક્ષણ નહીં પરંતુ સંસ્કાર, તાલીમ, હોસ્ટેલ સહિતની અનેક સુવિધા ધરાવતા આ સંકુલની પ્રવાસન સ્થળ તરીકે મુલાકાત લેવી જ રહી. આ યુનિવર્સિટી સાથે જ કૉલેજો સંલગ્ન છે.

જ્ઞાનદીપ સમી આ યુનિવર્સિટીના સ્થાપક પદ્મશ્રી, પેટ્રન ઈન ચીફ તથા પ્રેસિડેન્ટ ગણપતભાઈ ઊંઝા નજીક આવેલા ભુલાવ ગામના ખેડૂતના પુત્ર છે. આઠમા ધોરણ સુધી વતનમાં અને તે પણ જૂનાગઢમાં મોટાભાઈને ત્યાં રહી મેટ્રિક પાસ થયા. તે પછી અમદાવાદની એમ.જી.સાયન્સ કૉલેજમાં ડિગ્રી મેળવીને ૧૯૬૫માં અમેરિકાની યુનિવર્સિટીમાં એન્જિનિયરનો કોર્સ કરવો હતો, પરંતુ ત્યાંની આકરી ઠંડી સહન ન થતાં કેલિફોર્નિયા પહોંચ્યા. ભારતથી અઢીસો ડોલર લઈને આવેલા, તેમાંથી મુસાફરીમાં અને અન્ય ખર્ચમાં મોટા ભાગના ડૉલર ખર્ચાઈ ગયેલા. એટલે અહીં કેમિકલ એન્જિનિયરનો કોર્સ લીધો. દરમિયાન રકમ ખૂટી, એટલે બાથરૂમ-સંડાસ સાફ કરીને તથા હોટેલના વેઈટરની નોકરી કરીને ભણતર પૂરું કર્યું.


પછી તો પત્ની અને એક પુત્રીને બોલાવી લીધાં અને સ્વતંત્ર વ્યવસાય શરૂ કર્યો. પોતે સારું એવું કમાયા એટલે ૨૦૦૫માં મહેસાણા જિલ્લાના ખેરવા ગામમાં ગણપત યુનિવર્સિટીની સ્થાપના કરી. આ યુનિવર્સિટીમાં ૨૩ જેટલી શિક્ષણ સંસ્થાઓ છે. મેડિકલ સિવાય લગભગ બધા જ કોર્સ અહીં ચાલે છે. અહીંથી ભણીને અનેક વિદ્યાર્થીઓ અમેરિકા જઈને પગભર થયા છે. હાલ ગણપતભાઈ લોસ એન્જેલસમાં દરિયાકિનારે આવેલા પોતાના નિવાસે રહીને સુખી જીવન ગાળે છે. યોગાનુયોગ એવો બન્યો છે કે આ (૨૦૧૯ના) વર્ષે તેઓ 'પદ્મશ્રી' બન્યા છે.


ઐતિહાસિક અવશેષ તરીકે મહેસાણામાં બોતેર કોઠાની વાવ છે. મહેસાણાથી પૂર્વમાં પરા વિસ્તાર પછી સ્મશાનની સામે ઈંટોના ચણતરથી બનેલી આ વાવ છે. સ્થાનિક લોકો તેને પ્રાચીન વાવ કહે છે. આ વાવ એક પ્રવેશદ્વાર અને ૧૧ મજલા ધરાવે છે. પશ્ચિમાભિમુખ વાવના પ્રવેશથી બીજા છેડે એકબીજાથી જોડાયેલ બે કૂવાની રચના છે. વાવની અંદર રમણાં તથા કૂટમાં બાંધેલ અર્ધસ્તંભ તથા બે સ્તંભો જોડતી કમાન રેતિયા પથ્થરની છે. ગાયકવાડી સમયમાં આ વાવનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો.

સારસ્વત મંડળે થોકબંધ સારસ્વતો આપીને તેનું નામ સાર્થક કર્યું છે. 'સિદ્ધહેમ' વ્યાકરણના ગ્રંથને હાથીની અંબાડી પર પધરાવીને પાટણ નગરમાં ગ્રંથયાત્રા કાઢવામાં આવી હતી. મહારાજ સિદ્ધરાજ અને આચાર્ય હેમચંદ્રસૂરિ એ યાત્રામાં નગરજનોની સાથે ચાલતા જતા હતા. દેવી સરસ્વતીનું આવું મોટું સન્માન ભારતભરમાં પ્રથમ છે. આ પવિત્ર ભૂમિમાં રહીને પ્રજાપતિ કર્દમ, કપિલદેવ, મહાસતી દેવહૂતિ, પંડિત ઉવ્વટ, પંડિત વિષ્ણુ, કવિ ભાલણ, ઉદ્ધવ, ભીમ, વિષ્ણુદાસ, સોમેશ્વર, વિશ્વનાથ જાની કૃષ્ણાબાઈ એમ અનેક ખમતીધર સાહિત્યકારોએ રચનાઓ કરી છે. હવે અત્યારના સાહિત્યકારોની નામાવલિ જોઈએ તો કનૈયાલાલ દવેથી માંડી રઘુવીર ચૌધરી સુધીના ઓછામાં ઓછાં ૫૦ નામો નોંધવાં પડે.

મહેસાણામાં દૂધની ડેરી, ખેતી અને અન્ય ઉદ્યોગો ધમધોકાર ચાલે છે. ઓઈલ અને નેચરલ ગેસની સ્થાપના ૧૯૬૭ના નવેમ્બરમાં થઈ. મહેસાણામાં ૧૩૧૧ જેટલા તેલના કૂવા છે અને ૧૬ ગેસના કૂવા છે. શિક્ષણ માટે અહીં અનુસ્નાતક શિક્ષણ લગી, ટેકનોલોજીની, એન્જિનિયરિંગની, ફાર્મસીની, નર્સિંગની અને હોમિયોપેથીની સંખ્યાબંધ સંસ્થાઓ છે. મહેસાણા એ ઉત્તર ગુજરાતનું મોટું શહેર અને બજાર છે.

*૮, પ્રીતમ સોસાયટી-૧,*
*ભરૂચ - ૩૯૨૦૦૨*


સ્વામિનારાયણ મંદિર, મહેસાણા





# વિજ્ઞાન પણ કહે છે : સ્ત્રી-પુરુષથી વધુ શક્તિશાળી છે !


*- યશવંત મહેતા*

**રા**માયણકથાનો એક પ્રસંગ છે. વાનરો અને રીંછોની સેનાઓ સીતાજીની શોધમાં નીકળી છે. આમાંથી જે સેનામાં સુગ્રીવસુત અંગદ, રીંછપતિ જાંબવાન, મહાજ્ઞાની હનુમાન વગેરે છે તે સેનાને જાણવા મળે છે કે સીતાજીનું હરણ કરી જનાર રાવણની નગરી લંકા દક્ષિણ સમુદ્રમાં છે અને આ કિનારાથી એ હજાર જોજન છેટી છે. હવે, અગર એકી કૂદકે લંકા પહોંચી શકાય તો સીતાજીની તરત ભાળ મળે. પરંતુ આટલો લાંબો કૂદકો મારવાની ક્ષમતા કોણ ધરાવતું હોય ? કોઈ કહે છે કે હું સો જોજન કૂદી શકું. કોઈ કહે છે કે હું બસો જોજન કૂદી જાઉં... અંગદ ચારસો જોજન કૂદવાની ક્ષમતા ધરાવે છે અને જાંબવાનની ક્ષમતા પાંચસો જોજનની છે. આ બધો વખત હનુમાનજી ચૂપચાપ ઊભા રહ્યા ત્યારે જાંબવાને એમને કહ્યું 'મહાબલી હનુમાન! તમે તો પવનપુત્ર છો. તમે ધારો તો એક હજાર જોજનથીય વિશેષ અંતર રમતાં રમતાં કૂદી જાવ ! શું તમારી આ ક્ષમતાનો તમને ખ્યાલ નથી ?

**વિજ્ઞાને શોધી કાઢ્યું છે કે ચામડી નીચેનું ચરબી કે વસાનું પડ પુરુષ કરતાં સ્ત્રીનું વધારે જાડું હોય છે. પુરુષની ચામડી નીચેના ભાગમાં ચરબી તથા માંસપેશીઓનું પ્રમાણ ૧૮.૪૨ છે**

હનુમાનજી નમ્રભાવે બોલ્યા કે રીંછપતિ, મને ખરેખર ખ્યાલ નથી. પણ હવે જ્યારે તમે કહો છો ત્યારે સમજાય છે કે મારામાં આવી શક્તિ પડી છે...!

આ વાત અમને એટલા માટે યાદ આવે છે કે દેશમાં સ્ત્રી-સશક્તિકરણ અને વીમેન્સ એમ્પાવરમેન્ટની વાતો ખૂબ ચાલી રહી છે. વિધાનગૃહોમાં અને સંસદમાં મહિલાઓ માટે આરક્ષણ સહિત નારીસશક્તિકરણની અનેક ઝુંબેશો ચાલે છે અને પગલાં ભરાય છે.



પરંતુ ખરી વાત એ છે કે સ્ત્રી ખરેખર પુરુષ કરતાં અનેકગણી વધુ શક્તિશાળી છે ! વાસ્તવમાં આ વાતની પુરુષોને પહેલેથી જ ખબર છે. માત્ર સ્ત્રીઓ જ હમણાં સુધી અજાણ હતી ! પુરુષને એમની ખબર છે માટે સ્ત્રીની શક્તિઓ પૂર્ણકળાએ વિકસે નહિ એ માટેના તમામ કારસા પુરુષોએ કર્યા છે. પુરુષે સર્જેલાં ઘણાં શાસ્ત્રો, ગ્રંથો અને પ્રણાલિકાઓએ આ વહેમને પોષણ આપ્યાં કર્યું છે. પરંતુ વિજ્ઞાને હવે આ ભ્રમની ભંડાફોડ કરી નાખ્યો છે.

આધુનિક વિજ્ઞાન કહે છે કે પુરુષ કરતાં સ્ત્રી વધુ શક્તિશાળી છે.

વિજ્ઞાને શોધી કાઢ્યું છે કે ચામડી નીચેનું ચરબી કે વસાનું પડ પુરુષ કરતાં સ્ત્રીનું વધારે જાડું હોય છે. પુરુષની ચામડી નીચેના ભાગમાં ચરબી તથા માંસપેશીઓનું પ્રમાણ ૧૮.૪૨ છે. સ્ત્રીઓમાં આ પ્રમાણ ૨૮.૩૦નું હોય છે. આમ, સ્ત્રીના શરીરમાં વધારે ચરબી હોવાને કારણે એમનું શરીર કોમળ, સુંદર અને ભરાવદાર બને છે. પણ એથી વિશેષ મહત્ત્વની વાત એ છે કે ચરબી ટકીને શિયાળામાં આંતરિક ગરમી ટકાવવામાં તથા ઉનાળામાં બાહ્ય ગરમીને અટકાવવામાં મદદ કરે છે. આથી જ હાડ થિજાવી દે તેવી ઠંડીયમાંય, પુરુષ જ્યારે ગરમ કોટ-પાટલૂનથી પણ થથરે છે ત્યારે સ્ત્રી રેશમી સાડી અને પોણિયો કબજો પહેરીને કામ કરતી હોય છે. પુરુષ કરતાં અનેકગણું વધુ કામ કરતી રહે છે.

શિયાળામાં રાસાયણિક ક્રિયાઓને પરિણામે સ્ત્રીના શરીરમાં ઘણા વધારે પ્રમાણમાં ઉષ્મા પેદા થાય છે. આથી પુરુષના પ્રમાણમાં સ્ત્રીને શરદી, બ્રોન્કાઈટીસ, ઈન્ફ્લુએન્ઝા વગેરે રોગ ઓછા થાય છે.

પુરુષના પ્રમાણમાં સ્ત્રીની સરાસરી ઊંચાઈ ઓછી હોય છે. એમનાં હાડકાં પ્રમાણમાં નાનાં અને હળવાં છે તથા માંસપેસીઓ નિર્બળ હોય છે. આથી રમતના મેદાનમાં સામાન્ય સ્ત્રી સામાન્ય પુરુષ કરતાં પાછળ રહે છે. એનું બીજું પણ કારણ છે. સ્ત્રીના કમરના હાડકાં

(શ્રોણિમેખલા-પેલ્વિક ગર્ડલ) પુરુષ કરતાં વધુ પહોળાં અને મોટાં હોય છે. આથી સ્ત્રીના નિતંબ પુરુષના પ્રમાણમાં ઘણા વધુ ભારે હોય છે. કુદરતે આ ભેદ સ્ત્રીને માતૃત્વ માટે અનુકૂળતા કરી આપવા માટે રાખ્યો છે. સમતોલન જાળવવા માટે સ્ત્રીની જાંઘો ટૂંકી અને મરોડદાર હોય છે. એના ઘૂંટણના સાંધા સીધા નહિ પણ થોડાક વળાંકવાળા હોય છે. આ વિશિષ્ટતાઓને કારણે જ, સ્ત્રી જ્યારે દોડે છે ત્યારે લાંબી ફાળ ભરી શકતી નથી. દોડતાં એનું શરીર હાલકડોલક થઈ જાય છે.

પુરુષના પ્રમાણમાં સ્ત્રીના ખભા ઓછા પહોળા હોય છે. હાથ સીધા કરવામાં આવે તો પુરુષ તરત હાથ સીધો કરી દેશે, પણ સ્ત્રીનો હાથ લગભગ કદી પૂરેપૂરો સીધો નહિ થાય. આ વાંકા હાથને કારણે જ સ્ત્રી જ્યારે દડો ફેંકે, અને એમાંય ક્રિકેટની રીતે બોલિંગ કરે ત્યારે આપણે હસવું ખાળી શકતા નથી.

આ થઈ સ્ત્રીની શરીરરચનાની કેટલીક કુદરતી મર્યાદાઓ. પરંતુ એની સામે એની સક્ષમતાઓ એટલી બધી છે...

કોઈ સભામાં કે નાટક-સિનેમા જોવા જોડાજોડ બેઠેલા સ્ત્રી-પુરુષને જોજો. પુરુષ દસેક મિનિટથી વધારે સમય સ્થિર નહિ બેસી શકે, પણ સ્ત્રી ? એ તો એક જ મુદ્રામાં કલાકો લગી બેસી રહેશે. અહીં ચંચળ-અચંચળ સ્વભાવની વાતો વચ્ચે લાવવાની જરૂર નથી. હકીકતમાં પુરુષના શરીરનું વધુ વજન એના છાતી અને ખભાના ભાગ પર આવે છે. આથી લાંબો વખત બેસતાં એણે વારંવાર કેડ વાળવી પડે છે. આઘાપાછા થવું પડે છે. પણ સ્ત્રીના શરીરનો સઘળો ભાર એના નિતંબપ્રદેશ પર કેન્દ્રિત થાય છે, અને એનો એ ભાગ તો પહોળો અને ગાદીદાર હોય છે. એને બેસવાનો થાક ક્યાંથી લાગે ?

**હકીકતમાં પુરુષના શરીરનું વધુ વજન એના છાતી અને ખભાના ભાગ પર આવે છે. આથી લાંબો વખત બેસતાં એણે વારંવાર કેડ વાળવી પડે છે. આઘાપાછા થવું પડે છે**



પુરુષ કરતાં સ્ત્રીની ઉંમર પણ વધુ લાંબી હોય છે. ભારત, પાકિસ્તાન અને શ્રીલંકા સિવાયના જગતના દેશોમાં સ્ત્રીની ઉંમર પુરુષ કરતાં સરેરાશ ૩.૩ વર્ષ વધારે હોય છે. એનું કારણ એ છે કે પુરુષ કરતાં સ્ત્રીમાં રોગપ્રતિરોધક શક્તિ વધારે હોય છે. વળી, સ્ત્રીમાં શારીરિક-માનસિક શ્રમ સહન કરવાની શક્તિ પણ વધારે છે. જુદા જુદા દેશોનાં પુરુષો તથા સ્ત્રીઓની સરાસરી ઉંમરના આંકડા આ રહ્યા:

| દેશ | પુરુષ(વર્ષ) | સ્ત્રી(વર્ષ) |
|---|---|---|
| ડેનમાર્ક | ૬૭.૭ | ૭૦.૧ |
| ઓસ્ટ્રેલિયા | ૬૬.૦ | ૭૦.૬ |
| સ્વીડન | ૭૦.૫ | ૭૫.૪ |
| ફ્રાન્સ | ૬૩.૫ | ૬૯.૪ |
| અમેરિકા | ૬૫.૪ | ૭૨.૭ |
| ઈંગ્લેન્ડ | ૬૭.૫ | ૭૨.૯ |
| જાપાન | ૬૩.૮ | ૬૮.૪ |
| ભારત | ૬૨.૪ | ૭૧.૬ |
| શ્રીલંકા | ૬૦.૩ | ૫૯.૪ |

પુરુષ કરતાં સ્ત્રીની ત્વચાનો રંગ વધુ આછો હોય છે. આનો અર્થ એમ કહી શકાય ખરો કે સ્ત્રી વધુ 'રૂપાળી' હોય છે - મતલબ, તમે શ્વેત કે ગુલાબીને સૌન્દર્ય ગણતાં હો તો ! વાસ્વતમાં, સૌંદર્યશાસ્ત્ર કહે છે કે, ત્વચાનો વર્ણ એ જ સુંદરતાનો એકમાત્ર માપદંડ નથી. સ્ત્રીનો વર્ણ વધુ આછો હોવાનું કારણ તો એ છે કે એની ત્વચામાં મિલેનિન નામક રંગદ્રવ્યનું પ્રમાણ ઓછું હોય છે. એની ત્વચા નીચેની ચરબીમાં કેરોટિનાઈડ રંગનું પ્રમાણ વધુ હોય છે. વળી, એમની ત્વચાના નીચલા પડમાં લાલ-ભૂરા રંગનું પ્રમાણ વધારે હોય છે. આ બધાંને કારણે સ્ત્રીની ત્વચા પર પડતાં સૂર્યકિરણો વેરાઈ જાય છે. એની ત્વચા ઘેરાપણું પકડતી નથી અને ત્વચા વધારે સ્વચ્છ દેખાયા કરે છે.

સ્ત્રીને દાઢી-મૂછ હોતાં નથી, પણ માથાના વાળ વધુ લાંબા અને ઘાટા હોય છે. સ્ત્રી કદી ટાલવાળી બનતી નથી. કેટલાક દોઢડાહ્યા પુરુષ માને છે કે પુરુષ મગજનો વધારે ઉપયોગ કરે છે. એથી વાળ ખરી જાય છે. અરે, કેટલાક

વિજ્ઞાનીઓ સુદ્ધાં એમ મનાવવા કોશિષ કરે છે કે, પુરુષનું મગજ મોટું હોવાથી વાળને પોષણ પ્રમાણમાં ઓછું મળે છે. માટે એ ટાલિયો બની જાય છે. સત્ય એ છે કે સ્ત્રીની ખોપરી પરની ત્વચા નીચે ચરબી પ્રમાણમાં વધારે હોય છે. આથી એમના વાળને સતત પોષણ મળતું રહે છે.

સ્ત્રીનું સ્વરયંત્ર પુરુષની સરખામણીમાં નાનું હોય છે. તથા સ્વર-રજ્જુ (વોકલ કૉર્ડ્ઝ) પણ નાની હોય છે. આથી સ્ત્રી કલાકો સુધી બોલ બોલ કરે તોય થાકતી નથી. આ જ કારણે એનો અવાજ પણ પુરુષ કરતાં નાજુક અને મધુર હોય છે. આથી સ્ત્રી સંગીતકલામાં વધુ નિપુણ ન હોય તોય વધુ સુરીલી હોય છે.

સ્ત્રીની થાયરોઈડ ગ્રંથિ પુરુષના પ્રમાણમાં વધુ મોટી અને વધુ સક્રિય હોય છે. જે કામ કરતાં થોડી જ વારમાં કંટાળી જાય તે જ કામ સ્ત્રી લાંબા સમય સુધી ધ્યાન દઈને કર્યા કરે છે. સીવવું, ભરવું, ગૂંથવું, યંત્રોના પૂર્જા લગાડવા વગેરે આ જ પ્રકારના કામ છે. આ ગ્રંથિ જ સ્ત્રીને ઘર આખું ઉપરતળે કરીને ફેરગોઠવણી કરવા પ્રેરે છે.

**ખુદ આલ્બર્ટ આઈન્સ્ટાઈનના દેહની મરણોત્તર તપાસમાં જણાયેલું કે એમના મગજના માત્ર ૧૫ ટકા જેટલા કોષો વપરાયા હતા. આમ આદમીના પણ ઘણાખરા કોષ સ્મશાનમાં જ એની સાથે જાય છે**

સ્ત્રીના લોહીમાં પુરુષના લોહીની સરખામણીએ પાણીનું પ્રમાણ વધારે અને રક્તકણોનું પ્રમાણ ઓછું હોય છે. આથી દોડાદોડ કરતા પરસેવો કે અન્ય થકવી દે એવાં કે આકરાં કામ એ બહુ કરી શકતી નથી. સ્ત્રીનું હૃદય દર મિનિટે પુરુષના હૃદય કરતાં ૮-૧૦ વધુ વખત ધડકે છે. આરામના સમયમાં સ્ત્રીનું હૃદય ૮૦ વખત ધડકે છે જ્યારે પુરુષનું હૃદય ૭૨ વખત ધડકે છે. સ્ત્રી એક-બે મિનિટમાં ૧૮ શ્વાસોશ્વાસ કરે છે આનું કારણ એ છે કે સ્ત્રીનાં ફેફસાંનું ઘનફળ પુરુષનાં ફેફસાં કરતાં ઓછું હોય છે. પુરુષનાં ફેફસાંનું ઘનફળ ૨,૩૦૦ ઘન સે.મી. હોય છે જ્યારે સ્ત્રીનાં ફેફસાંનું ઘનફળ ૨૦૦૦ ઘન સે.મી. હોય છે.

સામાન્ય પુરુષના મગજનું વજન ૧૩૮૫ ગ્રામ હોય છે અને સ્ત્રીનું એ વજન ૧૨૬૫ ગ્રામ હોય છે. આ હકીકતને લઈને કેટલાક લોકો દાવો કરે છે કે સ્ત્રી ઓછી બુદ્ધિમાન હોય. વાત ખોટી છે. સ્ત્રી-શરીર જ પ્રમાણમાં નાનું હોય છે. આથી મગજ સહિત ઘણાંખરાં અંગ નાનાં હોય એ કુદરતી છે. મસ્તક કે મગજની બાબતમાં તો સત્ય એ છે કે બુદ્ધિને મગજના જેટલા કોષ (સેલ) વપરાય એની સાથે સંબંધ છે. વિજ્ઞાનીઓ એ પણ કહે છે કે, માનવ-મસ્તિષ્કની ક્ષમતાનો બહુ ઓછો અંશ માનવો વાપરે છે. ખુદ આલ્બર્ટ આઈન્સ્ટાઈનના દેહની મરણોત્તર તપાસમાં જણાયેલું કે એમના મગજના માત્ર ૧૫ ટકા જેટલા કોષો વપરાયા હતા. આમ આદમીના પણ ઘણાખરા કોષ સ્મશાનમાં જ એની સાથે જાય છે. બાકી, સ્ત્રી પણ જો ઘણા કોષ વાપરે તો પ્રખર બુદ્ધિમાન બને, અને પુરુષથી ચડિયાતી અને તે આવી બની શકે છે એનું ઉદાહરણ માદામ ક્યુરી છે. નોબેલ પારિતોષિકોના લગભગ સવાસો વર્ષોના ઇતિહાસમાં માદામ ક્યુરી જ બે વાર આ પારિતોષિક જીત્યાં છે.

આધુનિક વિજ્ઞાન માને છે કે પુરુષ કરતાં સ્ત્રી વધુ સહનશક્તિ અને રોગપ્રતિકારક શક્તિ ધરાવે છે. બીજા વિશ્વયુદ્ધ વખતે આનાં સારાં ઉદાહરણ વારંવાર જોવા મળ્યાં હતાં. ભયંકર દૃશ્યો જોઈને પુરુષોના મગજ ફટકી ગયાં ત્યારે પણ સ્ત્રીઓ સ્વસ્થ જ રહી. ભયના સમયે પુરુષ પોતાનું માનસિક સંતુલન સહેલાઈથી ગુમાવી દે છે. જગતભરમાં પાગલખાનાઓમાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા ઘણી ઓછી હોય છે.

અને આ જ કારણે, આપઘાત કરનારાઓમાં પણ સ્ત્રીઓ કરતાં પુરુષો જ વધારે હોય છે.

આધુનિક સંશોધને બતાવી આપ્યું છે કે જ્યાં સુધી સ્ત્રીમાં સંતાનોત્પતિની ક્ષમતા હોય ત્યાં સુધી એનામાં જીવનશક્તિ ઘણી હોય છે. સ્ત્રી એ વયમાં હોય તે દરમિયાન કોઈપણ રોગથી એનું મૃત્યુ થવાની સંભાવના ઘણી ઓછી



થઈ જાય છે. ૨૨ થી ૪૪ની ઉંમરના ગાળામાં જેટલી સ્ત્રીઓ મરે છે તેના કરતાં પુરુષો બમણા મરે છે.

વિજ્ઞાનીઓ માને છે કે ટેસ્ટોસ્ટીરોન (નર) તથા ઈસ્ટ્રોજન(માદા) નામના હોરમોન્સ સ્ત્રીમાં વધુ શક્તિશાળી હોય છે. સ્ત્રી યુવાવસ્થામાં આવે ત્યાં સુધી આ હોરમોન્સ એને લગભગ નીરોગી રાખે છે. એટલું જ નહિ, સ્ત્રી ગર્ભવતી હોય ત્યારે અનેક ચેપી રોગ એને થતાં નથી અને થાય તો જલદી મટી જાય છે. એનું શું કારણ ? વિજ્ઞાનીઓ માને છે કે ઈસ્ટ્રોજન નામક હોરમોનના પ્રભાવથી લોહીમાં ભળનાર ફેગોસાઈટ્સ સ્કીન શરીરમાં વધારે હોય છે. આથી રોગાણુઓનું ભક્ષણ કરવાની સ્ત્રીના લોહીની શક્તિ વધી જાય છે. સ્ત્રી ગર્ભવતી થતાં જ એને થયેલો વાતરોગ આપોઆપ મટી જાય છે ! ઈસ્ટ્રોજનને પ્રતાપે !

સ્ત્રીની ગંધ પારખવાની શક્તિ પુરુષ કરતાં ઘણી વધારે તીવ્ર હોય છે. કોઈ વસ્તુ સળગવાની કે સડવાની ખબર તેને બહુ જલદીથી મળી જાય છે. કદાચ આથી જ સુગંધી પદાર્થો પ્રત્યે સ્ત્રીઓને વિશેષ આકર્ષણ હોય છે. પુરુષ કરતાં સ્ત્રી વધુ મક્કમ મનવાળી હોય છે એની ઘૃણાની અને પ્રેમની ભાવનાઓ પુરુષ કરતાં ઘણી વધુ તીવ્ર હોય છે. એ કદી કોઈ ઉતાવળિયો નિર્ણય કરતી નથી. પરંતુ એકવાર નિર્ણય કરી લીધા પછી એમાંથી ડગતી નથી. બહુમતી પ્રેમ કિસ્સાઓમાં જોવામાં આવ્યું છે કે, ભાગી છૂટવાનો નિર્ણય કર્યા પછી પુરુષ ઢચુપચુ થતો હોય છે, પણ સ્ત્રી અડગ રહે છે.

ટૂંકમાં, સ્ત્રી શારીરિક અને માનસિક દૃષ્ટિએ પુરુષનું લઘુ અને નિર્બળ રૂપ છે એવું ઘણા માને છે એ ખોટું છે. વાસ્તવમાં કાર્યક્ષમતા, ચોકસાઈ, નિરંતર કાર્યદક્ષતા જેવી બાબતોમાં એ પુરુષ કરતાં ઘણી વધારે શક્તિશાળી છે. સ્ત્રીને લઘુતાની દૃષ્ટિએ જોવાનું મારા પુરુષમિત્રો બંધ કરશે અને સમાનતાનો દૃષ્ટિકોણ અપનાવશે તો જીવન સુંદર બની જશે.

*૪૭-એ, નારાયણનગર, પાલડી,*
*અમદાવાદ-૩૮૦૦૦૭.*
*મો.-.૯૪૨૮૦૪૬૦૪૩*

## ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક

માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક.

ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકની PDF www.gujaratinformation.net લીંક પરથી ડાઉનલોડ કરી શકાશે.

શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ.

રાજ્યભરમાં ૨૦,૦૦૦થી વધુ ગ્રાહકોનું વિશ્વસનીય સાપ્તાહિક.

રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર.

રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી બોર્ડ સહિત કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો, નિગમો, જાહેર સાહસો, બેંક, રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સંકલન.

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક પરિવારના સભ્ય બનો.

વાર્ષિક લવાજમ માત્ર રૂ. 30/-

# દ્વારિકા : યુગ યુગ ધ્યાનવિલીન

- *નરોત્તમ પલાણ*

**ભ**ગવાન શ્રીકૃષ્ણની નગરી દ્વારિકા જગપ્રસિદ્ધ છે. દ્વારિકા, ગુજરાત-સૌરાષ્ટ્રમાં છે તે ગુજરાત-સૌરાષ્ટ્રનું ગૌરવ છે. સાહિત્ય-ઈતિહાસ અને હવે પુરાતત્ત્વ- દ્વારિકાને આશરે દશેક હજાર વર્ષ જૂની વસાહત ઠરાવે છે. શ્રીકૃષ્ણને તો પાંચ હજાર વર્ષ થયાં છે. પણ હાલના દ્વારકા-ઓખામંડળના દરિયામાંથી જે નગરના અવશેષો મળ્યા તે દ્વારકા અને હડપ્પા-મોહેંજોદડો કરતાં પણ જૂના સિદ્ધ થાય છે !

ભારતીય પરંપરા એમ માને છે કે જગતભરની પ્રાચીન નગરીઓમાં કાશી-વારાણસી પ્રાચીનતમ નગરી છે. દ્વારકાના સામુદ્રિક સંશોધનોથી દ્વારકા પણ પ્રાચીનતમ નગરી સિદ્ધ થાય છે. અલબત્ત, આ નગરીનું નામ ત્યારે 'દ્વારકા' નહિ હોય, પુરાણો મુજબ 'કુશસ્થલી' હશે. ઋગ્વેદમાં 'કૃષ્ણીય' શબ્દ મળે છે, તે શ્રીકૃષ્ણ માટે છે કે શ્રીકૃષ્ણની વસાહત-રહેઠાણ માટે છે- તે વિચારણીય છે. જે પ્રાચીન વસાહતમાં શ્રીકૃષ્ણે નિવાસ કર્યો તે વસાહત ઋગ્વેદના સમયમાં 'કૃષ્ણીય' નામથી ઓળખાણી હશે. ખેર, એટલું સ્પષ્ટ છે કે ઓખામંડળના દરિયામાંથી છેલ્લે છેલ્લે જે અવશેષો મળ્યા તે દશેક હજાર વર્ષ જૂના છે. અને ગ્રીસ દેશના રોમ, ટ્રોય, ઈથિકા જેવી અતિ પ્રાચીન નગરીની હરોળમાં દ્વારકાને મૂકી આપનારા છે. કહો કે હવે એકવીશમી સદીમાં દ્વારકા જગતભરની પ્રાચીનતમ નગરીઓમાં સ્થાન પામી છે. સાંપ્રત સમયના આ સંશોધનોને ટૂંકમાં જોઈએ તો શ્રીકૃષ્ણના ઉત્તરજીવનમાં વસેલી દ્વારકા, એના પૂર્વકાળની કુશસ્થળી તથા હાલની દેવભૂમિ દ્વારકા અતિ લાંબો ઈતિહાસ અને અતિ પ્રાચીન અવશેષો ધરાવે છે. આ પણ ખાસ નોંધવું જોઈએ કે સાહિત્ય અને ઈતિહાસના જૂનામાં જૂના ઉલ્લેખો શ્રીકૃષ્ણના ઉત્તરજીવનના છે. શ્રીકૃષ્ણના પૂર્વજીવન વિશેના સાહિત્યિક અને ઐતિહાસિક પુરાણો પ્રમાણમાં અર્વાચીન સમયનાં છે ! પુરાતત્ત્વની નજરે આજે ગોકુળ અને વૃંદાવનના પુરાવા માંડ છેલ્લા પાંચસો વર્ષના છે ત્યારે કુશસ્થલી અને દ્વારકાના પુરાવા આઠથી દસ હજાર વર્ષના છે. ઋગ્વેદ જેવા અતિ પ્રાચીનતમ ગ્રંથમાં દ્વારકા છે પણ ગોકુળ-વૃંદાવન નથી. એમ લાગે છે કે શ્રીકૃષ્ણની બાળલીલાઓ પાછળનું ઉમેરણ છે. શ્રીકૃષ્ણની બાળલીલા પૂતનાવધ, શકટભંગ, તૃણાવર્તવધ, યમલાર્જુનપાત, બકાસુર - અઘારસુરવધ, કાલીયદમન, ગોવર્ધનધરણ વગેરે બે હજાર વર્ષથી જૂના નથી. શ્રીકૃષ્ણ સંબંધી પાંચેક હજાર વર્ષના પુરાવા શ્રીકૃષ્ણના ઉત્તરજીવનના જ છે. શ્રીકૃષ્ણ મથુરા છોડીને દ્વારકા આવે છે, ત્યારથી શ્રીકૃષ્ણનું ઉત્તરજીવન આરંભ પામે છે. આ સમયે શ્રીકૃષ્ણની ઉંમર ૩૨ વર્ષની છે. ૩૨થી ૫૭ કુલ ૨૪ વર્ષ શ્રીકૃષ્ણ દ્વારકામાં રહ્યા છે. આ ૨૪ વર્ષમાં રુકમણિહરણ, સ્યમંતકમણિનો પ્રસંગ, જાંબુવતી અને સત્યભામા સાથે વિવાહ, પારિજાતહરણ, નરકાસુરવધ, કાલિન્દી-મિત્રવિંદા-ભદ્રા-સત્યા અને લક્ષ્મણા-ક્રમશઃ આ પાંચ સાથે લગ્ન એટલે કુલ અષ્ટ પટરાણીઓ, આઠે પત્નીઓને પુત્ર જન્મ. આ પછી ૫૮મા વર્ષે ફઈના દીકરા પાંડવોને સહાયભૂત થવા દ્વારકાથી હસ્તિનાપુર ગમન, પાંડવોની સાથે (યુદ્ધમાં સારથી વગેરે) કુલ ૨૬ વર્ષો શ્રીકૃષ્ણ દ્વારકાની બહાર વિતાવે છે અને મહાભારત યુદ્ધ પૂરું થયા પછી પોતાની ૮૫ વર્ષની વયે શ્રીકૃષ્ણ પુનઃ દ્વારકા આવે છે. આ પછીના ૩૬ વર્ષ પરિવાર સાથે દ્વારકામાં જ રહે છે અને ૧૨૦ વર્ષની વયે પ્રભાસપાટણમાં તેમનો દેહાંત થાય છે.

દ્વારકાથી પ્રભાસ સુધીમાં જે જે પ્રસંગો બન્યા તેનાં શિલ્પો, ચિત્રો અને શિલાલેખો મળે છે. મહાભારત યુદ્ધમાં શ્રીકૃષ્ણે જે જે પ્રસંગોમાં આગેવાની લીધી તે દરેક વિશે હજારો સાહિત્યિક પુરાવાઓ છે. 'મહાભારત' જેવું આપણા દેશનું એક મહાન ઐતિહાસિક મહાકાવ્ય શ્રીકૃષ્ણના કેન્દ્રસ્થાને જ લખાયું છે. દૂર કંબોડિયાના મહાન વિષ્ણુ મંદિર અંકોરવટ્ટમાં તેના સેંકડો શિલ્પ પ્રાપ્ત છે.

અસ્તુ. શ્રીકૃષ્ણના ઉત્તરજીવનના જેટલા પુરાવાઓ છે, તેના કરતાં ચોથા ભાગના પુરાવાઓ પણ શ્રીકૃષ્ણના પૂર્વજીવનના નથી ! શ્રીકૃષ્ણની બાળભક્તિ તે 'ધર્મ'ની વાતો છે, ઈતિહાસની નહિ. ઈતિહાસ તો દ્વારકાનો જ છે અને તે અતિ પ્રાચીન છે. ગુજરાતી સાહિત્યમાં 'કવિશ્રી'ના માનવંતા પદથી જેમનો સાદર ઉલ્લેખ થાય છે તે કવિશ્રી ન્હાનાલાલે દ્વારકા વિશે મન મૂકીને લખ્યું છે. કવિશ્રી કહે છે કે 'વિશ્વે દ્વારિકા સ્હોતી બ્રહ્મભર્ગથી-' મહાસાગર જેની આરતી ઉતારે છે તે દેવભૂમિ દ્વારકા 'યુગ યુગ ધ્યાનવિલીન' નગરી છે.

કવિશ્રી ન્હાનાલાલના આ 'યુગ યુગ ધ્યાનવિલીન' શબ્દો, દ્વારકામાં થયેલા પુરાતત્ત્વ સંશોધનોથી આજે સિદ્ધ થયેલા છે. આપણે દ્વારકાનાં છેલ્લાં બે મહાન ઉત્ખનનોથી આ વાત સમજીએ : પહેલું ખોદકામ ૧૯૬૩ અને બીજું ૧૯૭૯માં છે. પહેલું ખોદકામ ડક્કન કોલેજ અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે ડૉ. હસમુખ સાંકળિયાના માર્ગદર્શન હેઠળ થયું હતું. આ ખોદકામનો રિપોર્ટ પણ ૧૯૬૬માં પ્રસિદ્ધ થયો. આ ખોદકામ આજના જગતમંદિરની બાજુના એક, વીશ ચોરસ ફૂટ ઓરડામાં થયેલું. ગામ કરતાં મંદિર કંઈક ઊંચા ટેકરા ઉપર છે, આ ટેકરા ઉપર અતિ ગીચોગીચ વસવાટ છે. ખરેખર તો આ આખો ટેકરો ખરીદી લઈને અતિ વિશાળ પાયે અહીં ખોદકામ

થવું ઘટે, પણ વસવાટ અને સંખ્યાબંધ ધર્મસ્થળોના કારણે તે અશક્ય છે. આખર આ ઓરડો ખરીદી લઈ તેમાં ચાલીશ ફૂટ ઊંડે સુધી ખોદકામ થઈ શક્યું, પછી રેતી અને દરિયાના પાણી આવી ગયા. સાહસ તો આપણા એક મોટા ગજાના વિદ્વાન પરાતત્ત્વવિદ્ ડૉ. હસમુખ સાંકળિયાનું હતું ! તેઓ આ ખોદકામ દરમિયાન છેક સુધી નીચે ઊભા રહ્યા હતા ! આટલી જગ્યામાં, આટલે ઊંડે સુધી બે મજૂરો ખોદે તેની સાથે ઊભા રહેવું તે જીવનું જોખમ હતું ! ઓરડાની રેતાળ દીવાલો ક્યારે ધસી પડે તેનો સતત ભય પણ હતો ! આશરે ચાલીશ ફૂટ ઊંડે સુધી પહોંચી શકાયું ત્યાં સુધીમાં જે નિશાનીઓ મળી તેના આધારે એમ સ્પષ્ટપણે તારવી શકાયું કે દ્વારકાના આજના વસવાટ નીચે બીજા કુલ છ વસવાટો છે ! એટલે કે આજની દ્વારકા તે સાતમી દ્વારકા છે ! સૌથી નીચે આવેલી દ્વારકાના જે અવશેષો છે તે આશરે ઈ.સ. પૂર્વે પંદરમી સદી આસપાસના છે. અતઃ મૂળની દ્વારકા ત્રણ-સાડા ત્રણ હજાર વર્ષ જૂની દ્વારકા છે.

આપણી પૌરાણિક માન્યતા શ્રીકૃષ્ણને પાંચ હજાર વર્ષ જૂના માને છે. આ માન્યતા સુધી આ અવશેષો પહોંચી શક્યા નથી. વિશ્વભરના જિજ્ઞાસુઓ નિરાશ થયા પણ ડૉ. સાંકળિયાએ આ ખોદકામની મર્યાદા બતાવી. અહીં વિસ્તૃત ઉત્ખનન થઈ શક્યું નથી. સાચા નિર્ણય ઉપર આવવા માટે વ્યાપક ખોદકામ થવું જોઈએ. સુખદ આશ્ચર્ય એ થયું કે સોળ વર્ષ પછી આજના જગતમંદિરની ગામ તરફની ચોકી ખસેડવી પડે એટલી જર્જરિત થઈ ગઈ હતી તેને ખસેડવામાં આવી અને ઘણી વધુ જમીન ખુલ્લી થઈ ! આ ખુલ્લી જમીનનો લાભ લઈને સુપ્રસિદ્ધ પુરાતત્ત્વવિદ્ એસ.આર.રાવે, કેન્દ્ર સરકારના પુરાતત્ત્વ વિભાગને જાણ કરી તથા પોતાની યોજના મૂકી. સદ્ભાગ્યે ધ્યાન ઉપર લેવાયું અને દ્વારકામાં આજ સુધીનું સૌથી વિસ્તૃત ખોદકામ થયું. ૧૯૭૯ના આ ખોદકામનો રિપોર્ટ સરકારી તંત્ર તો જ્યારે બહાર પાડે ત્યારે પણ વ્યક્તિગત ધોરણે એસ.આર.રાવ તરફથી ૧૯૯૯માં 'ધ લોસ્ટ સિટી ઓફ દ્વારકા' પ્રસિદ્ધ થયું. દ્વારકામાં જમીન ઉપર થયેલા આ બન્ને ખોદકામોનો મુખ્ય તફાવત એ છે કે ૧૯૬૩માં આજની દ્વારકા તે સાતમી દ્વારકા હોવાનું નજરમાં આવ્યું હતું, જ્યારે ૧૯૭૯માં આજની દ્વારકા તે આઠમો વસવાટ હોવાનું જાહેર થયું છે. આ આજની આઠમી દ્વારકા ૧૬૦૦ પછી ક્રમશઃ વિકાસ પામી છે, તેમાં ખનિજ, મીઠું અને મચ્છીના ઉદ્યોગો મુખ્ય કારણ છે.

આજે એકવીશમી સદીમાં ૨૦૦૫થી થઈ રહેલાં દરિયાઈ પુરાતત્ત્વનો ફાળો, વિશિષ્ટ કહેવાય એવાં તથ્યો ઉપર પ્રકાશ ફેંકનારો બન્યો છે. ૧૯૭૯ના ખોદકામે અહીંના અવશેષો સિન્ધુસભ્યતા સુધીના હોવાનું નજરમાં આવ્યું હતું, જ્યારે ૨૦૦૫ પછીના દરિયાના પાણીમાં તળિયે પડી રહેલા અવશેષો બહાર આવ્યા છે અને તે નિઃશંક, સિન્ધુ-સભ્યતા પૂર્વેના છે. હજુ આજે ૨૦૧૯માં સ્થિતિ પ્રવાહી છે, પરંતુ દરિયામાંથી જે વસ્તુઓ મળી છે તે આઠ હજારથી વધુ પ્રાચીન અને આશરે દશેક હજાર વર્ષ જૂની છે.

યાદ રહે : આ દ્વારકાના અવશેષો છે, શ્રીકૃષ્ણના કોઈ મંદિરના નથી. આપણે આજે તેને 'દ્વારકા' કહીએ છીએ પણ દશ હજાર વર્ષ પૂર્વે તેનું નામ 'કુશસ્થલી' હશે અથવા કોઈ બીજું - હા, અહીં દરિયામાં એક નગરના અવશેષો છે અને તે અતિ પ્રાચીન છે એટલું સ્પષ્ટ છે. કુશસ્થલીના ખંડેર ઉપર શ્રીકૃષ્ણ દ્વારા દ્વારકાનું સર્જન છે. આ પહેલી દ્વારકા પૂરાં સો વર્ષ પણ ટકી નથી. બત્રીશ વર્ષના શ્રીકૃષ્ણ દ્વારકા વસાવે છે અને એકસો વીશ વર્ષની ઉંમરે શ્રીકૃષ્ણ દેહત્યાગ કરે છે, ત્યારે દ્વારકા પણ સમુદ્રમાં ડૂબી જાય છે. આમ પ્રથમ દ્વારકા માત્ર અઠ્યાસી વર્ષ અસ્તિત્વમાં રહી છે. આ પછી તુરત એ જ સ્થળે બીજી દ્વારકા વસી છે. આમ કુલ આજની આઠમી દ્વારકા હયાત છે. આ જ સ્થળે ફરી ફરી દ્વારકા વસી હોવાનું કારણ દરિયાઈ વેપાર લાગે છે. ખોદકામ દરમિયાન પ્રથમની દ્વારકા ઉપર પાંચ પાંચ ફૂટનો રેતીનો થર નજરમાં આવ્યો છે. દ્વારકા ઉપર દરિયા ફરી વળ્યો - એવી પૌરાણિક માન્યતા આ પુરાવાઓથી સિદ્ધ થાય છે.

ખોદકામ દરમિયાન જે એક પછી એક દ્વારકા નજરમાં આવી, તેમાં પ્રથમની બે દ્વારકામાં મંદિરના કોઈ અવશેષો નથી. ત્રીજી દ્વારકામાં મંદિરના અવશેષો છે. આ ત્રીજી દ્વારકા આજથી બે હજાર વર્ષ પહેલાં વસી હશે, કારણ કે મંદિર સ્થાપત્યનો આરંભ છેલ્લાં બે- અઢી હજાર વર્ષથી જ છે.

ગુજરાતમાં સૌથી જૂનામાં જૂનો મંદિરનો પુરાવો જામનગર જિલ્લાના ગોપ ગામમાં છે. સોમનાથમાં પણ જૂનાં મંદિરો છે અને શિલાલેખનો લેખિત પુરાવો જૂનાગઢના અશોક શિલાલેખમાંના સ્કન્દગુપ્તના ઈ.સ. ૪૫૬ના લેખમાં મળે છે. 'ચક્રપાલિત' નામના સુબાએ ગિરનારની બરોબરી કરે એવું ભગવાન વિષ્ણુનું મંદિર બંધાવી આપ્યાનો અહીં ઉલ્લેખ છે. અતઃ સૌરાષ્ટ્રમાં છેલ્લાં બે હજાર વર્ષથી મંદિરો છે. દ્વારકામાં પણ આશરે બે હજાર વર્ષથી વિષ્ણુમંદિર પ્રમાણી શકાય છે. આ મંદિર પાંચ વખત ધ્વંસ થયું છે અને હાલનું અતિ ઊંચા શિખરવાળું ઈ.સ. ૧૬૦૦ સુધીમાં સર્જન પામ્યું છે. ઓખામંડળના વાઘેરોના સ્વાતંત્ર્યસંગ્રહ વખતે આ મંદિર અંગ્રેજોના હાથે તૂટ્યું છે અને ૧૮૬૧માં મહારાજા ખંડેરાવ દ્વારા જીર્ણોદ્ધાર પામ્યું છે. ૧૯૦૩માં સયાજીરાવ ગાયકવાડ દ્વારા આ મંદિરનો સુવર્ણકળશ ચડ્યો છે.

સવારસાંજના પ્રકાશમાં સમુદ્ર અને ગોમતી નદીના સંગમ ઉપર પોતાની સોનેરી આભા લહેરાવતું આ મંદિર અને તેની છત્રછાયામાં વસેલું દ્વારકા, સમગ્ર દેશની યુગ યુગ ધ્યાનવિલીન એક મહાન નગરી છે.

*'દર્શન' ૩, વાડી પ્લોટ, પોરબંદર - ૩૬૦૫૭૫*
*મો. ૯૫૩૭૮૭૭૦૭૦*

# કંઠનો કામણગાર : પ્રાણલાલ વ્યાસ

- જોરાવરસિંહ જાદવ

**કા**ઠિયાવાડની કરમી ધરતીની તાસીર જ કંઈક અલગ છે. આ ધરતીને માથે સંતો, મહંતો, જતિ, જોગીઓ, ભક્તો અને ભજનિકોની ભરમાર જોવા મળે છે. અસંખ્ય નાની-અનામી ભક્તહૃદયી ભજનિકોના તંબૂરના તારે અને એમના મહેંકતાં ગળામાંથી ટપકતાં ભાવવાહી ભજનો અને ભજન પરંપરાઓ કચ્છ, સૌરાષ્ટ્રની સંસ્કૃતિ અને સંસ્કારોને સૈકાઓથી ધબકતાં રાખ્યાં છે. સદ્ગત ભક્તકવિ દુલાભાયા કાગ, નારાયણસ્વામી, કાનદાસ બાપુ, હેમુ ગઢવી, મોહનલાલ રાયાણી, કનુ દેવીદાન બારોટ, અમરદાસ ખારાવાલા, અભરામ ભગત અને ઈસ્માઈલ વાલેરા જેવા પ્રથમ પંક્તિના ભજનિકોમાં એક આગવું નામ પ્રાણલાલ વ્યાસનું છે. પંદર સોળ વર્ષની વયે ભજનગાયકીનો ભેખ ધારણ કરી અડતાલીસ અડતાલીસ વર્ષ લગી ભજનની દુનિયાને ગાજતી રાખનાર પ્રાણભાઈએ ભજન, લોકગીત, કવ્વાલી કે બીજું કશુંએ ન ગાયું હોત ને માત્ર ‘મેરામણ માઝા ન મૂકે, ચેલૈયો સત ના ચૂકે’ અને ‘ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું.’ બે જ ભજનો વડે એમને આજના જેટલી કીર્તિ વરી ચૂકી હોત ! ભજન ગાયકીની બુલંદી વડે આજેય તેઓ કચ્છ, કાઠિયાવાડના લોકહૈયા પર અવિચળ રાજ કરે છે. ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું એ ભજન દ્વારા પ્રાણભાઈએ કુંવારી કલ્પનાના કવિ ‘દાદ’ ને પણ જનતાજનાર્દનના હોઠ અને હૈયાં સુધી પહોંચાડી દીધા છે.

**કાઠિયાવાડની કરમી ધરતીની તાસીર જ કંઈક અલગ છે. આ ધરતીને માથે સંતો, મહંતો, જતિ, જોગીઓ, ભક્તો અને ભજનિકોની ભરમાર જોવા મળે છે. અસંખ્ય નાની-અનામી ભક્તહૃદયી ભજનિકોના તંબૂરના તારે અને એમના મહેંકતાં ગળામાંથી ટપકતાં ભાવવાહી ભજનો અને ભજન પરંપરાઓ કચ્છ, સૌરાષ્ટ્રની સંસ્કૃતિ અને સંસ્કારોને સૈકાઓથી ધબકતાં રાખ્યાં છે**

પ્રાણભાઈની ઘણીબધી કેસેટો અમારા ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના સંગ્રહમાં સચવાઈ છે. જ્યારે એમાંના ભજનો અને લોકગીતો સાંભળું છું ત્યારે એમની સાથેના અનેક સંસ્મરણો એક પછી એક આળસ મરડીને બેઠાં થાય છે અને હૈયામાં હડિયાપાટી લેવા માંડે છે. વાત છે આજથી ૪૫-૫૦ વર્ષ પૂર્વેની. આકાશવાણી, રાજકોટ દ્વારા શ્રી હેમુ ગઢવીની આરંભાયેલી લોક સંગીતયાત્રાની જાણે કે વસંત પ્રગટી હતી. લોકસંગીતના આ સુવર્ણકાળે અમદાવાદમાં શ્રી વસંતભાઈ સલોત અને શંકરભાઈ રાવળ દ્વારા ‘રસધારા’ અને ત્યારબાદ શ્રી મધુસૂદન વ્યાસ દ્વારા લોકસાંસ્કૃતિક વર્તુળ ‘ડાયરો’ અને શ્રી રતિકુમાર વ્યાસ અને અમે થોડા કલાપ્રેમી મિત્રોએ ‘ગુજરાત લોકકલા કેન્દ્ર’ની સ્થાપના કરી સૌરાષ્ટ્રના લોકસંગીતને અમદાવાદમાં ગૂંજતું કર્યું હતું. એનો એક આગવો ચાહકવર્ગ ઊભો કર્યો હતો. સૌરાષ્ટ્રના આ લોકસંગીત-લોકગીત, ભજન અને દુહાની સફર ગુજરાતી ફિલ્મો સુધી પહોંચવી શરૂ થઈ હતી. એવા સમયે અમદાવાદના મંગળદાસ ટાઉન હોલમાં ડાયરાનું આયોજન કરાયેલું.

આ ડાયરામાં જાણીતા લોકગાયકો, લાખાભાઈ ગઢવી, કનુ દેવીદાન બારોટ, દિવાળીબહેન ભીલ, દમયંતી બરડાઈ, પ્રફુલ્લ દવે, ભારતી કુંચાલા, બાલકૃષ્ણ દવે જેવા સુરિલા ગાયકો અને બોધવૃંદમાં હાજી રમકડું, નાનજીભાઈ મિસ્ત્રી જેવા સમર્થ વાદકોની વચ્ચે ઈન્ટરવલ પૂર્વે એક યુવાન ભજનિકે પોતાની બેઠક લઈ હાર્મોનિયમ હાથમાં લીધું. ભરાવદાર ચહેરો, મધ્યસરની મૂંછા માથે વાંકડિયા ઓડિયા, અંગ માથે મરુન કલરની કફની, ગળામાં ચાર પાંચ માળાયું, પંજાની આંગળિયું રંગબેરંગી નંગવાળી



વિંટિયું પહેરેલી. ભજન પર આવતા મોર્ય હારમોનિયમ પર આંગળિયું રમાડતાં રમાડતાં સુરિલા સાદે સાખિયું ઉપાડી.

*મુખ દિયો પ્રભુ ભજનકો, સુનન દિયો હે કાન,*
*તરનેકું આધિનતા, બુડનકું અભિમાન.*

★ ★ ★

*લઘુતામેં પ્રભુ બસે, પ્રભુતા સે પ્રભુ દૂર,*
*કીડી મિસરી ચૂન લે, હાથી ફાકત ધૂળ.*

★ ★ ★

*ધન રહે ન જોબન રહે, ન ગામ ઓર ઠામ,*
*તુલસી જગ મેં જશ રહે, કર દે કિસીકા કામ.*

પછી વાદી-સંવાદી સાખીથી પ્રેક્ષકો પર જાણે કે છવાઈ ગયા.

*રાજા કીનકા ગોઠિયા, જોગી કિનકા મિત,*
*વેશ્યા કીનકી અસ્તરી, ઔર કોન વેશ્યાકા કંથ ?*

★ ★ ★

*રાજા ગરજ કા ગોઠિયા, જોગી જતિકા મિત,*
*વેશ્યા દામ કી અસ્તરી, દામ વેશ્યા કા કંથ.*

આ સાંભળતાં જ હોલમાં તાળીઓનું જાણે કે સરવડું વરસ્યું. તાળીઓનો અવાજ ઓસર્યો. પ્રજ્ઞાચક્ષુ કલાકાર નાનજીભાઈ મિસ્ત્રીએ વાયોલિન ઉપરથી કરુણ સ્વરો વહેતાં મૂક્યા. રમતિયાળ હાજી રમકડુંએ ઢોલક ઉપર માથે થાપ આપી અને ચેલૈયાનું ભજન આરંભાયું.

*મે'રામણ માઝા ન મૂકે,*
*ચેલૈયો સત ના ચૂકે...*





**આ ભજન પૂરું કરીને તરત જ કવિ 'દાદ'ની યાદગાર રચના 'ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું' આરંભી ગીત પૂરું થયું ત્યાં હોલમાં વધામણાંનું વાવાઝોડું વરસ્યું, 'વન્સમોર'... 'વન્સમોર'ના અવાજ આવતા રહ્યા ને પડદો પડી ગયો**

આ ભજન પૂરું કરીને તરત જ કવિ 'દાદ'ની યાદગાર રચના 'ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું' આરંભી ગીત પૂરું થયું ત્યાં હોલમાં વધામણાંનું વાવાઝોડું વરસ્યું, 'વન્સમોર'... 'વન્સમોર'ના અવાજ આવતા રહ્યા ને પડદો પડી ગયો. અવાજની બુલંદી વડે શ્રોતાઓને મંત્રમુગ્ધ કરનાર એ નવયુવાન કલાકાર હતા શ્રી પ્રાણલાલ વ્યાસ. પ્રાણભાઈ અને એમના અવાજ સાથે આ મારી પ્રથમ ઓળખ. પછી તો અમારા કાર્યક્રમોમાં તેઓ અવારનવાર આવતા રહ્યા. સરકાર નિયુક્ત એક કમિટિમાં અમારા બંનેની સાથે નિયુક્તિ થતાં અમે વધુ નજીક આવ્યા ને અમારા સંબંધો વધુ ગાઢ બનતા રહ્યા.

સને ૧૯૪૧માં માણાવદરમાં એમનો જન્મ. પિતા પોસ્ટ ખાતામાં નોકરી કરે. બદલી થતાં તેમને જૂનાગઢ આવવાનું થયું. પિતાને સાધુ સંતોમાં અપાર આસ્થા. એને કારણે એમના આંગણે માર્ગી સાધુઓની અવરજવર રહેતી. તેઓ ભજનો ગાતાં. એ કિશોર વયે બાળક પ્રાણ મુગ્ધભાવે સાંભળ્યા કરે. પંદર વર્ષની વયે તો સાધુઓની સંગતમાં એણે તબલાં વગાડવા માંડ્યાં. પછી તબલા વગાડવા કરતાં ભજન ગાવામાં વધુ મજા આવશે એવું વિચારી એક હાથમાં એકતારો એ બીજા હાથમાં મંજિરા લઈ ભજનયાત્રાનો આરંભ કર્યો. ભજન ગાયકીના શ્રીગણેશ અહીંથી મંડાયા. ભજન સાથે એમણે લોકગીતો ય ગાયાં. કવ્વાલીઓ પણ ગાઈ.

રાજ્ય સરકારે પ્રાણભાઈના જીવન વિષયક તૈયાર કરાવેલ દસ્તાવેજી ફિલ્મમાં પોતાની કેફિયત આપતા

તેઓ કહે છે કે, 'તબલાં મૂકીને મેં ભજનના નાના નાના કાર્યક્રમો શરૂ કર્યાં. જૂનાગઢમાં આવ્યા પછી ભવનાથના શિવરાત્રીના મેળામાં જવાનો મારો વણચૂક્યો નિયમ. અહીં સાધુ, સંતોની રાવટીમાં જાઉં ને બે-બે, ચાર-ચાર ભજનો ગાઉં. હું જે રાવટીમાં ભજન ગાઉં ત્યાં મેળો માણનારાની ભીડ થઈ જતી. સાધુ મહાત્માઓના મને આશીર્વાદ મળતા. મેં મારા' જીવનમાં એક પણ મેળો ચૂક્યા વિના એકધારા પિસ્તાલીસ મેળામાં ભજનો ગાયાં છે. ભવનાથના મેળાએ મને જગજાહેર કરી દીધો. મેળાએ મને કીર્તિ અપાવી. સૌરાષ્ટ્ર અને કચ્છની પ્રજાએ ભજનિક તરીકે ખૂબ જ પ્રેમ આપ્યો. આમ સૌરાષ્ટ્રમાં મારો એક આગવો શ્રોતા વર્ગ ઊભો થયો. આકાશવાણી રાજકોટે મને ગામડાંઓમાં ઘેરઘેર પહોંચાડ્યો. ઠેર ઠેર યોજાતા ડાયરામાં મને નિમંત્રણો મળવા માંડ્યાં. મહિનામાં ચારપાંચ દા'ડા માંડ ઘેર રહેવા પામતો. પચ્ચીસ દા'ડા કાહર્યક્રમોની રઝળપાટ રહેતી. આ સ્થિતિમાં મારાં ધર્મ-પત્નીએ મારા કુટુંબને સાચવી લીધું છે. આમ કૌટુંબિક સંતોષ એમને ભારે મોટો હતો.

આમ પ્રાણભાઈ જીવનમાં એક પછી એક પ્રગતિના પગથિયાં ચડતા ગયા. સને ૧૯૭૫માં મુંબઈના એક ડાયરામાં સ્વ. અવિનાશ વ્યાસે પ્રાણલાલનો પ્રાણવાન અને સુરિલો અવાજ સાંભળ્યો. એમણે ગુજરાતી ફિલ્મ 'શેઠ સગાળશા' માટે 'ભાગું તો મારી ભોમકા લાજે' ભજન ગવડાવ્યું. આમ ફિલ્મોમાં પાર્શ્વગાયક તરીકે પ્રાણભાઈનો પ્રથમ પ્રવેશ. પછી તો સને ૧૯૭૫થી લઈને ૨૦૦૨ સુધીમાં





૨૮ જેટલી જાણીતી ફિલ્મોમાં ૩૨ જેટલાં ભજનો ગાયાં છે તે અત્યંત લોકપ્રિય થયાં છે. મુંબઈના એક ડાયરાને યાદ કરતાં તેઓ કહે છે કે, પ્રાણભાઈને ભગવાને વિશિષ્ટ શક્તિ બક્ષી હતી. એમણે રાત્રે નવ વાગ્યે ગણપતિવંદના અને સંધ્યાથી ભજન ગાવાની શરૂઆત કરી તે છેક સવારે નવ વાગે પ્રભાતી ગાઈને ઊભા થયા. એમણે તમામ જાણીતા કલાકારોના ડાયરામાં મોજથી ભજનો ગાયાં છે. ભજનોના ભિષ્મપિતા ગણાતા નારાયણસ્વામી સાથે પણ અનેક કાર્યક્રમોમાં ભજનો ગાયાં છે. અમારા ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના કાર્યક્રમોમાં પણ અલપઝલપ આવતા. એકવાર તારીખ આપે ને આવાનું સ્વીકારે પછી આયોજકને કોઈ ચિંતા નહીં. સમયસર સ્ટેજ ઉપર અચૂક આવી જ જાય. તમારે કોઈવાર યાદ ન કરાવવું પડે. દસેક વર્ષ પૂર્વે ઠાકોરભાઈ દેસાઈ હૉલમાં અમારો કાર્યક્રમ. પ્રાણભાઈ આવ્યા. અમે ક્ષેમકુશળ પૂછ્યા ત્યારે કહેઃ 'હાથે ફ્રેકચર થયેલું એટલે કાર્યક્રમમાં ક્યાંય જતો નહોતો. તમારું નિમંત્રણ મારાથી કેમ ટળાય! ત્રણ મહિના પછી આજ પહેલીવાર તમારા કાર્યક્રમમાં આવું છું.' એ સ્થિતિમાંય ડાયરામાં મોજથી ભજનો ગાયાં ને પ્રેક્ષકોને ખુશખુશાલ કરી દીધાં.

**એમણે તમામ જાણીતા કલાકારોના ડાયરામાં મોજથી ભજનો ગાયાં છે. ભજનોના ભિષ્મપિતા ગણાતા નારાયણસ્વામી સાથે પણ અનેક કાર્યક્રમોમાં ભજનો ગાયાં છે. અમારા ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના કાર્યક્રમોમાં પણ અલપઝલપ આવતા**


ગુજરાતના અને ભારતના લગભગ તમામ મોટા નગરોમાં અને વિદેશોમાં એમણે પોતાના કંઠના કામણ પાથર્યો છે. બજારમાં મૂકાયેલી તેમની ભજન કેસેટોએ ધૂમ મચાવી દીધી. લાખોની સંખ્યામાં કેસેટો ઘરેઘરે ફરતી થઈ ગઈ. ગુજરાતી ફિલ્મો, કાર્યક્રમો, રેડિયો, દુરદર્શન, કેસેટો



દ્વારા નામ અને દામ બંને એમને મળ્યા. પૈસો અને પ્રસિદ્ધિ પ્રાપ્ત કર્યા પછી યે એમના વાણી ને વર્તનમાં કોઈ જ ફેર પડ્યો નહતો તો. અહંને સદાય અળગો રાખીને ચાલનારા અને સંતોની મર્યાદા જાળવી રાખનારા પ્રાણભાઈને પૂ. મોરારિબાપુ, નારાયણસ્વામી, ભારતીબાપુ જેવા સંતોના આશીર્વાદ પણ પ્રાપ્ત થયા છે. એમની સમર્પિત સંગીત સાધનાના ફળસ્વરૂપે રાજય સરકારનો ગૌરવપુરસ્કાર, ફિલ્મોના પાર્શ્વગાયક તરીકેનાય એવોડ્‌ર્ઝ, કાગ એવોર્ડ જેવાં નામાંકિત એવોર્ડઝ પણ એમની કલાની કદરરૂપે પ્રાપ્ત થયા. ગુજરાતી ફિલ્મોના જાણીતા હાસ્ય કલાકાર શ્રી રમેશ મહેતા પ્રાણભાઈના અવાજની બુલંદી માટે કહે છે કે ‘આ માણસ એટલા ઊંચા સ્વરે ભજન ઉપાડે કે વાત ન પૂછો. બીજો કાચોપોચો ગાયક આટલો ઊંચેથી ગાવા જાય તો એની ખોપરી ફાટી જાય. પ્રાણલાલના ગાયા પછી બીજો કોઈ ગાયક જામે જ નહીં ને !’

આમ તો મોટાભાગના કલાકારો માટેની જીવનકેડી કાંટાળી જ જોવા મળે છે. જીવનયાત્રાના વળાંકોમાં, તડકી છાંયડીમાં પ્રાણભાઈએ પોતાની ખુમારી જાળવી રાખી છે. લબ્ધપ્રતિષ્ઠ કલાકારોય ઘણીવાર ઊંમરનો ઉંબરો વટાવી જાય છતાં નિવૃત્તિ લેવાનું ભૂલી જતાં હોય છે, પણ પ્રાણભાઈ ૪૮ વર્ષ સુધી લગાતાર કાર્યક્રમો કરતા રહ્યા. જનતા જનાર્દનના હૈયાં આનંદનો અબિલગુલાલ ઉડાડતા રહ્યા. સાધુ, સંતો અને મહાત્માઓના અંતરમાં ભજનાનંદના રંગસાથિયા પુરતા રહ્યા ને પછી ભજનની દુનિયાને અલવિદા કરી શેષ જીવન પરિવાર સાથે વિતાવતા વિતાવતા શિવજીની ભક્તિમાં પ્રવૃત્ત થયા. રોજ વહેલી સવારે શિવમંદિરમાં જઈ ભોળિયા નાથની ભક્તિ-પૂજા કરતાં કરતાં ભજન ગાઈને ભોળાનાથને રીઝવતા. વર્ષો સુધી સમાજ માટે, શ્રોતાઓને આનંદ પમાડવા માટે ભજનો ગાતાં. જીવનનાં છેલ્લાં વર્ષોમાં ડાયરાને રામેરામ કરીને ભોળાનાથને રીઝવવા માટે ભજનો ગાયાં. શિવપૂજન કરતાં કરતાં અંતરની અભિલાષા વ્યક્ત કરીને શંભુને કહેતા : ‘હે ભોળિયા નાથ! તેં મને બ્રાહ્મણના પવિત્ર ખોળિયામાં જન્મ આપ્યો છે. જીવનભર ભજનો ગાયાં છે. મારી ભક્તિ સાચી હોય તો તું મને આવતા જન્મમાં ભજનિક જ બનાવજે. ભલે મને ભજન ગાવાના ૨ રૂપિયા જ મળે પણ નવો જન્મ લઈને મારે બસ ભજન જ ગાવા છે.’ કેવી ભજનપ્રીતિ ! યોગાનુયોગ તો જુઓ. એમણે શિવરાત્રીના દિવસે જ આ દુનિયામાંથી વિદાય લીધી. જાણે કે ભગવાન શિવે ભજન સાંભળવા માટે પ્રાણલાલ વ્યાસને એમના દરબારમાં બોલાવી લીધા. પ્રાણભાઈ આજે આપણી વચ્ચે ભલે નથી પણ યાદગાર ભજનોએ એમની કીર્તિને અમર બનાવી દીધી છે.

*‘સજ્જન સ્મૃતિ’*
*૨, પ્રોફેસર્સ કોલોની,*
*નવરંગપુરા, અમદાવાદ*
*મો.૯૮૨૪૦૨૮૩૨૬*



# કથાઓ : હેતુ અને અર્થ

*- હસુ યાજ્ઞિક*

**પ્ર**ત્યેક નાની કે મોટી કથા, એ ચાહે પરંપરાગત કહેવાતી આવતી લોકકથા હોય, ધર્મગ્રંથ-પુરાણાદિમાં આવતી કથા હોય, ગયા કાળની કે વર્તમાન કાળની વ્યક્તિકૃત એવી લિખિત કથા હોય, તત્ત્વે સ્વરૂપે પ્રકારે બની ગયેલી મનાતી ઘટનાની હોય, કલ્પિત ને સામાજિક કે ઐતિહાસિક પરિવેશની હોય, બાળ-કિશોર કે પ્રૌઢ માટેની હોય, રસની દૃષ્ટિએ વીર, શૃંગાર, હાસ્ય, વિસ્મયની હોય, મનુષ્ય, પ્રાણી કે દેવ-દેવી, ભૂતપ્રેત, રાક્ષસ, પરીની હોય : કથા પ્રત્યેક પાછળ પ્રગટ કે નિહિત એવો હેતુ હોય છે, એનો વિશિષ્ટ અર્થ હોય છે. કથાશાસ્ત્રનો અભ્યાસ મુખ્યત્વે તો આવી પ્રત્યેક પ્રકારની કથાના હેતુ અને અર્થને જાણીને તેને સ્પષ્ટ કરવાનો હોય છે.

અહીં મારો મુખ્ય ઉપક્રમ, પ્રસ્તુત લઘુ અભ્યાસલેખમાં 'આપણી' કથાઓ પાછળ રહેલા હેતુ અને અર્થને લગતાં કેટલાંક પાસાંઓને બનતા સંક્ષેપમાં, પણ ઉદાહરણો સાથે ચર્ચવાનો છે.

'આપણી કથાઓ' એમ કહીએ ત્યારે એમાં આપણા ગુજરાતનો સમાવેશ થાય છે તે સાથે જ ભારતીય કથાઓનો તેમ જ મૂળ આર્યપરંપરાએ જોડાયેલા ઈરાન અને યુરોપ સ્થિત આર્યોની કથાઓનો પણ સમાવેશ થાય છે. ભારત, ઈરાન અને યુરોપ આ ત્રણે દેશોના આર્યો પ્રાચીનતમ કાળથી, અનેક જૂથોમાં, વિવિધ સમયે સંક્રમિત-માઈગ્રેટ- થયા અને તે તે દેશોમાં કાયમી સ્થાયી થઈ પોતપાતાની આગવી સંસ્કૃતિઓ સ્થાપી અને વિકસાવી. આવાં જૂથો પશુપાલક પ્રજા તરીકે જ પોતાનાં સભ્યતા-સંસ્કૃતિનો વિકાસ સિદ્ધ કરી સંક્રમિત થયાં હતાં. એટલે કે નૃવંશશાસ્ત્રની વિકાસના તબક્કાઓની પરિભાષાઓના પર્યાય પ્રમાણે આવું આર્ય-સંક્રમણ સેવેજ અને બાર્બર અવસ્થા પછીની ત્રીજી સભ્ય અને સંસ્કૃત એવી વિકાસયાત્રાનો તબક્કો પાર કર્યા પછીનું હતું. આ કારણે વંશ, કુટુંબ, શાસનવ્યવસ્થા, ધર્મ, આચાર-નીતિનાં ધોરણો અને આદર્શો સિદ્ધ કરી ચૂક્યાં હતાં. જીવન શું છે, મૃત્યુ પછી જીવની ગતિ શી છે, સમગ્ર પૃથ્વી અને પ્રકૃતિનું સર્જન ક્યારે થયું, કોણે ક્યા હેતુએ કર્યું, સૂર્ય-ચંદ્ર-તારા-નક્ષત્ર-રાશિ કોણે સર્જ્યા, એની માનવસમેત જડ-ચેતન-પદાર્થો પર શી અસર થાય છે, રોજ સૂર્ય ઊગી આથમે, ચંદ્ર વૃદ્ધિ પામી પૂર્ણ રૂપ પામી ફરી ક્ષીણ થાય, નિશ્ચિત સમયે જ શીત, ગ્રીષ્મ અને વર્ષાનું ઋતુચક્ર બંધાય, અકસ્માતે ભયંકર વાવાઝોડું થાય, અતિ વર્ષા થાય, પ્રલય થાય, બધું નાશ પામે અને ફરી પાછું નવસર્જન થાય, મહાધરતીકંપ થાય અને એના પ્રભાવે જ નવસર્જન પામેલી પૃથ્વીનાં જળ પર એક મોટો ખંડ તરતો થયો હોય એનું વિભાજન થાય, એમાંથી જ કાળક્રમે આવા વિભક્ત મહાખંડો અને તેના પણ પેટા ખંડોની વચ્ચે ક્યાંક સમુદ્ર તો ક્યાંક ઊંચા ઊંચા પહાડો અને ધારો ઉપસી આવેઃ આ બધા જ સુખદ અને આપત્તિકર અનુભવો તો માણસને એના આદિમ કાળે જ થયેલા હતા. અને આવા અનુભવોને એનાં કારણો-પરિણામે જ અનેક પુરાકથાઓ-મિથ-જન્મી ! આથી જ મેક્સમૂલર વગેરે ભારતીય-વિદ્યાના (ઈન્ડોલોજી) અભ્યાસીઓ પુરાકથાઓને જ પ્રત્યેક કથાની જનેતા માની. એટલે કે લોકકથા અને એના બીજા પ્રકારોનો જન્મ પુરાકથાઓમાંથી જ થયો છે. આ સિદ્ધાંતનો જોકે બધે સ્વીકાર ન થયો અને લાંબી ચર્ચા ચાલી. એની વિગતોમાં જવાનું મોકૂફ રાખીએ તો પણ ભારતીયવાદીઓનો એક મત એવો છે કે **'કથા'** એ આદિમ મનુષ્યની ભાષા/બોલી સિદ્ધ થઈ એ પહેલાંની ઘટના છે, એનો સ્વીકાર થયો જ છે. એટલે કે માણસે સાર્થ શબ્દોનો વિકાસ કર્યો અને પોતાના વિચારોને, લાગણી-માગણીઓને બોલીને ભાષાનાં માધ્યમે વ્યક્ત કરવાની સિદ્ધિ મેળવી એ પહેલાં જ માણસે કથાના માધ્યમે પોતાનાં સુખ-દુઃખ, અહોભાવ-આશ્ચર્ય-આઘાતના અનુભવો અને તેની પાછળનાં કારણો અને પરિણામે ચિત્કાર, અંગચેષ્ટા-હાવભાવ વગેરેથી કથાના રૂપમાં વ્યક્ત કરેલાં. દાખલો આપીને કહીએ તો આદિમ માનવીએ જડ-ચેતન એવો ભેદ નહીં કરેલો તે ગાળામાં પણ નાના-મોટા બે કાંકરાઓ લઈને કથા બનાવી હશે કે જેમ આપણે સંયોગ કરીને સંતાનો પેદા કરીએ છીએ તેમ આ કાંકરા પણ સંયોગ કરીને બીજાં કાંકરા પેદા કરશે, તે મોટા બની મોટી શિલારૂપે વિકસશે અને તેનો સંયોગ કરીને પર્વત બનાવશે !

**માણસે કથાના માધ્યમે પોતાનાં સુખ-દુઃખ, અહોભાવ-આશ્ચર્ય-આઘાતના અનુભવો અને તેની પાછળનાં કારણો અને પરિણામે ચિત્કાર, અંગચેષ્ટા-હાવભાવ વગેરેથી કથાના રૂપમાં વ્યક્ત કરેલાં**

આમ ભાષા/બોલીના જન્મ પહેલાં જ કથાનો જન્મ થયાનું કલ્પી શકાય. આ કાળે જ પછી આદિમ માનવે **'બધું જીવિત'** છે એમ તારવ્યું અને પછીના તબક્કે **'જે કંઈ પણ**

**જીવિત છે એમાં જીવ(આત્મા) છે'**, એમ સમજણ વિકસાવી. આ 'આત્મા' એ જ પછી 'પરમાત્મા'નું તેમ જ 'પ્રેતાત્મા'નું કલ્પન બાંધ્યું અને એનાં કલ્પનો બંધાયાં ને એ કથાના માધ્યમે મૂર્ત થયાં.

આર્ય પ્રજાએ પશુપાલક હોવાને કારણે જ, વિશ્વની અન્ય પ્રજાને મુકાબલે, દર્શન-ચિંતન-મનન અને પરિણામે 'જ્ઞાન'માં વિશેષ પ્રગતિ કરેલી. ધર્મ અને સામાજિક કૌટુંબિક એકમ, ગ્રામ-કસ્બા-નગર જેવા શાસકીય એકમમાં અગ્રેસર પ્રગતિ કરી. જોકે, આનો અર્થ એ હરગીઝ નથી કે નિગ્રો, ઈજીપ્તિશિયન અને કાળી-પીળી અન્ય જાતિઓ અ-સંસ્કૃત હતી. દરેક જાતિને એના પ્રદેશ ભૌગોલિક સમય (જ્યોગ્રાફિકલ ટાઈમ) જુદા છે, એથી સૌની પોતાની, સ્થળ સમયાનુસાર સંસ્કૃતિ છે. કાચું માંસ કે અન્ન ખાવું કે ભૌગોલિક પરિવેશ-પર્યાવરણ પ્રમાણે વસ્ત્ર ન પહેરવાં. સંસ્કૃતિની પછાત સ્થિતિ નથી ગણાતી !

પરંતુ આની સીધી અસર વંશ-કુટુંબ-સમાજનાં માળખાં પર પડે છે. આર્યોએ બધાં જ સારાંમાઠાં પરિણામો લાવતી પ્રકૃતિક બાબતો પાછળની મૂળ 'ઊર્જા' જુદી પાડી. આ 'ઊર્જા'ઓનું પણ કોઈ એક મુખ્ય પ્રભવસ્થાન કે કેન્દ્ર માન્યું દા.ત. પરબ્રહ્મ અને એનાં અંશ જીવ-શિવ. મૂળ આર્ય જાતિએ મૂળ ઊર્જાના કારક એવા તત્ત્વને 'દેવ' રૂપ આપ્યું. સૂર્ય-ચંદ્ર-તારા-નક્ષત્ર-રાશિ જેવાં દશ્ય ઉપરાંત પૃથ્વી પરનાં અગ્નિ, વાયુ, વરુણ વગેરે દશ્ય અને અ-દશ્ય બન્ને પદાર્થોની ઉત્કટ-અદમ્ય-પ્રભાવક એવી શક્તિને, ઊર્જાને દેવ-દેવીનું રૂપ આપ્યું. રાત્રિસૂક્ત, દેવીસૂક્ત વગેરે અર્થ-સમજપૂર્વક વાંચતાં સમજાશે કે બધાં જ ઊર્જારૂપ તત્ત્વોને દિવ્ય-દૈવી અને કાળક્રમે 'દેવી'નું રૂપ આપ્યું અને કથાના માધ્યમે જ એનું સ્વરૂપ, પ્રકાર, સામર્થ્ય, વ્યાપકતા, ઉગ્ર કે શાંત અને શામક ઉપકારક એવું રૂપ આપ્યું.

**આની સામે ભારત જેટલી જ પ્રાચીન પરંપરા ધરાવતી ઈજિપ્તની સંસ્કૃતિ તપાસતાં જણાશે કે ઈજિપ્તમાં તો છેક ઈસવીસનના પણ આરંભ પછીના સાત દશકા સુધી રાજવંશોમાં સગા ભાઈબહેનનાં લગ્ન થતાં**



આર્યજાતિએ કુટુંબસંસ્થાનો વિકાસ તો એના મધ્યએશિયાના ઉત્પત્તિ-વિકાસના ગાળામાં કર્યો હતો, એક જ લોહીનો સંબંધ ધરાવતાં ભાઈ-બહેન, પિતા-પુત્રી, માતા-પુત્ર વચ્ચેનો દેહસંયોગ-સંબંધ અધર્મ્ય, અનુચિત, અનૈતિક, ઘૃણ્ય, પાપમય છે. એવું નિશ્ચિત થયેલું. એનું કથારૂપ 'ઋગ્વેદ'માં યમ(ભાઈ) અને યમી(બહેન)ના સંવાદમાં છે. ભાઈ પ્રત્યે આકર્ષાયેલી બહેનને યમ આવો સંબંધ અનુચિત છે, તેવું કારણ દર્શાવી નકારે છે ત્યારે કામતપ્ત યમી ગુસ્સે થઈ કાપુરુષ-નપુંસક કહે છે છેવટે યમ કહે છે, 'હે વેલ, અરણ્યમાં અનેક બીજાં વૃક્ષો છે. (અન્ય યુવાનો છે) તારે વળગવું હોય એને વળગ, મને નહીં !' અહીં જોઈ શકાશે કે સગાં ભાઈબહેન વચ્ચેનો દેહસંબંધ- લગ્ન ઉચિત નથી, એવું નૈતિક, સામાજિક, ધાર્મિક ધોરણ હજુ આરંભાયું હતું એવા સાંસ્કૃતિક પરોઢની આ ઘટના છે. એથી જ ભાઈ આવું ધર્મધોરણ સ્વીકારવાના પક્ષમાં છે જ્યારે બહેનને એ માન્ય નથી.

આની સામે ભારત જેટલી જ પ્રાચીન પરંપરા ધરાવતી ઈજિપ્તની સંસ્કૃતિ તપાસતાં જણાશે કે ઈજિપ્તમાં તો છેક ઈસવીસનના પણ આરંભ પછીના સાત દશકા સુધી રાજવંશોમાં સગા ભાઈબહેનનાં લગ્ન થતાં. કથાઓમાં તેમજ ફિલ્મના માધ્યમમાં પણ ઈજિપ્તની અત્યંત ખૂબ સુંદર રાણી કિલઓપેટ્રાની કથામાં જોવા મળે છે કે તેને ખુદની અનિચ્છા છતાં પિતાના દબાણને વશ થઈને પોતાના નાના ભાઈ સાથે લગ્ન કરવાં પડેલાં. અંતે એ મુક્ત થઈ અને અનેક રાજવીઓને મોહની જાળમાં ફસાવી સિઝરને પરણી, એનાથી પુત્રની માતા પણ બની અને અંતે જુલિયસ સીઝરના સાથી એન્થનીને પરણી અને એના યુદ્ધમાં થયેલા મોતની અફવાથી આઘાત પામી જાતે જ સર્પદંશ લઈ આપઘાત કર્યો ! કિલઓપેટ્રાની કામુક મહત્ત્વાકાંક્ષાની કરુણકથાના મૂળમાં પણ મનોવૈજ્ઞાનિક સૂક્ષ્મ કારણ ધ્યાનમાં લેતાં એક સ્ત્રીને ઈચ્છા વિરુદ્ધ કરવું પડતું લગ્ન કેવો પાત્ર વિનિપાત કરી કરુણઅંત લાવે છે તે જોઈ શકાય. મનોવિજ્ઞાનના અભિગમે કથાનું પૃથક્કરણ કરીને અર્થદર્શન-ઈન્ટરપ્રિટેશન- કરીશું તો જ ધ્યાનમાં આવે એવી એ બાબત છે.

લગ્ન પછીનું આર્ય સંસ્કૃતિનું બીજું સર્વોચ્ચ ઉન્નત શિખર તે એકનિષ્ઠા છે. એટલે કે લગ્ન સંસ્થાનો પાયો બંધાયા પછી પણ જાતીય એકનિષ્ઠાનું ધોરણ જન્મ્યું ન હતું. પતિ આતિથ્ય સેવામાં પોતાની પત્નીને પણ અતિથિ ખંડમાં રાત્રે મોકલે, એ ગ્રાહ્ય એવો ચાલ હતો. મહાભારતની શ્વેતકેતુની કથામાં જોઈશું તો એમાં આવા સંબંધ સામેના

વિરોધ અને દામ્પત્યના નવા આદર્શની સ્થાપનાનાં મૂળ જોઈ શકાશે. પોતાની માતાને પિતા રાત્રે અતિથિ સાથે શયન કરવા મોકલે એ શ્વેતકેતુએ સહન ન કર્યું. ઉગ્ર વિરોધ કર્યો અને અંતે એકનિષ્ઠાના આદર્શનું સ્થાપન થયું. વાલ્મીકિએ 'રામાયણ'ની રચના જ અનેક ઉત્તમ આદર્શનું રૂપ આલેખવા કરી છે.ભારતીય રાજવંશના ઈતિહાસમાં એક પત્નીવ્રતધારી અભૂતપૂર્વ રાજવી રામ છે. અહીં જોઈ શકાશે કે દામ્પત્યની સર્વોત્તમ ઉપલબ્ધિ એવા સંતાનની દૃષ્ટિએ જ એકનિષ્ઠ દામ્પત્યનો આદર્શ અંતે સર્વસ્વીકૃત બન્યો.

આર્યોએ મૂળ ઊર્જાનાં કલ્પનોમાં વર્ષાનો દેવ ઈન્દ્ર, વાયુનો દેવ મરુત, અગ્નિદેવ, અત્યંત અદમ્ય એવી કામવૃત્તિની ઊર્જાનાં કલ્પનરૂપ કામ અને રતિ વગેરે મુખ્ય છે. એની સાથે જ ગ્રીસ અને ભારત- બન્ને આર્યશાખાઓમાં થોડાં નામફેરે દેવો છે. બન્ને ધારાઓનાં દેવ-દેવીઓમાં પ્રેમ અને ઘૃણા, સ્પર્ધા અને વૈર, તેમાંથી જન્મતાં યુદ્ધો, માનવ સાથેનો એનો પ્રભાવક અનુબંધ છે. એનાં સૌમ્ય અને રુદ્ર બન્ને રૂપો પૂજાયાં છે. એમની મૂર્તિઓ છે, મંદિરો છે, એમને પ્રસન્ન કરવાનાં વિધિ-વિધાનો છે.

**વાલ્મીકિએ 'રામાયણ'ની રચના જ અનેક ઉત્તમ આદર્શનું રૂપ આલેખવા કરી છે.ભારતીય રાજવંશના ઈતિહાસમાં એક પત્નીવ્રતધારી અભૂતપૂર્વ રાજવી રામ છે**

ભારત અને ગ્રીસની આવી અનેક સમાન કથાઓ છે, જેનો તુલનાત્મક અભ્યાસ સ્વતંત્ર પુસ્તકમાં જ સમાવી શકાય. ભારત અને ગ્રીસની પુરાકથાઓનાં પાત્રો અને કથાઓ વચ્ચેની સમાનતા, ભેદ, એનાં કારણો વગેરે પર પુષ્કળ અભ્યાસ થયા છે. આવી હેરા(રોમન જુનો), હેડિસ (રોમન પ્લુટો) એફ્રોડાઈટ (રોમન વિનસ) એરીસ (રોમન માર્સ), હેફિએસ્ટસ (રોમન વલ્કાન), હરક્યુલીસ, કાર્ટોસ વગેરે જેટલાં પણ ગ્રીક દેવરૂપો છે, તે નામ ફેરે ભારતમાં મળશે. ગ્રહ વિશેની ઉદ્ભવ કથાઓમાં ભારતમાં પૃથ્વીપુત્ર મંગળ, સૂર્યપુત્ર યમ અને તેનો ભાઈ શનિ, બુધ, ગુરુ(દેવગુરુ), શુક્ર (અસુર ગુરુ), અરુણ (સૂર્ય-સારથિ) વગેરેનાં કલ્પનો-કથાઓ બન્નેમાં એક ઉદ્ભવ મૂળની છે. યુદ્ધદેવ હરક્યુલીસ ઝેયૂસનો પુત્ર છે. અત્યંત બળવાન મનાય છે, યુદ્ધદેવ. આ બન્ને પુરાકથાઓમાં કેટલાક શાંત-સૌમ્ય-વરદા છે, કોઈ અતુલિત બળ ધરાવતા સર્વજેતા છે. વંશ સંબંધે સંકળાયેલા છે. કેટલાક દેવો અને તેમનાં વિશિષ્ટ શસ્ત્રોમાં પણ અદ્ભુત સમાનતા છે. દૃષ્ટાંત તરીકે ઝેયુસ અને ઈન્દ્રનું અસ્થિશસ્ત્ર. અસૂરવધ માટે ઈન્દ્રે દધીચિનાં હાડકાંમાંથી વજ્ર બનાવ્યું તે કથા જાણીતી છે. ધાતુની શોધ પહેલાં જ માણસ પ્રાણી અને મનુષ્યનાં હાડપિંજરના કેટલાક ખાસ અંગોનાં તીક્ષ્ણ હાડકાંનો શસ્ત્રના રૂપમાં ઉપયોગ કરેલો તેનાં જ પદચિહ્ન ઈન્દ્રના દધીચિનાં હાડકાંમાંથી બનેલા વજ્રમાં છે. આ શસ્ત્ર કેવું હોઈ શકે, વાસ્તવિક રૂપમાં, આરંભકાળે, તેનો અંદાજ મેળવવો મુશ્કેલ છે. પરંતુ ઈન્દ્રના જ ગ્રીક કલ્પન ઝેયૂસના હાથમાં રહેલા શસ્ત્રનાં ચિત્રમાં જોઈ શકાશે કે તે દેવે કરોડરજ્જુથી જોડાયેલી તીક્ષ્ણ પાંસળિયોવાળું શસ્ત્ર ધારણ કર્યું છે. આ શસ્ત્ર જ એવું છે જેમાં એક સાથે જ લક્ષ્યના દેહમાં અનેક ઘાતક છેદ/ઘાવ પાડી શકાય !

આજ રીતે પર્શ્યન કથામાં પણ યમની કથા યમશીદ રૂપે છે. સામાન્ય રીતે પુરાકથાનું માનવીય પ્રતીકાત્મક રૂપાંતરણ થાય છે. એટલે કે મૂળ વર્ષાદેવ ઈન્દ્ર તો વરુણ, મરુત વગેરેનો અધિપતિ, દેવોનો સેનાપતિ છે. આ જ પુરાકથાનું પછી રૂપાંતરણ થયું અને કોઈપણ યુદ્ધવીરને 'ઈન્દ્ર' કહેવામાં આવ્યો. એ રીતે કાળક્રમે દેવીનું પ્રતીકાન્તરણ માનવ એવી વીરાંગનામાં થયું. એટલે કે વેદ-પુરાણાદિમાં જે કંઈ ઈન્દ્રસૂક્તો છે તે તે અમુક નિશ્ચિત ગાળામાં વાસ્તવિક રૂપમાં અસ્તિત્વ ધરાવતા વીરોના પ્રશસ્તિસ્તુતિગાન છે. માર્કંડઋષિએ પણ જે દેવીપુરાણ રચ્યું અને એમાં મધુ-કૈટભાદિના વધના દેવીનાં શૌર્યનાં, વિજય અને શત્રુઘાતનાં સ્તોત્રો રચ્યાં એમાં પણ વિવિધ કાળે થયેલી વીરાંગનાઓનાં શૌર્યપૂર્ણ કાર્યોનાં જ પ્રશસ્તિસ્તુતિનાં ગાન છે.

આમ, પ્રાકૃતિક મૂળ અનુભવ, એની મૂળ ઊર્જા અને એનું કલ્પન, એ કલ્પનથી મૂર્ત થતું રૂપ અને એની કથા, કાળક્રમે થતું આવાં દેવદેવીનાં રૂપોનું માનવીયરૂપના વાસ્તવિક પાત્રો અને ઘટનાઓનું પ્રતીકના રૂપમાં થતું આરોપણ અને તેમાંથી બંધાતું કથાનું રૂપઃ આ પ્રક્રિયાને ધ્યાનમાં લેતાં જ સ્પષ્ટ થશે કે જે કથાઓને આપણે કેવળ કલ્પના-તરંગના ગુબ્બારા અને અવાસ્તવિક માનીએ છીએ એના પાયામાં તો વાસ્તવિક મનુષ્ય અને ઘટના જ છે. કોઈપણ વ્યક્તિગુણને, આદર્શને, સર્વને સુખશાંતિ આપતાં માનવીય પુરુષાર્થને કથાના રૂપમાં ગાળવામાં આવે છે. મનોવિજ્ઞાન તો ત્યાં સુધી કહે છે કે માનવચિત્ત ક્યારેય બાહ્ય કે સૂક્ષ્મ એવા જગતના તથ્ય, એની વાસ્તવિકતા વગર ક્યારેય કોઈ કલ્પના કરી જ ન શકે.

લોકકથાનો દાખલો લઈએ અપ્સરા, પરી, રાક્ષસ, માનવબોલીમાં બોલતાં અને માનવ જેવું જ વર્તન કરતાં પ્રાણીઓ, ઊડવાની, ભૂતકાળે બનેલું જોવાની, ભવિષ્યને જાણવાની, કાળને સ્થિગત કરીને ધાર્યા પ્રમાણે ભૂત-ભવિષ્ય-વર્તમાન આ ત્રણેને એક સાથે સાંકળવાની શક્તિ, જાતીયપરિવર્તન, દેહનું રૂપાંતરણ આવા અનેક અવાસ્તવિક લાગતા ચમત્કારો કથાઓમાં પ્રયોજાયેલા જોવા મળે છે. દેખીતા અવાસ્તવિક અને કલ્પનાના ગુબ્બારા જેવા ચમત્કારો આલેખતી કથાઓ પાછળ ભૂમિકામાં વાસ્તવ જ જોઈ શકાશે.

દૃષ્ટાંતમાં પ્રાણીમાં આરોપિત ભવિષ્યકથન પાછળનું પ્રાકૃતિક રૂપ જોઈએ. વનમાં વાઘ-સિંહ જેવાં કોઈ પ્રાણીને જોતાં જ વૃક્ષની ઊંચી ડાળીએ બેઠેલો વાનર વૉર્નિંગ કૉલ આપી નીચે ચરતાં ઘાસચારીને સૂચવે છે : 'ભાગો, આપણાં બધાનું જીવતું મોત ત્રાટકવાનું છે.' અન્ય પ્રાણીઓ માટે તો આ ભવિષ્યકથન જ છે, જે બનવા જઈ રહ્યું છે તેનું સૂચન. એ ભાગે છે. આદિમકાળનો અને વનજીવન અવસ્થાનો મનુષ્ય પ્રકૃતિથી એકદમ નજીક અને પરિચિત હતો. ભૂમિગત જીવો જમીન-વાતાવરણના પરિવર્તને આગોતરા જાણી જતાં કે વર્ષા થશે, પૂર આવશે, વાવાઝોડું આવશે, દૂર દૂર વનમાં આગ લાગી છે તે નજીક આવી રહી છે, અને તેમની દરબહારની હલચલ શરૂ થતી, દોડભાગ થતી. વનમાનુષ આનું જ્ઞાન ધરાવતો. કીટકો, સરિસૃપો, પક્ષીઓ વગેરેનાં વાણી-વર્તન-સૂચનને જાણતો-સમજતો. આથી જ પશુ, પક્ષી, અન્ય પ્રાણી અને મનુષ્યમાં, એમની કથામાં ભવિષ્યકથન કરવાની અદ્ભુત શક્તિઓનું આલેખન કરી તેની કથામાં કલ્પનાશ્રમી અભિવ્યક્તિ કરી.

અહીં જોઈ શકાશે કે કોઈપણ કથાના હેતુ અને અર્થને જાણી સ્પષ્ટ કરવા હોય તો આવું કલ્પન, એનું પાત્રરૂપ ઘડતર અને સંલગ્ન એવી ઘટનાઓ પાછળનો જે કંઈ વાસ્તવિક રૂપનો, વાસ્તવના મૂળનો અનુભવ હોય તે જાણવો જોઈએ.

કથાના ઉદ્ભવનો સીધો કોઈ અનુભવ નથી ત્યાં મૂળમાં સામાજિક, મનોવૈજ્ઞાનિક કારણ મૂળ હોય છે. વિશેષતઃ તો મનુષ્યના માનસની ઝંખના, ઈચ્છા, આકાંક્ષા, સંકુલતા, દબાયેલી કચડાયેલી લાગણીઓ, સંસ્કૃતિના કૃત્રિમ આદર્શો પાળવાના નિયમનોમાંથી મુક્તિ, પરિસ્થિતિ-વસ્તુસ્થિતિ-જગત-જીવન-પ્રાપ્તિ વગેરે જે કંઈ જેવું પણ છે એથી નિજની અપેક્ષાનુસાર વિશેષ અનુકૂળ, આસ્વાદ્ય, પૂર્ણ બનાવવાની ઝંખનાઃ આમાંથી જે એક કાલ્પનિક પૂર્ણ એવું વિશ્વ કથાના માધ્યમે રચાય છે.

મૂળ પ્રાકૃતિક અનુભવો અને આંતરમનની ઈચ્છાઓ, આકાંક્ષાઓ પૂર્ણ કરવાના મૂળની સામગ્રી કથાનું રૂપ બાંધે છે. ક્યારેક તો આજે આપણને આશ્ચર્ય થાય એવું કામ પણ કથાએ કર્યું છે. દૃષ્ટાંત તરીકે આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદ કાળ (ટાઈમ) અને સ્થળ (પ્લેસ) : બન્નેની દિક્કાળની સાપેક્ષ સ્થિતિ કથા આપે છે. ઉદાહરણ ભરથરી કથા. એમાં 'સકલ-કાળ'નું કલ્પન છે. એટલે કે કાળનો એક એવો પ્રકાર જેમાં ભૂત-વર્તમાન-ભવિષ્ય ત્રણે એક સાથે સંકળાયેલા છે. સકલ-કાલદર્શનના વિશિષ્ટ 'સમય' (ટાઈમ)માં ભરથરી કાળને પણ ખેલવી અને પોતાનાં જ ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળને પૂર્વભવ, વર્તમાન-ભવ, ભવિષ્યમાં થતો સકાલ-ટાઈમલેસટાઈમ- સાંકળે છે. પુરાણ-કથાની લોકકથામાં એનું નવું જ રૂપ છે. સચોટ કાળ સાપેક્ષ એવી ક્ષણની કથા છે. કુંતીએ કલાડીમાં રોટલો નાખ્યો. જમવાની રાહ જોતાં શ્રીકૃષ્ણ અને અર્જુન નદીએ નહાવા ગયા. અર્જુને નદીમાં ડૂબકી મારી. યોગેશ્વર શ્રીકૃષ્ણે કાળને સ્થગિત કર્યો અને અર્જુનનો બીજો ભવ થયો એવું લાગ્યું. લગ્ન કર્યા, પત્ની અને સંતાનો થયાં. કકળાટ કંકાસમાંથી છૂટવા સંસારનો ત્યાગ કરી સાધુ બની નદીએ નહાવા ગયો ને ડૂબકી મારી જેવો બહાર નીકળ્યો તો શ્રીકૃષ્ણ એની સામે હસતા હતા ! બન્ને ઘરે આવ્યા ત્યારે હજુ કુંતી રોટલાની બીજી બાજુ શેકતા હતાં !

કોઈપણ જટિલ સમસ્યાને ઉકેલવા અને સ્પષ્ટ કરી આપવામાં કથા શું નથી કરતી ? આમ આદિમકાળથી તે સભ્યતા-સંસ્કૃતિના કાળના પ્રાકૃતિક અનુભવો, મનના સૂક્ષ્મતમ એવા ભાવો સંવેદનાઓ-વિચારો, અપૂર્ણ છે તેને જ પૂર્ણ કરવાની ઝંખનાઓ આ બધું જ જે અમૂર્ત છે તે મૂર્ત કરવું, સ્પષ્ટ અને પ્રગટ કરવું, જીવન-જગત-જીવની ગતિ-જીવનહેતુ-સર્વોચ્ચ સિદ્ધિના આદર્શોનું રૂપ બાંધવું, એને કથાત્મક બનાવી મનોરંજક-આસ્વાદ્ય સાથે જ દૃઢ કરવા, માનવકુળના સંસ્કૃતિનો ઈતિહાસ માંડીને તેને અક્ષરબદ્ધ કરી સર્વકાલીન બનાવવો, ધર્મ-સંસ્કૃતિ-સમાજ-રાજ્ય વગેરેના આધારસ્તંભોને પ્રગટ કરવા, આમાં માણસ જ્યાં પણ સર્વોચ્ચ શિખર શૃંગે પહોંચ્યો છે કે ઊંડી ગર્તામાં પડ્યો છે તે કારણ સાથે દર્શાવવું, નીતિબોધ, જ્ઞાન, ઉપદેશને વિશેષ આસ્વાદ્ય-ગ્રાહ્ય-માર્ગદર્શક બનાવવા, અઘરામાં અઘરા, કૂટ, સંકુલ એવાં તથ્યોને પણ સદ્યગ્રાહ્ય બનાવવા : આ બધા જ હેતુઓ લઈને કથા ચાલી છે. એ માત્ર કાલ નિર્ગમ એવું મનોરંજન માત્ર નથી. એ સાથે જ એ બીજું ઘણું કરે છે જે વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર, વિશ્વ સમગ્રની સંસ્કાર-સંસ્કૃતિને ઘડતી પ્રક્રિયા છે- કલ્ચરલ પ્રોસેસ. માણસ બોલતો થાય ત્યારથી માંડીને તે છેક જીવનના અંતની છેલ્લી ઘડી સુધી કથામાધ્યમે જ, એની સાંસ્કૃતિક પ્રક્રિયાએ જ જીવન અને જગતને સમજે છે, આસ્વાદે છે, વિશેષ સુંદર બનાવવાની પ્રેરણા આપે છે. યુગે યુગને કથાએ જ એના મન-હૃદયને સંકોર્યા છે. મહત્તા સાથે મર્યાદા દર્શાવી, ભયસ્થાનો દર્શાવ્યાં, ઉગારવા માટેના પ્રકાશના દીપકો પ્રકટાવ્યા ! વેદની કથાઓ હોય, બૌદ્ધ સ્રોતની કથાઓ- જાતક-કથાઓ

> **મૂળ પ્રાકૃતિક અનુભવો અને આંતરમનની ઇચ્છાઓ, આકાંક્ષાઓ પૂર્ણ કરવાના મૂળની સામગ્રી કથાનું રૂપ બાંધે છે. ક્યારેક તો આજે આપણને આશ્ચર્ય થાય એવું કામ પણ કથાએ કર્યું છે. દૃષ્ટાંત તરીકે આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદ કાળ (ટાઈમ) અને સ્થળ (પ્લેસ)**

હોય, જૈન ધર્મની કથાઓ હોય, કથાસરિતસાગર, પંચતંત્ર, હિતોપદેશની કથાઓ હોય, બોધ-ઉપદેશની કથાઓ હોય, લોકકથાની જ વાત કરીએ તો શીતળામાતાની કથા જેવી વ્રતકથા જ નહીં પરંતુ ચકા-ચકીની બાલકથા હોય : ઉકેલીએ ત્યારે જ માનવીય સંવેદનાને સંકોરતા સાંસ્કૃતિક ઘડતરની પ્રક્રિયા કથા કેવી રીતે કરે છે તે પ્રગટ થાય. એક હતો ચકો ને એક હતી ચકી, ચકો લાવ્યો ચોખાનો દાણો ને ચકી લાવી મગનો દાણો, એમ કરીને ખીચડી રાંધી : યાદ કરો આખી કથા અને જુઓ

૧. પરસ્પર - પૂરક રૂપમાં કામ થાય તો જ દામ્પત્ય સિદ્ધ થાય.

૨. જો કોઈ એમાં છળકપટ-વિશ્વાસઘાત કરે તો દામ્પત્ય ભાંગે જ સાથે એનાં બૂરાં પરિણામ પણ ભોગવવા પડે છતાં

૩. સ્ત્રી જ પત્ની અને માતારૂપે દામ્પત્યનો એવો મજબૂત પાયાનો પથ્થર છે જે પતિના દગા-છળકપટ-જૂઠ બધું સહન કરી જાય છે, સાહજિક પ્રેમના બળે :

જુઓ કથાનો અંત : પતિ ચકાએ રાજાનો કાળિયો કૂતરો ખાઈ ગયો, એવા જૂઠનો આધાર લીધો તો ચકી રાજાને ફરિયાદ કરવા ગઈ ને ચકાનું જૂઠ પકડાયું તો રાજાએ સજા ફરમાવી : લટકાવો ચકાને કૂવામાં ઊંધે માથે !

પત્ની એ જોઈ ન શકી અને - ગાયોના ગોવાળ ગાયોના ગોવાળ

મારા ચકારાણાને કૂવામાંથી કાઢો તો -

ખીરને પૂરી ખવડાવું !

પ્રસ્તુત પરિશુદ્ધ લોકકથામાં ક્યાંય પણ ખુલ્લો કે આડકતરો ઉપદેશ - મૂલ્યબોધ નથી. મમ્મટ જેવા મીમાંસક કહે છે તેવો પ્રિયા-પત્નીના જેવો ગુપ્ત ઉપદેશ નથી. એ પ્રશિષ્ટ મનાતા વ્યક્તિકૃત સાહિત્યનું જ લક્ષણ છે. લોકસાહિત્યનું નહીં. કોઈ પ્રશિષ્ટ લેખક કે કથાપ્રસ્તોતા વ્યાવસાયિક કથક જ્યારે કોઈ પ્રગટ કે ગુપ્ત જ્ઞાન, ઉપદેશાદિ અન્ય હેતુએ, કેવલ મનોરંજન માટે વ્યક્તિગત રીતે કથાકથન કરે છે, ત્યારે સામગ્રી લોકસ્ત્રોતની છે, રજૂઆત નિરૂપણ નહીં. વિષ્ણુશર્માએ તથા તેના પૂર્વસૂરિએ વ્યવહાર-જ્ઞાન, નીતિના હેતુએ પંચતંત્ર, હિતોપદેશની કથાઓનો સંચય આપ્યો ત્યારે મૂળ સામગ્રી તો પ્રચલિત લોકકથાઓ, લોકટુચકાઓ (ફોક એનેકડોટ્સ)ની લીધી પરંતુ પોતાના પ્રગટ હેતુએ, પોતાની વ્યક્તિગત શૈલી-નિરૂપણમાં, અંતે પદ્યમાં બોધ ઉપદેશ તારવીને જ સંપાદિત કરી. આથી એ લોકસાહિત્યની લોકકથા ન કહેવાય, **'લૌકિક કથા'** કહેવાય. ગણપતિ, શિવદાસ, સહુના પૂર્વજ એવા ભવાઈના પિતા અસાઈત અને મધ્યકાળના અંતિમ એકે હજારા જેવા વાર્તાકાર શામળે જે લોકકથાઓને પોતાનાં હેતુ-શૈલી-નિરૂપણે પદ્યવાર્તારૂપે બાંધી એ આથી જ, આ કારણે, લૌકિક સાહિત્યની, પ્રશિષ્ટ વ્યક્તિકૃત લિખિત સાહિત્યની મનાય છે. આ તાત્ત્વિક ધોરણે ગુજરાત સમેત ભારતભરમાં પણ જે સંગ્રહોનો સમાવેશ લોકકથાસંગ્રહમાં કરીએ છીએ તે લૌકિક કથાઓ જ છે. ગુજરાતના આવા આરંભથી માંડીને આજ સુધીના પણ જે હજાર કરતાં પણ વિશેષ સંખ્યાના સંગ્રહો છે તેમાં અલ્પસંખ્ય કથકના જ શબ્દોમાં સંગ્રહાયેલી કથાઓના જ બાદ કરીએ તો નવ્વાણુ ટકાથી પણ વિશેષ સંગ્રહો લૌકિક કથાઓના જ છે. કારણ એ કે સંપાદક લેખક કોઈ મૂળ લોકકથા મનાતી કથા અને મોટેભાગે સ્થાનિક એવા શૌર્ય-બલિદાન-ખાનદાની-ખુમારી-શીલ-આતિથ્યના કિસ્સાઓને મૂલ્ય બોધના હેતુએ જ આપ્યા છે. વિશ્વની કોઈપણ પરંપરાગત લોકકથા ક્યારેય કોઈ સીધા જ ઉપરામણ જેવા જ્ઞાન-બોધ-ઉપદેશ લઈને નથી કહેવાતી થઈ. આ બધું એમાં બહુ સાહજિક રીતે એના આત્મા અને શરીરમાં જ ધબકીને આવે છે.

**વિશ્વની કોઈપણ પરંપરાગત લોકકથા ક્યારેય કોઈ સીધા જ ઉપરામણ જેવા જ્ઞાન-બોધ-ઉપદેશ લઈને નથી કહેવાતી થઈ. આ બધું એમાં બહુ સાહજિક રીતે એના આત્મા અને શરીરમાં જ ધબકીને આવે છે**

ચકા-ચકીની વાર્તા ઉપરાંત બીજી બે કથાઓ તપાસતાં આ વિશેષ સ્પષ્ટ થશે. એમાં પહેલી શીતળામાતાની વ્રતકથા લઈએ. બચરવાળ સ્ત્રી રાંધણછઠ્ઠની રાતે ચૂલો ઠારવાનો ભૂલી ગઈ. શીતળામાતા દાઝ્યાં ને બોલ્યાં, 'જેવી હું બળી તેવાં તારાં પેટ બળજો!' આથી પુત્રને માતા નીકળ્યાં. સ્ત્રી માતાને શોધી પ્રસન્ન કરવા નીકળી. રસ્તામાં એને જેમાં પુષ્કળ કેરીઓ થાય છે પણ સૂડો પણ ચાંચ મારતો નથી અને કેરીમાં કીડા પડે છે એવો આંબો, જેનું પાણી કોઈ પીતું નથી અને લીલ શેવાળથી ગંધાય છે તેવું તળાવ, ગમે તેટલું ખાવા છતાં પેટમાં સતત



લાય બળે છે તેવો મગર, કારણ વગર જ સતત લડતાં બે ખૂંખાર પાડા વગેરે મળે છે અને તેઓ આ સમભાવી સ્ત્રીને માતાને મળીને એમનાં આવાં દુઃખોનાં કારણો અને વારણો પૂછવા જણાવે છે. ભોળી, પરગજુ, સેવાભાવી સ્ત્રીને અંતે શીતળામાતા પસપરુથી ગંધાતી ડોશીના રૂપમાં મળે છે ને માથું સાફ કરી તેલ સીંચવા જણાવે છે. સૂગ, છોછ, તિરસ્કાર તજી સેવાભાવી સ્ત્રી માતાનું ગંધાતું માથું સાફ કરી તેલ સીંચે છે. ડોશી કહે છે : 'હાશ, જેવી હું ઠરી તેવા તારાં પેટ ઠરજો.' એ સાથે પુત્રના શીળી શમતાં સેવાભાવી સ્ત્રી કહે છે, માતાને જાણી જઈને : 'મા, તમે તો મને છેતરી ! મારે તો આંબો, તળાવ, પેટ બળે છે તેવો મગર, કારણ વગર લડતાં પાડા વગેરેના આ ભવના દુઃખનાં કારણ અને તેનાં નિવારણ જાણવાં છે.' શીતળા માતા ખુશ થઈને જણાવે છે! આંબો પૂર્વભવમાં વ્યાજખોર હતો જેણે લોકોને લૂંટ્યા, તળાવ દુષ્કાળમાં કોઠારમાં ભરેલું અનાજ સડવાં છતાં ભૂખ્યાંને ન આપનારો સ્વાર્થી અનાજનો વેપારી હતો, મગર પોતાનું મહત્ત્વ ટકાવવા શિષ્યને પૂરી વિદ્યા ન આપતાં છુપાવી રાખતો ગુરુ હતો, પાડા પૂર્વભવે ન્યાય તોળવાને બદલે લોકોને લડાવી મારતા સરપંચ-મુખી હતા. અને એનાં નિવારણ દર્શાવ્યાં. અહીં જોઈએ છીએ કે ૧. સેવા શુશ્રૂષા જ ઉત્તમધર્મ છે. ૨. વ્યાજનો વ્યવસાય થાય પરંતુ કેવળ અન્યાય-શોષણ કરીને નહીં. ૩. વિદ્યા દાન માટે છે, પોતાના અહમ્‌ના સંતોષ અને મહત્ત્વ માટે નથી. ૪. પંચ-ન્યાયાધીશ પરમેશ્વરના પ્રતિનિધિ છે, જેમણે ન્યાય આપી વિવાદનો બન્ને પક્ષને સંતોષ આપવાનો છે : વાર્તામાં ક્યાંક કોઈ પણ હેતુની કે જ્ઞાનોપદેશની સભાનતા વગર જ બધું જ તેમાં રસાઈને આવે છે. આ મૂલ્યો મૂળ આર્યજાતિની મૂળ સંસ્કૃતિના આધારસ્તંભો છે. આથી આર્યો જ્યાં જ્યાં ગયા ત્યારે આ વાર્તા લઈને ગયેલા. આથી જ ઈરાનમાં આ જ શીતળાકથા નસીબને શોધવા જતા યુવાનની અને યુરોપમાં ઈશ્વરની શોધમાં નીકળેલા યુવાનની કથામાં છે. શામળકૃત 'રૂપાવતી'ના મારા સંપાદનમાં આ કથાઓની વિગત મળશે.

**વાર્તામાં ક્યાંક કોઈ પણ હેતુની કે જ્ઞાનોપદેશની સભાનતા વગર જ બધું જ તેમાં રસાઈને આવે છે. આ મૂલ્યો મૂળ આર્યજાતિની મૂળ સંસ્કૃતિના આધારસ્તંભો છે. આથી આર્યો જ્યાં જ્યાં ગયા ત્યારે આ વાર્તા લઈને ગયેલા**

બીજી પુરાકથાના જ પાયા પર રચાયેલી સૂર્ય-રન્નાની કથા છે. સૂર્ય અને રન્નાદે પડોશી છે, પ્રેમમાં છે, પરંતુ રન્નાદેની માતા સવારે ઊગવાથી માંડી સાંજે આથમવા સુધીની નોકરી કરતા સૂરજને જમાઈ બનાવવા માગતી નથી. સૂર્યની માતાની યુક્તિથી અંતે રન્નાદેની માતાને સૂરજને જમાઈ બનાવવો પડે છે. રન્નાદે પતિની ગેરહાજરીથી દિવસભર જમતી નથી, દૂબળી પડે છે. સૂરજ સમજાવે છે : 'મારી તો નોકરી (કર્તવ્ય) જ એવી છે કે વચ્ચે જમવા ન અવાય. કીડીને કણ અને હાથીને મણ ખાવા મળે પછી જ જમી શકાય'. સૂર્યનો ગર્વ ભાંગવા રન્નાદે યુક્તિ કરી ચાંદલાની ડબ્બીમાં કીડીને પૂરી દે છે જેથી કણ પણ ખાવા ન પામે ! રાતે સૂર્ય જમીને ઊઠે છે ત્યારે રન્નાદે કહે છે : 'તમે ખોટા પડ્યા છો. કીડીને મેં ડબીમાં પૂરી રાખી છે. તેને ખાવા નથી મળ્યું !' સૂર્ય કહે છે સસ્મિત : 'બને જ નહીં ડબ્બી ઉઘાડી જોઈ લે !' રન્નાદે ડબ્બી ખોલીને જોવે છે તો એક ચોખાનો દાણો કોતરીને ખાય છે ! ચાંદલો કરી ચોખા ચોડતા એક ચોખો ડબ્બીમાં પડી ગયેલો ! અહીં જોઈ શકાશે કે સૂર્ય જ સર્વ જીવિત સૃષ્ટિનો પાલક છે, તે રસાઈ-ઘુંટાઈને આવ્યું.

આથી જ કહી શકાય કે કોઈપણ લોકકથા જ્ઞાન-ઉપદેશ-સંસ્કૃતિ-સંસ્કાર-બોધપ્રદ અને યાદગાર માનવ કે રાજવંશની ચડતી-પડતીનો ઇતિહાસ, સમાજ અને ધર્મનીતિના પાયાઓ, માનવનો અન્ય માનવથી માંડીને સમગ્ર પ્રકૃતિ સાથેનો અનુબંધ, જીવન-જગત વિશેની માન્યતાઓ, પરંપરાઓનું સર્જન-પતન-નવસર્જનને નવીનીકરણ, માનવ મનના સ્થૂલ, સૂક્ષ્મ, સંકુલ મનોભાવો વગેરેના દસ્તાવેજ છે. બનેલી કે કલ્પેલી, ધર્મ-નીતિબોધ-ઇતિહાસ-સંસ્કૃતિના કોઈપણ અંગને સજીવ રૂપમાં ધબકતી ક્ષણોને એ બોલાતી ભાષામાં કથાના માધ્યમે આસ્વાદ્યરૂપ આપે છે અને તેનું જ પેઢી દર પેઢી સંપ્રસારણ થતું રહે છે. પરંતુ એ જાણવા માટે કથાની સામગ્રીનો મૂળ સ્રોત, નૃવંશીય વિકાસનો ગાળો, રાજકીય-સામાજિક-સાંસ્કૃતિક પરિવેશ, નૃવંશશાસ્ત્ર-સમાજશાસ્ત્ર-માનસશાસ્ત્ર-કથાશાસ્ત્ર વગેરેની ઉપયોગી સિદ્ધ થયેલી વિવિધ થિયરી અજમાવવી પડે. જો કે, એ ન કરીએ તો પણ કેવળ આસ્વાદનથી જ કથા બધું જ કહી શકે છે.

*૧, પદ્માવતી બંગ્લોઝ, ભાવિનસ્કૂલ-*
*મહાલક્ષ્મી ધામ સામે, થલતેજ,*
*અમદાવાદ-૩૮૦૦૫૯*
*મો. ૯૯૨૪૬૧૬૬૨૦*

# 'નવજીવન' ની શતાબ્દી યાત્રા...

*- ભદ્રાયુ વછરાજાની*

**ઈન્દુચાચાથી ગાંધીજીથી વિવેક સુધીની સો વર્ષોની પ્રકાશન યાત્રા યાદગાર બની છે.**

ભારતીઓને સત્યાગ્રહનું રહસ્ય સમજાવવું હતું અને તેની તાલીમ આપવાની જરૂરિયાત પણ હતી. આ માટે તો પોતાનું સ્વતંત્ર અખબાર ચલાવવું જોઈએ એવો વિચાર ગાંધીજીને આવ્યો. એ વિચારમાંથી નવજીવનનો ઉદય થયો.


અમદાવાદમાં એ સમયે ઈન્દુલાલ યાજ્ઞિક 'નવજીવન અને સત્ય' નામથી માસિક ચલાવતા હતા, તે તેઓએ ગાંધીજીને સોંપ્યું અને ગાંધીજીએ માસિકને સાપ્તાહિક કરી ને તેનું નામ રાખ્યું 'નવજીવન' ૧૯૧૯ના સપ્ટેમ્બરની સાતમી તારીખ. ગાંધીજીના તંત્રીપણા હેઠળ 'નવજીવન' નામથી સાપ્તાહિક રૂપે પ્રસિદ્ધ થયું. નવજીવનનો પ્રથમ અંક એ સમયમાં પાંચ હજાર નકલો સાથે બહાર પડયો! આ સંખ્યા સૌથી વધુ નવજીવનની જ હતી તે કહેવાની જરૂર નથી. નાનકડું નટવર પ્રિન્ટિંગ પ્રેસ નવજીવનને મળેલા અસાધારણ આવકારને પહોંચી વળે તેમ ન હતું. વળી, ગાંધીજીને તો તે સમયની સરકાર વિરુદ્ધમાં લખવું હતું ! તે માટે પોતીકું છાપવાનું હોવું જોઈએ તેવું લાગતાં એક મનહર પ્રિન્ટિંગ પ્રેસ દસ હજાર રૂપિયામાં ખરીદ્યું ને તેને નામ આપ્યું 'નવજીવન મુદ્રણાલય'. ઑક્ટોબર, ૧૯૧૯માં મુંબઈથી પ્રકાશિત થતું 'યંગ ઈન્ડિયા' પણ અમદાવાદ 'નવજીવન મુદ્રણાલય' સાથે જોડી દેવાયું.

**નવજીવનનો પ્રથમ અંક એ સમયમાં પાંચ હજાર નકલો સાથે બહાર પડયો ! આ સંખ્યા સૌથી વધુ નવજીવનની જ હતી તે કહેવાની જરૂર નથી. નાનકડું નટવર પ્રિન્ટિંગ પ્રેસ નવજીવનને મળેલા અસાધારણ આવકારને પહોંચી વળે તેમ ન હતું**

બાપુની લાંબી દૃષ્ટિ તો નવજીવનને છાપું જ ન રાખતાં લોકકેળવણીની એક જાહેર સેવાની સંસ્થા બનાવવાની હતી. તેથી નવજીવન માત્ર મુદ્રણાલય ન રહ્યું પણ ૧૯૨૯ની સાલમાં 'નવજીવન ટ્રસ્ટ' બન્યું ! ૧૯૨૨થી જ નવજીવને પુસ્તક પ્રકાશનની કામગીરી શરૂ કરી અને ગાંધી-સાહિત્યના પ્રચારનો આરંભ થયો. ૧૯૧૯ થી ૧૯૩૨ સુધી 'નવજીવન' અને 'યંગ ઈન્ડિયા' સાથે ૧૯૩૩થી 'હરિજન પત્રો' પણ સફરમાં સામેલ થયું અને એ ત્રિદલ ગાંધીજીના જીવનનો અભિન્ન હિસ્સો બની ગયા ! ભારતના લોકોમાં રાષ્ટ્રભાવના જાગ્રત કરવામાં એ સિંહફાળો આપી રહ્યાં. મહાત્મા ગાંધીના મૂળ પુસ્તકો તથા તેમનાં લખાણોમાંથી ચૂંટીને વિષયવાર સંપાદિત કરેલાં પુસ્તકો તથા ગાંધીજીના સાથીઓએ લખેલાં પુસ્તકોને પ્રકાશિત કરવાનું શરૂ કર્યું જે આજે સો વર્ષે પણ અવિરત ચાલુ જ છે.

નવજીવન એટલે ગાંધી-વિચાર અને ગાંધી-સાહિત્યનો પ્રચાર કરનારી ગાંધીજી સ્થાપિત સંસ્થા. આ કામ વર્ષો સુધી નિર્વિઘ્ને થતું રહે અને થઈ શકે તેવી દીર્ઘદૃષ્ટિથી ગાંધીજીએ ૧૯૪૦માં એક વસિયતનામું કર્યું. જેના દ્વારા પોતાનાં લખાણોના કૉપીરાઈટ નવજીવન સંસ્થાને અર્પણ કર્યા. વસિયતનામામાં ગાંધીજીના સુસ્પષ્ટ શબ્દો તેમની કુનેહનો રણકો પાડે છે : 'મારી કંઈ પણ મિલકત છે એમ હું માનતો નથી. પણ વ્યવહારમાં કે કાયદામાં, મારું જે ગણાતું હોય, સ્થાવર કે જંગમ, મેં લખેલાં અને હવે પછી લખાશે તે પુસ્તકો, લેખો વગેરે છપાયેલાં કે નહીં છપાયેલાં અને તેના તમામ કોપીરાઈટના હકો, એ બધાના વારસ હું નવજીવન સંસ્થાને ઠરાવું છું.'

'નવજીવન' અને 'યંગ ઈન્ડિયા' ગાંધીજીના સમગ્ર જીવનદર્શનના પત્રો હતા. પણ છતાંયે મુખ્યત્વે તે આંદોલનના પત્રો હતા. ઈન્દુલાલ યાજ્ઞિક પાસેથી 'નવજીવન અને સત્ય' માસિક હાથમાં લીધું ત્યારે એના ગ્રાહકો ૬૦૦ જેટલા હતા. અસહકારનું આંદોલન જયારે પુરજોશમાં ચાલ્યું ત્યારે એના ૪૦,૦૦૦ જેટલા ગ્રાહકો થયા હતા. આંદોલનનાં વળતાં પાણી થયાં ત્યારે 'નવજીવન' ની ગ્રાહકસંખ્યા પણ ઘટીને ૬,૦૦૦ થી નીચે આવી ગઈ હતી. 'નવજીવન' કે 'યંગ ઈન્ડિયા' ની ગ્રાહકસંખ્યા પરથી તમે દેશના રાજકારણમાં ગાંધીવિચારના પ્રભાવને માપી શકો એવી સ્થિતિ સર્જાઈ હતી.



'નવજીવન'માં મોટા ભાગના લેખો તો મૂળ ગુજરાતી ભાષામાં જ લખાયેલા છપાતા. પણ જરૂર પડે ત્યારે અંગ્રેજી કે બીજી ભાષાઓમાંથી ગુજરાતી ભાષાન્તરો છપાતાં. આ ભાષાન્તરકારો વિશે ગાંધીજીનો આગ્રહ એ હતો કે તેમને બંને ભાષાઓ ઉપર સરખો કાબૂ અને વિષયની માહિતી હોવી જોઈએ.

આ પત્રોને કાઢવામાં મદદ કરનાર સારું એ કામ જ શિક્ષણરૂપ થઈ પડતું. ચોકસાઈ, ભાષાશુદ્ધિ, પત્રકારત્વનાં ઊંચા ધોરણો જાળવવાં, વિરોધી વિચારો વિશે ખુલ્લું મન રાખવું, પણ પોતાની વાતો વિનયપૂર્વક અને દઢતા સાથે કહેવી, વગેરે શિક્ષણ ગાંધીજીના આ ચાલુ કામે તાલીમનાં બાહ્ય અંગો હતાં. સાથીઓ પોતે પોતાના જીવનની શુદ્ધિ કરતા જાય અને સત્યને રંગે રંગાય એ તે તાલીમનું આંતરિક રૂપ હતું. એ તાલીમને લીધે મહાદેવભાઈ માત્ર ગુજરાતના જ નહીં પણ દેશના સારા તંત્રી તરીકે પંકાયા હતા. અને સી. આર. દાસ, મોતીલાલ નહેરુ, વગેરે ગાંધીજી પાસેથી મહાદેવની માંગણી કરતા રહેતા હતા. 'નવજીવન' નાં પ્રૂફ તપાસતાં તપાસતાં જ ગાંધીજીના એક વાક્યે કે યુવાનોએ ગામડે જવું જોઈએ, જુગતરામભાઈને ગામડા ભણી વાળી દીધા હતા અને તેમણે પોતાનું સુદીર્ઘ જીવન ગ્રામસેવામાં ખપાવી દીધું હતું. સ્વામી આનંદ એમ તો સાધુ માણસ. પણ એમણે 'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા' પાછળ પ્રાણ પાથર્યા હતા. છાપકામ અંગેના એમના ચુસ્ત નિયમો, અને ગમે તેટલી મુશ્કેલી વેઠીને પણ કામ વેળાસર પૂરું કરવાની એમની ટેવ એઓ 'નવજીવન' પાસે શીખ્યા કે 'નવજીવન' ને એમણે શીખવી એ કહેવું મુશ્કેલ છે. કાકાસાહેબ કહેતા કે ગાંધીજી, મહાદેવભાઈ અને સ્વામી આનંદ એ 'નવજીવન'ના પ્રાણ છે. એમ તો 'યંગ ઇન્ડિયા' માં રાજાજી, શ્વેબ કુરેશી, વગેરે તંત્રીઓ પણ આવી ગયા. સાંપ્રદાયિક પ્રશ્ન અંગેના પોતાના ૨૧ દિવસના ઉપવાસ વખતે ગાંધીજીએ 'યંગ ઇન્ડિયા' નું સંપાદન મહાદેવભાઈને સોંપેલું, બંને ઉપર એમને અપરંપાર વિશ્વાસ હતો તેથી.

**ગમે તેટલી મુશ્કેલી વેઠીને પણ કામ વેળાસર પૂરું કરવાની એમની ટેવ એઓ 'નવજીવન' પાસે શીખ્યા કે 'નવજીવન' ને એમણે શીખવી એ કહેવું મુશ્કેલ છે. કાકાસાહેબ કહેતા કે ગાંધીજી, મહાદેવભાઈ અને સ્વામી આનંદ એ 'નવજીવન'ના પ્રાણ છે**

પણ ગમે તેટલા હાથ બદલાયા હોય, આ બંને સાપ્તાહિકો પર કાયમી છાપ તો ગાંધીજીની જ પડી. 'નવજીવન' મારફત ગાંધીજીએ ગુજરાતી સાહિત્યમાં પ્રવેશ કર્યો ત્યારે તો ગુજરાતી સાહિત્યકારોમાં એમની ગણતરી પણ નહોતી થતી. પણ ગાંધીજીનાં ચારિત્ર્યએ, એમના સમગ્ર જીવને એમના સાહિત્ય ઉપર એટલી અસર પાડી કે તેઓ ત્યાર પછીના દસેક વર્ષમાં તો ગુજરાતી સાહિત્યના યુગપ્રવર્તક ગણાવા લાગ્યા. 'કલેક્ટેડ વર્ક્સ ઑફ મહાત્મા ગાંધી' ('ગાંધીજીનો અક્ષરદેહ')ના સંપાદકોએ આ કાળનું ગાંધીજીનું લખાણ જે ગ્રંથમાં આવે છે તે સોળમા ગ્રંથની પ્રસ્તાવનામાં યોગ્ય જ લખ્યું છે કે, "પોતાની સાદી અને સરળ ગુજરાતી ભાષામાં તેમણે પોતાની વાત એમના જ એક સ્વજન તરીકે લોકો સમક્ષ સીધેસીધી રજૂ કરી. એમ કરતાં કોઈ વાર તેઓ લોકો સાથે દલીલમાં ઊતર્યા, કોઈ વાર એમને લાડ કર્યા, તો વાર ઠપકાર્યા પણ ખરા. આ પ્રક્રિયાથી ઘણા લાભ થયા. પરંતુ એક મોટો લાભ એ થયો કે ગુજરાતી ભાષાને તેની પરંપરાગત સાક્ષરી શૈલીની કૃત્રિમતામાંથી મુક્ત કરીને તેમણે ગુજરાતી સાહિત્યમાં એક નવા યુગના શ્રીગણેશ માંડયા."

'નવજીવન' અને 'યંગ ઈન્ડિયા' એ જેમ એના લેખક અને પ્રકાશકોમાં નવું જીવન આણી દીધું હતું તેમ ગાંધીજીના આ સાથીઓએ પણ પત્રકારત્વને નવો ઓપ આપ્યો હતો. ગાંધીજી જયારે કારાવાસમાં હતા ત્યારે 'નવજીવન' ને ચાલુ રાખનાર બે સાથીઓના લખાણના નીચેના ઉતારા એ સિદ્ધ કરે છે કે 'સિંહણ કેરું દૂધ ને સિંહણસૂતને જરે - જે કોઈ પ્રેમઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે.' જુઓ સ્વામી આનંદની આ પ્રતિજ્ઞા : 'આ આપત્કાળ દરમિયાન અમે આટલા દિવસ ગાંધીજીએ પાડેલી સત્ય, અહિંસા અને નિર્ભયતાની પરંપરાને જ અનન્ય ભાવે વળગી રહી જેમના તેમ પ્રજાની સેવામાં મચ્યા રહેવા પ્રયત્ન કરીશું. તે જ પ્રમાણે જે રાજતંત્રની સામે અખંડ ઝુંબેશ ચલાવવામાં ગાંધીજીએ રાત કે દિવસ જોયાં નહીં, જે અધર્મી રાજને ધર્મી બનાવવાને નહીં તો મિટાવવાને તેમણે અથાક પરિશ્રમ ઉઠાવ્યો...એ રાજતંત્ર જ્યાં સુધી નાશ પામે નહીં યા તો પ્રજાના શુદ્ધ બલિદાન દ્વારા પલટાય નહીં ત્યાં સુધી...એવા અધર્મી રાજ્યતંત્રને જેર કરી ધર્મરાજ્ય સ્થાપવાને જરૂરી એવા સદગુણો પ્રજામાં કેળવવાનું ચાલુ રાખવું એને અમે પરમ ધર્મ સમજીશું.'

મહાદેવભાઈ પોતાને પાછળ રાખીને લોકોની મુલાકાતો

કે પ્રવાસવર્ણનો દ્વારા ગાંધીવિચારોને 'નવજીવન' - 'યંગ ઈન્ડિયા' માં રજૂ કરતા. પણ તેને લીધેય મહાદેવભાઈના વ્યક્તિત્વનો સ્પર્શ એ અઠવાડિકોને થયા વિના રહેતો નહીં. આ રહ્યો એક નમૂનો. શૌકતઅલી જેલમાંથી છૂટ્યા પછી અમદાવાદ આવ્યા તે મુલાકાતનું આ ચિત્રણ છે :

"એક 'મહાવો' કરીને ભંગી ફાંસીની સજા ખાઈને આવ્યો હતો... બિચારો એક વાર નશામાં ચકચૂર થઈ પોતાની ગર્ભવતી સ્ત્રીનું ખૂન કરીને આવ્યો હતો. સજા પછી અપીલ વગેરે થયા પછી ફાંસીનો દિવસ નક્કી થઈ ચૂક્યો હતો. અને આ ફાની દુનિયામાં રહેવા વિશે તેણે હાથ ધોઈ નાખ્યા હતા. મૌલાનાની પાસે જ તેની ખોલી હતી. તેનો મૌલાના સાથે પ્રસંગ પડતાં મૌલાનાએ આખી વાત તેને પૂછી. મૌલાના કહે છે કે, સાચા પશ્ચાતાપથી તેણે બધી વાત મારી આગળ કરીને જણાવ્યું કે 'મને સજા થઈ છે તે વાજબી થઈ છે. હવે તો જેટલી ઘડી રહી છે તેટલી ઘડી કિરતારનું ભજન કરવામાં મજા છે.' એક દિવસ રાત્રે પાસેની ખોલીમાંથી નાચવાનો અને ગાવાનો અવાજ આવ્યો." પેલા ભાઈ કિરતારના ભજનમાં ગુલતાન થઈ નાચતાં નાચતાં ગાતા હતા :

**'કર લે સિંગાર ચતુર અલબેલી,**
**સાજન કે ઘર જાણ હોગા ;**
**માટી બિછાના, માટી ઓઢના,**
**માટી કા સિરહના હોગા.'**

આ પ્રસંગ કહેતાં મૌલાનાની આંખમાં પાણી આવી ગયાં. આ રાત પેલાની ફાંસીએ જવાની આગલી રાત હતી. ફાંસીનો હુકમ મળ્યો કે બહાદુરની માફક નીકળ્યો. જે માંચડા ઉપર ફાંસી લેવી પડે છે તેના ઉપર દોડતો દોડતો હસતો હસતો ચડયો. માથા ઉપર ફાંસી ખાનારની ટોપી પહેરાવવામાં આવતાં જ પોકાર કર્યો : ' મહાત્મા ગાંધી કી જે.' આખી જેલમાં કેદીઓએ પડઘો આપ્યો, 'મહાત્મા ગાંધી કી જે'. બીજો પોકાર કર્યો, 'શૌકતઅલી બાપુ કી જે'. મૌલાના રાજકોટમાં શૌકતઅલી બાપુ કહેવાતા. પછી 'રામ' , 'રામ', 'રામ', ચોથે રામે પ્રાણથી ખોળિયું જુદું થયું. બધા કેદીઓએ આ ઘટનાનું વર્ણન આપતાં મૌલાનાને કહ્યું, 'છેલ્લાં પંદરવીસ વર્ષમાં આવું મરણ જોયું નથી.' સુપરિન્ટેન્ડેન્ટે આશ્ચર્યથી પૂછ્યું, 'આવા લોકોને પણ મહાત્મા ગાંધી સાથે શું લેવાદેવા છે ?' મૌલાનાએ જવાબ આપ્યો, 'કારણ આવતો અવતાર આપે તો ઈશ્વર મને આવો અવતાર આપજે એમ કહેનાર દુનિયામાં મહાત્મા ગાંધ એકલા છે.'

મહાત્મા ગાંધી મક્કમ નિર્ણયો માટે મક્કમ પગલાં ભરનાર વ્યક્તિવિશેષ હતા. તેથી 'નવજીવન' સદાકાળ 'નવ' કે 'નવ્ય' બની રહે તેટલી કાયદાકીય સ્પષ્ટતા કરતા ગયા અને ફલતઃ આજે સો વર્ષ - પ્રવેશે 'નવજીવન' ગાંધી-ગાંધીસાથીઓ-ગાંધી વિચારને સંપોષક અન્ય લેખકોનાં પુસ્તક પ્રકાશન પણ કરી રહેલ છે. ગાંધીજી છે એટલે જૂની - સાદી - અનાવશ્યક ગરીબીમૂલક વ્યવસ્થા જ હશે કે હોઈ શકે તે માન્યતા પણ અહીં સાચી પડતી નથી. નવજીવનને ઠાકોરભાઈ - જીતેન્દ્રભાઈ અને આજે વિવેક દેસાઈ એમ એક જ કુટુંબની ત્રણ પેઢીઓએ સાચવ્યું છે ને સંવર્ધિત પણ કર્યું છે. સો વર્ષ પહેલાનું એ પ્રિન્ટિંગ મશીન અહીં સાચવીને જાહેરમાં ગાંધી ચિત્રોની વચ્ચે મૂકવામાં આવ્યું છે ને ગાંધીનું એ ઐતિહાસિક વસિયતનામું પણ 'નવજીવન' ની પ્રવેશ દીવાલો પર અંકિત થયેલું છે... 'નવજીવન' ના ઉદભવ અને વિકાસનો આ આછેરો ખ્યાલ છે. પ્રકાશન અને જાહેરસેવાના આયામોએ પણ ખરા અર્થમાં નવજીવન પથરાયું છે.

**ભારતીય ભાષાઓમાં આશરે એક હજારથી વધુ પ્રકાશનો નવજીવને આપ્યા છે. નવજીવને રાષ્ટ્રની કુલ સત્તર ભાષાઓમાં ગાંધીજીની આત્મકથા છાપી છે ને અત્યાર સુધીમાં લગભગ ૫૬ લાખ નકલોનું વેચાણ કર્યું છે !**

૧૯૧૯માં નવજીવન શરૂ થયું. ગાંધીજીએ ૧૯૪૦ની સાલમાં વસિયતનામું કરીને પોતાના શબ્દદેહના સઘળા કોપીરાઈટના હકો વારસ તરીકે નવજીવન સંસ્થાને અર્પણ કર્યા. પ્રારંભથી જ નવજીવન પ્રકાશન મંદિરે મહાત્મા ગાંધીનાં પુસ્તકો ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં વાચકો માટે ઉપલબ્ધ બનાવી રાષ્ટ્રને માટે ઉપયોગી સેવા પૂરી પાડી. આ ઉપરાંત લિયો ટોલ્સટોય, જહોન રસ્કિન, મહાદેવ દેસાઈ, કાકાસાહેબ કાલેલકર, જવાહરલાલ નહેરુ, કિશોરલાલ મશરૂવાળા,



પ્યારેલાલ, મીરાંબેન, મનુબેન ગાંધી જેવાં લેખકોનાં પુસ્તકો પણ નવજીવને પ્રકાશિત કર્યાં. ભારતીય ભાષાઓમાં આશરે એક હજારથી વધુ પ્રકાશનો નવજીવને આપ્યા છે. નવજીવને રાષ્ટ્રની કુલ સત્તર ભાષાઓમાં ગાંધીજીની આત્મકથા છાપી છે ને અત્યાર સુધીમાં લગભગ ૫૬ લાખ નકલોનું વેચાણ કર્યું છે !

નવજીવને નવા જમાના સાથે કદમ મિલાવી ગાંધીસાહિત્યનું ડિજિટાઇઝેશન એટલે કે પુસ્તકોને ઈ-બુક સ્વરૂપે ઉપલબ્ધ કરવાનું કામ પણ શરૂ કર્યું છે. વળી નવજીવને ગાંધી-સાહિત્ય સિવાય અન્ય શ્રેષ્ઠ સાહિત્યને પણ પ્રકાશિત કરવાનો આરંભ કર્યો છે. જેમાં ગુણવંત શાહના ત્રણ પુસ્તકો હિન્દીમાં દેશ સમક્ષ મુકાયા છે : ૧) મહાભારત ૨) સંભવામિ ક્ષણે ક્ષણે ૩) ક્રાંતિવીર ગાંધીજી. આ ઉપરાંત કાજલ ઓઝા વૈદ્ય, વિનોદ ભટ્ટ, અંકિત દેસાઈ, ઈલાબેન ભટ્ટ, અપૂર્વ આશર, ત્રિદીપ સુહૃદના પુસ્તકો નવજીવને આપ્યા છે... નવજીવન શતાબ્દી વર્ષ દરમિયાન મનુભાઈ પંચોળી 'દર્શક', સ્વામી આનંદ અને મુકુલ કલાર્થીના પણ તમામ પુસ્તકો પ્રકાશિત કરવા જઈ રહ્યું છે. જેમાંથી મુકુલ કલાર્થીસ્મૃતિ સંપુટનું તો પ્રિય મોરારીબાપુએ અમદાવાદ ખાતે ગવાયેલી 'માનસ - નવજીવન' કથા દરમિયાન જ લોકાર્પણ પણ કર્યું.

**કેદીઓ ગાંધીસાહિત્ય વાંચી જીવનને નવી દિશા તરફ લઇ જાય તે આશયથી જેલમાં ગાંધીવિચારની પરીક્ષાનો અનુક્રમ શરૂ થયો છે. સમયાંતરે નવજીવનની જ સત્ય આર્ટ ગેલેરીમાં જેલના કેદીઓ દ્વારા દોરાયેલાં ચિત્રોનું પ્રદર્શન યોજાતું રહે છે**

ગાંધી સ્થાપિત નવજીવનને ગાંધીનાં ચહિતા ક્ષેત્રોમાં નવ્ય જીવન બક્ષવાનું સૌભાગ્ય પણ સાંપડયું છે. અમદાવાદની સાબરમતી જેલ સાથે મળીને કેદીમાં આત્મવિશ્વાસ કેળવાય તેવાં કાર્યો તેમાં અગ્રસ્થ છે. કેદીઓ ઈકો ફ્રેંડલી ગણેશમૂર્તિ બનાવે અને નવજીવન દ્વારા તેની વેચાણ વ્યવસ્થા થાય. કેદીઓ ગાંધીસાહિત્ય વાંચી જીવનને નવી દિશા તરફ લઇ જાય તે આશયથી જેલમાં ગાંધીવિચારની પરીક્ષાનો અનુક્રમ શરૂ થયો છે. સમયાંતરે નવજીવનની જ સત્ય આર્ટ ગેલેરીમાં જેલના કેદીઓ દ્વારા દોરાયેલાં ચિત્રોનું પ્રદર્શન યોજાતું રહે છે. નવજીવન દ્વારા સાબરમતી જેલમાં કેદીઓ માટે સેનેટરી પેડ બનાવવાનું મશીન આપવામાં આવ્યું છે, જેના ઉત્પાદનમાંથી કેદીઓ આવક મેળવી રહ્યા છે. કેદીઓને વ્યવસાયી તાલીમ આપી તેઓની મુક્તિ સુધીમાં સહજતાથી મુખ્ય પ્રવાહમાં ભળવાની અનુકૂળતા પણ કરી અપાય છે.

થોડાંક હટકે ક્ષેત્રોમાં પણ નવજીવન સંસ્થા આગળ વધી છે. જેમ કે, 'સત્ય આર્ટ ગેલેરી' માં દેશના જાણીતા ફોટોગ્રાફર્સ અને આર્ટિસ્ટના સર્જનો હવે સમયાંતરે પ્રદર્શિત થતાં રહે છે. 'કર્મકાફે' રસિકજનને વાંચવા - વિચારવા - વિમર્શ કરવાનું એક ગોષ્ઠિ સ્થાનક બન્યું છે. અહી ગાંધી પુસ્તકો છે, તેનું વાંચન ને વેચાણ છે, કુદરતી વાતાવરણ છે અને સાત્ત્વિક ને પૌષ્ટિક કટકબટક પણ છે. હા શુક્રથી રવિ 'કર્મકાફે' ની સહજ સ્વાદયુક્ત ગાંધીથાળી તો ઘણાં બધાંને આકર્ષે છે. નવજીવનના પરિસરમાં આઝાદીના પોશાકનું નવું કેન્દ્ર 'સ્વત્વ' સાદગી - સ્વદેશી - સ્વાવલંબનનાં પ્રતીક સમી ખાદી સાથે જોડે છે. નવી પેઢીને ખાદી સાથે જોડવા એન.આઈ.ડી ના વિદ્યાર્થીઓના વિચાર મુજબ ખાદીમાં ડિઝાઈનર્સ વૅર તૈયાર કરીને 'સ્વત્વ' એ આ દિશામાં પ્રશંશનીય પહેલ કરી છે. 'નવજીવન મ્યુઝિયમ' માં ભારતના સ્વાતંત્ર્યજીવનનો ઐતિહાસિક ઘટનાક્રમ નિહાળી શકાય છે. 'જીતેન્દ્ર દેસાઈ મેમોરિયલ હોલ' નગરના સ્નેહીઓ માટે નાના - મોટા મિલનોત્સવનું સ્થળ બની ગયું છે. શતાબ્દી યાત્રાના આરંભે નવજીવન સંસ્થા પોતાને મળેલી જવાબદારી ગાંધીજીને વફાદાર રહીને અદા કરવાનો સંતોષ લઈ શકે તેમ છે.

ગાંધીજીના દોઢસોમાં જન્મવર્ષે અને નવજીવનના શતાબ્દી પ્રવેશ અવસરે વિશ્વખ્યાત શ્રી મોરારિબાપુ 'માનસ - નવજીવન' શ્રી રામકથાનું ગાન અમદાવાદમાં કરીને ગાંધીજી સ્થાપિત નવજીવનને વિશ્વફલક પર નવાજ્યું તે ગૌરવ અને સંતોષનો વિષય છે.

*'પ્રેમ મંદિર', નર્મદા પાર્ક-૪,*
*અમીન માર્ગ, કાલાવડ રોડ પાસે,*
*રાજકોટ-૩૬૦૦૦૧.*



# ઉત્તર ગુજરાતની પ્રાગૈતિહાસિક સંસ્કૃતિ

*- ડૉ. ભગવાનદાસ પટેલ*

**સંસ્કૃતિ :**

માનવ-સમાજના અભ્યાસીઓ માનવસમૂહની સમગ્ર જીવનરીતિ- એટલે કે તેની રહેણી-કરણી, પ્રથા-પરંપરા, ધર્મ, ધાર્મિક અનુષ્ઠાનો અને સામાજિક વિધિ-વિધાનો, ચૈતસિક વ્યાપારો, વાણી, વલણો, ટેવો વગેરેના સામાજિક વારસાને સંસ્કૃતિ (Culture) કહે છે. આ રીતે વિચારીએ તો માનવ-સંસ્કૃતિનો ઉદ્‌ભવ માનવ-જીવનના આરંભથી થયેલો ગણાય છે.

**સંસ્કૃતિનું સમયપત્રક :**

માનવ-સંસ્કૃતિની ઉત્ક્રાંતિના કાળખંડને અભ્યાસીઓ દ્વારા ત્રણ યુગોમાં વિભાજવામાં આવ્યો છે. આરંભના સમયખંડને 'પ્રાગૈતિહાસિક-યુગ' કહેવામાં આવે છે. આ પછીના સમયને 'આદિ-ઐતિહાસિક યુગ' અને અંતિમ એટલે કે અત્યાર સુધીના કાળને 'ઐતિહાસિક-યુગ' કહેવામાં આવે છે.

માનવ અભિવ્યક્તિ માટે જરૂરી લેખનકળાના વિકાસ પૂર્વેનો સમય તે 'પ્રાગૈતિકયુગ.'

**ભારતમાં પ્રાગૈતિહાસિક-યુગનો પ્રારંભ બે લાખ વર્ષ પૂર્વેથી થયેલો ગણાય છે, પણ તેનો અંતિમ સમયખંડ કે જેને નવપાષાણયુગ કે લઘુપાષાણયુગ કહેવામાં આવે છે. તે ફક્ત છ હજારથી ચાર હજાર વર્ષ પૂર્વકાલીન ગણાય છે**

ભારતમાં પ્રાગૈતિહાસિક-યુગનો પ્રારંભ બે લાખ વર્ષ પૂર્વેથી થયેલો ગણાય છે, પણ તેનો અંતિમ સમયખંડ કે જેને નવપાષાણયુગ કે લઘુપાષાણયુગ કહેવામાં આવે છે. તે ફક્ત છ હજારથી ચાર હજાર વર્ષ પૂર્વકાલીન ગણાય છે.

ઉત્તર ગુજરાતનો પ્રાગૈતિહાસ : અહીં આપણો ઉપક્રમ પૂર્વે આનર્તના નામે ઓળખાતા અને અત્યારે ઉત્તર-પૂર્વ દિશા તરફ અરવલ્લી પહાડ સુધી વિસ્તરેલા ઉત્તર ગુજરાતમાંથી પ્રાપ્ત પાષાણ-ઓજારો, ગુફાચિત્રો, અશ્મ-સમાધિઓ આદિના આધારે તત્કાલીન માનવનો પ્રાગૈતિહાસ આલેખવાનો છે.

આ પ્રાગૈતિહાસિક સંશોધન દુનિયાના અતિ પ્રાચીન અરવલ્લી પહાડની વિકેન્દ્રિત હારમાળાઓની તળેટીઓ અને આ હારમાળાઓમાંથી નીકળતી હરણાવ, ભીમાક્ષી (ભીમાશંકરી), દુકાળી અને સાબરમતી જેવી નદીઓની ભેખડો પૂરતું મર્યાદિત છે. આ સંશોધન માટે આ લખનારે એક હજાર કિલોમીટરની પદયાત્રા કરી છે.

**ખેડબ્રહ્મા-ક્ષેત્રમાંથી પ્રાપ્ત પ્રાગૈતિહાસિક અવશેષો :**

સંશોધનના પ્રથમ, દ્વિતીય અને તૃતીય તબક્કામાં પુરાણોમાં બ્રહ્મક્ષેત્ર અને ઈલ્વદુર્ગ નામે ખ્યાત સાબરકાંઠા જિલ્લાના ઈડર ખેડબ્રહ્મા-ક્ષેત્રમાંથી મને પ્રાગૈતિહાસિક યુગના માનવની ૧૧૦ વસાહતો, ૨૫૦૦ પાષાણ-ઓજારો, ૧૬ પાષાણ-સમાધિઓ અને ૩ ચિત્રમંડિત ગુફાઓ પ્રાપ્ત થઈ છે. આ મૂલ્યવાન પૂર્વકાલીન પુરાતાત્વિક ભૌતિક સંપત્તિનું સંશોધન અને સંકલન કરતાં અહીંથી પ્રાપ્ત પાષાણ ઓજારોમાં સવિશેષ ગર્ભો, કુઠાર(કુહાડીઓ), ચૂલિયાં, છરાં, પાનાં, બાણ, પતરીઓ, ઘણ, બાલેન્દુ, પદક વગેરે કાપવાનાં, ચીરવાનાં, ગોડવાનાં, કોતરવાનાં, પહેરવાનાં અને મારવાનાં ધારદાર ઓજારો છે, જેમનો ઉપયોગ તત્કાલીન માનવે કર્યો છે.

**ઉત્તર ગુજરાતની ઉત્તર પ્રાચીન પાષાણયુગ અને અંત્યાશ્મયુગની સંસ્કૃતિઓ :**

ખેડબ્રહ્મા તાલુકામાંથી જે અશ્મ ઓજારો પ્રાપ્ત થયાં છે, તેમનો કાળનિર્ણય કરવા માટે સ્વરૂપની દૃષ્ટિએ બે વિભાગમાં વહેંચી શકાય છે :

(અ) મોટા પાષાણ ઓજારો, અને

(બ) લઘુ પાષાણ ઓજારો.

ગુજરાતનાં અન્ય સ્થળોએથી અને ભારતમાંથી પ્રાપ્ત આવા સ્વરૂપનાં પાષાણ ઓજારો સાથે ખેડબ્રહ્મા તાલુકામાંથી પ્રાપ્ત પાષાણ ઓજારોની તુલના કરતાં માલૂમ પડે છે કે મોટાં પાષાણ ઓજારો (અ) ઉત્તર પ્રાચીન પાષાણયુગનાં છે. કાલમાનની રીતે તપાસતાં સમજાય છે કે આ મોટાં અશ્મ ઓજારો આશરે ૭૦ હજાર વર્ષ પૂર્વકાલીન છે. જ્યારે લઘુ



પાષાણ ઓજારો (બ) અંતિમ પાષાણયુગનાં છે. કાલમાનની રીતે તપાસતાં આ લઘુ ઓજારો પણ ૫ હજાર વર્ષ પૂર્વકાલીન છે. આ તુલનાથી એ ફલિત થાય છે કે આશરે ૭૦ હજાર વર્ષ પહેલાંથી આરંભી ૫ હજાર વર્ષ સુધી પોતાનું જીવન ટકાવી રાખવા માટે આ વિસ્તારના તત્કાલીન માનવે વિવિધ પાષાણ ઓજારોની રચના કરી યોગક્ષેમ માટે વિધ-વિધ પ્રવૃત્તિઓ કરી છે, અને આનંદ મેળવવા માટે તે સમયના લોકજીવનને જંગલજીવનને પ્રગટ કરતાં કલાત્મક ચિત્રો પણ દોર્યાં છે. આ પ્રવૃત્તિઓ જ આજની આપણી સંસ્કૃતિનું વિકસિત રૂપ છે.

**ઉત્તર પ્રાચીનાશ્મયુગના માનવની પ્રવૃત્તિઓ :**

પ્રાચીન પાષાણ યુગનાં પ્રાપ્ત ધારદાર ચૂલિયાં, કુહાડીઓ અને ચપ્પાના પાના આકારની પતરીઓનો ઉપયોગ તે કાળના માનવે પ્રાણીઓનું માંસ કાપવા અને હાડકામાંથી માંસ કે ચરબી કાઢવા માટે કર્યો છે. અહીંથી પ્રાપ્ત ધારદાર પતરીઓ જળકૂકડી જેવાં જલચર પક્ષી કે માછલાંને ચીરવા માટે પણ કામ લાગે તેવી છે. ત્રિકોણ આકારની મોટી પતરીઓનો ઉપયોગ લાકડાના હાથામાં જડીને દુશ્મનો કે જંગલી પ્રાણીઓને મારવા માટે કે શિકાર કરવા માટે થયો લાગે છે. જીવનઉપયોગ માટે કરેલી આ બધી પ્રવૃત્તિઓ તત્કાલીન માનવના ભટકતા અને અસ્થિર જીવનની દ્યોતક છે. આ પ્રકારની પ્રવૃત્તિઓ આ પ્રદેશમાં ઉત્તર પ્રાચીન પાષાણયુગ પૂર્વેથી શરૂ થઈને લઘુ પાષાણયુગ સુધી ચાલી છે.

**ગર્ભો કે પતરીઓના એક છેડાને ત્રાંસો તોડીને તીક્ષ્ણ બનાવેલી અણીવાળી કોતરણીઓ ખડક પર ચિત્રો કે ભાત કોતરવાની કળાના નિર્દેશો આપે છે. લાલ રંગથી દોરેલાં આ ચિત્રો તત્કાલીન જંગલમાં સ્થિત પ્રાણીઓનાં દર્શન કરાવે છે**

**લઘુ પાષાણયુગ અને નવપાષાણયુગના માનવની પ્રવૃત્તિઓ :**

બાલેન્દુ જેવી પતરીઓની એક બાજુ સહેતુક બુઠ્ઠી બનાવવામાં આવી છે. આવી વિશિષ્ટ પ્રકારની પતરીઓને



અર્ધગોળાકાર હાડકા કે લાકડામાં સમૂહબદ્ધ જડીને દાતરડાં જેવાં ઓજારો બનાવવામાં આવ્યાં છે. આવાં બુદ્ધિપૂર્વક બનાવેલાં વિશિષ્ટ પ્રકારનાં ઓજારોની મદદથી ખાદ્ય ધાન્યનાં કણસલાં અને ફળોની ડાળીઓ કાપવા માટે ઉપયોગ થયો છે, તેવું બાલેન્દુના નિરીક્ષણના આધારે સબળ અનુમાન થઈ શકે છે. ખોદીને કંદમૂળ ખાવાની પ્રવૃત્તિમાંથી જ હળ દ્વારા જમીન ખેડીને ખેતી કરવાની સમજ પ્રાક-માનવમાં વિકસી છે, અને ધીમે ધીમે ખેતીલાયક મેદાનો તરફ ખસીને સ્થિર થયો છે.

સંશોધનના બીજા તબક્કામાં આ શોધાર્થીને સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અને ઈડર તાલુકામાં વિસ્તરેલ અરવલ્લી પહાડની હારમાળાઓની તળેટીમાં વસેલાં જામળા, લીખી, કપોડા, દોલગઢ, શેતાનપુરા અને મેદાનમાં વસેલા ચડાસણા જેવાં ગામોમાંથી લઘુ પાષાણયુગનાં ૨૫ સ્થળો પ્રાપ્ત થયાં છે. આ સ્થળોએથી અકીક અને ચર્ટનાં વિવિધરંગી અને સફાઈદાર લઘુ ઓજારો અને કેટલીક કોતરણીઓ પ્રાપ્ત થઈ છે. જ્યારે સંશોધનના ત્રીજા તબક્કામાં ઈડર તાલુકાના સીંગા અને દેશોત્તર ગામમાંથી પ્રાક્-માનવનાં ખડક ચિત્રો અને આ સ્થળોએથી લઘુ અશ્મ ઓજારો પ્રાપ્ત થયાં છે. આ ઉપરાંત બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં વિસ્તરેલ અરવલ્લી પહાડના ભાગરૂપ માણેકનાથના ડુંગરમાંથી આદિમાનવની વસવાટની ગુફાઓ અને લઘુ અશ્મ ઓજારો પ્રાપ્ત થયાં છે.

અહીં પ્રાપ્ત થતી વિવિધ સ્થળોની પ્રાગૈતિહાસિક ભૌતિક સામગ્રીનું સંકલન અને સંદર્શન કરતાં તત્કાલીન માનવની કેટલીક વિશેષ પ્રવૃત્તિઓ અને વિકાસશીલ સંસ્કૃતિનાં દર્શન થાય છે.

ખેડબ્રહ્મા તાલુકાના ખેડવા ગામના 'ડેગર ફળા' નામના સ્થળેથી પ્રાપ્ત પહેલદાર ગર્ભ પર શાર પાડેલું પદક અને વિવિધરંગી પથ્થરોને તપાસતાં, આ પથ્થરોનો ઉપયોગ તત્કાલીન માનવ આભૂષણો માટે કરતો હશે, એવું સાધાર અનુમાન થઈ શકે છે.

ગર્ભો કે પતરીઓના એક છેડાને ત્રાંસો તોડીને તીક્ષ્ણ બનાવેલી અણીવાળી કોતરણીઓ ખડક પર ચિત્રો કે ભાત કોતરવાની કળાના નિર્દેશો આપે છે. લાલ રંગથી દોરેલાં આ ચિત્રો તત્કાલીન જંગલમાં સ્થિત પ્રાણીઓનાં દર્શન કરાવે છે. આ પ્રાણીઓ તે સમયના માનવનો આહાર

હતાં. શીંગા ગામનાં ચિત્રો અંત્ય પાષાણયુગનાં હોવાની સંભાવના છે. જ્યારે દેશોત્તર ગામનાં ચિત્રો લઘુ પાષાણયુગ કે આદિ ઐતિહાસિકયુગનાં હોવાની સંભાવના છે. આ ચિત્રો પ્રાગૈતિહાસિક સંસ્કૃતિના ઉદય અને ક્રમિક વિકાસના આધાર પૂરા પાડે છે.

ખેડબ્રહ્મા તાલુકાની ધોળી ગામની પ્રાથમિક શાળા પાસે અણઘડ પથ્થરોમાંથી બનાવેલી ભીંતોના અવશેષો પ્રાપ્ત થયા છે. આ ભીંતથી થોડે દૂર બે અશ્મ સમાધિઓનાં વર્તુળાકાર નિશાનો પ્રાપ્ત થયાં છે. આ ઉપરાંત અન્ય અશ્મયુગીન સ્થળોથી સમાધિઓનાં બીજાં ૧૪ નિશાનો પ્રાપ્ત થયાં છે. આથી સાધાર અનુમાન થઈ શકે છે કે તત્કાલીન માનવ જ્યાં આવાસ માટે ખડકોની કુદરતી ગુફાઓ નહીં હોય ત્યાં ખરાબ હવામાનથી બચવા ભીંતો પણ ચણતો હશે અને માણસ મરી જાય ત્યારે શબને પોતાના આવાસ નજીક દાટતો હશે.

અહીંથી પાષાણકાલીન જે સ્થળો પ્રાપ્ત થયાં છે, તે લગભગ બધાં જ સ્થળો નદી કિનારે આવેલી ભેખડો અને જળાશય પાસે આવેલી ટેકરીઓ ઉપરથી કે તળેટીઓમાંથી પ્રાપ્ત થયાં છે. ખાસ કરીને આવાં સ્થળો ટેકરીઓની આડશવાળાં છે. આવાં રહેઠાણો માનવ સંસ્કૃતિના વિકાસની પાયાની જરૂરિયાત જળ અને સુરક્ષાના નિર્દેશો આપે છે. ગરમ હવામાનથી બચવા તે સમયનો માનવ ઘટાદાર વૃક્ષોની નીચે ટેકરીઓની આડમાં અને તળ જમીનથી ઊંચી જગાએ રહેતો હશે કે જ્યાં બારેમાસ કુદરતી પાણીની વ્યવસ્થા હોય.

અંત્ય અને લઘુ પાષાણયુગનો માનવ પોતાની જરૂરિયાતો પૂરી કરવા માટે અવારનવાર સ્થળાંતર પણ કરતો હશે, એવું અનુમાન ખેડબ્રહ્મા તાલુકાનાં ૪૨ ગામની આ શોધાર્થીએ કરેલી સઘન સ્થળ તપાસના આધારે કહી શકાય છે. આ ૪૨ ગામોની સ્થળ તપાસમાંથી ફક્ત ૩૨ ગામોમાંથી જ ૮૫ જેટલાં અશ્મકાળનાં સ્થળો પ્રાપ્ત થયાં છે, જે સ્થળો તે સમયના માનવનું અવારનવાર થતું સ્થળાંતર સૂચવે છે.

**અંત્ય અને લઘુ પાષાણયુગનો માનવ પોતાની જરૂરિયાતો પૂરી કરવા માટે અવારનવાર સ્થળાંતર પણ કરતો હશે, એવું અનુમાન ખેડબ્રહ્મા તાલુકાનાં ૪૨ ગામની આ શોધાર્થીએ કરેલી સઘન સ્થળ તપાસના આધારે કહી શકાય છે**

**લઘુ પાષાણયુગના લાંઘણજ ગામના ટીંબા :**

આ સ્થળાંતર પહાડી પ્રદેશમાંથી ધીમે ધીમે મેદાન તરફ થયેલું છે, તેના પણ આધાર નિર્દેશો મળે છે. આ આધારો મહેસાણા જિલ્લાનું લાંઘણજ ગામ પૂરા પાડે છે. અહીં આવેલા ટીંબાનું ખોદકામ ૧૯૪૪થી ૧૯૬૩ના સમયખંડમાં છથી સાત વાર કરવામાં આવ્યું છે. ઉત્તર ગુજરાતનું આ ઘણું જ સમૃદ્ધ પ્રાગૈતિહાસિક સ્થળ છે.

અહીંથી પ્રાપ્ત ભૌતિક સામગ્રીના સંકલન અને સંદર્શનના આધારે આ કાળને ઉત્તર ગુજરાતની પ્રાગૈતિહાસિક સંસ્કૃતિનો 'પ્રાતઃસંધ્યાયુગ' કહેવામાં આવે છે. આ સમય લઘુપાષાણયુગનો છે.

અરવલ્લીના પહાડી પ્રદેશમાં વસતો પ્રાગૈતિહાસિક માનવ જંગલો હોવાથી જીવનયાપન કુદરતી ધાન્યો એકઠાં કરીને અને જંગલી પ્રાણીઓનો શિકાર કરીને કરતો હશે. પણ જેમ જેમ તે મેદાનો તરફ ખસતો ગયો હશે તેમ તેમ તેના જીવનમાં સ્થિરતા અને સ્વાવલંબન આવતું થયું હશે. તે પશુપાલક બન્યો હશે અને એક જગાએ સ્થિર થવા ખેતી તરફ વળ્યો હશે. ધાન્યો જેવી જીવનજરૂરી વસ્તુઓના સંગ્રહની વૃત્તિના કારણે તે આગળ જતાં ગ્રામવાસી અને જરૂરિયાતો સંતોષવા નગરવાસી થયો હશે.

**મેદાનોના પશુપાલકો અને કૃષકો :**

અંત્યાશ્મયુગનો માનવ મુખ્યત્વે પશુપાલક હશે તેનો ખ્યાલ લાંઘણજના ટીંબામાંથી પ્રાપ્ત ગાય, ઘેટાં, બકરાં, ભેંસ જેવાં પાળેલાં જાનવરોનાં હાડકાંથી આવે છે. આ સ્થળેથી અનાજ વાટવાના પથ્થરો અને નીલગાય, હરણ, સાબર જેવાં જંગલી પ્રાણીઓનાં હાડકાંના અવશેષો પણ પ્રાપ્ત થયા છે. આ સામગ્રી તત્કાલીન માનવ મિશ્ર આહારી હોવાનાં સબળ પ્રમાણો પૂરાં પાડે છે.

લાંઘણજમાંથી મળેલું ડેન્ટેલિયમ નામનું શંખલું, આ લોકોનું સમુદ્ર સુધીનું આગમન સૂચવે છે.

અહીંથી મળેલ લઘુ પાષાણ ઓજારો, માટીનાં વાસણોનાં ઠીકરાં, એક તાંબાનો મોટો ચપ્પુ અને લોઢાનું પાનું પ્રારંભિક લોહયુગના આરંભનો નિર્દેશ આપે છે. આ ઉપરાંત



લાંઘણજમાંથી ૧૩ માનવ હાડપિંજરો મળી આવ્યાં છે. આ બધાં શબો ઉત્તર-દક્ષિણ દિશામાં રાખવામાં આવ્યાં હતાં. આ પ્રથા તેઓની મરણોત્તર જીવન વિશેની ધાર્મિક માન્યતા અને સંઘભાવનાના ખ્યાલો સૂચવે છે.

નૃવંશવિજ્ઞાન અને ભાષાશાસ્ત્રના તજજ્ઞોએ નવાં સંશોધનો કરીને એવું તારવવાનો પ્રયત્ન કર્યો છે કે ભારતની પ્રાચીનતમ આદિમ જાતિઓમાં કેટલીક પ્રાક-દ્રાવિડી તથા આદી-ઓસ્ટ્રેલોઈડ જાતિઓ છે. આ આદિ-ઓસ્ટ્રેલોઈડ જાતિને આદિ-આગ્નેય કે 'નિષાદ' તરીકે પણ ઓળખવામાં આવે છે. રોબર્ટ શેફરે દઢતાપૂર્વક 'નિષાદો'ને ભીલોના પૂર્વજ માન્યા છે. ડી.ડી. કોસામ્બી પણ ભીલોને આર્ય-પૂર્વ સમુદાયની જાતિ માને છે. વેદોમાં પણ આ પ્રજાતિનો ઉલ્લેખ 'નિષાદ' નામથી થયો છે. પ્રજાતિના અભ્યાસીઓ આ જાતિને આદિ આગ્નેય કે આદિ નિષાદ કહે છે. નિષાદો ૧૦ થી ૮ હજાર વર્ષ પૂર્વેના સમયમાં આ દેશમાં વસતા હતા એવું માનવામાં આવે છે. મોટા ભાગે નદીઓના કિનારે રહેતા આ લોકોએ નવ પાષાણયુગની સભ્યતાનો વિકાસ કરી પ્રાગૈતિહાસિકયુગથી ભારતીય સંસ્કૃતિના નિર્માણમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

**લગભગ ૩૨૫૦-૨૭૫૦ ઈ.પૂમાં સિંધુ ખીણની સર્વાંગ સભ્યતાનો વિકાસ થયો હતો. આ સંસ્કૃતિ અમદાવાદ જિલ્લાના લોથલથી માંડીને છેક પશ્ચિમ એશિયા સુધી ફેલાયેલી હતી**

લગભગ ૩૨૫૦-૨૭૫૦ ઈ.પૂમાં સિંધુ ખીણની સર્વાંગ સભ્યતાનો વિકાસ થયો હતો. આ સંસ્કૃતિ અમદાવાદ જિલ્લાના લોથલથી માંડીને છેક પશ્ચિમ એશિયા સુધી ફેલાયેલી હતી. ભારતીય ઉપખંડના ત્રીજા ભાગ પર વિસ્તરેલી આ અતિવિકસિત સિંધુ સભ્યતાના ઘડતરમાં દ્રવિડોનું મહત્ત્વનું યોગદાન હોવાનું મોટા ભાગના વિદ્વાનો માને છે. પણ અહીંથી મળેલા માનવ હાડપિંજરોના અવશેષોની તપાસ પરથી જાણવા મળ્યું છે કે આ સિંધુ ખીણની નગર સંસ્કૃતિમાં નિષાદ અને કિરાત પ્રજાતિઓ પણ વસતી હતી. આથી સાધાર અનુમાન થઈ શકે છે કે સિંધુ ખીણની સભ્યતાના વિકાસમાં નવપાષાણયુગના કૃષક નિષાદ લોકોનો પણ મહત્ત્વનો ફાળો હશે.

લોથલ એ સિંધુ સભ્યતાનું સમુદ્ર કિનારે આવેલું બંદર હતું, અને આભૂષણો માટે વપરાતું શંખલું ઉત્તર ગુજરાતના લાંઘણજ ગામના પ્રાગૈતિહાસિક ટીંબામાંથી મળી આવ્યું છે. આ શંખલું નવ પાષાણયુગના નિષાદ લોકોનો સંબંધ સમુદ્ર કે સિંધુ સભ્યતાના બંદર લોથલ સાથે જોડે છે.

ભારતનો અરવલ્લી પહાડ અને દક્ષિણી પહાડ દુનિયાના પ્રાચીન ભૂમિખંડ છે. આ બંને ભૂભાગમાંથી પ્રાચીન પાષાણયુગના લોકોની સંસ્કૃતિનાં એંધાણ મળે છે. આ ભૂભાગને પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું ઉદ્‌ભવસ્થાન કહી શકાય. મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના મેદાનોમાંથી મળતા પ્રાગૈતિહાસિક અવશેષોના સંશોધન-સંકલન અને સંદર્શનથી નવ પાષાણયુગની નિષાદ સંસ્કૃતિનો ક્રમિક વિકાસ જોઈ શકાય છે. આ યુગના લોકો પશુપાલકો અને કૃષકો હતા. આ નવ પાષાણયુગને સંસ્કૃતિના લોકોએ જ સિંધુ સભ્યતાનો વિકાસ કર્યો હશે કે તેઓ અને દ્રવિડ, કિરાત તથા અન્ય પ્રજાતિના લોકોએ સાથે મળીને આ ભારતીય નગર સભ્યતાને વિકાસની ચરમ સીમા પર પહોંચાડવાનો સહિયારો પ્રયત્ન કર્યો હશે તે તથ્યને સમજવા માટે સઘન પ્રાગૈતિહાસિક સંશોધનની આવશ્યકતા છે.

**સંદર્ભ**

૧. વધુ વિગત માટે જુઓ ખેડબ્રહ્મા તાલુકાની પ્રાગૈતિહાસિક સંસ્કૃતિઓ, ડૉ. ભગવાનદાસ પટેલ, પ્રથમ આવૃત્તિઃ ૧૯૯૨, પ્રકાશક : ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૨. એન્થોગ્રાફી ઑફ એન્શિએન્ટ ઈન્ડિયા, પૃ. ૨૧, રોબર્ટ શેફર

૩. પ્રાચીન ભારત કી સંસ્કૃતિ ઔર સભ્યતા, ડી.ડી. કોસામ્બી, પ્રથમ સંસ્કરણ : ૧૯૬૯

*૩૦૪, મિથિલા, વિજયા બેંકની ઉપર,*
*જજિઝ બંગલા ચાર રસ્તા,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫*
*મો. ૯૪૨૮૧૦૯૫૭૯*


# લાઠી

*- યાસીન દલાલ*

**મા**રવાડમાંથી સૌરાષ્ટ્રમાં આવેલા સેજકસિંહ ગોહિલે ઈ.સ. ૧૨૫૦માં ગોહિલ વંશની સ્થાપના કરી. સેજકપુર ગામ વસાવી તેમણે શાસન સંભાળ્યું. તેમના ફટાયા કુંવર સારંગજીને અર્થીલા ગામ જાગીરમાં મળ્યું. એક દીકરી જુનાગઢના રા'માંડલીક સાથે પરણાવી. એમના નાનાભાઈ હમીરજી હતા. આ બંને ભાઈઓ લાઠી આવ્યા ત્યારે લાઠીનું નામ ધૂતારપૂર હતું. એમને હરાવી દૂદાજીએ અને હમીરજીએ લાઠી નામ આપીને શાસન શરૂ કર્યું. એ સમયે કાઠિયાવાડમાં કાઠી લોકોનો સૂરજ તપતો હતો. સારંગજીની બાવીસ પેઢીએ લાખાજીએ કાઠીઓને વશમાં કરી લાઠીને રાજધાની બનાવી. લાઠીનો આકાર દર્શાવે છે તેમ લાકડીની જેમ લાંબું અને પાઘડી પને વસેલું છે. જો કે એને સંસ્કાર નગરી બનાવવાનો જશ સૂરસિંહજી ગોહિલ ઉર્ફે કલાપીને જાય છે. ચોથા વર્ગનું ૧, ગામવાળું લાઠી આઝાદી વખતે ત્રણ મહાલ ધરાવતું હતું. લાઠી, ભૂરખિયા અને વાળુકરને આઝાદી પછી અમરેલી જિલ્લામાં સમાવી લેવાયા. લાઠી આ જ તાલુકો બન્યો છે. એના સ્થાપક સારંગજીની બાવીસમી પેઢીએ લાખાજી હતા. દાજીરાજ ઉર્ફે અમરસિંહ અવસાન પામતા તેમના નાના બાઈ તખ્તસિંહજી ગાદીએ આવ્યા. કલાપી ૧૮૮૬માં ગાદીએ આવ્યા. ત્યાર પછી એમના મોટા પુત્ર પ્રતાપસિંહજી ગાદીએ બેઠા. એમને ત્રણ કુમારો પ્રહલાદસિંહ, મંગળસિંહ અને હરિશચંદ્રસિંહ હતા. મોટા કુંવર પ્રહલાદસિંહ ગાદીએ બેઠા.

**સારંગજીની બાવીસ પેઢીએ લાખાજીએ કાઠીઓને વશમાં કરી લાઠીને રાજધાની બનાવી. લાઠીનો આકાર દર્શાવે છે તેમ લાકડીની જેમ લાંબું અને પાઘડી પને વસેલું છે**

હમીરજી ગોહિલ દૂદાજીના નાનાભાઈ હતા. બંને ભાઈઓને બહુ સારું બનતું. હમીરજી મોટાભાઈને મદદ કરતાં પણ મોટેભાગે બહાર ફરતાં રહેતા. દૂદાજીની પત્ની સાથે એમને વાકું પડ્યું. હમીરજીને સમઢીયાળા ગામ જાગીરમાં મળી ગયું, પણ તેઓ અર્થીલા રોકાણા હતા એ દરમ્યાન જાફરખાને સોરઠ ઉપર ચડાઈ કરી. એના લશ્કરમાં હાથી અને તોપો હતી તથા કાબુલી, મકરાણી અને અફઘાની તેમજ પઠાણો ફોજમાં હતા. હમીરજી અર્થીલા રોકાણા એટલે એમને વાતની કંઈ ખબર નહોતી. છત્રપાલ સરવૈયા, પાતળા ભટ્ટી, સોલંકી, સિહોરના જાની, જેવા ભેરૂબંધો સાથે વગડામાં રમીને હમીરજી દરબારગઢમાં આવ્યા. બધાને ભૂખ લાગી હતી. હમીરજીના ભાભી કહેવા લાગ્યા કે દિયરજી આટલી બધી ઉતાવળ કાં? ઝટ ખાઈને સોમનાથની સખાતે જવું છે ? હમીરજીએ પૂછ્યું, કેમ ભાભી ! સોમનાથ ઉપર સંકટ છે ? ભાભી બોલ્યાં, તમને એટલીય ખબર નથી ? ગુજરાતના સૂબાની ફોજ સોમનાથ ઉપર આવે છે. હમીરજીને નવાઈ લાગી, એમણે કહ્યું કે શું વાત કરો છો? રજપૂતી મરી પરવારી છે? દૂદાજીના ઘરવાળા નિરાશ થઈને બોલ્યા, બહુ લાગી આવતું હોય તો તમે હથિયાર બાંધો અને દિયરજી! તમેય ક્યાં રજપૂત નથી ? હમીરજીને હાડોહાડ આ મેણું લાગી ગયું. એમણે કહ્યું કે હું સોમનાથની સખાતે જાઉં છું. રાણીએ એમને ઘણું સમજાવ્યું પણ તે એક ના બે ના થયા. અને ૨૦૦ સૈનિકો સાથે સોમનાથ જવા નીકળી ગયા. રસ્તામાં વોળ ગઢડા આવ્યું ત્યાં વેગડાજી કરીને એક ભીલ સરદાર હતો એની પાસે ૩૦૦ ભીલો તૈયાર રહેતા એને એક જેઠવા રજપૂતે મરતાં મરતાં પોતાની દીકરી આપી હતી. હમીરજી વેગડાજીને મળ્યા, વેગડાજીએ એમને આગ્રહ કરીને રોક્યા અને રાજબાઈની ઓળખાણ કરાવી. રાજબાઈ લગ્ન માટે તૈયાર થઈ ગયાં. ૨૦૦ રજપૂતોની હાજરીમાં લગ્ન થયાં.



રાજબા સાથે એક રાતનો સંસાર ભોગવી હમીરજી રવાના થયા. જાફરખાન પ્રભાસના પાદરમાં આવી પહોંચ્યો. વેગડા ભીલો સાથે એની લડાઈ થઈ. ભીલોએ જાફરખાનની સેનાને થકવી દીધી એની ઉપર એકબાજુ મંદિર તોડવાનું ઝનૂન હતું. બીજીબાજુ ભીલો તથા હમીરજીને મંદિર બચાવવું હતું. સામ સામે તોપમારો થયો. વેગડાજીની નજર જાફરખાન ઉપર હતી. વેગડાએ તલવારના છૂટા ઘાથી સરદારનું માથું ઉડાવી દીધું. બીજી તલવારે હાથીની સૂંઢ કાપી નાંખી. વેગડાજી લડતા હતા ત્યારે હમીરજી સોમનાથનું રક્ષણ કરતા હતા. જાફરખાને સોમનાથના ગઢને ત્રણ બાજુથી ઘેરી લીધો હતો. હમીરજીએ ૨૦૦ સૈનિકો તૈયાર કર્યા. સોમનાથના દરવાજા ખૂલતા જ ૧૦૦ ઘોડેસ્વારો તૂટી પડ્યા. બંને પક્ષે સૈનિકોની ખૂબ ખુવારી થઈ. ૧૦ દિવસ યુદ્ધ ચાલ્યું. ગઢના પાયામાં સુરંગ ખોદાતી હતી. હમીરજીએ પાણી રેડીને સુરંગને નકામી બનાવી દીધી. બીજા દિવસનો સૂર્ય નીકળે એટલે તરત કેસરિયા કરવાનું નક્કી થયું. હમીરજીએ સવારમાં નાહીધોઈને શંકરની પૂજા કરી. બાદશાહે હાહાકાર મચાવી દીધો. હમીરજી સામી છાતીએ લડ્યા. મંજિરના મેદાનમાં લોહીની નદીઓ વહેવા લાગી. એક બાજુ જાફરખાનનું લશ્કર હતું અને બીજી બાજુ હમીરજી તથા વેગડાજી ઉપરાંત રબારી અને ભરવાડો લડતા હતા. હમીરજીનું શરીર વેતરાઈ ગયું. એ યોદ્ધો ઢળી પડ્યો સાંજ પડી હમીરજી પડ્યા અને સોમનાથ પણ પડ્યું.

**સેજકજીએ ખાચર, ખુમાણ, વાળા, વીંછીયા અને બસીયા કાઠીઓને હરાવી એમને હઠીલાની ચોવીસી સાથે જોડી દીધા અને તે મુલકને ગોહિલવાડ નામ આપ્યું. ભાવનગર, પાલીતાણા, મોણપર, નવાસા અને લીંબડી વગેરેના સ્થાપક સેજકજી હતા**

હમીરજીના પૂર્વજ સેજકજી ગોહિલના ભાઈને ધંધુકાના ખાસ ગામના કોળી ઠાકોર સાથે પ્રેમ થયો અને પરણી ગયા. આથી તેઓ ખસીયા કહેવાયા. હમીરજીની ભીલ સાથે ઉછરેલી કન્યા સાથે તેમના વંશજો અલગ પડ્યા અને અત્યારે તેઓ ઉના પંથકમાં વસે છે. સોમનાથની બહાર વેગડજી અને મંદિરના મેદાનમાં હમીરજીની દેરીઓ આજેય ઊભી છે. તેઓ કલાપીના પૂર્વજ હતા.

ગોહિલો મૂળ શાલિવાહન વંશના હતા. ગોહિલ શબ્દની વ્યુત્પતિ ગોઈલા શબ્દ ઉપરથી આવી છે. ગો-શક્તિ+ઈલા-પૃથ્વી એટલે પૃથ્વીનું બળ. એટલે કે પરાક્રમી પુરુષો એવો થાય છે. કેટલાક લોકો એમ પણ માને છે કે 'ગુહિલે' ઉપરથી શબ્દ થયો છે. ગુહ-ઢાંકવું - રક્ષણ કરવું + ઈલ - વાળા એટલે કે રક્ષણ કરવાવાળા. સેકજકજી ગોહિલ ખૈરાગઢથી આવ્યા ત્યારે રા'એ એમને સૌરાષ્ટ્રનું રક્ષણ કરવા શાહપુરમાં રાખેલા. શાલિવાહન ગોહિલોનો પૂર્વ જ હતો. શાલિવાહનના હંસરાજ થયા અને તેણે પૈઠણપુરનું રાજ ગુમાવ્યું. હંસરાજ દક્ષિણમાંથી ઉત્તરમાં મારવાડના મૂળી નદીના કાંઠે ખૈરાગઢમાં ગયો અને ત્યાંના ખારવા ભીલ રાજાને હાંકીને પોતે ગાદી ઉપર બેસી ગયો. હંસરાજના લાજી અને લાજીના ઝાંઝરજી અને ઝાંઝરજીના સેજકજી થયા. ખૈરાગઢમાં રાઠોડ જયચંદ્રના પુત્રોએ હુમલો કર્યો એટલે સેજકજી ૧૨૯૪માં સૌરાષ્ટ્રમાં આવ્યા. રા'એ સૌરાષ્ટ્રના રક્ષક તરીકે તેની નિમણૂક કરી અને પોતાની કુંવરી વાલમ સાથે લગ્ન કરાવ્યાં. સૌરાષ્ટ્રનું રક્ષણ સારી રીતે કર્યું હોવાથી રા'એ સેજકજીને અર્થીલા ચોવીસી, માંડવી ચોવીસી અને અણહીલવાડ ચોવીસી આપી દીધી. સેજકજીએ અણહીલવાડ ઉજ્જડ કરીને સેજકપુર વસાવ્યું અને પોતાના કુંવર રાણાજીને ગાદી સોંપી દીધી. રાણાજીએ રાણપુર વસાવ્યું. સારંગજીને માંડવી ચોવીસી આપી. પોતાના મોટા કુંવર શાહજીને લઈ એમને અર્થીલામાં ગાદી સ્થાપી. વસતી દુકાળથી પીડાતી હતી એટલે દુકાળમાંથી એને ઉગારી. સોનકજી ગોહિલ અતિ ધાર્મિક હતા. ગોહિલ વંશમાં શૂરવીરતા અને સખાવતના દાખલા અનેક મળી આવે છે. હઠીલાનો ટીંબો શેખ પિપરીયા જતાં આવે છે. તે શાપિત બની ગયો હતો. આથી દુદાજી અને હમીરજી બંને ભાઈઓ લાઠીમાં વસ્યા.

કાઠી લોકો દરબાર ખરા પણ વેરીલા હતા. સેજકજીએ ખાચર, ખુમાણ, વાળા, વીંછીયા અને બસીયા કાઠીઓને હરાવી એમને હઠીલાની ચોવીસી સાથે જોડી દીધા અને તે મુલકને ગોહિલવાડ નામ આપ્યું. ભાવનગર, પાલીતાણા, મોણપર, નવાસા અને લીંબડી વગેરેના સ્થાપક સેજકજી હતા. લાખાજીના બે નાના કુંવરો હનુભાઈ અને ફતેહસિંહની જોડી સાહસિક હતી. હનુભાઈના બાને વિરડી ગામ જીવાઈમાં મળ્યું હતું અને બા સાહેબે ભાવનગરને લખી આપેલું. લાખાજીના વડીલ કુંવર દાજીરાજ ગાદીએ

આવ્યા. એમનું મૂળ નામ અમરસિંહ હતું. તેમણે અમરાપરા ગામ વસાવેલું. ટૂંકુ આયુષ્ય ભોગવીને તેમનું અવસાન થયું. તેમને પુત્ર નહીં હોવાથી નાનાભાઈ તખતસિંહે ગાદી સંભાળી. એમને ત્રણ દીકરા હતા. ભાવસિંહજી, સૂરસિંહજી અને વિજયસિંહજી. ભાવસિંહજી કોલેજમાં ભણતાં ભણતાં જ અવસાન પામ્યા. આથી લાઠીની ગાદી ઉપર સૂરસિંહજી બેઠા.

લાઠીની વસતી અગાઉ ૪૩૮૪ હતી. ઈ.સ. ૨૦૦૧માં ૨૦૯૬૬ હતી. આ સંસ્થાનમાં કુલ આઠ ગામ હતાં. વાળુકડ, નેસવડ, લાખણકા, જૂના પાદલ આ ઉપરાંત ઘોઘા તાલુકાનાં ગામ હતાં. ૧૮૮૫માં ત્યાં બાપુભા ગાદી ઉપર હતા પણ એ સગીર વયના હોવાથી એમના વતી કારભારી માણેકલાલ લાઘા ચલાવતા હતા. લાઠીની સ્થાપના સેજકજીના કુંવર સારંગજીએ કરેલી. એમના બહેન વાલમ કુંવરબા જુનાગઢના ચૂડા રાખેંગાર સાથે પરણેલા ત્યારે રાવે સારંગ અને સાહજીને અર્થીલા ચોવીસી જાગીરમાં આપી હતી. સારંગજીએ સાહજીને માંડવીનો ટપ્પો આપ્યો અને અર્થીલામાં પોતાનું મથક કર્યું. એના વંશજોએ ચાર પેઢી સુધી ત્યાં રાજ કર્યું. એ પછી જૂનાગઢના રા'માંડલીકે અર્થીલાનો નાશ કર્યો અને ત્યારે ગોહિલો લાઠી આવી ગયા અને ત્યાં શાસન શરૂ કર્યું. લાઠીના એક ઠાકોરે દામાજી ગાયકવાડને પોતાની કુંવરી પરણાવી તે વખતે ચભાડીયા તાલુકો પહેરામણીમાં આપ્યો હતો. ચભાડીયા હાલમાં દામાજીના નામ ઉપરથી દામનગર કહેવાય છે. ગાયકવાડ લાઠીનું રક્ષણ કરતા અને ખંડણી પણ માફ કરી હતી અને પછી લાઠીના રાજવી ગાયકવાડને ખંડણી પેટે એક ઘોડો જ આપતાં. દામનગર હવે અલગ થઈ ગયું છે. લાઠી ભાવનગર અને ગોંડલ વચ્ચે આવે છે.

લાઠી ચોથા વર્ગનું પહેલું રાજ્ય હતું. જેનો વિસ્તાર કુલ ૪૯ ચોરસ માઈલનું હતું. લાઠીના રાજા કલાપી પોતે જ સાહિત્યકાર હતા. રાજાઓ સાહિત્યપ્રેમી હોય એવું બન્યું છે પણ રાજા પોતે જ સાહિત્યકાર હોય એવું ભાગ્યે જ બન્યું છે. લાઠીની સ્થાપના કરનારા મેવાડ મારવાડમાંથી આવેલા.

કલાપીનો જન્મ ૨૬ જાન્યુઆરી ૧૮૭૪ના રોજ થયેલો. એમનું નામ સુરસિંહ હતું. તેઓ તખ્તસિંહના પુત્ર હતા. એમના બા નું નામ રામબા હતું જે ગોંડલના મહારાજા ભગવતસિંહજીના બહેન થાય. કલાપી માત્ર પાંચ વરસના હતા ત્યારે પિતાનું અવસાન થયું. એમનાં બા ધાર્મિક અને શ્રદ્ધાળુ હતાં. કલાપી આઠ વરસની ઉંમરે રાજકુમાર કોલેજમાં અભ્યાસ કરવા ગયા. તેઓ સ્વભાવે ઓછા બોલા અને શરમાળ હતા. રાજકોટમાં તેઓ લીંબડી ઉતારામાં રહેતા. વેકેશનમાં લાઠી આવતા, તેમને કુસ્તી અને ટેનિસનો શોખ હતો. ૧૩ વરસની ઉંમરે આંખોમાં ખીલ થઈ ગયેલા. રાજ્ય તરફથી નિમાયેલા શિક્ષક ત્રિભુવન જાની તેમને ઈલાજ માટે મુંબઈ લઈ ગયા અને સાત મહિના ત્યાં રોકાયા. તેમના મોટાભાઈનું નામ ભાવસિંહ હતું. ૧૮૭૪માં ઘોડા ઉપરથી પડી જતાં તેઓનું અવસાન થયું. કલાપીના પિતાનું પણ અવસાન થતાં લાઠીનો કારભાર માણેકલાલ અને છોટાભાઈ જેવા કારભારીઓએ ચલાવ્યો. ૧૪ વરસની ઉંમરે બાનું પણ અવસાન થઈ ગયું. કલાપીને ખૂબ આઘાત લાગ્યો. માતાની ઉત્તરક્રિયા પછી તેઓ રાજકોટ આવ્યા પણ બાની યાદ બહુ આવતી. લાઠી આવતાં ત્યારે બાની ગેરહાજરી બહુ સાલતી. બાનો વિયોગ ભૂલવા તેમના શિક્ષક જાની માસ્તરે ઉત્તમ પુસ્તકોના વાચનની લગની લગાડી. પંચતંત્ર, હિતોપદેશ અને ઈસપની નીતિ કથાઓ તેમને સંભળાવતા. ઉપરાંત દલપતરામની અને 'કરણ ઘેલો' જેવી નવલકથા એમણે વાંચી નાંખી. 'પ્રિયંવદા' જેવા સામયિકો વાંચતા અને શેક્સપિયરની

**કલાપીનો જન્મ ૨૬ જાન્યુઆરી ૧૮૭૪ના રોજ થયેલો. એમનું નામ સુરસિંહ હતું. તેઓ તખ્તસિંહના પુત્ર હતા. એમના બા નું નામ રામબા હતું જે ગોંડલના મહારાજા ભગવતસિંહજીના બહેન થાય. કલાપી માત્ર પાંચ વરસના હતા ત્યારે પિતાનું અવસાન થયું**



વાર્તાઓ પણ વાંચતા. આંખની મુશ્કેલીને કારણે તેમણે વાંચનાર રાખેલો. ૧૮૮૯માં પંદર વરસની ઉંમરે રોહા અને કોટડાસાંગાણીની રાજકુમારીઓ સાથે એમનાં લગ્ન થયાં. બંને પત્નીઓ આઠ અને બે વરસ મોટી હતી તેમને રોહાના રાજબા પ્રત્યે વધારે આદર હતો. કલાપીએ તેમનું નામ રમા પાડ્યું. કોટડાસાંગાણીવાળાં આનંદીબા ભોળાં હતાં. રાજબા ભણેલા હોવાથી ગીતો લખી શકતાં. ઉપરાંત સાહિત્ય અને સંગીતમાં એમને રસ હતો. બાના અવસાન પછી રમા પ્રત્યેનો પ્રેમ એમને લાઠી આવવા આકર્ષતો. એમને રમા વિના ભણવું ઝેર જેવું લાગતું. એક દિવસ યુગ જેવો લાગતો તેઓ રમાને પત્રો લખતા રહેતા. રાજબાએ ૧૮૯૦માં પુત્રીને જન્મ આપ્યો. કલાપીની કાવ્યરચનાનો પ્રારંભ પણ આજ વરસે થયો. પ્રારંભે તેઓ નિજાનંદ માટે લખતા અથવા રાજબાના વિરહમાં લખતા. રમા પ્રત્યેના પ્રેમને કારણે કલાપીએ ૧૮૯૧માં કોલેજનું શિક્ષણ છોડી દીધું. હવે એમને આખા દેશની યાત્રા કરવાનો વિચાર આવ્યો. એમના મિત્ર ગીગાવાળા સાથે એમણે કાશ્મીરનો પ્રવાસ કર્યો. એમની સાથે જાની માસ્તર, સંચિત તથા કુમાર શિવસિંહ પણ હતા. કાશ્મીરના પ્રવાસની એમને ડાયરી લખેલી. આ પ્રવાસે એમની જિંદગી ઉપર બહુ મોટી અસર કરી.

**એક વખત રાજગાદીનો ત્યાગ કરવાની ઇચ્છા રાજબાને જણાવી ત્યારે એમણે કહ્યું કે આપણને પુત્ર ન હોવાથી તમે રાજ છોડી દેશો તો સત્તા બીજાના હાથમાં જશે. કલાપીએ કહ્યું કે મારા વારસે જ મારું રાજ્ય ભોગવવું જોઈએ એવો નિયમ નથી**

પ્રવાસ દરમ્યાન એમને સતત રમાની યાદ આવતી. બે વાર તો એમને આપઘાતનો વિચાર પણ આવેલો. કલાપીને રાજા બનવાની ઈચ્છા કદી પણ નહોતી. તેઓ વિદ્વાનો અને સાધુઓના સત્સંગમાં વધુ મજા માણતા. તેઓ માનતા કે સત્તા આવે એટલે મગરૂરી પણ આવે. એક વખત રાજગાદીનો ત્યાગ કરવાની ઈચ્છા રાજબાને જણાવી ત્યારે એમણે કહ્યું કે આપણને પુત્ર ન હોવાથી તમે રાજ છોડી દેશો તો સત્તા બીજાના હાથમાં જશે. કલાપીએ કહ્યું કે મારા વારસે જ મારું રાજ્ય ભોગવવું જોઈએ એવો નિયમ નથી અને દીકરા મોટા થઈને મા બાપને લાભ આપશે જ એ આશા પણ નકામી છે. મૃત્યુ પછી રાજ્ય કે સગા દીકરા કે ભાઈ-બહેન કોઈ સાથે સંબંધ રહેતો નથી.

એ દરમિયાન 'પ્રિયંવદા' અને 'સુદર્શન'ના તંત્રી મણિલાલ દ્વિવેદી સાથે પત્ર વ્યવહારનો સંબંધ બંધાયો. મણિલાલને એ પોતાના ગુરુ માનતા. એમણે મણિલાલને એકવાર લખેલું કે વડવાના બળે મેળવેલી ગાદી કરતાં પોતાના બળે મેળવેલી ગાદી હજાર ગણી ઉત્તમ છે. મણિલાલે એમને માર્ગદર્શન આપેલું અને પ્રજાવત્સલ રાજવી બનવા સમજાવ્યા, પણ કલાપીના શાસનમાં બીજા રાજવીઓ જેવી સખ્તાઈ કે કડકાઈ કદી આવ્યા નહીં. તેઓ કહેતા કે કોઈ માણસને કેદની સજા કરવી એ મને ત્રાસજનક લાગે છે. શું આવો ગુનેગાર શિક્ષા વિના સુધરી ન શકે? મણિલાલે ગુનેગારોને જ શિક્ષા કરવાની અને રાજ્યમાં સારા અને વિશ્વાસુ માણસોને લેવાની સલાહ આપી. કલાપીએ એ સલાહ માન્ય રાખી. તેમણે રાજ્યની આવક વધારી પ્રજાને સુખી કરવાનો નિશ્ચય કર્યો. કાયદાનો અભ્યાસ કર્યો અને આ વાંચન દ્વારા આદર્શ રાજાનો ખ્યાલ બાંધી એવા રાજા બનવાની લાયકાત મેળવવા પ્રયત્નો શરૂ કર્યા. રોજ વહેલા ઊઠીને તેઓ ઘોડેસવારી કરતા. ગામડાઓમાં જઈને ગરીબ પ્રજાજનોના સુખદુઃખથી વાકેફ થતા. પાછા ફરીને તેઓ કસરત કરતા. ૧૮૯૫માં ૨૧ વરસની ઉંમરે તેમનો રાજ્યાભિષેક થયો. એજન્સીએ મૂકેલા આકરા બંધનો તેમને ગુલામી જેવાં લાગતાં. આમ છતાં તેમણે શક્ય તેટલો રસ લઈને શાસન કર્યું. વેપાર વધે, જમીનની ગુણવત્તા સુધરે, લોકોને મફત શિક્ષણ મળે તથા ઓછા ખર્ચે ન્યાય મળે તેવા પ્રયત્નો તેઓએ શરૂ કર્યા. પણ અંધવિશ્વાસ મૂકવાના તેમના સ્વભાવને કારણે મિત્રો અને કાર્યકર્તાઓ સાથે મતભેદો સર્જાતા. તેઓ કોઈ ઉપર ગુસ્સે થઈ શકતા નહીં. સાંજે શતરંજ અને ટેનિસ રમીને તેઓ ફરવા જતાં આવીને સંસ્કૃત અને ફિલોસોફીનાં પુસ્તકો વાંચતા.

એ જમાનાના રિવાજ મુજબ દરેક રાણી પોતાની સાથે એકાદ બે દાસી લઈ આવતી. લોહાવાળા રાણી રાજબાની સાથે મોંઘી નામની દાસી આવેલી. તેનો ચહેરો મધુર અને નમણો હતો. પ્રથમ મિલનથી જ કલાપીના મનમાં એ વસી ગઈ. મોંઘીની ભાષા સુધારી તેમને ભણાવતા. કાશ્મીરના પ્રવાસેથી પાછા આવ્યા ત્યારે મોંઘી પ્રત્યે તેમને પ્રેમ થઈ ગયો. મોંઘીમાંથી શોભના બની ગઈ, ત્યારે કલાપીની ઉંમર

૨૦ વરસની અને શોભનાની ૧૩ વરસની હતી. બીજી બાજુ રાજબા ૨૮ વરસનાં હતાં. ઉંમરના તફાવતને કારણે રાજબા પ્રત્યે કલાપીનું આકર્ષણ ઘટી ગયું હતું. રમાબા રાજખટપટમાં રચ્યા પચ્યા રહેતા. તેઓ ધાર્મિક હોવાનો દંભ કરતાં. રમાબાએ ધારેલું કે આ પ્રેમસંબંધનો અંત આવી જશે, પરંતુ જ્યારે તેમને લાગવા માંડ્યું કે એમ નહીં થાય ત્યારે શોભનાની સગાઈ રમાબાએ રણછોડ ખવાસ સાથે કરી દીધી. એમને એમ હતું કે રાજા દાસી જોડે ગમે તેટલો છૂપો વ્યવહાર રાખે પણ તેની સાથે લગ્ન નહીં કરે. રમાબાની સંમતિ વિના લગ્ન થઈ શકે જ નહીં. પણ ધીમે ધીમે કલાપી શોભનાના પ્રેમમાં ઊંડા ઊતરતા ગયા. રમા જો સંમતિ આપે તો શોભનાને ત્રીજી રાણી બનાવવા માંગતા હતા. પણ રમાબા માન્યા નહીં. કલાપી એક તબક્કે રમા તરફ પાછા વળી ગયા પણ રમાના મનમાં કલાપી પ્રત્યે લાગણી રહી નહીં. રમાએ શોભના સાથેનું તેમનું મિલન બંધ કરાવી દીધું અને સંકુચિત અને સ્વાર્થી બની ગયાં. તેમણે પત્રમાં લખ્યું કે હાલ આપણને બંને પીડા છે તે હું ભોગવીશ પણ દુનિયા તમને ધિક્કાર દેશે. ભાઈબંધો તમને છોડી દેશે, હું આ વાત છૂપી રાખીશ પણ રહેશે નહીં. તમે તેને ચાહો તેમાં મને વાંધો નથી પણ તેનાથી તમને ડાઘો લાગે છે.

**કલાપીએ ૧૫૦ જેટલાં કાવ્યો રચ્યાં હતાં. તેમાં આઠ વરસ સુધીનો સમય લાગ્યો. મોટાભાગનાં કાવ્યો ત્રણેયને લગતાં હતાં. દુકાળ સમયે એમણે પ્રજા પ્રત્યે વત્સલતા બતાવી અને રાહતકામમાં રાજ્યની તિજોરી ખાલી કરી દીધી**

રમાએ શોભનાને કલાપીની નજરે ન ચડવાનું ફરમાન કરેલ. કલાપીને સખત આઘાત લાગ્યો. કલાપીએ થોડાક મહિના ખોરાકનો ત્યાગ કરી માત્ર દૂધ અને ફળ ઉપર ગુજાર્યું. ૧૮૯૭માં તેઓ એકલા મહાબળેશ્વર જતા રહ્યા. દરમ્યાન રણછોડ ખવાસ સાથે સગાઈ થઈ હોત તેણે લગ્ન કરવાની ના પાડી. રમાબાએ રોહાથી રામજી નામના બીજા ખવાસને બોલાવીને એની સાથે લગ્ન કરાવી નાખ્યાં. કલાપીને સખત આઘાત લાગ્યો. પાછા આવીને એમણે શોભનાની એક વિશાળ કદની તસવીર ટીંગાડી. આખરે રમાબાએ અનિચ્છાએ શોભના સાથે લગ્નની સંમતિ આપી. લગ્ન પછી પણ શોભના કલાપીને ચાલે છે એવો એકરાર કરે તો તેના લગ્ન ફોક કરી કલાપી સાથે લગ્ન કરવા. દરમ્યાન શોભના માંદી પડી. કલાપી એમને ખાનગીમાં જોઈ આવ્યા. ફૂલવાડીના બંગલે રાખી તેની સારવારની વ્યવસ્થા કરી. તમારા પરના પ્રેમમાં સહેજ પણ ફેર પડશે નહીં એવી રમાબાને ખાત્રી આપી. સલાહ લેવા માટે મણિલાલને ખાસ લાઠી તેડાવાયા. ૧૮૯૮માં અનેક મિત્રો અને સ્વજનોના વિરોધ છતાં કલાપીએ શોભનાને રાણી બનાવી. ફૂલવાડી બંગલે વિધિસર લગ્ન થયાં. લગ્ન પછી બંને હનીમૂન માટે માથેરાન ગયાં. રમાબા કલાપીથી રિસાઈને હંમેશ માટે દરબારગઢ જતા રહ્યા. શોભનાનો બાપ અને પતિ કચ્છ જતાં રહ્યાં. દરમ્યાન મણિલાલ દ્વિવેદીનું અવસાન થયું. કલાપી ઉપનામ એમણે આ વરસે જ પસંદ કર્યું. 'સુદર્શન'માં તેમના આખા નામ સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ ઉપરથી એસ.ટી.જીનામે પ્રસિદ્ધ થતાં 'મધુકર' નામ પણ એમને ગમી ગયું. પણ જીવણરામે કલાપી સૂચવ્યું એ પસંદ પડ્યું. હડાણા દરબાર વાજસુરવાળા, દરબાર બાવાવાળા, મસ્ત કવિ, પ્રભુલાલ શાસ્ત્રી અને કવિ કાન્ત એમના મિત્રો હતા. શોભના સાથેનાં લગ્ન પછી કલાપી કોઈને દુઃખ ન લાગે તેનું ખાસ ધ્યાન રાખતા. કલાપીએ રહેવાનું મુસાફરી બંગલે અને જમવાનું રમાબા સાથે દરબારગઢમાં રાખ્યું. ત્રણ રાત શોભના સાથે, બે રાત રમા સાથે અને બે રાત આનંદીબા સાથે ગાળતા. કલાપીએ ૧૫૦ જેટલાં કાવ્યો રચ્યાં હતાં. તેમાં આઠ વરસ સુધીનો સમય લાગ્યો. મોટાભાગનાં કાવ્યો ત્રણેયને લગતાં હતાં.

દુકાળ સમયે એમણે પ્રજા પ્રત્યે વત્સલતા બતાવી અને રાહતકામમાં રાજયની તિજોરી ખાલી કરી દીધી. એજન્સી



પાસેથી એક લાખ રૂપિયા વ્યાજે લીધા. બે તળાવ ખોદાવ્યાં, બળદો અને ખેડૂતો માટે ઘાસની વ્યવસ્થા કરી. ગરીબો પ્રત્યે શાસકનું વલણ કેવું હોવું જોઈએ એ 'ગ્રામમાતા' નામના કાવ્યમાં બરોબર સમજાવ્યું. મણિલાલનું અવસાન થયા પછી એમને સંસાર પ્રત્યે વૈરાગ આવી ગયેલો. લાઠી છોડીને તેઓ એકાંતમાં ચાલ્યા જવા માંગતા હતા. ત્રણ-ચાર વરસ પંચગીનીમાં એક સામાન્ય ગૃહસ્થ તરીકે રહેવાનો વિચાર કર્યો અને પછી યોગ્ય જણાય તો લાઠી પાછા ફરવું એવો નિર્ણય કર્યો. રાણીઓમાંથી જેને સાથે રહેવું હોય તેને રાખવાની ઈચ્છા બતાવી પણ કુદરતને બીજું જ મંજૂર હતું. ૧૯૦૦ના જૂનની ૭મી તારીખે આ તંદુરસ્ત રાજવીને ઝાડા થઈ ગયા. કલાપીએ ઉનાળો હોવાથી ભાવનગરનો બરફ ખાધો હતો. ભાવનગરમાં કોલેરા ચાલતો હતો. ૭મીની આખી રાત અને ૮મીનો આખો દિવસ સતત ઝાડા રહ્યા. ૯મી જૂને વહેલી સવારે ૨૬ વરસની ઉંમરે એમના જીવનનો અંત આવ્યો. વૈદ્ય મિત્ર પ્રભુલાલને બોલાવાયા એમણે કોલેરાનું નિદાન કરી દવા આપી. રાજકોટથી ડૉ. ત્રિભુવનદાસ અને બીજા ડૉક્ટરોને બોલાવાના તાર થયા. એજન્સીના સર્જન ડૉ. બર્કને માટે સ્પેશ્યલ ટ્રેઈનની વ્યવસ્થા થઈ પણ એ લોકો લાઠી પહોંચ્યા એ પહેલાં જ કલાપીનું અવસાન થઈ ગયું. કલાપીએ શાશ્વત ગુણોવાળી ગઝલો લખી છે એ ઉપરાંત પત્રોના બે સંગ્રહો પણ લખ્યા છે. એમના અવસાન પછી રશિયન ભાષામાં એમનો અનુવાદ પણ થયો છે.


**પ્રહલાદસિંહજી પછી ભૂપેન્દ્રસિંહજી ગાદીએ આવ્યા. તેઓ પૂનામાં રહેતા હતા. લાઠીમાં એક વાહન અકસ્માતમાં એમનું અકાળે અવસાન થયું. તેઓ નિઃસંતાન હતા. આથી એમની નાનાભાઈ શ્રી કીર્તિકુમારને ગાદી મળી**


કલાપીના અવસાન પછી પાટવી કુંવર પ્રતાપસિંહજી અને તેમના પછી પ્રહલાદસિંહજી ગાદીએ આવ્યા. એમના શાસનકાળ દરમ્યાન જ દેશ આઝાદ થયો અને દેશી રાજ્યોનું વિલીનીકરણ થયું. પ્રહલાદસિંહજી રાજહંસના ઉપનામથી કાવ્યો લખતા. તેમણે મહાકવિ નાનાલાલની ડોલન શૈલી અપનાવીને વિપુલ સર્જન કર્યું.તેમણે પ્રજાલક્ષી પ્રજા મંડળ પણ સ્થાપ્યું. જેમાં મહિનાની આખરી તારીખે સભ્યોની બેઠક મળતી.


લાઠીની પશ્ચિમે નદીકાંઠે વિશાળ જમીન ઉપર વિવિધ નિવાસો બંધાયા હતા. મધ્યમાં મુખ્ય રાજમહેલ અને દરબારગઢ હતા. આરામ મહેલ, લીલો બંગલો, કવિ કલાપીનો સાહિત્યિક દરબાર ભરાતો એ રંગમહેલ, પ્રતાપવિલાસ પેલેસ તથા અમર મહેલ આજે જર્જરિત અવસ્થામાં છે. નગરની ચાર દિશામાં ચાર ભવ્ય દરવાજાની બાંધણી એ લાઠીની વિશિષ્ટતા છે. ઉત્તરમાં ચાવંડ દરવાજો એ લાઠીનું પ્રવેશદ્વાર છે. એની અંદર અને બહાર નોખી ભાતની કલાત્મકતા અને ભવ્યતા દેખાય છે. આ દરવાજાથી એક કિલોમીટર દૂર રેલવે સ્ટેશન છે જે ગોંડલના રાજા ભગવતસિંહજીની મુદ્રા છપાયેલી છે. પશ્ચિમ દિશાનો ગાગડીયા નદી તરફનો દરવાજો આજે જમીનદોસ્ત થઈ ગયો છે, પણ તે બંધાયો ત્યારે એના તોતીંગ દરવાજા રાજવી ચિત્તલનો ગઢ જીતીને આવેલા રાજવીની યાદ અપાવે છે. પૂર્વ દિશામાં શાહ સાગોરાપીરનો દરવાજો ધ્યાન ખેંચે છે. દક્ષિણે લુવારિયા દરવાજો આજે પણ અડીખમ ઊભો છે. એની બહાર નીકળીએ એટલે સ્મશાન આવે છે ત્યાં કવિ કલાપીની સમાધી ઊભી છે. કલાપીના 'કેકારવે' લાઠીને સાહિત્ય જગતમાં અમર સ્થાન અપાવ્યું છે.'

પ્રહલાદસિંહજી પછી ભૂપેન્દ્રસિંહજી ગાદીએ આવ્યા. તેઓ પૂનામાં રહેતા હતા. લાઠીમાં એક વાહન અકસ્માતમાં એમનું અકાળે અવસાન થયું. તેઓ નિઃસંતાન હતા. આથી એમની નાનાભાઈ શ્રી કીર્તિકુમારને ગાદી મળી. જો કે દેશ આઝાદ થયો હતો અને રજવાડાં નાબૂદ થયાં હતાં એટલે એમને ભૂતપૂર્વ રાજવી કહી શકાય. એમણે પૂના અને મુંબઈની જે.જે.સ્કૂલ ઓફ આર્ટ્સમાં અભ્યાસ કર્યો હતો. તેઓ સારા ચિત્રકાર છે અને એન્ટીકનો શોખ ધરાવે છે. રાજકોટમાં તેઓ કાલાવાડ રોડ ઉપર આવેલા ડ્રાઈવ ઈન સિનેમાની સામે રહે છે.

*સૌજન્ય પબ્લિકેશન,*
*૫, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર સોસાયટી,*
*નિર્મલા કોવેંટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭*
*ફોન : ૦૨૮૧-૨૫૭૫૩૨૭*




“ બમ બમ ભોલે”
- કલ્પિત પંચાલ
મો.-૯૮૨૫૦૦૫૧૧૭



" છલકે ગાગર "
- રેખાબહેન ચૌહાણ
મો.- ૯૮૨૫૩૯૯૦૦૬



" ઉત્સવ "
- રમેશ હાલારી
મો.- ૯૮૯૮૩૩૮૬૮૧


" સલોણી સંધ્યા "
- અર્પણ કાપડીયા
મો.- ૮૯૦૫૨૩૯૫૭૮

# સંગીત ઉપાસક વાડીલાલ નાયક

*- દોલત ભટ્ટ*

રંગભૂમિના રસિયાથી ઉસ્તાદ વાડીલાલ નાયકનું નામ અજાણ્યું નથી. સંગીતના એ આજીવન ઉપાસકે મુંબઈ ગુજરાતી નાટક મંડળીનાં અનેક નાટકોમાં સંગીતનિયોજન કર્યું હતું ને એ નાટકો ઘણાં લોકપ્રિય થયાં હતાં- સુરમ્ય સંગીતથી વિભૂષિત થયેલાં. ત્યારે એ સંગીત જયશંકર (સુંદરી) જેવા ખ્યાતનામ નટવર્ય સમા કંઈક અભિનેતાઓના કંઠનો શણગાર બન્યું હતું. રંગભૂમિનાં ગીતોને શાસ્ત્રીય સંગીતના રાગોમાં ઢાળવાનો ત્યારે એમણે સુંદર પ્રયાસ કરી સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

ઉત્તર ગુજરાતના પ્રસિદ્ધ તીર્થધામ સિદ્ધપુરમાં એમનો જન્મ થયો હતો, ઈ.સ. ૧૮૮૨માં. પિતાનું નામ શિવરામ અને માતાનું નામ કાશીબાઈ. બંને સદાચારી અને ધાર્મિક હતાં. એમને બે પુત્રો વાડીલાલ ને કેશવલાલ. બંને બંધુઓના બાલ્યકાળમાં જ માતાએ સંસારમાંથી વિદાય લીધી હતી. વાડીલાલને માતાના મુધર કંઠ દ્વારા લોકઢાળોનો મોંઘામૂલો વારસો મળ્યો હતો.

**એક અગ્રગણ્ય સંગીતકાર તરીકે ત્યારે નજીરખાંની ખ્યાતિ સર્વત્ર પ્રસરી ચૂકી હતી. એમને ચરણે બેસી વાડીલાલે સંગીતશિક્ષણ લેવા માંડ્યું.- ઉસ્તાદ અને એમના કુટુંબીજનોની સેવાશુશ્રૂષા કરીને ઉસ્તાદનાં પત્ની પણ વાડીલાલ ઉપર પ્રસન્ન હતાં**

તે વખતે મુંબઈ ગુજરાતી નાટક મંડળીની બોલબાલા હતી. શિવરામે વાડીલાલને કંઈક અભિનય અને સંગીત શીખે અને વેતન પ્રાપ્ત કરે એ ઉદ્દેશથી એ નાટ્યસંસ્થામાં પ્રવેશ કરાવ્યો હતો - ઈ.સ. ૧૮૯૨માં. તે વખતે તેમની ઉંમર દશેક વર્ષની હતી.



વાડીલાલની અભિરુચિ શાસ્ત્રીય સંગીત ભણી વિશેષ હતી. કંઠ પણ મીઠો હતો. ઉત્કંઠા હતી શાસ્ત્રીય સંગીતમાં પારંગત થવાની અને તેની સાધના કરવાની. રંગભૂમિ ઉપર નટ તરીકે પ્રવેશી ગાયન ગાઈ લોકોનું મનોરંજન કરવા માટે એમના મનમાં મુદ્દલે ઈચ્છા ન હતી.

આથી એમણે મુંબઈના તે વખતના પ્રસિદ્ધ ઉસ્તાદ નજીરખાં પાસે સંગીતની દીક્ષા લઈ પોતાના મનની મુરાદ પાર પાડવાનો નિર્ધાર કર્યો. બહારની મહેફિલોમાં નજીરખાનું જે સંગીત થતું તેને વાડીલાલે અંતરમાં ઉતારવાનો પ્રયત્ન કરવા માંડ્યો. નજીરખાંએ જ્યારે પોતાની જ ગાયકીનાં તત્ત્વો વાડીલાલનાં સંગીતમાં સાંભળ્યા ત્યારે એમણે એમને પોતાના શિષ્ય તરીકે માન્ય રાખીને સંગીત-શિક્ષણ આપવા માંડ્યું.

તે અરસામાં મુંબઈમાં પ્લેગ ફાટી નીકળ્યો. ઉસ્તાદ નજીરખાં પોતાના કુટુંબ સાથે દક્ષિણ હૈદરાબાદ જવા ઉપડી ગયા. વાડીલાલે પણ ઉસ્તાદની સાથે જવાનું મુનાસીબ ધાર્યું. તે વખતે એમની ઉંમર તેરેક વર્ષની હતી.

એક અગ્રગણ્ય સંગીતકાર તરીકે ત્યારે નજીરખાંની ખ્યાતિ સર્વત્ર પ્રસરી ચૂકી હતી. એમને ચરણે બેસી વાડીલાલે સંગીતશિક્ષણ લેવા માંડ્યું.- ઉસ્તાદ અને એમના કુટુંબીજનોની સેવાશુશ્રૂષા કરીને ઉસ્તાદનાં પત્ની પણ વાડીલાલ ઉપર પ્રસન્ન હતાં.

હૈદરાબાદમાં બે વર્ષનો નિવાસ કર્યા બાદ ઉસ્તાદ પોતાના કુટુંબ સાથે પુનઃ મુંબઈ આવ્યા. આ સમય દરમિયાન તેમણે ઉસ્તાદ પાસે સારી સંગીતવિદ્યા પ્રાપ્ત કરી હતી.

ઈ.સ. ૧૮૯૮માં વાડીલાલ નાટક મંડળીમાંથી રજા ઉપર આવ્યા હતા. તે વખતે તેમના પિતા તેમને જયશંકર(સુંદરી)ના દાદા ત્રિભુવનદાસ પાસે સંગીતની પરીક્ષા અપાવવા લાવ્યા હતા.

ત્રિભુવનદાસે કહ્યું : 'ગાવ જોઈએ.'

યુવાન વાડીલાલે કહ્યું : સાજસંગત જોઈશે. આપનો તંબૂરો આપશો ?

ને તંબૂરો લઈ ગાવા માંડ્યું. ત્રિભુવનદાસે કહ્યા તે ત્રણેક રાગો વાડીલાલે દિલના પૂરા તલસાટથી ગાયા.

અને તે દિવસે રાત્રે જ્ઞાતિજનો સમક્ષ તેમણે તેમનાં સંગીતની બેઠક ગોઠવી અને રંગ જામ્યો. ત્રિભુવનદાસે પ્રસન્નતા અનુભવી ને શિવરામને કહ્યું : 'મારા પછી આપણી જ્ઞાતિમાં ગવૈયા તરીકે નામના

મેળવશે તમારો આ વાડીલાલ.'

નાટ્યસંસ્થામાં હવે તેમણે ગીતોનું સ્વરનિયોજન કરવા માંડ્યું. તરજો બાંધવા માંડી હતી ને એ તરજો લોકપ્રિય થતાં સંસ્થાએ વાડીલાલમાં એક ઊગતો આશાસ્પદ સંગીતકસબી નિહાળ્યો.

મા વિહોણા બંને બંધુઓને પિતાની શીળી છાંય હતી પણ વિધાતાનો ક્રૂર પંજો પડતાં શિવરામ પણ આ લોકમાંથી પરલોક પંથે સિધાવ્યા. બંને બંધુઓ મૂંઝવણમાં મૂકાયા. પણ વાડીલાલને સંગીતકલા પર અપૂર્વ વિશ્વાસ હતો, શ્રદ્ધા હતી.

તેમણે ૧૯૦૪માં સંસ્કૃતનું અધ્યયન શરૂ કર્યું- દેવકરણ નાનજીની સંસ્કૃત પાઠશાળામાં. ત્યારે તેમના ગુરુજનો હતા જીવરામ શાસ્ત્રી, શિવજીભાઈ બાવાભાઈ અને રણછોડ શાસ્ત્રી. એ ઉપરાંત તેઓ જીવરામ લલ્લુભાઈ શાસ્ત્રી પાસે કૌમુદી શીખતા હતા.

એક વખત તેમને નજીરખાં સાથે સંગીતના શાસ્ત્ર વિષે ચર્ચા થઈ ત્યારે એમણે કહ્યું : 'વાડીલાલ ! આ તો શ્રુતિની વાત છે. એમાં તને સમજણ નહિ પડે.'

વાડીલાલને ખોટું લાગ્યું. મનમાં દૃઢનિર્ધાર કર્યો કે એકલી સંસ્કૃત ભાષા કે તેનું વ્યાકરણ શીખે નહિ પાલવે. મારે પ્રથમ સંગીતશાસ્ત્રનું જ અધ્યયન કરવું જોઈએ. અને એમને ભેટો થયો મહાન સંગીતશાસ્ત્રી પં. વિષ્ણુ નારાયણ ભાતખંડેનો. એમણે આ ઊગતા સંગીતકારનો હાથ ઝાલ્યો ને એના વિકાસમાં રસ લીધો.

**ાતખંડેજીના સ્વર્ગવાસ પછી એમણે ઘણાં વર્ષો સુધી વાંસદા રાજ્ય સંગીતવિદ્યાલયના મુખ્ય આચાર્ય તરીકેની પણ સેવા બજાવી હતી. ત્યાંના તે વખતના મહારાજા તથા રાજકુટુંબમાં પણ તેમનું સારું માન હતું**

શિવરામ તો ગયા હતા પણ એમની ખોટ પૂરે એવા પિતા મળ્યા હતા, ભાતખંડેજી-ગુરુના સ્વરૂપમાં. એમના છત્ર નીચે વાડીલાલને લાગ્યું કે હવે જીવનનો ઉત્કર્ષ થશે, આશાની વેલ પાંગરશે.

તે વખતે ઉદેપુર રાજ્યમાં ઉસ્તાદ ઝાકુદીનખાં ધ્રુપદ ગાયકીના ખ્યાતનામ કલાકાર હતા. જયપુર રાજ્યમાં ઉસ્તાદ મહમંદઅલી કોઠીવાલે પણ એવા જ એક સિદ્ધ સંગીતસ્વામી હતા. વાડીલાલને થયું કે આ બંને નામી સંગીતકારો પાસે શિક્ષણ લઉં તો અજબ રંગ જામે. એટલે પોતાના મનની વાત ભાતખંડેજી આગળ વ્યક્ત કરી. એ સાંભળતાં જ તેમણે એ માટેની સંમતિ આપી ને યથાયોગ્ય મદદ કરવા પણ જણાવ્યું. વાડીલાલ પ્રથમ જયપુર ગયા.

તે વખતે જયપુરમાં પુષ્ટિસંપ્રદાયના આચાર્યની સંસ્કૃત પાઠશાળા હતી. એ આચાર્યને સંગીતની ખૂબ અભિરુચિ. તેમને ત્યાં સંગીતકારો ને પંડિતોની અવરજવર હતી. વાડીલાલ એમના સમાગમમાં આવ્યા. આચાર્ય વાડીલાલનું સંગીત સાંભળતાં પ્રસન્ન થયા એમણે કહ્યું: 'હું પ્રત્યેક અઠવાડિયે ઉસ્તાદોને બોલાવીશ ને તમે સંસ્કૃતના વિદ્યાર્થી તરીકે શ્રોતા થઈ સાંભળજો. ઝાકુદીનખાને પણ બોલાવીશું. એ સૌની ગાયકીમાંથી તમે વિદ્યા ગ્રહણ કરી લેજો.'

ને વાડીલાલે એ પ્રમાણે નામી ઉસ્તાદોની વિદ્યા ગ્રહણ કરવા માંડી.

એક વખત મુંબઈથી એક નાટ્યશોખીને જયપુર આવી આચાર્યશ્રીને 'કામલતા' નાટકની એક ધૂન સંભળાવી- હારમોનિયમ સાથે. એમના આનંદનો પાર ન રહ્યો. વાડીલાલ ત્યાં હાજર હતા. મહારાજે પૂછ્યું : 'વાડીલાલ! તમે મુંબઈમાં આ નાટક નિહાળ્યું છે ?'

વાડીલાલે ઉત્તર આપ્યો : 'આ તરજ મારી બાંધેલી છે.'

'કશું કહો છો ?'

'ખરી વાત છે. તે વખતે હું એ નાટ્યસંસ્થામાં તરજો બાંધતો હતો.'

મહારાજે કહ્યું : 'એ જાણી મને વિશેષ આનંદ થાય છે. તમારી સ્વરનિયોજનની શક્તિ અજબ છે.'

થોડાક દિવસમાં મુંબઈ ગુજરાતીના સંચાલક દયાશંકર વસનજીએ એમને પત્ર લખીને બોલાવી લીધા અને ભાતખંડેજી પાસે લઈ ગયા અને એમને સંગીતશાસ્ત્ર શીખવવાની ભલામણ કરી.

ભાતખંડેએ એનો સ્વીકાર કર્યો ને તેમણે એમની સાથે રહી વિવિધ ઘરાણાની ગાયકીમાં નૈપૂણ્ય મેળવ્યું. સાથે સાથે સંગીત વિષેના અનેક સંસ્કૃત ગ્રંથોનું અધ્યયન કરવાની સુવિધા પણ પ્રાપ્ત થઈ. સમર્થ ગુરુએ શિષ્યના ઉત્કર્ષમાં ખૂબ રસ લીધો. આમ ત્રીસ વર્ષ સુધી ગુરુની છત્રછાયામાં રહ્યા હતા - ૧૯૩૬ સુધી, એટલે ભાતખંડેજીના સ્વર્ગવાસ લગી.

ઈ.સ. ૧૯૧૧માં તેમણે પોતે ગુજરાતીમાં અનુવાદ કરેલો સંસ્કૃત ગ્રંથ 'સંગીત રત્નાકર' પ્રસિદ્ધ કર્યો હતો.

ભાતખંડેજીના સ્વર્ગવાસ પછી એમણે ઘણાં વર્ષો સુધી વાંસદા રાજ્ય સંગીતવિદ્યાલયના મુખ્ય આચાર્ય તરીકેની

પણ સેવા બજાવી હતી. ત્યાંના તે વખતના મહારાજા તથા રાજકુટુંબમાં પણ તેમનું સારું માન હતું.

૧૯૪૭માં આ નામી સંગીતકારે સાડા છ દાયકાનું આયુષ્ય ભોગવી પોતાનાં મધુર સંગીતસ્મરણોની સુવાસ મૂકી આ સંસારમાંથી વિદાય લીધી હતી. શ્રીમતી ગીતાબહેન સત્યદેવે પણ ઘણા સમય સુધી એમની પાસે તાલીમ લીધી હતી. તેમણે પોતાના ગુરુજીના અવસાન બાદ તા.૨૨-૧૨-૪૭ના રોજ એમને અંજલિ આપતાં જણાવ્યું હતું ‘નિયમ અને સાહજિકતા, શાસ્ત્ર અને કલા એ વાડીલાલભાઈની જિંદગીમાં અવિભાજ્ય હતાં. સંગીતકાર માટે ગાયન જેટલું મહત્ત્વનું છે તેટલું જ શાસ્ત્ર છે એમ તે માનતા. શાસ્ત્ર દીવો છે, ખાડામાં પડતાં બચાવે અને કલા વગર શાસ્ત્ર શું સમજાય ? જેનું વર્ણન કરતા હોઈએ તેની ખબર ન હોય તો વર્ણન કેમ સમજાય? એમ પણ એ કહેતા. પં. ભાતખંડે કહેતા કે હું સંગીતમાં જે કંઈ જાણું છું એ બધું મેં વાડીલાલને આપ્યું છે.’

**સંગીતકળામાં એટલે પ્રત્યક્ષ ગાયનક્રિયામાં સંગીતજ્ઞો બે વસ્તુઓ જુએ છે - નાયકી અને ગાયકી. નાયકી એટલે ગુરુ પાસેથી મેળવેલી પરંપરાગત વિદ્યા. તેમાં ગીતો જેને સંગીતની પરિભાષામાં ચીજો કહે છે, તેનો સમાવેશ થાય છે**

સંગીતકળામાં એટલે પ્રત્યક્ષ ગાયનક્રિયામાં સંગીતજ્ઞો બે વસ્તુઓ જુએ છે - નાયકી અને ગાયકી. નાયકી એટલે ગુરુ પાસેથી મેળવેલી પરંપરાગત વિદ્યા. તેમાં ગીતો જેને સંગીતની પરિભાષામાં ચીજો કહે છે, તેનો સમાવેશ થાય છે. ગાયકી એટલે નાયકીને આધારે કરેલો રાગવિસ્તાર એટલે ફિરત. નાયકીની દૃષ્ટિએ જોઈએ તો વાડીલાલભાઈ પાસે ચીજોનો ભંડાર હતો. હિંદુસ્તાનના મોટા ઘરાણેદાર ગવૈયાઓ, જેવા કે તાનસેનના વંશજ રામપુરના ખાંસાહેબ વઝીરખાં તથા મનરંગ ઘરાણાના જયપુરના ખાંસાહેબ મહમદઅલીખાં કોઠીવાલે પાસેથી પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ દોઢસો રાગોના ધ્રુપદ, ધમાર અને ખ્યાલની તેમને તાલીમ મળી હતી. આ ચીજો ઘેર બેઠા નોટેશન ઉપરથી તે શીખતા ન હતા. પરંતુ તેમના ગુરુએ તેમને ટુકડે ટુકડે ગળેથી ઘુંટાવી હતી. પં. ભાતખંડેએ જે તાલીમ પ્રત્યક્ષ વઝીરખાં, મહમંદઅલીખાં અને બીજા નામાંકિત ગવૈયાઓ પાસેથી મેળવી તે જ તેમણે વાડીલાલભાઈને આપી હતી.

ગાયકી એ અંતઃસ્ફૂર્તિનો વિષય છે. તેમાં વાડીલાલભાઈને સર્જનશક્તિનો થતો આવિર્ભાવ કાયમ ચમત્કાર અને ઉલ્લાસનું કારણ બનતો. તે ગાય ત્યારે હંમેશાં નવો રંગ દેખાય, રાગની પ્રકૃતિ પ્રમાણે અને ચીજના બંધારણ અને રસ પ્રમાણે ભિન્ન ભિન્ન પ્રકારની ક્રિયા અને અવાજના ફેરફારો દેખાય. વિસ્તારમાં વ્યવસ્થા, સંગીત વાક્યોની રચના, વિશ્રાંતિ સ્થાનો અને લયદારીમાં અપૂર્વ કુશળતા, અને નવી નવી ખૂબીઓ દેખાય. ‘હું ગાયન ગોઠવતો નથી, સૂઝવા દઉં છું’ ‘કેટલું કર્યું તે હું જોતો નથી પણ કેવું કર્યું તે જોઉં છું.’ ‘ગાયનનું શું પરિણામ થાય છે એ જે માણસ તટસ્થપણે જોતો નથી એ સારો કલાકાર નથી.’ એવાં વાક્યો તે વારંવાર બોલતા.

એમણે મૂળશંકર મૂલાણીનાં કામલતા, અજબકુમારી, મોહિની, સૌભાગ્ય સુંદરી, સંગતનાં ફળ, દેવકન્યા, પ્રતાપલક્ષ્મી, કૃષ્ણચરિત્ર તથા બૅરિસ્ટર વિભાકરના સ્નેહસરિતા, મધુબંસરી, મેઘમાલિની વગેરે પચાસ નાટકોનું સંગીત નિયોજન કર્યું હતું. - ઈ.સ. ૧૮૯૮થી ૧૯૩૨ દરમિયાન. એમાં પાંચસો જેટલી તરજો બાંધી હતી. એ વિષે નટવર્ય શ્રી જયશંકર સુંદરીના શબ્દોમાં કહીએ તો ‘આ તરજોમાં ક્યાંક ધ્રુપદ અંગની તો ક્યાંક ઠુમરી અંગની માટી લઈને વાપરી હતી. આથી તેમાં ધ્રુપદ અંગની ગંભીરતા, ખ્યાલની મધુરતા, ટપ્પાની ચપળતા અને ઠુમરીની મૃદુતા તે તે સ્થાને તરી આવે છે, એટલું જ નહિ પણ લોકગીતોની લઢણોનો ઉલ્લાસ પણ ઠાંસી ઠાંસીને ભર્યો છે. વળી આ તરજો બાંધતી વખતે નાટકના રસ અને પ્રસંગોના ભાવ લક્ષ્યમાં રાખ્યા છે. આથી રસના જેટલાં જ તરજોના ક્લેવરો પણ શાશ્વત છે અને રહેશે, અને નિત્ય નવો આનંદ આપશે.’

*૨૫/૪, ઘ ટાઈપ*
*...ગર.*
*૨૫૫*



# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

## મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું

- ❒ ગુજરાત પહોંચ્યું ગામડે ગામડે...
- ❒ ગુજરાત વસ્યું લોકહૈયે...

**કારણ ?**

- ❒ સામયિકની લોકાભિમુખ નીતિ,
- ❒ સરકારનું નહિ, છ કરોડ ગુજરાતીઓનું પાક્ષિક...

**જેમાં,**

- ❒ નવી દિશા, નવી કલમ, નવા વિચાર,
- ❒ અધિકૃત માહિતી અને સતત સત્ય સમાચાર...

**પરિણામ ?**

- ❒ લોકોનો અદમ્ય ઉત્સાહ,
- ❒ વાચકોનો અસરકારક પ્રતિભાવ,
- ❒ વિવેચકોનો ઉમદા અભિપ્રાય...

**અને ફેલાવામાં અગ્રહરોળ ?**

- ❒ ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ થતાં સામયિકોમાં અગ્રેસર ફેલાવો...!
- ❒ સમસ્યા અને સંવેદનાની વાતો...
- ❒ જન કલ્યાણની યોજનાની વાતો...
- ❒ લોકોની અપેક્ષાઓ અને સરકારના નિર્ણયોની વાતો...
- ❒ કાર્યસિદ્ધિઓ અને અવનવી અનેક વાતો.

**ગુજરાત પાક્ષિકની PDF**
**www.gujaratinformation.net**
**લીંક પરથી ડાઉનલોડ કરી શકાશે.**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય**
માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૧૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૪૪૧૨
ફેક્સ : ૦૭૯-૨૩૨૫૪૪૧૫

ઈ-મેઈલ : gujaratmagazine@gmail.com
વેબસાઈટ : www.gujaratinformation.net




**● લવાજમ ●**
કોઈપણ કોમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઓફિસમાં અથવા જિલ્લા માહિતી કચેરીઓ ખાતે ભરી શકાશે

છેલ્લામાં છેલ્લી વાત લઈને આવે છે આપના સુધી...

ઘટનાઓની વણઝાર વચ્ચે નિયમિત પહોંચે છે આપના સુધી...

સત્ય અને નિષ્ઠાના માર્ગે કર્તવ્ય નિભાવે છે આપના સુધી...

વાર્ષિક લવાજમ ફક્ત
**₹ ૫૦.૦૦**

**ગુજરાત પાક્ષિક પ્રતિ પખવાડિયે લઈને આવે છે લોકકલ્યાણની વાત, લોકોને ઉપયોગી જાણકારીની વાત, સરકારી યોજનાઓની વાત અને ગુજરાતના વણથંભ્યા વિકાસની વાત**

# પંડિતયુગના પ્રહરી પ્રો. બ. ક. ઠાકોર : પુનર્મૂલ્યાંકન

- *પ્રસાદ બ્રહ્મભટ્ટ*

ઈતિહાસમાં કેટલાંક વર્ષો સવિશેષ ઉલ્લેખનીય બની જતાં હોય છે. ઈ.સ. ૧૮૬૯નું વર્ષ એવું છે. ગુજરાતી સાહિત્યના ત્રણ સમર્થ સાહિત્યકારો - આનંદશંકર ધ્રુવ, ગાંધીજી અને બ.ક. ઠાકોરનો જન્મ એ વર્ષે થયો હતો. (કસ્તૂરબાનો જન્મ પણ એ જ વર્ષમાં) ૨૦૧૯નું વર્ષ એમની સાર્ધશતાબ્દીનું વર્ષ છે. એ નિમિત્તે બ.ક. ઠાકોરનું પુનર્મૂલ્યાંકન કરવાનો ઉપક્રમ છે.

ઈ.સ. ૧૯૬૯માં મ.સ. વિશ્વવિદ્યાલય, વડોદરાના ગુજરાતી વિભાગ તરફથી પ્રો. ઠાકોર જન્મશતાબ્દી પ્રસંગે 'પ્રો.બ. ક. ઠાકોર અધ્યયન-ગ્રંથનું' પ્રકાશન થયું હતું. ગુજરાતી પુસ્તકોના એક અગ્રણી પ્રકાશક આર.આર.શેઠની કંપનીએ પણ 'બ.ક.ઠા. ની કાવ્યદ્યુતિ' નામક બાવીસ કાવ્યાસ્વાદોનું પુસ્તક પણ એ નિમિત્તે પ્રગટ કર્યું હતું તથા 'ગ્રંથ'વગેરે કેટલાંક સામયિકોએ વિશેષાંકો પણ પ્રગટ કર્યાં હતાં. પરંતુ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ઉમાશંકર જોશી, કિશનસિંહ ચાવડા, નિરંજન ભગત, ભૃગુરાય અંજારિયા, ભોગીલાલ સાંડેસરા અને હર્ષદ ત્રિવેદી 'પ્રાસન્નેય' દ્વારા સંપાદિત ઉપર્યુક્ત અધ્યયન-ગ્રંથ પંડિતયુગના સમર્થ સાહિત્યશિલ્પી પ્રો. ઠાકોરના જીવન અને કવનનાં મહત્ત્વનાં બધાં પાસાંને સ્પર્શતો હોઈ એમના પુનર્મૂલ્યાંકન માટે સમુચિત છે.

**છેક ઊગતી વયથી રૂઢિથી ઊફરા ચાલવાનું વલણ ઠાકોરમાં જોવા મળે છે. લાગણીથી દોરાવાને બદલે બુદ્ધિપૂર્વક વિચાર કરીને નિર્ણય કરવાની તથા તેને વળગી રહેવાની દઢતા તેમનામાં હતી. લોકપ્રિયતાની તેમણે પરવા નહીં કરેલી**

અધ્યયન-ગ્રંથમાં સમાવિષ્ટ પચાસેક લેખો પૈકી ડઝનેક લેખો તેમના બહુ આયામી સમૃદ્ધ જીવનને સ્પર્શે છે. બળવંતરાય કલ્યાણરાય ઠાકોરનો જન્મ ૧૮૬૯ના ઓક્ટોબરની ૨૩મીએ ભરૂચમાં થયો હતો. ઈ. ૧૮૮૦માં તેમણે યજ્ઞોપવીત ધારણ કર્યું ત્યાં સુધીનું શિક્ષણ ભરૂચમાં અને પછીનું રાજકોટની કાઠિયાવાડ હાઈસ્કૂલમાં. અહીં તેમને નવલરામ પંડ્યા, કવિ કાન્ત અને ગાંધીજીનો પરિચય થયો. ૧૮૮૩માં તેઓ મેટ્રિક થયા. ૧૮૮૫માં ભાવનગરની શામળદાસ કૉલેજમાં ઉચ્ચ શિક્ષણનો પ્રારંભ કર્યો. સંસ્કૃતના અધ્યાપક મણિલાલ નભુભાઈની પ્રેરણાથી 'મહાકવિ કાલિદાસનું જીવન અને કવન' વિશે સંસ્કૃતમાં દોઢસો-બસો પંક્તિઓનું કાવ્ય રચી કાવ્યસ્પર્ધામાં ભાગ લીધેલો. ઈ. ૧૮૮૭માં ચન્દ્રમણિ સાથે લગ્ન થયું અને ફર્સ્ટ બી.એ.માં પાસ થયા. કવિ કાન્ત સાથે મૈત્રી આ વર્ષે શરૂ થઈ. ૧૮૯૦માં ઈતિહાસ અને અર્થશાસ્ત્ર વિષયો સાથે સ્નાતક, ૧૮૯૧માં પૂનાની ડેક્કન કૉલેજમાં એમ.એ.ના અભ્યાસ માટે જોડાયા અને ૧૮૯૨માં ત્યાં ફેલો નિમાયા પણ ૧૮૯૩માં એમ.એ. થયા વિના જ કૉલેજ છોડી. કરાંચી, અજમેર, પૂના અને વડોદરાની કૉલેજોમાં અધ્યાપન કર્યું. ૧૯૨૮થી ૩૭ સુધી વડોદરા અને ૧૯૩૭થી આયુષ્યના અંત સુધી મુંબઈ રહ્યા.

બળવંતરાયે રાજકોટમાં ભરાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદના ત્રીજા અધિવેશનમાં મંત્રી તરીકેની કામગીરી બજાવી હતી. ૧૯૨૦માં તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના અમદાવાદ અધિવેશનના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ બન્યા હતા. ૧૯૪૬માં અંગ્રેજ સરકારે તેમની સામાજિક, શૈક્ષણિક અને સાહિત્યિક સેવાઓને ધ્યાનમાં લઈ તેમને દીવાન બહાદુરનો ઈલકાબ આપ્યો હતો. જીવનનાં છેવટનાં થોડાંક વર્ષ વિલ્સન કૉલેજમાં ગુજરાતી ભાષાસાહિત્યના માનાર્હ અધ્યાપક તરીકે કામ કર્યું તે બાદ કરતા ઈ.સ. ૧૯૫૨માં જાન્યુઆરીની બીજી તારીખે મુંબઈમાં તેમનું અવસાન થયું ત્યાં લગી તેમણે પોતાની પ્રિય લેખનવાચન પ્રવૃત્તિમાં નિવૃતિકાળ પસાર કર્યો હતો.

છેક ઊગતી વયથી રૂઢિથી ઊફરા ચાલવાનું વલણ ઠાકોરમાં જોવા મળે છે. લાગણીથી દોરાવાને બદલે બુદ્ધિપૂર્વક વિચાર કરીને નિર્ણય કરવાની તથા તેને વળગી રહેવાની દઢતા તેમનામાં હતી. લોકપ્રિયતાની તેમણે પરવા નહીં કરેલી. બધી પ્રવૃત્તિઓમાં બૌદ્ધિક પ્રમાણિકતા અને કાર્યનિષ્ઠાને વળગી રહેવાનું વલણ તેમણે સભાનપણે કેળવ્યું



હતું. સાહિત્યમાં તેમનાં લખાણો વિચારસમૃદ્ધ ને સર્જનો પ્રયોગશીલ નીવડ્યાં. તેની પાછળ તેમનું ઉપર નિર્દિષ્ટ મનોવલણ કામ કરતું હતું. વિદ્વત્તા એમના વ્યક્તિત્વમાં સઘન સ્વરૂપે હતી. પ્રયોગશીલતા તેમની પ્રકૃતિનો પ્રધાનગુણ હતો. તેઓ દેખાવે રૂક્ષ લાગતા પણ સામી વ્યક્તિને ભીંજવી નાંખે તેટલી હૃદયની ઉષ્માવાળા, સ્વમતના દૃઢ આગ્રહી છતાં સામાનાં દૃષ્ટિબિંદુને ન્યાય આપવા તત્પર હતા. પંડિતયુગના પ્રખર પ્રહરી પ્રો. ઠાકોર નીડર, નિખાલસ, ન્યાયપ્રિય અને ખેલદિલ હતા.

તેમના વ્યક્તિત્વના આ પાસાંને કિશનસિંહ ચાવડા, નિરંજન ભગત, ગુલાબદાસ બ્રોકર, યશોધર મહેતા, સુન્દરમ્, ઉમાશંકર જોશી વગેરેએ અંગત અનુભવ ભીની લાગણીના સ્પર્શ સહિત સુપેરે ઉપસાવ્યા છે. તેઓ ખાણીપીણીના શોખીન હતા. મુંબઈ સ્થાયી થયા પછી વડોદરા કિશનસિંહને ત્યાં થોડા દિવસ મહેમાન તરીકે આવ્યા ત્યારે એમણે પૂછ્યું હતું : 'તમારા વડોદરામાં સ્કોચ લીકર વ્હીસકી મળે ખરી ?' કિશનસિંહે જ્યારે કહ્યું કે કાળા બજારમાં મળે ત્યારે એક ક્ષણની વાર કર્યા વિના બોલ્યા, 'કાળા બજારનું આપણને કશું ના ખપે. તમે એકવાર હીનતાને છીંડુ પાડી આપો તો ધીરે ધીરે એ ચારિત્ર્યને બગાડવાની.' પોતાના આ શોખ અંગે વિશેષ સ્પષ્ટતા કરતાં બોલ્યા, 'I am not a drunkard. It is not a habit with me. Of course it is a Pleasure to have sometime. મારી સાથે વિલાયતી શરાબની અને ખાવાપીવાની મોજ માણીને મારા મિત્રો પછી શરાબી કહીને મારી નિંદા કરે છે અને પાછા પીવાની વૃત્તિને પોષવા મારી સાથે જ આવે છે. આને હું કાયરતા કહું છું. કાયરતા અને હીનતા બે બહેનો છે. ગુજરાતીઓ એ રીતે બહુ નબળા પોચા છે અને ઢાંકીઢબૂરીને આવું બધું કરે છે. આવી હીન વૃત્તિમાંથી જીવનનાં ખમીર અને ખુમારી ના પાકે.'(અ.ગ્રં. પૃ.૪૩)

**ઉમાશંકરનું એક અવલોકન નોંધવા જેવું છે : 'બૌદ્ધિક બલવંતરાયમાં આગ્રહો જરૂર હતા, પણ મેં જિદ્દી એમને કદી જોયા નથી.' (એજ , પૃ. ૪૨૬) ઉમાશંકર તેમના કરતાં વયમાં ઘણા નાના હતા છતાં સહજપણે તેમની ટીકા કરી શકતા**

પોતાને પણ કીર્તિ અને Recognition મળે તો પોતે તટસ્થભાવે ખુશ થાય છે. એવી કબૂલાત કરી 'હું પણ માનવજંતુડું છું' એમ એમણે કહેલું. એક પત્રમાં તેમણે ચેતવણી આપી હતી : 'દુનિયા આખી અપૂર્ણાંકોથી ભરી છે. પૂર્ણાંક કોઈપણ વ્યક્તિ નથી. નિંદા કરતાં આ સિદ્ધાંત ધ્યાનમાં હોય તો અતિશયોક્તિ નિવારે છે. સ્તુતિ કરતાં પણ એજ સિદ્ધાંત સ્તુતિને ઉચિત માપમાં રાખી શકે છે.' (એ જ. પૃ.૪૯)

ગુજરાતી સાહિત્ય પરિષદ સાથે આરંભિક તબક્કામાં આત્મીય સંબંધ ધરાવનાર ઠાકોર તેના પ્રમુખ બન્યા ન હતા એ અંગે સુન્દરમે તેમના સુદીર્ઘ સંસ્મરણલેખમાં વિગતે લખ્યું છે અને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે 'પરિષદ પોતે આવી એક વ્યક્તિને પોતાની સાથે સાંકળી શકી નહિ, એમનું જીવંત સાંનિધ્ય તે પોતાની જીવંત સમૃદ્ધિ છે એવી પરિસ્થિતિ સર્જી શકી નહિ તે પરિષદની પોતાની જ એક વંચિતતા છે.' (એ જ, પૃ. ૪૧૦). પ્રો. ઠાકોરને 'મહાવિભૂતિ' કહી સુન્દરમ્ સમાપનમાં લખે છે અને ગુજરાતના જીવનને પોતાની પ્રતિભા અને પોતાના ઉદાર પ્રેમાળ હૃદયથી, પોતાની તેજસ્વી પ્રબળ મેધાથી ભર્યું ભર્યું કરી ગયા.(એ જ, પૃ. ૪૧૮)

ઉમાશંકરે પણ એમના દીર્ઘ લેખમાં પ્રો. ઠાકોર વિશે વિસ્તારથી લખ્યું છે. એમનું એક અવલોકન નોંધવા જેવું છેઃ 'બૌદ્ધિક બલવંતરાયમાં આગ્રહો જરૂર હતા, પણ મેં જિદ્દી એમને કદી જોયા નથી.' (એજ , પૃ. ૪૨૬) ઉમાશંકર તેમના કરતાં વયમાં ઘણા નાના હતા છતાં સહજપણે તેમની ટીકા કરી શકતા. તેમણે લખ્યું છે : 'એમની સાથે હસી શકાય, ગમે તેવી ટીકા, પ્રતિટીકા કરી શકાય એવી બધી છૂટ એમણે જ આપી હતી- અને એ એમની મોટાઈ હતી, એમની બૌદ્ધિક ભૂમિકાની અને સરળ પ્રેમની નિશાની હતી.'(એ જ, પૃ. ૪૨૭)

તેમનાથી દસવર્ષ મોટા અને પંડિતયુગના બીજા સમર્થ કવિ નરસિંહરાવ સાથે બળવંતરાયને વૈચારિક, સૈદ્ધાંતિક મતભેદ હતા પરંતુ નરસિંહરાવ વધારે બીમાર છે એ જાણ્યા પછી તેમનો અનુકૂળ સમય જાણી તેઓ ઉમાશંકર સાથે એમને મળવા જાય છે. બંને જાણતા હતા કે આ મેળાપ છેલ્લો હતો છતાં બંને વૃદ્ધો વચ્ચે અરધો કલાક આનંદગોષ્ઠિ થઈ. ગત સમયનાં સ્મરણોમાં બંને ગૂંથાતા જતા હતા એ જોઈ ઉમાશંકરને આશ્ચર્ય થયું. તેમણે લખ્યું છે : 'સૌથી આશ્ચર્યકારક તો ગુજરાતી સાહિત્યની બે મોટી વિભૂતિઓનું એ સહૃદય પ્રેમોપચારોથી પમરતું સાન્નિધ્ય હતું.' (એ જ પૃ. ૪૩૧)

ઉમાશંકરે પોતાની પ્રથમ પ્રગટ કાવ્યકૃતિ 'વિશ્વશાંતિ' પ્રો. ઠાકોરને મોકલેલી અને 'પ્રસ્થાન'ની લેખમાળાના લેખક પાસેથી અભિપ્રાય મેળવવાનો પોતાને હક છે એ મતલબનો પત્ર પણ લખેલો. પરંતુ પ્રો. ઠાકોરે તેમને ઉતારી પાડે, એવો રુક્ષ ઉત્તર પાઠવેલો. ઉમાશંકરે ક્ષમા માગી તો 'ક્ષમા સસ્તી ન બનાવી મૂકવી જોઈએ' એવો કડક કાગળ લખેલો. પરંતુ પછી તેમને ગમેલી કવિની કૃતિઓ વિશે એમણે ઉત્સાહવર્ધક પ્રતિભાવ પણ પાઠવેલો. પછી તો સંબંધ આત્મીય બની ગયો. ઉમાશંકરે લખ્યું છે : 'અમારા જીવનમાં એક પિતાની

જેમ તેઓ રસ લેતા. અમારાં આરંભનાં વરસો સારી એવી કસોટીનાં હતાં. બલુકાકા જ્યોત્સ્નાને કહે : કુમારિકામાંથી સ્ત્રી પાકે છે તે આવી તાવણીઓને પરિણામે. એકવાર એમણે સસરાની અદાથી જ્યોત્સ્નાને લખેલું કે પહેલું બાળક હવે મોટું થયું. એટલા એ અમારા જીવનમાં ઓતપ્રોત થયા હતા.' (એ જ પૃ. ૪૩૫)

પ્રો. ઠાકોર સાથેના અનુગામી પેઢીના સાહિત્યકારોના સાહિત્ય સંદર્ભે શરૂ થયેલા સંબંધો સમયના સરવા સાથે સ્નેહસંબંધમાં, આત્મીય સંબંધમાં કેવી રીતે પરિવર્તિત થયા એ 'અધ્યયન ગ્રંથ'ના ઉપર્યુક્ત સ્મરણ લેખોમાં જોવા મળે છે. પંડિતયુગના આ પ્રમુખ સાહિત્યસર્જકની 'અંતરછબી' આ લેખો ઉપસાવી આપે છે. પોતાના લેખનું સમાપન કરતાં ગુલાબદાસ બ્રોકર એક પ્રશ્ન પૂછે છે : 'રામનારાયણભાઈ ચાલી ગયા ત્યારે એમની શોકસભામાં મેં કહેલું કે ગુજરાતને એમના જેવો વાર્તાકાર તો કદાચ ભવિષ્યમાં મળશે જ, એવા વિવેચક અને વિદ્વાન પણ, પણ આવા નિત્ય સ્નેહ વર્ષાવતા અને સમજણ બતાવતા વડીલ સ્નેહી અમને બધાને ક્યાંથી હવે મળવાના ? આજે બલ્લુકાકાને અંતરની અંજલિ આપતાં મારે એ જ પ્રશ્ન પૂછવાનો રહે છે એ પ્રશ્ન મારા એકલાનો નથી, અમારી આખીયે પેઢીનો છે.' (એ જ, પૃ. ૩૭૯)

**પ્રો. ઠાકોર સાથેના અનુગામી પેઢીના સાહિત્યકારોના સાહિત્ય સંદર્ભે શરૂ થયેલા સંબંધો સમયના સરવા સાથે સ્નેહસંબંધમાં, આત્મીય સંબંધમાં કેવી રીતે પરિવર્તિત થયા એ 'અધ્યયન ગ્રંથ'ના ઉપર્યુક્ત સ્મરણ લેખોમાં જોવા મળે છે**

બળવંતરાયે ઓગણીસ વર્ષની વયે સર્જનનો આરંભ કર્યો અને આયુષ્યના અંત સુધી ત્રેસઠ વર્ષ સુધી સર્જન કર્યું. તેમની સર્જક પ્રતિભા બહુમુખી હતી. તેમણે કવિતા ઉપરાંત નાટક, વાર્તા, નિબંધ, વિવેચન, ચરિત્ર, ઈતિહાસ વગેરે ક્ષેત્રે કલમ ચલાવી હતી. પણ તેઓ ચિર સ્મરણીય રહેશે કવિ તરીકે. બળવંતરાયે ઈ. ૧૮૮૮માં 'ભણકારા'ના બીજરૂપ એક સૉનેટ રચ્યું અને 'આરોહણ'નું ડોળિયું તૈયાર કર્યું. તેમના કાવ્યસંગ્રહ 'ભણકાર'ની પહેલી ધારા ૧૯૧૮માં તથા બીજી ધારા ૧૯૨૮માં પ્રગટ થઈ. ૧૯૪૨ અને ૫૧માં તેની સંવર્ધિત આવૃત્તિઓ પ્રગટ થઈ. ૧૯૩૫માં 'મ્હારાં સૉનેટ' પ્રગટ થયું. ૧૯૪૩માં રૈહાના તૈયબજી રચિત 'ધ હાર્ટ ઓફ એ ગોપી' કથાકાવ્યનું 'ગોપીહૃદય' નામક અનુસર્જન પ્રસિદ્ધ થયું. ૧૯૫૭માં અપૂર્ણ કથાકાવ્ય 'નિરુત્તમા'નું મરણોત્તર પ્રકાશન થયું.

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે બળવંતરાયનું મુખ્ય યોગદાન કવિ તરીકેનું છે. જીવન તેમ સાહિત્યમાં એમનું નિશાન ઊંચું રહેતું. એક અમેરિકન કવિની જાણીતી પંક્તિ Not failure but low aim is crime પરથી એમણે જીવનસૂત્ર બનાવેલું : 'નિશાનચૂક માફ થાય, ન કદીય નીચું નિશાન. સ્વકીય સત્ત્વથી સર્જન કરવું અને સ્વપ્રયત્ને આગળ વધું એવો દૃઢ નિર્ધાર તેમણે કર્યો હતો.

પ્રસ્તુત અધ્યયન ગ્રંથમાં તેમની કવિતા વિષયક લેખોનું પ્રમાણ સ્વાભાવિક રીતે જ સર્વાધિક છે. તેમાં તેમના કવિ વ્યક્તિત્વનાં વિવિધ પાસાંને અભ્યાસી વિદ્વાનોએ સુપેરે ઉપસાવ્યાં છે. રામપ્રસાદ બક્ષીએ 'પ્રયોગવીર સર્જક'માં ઠાકોરની પ્રયોગશીલતા તેમની કવિતામાં કેવી રીતે પ્રગટી છે એ સોદાહરણ સ્પષ્ટ કર્યું છે. તેમણે યથાર્થ નોંધ્યું છે : 'પ્રયોગવીર ઠાકોરનું ગુજરાતી કવિતાને મુખ્ય પ્રદાન છે એમણે આપેલી અર્થઘનતાની, વિચારસમૃદ્ધિની પ્રેરણા.' (એ જ, પૃ. ૯)

'નવીન કવિતા વિષે વ્યાખ્યાનોના નિવેદનમાં ઠાકોરે લખ્યું છે, અર્થ પરમેશ્વર અને વાણી-પાર્વતીને ગમે તેટલાં સંયુક્ત ગણો, તથાપિ પાર્વતીથી પરમેશ્વર દશાંગુલ ઉચ્ચ, દૂર અને અગમ્ય રહી જ જવાનો...' એમનું આ મંતવ્ય એક દૃષ્ટિએ સાચું પણ છે એમ કહી જયન્ત પાઠક લખે છે, 'ઠાકોરની ઉત્તમ કૃતિઓમાં શબ્દાર્થનું સુભગ સાયુજ્ય, સામંજસ્ય, અદ્વૈત જોવા મળે છે.' (એ જ, પૃ. ૭૨). તેમનાં કેટલાંક કાવ્યોનાં દૃષ્ટાંત આપી શ્રી પાઠકે કવિનો શબ્દાર્થવિવેક કેવો છે એ દર્શાવ્યું છે. આ જ મુદ્દાને થોડાંક વધુ દૃષ્ટાંતો દ્વારા મહેન્દ્રકુમાર દેસાઈએ 'વાગર્થના ઉપાસક બ.ક.ઠા.' લેખમાં સ્પષ્ટ કર્યો છે.

'પ્રો. ઠાકોરની કવિતામાં પ્રકૃતિદર્શન' નામક દીર્ઘ લેખમાં કાન્તિલાલ બ. વ્યાસે નરસિંહરાવ અને ન્હાનાલાલની પ્રકૃતિકવિતા સાથે ઠાકોરની પ્રકૃતિકવિતાની તુલના કરી મસ્ત, પ્રયોગશોખી કવિની પ્રકૃતિકવિતા કેવી મસ્ત અદાથી શોભી રહે છે એટલું દર્શાવવાનો અને એ રીતે એમની કાર્યસિદ્ધિની મુલવણીમાં એક નવું પરિમાણ ઉમેરવાનો પ્રયાસ કર્યો છે.

રણજિત પટેલ 'અનામી' એ ભવવૈજયન્તી મૈત્રી લેખમાં કાન્ત અને ઠાકોરનાં મૈત્રી વિષયક કાવ્યોની વિસ્તૃત છણાવટ કરી છે તો દિલાવરસિંહ જાડેજાએ 'બળવંતરાયની કવિતામાં રાષ્ટ્રીય અસ્મિતા' શોધવાની મથામણ કરી અંતે ન્હાનાલાલની એ પ્રકારની કવિતા સાથે તેની તુલના કરી તારણ કાઢ્યું છે કે 'ન્હાનાલાલની રાષ્ટ્રીય અસ્મિતાની કવિતામાં ક્રાન્તદૃષ્ટિની હરણફાળ છે, ઠાકોરની એવી કવિતામાં હકીકતનિષ્ઠાને આધારે મંડાતાં ધીમાં ચોક્કસ ડગ છે.' (એ જ, પૃ. ૧૪૩)

ચન્દ્રશંકર ભટ્ટ 'સુખદુઃખ' સૉનેટમાળામાં નવાં પરિમાણ શોધે છે. અહીં કાવ્યકલા કરતાં ચિંતનનું પ્રભુત્વ

લાગવાથી ચિંતક ઠાકોરની પ્રગલ્ભ શક્તિનું દર્શન થાય છે એમ કહી તેઓ સમાપન કરતાં કથે છે : 'કાવ્યસિદ્ધિની દૃષ્ટિએ તેની ગુણવત્તા ઓછી ગણીએ તોપણ, સૉનેટમાળાનો વિષય, તેનો વ્યાપ, કવિતા તરફનો અભિગમ ઈત્યાદિ પરત્વે આ સોનેટમાળા જે નવાં પરિમાણ આપે છે અને નવી દિશાઓ ઉઘાડે છે તે દૃષ્ટિએ તેનું ઐતિહાસિક મહત્ત્વ ઘણું મોટું અને ઊંચું છે. (એ જ પૃ. ૧૫૦)

આ કૃતિસમૂહમાં કવિનો 'પોઝ' વિશિષ્ટ છે અને કવિની વિચારધારાને એ અસરકારક ઉઠાવ આપે છે પણ એ કાવ્યોચિત-કવિયોગ્ય(poetic) છે ખરો એવો પ્રશ્ન કરી જયંત કોઠારી એની તુલના ઉમાશંકરની સૉનેટમાળા 'આત્માના ખંડેર' સાથે કરે છે. તેમને લાગે છે કે એંકદરે ઉમાશંકરનો 'પોઝ' એક કવિનો છે, બળવંતરાયનો એક નિબંધકારનો આ સમગ્ર રચના જાણે પદ્યદેહી નિબંધ હોય એવું એમને લાગે છે. ઠાકોરની શક્તિ અને મર્યાદાનો અનુભવ કરાવતી આ સૉનેટમાળા 'કાવ્યામુખી કાવ્યગંધી નિબંધ'નો ભાસ કરાવે છે એમ તેઓ કહે છે.'

'સુખદુઃખ', 'વિરહ' વગેરે કાવ્યગુચ્છો કરતાં ઠાકોરનાં વાર્ધક્યભાવને નિરૂપતાં કાવ્યો ઈયત્તા અને ગુણવત્તા બંનેમાં ચડી જાય તેવાં છે. 'શ્રી બ.ક.ઠાકોરની કવિતામાં વાર્ધક્યભાવ' નામક લેખમાં ઉપેન્દ્ર પંડ્યા આ ગુચ્છની રચનાઓનું મૂલ્યાંકન કરે છે. આ રચનાઓમાં વત્તેઓછે અંશે તરેહતરેહના ભાવોનું દૃષ્ટિવિશિષ્ટ આલેખન જોવા મળે છે, પણ આ બધીયે રચનાઓનું જો કોઈ તરી આવતું સામાન્ય લક્ષણ હોય તો તે છે છેક સુધી, જીવનના છેલ્લા શ્વાસ સુધી કર્તવ્ય કરવાની અખંડ લગની - To strive, to seek, to find and not to yield એ વૃત્તિનું ચક્રવર્તિત્વ. આ કાવ્યોમાં જીવંત આત્મશ્રદ્ધા, પુરુષાર્થનું જ્વલંત જોમ, સ્વકર્મનિન્દા ને વીરતા છે, પણ એમાં ક્યાંયે ફૂલણજીવેડા, અહંભાવ કે આપવડાઈ નથી. આ કાવ્યોમાં બિંબિત થતું બળવંતરાયનું વ્યક્તિત્વ અનેરી ઋજુતા ને હૃદ્યતા ધારણ કરે છે. કવિએ આ કાવ્યોમાં નારીને જે અર્ઘ્ય આપ્યો છે તે ભવ્ય અને કાવ્યમય છે. 'આરતી' કાવ્યમાં કવિ પ્રિયતમાને કહે છે :

હતાં કાવેરી શાં પ્રથમ વરસોમાં મુજ ત્હમે,  
થયાં છો જી રેવા સમયપરિપાકે પ્રિયતમે.

રવીન્દ્રનાથે કહ્યું છે - 'પરિચય પામ્યો પોતાનો આઘાતે, આઘાતે વેદના-વેદનાએ.' ઠાકોરનાં વાર્ધક્યભાવનાં કાવ્યોને આ પંક્તિ પૂર્ણ સાર્થકતાથી લાગુ પડે છે. ઉમાશંકરે કહ્યું છે તેમ 'વૃદ્ધાવસ્થા-બુઝર્ગી-અંગેનું આવું તીવ્ર વિષાદભર આલેખન બળવંતરાય સિવાય કોઈ કવિમાં, શું ગુજરાતીમાં શું કદાચ અન્ય કોઈ ભાષામાં પણ જવલ્લે જ મળશે.' (એ જ પૃ. ૧૬૭)

'ભણકાર'ની ૧૯૪૨ની આવૃત્તિમાં ઠાકોરે એમનાં કાવ્યોને વસ્તુ-વિષયના સંદર્ભમાં સાત ગુચ્છમાં વિભાજિત કર્યાં છે. આ સાત ગુચ્છમાં આત્મલક્ષી અને પરલક્ષી બંને પ્રકારનાં કાવ્યો છે. એમનાં ઊર્મિકાવ્યો મુખ્યત્વે ચિંતનોર્મિ કાવ્યો હોઈ આત્મલક્ષી છતાં અંતે તો પરલક્ષી હોય છે. સૉનેટમાળા 'પ્રેમનો દિવસ' ૧૮૮૯માં આરંભાઈ અને ૧૯૧૩માં કુલ અઢાર મણકામાં પૂર્ણ થઈ. પછી એક વધુ મણકો ઉમેરાયો. આ ગુચ્છના 'વધામણી' સૉનેટનું હીરાબહેન પાઠકે સુંદર રસદર્શન કરાવ્યું છે. આ સૉનેટ-માળાનાં પહેલાં અગિયાર સૉનેટોની 'પાઠાન્તરચર્ચા' આ અધ્યયનગ્રંથના એક સંપાદક હર્ષદ ત્રિવેદીએ વિસ્તારથી કરી છે. આરંભમાં જ એમણે કહ્યું છે કે 'પ્રો. ઠાકોરમાં પોતાની કૃતિઓને ફરી ફરી મઠાર્યા કરવાની આદત હતી અને એનાથી એમની કવિતાને લાભ થયા છે તેમ ગેરલાભ પણ થયા છે.' (એ જ, પૃ, ૧૬૮) અગિયારે સૉનેટોની પાઠાન્તરોની તેમણે કરેલી છણાવટ આ વિધાનને પુષ્ટિ આપે છે.

**કવિતા પછી વિવેચન ક્ષેત્રે બળવંતરાયે કરેલું ખેડાણ સવિશેષ નોંધપાત્ર છે. સિદ્ધાંત વિચાર અને કૃતિપરીક્ષણ રૂપે પ્રાપ્ત થતું તેમનું વિવેચન મુખ્યત્વે વ્યાખ્યાનો, પ્રવેશકો, ટિપ્પણો સ્વરૂપે થયું છે. એમનું વિવેચન 'કવિતા શિક્ષણ' (૧૯૨૪), 'લિરિક (૧૯૨૮)'**

'આરોહણ' ઠાકોરનું ઉલ્લેખનીય કાવ્ય છે. ચન્દ્રકાન્ત ટોપીવાળા તેને પ્રતિખંડકાવ્ય કહે છે. કાવ્યનો આસ્વાદ કરાવી તેઓ સમાપન કરતાં લખે છે : 'આરોહણ'નું આવું સ્વરૂપ પ્રથમ દૃષ્ટિપાતે જ પારદર્શક ન થઈ જાય એવું કવિએ જાણીને યોજ્યું છે.. ખંડકાવ્યથી જુદો મિજાજ અને અવાજ ઝીલતી બળવંતરાયની વ્યક્તિતા પ્રગટ કરતી 'આરોહણ' એક વિશિષ્ટ પ્રલંબ રચના છે.

પ્રો. ઠાકોરે પોતાનાં સૉનેટોમાં ભાષાનો કેવો વિશિષ્ટ વિનિયોગ કર્યો છે એની અછડતી નોંધ હરીન્દ્ર દવેએ લીધી છે તો ઠાકોરની કવિતાના છંદોની તપાસ ઉશનસ અને નારાયણ જોશીએ કરી છે. ઠાકોરની કવિતા પર અંગ્રેજી કવિતાની કેવી અને કેટલી અસર પડી હતી એનો અભ્યાસ ઉમેદભાઈ મણિયારે કર્યો છે. આ રીતે પ્રો. ઠાકોરની કવિતાનો લગભગ સર્વાંગી અભ્યાસ આ અધ્યયન ગ્રંથમાં સાંપડે છે. ઠાકોરની કવિતાને પામવામાં એ ઉપકારક છે.

કવિતા પછી વિવેચન ક્ષેત્રે બળવંતરાયે કરેલું ખેડાણ સવિશેષ નોંધપાત્ર છે. સિદ્ધાંત વિચાર અને કૃતિપરીક્ષણ રૂપે પ્રાપ્ત થતું તેમનું વિવેચન મુખ્યત્વે વ્યાખ્યાનો, પ્રવેશકો, ટિપ્પણો સ્વરૂપે થયું છે. એમનું વિવેચન 'કવિતા શિક્ષણ' (૧૯૨૪), 'લિરિક (૧૯૨૮)', નવીન કવિતા વિશે વ્યાખ્યાનો (૧૯૪૩), 'વિવિધ વ્યાખ્યાનોઃ' ગુચ્છ પહેલો

(૧૯૪૫), 'પ્રવેશકો :' ગુચ્છ પહેલો (૧૯૫૯), ગુચ્છ બીજો (૧૯૬૧) વગેરે સંગ્રહોમાં છે. વિવેચનક્ષેત્રે ઠાકોરનું મુખ્ય પ્રદાન અર્થપ્રધાનતાવાદ યા વિચારપ્રધાનતાવાદને ગણી શકાય. વિચારપ્રધાન કવિતા માટે સળંગ અત્રેય પ્રવાહી પદ્યરચનાને તેઓ આવશ્યક માને છે. એમની વિવેચનાની એક વિશિષ્ટતા એ છે કે એમની દષ્ટિ સતત સર્જક અને સર્જન પ્રક્રિયા પર મંડાયેલી રહે છે. કવિતા વિચાર અને એમાં મુખ્ય ઘટક-તત્ત્વોની પર્યેષણા એમની વિવેચનામાં મુખ્ય ભાગ રોકે છે.

'બળવંતરાયની વિવેચનપ્રવૃત્તિ' લેખમાં હસિત બૂચે તેમની વિવેચનાની વિશિષ્ટતાઓ તારવી અંતે નોંધ્યું છે કે 'આપણા સર્જન-વિવેચનને વિભાવના-અભિવ્યક્તિ અંગે આધુનિકતા પ્રત્યે અભિમુખ માત્ર નહિ, પ્રવૃત્ત પણ કરવાનું શ્રેય બળવંતરાયને નામે ચડે તેમ છે, તેય વિવેચક બળવંતરાયને નામે વિશેષ (એ જ, પૃ. ૮૩) ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાના અગ્રેસર બનેલા સુરેશ જોશી 'બ.ક. ઠાકોરનો કાવ્યાદર્શ' લેખના પ્રારંભમાં જ સૂચવે છે કે એમની કાવ્યતત્ત્વની ભાવના યુરોપી રસિકો અને ફિલસૂફોની સૌન્દર્યમીમાંસા ઉપરથી બંધાવા પામી છે. આ ભાવના ઘડવામાં મુખ્ય ફાળો પ્લેટો અને એરિસ્ટોટલનો છે. વિવેચનમાં બંડખોરવૃત્તિના તથા જાગરુક્તાના તેઓ હિમાયતી હતા. વિવેચન જાગરુક રહે એનો એમને ખાસ આગ્રહ હતો. નરોત્તમ વાળંદે 'વિચારપ્રધાન કવિના' લેખના આરંભે જ નોંધ્યું છે, પંડિત યુગમાં જન્મેલા છતાં છેક અદ્યતન યુગ સુધી પોતાનાં કાર્યોની અસર પહોંચે એવી વિશિષ્ટ વિચારસરણી મૂકી જનાર વ્યુત્પન્ન સાક્ષર બળવંતરાયની અસર સમકાલીનો કરતાંય નવીનો પર વિશેષ પહોંચી છે.' (એ જ, પૃ. ૯૦) ઠાકોરની વિચારપ્રધાન કવિતા વિષયક વિચારણાની છણાવટ કર્યા પછી અંતે શ્રી વાળંદ કહે છે કે બળવંતરાયની વિચાર પ્રાધાન્યની હિમાયત જો વેળાસર આવી ન હોત તો નરસિંહરાવ, ન્હાનાલાલ અને ખબરદારની ઘાટીમાં જ પોતાનો રાગ ઘૂંટતી ગુજરાતી કવિતા કરુણ દશાને પામી હોત. ગુજરાતી કવિતાનો ઠાકોરને હાથે પુનર્જન્મ થયો તથા તે 'દ્વિજ' રૂપે સંસ્કારાઈ.

ઠાકોરના પંચોતેરમાં વર્ષની ઉજવણી વખતે એમણે આપેલાં સાત પ્રવચનો અને આપવીતી લેખે ઉમેરેલી મિતાક્ષરી-એનું સંપાદન કિશનસિંહ ચાવડાએ 'પંચોતેરમે' નામથી કર્યું છે. આ પુસ્તકમાં સમાવિષ્ટ ઠાકોરની કેટલીક વિચારણાઓની મધુસૂદન પારેખે તપાસ કરી છે. અંતે તેમણે તારવ્યું છે. : 'લેખકની કેટલીક વિચારણાઓ ફેરતપાસ માગે તેવી અથવા તો ચિંત્ય જણાય તેમ છતાં સમગ્ર કૃતિમાં એમની મહાન વિચારક અને સાક્ષર તરીકેની પ્રતિભાનો સુખદ પરિચય થાય છે.' (એ જ પૃ. ૨૩૭). 'ગો. મા. ત્રિ. વિશે બ. ક. ઠા.' લેખમાં રમણલાલ જોશીએ પંડિતયુગના એક સાક્ષર વિશે બીજા સાક્ષરે કરેલી સમીક્ષાની તપાસ કરી છે, અંતે તારવ્યું છે : 'ગો. મા. ત્રિ. ઉપરનાં સઘળાં વિવેચનોમાં બ.ક.ઠા. નું મૂલગામી, તાત્પર્યદર્શી અને વસ્તુનિષ્ઠ વિવેચન આગવી ભાત પાડનારું છે અને ગોવર્ધનરામના સૌ અભ્યાસીઓને માટે એ હંમેશા પ્રેરક-દ્યોતક રહેશે.' (પૃ. ૨૪૩)

**ઠાકોરના પંચોતેરમાં વર્ષની ઉજવણી વખતે એમણે આપેલાં સાત પ્રવચનો અને આપવીતી લેખે ઉમેરેલી મિતાક્ષરી-એનું સંપાદન કિશનસિંહ ચાવડાએ 'પંચોતેરમે' નામથી કર્યું છે. આ પુસ્તકમાં સમાવિષ્ટ ઠાકોરની કેટલીક વિચારણાઓની મધુસૂદન પારેખે તપાસ કરી છે**

સંસ્કૃત કવિઓ પૈકી કાલિદાસ પ્રત્યે ઠાકોરને વિશેષ આકર્ષણ હતું. તેમનાં ત્રણે નાટકોના અનુવાદ તેમણે કરેલા તથા તેના વિશે 'મનનિકા' નામક ટીકા પણ લખેલી. કાલિદાસના પ્રસિદ્ધ ખંડકાવ્ય મેઘદૂતનો અનુવાદ પણ તેમણે શરૂ કરેલો પણ તે પૂરો થઈ શકેલો નહીં. 'કાલિદાસ-મનનિકા'ની વિસ્તૃત તપાસ જયન્ત ઠાકરે કરી છે. ઉપસંહારમાં તેઓ કશાં તારણો તારવી શક્યા નથી.

'જૂના ગુજરાતી ભાષા સાહિત્યમાં પ્રો. ઠાકોરનું કાર્ય' લેખમાં ભોગીલાલ સાંડેસરા બળવંતરાય મધ્યકાલીન સાહિત્ય ક્ષેત્રે થયેલા કાર્યની સમીક્ષા કરે છે. 'ગુર્જર રાસાવલી', 'વિક્રમચરિત્રરાસ' અને 'અંબડ વિદ્યાધરરાસ'ના તેમનાં સંપાદનોની તપાસ તેમાં સમાવિષ્ટ છે. સોમાભાઈ પારેખે 'જૂની ગુજરાતીનાં પ્રો. બ.ક.ઠાકોરનાં બે અપ્રસિદ્ધ સંપાદનો' લેખમાં શ્રાવક વચ્છકવિવિરચિત 'મૃગાંકલેખા રાસ' અને શ્રાવક માંડણકૃત 'સિદ્ધચક્ર રાસ' અથવા 'શ્રીપાલ રાજાનો રાસ' નામક ઠાકોરનાં બે અપ્રસિદ્ધ સંપાદનોનું વિવરણ કર્યું છે.

ઈતિહાસના અધ્યાપક રહેલા ઠાકોર પાસેથી 'ઈતિહાસ દિગ્દર્શન (૧૯૨૮) અને 'યુનાઈટેડ સ્ટેટસ' (૧૯૨૮) નામક ઈતિહાસ વિષયક કૃતિઓ પ્રાપ્ત થઈ છે. 'પ્રો. ઠાકોરની ઈતિહાસમીમાંસા' લેખમાં રસિકલાલ છો. પરીખ મુખ્યત્વે 'ઈતિહાસ દિગ્દર્શન' અને 'આપણા ઈતિહાસના યુગો' (૧૯૪૯) એ બે વ્યાખ્યાનોને આધારે ઠાકોરની ઈતિહાસ વિચારણાની મીમાંસા કરે છે. કેશવલાલ કામદારે તેમના પ્રો. બ.ક. ઠાકોર- સાહિત્યિકવિવેચક તથા ઈતિહાસ અને રાજકારણના અભ્યાસી લેખમાં ઠાકોરે યુવાનીમાં માધવરાવ પેશવા વિશે અંગ્રેજીમાં લખેલા નિબંધ અને હિન્દુસ્તાનની રાજ્યવ્યવસ્થા વિશે લખેલ પુસ્તક 'Indian Administration to The Dawn of Responsible Government, 1765-1919 (1922) ની ચર્ચા પણ કરી છે.'

ઠાકોરનાં બે નાટકો પ્રગટ થયાં હતાં : 'ઊગતી

જુવાની' (૧૯૨૩) અને 'લગ્નમાં બ્રહ્મચર્ય અથવા સંયોગે વિયોગ'(૧૯૨૮).. પ્રથમ નાટક વિશે પ્રસ્તુત ગ્રંથમાં બે લેખો મળે છે. યશવંત શુક્લે 'ઊગતી જુવાની'ને નાટ્યલેખનનો એક સાહસિક પ્રયોગ કહ્યો છે. તે નાટ્યગુણરહિત કદાચ લાગે તોપણ છેક સાહિત્યગુણરહિત નથી એમ તેઓ કહે છે. નાટકની પ્રથમ આવૃત્તિ અપ્રાપ્ય બનતાં ઠાકોરે બીજા મુદ્રણ માટે નાટકની 'ડમી' સુધારાવધારા સાથે તૈયાર કરેલી, પરંતુ તે પ્રગટ થઈ શકી નહીં. કુમારપાળ દેસાઈએ એ અપ્રગટ મુદ્રણપ્રતનો પરિચય કરાવી તારવ્યું છે કે 'વાસ્તવ આલેખન, સમગ્ર નાટક પર ઝળુંબતું ઉલ્લાસનું વાતાવરણ, નવીન અર્પણપત્રિકા, નાની બહેનનું દશ્ય, પાત્રોના સંબંધની નોંધ તેમ જ પાત્રોચિત ભાષા પ્રયોજવાનો નાટકકારનો પ્રયત્ન અવશ્ય પ્રશંસનીય છે અને તે રીતે નાટક નોંધપાત્ર ઠરે છે.' ગ્રંથમાં બીજા નાટક વિશે કે અનુવાદિત નાટક 'સોવિયેટ નવજુવાની'(૧૯૩૫) વિશે કોઈ લેખ પ્રાપ્ત થયો નથી. જેની બે આવૃત્તિઓ થઈ હતી એ ઠાકોરના એક માત્ર વાર્તાસંગ્રહ 'દર્શનિયું' (૧૯૨૪, ૧૯૪૦) વિશે પણ કોઈ લેખ મળતો નથી. 'અંબાલાલભાઈ'(૧૯૨૮) નામક અંબાલાલ સાકરલાલ દેસાઈના જીવનચરિત્ર વિષે પણ કોઈ લેખ સાંપડતો નથી. આવા દળદાર અને સમૃદ્ધ અધ્યયન-ગ્રંથમાં આ કમી ખટક્યા વિના રહેતી નથી. પ્રસ્તુતગ્રંથમાં સમાવિષ્ટ પચાસ લેખો પૈકી અડધો ડઝન જેટલા લેખોની ખાસ આવશ્યકતા અનુભવાતી નથી. એવા લેખોની બાદબાકી કરી રહી ગયેલી કૃતિઓને ન્યાય આપી શકાયો હોત. એમની 'દિન્કી' (ડાયરી)ની નોંધ પણ લેવાવી જોઈતી હતી.

પ્રો. ઠાકોર સારા પત્રલેખક હતા. તેમણે પોતાના દીર્ઘ જીવનકાળમાં મોટી સંખ્યામાં પત્રો લખ્યા હતા. તેમના પત્રોની ચર્ચા કરતા પાંચ-છ લેખો ગ્રંથમાં સંગ્રહિત થયા છે. કે.કા.શાસ્ત્રીએ 'વજ્રથીય ઘણાં કાઠાં, ફૂલડાંથીય કુમળાં ' નામક દીર્ઘ લેખમાં દોઢ-બે દાયકા દરમિયાન તેમના પર આવેલા ઠાકોરના પત્રો ઉધ્ધૃત કર્યા છે. પ્રત્યેક પત્રમાં કોઈને કોઈ ભાષા સાહિત્યના મુદ્દા પરના ઠાકોરના વિચારો જોવા મળે છે. યશોધર મહેતાએ 'સ્મરણોની ક્ષિતિજ જોતો' લેખમાં લખ્યું છે કે ઠાકોરના પચીસેક પત્રો તેમનાથી સચવાયા છે. ધર્મેન્દ્ર માસ્તર (મધુરમ્)ના લેખનું શીર્ષક છે. 'બ.ક.ઠાકોરના પાંચ કુટુંબપત્રો'. રમાબહેન ગજેન્દ્ર ઠાકોરનો લેખ 'પૂજ્ય નાનાજીના કેટલાક કૌટુમ્બિક પત્રો' વિશે છે. તેમણે લખ્યું છે તેમ 'પૂ.નાનાજી (ઠાકોર)ના પત્રો અંગત છે, છતાં તેમાં જે મંતવ્યો રજૂ થયેલાં છે તે વિદ્યાર્થી, યુવક તેમજ યુવતીઓને ઉદ્‌બોધન, સૂચન અને માર્ગદર્શન માટે અમૂલ્ય છે.' ( એ જ, પૃ. ૪૫૧) આ ગ્રંથમાં પ્રાપ્ત થયેલા પત્રો જોતાં લાગે છે કે કોઈ અભ્યાસીએ તેમના પત્રો એકઠા કરી તેને સંગ્રહિત કર્યા હોત તો ગુજરાતના રંક પત્રસાહિત્યની અમૂલ્ય સેવા થઈ શકી હોત.

પ્રસ્તુત અધ્યયન ગ્રંથનો મહત્ત્વનો લેખ છે. 'પંડિતયુગના મહારથી', જે આરંભમાં મૂકવામાં આવ્યો છે. આ સંક્ષિપ્ત પણ સઘન અભ્યાસલેખમાં ગાંધીયુગના સમર્થ વિવેચક અનંતરાય રાવળે બળવંતરાયના સમગ્ર સાહિત્યની સર્વાંગી સમીક્ષા કરી છે. તેમણે યથાર્થ નોંધ્યું છે. ઠાકોર ગુજરાતના પ્રથમ પંક્તિના સમર્થ શૈલીકાર અને ગદ્યકાર છે. તેઓ જેવા સમર્થ ગદ્યકાર છે તેટલા જ સમર્થ કવિ પણ છે. એમની વિવેચન સેવા એટલી જ સ્મરણીય છે.

**આજે દોઢસો વર્ષે, તેમના અવસાનને સડસઠ વર્ષ થયા પછી તેમના સમગ્ર સાહિત્યનું પુનર્મૂલ્યાંકન કરતાં તેમની વિશેષતાઓની સાથે મર્યાદાઓ પણ દષ્ટિગોચર થવાની કાવ્યની જેમ ગદ્યમાં પણ એમણે અર્થાનુસારિતા કે વિચારાનુરૂપતાને પ્રાધાન્ય આપ્યું છે**

પ્રો. બ.ક. ઠાકોર પંડિત યુગના મહારથી હોવાની સાથે પ્રહરી પણ હતા. ગુજરાતી સાહિત્યને ઊંચી બુલંદીઓ પર પહોંચાડવામાં તેમનું અસાધારણ યોગદાન હતું. આજે દોઢસો વર્ષે, તેમના અવસાનને સડસઠ વર્ષ થયા પછી તેમના સમગ્ર સાહિત્યનું પુનર્મૂલ્યાંકન કરતાં તેમની વિશેષતાઓની સાથે મર્યાદાઓ પણ દષ્ટિગોચર થવાની કાવ્યની જેમ ગદ્યમાં પણ એમણે અર્થાનુસારિતા કે વિચારાનુરૂપતાને પ્રાધાન્ય આપ્યું છે. એમના લખાણમાં વાક્યો એક પછી એક ખડકાયેલાં લાગે છે. ગહન વિષયને સાંગોપાંગ સળંગ અર્થઘન મહાવાક્યમાં ગોઠવતી એમની ગદ્યશૈલી ક્વચિત્ કલેશકર, કિલષ્ટ અને દીર્ઘસૂત્રી બની રહે છે. એમણે ગુજરાતીના પોતને અનુકૂળ અરબી પારસી, સંસ્કૃત-પ્રાકૃત, શિષ્ટ-બોલચાલિયા શબ્દો, રૂઢિપ્રયોગોનો ઉપયોગ કરી પોતાના ઈષ્ટ અર્થને ચોકસાઈપૂર્વક અશેષ રીતે વ્યક્ત કરવાનો પ્રયાસ કર્યો છે. આવી મિશ્ર શૈલી સ્વાભાવિક રીતે જ ખરબચડ, અરુચિકર બની છે. એમણે સંખ્યાબંધ નવા પર્યાયો યોજ્યા છે, જેમાંથી ભાગ્યે જ કોઈ પર્યાય પ્રચલિત બન્યો છે. સુઘટ્ટ પોતવાળા તેમના ગદ્યનો પ્રવાહ મંદ હોય છે. પણ તેમાં ક્યાંય શિથિલતા, મૃદુતા કે પોચટતા જોવા મળતાં નથી. આવી કેટલીક મર્યાદાઓ છતાં ગુજરાતી સાહિત્યમાં ઠાકોરના પ્રદાનને કોઈ અવગણી શક્શે નહિ.

*૧૦, શુકન વિલાઝ,*
*બકેરી સિટી, વેજલપુર,*
*અમદાવાદ-૩૮૦૦૫૧*
*મો: ૯૯૨૫૧૫૯૭૫૧*

# સરદાર વલ્લભભાઈ પટેલ : અમદાવાદના આંગણે

*- ડૉ. માણેક પટેલ 'સેતુ'*

**અ**મદાવાદની જુલાઈ, ૧૯૨૭ના વર્ષની વાત છે. શહેરમાં સળંગ આશરે ૫૧ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. આખું શહેર જળબંબાકાર થઈ ગયું હતું. જાહેર થયેલા આંકડા મુજબ ૫૦૯૩ ઘર-ઝૂપડાં પડી ગયાં હતાં. રૂપિયા ૨૨ લાખથી વધુ નુકસાન થયું હતું. અમદાવાદ મ્યુનિસિપાલિટીના એક જવાબદાર હોદ્દેદાર સતત સાત દિવસ સુધી મ્યુનિસિપાલિટીની ઓફિસમાં પહેરેલ કપડે રહ્યા હતા. શહેરમાં જાતે ફરીને ભરાયેલા પાણીની સમસ્યા દૂર કરી હતી. આવા હતા લોકસેવક એટલે આપણા સૌના વહાલા વલ્લભભાઈ પટેલ. તે સમયે તેઓ મ્યુનિસિપાલિટીમાં પ્રમુખ હતા. આજે તે હોદ્દાને મેયર તરીકે ઓળખવામાં આવે છે.

વલ્લભભાઈએ મ્યુનિસિપાલિટીના અધિકારીઓને કહ્યું કે જે સ્થળોએ પાણી ભરાયું નહોતું તે જગ્યાઓ મને જણાવો. અધિકારીઓને આવા હુકમથી આશ્ચર્ય થયું ! વલ્લભભાઈ પટેલના મનમાં હતું કે એવી જગ્યાઓ ઉપર શાળાઓ અને દવાખાનાં બાંધવા માટે પસંદ કરીએ તો, નગરજનોને રેલમાં મુશ્કેલી ના પડે ! આવા હતા દૂરંદેશી વલ્લભભાઈ પટેલ રેલની સમસ્યા હળવી થતાં, વલ્લભભાઈએ પ્રેમાભાઈ હોલમાં શહેરના શ્રેષ્ઠીઓની રેલ રાહત માટે મિટિંગ બોલાવી. શેઠ મંગળદાસ ગિરધરદાસના પ્રમુખપણા હેઠળ 'સંકટ નિવારણ સમિતિ' રચાઈ અને ઘણું રેલ રાહત ફંડ એકઠું કર્યું. વલ્લભભાઈના કહેવાથી મ્યુનિસિપાલિટીના કર્મચારીઓએ રૂપિયા ૧૨૦૦ એકઠા કરીને ફંડમાં આપ્યા હતાં.

**અમદાવાદમાં ૧૮૮૪માં સ્થપાયેલ 'ગુજરાત સભા' એક રાજકીય સભા હતી. તેમાં તા. ૧૫-૧૧-૧૯૧૫ના રોજ ગાંધીજી ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા. એ પછી મુંબઈમાં યોજાયેલ મહાસભામાં 'ગુજરાત સભા'ના પ્રતિનિધિ તરીકે ગાંધીજીની સાથે વલ્લભભાઈ ગયા હતા**

આવા કર્મયોગી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ ૧૯૧૩માં બેરિસ્ટર બનીને ભારત પાછા આવ્યા અને અમદાવાદમાં સ્થાયી થયા. જ્યારે મોહનદાસ કરમચંદ ગાંધી બે વર્ષ પછી અમદાવાદમાં આવ્યા હતા. વલ્લભભાઈએ ફોજદારી વકીલાત શરૂ કરી અને જામી ગયા. તેઓ યુરોપિયન સ્ટાઈલનાં કપડાં પહેરતા. ફૂરસદનો સમય કોર્ટની નજીકમાં આવેલી ગુજરાત ક્લબમાં પસાર કરતા હતા. ગુજરાત ક્લબમાં એક તક્તી લગાડેલી છે. તેમાં લખ્યું છે - 'સરદાર ગાંધીનું પ્રથમ મિલન સ્થાન.' વાસ્તવમાં ગાંધીજી અહીંયા ભાષણ આપવા આવ્યા હતા, ત્યારે વલ્લભભાઈ જે ટેબલ ઉપર પાનાં રમી રહ્યા હતા, ત્યાંથી ગાંધીજી પસાર થયા હતા. તે બે મહાનુભાવો વચ્ચે કોઈ વાતચીત થઈ નહોતી. એ દિવસોમાં વલ્લભભાઈ ગાંધીજીને 'ઘેલો ગાંધી' કહીને તેમની મજાક ઉડાડતા હતા. વલ્લભભાઈ પટેલનું ઘર લાલદરવાજા, ગુજરાત ક્લબની સામે આવેલું હતું. હાલમાં તેમના રાષ્ટ્રીય સ્મારક તરીકે જાળવી રાખવામાં આવ્યું છે

વલ્લભભાઈની દાદા સાહેબ માવળંકર, મહાદેવભાઈ દેસાઈ, નરહરી પરીખ, ડૉ. કાનુગા જેવી વ્યક્તિઓ સાથે બેઠક હોવાથી તેઓ ગાંધીજી અંગે વાતો કરતા હતા. તેથી એક દિવસ વલ્લભભાઈ કોચરબ આશ્રમમાં પહોંચી ગયા. ત્યાં ગાંધીજીને થાળીમાં અનાજમાંથી કાંકરા વીણતા જોઈને પાછા ફરી ગયા હતા. એ પછી ગાંધીજીએ ચંપારણ સત્યાગ્રહમાં કામ કર્યાનું જાણ્યા પછી વલ્લભભાઈ ગાંધીજીથી પ્રભાવિત થયા હતા. અને વલ્લભભાઈને લાગવા માંડ્યું કે આ માણસ બોલે છે તે કરે છે. તેથી એમણે જાહેર સેવા કરવાનું વિચાર્યું.

અમદાવાદમાં ૧૮૮૪માં સ્થપાયેલ 'ગુજરાત સભા' એક રાજકીય સભા હતી. તેમાં તા. ૧૫-૧૧-૧૯૧૫ના રોજ






ગાંધીજી ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા. એ પછી મુંબઈમાં યોજાયેલ મહાસભામાં 'ગુજરાત સભા'ના પ્રતિનિધિ તરીકે ગાંધીજીની સાથે વલ્લભભાઈ ગયા હતા. એમના જાહેર જીવનનું આ પ્રથમ પગથિયું કહી શકાય. આ સમયગાળામાં અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં તુંડમિજાજી ઓફિસર તરીકે મિ. શિલીડી જોડાયા હતા. વલ્લભભાઈને મનમાં થવા માંડ્યું કે આવા ઘમંડી ઓફિસરની સાન ઠેકાણે લાવવી જોઈએ.

એ સમયે દરિયાપુર વોર્ડમાં મ્યુનિસિપલ કાઉન્સિલર સૈયદ એહમદમિયાંનું અવસાન થતાં, તેમની ખાલી પડેલી જગ્યાની પેટાચૂંટણીમાં વલ્લભભાઈએ ઝંપલાવ્યું. ત્યારે તેમની સામે બેરિસ્ટર ગુલામ મોહિયુદ્દીન નરમાવાળા અને વકીલ હોમી ચાહેવાલા હતા. આ ચૂંટણીમાં વલ્લભભાઈનો એક મતથી વિજય થયો હતો. પરંતુ પરાજિત ઉમેદવાર બેરિસ્ટર નરમાવાળાએ કોર્ટમાં વિજેતા વલ્લભભાઈવાળી પેટા ચૂંટણી રદ કરવા અરજી કરી. કોર્ટે સગીર રતિલાલ નાથાલાલના મતને ગેરકાયદેસર ઠેરવ્યો અને અન્ય કારણો હેઠળ પેટાચૂંટણી રદ કરવાનો હુકમ કર્યો. એ પછી થયેલ પુનઃપેટા ચૂંટણીમાં વલ્લભભાઈ બિનહરિફ ચૂંટાયા. મ્યુનિસિપાલિટીમાં સક્રિય થતાં ૨૩-૭-૧૯૧૭ના રોજ તેઓ સેનેટરી કમિટી ચેરમેન તરીકે નિમાતાં મ્યુનિસિપાલિટીના તંત્રમાં ચેતના આવી. શહેર સારી રીતે સાફ રહેવા માંડ્યું. વલ્લભભાઈ કહેતા કે રાજકારણનો કચરો સાફ કરતાં મ્યુનિસિપાલિટીનો કચરો સાફ કરવો સહેલો છે. કેમકે રાજકારણનો કચરો સાફ કરવામાં રાત્રે ઊંઘ નથી આવતી! ૧૯૧૮માં વલ્લભભાઈએ ખેડા સત્યાગ્રહની જવાબદારી સ્વીકારીને એમની જાતને ગાંધીજીને અર્પણ કરી દીધી અને ખેડા સત્યાગ્રહ સફળ બનાવ્યો.

**૧૯૨૪માં વલ્લભભાઈ મ્યુનિસિપાલિટીમાં પ્રમુખ તરીકે ચૂંટાયા અને અમદાવાદમાં વિકાસે તેજી પકડી. તેમણે કર્મચારીઓ માટે ખાદીનો યુનિફોર્મ અમલમાં મૂકાવ્યો. મ્યુનિસિપાલિટીના વહીવટમાં ગુજરાતી દાખલ કર્યું**

૧૯૨૦ની ઘટના નોંધપાત્ર છે. એ સમયે અમદાવાદમાં ચાર ટાઈમ ટપાલ વહેંચવામાં આવતી. ટપાલીઓને ૮ કલાકની નોકરીમાં ૧૨-૧૩ કલાક કામ કરવું પડતું હતું અને તેમનો પગાર રૂપિયા ૧૮/- હતો. કોઈ જાતનો ઓવરટાઈમ નહીં. ૭૫ ટપાલીઓની જગ્યાએ ૩૨ ટપાલીઓ કામ કરતા હતા. આથી ટપાલીઓએ વલ્લભભાઈનો સંપર્ક કર્યો અને એમની તકલીફો જણાવી અને સરદારી લઈ ઘટતું કરવા કહ્યું. ટપાલીઓના ખૂબ આગ્રહને માન આપી વલ્લભભાઈ ટપાલી યુનિયનના પ્રમુખ બન્યા.

૧૫મી ફેબ્રુઆરી ૧૯૨૦ના રોજ સરકારને નોટિસ પાઠવીને જણાવ્યું કે એમની માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો હડતાલ પાડવામાં આવશે. સરકારે આ અંગે કોઈ કાર્યવાહી કરી નહીં. બરાબર એક મહિના પછી ટપાલીઓએ હડતાલ પાડી. એક દિવસ થયો. બીજો દિવસ થયો. ટપાલોનો ખડકલો જમા થવા માંડ્યો. વલ્લભભાઈએ નગજરનોને ટપાલીઓની સાચી સમસ્યા અને માંગણી અંગેની સાચી માહિતી હેન્ડબીલ દ્વારા જણાવી. ચોથા દિવસે સરકાર જાગી અને સમાધાન માટે આગળ આવી. પગાર-સ્કેલ રિવિઝનમાં ના આવે ત્યાં સુધી ટપાલીઓને રૂ. ૪નો પગાર વધારો કરી આપ્યો અને અન્ય માંગણીઓ સ્વીકારવાની ફરજ પડી.

નાગપુરના ૧૯૨૦ના અધિવેશન પછી 'ગુજરાત પ્રાંતિક સમિતિ'ની રચના વલ્લભભાઈની પ્રમુખ તરીકે નિમણૂક કરીને કરવામાં આવી. આગળ જતાં છેલ્લે આ સમિતિ ગુજરાત કોંગ્રેસમાં રૂપાંતર પામી હતી. વલ્લભભાઈ ૧૯૨૧થી ૧૯૪૬ સુધી ૨૫ વર્ષ સુધી પ્રમુખ રહ્યા હતા. ૧૯૨૧માં અમદાવાદમાં કોંગ્રેસ અધિવેશન ભરાયું હતું. વલ્લભભાઈ પટેલ તેના સ્વાગત પ્રમુખ હતા. ગાંધીજીએ અધ્યક્ષ અજમલખાન, અબ્દુલગફૂરખાન, સરોજિની નાઈડુ અને વલ્લભભાઈ પટેલ વગેરેની હાજરીમાં ચરખાવાળો ભારતનો સર્વ પ્રથમ ત્રિરંગો લહેરાવ્યો હતો. તેમણે આ પ્રસંગે 'ખાદીનગર' નામનું ખાસ પ્રદર્શન આયોજિત કર્યું હતું.

ઈ.સન ૧૯૨૪માં વલ્લભભાઈ મ્યુનિસિપાલિટીમાં પ્રમુખ તરીકે ચૂંટાયા અને અમદાવાદમાં વિકાસે તેજી પકડી. તેમણે કર્મચારીઓ માટે ખાદીનો યુનિફોર્મ અમલમાં મૂકાવ્યો. મ્યુનિસિપાલિટીના વહીવટમાં ગુજરાતી દાખલ કર્યું. ગટર યોજના, રિલીફ રોડની યોજના, વાડીલાલ હોસ્પિટલ, એમ.જે. લાઈબ્રેરીની સ્થાપના જેવાં ઘણાં બધાં ઉલ્લેખનીય કામો સરદારે અમદાવાદમાં કર્યાં. તેથી તો એમને આધુનિક



અમદાવાદના ઘડવૈયા કહેવામાં આવે છે. તેઓ આશ્રમરોડ ઉપર આવેલી બહેરામૂંગાની શાળાની સ્થાપનામાં સક્રિય હતા. આથી જ ગાંધીજીએ કહ્યું હતું - "જ્યાં જ્યાં મારી નજર પડે ત્યાં ત્યાં અમદાવાદમાં હું સરદારની કૃતિ ભાળું છું."

એમના પ્રમુખકાળ દરમિયાન કેન્ટોન્ટમેન્ટ અમદાવાદ, મ્યુનિસિપાલિટીને એક હજાર ગેલન પાણીના બે આના છ પૈસા ચૂકવતું હતું, છેલ્લાં ૨૮ વર્ષથી આ પ્રમાણે નગરજનોના ભોગે કેન્ટોન્ટમેન્ટને પાણીની વિશેષ સુવિધા આપતા આવ્યા હતા. ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો જેવી પરિસ્થિતિ હતી. સરદાર પટેલે પ્રમુખ તરીકે ઊંડો અભ્યાસ કર્યો અને કેન્ટોન્ટમેન્ટે એક હજાર લિટરના આઠ આના લેખે રકમ આપવી પડશે, નહીં તો પાણીનું જોડાણ કાપી નાંખવાનો હુકમ કર્યો. છેલ્લે કેન્ટોન્ટમેન્ટના સત્તાવાળાને ઝૂકવું પડ્યું અને મ્યુનિસિપાલિટી સાથે સમાધાન કરવું પડ્યું.

૧૯૨૮માં વલ્લભભાઈ પટેલ માટે જિંદગીમાં ટર્નિંગ પોઈન્ટ જેવી મ્યુનિસિપાલિટીમાં ઘટના બની એ સમયે મ્યુનિસિપાલીટીમાં ચીફ ઓફિસરના હોદ્દા માટે આવેલી ૫૮ અરજીઓ પૈકી સ્ટેન્ડિંગ કમિટીએ છેલ્લે ચાર ઉમેદવારો પસંદ કર્યા. (૧) મોરારજી દેસાઈ (૨) કે.પી. પરાંજપે (૩) ઈશ્વરભાઈ ભગત અને (૪) હરિકૃષ્ણ દીવાન. તેમાં ઈશ્વરભાઈ ભગત મ્યુનિસિપાલિટીમાં ચીફ ઓફિસરના પર્સનલ સેક્રેટરીના હોદ્દા ઉપર ચાલુ હતા. પરંતુ વલ્લભભાઈ તેમની કાર્યપદ્ધતિથી નારાજ હતા. વલ્લભભાઈની પસંદગીના ઉમેદવાર હરિકૃષ્ણ દીવાન હતા. જ્યારે સ્ટેન્ડિંગ કમિટીએ ઈશ્વરભાઈ ભગતને પસંદ કર્યા. વલ્લભભાઈએ અગાઉ જાહેર કરેલું કે જો ઈશ્વરભાઈ ભગતની નિમણૂક થશે તો તેઓ પ્રમુખપદેથી રાજીનામું આપી દેશે. ચીફ ઓફિસર તરીકે ઈશ્વરભાઈ ભગતની નિમણૂકનો ઠરાવ થયો. એ પછી કેટલાક સભ્યો ઈશ્વરભાઈને લઈને પ્રમુખની ચેમ્બરમાં વલ્લભભાઈને મળવા ગયા. વલ્લભભાઈએ તેમની સાથે હાથ મિલાવ્યા અને કહ્યું - 'મને તમારી સામે કોઈ દ્વેષ નથી.' તે પછી તેઓ બારડોલી સત્યાગ્રહ માટે ઊપડી ગયા. વાસ્તવમાં એ સમયે વલ્લભભાઈએ મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે રાજીનામું આપી દીધું હતું. તેમને અમદાવાદ પ્રત્યે ઘણો લગાવ હતો. છતાં એમણે આ પગલું ભર્યું હતું. તેમના ઉદ્‌ગારમાં અમદાવાદ પ્રેમ દેખાઈ આવે છે- "હું અમદાવાદ શહેરની સેવા કરતો ત્યારે મને એક પ્રકારની માનસિક શાંતિ રહેતી. જેનો પાયો મેં નાખેલો છે તે કામ પૂરું ન થાય તો મને દુઃખ થવાનું છે. હું બહાર ન ગયો હોત તો મેં અમદાવાદની સૂરત ફેરવી નાખી હોત... " ગાંધીજી એકવાર બોલ્યા હતા કે સરદારને અમદાવાદનાં સ્વપ્નાં આવે છે.

**ગાંધીજીએ સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠના પ્રથમ પદવીદાન સમારંભ વખતે ગાંધીજી જેલમાં હતા. સમય અને સંજોગવસાત પદવીદાનનો સમારંભ વલ્લભભાઈ પટેલના હસ્તે પૂર્ણ થયો હતો**

વલ્લભભાઈએ બારડોલી સત્યાગ્રહની આગેવાની લીધી- તેઓ નેતા- લીડર તરીકે ઉપસી આવ્યા. મારે નોંધવું જોઈએ કે વલ્લભભાઈની જાહેર જીવનની એ દુઃખદ ઘટનાએ એમના માટે દેશમાં નેતૃત્વ કરવાની નવી દિશા ખૂલી અને સરદાર બની પંકાયા.


૧૯૨૯માં ગાંધીજીએ નવજીવન ટ્રસ્ટ કર્યું અને સરદાર વલ્લભભાઈ પટેલને પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા હતા. ૧૯૫૦માં ગૂજરાત વિદ્યાપીઠની પાછળની બાજુએ નવજીવન સંસ્થાની નવી ઈમારત બાંધવામાં આવી છે, તેનું વલ્લભભાઈએ ઉદ્‌ઘાટન કર્યું હતું.

ગાંધીજીએ સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠના પ્રથમ પદવીદાન સમારંભ વખતે ગાંધીજી જેલમાં હતા. સમય અને સંજોગવસાત પદવીદાનનો સમારંભ વલ્લભભાઈ પટેલના હસ્તે પૂર્ણ થયો હતો. વળી તેમણે વિદ્યાપીઠની સ્થાપના અંગેનું રૂપિયા દસ લાખનું જરૂરી ભંડોળ એકઠું કરી આપ્યું હતું. ગાંધીજીના અવસાન પછી ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકે આજીવન સેવાઓ આપી હતી.

૧૯૩૦માં ગાંધીજીની દાંડીકૂચનો માર્ગ નક્કી કરવાનો અને તેને લગતા નિર્ણય લેવાની છેલ્લી સત્તા સરદાર વલ્લભભાઈની હતી. અંગ્રેજોને સરદારનો વધુ ડર હતો. એટલે દાંડીયાત્રા નીકળે તેના પાંચ દિવસ પહેલાં વલ્લભભાઈની રાસ ગામેથી ધરપકડ કરી લેવામાં આવી હતી અને સાબરમતી જેલમાં લાવવામાં આવ્યા હતા, જે સરદારની પ્રથમ જેલયાત્રા હતી.

૧૯૩૯માં અમદાવાદ મ્યુનિસિપાલિટીના શતાબ્દિ સમારોહમાં વલ્લભભાઈ પટેલ ચીનુભાઈ બેરોનેટ અને માવળંકર દાદા સાહેબ સાથે હાજર રહ્યા હતા.૧૯૪૦માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ગુજરાતમાંથી પ્રથમ સત્યાગ્રહી તરીકે સરદાર વલ્લભભાઈને પસંદ કરવામાં આવ્યા હતા. એ સમયે સરકારે એમને જેલની સજા કરી હતી. ૧૯૪૨માં એમણે પાટીદારોની બોર્ડિંગનું ખાતમુહૂર્ત કર્યું હતું. સરદાર વલ્લભભાઈ પટેલ ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન બન્યા પછી તા. ૨૧-૧-૧૯૪૮ના રોજ શહેરની મુલાકાતે પધાર્યા તે વખતે મ્યુનિસિપાલિટી તરફથી જાહેર નાગરિક સન્માન કરવામાં આવ્યું હતું.

૩૧મી ઓક્ટોબર, ૧૯૫૦ ના રોજ સરદાર પટેલનો 'અમૃત મહોત્સવ' લાલ દરવાજાના મેદાનમાં યોજવામાં આવ્યો હતો. એ સમારંભમાં રૂ. ૧૫ લાખનો લોકફાળો



સરદારશ્રી વલ્લભભાઈ પટેલ

હિંદના નાયબ વડા પ્રધાન

દિલ્હી

પૂજ્ય સરદાર સાહેબ,

સરદાર વલ્લભભાઈ પટેલ પ્રથમ નાયબ વડાપ્રધાન બન્યા પછી શહેરની મુલાકાતે પધાર્યા તે વખતે મ્યુનિસિપાલિટી તરફથી અર્પણ થયેલ નાગરિક સન્માનપત્ર : તા. ૨૧-૧-૧૯૪૮

એકઠો કરી સરદારને ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. એમણે એ રકમ સપ્રેમ ગુજરાત પ્રાંતિક સમિતિને જનતાના વિકાસ અર્થે પરત કરી હતી. અમદાવાદમાં એમની છેલ્લી મુલાકાત વેળા તા. ૨-૧૧-૧૯૫૦ના રોજ એરપોર્ટ ઉપર બોલ્યા હતા - ‘‘ઈશ્વરની ઈચ્છા હશે તો ફરી મળીશું.’’ બરાબર ૪૪મા દિવસે ૧૫મી ડિસેમ્બર ૧૯૫૦ના રોજ સરદાર વલ્લભભાઈએ આ દુનિયામાંથી વિદાય લીધી હતી.

લાલ દરવાજા ખાતે સરદાર વલ્લભભાઈ પટેલે જે મેદાનમાં અંતિમ ભાષણ આપ્યું હતું, તેમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને સરદાર પટેલની પ્રતિમા મૂકી. ૧૬મી ડિસેમ્બર, ૧૯૬૦ના રોજ તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રપ્રસાદે સરદારની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું.

સરદાર પટેલે મ્યુનિસિપાલિટીમાં કરેલી સેવાઓને ધ્યાનમાં લઈ મ્યુનિસિપાલિટીના મુખ્ય કાર્યાલયની ઐતિહાસિક ઈમારતનું નામકરણ ‘સરદાર ભવન’ કરવામાં આવ્યું છે. આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સરદાર વલ્લભભાઈ પટેલની ‘સ્ટેચ્યૂ ઓફ યુનિટી’ નામથી પ્રતિમા ગુજરાતમાં બનાવી એમને શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ અર્પી છે.

*સેતુ ડેન્ટલ સેન્ટર*
*૮૫, શંકર સોસાયટી, વિભાગ-૨*
*અંકુર રોડ, કામેશ્વર સર્કલ પાસે,*
*નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩*
*મો. ૯૮૨૫૦૪૨૨૩૧*

# સરકારી શિક્ષકોનો સરકારી શાળાનાં બાળકો માટેનો અનોખો યજ્ઞ-'બી નચિકેતા'

*- અજય મો. નાયક*

**ન**ચિકેતાની કથા સદીઓ જૂની છે. કઠોપનિષદમાં આ વાર્તા આવે છે. ટૂંકમાં વાર્તા આ પ્રકારે છે. અરુણ નામે એક મહર્ષિ હતા. તેમને ઉદ્દાલક નામનો પુત્ર હતો. ઉદ્દાલકે વિશ્વજીત નામનો યજ્ઞ કર્યો. યજ્ઞ પૂરો કર્યા પછી બ્રાહ્મણોને દક્ષિણામાં આપવા ગાયો મંગાવી પણ તે અત્યંત નબળી હતી, વૃદ્ધ હતી, નિર્બળ હતી. આથી ઉદ્દાલકના પુત્ર નચિકેતાએ પિતાને કહ્યું કે દાન આપવાની સામગ્રી ઉત્તમ હોવી જોઈએ. સારામાં સારી અને પ્રિયમાં પ્રિય વસ્તુનું દાન આપવું જોઈએ. આવી વસ્તુ શા માટે આપો છો ? પુત્રની વાત સાંભળી પિતા ઉદ્દાલક ગુસ્સે થયા ને એવું બોલ્યા કે જા તને મૃત્યુને આપુ છું. એટલે કે યમરાજને આપુ છું. આ સાંભળી નચિકેતા યમલોકમાં પહોંચ્યો. યમદેવની રાહ જોવા માંડ્યો. ત્રણ દિવસ ભૂખ્યો અને તરસ્યો બેસી રહ્યો. ત્રણ દિવસ પછી યમદેવ ઘરે આવ્યા અને તેમણે જાણ્યું કે એક બાળક તેમને મળવા ભૂખ્યો-તરસ્યો બેસી રહ્યો છે. આથી યમે નચિકેતાને ત્રણ વરદાન માંગવા કહ્યું. નચિકેતાએ પહેલું વરદાન માંગ્યું કે તે ઘરેથી જ્યારે નીકળ્યો ત્યારે તેના પિતા તેના પર ગુસ્સે હતા પણ પરત જાય ત્યારે તેનો સ્નેહથી સત્કાર કરે. બીજું વરદાન એવું માંગ્યું કે સ્વર્ગલોકમાં જેમ લોકો રહે છે તો તેવા લોકમાં કેવી રીતે જવાય તેની માહિતી આપો. એ વરદાન પણ પૂરું થયું. ત્રીજું વરદાન નચિકેતાએ માંગ્યું કે તેને મૃત્યુ વિશે સમજ આપો. યમે કહ્યું કે આ જે માહિતી મેળવવા ઇચ્છે છે તે ઘણી ગૂઢ છે. માટે બીજું કોઈ વરદાન માંગ. નચિકેતા ટસનો મસ થતો નથી અને મૃત્યુનું રહસ્ય જાણવાની જીદ કરે છે. છેવટે યમરાજ તેને મૃત્યુનું રહસ્ય કહી સંભળાવે છે.



**વ્યક્તિ માત્રને મૂળભૂત રીતે સુસજ્જ બનાવવાની કવાયત એટલે નચિકેતા બનવું. હકીકતમાં બાળપણથી આ પ્રકારના ગુણ બાળકમાં હોવા જોઈએ. આ માટે મા-બાપ, શિક્ષકો, શાળા ઘણું કરી શકે છે. આધુનિકતાની ઘેલછામાં અત્યારે આવું બહુ જોવા મળતું નથી**

નચિકેતાની આ વાત પરથી પ્રેરણા લઈને ઊના જેવા નાના નગરના સરકારી શાળાના બે શિક્ષક મિત્રોએ સુવિધાથી વંચિત એવાં બાળકોને શિક્ષણ ઉપરાંતની અન્ય કળામાં પારંગત કરવાનું બીડું ઝડપ્યું. નચિકેતા જ્ઞાનનું પ્રતીક છે. ખરા જ્ઞાનીઓ શોધવા આ પ્રકારની પ્રવૃત્તિ જરૂરી હતી. આથી આનંદ ઠાકર અને પારસ હીરપરા નામના બે મિત્રોએ વિચાર્યું કે તેમને જે તકલીફ હતી અથવા તેઓના જેનાથી વંચિત રહ્યા હતા તેનો ભોગ શાળાના વિદ્યાર્થીઓ બને નહી તે માટે કંઈક કરવું જોઈએ. આનંદ ઠાકર એવું માનતા હતા કે તેમનામાં ટેલેન્ટ હતું પણ તેઓને ગામડામાં હોવાને કારણે એક્સપોઝર મળતું નહોતું. તેમની પાસે એવાં સાધનો પણ નહોતાં. આથી હાલના વિદ્યાર્થીઓને એ રીતે તૈયાર કરવા તેમણે બી નચિકેતા પ્રોજેક્ટ રજૂ કર્યો.

સ્વામી વિવેકાનંદે એક વાર એવું કહ્યું હતું કે જો તેમને ૧૦ થી ૧૨ બાળકો નચિકેતા જેવા મળે તો દેશના વિચારો બદલીને તેને નવી દિશામાં દોરી શકે. સવાલ એ છે કે આ નચિકેતાનું પાત્ર આટલું અસરકારક કેમ છે. નચિકેતાના જે મુખ્ય ગુણ હતા કે મા-બાપને સન્માન આપવું, જે નક્કી કર્યું હોય તેને પૂરું કરવું, મુશ્કેલીમાં કે અડચણમાં પણ સંયમ જાળવી રાખવો. આ વૈદિક કાળના નચિકેતાની વાત છે. પણ આજના જમાનામાં પણ નચિકેતા પેદા થતા હશે કે કેમ તેવો એક સવાલ થાય એ સ્વાભાવિક છે. વ્યક્તિ માત્રને મૂળભૂત રીતે સુસજ્જ બનાવવાની કવાયત એટલે નચિકેતા બનવું. હકીકતમાં બાળપણથી આ પ્રકારના ગુણ બાળકમાં

હોવા જોઈએ. આ માટે મા-બાપ, શિક્ષકો, શાળા ઘણું કરી શકે છે. આધુનિકતાની ઘેલછામાં અત્યારે આવું બહુ જોવા મળતું નથી.

આ બધાથી વિપરીત એક પ્રકલ્પ રાજ્યના સાવ છેવાડાના ગણાતા ગીરગઢડાના ઊના નજીકની ૧૭ જેટલી શાળાના ૨૭ જેટલા શિક્ષકો કરી રહ્યા છે. લગભગ પાંચ વર્ષ અગાઉ આ પ્રકલ્પની શરૂઆત થઈ હતી. તેનો હેતુ વિદ્યાર્થીઓમાં રહેલી કલાના કૌશલ્યનો વિકાસ કરવાનો હતો. આ પ્રકલ્પ હેઠળ વિદ્યાર્થીઓને ચિત્ર, સંગીત, ક્રાફ્ટ, સર્જનાત્મક લેખન અને વિજ્ઞાન દૃષ્ટિ આપવાનો હેતુ નક્કી કરાયેલો. વિવિધ વિષયના તજજ્ઞ દ્વારા મહિનામાં બે વાર બે કલાકની એક કાર્યશાળા યોજવામાં આવે છે. શિક્ષકો પોતાના ખર્ચે અત્યારે આ પ્રકલ્પ ચલાવી રહ્યા છે. વિદ્યાર્થીઓને તેમના ઘરેથી લઈ જ્યાં કાર્યશાળા ચાલતી હોય ત્યાં લઈ જવા તથા પાછા તેમના ઘરે મૂકવા આ ઉપરાંત તેમને તમામ પ્રકારની સાધન-સામગ્રી અને ભોજન પણ કરાવવું. આ બધાનો ખર્ચ આ શિક્ષકો ભોગવી રહ્યા છે. સામાન્ય રીતે સરકારી શાળાના શિક્ષકો અંગે એવી છાપ છે કે નોકરી ઉપરાંત તેઓ અન્ય પ્રવૃત્તિમાં પણ રોકાયેલા હોય છે. પણ આ ધારણા ગીરગઢડાના ૨૭ જેટલા શિક્ષકોએ ખોટી પાડી છે. તેમના આ પ્રયાસને કારણે બાળકો દ્વારા લખાયેલી બાળવાર્તાનું પુસ્તક પ્રસિદ્ધ થઈ ચૂક્યું છે. આ ઉપરાંત બાળકોની વાર્તાઓ ગુજરાતના બાળસામાયિકોમાં પણ સ્થાન પામી છે. ચિત્ર સ્પર્ધામાં પણ આ વિદ્યાર્થીઓ જિલ્લા કક્ષા સુધી પહોંચ્યા છે. સંગીતના વિદ્યાર્થીઓ રાજ્યકક્ષા સુધી પહોંચી સંગીત વિશારદ થવા તરફ ગતિ કરી રહ્યા છે. ક્રાફ્ટ વર્ક શીખીને વિદ્યાર્થીઓ લર્નિંગ વિથ અર્નિંગ પણ કરી રહ્યા છે.

**સામાન્ય રીતે સરકારી શાળાના શિક્ષકો અંગે એવી છાપ છે કે તેઓ માત્ર સમય પસાર કરતા હોય છે. નોકરી ઉપરાંત તેઓ અન્ય પ્રવૃત્તિમાં વિશેષ રોકાયેલા હોય છે. પણ આ ધારણા ગીરગઢડાના ૨૭ જેટલા શિક્ષકોએ ખોટી પાડી છે**

'બી નચિકેતા' પ્રકલ્પ એટલો જાણીતો બન્યો કે આઈઆઈએમ અમદાવાદ દ્વારા પણ તેની નોંધ લેવાઈ. થોડા સમય અગાઉ આઈઆઈએમ અમદાવાદ ખાતે યોજાયેલા એક આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સેમિનારમાં શિક્ષણમાં નાવીન્ય હેઠળ આ પ્રકલ્પનું પ્રેઝન્ટેશન પણ રજૂ કરાયું હતું. પરિણામે તેને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પ્રસિદ્ધિ મળી છે. શિક્ષણ વિભાગના માજી ડાયરેક્ટર નલીન પંડિત દ્વારા પણ આ પ્રકલ્પને વિશેષ માર્ગદર્શન મળ્યું છે. આઈઆઈએમના ડૉ. અનિલ ગુપ્તા કહે છે કે આ પ્રકલ્પ હેઠળ બાળકો દ્વારા લખાયેલી વાર્તા બાળકોની કલ્પનાને પાંખ આપવા જેવી છે. આ બાળકોને સારી રીતે વિકસવામાં મદદ કરાય તો તેઓ ચોક્કસપણે આગળ જઈને પોતાના રસના વિષયમાં આગળ વધી શકે. છારોડી ગુરુકુળના પૂ. સ્વામીશ્રી માધવપ્રિયદાસજી કહે છે કે સેંકડો નચિકેતાઓ વિકાસના અવસરની રાહ જોઈ રહ્યા છે. આ પ્રોજેક્ટ એ નચિકેતાઓને શાશ્વત અમરતાનો માર્ગ શોધવામાં મદદરૂપ થશે.

સૌથી મહત્ત્વની વાત એ છે કે આ પ્રોજેક્ટ શાળાના સમય બાદ શિક્ષકમિત્રોના ખર્ચે ચાલી રહ્યો છે. હવે કદાચ તેને એક સુનિયોજિત ધોરણે આગળ વધારવાના પ્રયાસ કરાઈ રહ્યા છે. પ્રોજેક્ટ સાથે સંકળાયેલા આનંદ ઠાકર, પારસ હીરપરા અને રાજેન્દ્ર જોષીના પ્રયાસોને કારણે 'બી નચિકેતા' પ્રોજેક્ટ રાજ્યના અન્ય ક્ષેત્રમાં પણ જઈ રહ્યો છે. થોડા સમય અગાઉ ગુજરાત સરકારના ડેપ્યુટી કમિશનર પદેથી સ્વૈચ્છિક નિવૃત્તિ લેનાર ડી.સી. દવે આ પ્રોજેક્ટને ખેડા નજીક પેટલાદની આસપાસની શાળામાં લઈ જઈ રહ્યા છે. ચાલુ શૈક્ષણિક વર્ષથી બી નચિકેતા હવે પેટલાદની આસપાસ પણ જોવા મળશે. આ ઉપરાંત સુરત, નવસારીના કેટલાક મિત્રો પણ આ પ્રોજેક્ટને તાપી, ડાંગ અને નવસારી જિલ્લામાં વિસ્તારવા માંગે છે.

*એચ-૫/૪૧, નિધિ એપાર્ટમેન્ટ,*
*પ્રગતિનગર બસસ્ટોપ સામે, નારણપુરા,*
*અમદાવાદ-૩૮૦૦૧૩*
*મો.-૯૮૨૫૪ ૬૪૪૮૧*




" સાથી આપણે વિહંગના "
- દેશલ પગી
મો.-૯૪૨૭૦૪૫૮૮૯



" ભક્તિની શક્તિનો ઉજાશ "
- ભાટી એન
મો.- ૯૮૨૫૬૩૬૦૪૦



" માલવિકાનો શણગાર "
- અવની દવે
મો. - ૯૩૨૭૪૨૮૫૦૦



" રઘુવંશ "
- શીતલ પી. સરવૈયા
મો. - ૯૪૨૬૧૬૫૪૧૭

# ડો. આંબેડકરના સપનાનું ભારત

- *કિશોર મકવાણા*

**ડૉ.** બાબાસાહેબ ભીમરાવ આંબેડકરને એમના સમર્થકો માત્ર દલિત નેતા અને બંધારણ નિર્માતા તરીકે જ ઓળખે છે. અન્ય લોકો પણ એમને દલિત નેતા અને બંધારણ નિર્માતા તરીકે જ ઓળખે છે પરિણામે આ મહાન અને વૈશ્વિક વ્યક્તિની ઓળખ એક ચોક્કસ કુંડાળામાં કેદ થઈ ગઈ. વાસ્તવમાં ડૉ. બાબાસાહેબનું વ્યક્તિત્વ બંને ઓળખથી ઘણું વિરાટ અને ઉત્તુંગ હતું. યુગ પ્રવર્તક મહાપુરુષના જીવનને સમજવું અને સર્વાંગ રીતે તેનું આકલન કરવું બહુ મુશ્કેલ હોય છે. કારણ કે યુગપ્રવર્તક મહાપુરુષ પોતાના અલ્પ જીવનકાળમાં સમાજ અને રાષ્ટ્રજીવનના અનેક પાસાને સ્પર્શે છે ઘણીવાર આ મહાપુરુષના કોઈ એક જ પાસા પર વધુ ભાર મૂકી એ જ એમનું જીવન કાર્ય હતું એવી વાતો વહેતી કરવામાં આવે છે. દરેક જણ પોતાની ફૂટપટ્ટીથી મહાપુરુષને માપવાનો પ્રયત્ન કરે છે. વાસ્તવમાં એ મહાપુરુષનું અધૂરું વિશ્લેષણ હોય છે. સમયથી આગળ વિચારનાર મહાપુરુષ પોતાના જીવનકાળમાં ક્યારેય બહુ લોકપ્રિય બની શકતા નથી. એનું કારણ એ છે કે મહાપુરુષ જે વિઝન રજૂ કરે છે એ સમય કરતાં ઘણું આગળ હોય છે. પરંપરાઓ કોઈપણ પ્રકારે સમૂળગું પરિવર્તન થાય એ સામાન્ય માણસને પસંદ નથી હોતું.

ડૉ. આંબેડકર દ્વારા શરૂ થયેલા સામાજિક સત્યાગ્રહો



હોય, ધાર્મિક અધિકારો માટેના સત્યાગ્રહો હોય અથવા રાજનીતિના પથ પરની એમની ભૂમિકા જોઈએ તો એમાં આપણે એક રાષ્ટ્રીય દૃષ્ટિકોણ જોઈ શકીએ છીએ. ૧૯૩૦ની ૨૦ નવેમ્બરે યોજાયેલી પ્રથમ ગોળમેજી પરિષદમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરે વક્તવ્ય આપ્યું હતું. એ પરિષદમાં બાબાસાહેબે કહ્યું હતું. ''બ્રિટિશરોના આગમન પહેલાં અસ્પૃશ્યતાને કારણે અમે ઘણી ખરાબ સ્થિતિમાં હતા. એ સ્થિતિ સુધારવા માટે અંગ્રેજોએ શું કર્યું ?'' આ જ વક્તવ્યમાં બાબાસાહેબ આગળ કહે છે. ''અમારે પ્રજાની, પ્રજા દ્વારા અને પ્રજા માટેની સરકાર જોઈએ જેથી અમે અમારા દુઃખ જાતે જ દૂર કરી શકીએ. જ્યાં સુધી બ્રિટિશ સરકાર આ દેશમાં છે ત્યાં સુધી થોડો ઘણો પણ રાજકીય અધિકાર અમને મળે તેવી શક્યતા નથી. માત્ર 'સ્વરાજ' દ્વારા જ એ શક્ય છે. ડૉ. બાબાસાહેબના આ નિવેદન ઉપર શું કોઈ ટિપ્પણી કરવાની જરૂર છે? તેઓ કહે છે કે, અંગ્રેજ સરકારને કારણે જ અમારી ગુલામી યથાવત રહી છે. સ્વરાજ્ય મળતાં એ ગુલામી સમાપ્ત થશે. એ વાત ખાસ ધ્યાનમાં લેવી જોઈએ કે ડૉ. બાબાસાહેબ ૧૯૩૦માં સ્વરાજ્યની માગણી કરતા હતા. તેઓ માત્ર માગણી જ નહોતા કરતા. પરંતુ એ સૂચિત સ્વરાજ્ય લોકશાહી હોવું જોઈએ તેની જરૂરિયાતને પણ સ્પષ્ટ કરતા હતા. આથી જ તેઓ પ્રજાની, પ્રજા દ્વારા અને પ્રજા માટે સંચાલિત રાજ્યની માગણી કરતા આપણને દેખાય છે. ડૉ. આંબેડકરના અંતઃકરણમાં ઉછળતા રાષ્ટ્રપ્રેમની આ અભિવ્યક્તિ છે. એ દેશને સ્વતંત્ર તો જોવા ઇચ્છે છે સાથે સાથે લોકશાહી આધારિત સ્વરાજ્ય પણ ઇચ્છે છે. સ્વતંત્રતાની ભૂમિકા ૧૯૩૫થી તૈયાર થઈ રહી હતી. દેશની સ્વતંત્રતામાં કોઈ પ્રકારનું વિઘ્ન ઊભું ન થાય એ બાબતે ડૉ. બાબાસાહેબ સતર્ક હતા. ૧૯૭૪ની ૧૪ એપ્રિલે તેમના ૫૫મા જન્મદિવસ નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકરનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું. એ સન્માનનો જવાબ આપતા ડૉ. બાબાસાહેબે કહ્યું

**તેઓ માત્ર માગણી જ નહોતા કરતા. પરંતુ એ સૂચિત સ્વરાજ્ય લોકશાહી હોવું જોઈએ તેની જરૂરિયાતને પણ સ્પષ્ટ કરતા હતા. આથી જ તેઓ પ્રજાની, પ્રજા દ્વારા અને પ્રજા માટે સંચાલિત રાજ્યની માગણી કરતા આપણને દેખાય છે.**

હતું. ''રાજકીય સ્વતંત્રતામાં સ્વકર્તવ્યની બેવડી જવાબદારી આપણે નિભાવવાની છે. એક સ્વ-જનો માટે અને બીજી સ્વ-દેશ પ્રત્યે. હિન્દુસ્તાન સ્વતંત્ર થાય એવું બધા ઇચ્છે છે. ત્રિ-મંત્રી યોજનામાં આપણી ઉપેક્ષા કરવામાં આવી છે. તેમ છતાં દેશની સ્વતંત્રતા આડે કોઈ અવરોધ ઊભો નથી કરવાનો એ બાબતને હું ધ્યાનમાં રાખું છું.''

બાબાસાહેબને સૌથી વધારે ગમતો વિષય શિક્ષણ હતો. પ્રાથમિક શિક્ષણ અંગે મુંબઈની પ્રાંતીય વિધાનસભામાં ચર્ચા થઈ હતી. પ્રાથમિક શિક્ષણ અંગે બાબાસાહેબ કહેતા. ''પ્રાથમિક શિક્ષણનો વ્યાપ વધે તે રાષ્ટ્રીય દૃષ્ટિએ અત્યંત જરૂરી છે. હાલના સમયમાં જે દેશનો બહુજન સમાજ અશિક્ષિત હોય તે દેશ ક્યાંય ટકી નહીં શકે એ નિશ્ચિત છે. પ્રાથમિક શિક્ષણ સાર્વત્રિક બને તે રાષ્ટ્રીય પ્રગતિની ઈમારતના આધાર સમાન છે. આ મુદ્દાને લોકોની ઈચ્છા ઉપર છોડી દેવામાં આવે તો પ્રાથમિક શિક્ષણ તમામ સુધી પહોંચાડવામાં ઘણી સદી વીતી જશે, તેથી પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરવાનો કાયદો બનાવવો પડે છે. આપણે જોઈ શકીએ છીએ કે તમામ વિકસિત દેશોએ પ્રાથમિક શિક્ષણને ફરજિયાત બનાવીને જ નિરક્ષરતા દૂર કરી છે. જે વર્ગો પહેલેથી શિક્ષણનો લાભ લે છે તેમના ઉપર શિક્ષણ માટે કડકાઈ દાખવવાની જરૂર નથી. જે લોકોને શિક્ષણનું મહત્ત્વ ખબર નથી અને જે લોકો શિક્ષણની બાબતમાં ઉદાસીનતા દાખવે છે તેમના માટે શિક્ષણ ફરજિયાત કરવું જરૂરી છે.''

**મુંબઈ વિધાનસભામાં મહિલાઓને પ્રસૂતિ દરમિયાન રજા આપવા માટેના વિધેયક પર ચર્ચા ચાલતી હતી ત્યારે પણ એમણે પ્રવચન કરતી વખતે કહ્યું કે મહિલાઓને પ્રસૂતિ દરમિયાન રજાઓ આપવી એ રાષ્ટ્રના હિતમાં છે અને આ બાબતે ચર્ચાને કોઈ અવકાશ જ નથી**

મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન(૧૫ ડિસેમ્બર ૧૯૩૨, જનતા સામયિક : ૨૦ ડિસેમ્બર ૧૯૫૨) માં ડૉ. આંબેડકરે કહ્યું હતું : 'આજના વિદ્યાર્થી જે વિશ્વવિદ્યાલયમાંથી શિક્ષણ પ્રાપ્ત કરે છે તે એના વહીવટ તરફ બિલકુલ ધ્યાન આપતા નથી. વિદ્યાર્થીઓએ શું ભણવું જોઈએ ? એ વિશ્વવિદ્યાલય નક્કી કરે છે. છતાં પણ આપણે જે ભણીએ છીએ તે આપણા બૌદ્ધિક વિકાસ માટે પોષક છે કે નહીં એ પણ દરેક વિદ્યાર્થીએ જોવું જોઈએ. એના ભાવિ જીવનનો પાયો વિશ્વવિદ્યાલયમાં જ નાખવામાં આવે છે. તે રાષ્ટ્રનો આદર્શ નાગરિક બનશે કે એનું જીવન નિષ્ફળ જશે એ બધું શિક્ષણ પદ્ધતિ જ નક્કી કરે છે. આથી વિશ્વવિદ્યાલયની દરેક પ્રવૃત્તિ પર વિદ્યાર્થીએ નજર રાખવી જોઈએ. પરંતુ આજનો વિદ્યાર્થી આ દૃષ્ટિએ લાપરવાહ છે.'

બાબાસાહેબે અસ્પૃશ્યતા નિવારણ આંદોલન શરૂ કર્યું ત્યારથી તેમની ભૂમિકા રાષ્ટ્રીય સ્તરની હતી. અસ્પૃશ્યોની સમસ્યા માત્ર અસ્પૃશ્ય જાતિઓ સુધી મર્યાદિત ન રહેતાં તેનાં રાષ્ટ્રીય પરિમાણો છે તેવું તેમણે વારંવાર કહ્યું હતું. પ્રશ્ન શિક્ષણનો હોય, દેશની સુરક્ષાનો હોય કે પછી ધાર્મિક બાબત હોય - દરેક બાબતની સમીક્ષા કરીએ તો જણાય છે કે શરૂઆતથી જ બાબાસાહેબનો દૃષ્ટિકોણ રાષ્ટ્રીય રહ્યો હતો. ઘણીવાર આ બાબત ધ્યાનમાં આવતી નથી. એમના હૃદયમાં નેશન ફર્સ્ટ હોવાના કારણે એમણે દરેક બાબતને રાષ્ટ્ર સાથે જોડી. ત્યાં સુધી કે ૧૯૨૭માં મુંબઈ વિધાનસભામાં મહિલાઓને પ્રસૂતિ દરમિયાન રજા આપવા માટેના વિધેયક પર ચર્ચા ચાલતી હતી ત્યારે પણ એમણે પ્રવચન કરતી વખતે કહ્યું કે મહિલાઓને પ્રસૂતિ દરમિયાન રજાઓ આપવી એ રાષ્ટ્રના હિતમાં છે અને આ બાબતે ચર્ચાને કોઈ અવકાશ જ નથી.

ડૉ. બાબાસાહેબે ૧૯૨૯માં ભાષાવાર પ્રાંત રચનાનો વિરોધ કર્યો હતો. આ વિરોધ પાછળ દેખીતી રીતે તેમની રાષ્ટ્રીય ભૂમિકા હતી. ૧૯૨૯માં દેશની પ્રાથમિક આવશ્યકતા શું હતી એ મુખ્ય પ્રશ્ન હતો. આવશ્યકતા પ્રખર રાષ્ટ્રીય ભાવનાની હતી. બાબાસાહેબ લખે છે. 'આ દેશમાં કોઈ એક વાતની અછત હોય તો તે રાષ્ટ્રીય ભાવનાની છે. રાષ્ટ્રીય ભાવના આ દેશમાં જાગી નથી તેનાં અનેક કારણ છે. તેમાનું એક મુખ્ય કારણ ભાષાઓની વિવિધતા છે. આ કારણનો નાશ ન થાય ત્યાં સુધી રાષ્ટ્રીય એકતાની ભાવના પેદા થવાનું શક્ય નથી. ભાષાવાર પ્રાંતરચના કરવી એ એકતાની ભાવના ઉપર મૂળમાં પ્રહાર કરવા સમાન છે, કેમકે, જેટલી માત્રામાં પ્રાદેશિક ભાવનાનું પોષણ થશે તેટલી માત્રામાં રાષ્ટ્રીય ભાવનાના અંકુર સુકાતા જશે. એવી પ્રાદેશિક રચનાથી રાષ્ટ્રીય ભાવના ઉત્પન્ન નથી થઈ એ હકીકત છે. પરંતુ ભાષાવાર પ્રાંત રચના કરવાથી તો રાષ્ટ્રીય ભાવના કદી પેદા નહીં થાય. ભાષાવાર પ્રાંત રચના કરવાને

બદલે સમગ્ર દેશમાં એક ભાષા હોય એ માટે પ્રયાસ કરવો વધારે રાષ્ટ્રહિતનું કામ છે એવું મને લાગે છે.'

દુનિયા વિજ્ઞાન-ટેકનોલોજી અને ઉદ્યોગ તરફ દોડવા લાગી ત્યારે આપણે અંદરોઅંદર લડતા રહ્યા. 'બહિષ્કૃત ભારત' સામયિકમાં ડૉ. બાબાસાહેબ સમ્પાદકીયમાં લખે છેઃ 'વિદેશી રાજા અહીં રાજ કરે તો લોકોને સંતોષ થાય છે. પરંતુ સ્વદેશી રાજા ગાદી પર આવે તો લોકો એને સ્વીકારતા નથી કારણ સ્વદેશી રાજા બનશે તો એની જ્ઞાતિ કઈ હશે ? એક જ્ઞાતિનો રાજા બનતા જ એ બીજી જ્ઞાતિને પરાયો અને અવિશ્વસનીય લાગશે. આવી ભાવના હોવાના કારણે સારો નેતા પણ કોઈ વિશેષ જ જ્ઞાતિનો હોવાના કારણે અન્ય જ્ઞાતિઓને તે સ્વીકાર્ય હોતો નથી. દરેક જ્ઞાતિ એવું જ માને છે કે પોતાની જ જ્ઞાતિનો નેતા હોવો જોઈએ. પરિણામે બીજી જ્ઞાતિના વિદ્વાન નેતાનું અનુકરણ કરવાના બદલે પોતાની જ્ઞાતિના અયોગ્ય નેતાની પાછળ જવાનું શ્રેષ્ઠ માને છે. જ્ઞાતિભેદના લીધે જ્ઞાતિગત વેરઝેર વધે છે. પરિણામે જ્ઞાતિગત દ્વેષ વંશ પરંપરાથી ચાલ્યો આવે છે.'

ડૉ. આંબેડકર દેશને શ્રેષ્ઠ જોવા માંગતા હતા. એમણે દેશના વિકાસની જે રૂપરેખા રજૂ કરી હતી એ જાણવી પણ ખૂબ જરૂરી છે. એમણે ભારત એ કૃષિપ્રધાન દેશ છે એ માઈન્ડસેટમાંથી બહાર આવી, ઝડપથી દેશના ઉદ્યોગીકરણની હિમાયત કરી. ભારતે દુનિયા સાથે દોડવું હશે તો ઉદ્યોગોને પ્રાધાન્ય આપવું પડશે એવો દૃષ્ટિકોણ રજૂ કર્યો. ભારતની ધરતી અત્યંત પ્રાચીન છે.

**ડૉ. બાબાસાહેબે વીજ ઉત્પાદન અંગે ઘણી ગંભીરતાથી વિચાર કર્યો હતો. ભારતે જો ઝડપી આર્થિક વિકાસ કરવો હોય તો ઉદ્યોગોને કોઈ અવરોધ વિના વીજળી મળે તેવી વ્યવસ્થા કરવી પડે**

પાણી રાષ્ટ્રીય સમસ્યા છે અને તેના ઉકેલ માટે વ્યાપક રાષ્ટ્રીય દૃષ્ટિકોણ જરૂરી છે. સામાન્ય માણસો બાબાસાહેબને એક દલિત નેતા, અનામતની જોગવાઈ લાવનાર એક રાજકારણી તેમજ ભારતીય બંધારણના નિર્માતા પૈકી એક તરીકે જ ઓળખે છે. પાણીની સમસ્યા અંગે તેમણે કેવો રાષ્ટ્રીય ઉપાય સૂચવ્યો હતો તે વિશે ઘણા ઓછા લોકો જાણે છે. ડૉ. આંબેડકર ૧૯૪૨થી ૧૯૪૬ દરમિયાન વાઈસરૉયના મંત્રીમંડળમાં હતા. તેમની પાસે શ્રમ, સિંચાઈ તેમજ ઊર્જા વિભાગ હતો. એ ગાળામાં આ ત્રણે ક્ષેત્રમાં તેમણે જે કામ કર્યું તેના આધારે તેમનો રાષ્ટ્રીય દૃષ્ટિકોણ જોવા મળે છે. નદી-ખીણ યોજનાની સ્વીકૃતિ તેમના સમયમાં જ થઈ હતી અને બહુવિધલક્ષી એ યોજનાની શરૂઆત પણ ત્યારે જ થઈ હતી. દામોદર મહાનદીમાં ચોમાસામાં ભારે પૂર આવતું જેને કારણે ખેતી, સંપત્તિ, પશુધન તેમજ જનજીવનને ભારે નુકશાન થતું. દામોદર નદી તો દુઃખ આપનારી નદી તરીકે ઓળખાતી. પૂર સમયે આ નદીઓમાં આવતાં પાણીનો કેવી રીતે સંગ્રહ કરવો તે અંગે નિષ્ણાતો વિચારણા કરતા હતા. ૧૫ નવેમ્બર ૧૯૪૩ તેમજ ૮ નવેમ્બર ૧૯૪૫ના રોજ વિવિધ પાંચ અધિવેશનમાં બાબાસાહેબે ભાષણ આપ્યાં હતાં. ઓડિશાની નદીઓના વિકાસ બાબતે વિવિધ સમિતિઓની ભલામણ અંગે બાબાસાહેબનો મત હતો કે, 'મને એ કહેતા દુઃખ થાય છે કે વિવિધ સમિતિના સન્માનનીય સભ્યો આ સમસ્યાના ઉકેલ માટે યોગ્ય દૃષ્ટિકોણ રજૂ કરી શકતા નથી. તેમના મતે વધારે માત્રામાં આવતું પાણી આપણા માટે મુશ્કેલી કરે છે. જ્યારે ભારે માત્રામાં પાણી આવે ત્યારે એવા પ્રયાસ કરવા જોઈએ કે નદીનો પ્રવાહ સમુદ્ર સુધી યોગ્ય રીતે પહોંચે. ડૉ. આંબેડકરના મતે માણસો વધારાના પાણીને બદલે પાણીના અભાવની સમસ્યાથી વધારે ઘેરાયેલા છે. જળ એ સંપત્તિ છે એ હકીકત છે અને તેને બદલી ન શકાય. જળ સાર્વજનિક સંપત્તિ છે અને તેનું વિતરણ યોગ્ય રીતે થવું જોઈએ. આ રીતે ડૉ. આંબેડકરે ભારે પૂર અને વધારાના પાણીની સમસ્યાને અલગ દૃષ્ટિથી જોઈ એટલું જ નહીં પરંતુ પાણીની સમસ્યાના રચનાત્મક અને અગત્યનાં પાસા ઉપર વધારે ધ્યાન આપ્યું.'

ડૉ. બાબાસાહેબે વીજ ઉત્પાદન અંગે ઘણી ગંભીરતાથી વિચાર કર્યો હતો. ભારતે જો ઝડપી આર્થિક વિકાસ કરવો હોય તો ઉદ્યોગોને કોઈ અવરોધ વિના વીજળી મળે તેવી વ્યવસ્થા કરવી પડે. તેમના મતે ભારતની નદીઓ ઉપર બંધ બાંધીને મોટી મોટી વીજ યોજનાઓ શરૂ કરી શકાય તેમ છે. આ બાબતે તેમના વિચાર સ્પષ્ટ હતા. ૧૯૪૩માં વીજ નીતિ નિર્ધારક સમિતિ સમક્ષ તેમણે અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું. એ વક્તવ્યમાં તેમણે કહ્યું, વક્તવ્ય પૂરું કરતા પહેલાં હું ભારતમાં વીજળીના વિકાસ માટે અગત્યના ઉદ્દેશોની જરૂરિયાત તેમજ

મહત્ત્વ રજૂ કરનાર કેટલાક નિરીક્ષણ તમારી સમક્ષ પ્રસ્તુત કરું છું. જે વ્યક્તિ પ્રમુખસ્થાને હોય તેમને આ વિષયના મહત્ત્વના અને ઉદ્દેશની વર્તમાન સ્થિતિ વિશે ખબર હોવી જોઈએ. જો આ અંગે તમે સંમત હોવ તો હું મારી જાતને જ પ્રશ્ન કરીશ. ભારતમાં સસ્તી અને પૂરતી માત્રામાં વીજળીની આપણે શું જરૂર છે? આ પ્રશ્નનો જવાબ એ છે કે, સસ્તી અને પૂરતી માત્રામાં વીજળી વિના ભારત ઔદ્યોગિકીકરણના માર્ગે ઝડપથી આગળ નહીં વધી શકે. હવે બીજો પ્રશ્ન એ થાય કે શું ઔદ્યોગિકીકરણની જરૂર છે? અને તમને તેના મહત્ત્વ વિશે તરત જ સ્પષ્ટતા મળી જશે. પ્રશ્ન છે અને તેનો જવાબ પણ છે. ગરીબીમાંથી છૂટકારો મેળવવાના સાધન રૂપે આપણે ભારતમાં ઔદ્યોગિકીકરણ કરવું પડે.

બાબાસાહેબે ભારતમાં નદીઓ અંગે જે રીતે વિચાર કર્યો હતો એ જ રીતે દેશની ખનીજ સંપત્તિ અંગે પણ વિચાર વ્યક્ત કર્યા હતા. ભારતની ખનીજ સંપત્તિ અંગે તેમણે કહ્યું. 'ભારતની ખનીજ નીતિ બાબતે અત્યંત અજ્ઞાન અને ખોટી માન્યતાઓ છે.' તેમના મતે, 'કોઈપણ સરકારની ખનીજ નીતિ મૂળભૂત રીતે તેની ઔદ્યોગિક નીતિ ઉપર આધારિત હોય છે.' તેઓ કહે છે. 'આપણે ત્યાં ભૂગર્ભ સર્વેક્ષણ ખાસ નથી થયાં. એ માટે ભારતીય ભૂગર્ભ સર્વેક્ષણની પુનઃરચના કરવી જરૂરી છે.'

**મહારના વીર જવાનોએ સેંકડો હુમલાખોરોને ખતમ કરી દીધા. છેલ્લે તેમનો સરંજામ પૂરો થઈ ગયો ત્યારે તેમણે હાથોહાથ અને બંદૂકના બાયોનેટથી યુદ્ધ કર્યું. તેમના આ પરાક્રમ માટે તેમને એક મહાવીર ચક્ર અને પાંચ વીરચક્ર મળ્યાં હતાં**

૧૯૪૮માં પાકિસ્તાને કાશ્મીર ઉપર આક્રમણ કર્યું અને ત્રીજા ભાગના કાશ્મીર ઉપર કબજો કરી લીધો. પાકિસ્તાન તેને આઝાદ કાશ્મીર કહે છે. કાશ્મીર બચાવવા માટે ત્યાં ભારતીય લશ્કર મોકલવામાં આવ્યું. ડૉ. બાબાસાહેબે કાશ્મીરમાં મહાર બટાલિયન મોકલવાનો આગ્રહ કર્યો હતો. મેજર જનરલ કુલવંતસિંહના નેતૃત્વ હેઠળ મહાર બટાલિયને કાશ્મીરમાં જે પરાક્રમ બતાવ્યું હતું એ અદ્વિતીય છે. તા. ૨૬-૧૦-૫૨ના રોજ 'ટાઈમ્સ ઓફ ઇન્ડિયા'માં આ પરાક્રમગાથાનો લેખ છપાયો હતો. એમાં લખ્યું હતું: 'ડિસેમ્બર ૧૯૪૭ના યુદ્ધમાં મહાર રેજિમેન્ટની બટાલિયને જે શૌર્ય અને કર્તવ્યનિષ્ઠાનું પ્રદર્શન કર્યું હતું તેનાથી તેમને ચિરંતન સન્માન પ્રાપ્ત થયું છે. ઝાંગરની લડાઈનો ઈતિહાસ અને તેમાં મહાર બટાલિયનનું યોગદાન ભારતીય લશ્કરના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.'



૧૯૪૭ની ૨૪ ડિસેમ્બરે ૬૦૦૦ પાકિસ્તાની સૈનિકોએ ઝાંગર પાસે આપણી ચોકી ઉપર હુમલો કર્યો. આ હુમલો સુનિયોજિત હતો. તેમાં તોપો તેમજ અન્ય ઘાતક શસ્ત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. એવું લાગતું હતું કે એ હુમલો નિષ્ફળ બનાવવાનું અત્યંત મુશ્કેલ બનશે. પરંતુ મહાર સેનાએ ચોકી છોડી નહીં અને આસાધારણ શૌર્ય દાખવ્યું. મહારના વીર જવાનોએ સેંકડો હુમલાખોરોને ખતમ કરી દીધા. છેલ્લે તેમનો સરંજામ પૂરો થઈ ગયો ત્યારે તેમણે હાથોહાથ અને બંદૂકના બાયોનેટથી યુદ્ધ કર્યું. તેમના આ પરાક્રમ માટે તેમને એક મહાવીર ચક્ર અને પાંચ વીરચક્ર મળ્યાં હતાં. જનરલ થિમૈયાએ એમના પરાક્રમ માટે કહ્યું, 'તમારી બટાલિયનનું નામ ચિરકાળ સુધી આ પહાડીઓ તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ગુંજતું રહેશે.' ડૉ. બાબાસાહેબને મહાર જવાનો ઉપર પૂરો વિશ્વાસ હતો અને એ વિશ્વાસને એ જવાનોએ સાબિત કરી બતાવ્યો હતો.

૧૫ ઑગસ્ટ ૧૯૪૭ના દિવસે દેશ સ્વતંત્ર થયો એ દિવસથી જ પાકિસ્તાનની નજર કાશ્મીર પર છે. કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે. પાકિસ્તાન એ સ્વીકારવા તૈયાર નથી. ડૉ. બાબાસાહેબ શરૂઆતથી જ કાશ્મીરને વિશેષ દરજ્જો આપતા ૩૭૦મી કલમના વિરોધમાં હતા.


દેશની સુરક્ષાના સંદર્ભમાં ચાર મુદ્દા અગત્યના હોય છે. (૧) દેશની વિદેશ નીતિ, (૨) દેશની આંતરિક આર્થિક વ્યવસ્થા, (૩) સામાજિક એકતા અને (૪) લશ્કર. તેમાંથી લશ્કર બાબતે દેશમાં હંમેશા ઘણી ચર્ચા થાય છે. તે અંગે

કશું લખવાની જરૂર નથી. વિદેશનીતિમાં ભૂલ થાય તો દેશને કેવી મુશ્કેલીમાંથી પસાર થવું પડે છે એ સમજવા માટે નહેરૂના સમયનું ભારતનું જે ચિત્ર છે એવું બીજે ક્યાંય જોવા નહીં મળે. વિદેશનીતિનો મૂળ આધાર દેશહિત તેમજ વ્યવહારિકતા હોવો જોઈએ. તેમાં આદર્શવાદને કોઈ સ્થાન નથી હોતું. આદર્શવાદની માત્ર વાતો કરવાની હોય છે. દુનિયામાં ફરીને પ્રવચનો કરવાના હોય છે. પરંતુ આશાવાદ માટે દેશહિતનું બલિદાન ન અપાય. નહેરુની વિદેશ નીતિ આનાથી વિપરીત હતી. બાબાસાહેબ નહેરુની વિદેશ નીતિના સખત ટીકાકાર હતા. તેઓ કહેતાઃ 'ભારતને સ્વતંત્રતા મળી ત્યારે દુનિયાના તમામ દેશો સાથે આપણા મૈત્રીપૂર્ણ સંબંધ હતા અને એ દેશો ભારતના શુભચિંતક હતા. આજની સ્થિતિ તદ્દન વિરોધી છે. આજે ભારતનો સાચો મિત્ર કોઈ નથી. બધા દેશ ભારતના દુશ્મન નથી છતાં ભારતથી નારાજ છે. તેઓ ભારતનું હિત નથી જોતા.

ડૉ. બાબાસાહેબ પં. નહેરૂને કહ્યા કરતા હતા કે, દેશની વિદેશ નીતિ નક્કી કરતી વખતે મૂડીવાદ અને સંસદીય લોકશાહી વચ્ચે ભેદ પાડવો જોઈએ. મૂડીવાદનો વિરોધ સમજી શકાય. પરંતુ તેનો અર્થ એ નથી કે મૂડીવાદનો વિરોધ કરતાં કરતાં તમે આપખુદશાહીના ટેકેદાર બની જાવ. બાબાસાહેબનો સ્પષ્ટ સંકેત ચીન તરફ હતો. ચીનમાં સામ્યવાદી પક્ષની આપખુદશાહી હતી. (આજે પણ છે) ચીનને રાષ્ટ્રસંઘનું કાયમી સભ્યપદ અપાવવાની માથાકૂટમાં પડવા કરતા ભારતે પોતે રાષ્ટ્રસંઘ (એટલે કે સુરક્ષા પરિષદ)ના કાયમી સભ્ય બનવાના પ્રયાસ કરવા જોઈએ. બાબાસાહેબે ૧૯૫૧માં અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. ભારત આજે પણ સુરક્ષા પરિષદનું સભ્ય નથી. ભારતની વિદેશનીતિ અંગે બાબાસાહેબે કહ્યું હતું. દુનિયાને બચાવવા માટે અપનાવવામાં આવી રહેલી આ નીતિ ભારતના પગમાં જ કુહાડો મારશે. આ આત્મઘાતી નીતિ વહેલી તકે છોડી દેવી જોઈએ. પં. નહેરુએ કહ્યું કે માઓએ પંચશીલનો સ્વીકાર કર્યો છે. (બુદ્ધ પંચશીલ એટલેઃ ૧ હત્યા ન કરવી, ૨. ચોરી ન કરવી, ૩. વ્યભિચાર ન કરવો, ૪. જુઠું ન બોલવું, ૫. દારૂ ન પીવો) પરંતુ ચીન પંચશીલનું પાલન નહીં કરે. ચીન આપખુદ છે અને તેનાથી ભારતને જોખમ છે - એવું બાબાસાહેબ વારંવાર કહેતા. તેઓ કહેતા, માઓ દ્વારા પંચશીલનો સ્વીકાર કરવાની બાબતને નહેરુએ ગંભીરતાથી લીધી એ આશ્ચર્યજનક છે. પંચશીલ બૌદ્ધ ધર્મનું અગત્યનું અંગ છે. જો માઓનો પંચશીલ પર વિશ્વાસ હોય તો પોતાના દેશના બૌદ્ધ સમુદાય સાથે અલગ વર્તન કરશે? રાજકારણમાં પંચશીલનું કોઈ કામ નથી અને સામ્યવાદી રાજકારણમાં તો જરા પણ નહીં. તમામ સામ્યવાદી દેશ માત્ર બે જ બાબતોમાં માને છે - એક નૈતિકતા અસ્થિર હોય છે. દુનિયામાં નીતિમૂલ્ય જેવી કોઈ બાબત હોતી નથી. આજનાં નીતિ-મૂલ્ય આવતીકાલનાં નીતિ-મૂલ્ય નથી હોતાં. ડૉ. બાબાસાહેબના કહેવાનો અર્થ એ કે ચીનના કોઈપણ નિવેદન ઉપર વિશ્વાસ ન કરવો જોઈએ. ચીન આજે એક વાત કહે તેનાથી વિરુદ્ધ આવતીકાલે બીજી વાત કહેશે. ચીન સંદર્ભે તેમણે ૧૯૫૧-૫૨માં જે કંઈ કહ્યું હતું તેનો વાસ્તવિક અનુભવ આજે આપણને થઈ રહ્યો છે. ચીન ઉપર જરાપણ વિશ્વાસ રાખી ન શકાય એવું બાબાસાહેબ ભારપૂર્વક કહેતા રહ્યા હતા. છેલ્લે ૧૯૬૨માં ચીને ભારત ઉપર આક્રમણ કર્યું ત્યારે બાબાસાહેબની વાત સાચી પડી હતી.

**પંચશીલ બૌદ્ધ ધર્મનું અગત્યનું અંગ છે. જો માઓનો પંચશીલ પર વિશ્વાસ હોય તો પોતાના દેશના બૌદ્ધ સમુદાય સાથે અલગ વર્તન કરશે? રાજકારણમાં પંચશીલનું કોઈ કામ નથી અને સામ્યવાદી રાજકારણમાં તો જરા પણ નહીં. તમામ સામ્યવાદી દેશ માત્ર બે જ બાબતોમાં માને છે**

આ રાષ્ટ્રને શક્તિશાળી બનાવવો હશે તો પ્રત્યેક વ્યક્તિને સ્વતંત્રતા, સમતા અને બંધુત્વના વ્યવહારનો અનુભવ થવો જોઈએ. સામાજિક જીવનનું નિર્માણ ન્યાયના સિદ્ધાંત આધારે થવું જોઈએ. એના માટે સમાજનું સુચારુ સંચાલન કરે એ પ્રકારનું




બંધારણ હોવું જોઈએ. આધુનિક યુગમાં બંધારણ જ દેશનો ધર્મગ્રંથ છે. ભારતનું બંધારણ બનાવવા માટે ડૉ. બાબાસાહેબે અથાક પરિશ્રમ કર્યો એ સૌ કોઈ જાણે છે. આ રાષ્ટ્ર લોકતંત્રનાં તત્ત્વો પર ચાલવું જોઈએ. આ લોકતંત્ર માત્ર રાજકીય ન હોવું જોઈએ. રાજકીય લોકતંત્રને મતદારોનું લોકતંત્ર કહેવામાં આવે છે. બાબાસાહેબનો આગ્રહ હતો કે મતદારોના આ લોકતંત્રથી રાષ્ટ્ર શક્તિશાળી નહીં થાય. રાષ્ટ્રની શક્તિ એના સામાજિક લોકતંત્રમાં હોય છે. સામાજિક લોકતંત્રનો અર્થ છે વ્યક્તિ પર કોઈપણ પ્રકારનાં કૃત્રિમ બંધન ન હોવાં જોઈએ. એક માણસ બીજા માણસ સાથે સરળતાથી હળીમળી શકે, એક વર્ગમાંથી બીજા વર્ગમાં તે સહજ સરળતાથી જઈ શકે. એ માટે તમામ પ્રકારના જાતિગત ભેદભાવો ખતમ થવા જોઈએ. ડૉ. બાબાસાહેબ ત્રીજા પ્રકારના લોકતંત્રનો આગ્રહ કરે છે અને એ છે આર્થિક લોકતંત્રનો. સંપત્તિનો પ્રભાવ અને સંપત્તિનો અભાવ બંને ઘાતક છે. ધનના પ્રભાવથી એકાધિકાર પેદા થાય છે. એમાંથી સંપત્તિનું કેન્દ્રીયકરણ થાય છે. સંપત્તિનું કેન્દ્રીયકરણ શોષણના લીધે થાય છે. સંપત્તિનો અભાવ માણસની માનવતાને ખતમ કરી નાંખે છે. એને લાચાર-મજબૂર બનાવી દે છે. આ બંને પરિસ્થિતિમાંથી મુક્ત થવા માટે સંપત્તિનું સમાન વિતરણ થવું જરૂરી છે. અને આ કામ રાજસત્તાએ કરવું જોઈએ. સંપત્તિનો પ્રભાવ અને સંપત્તિનો અભાવ પેદા ન થાય એ પ્રકારની નીતિઓ રાજ્યએ બનાવવી જોઈએ! રાજ્ય બંધારણના માર્ગદર્શક તત્ત્વોમાં એને આપણે કેવી રીતે કરી શકીએ એ જણાવ્યું છે.

રાષ્ટ્રનિર્માણ માટે દેશના તમામ લોકોની રાષ્ટ્રકાર્યમાં ભાગીદારી હોવી જોઈએ. રાષ્ટ્રકાર્યમાં ભાગીદારી ના હોય તો રાષ્ટ્ર પ્રત્યે આત્મીયતા નિર્માણ થતી નથી. કોઈ એક ચોક્કસ વર્ગ જ રાજ્યકર્તા હશે તો એનું રાજ કાયમ માટે ટકી રહે કે જળવાઈ રહે એમાં મને શું ફર્ક પડે અથવા મારે શું લેવા દેવા એવો ભાવ જન્મે છે. એક રાષ્ટ્રીયત્વ નિર્માણ થવામાં આ સ્થિતિ સૌથી મોટી અડચણરૂપ છે. રાષ્ટ્રની ગુલામી માટે પણ એ જ જવાબદાર છે એવું ડૉ. બાબાસાહેબ માનતા હતા. ૧૨ ફેબ્રુઆરી, ૧૯૩૮ના રોજ નાસિક જિલ્લાના સટાના ગામમાં આયોજિત અસ્પૃશ્ય સંમેલનમાં એમણે કહ્યું છે : એલેકઝાન્ડર અને મોહમ્મદ તુઘલક જેવા લોકોએ ભારત પર કબજો કરી લીધો. પોતાના કાંડામાં તાકાત ધરાવનાર દરેક વ્યક્તિને હથિયાર ઉઠાવવાની સ્વતંત્રતા હોત તો આ ગુલામીની આપત્તિથી બચી શકાયું હોત : 'બાબાસાહેબે જીવનભર એક રાષ્ટ્રીય ભાવ અને રાષ્ટ્રકાર્યમાં તમામની ભાગીદારી હોવી જોઈએ એ માટે સંઘર્ષ કર્યો. એમણે કેવળ ભારતનો જ વિચાર કર્યો. 'નેશન ફર્સ્ટ' એ એમના દરેક કાર્ય અને વિચારના કેન્દ્રમાં રહ્યું હતું. ૧૯૨૦માં એમણે રાષ્ટ્રના વિકાસની ચિંતા કરતા મૂકનાયક સામયિક (અંક ૧૫, ૨૮ઓગસ્ટ ૧૯૨૦)માં લખ્યું હતું: આપણા વિશાળ રાષ્ટ્રને જુઓ, તેની શું સ્થિતિ છે અને નાનકડા જાપાનની સ્થિતિ શું હતી અને આજે એ જાપાને પ્રગતિ કરી દુનિયાના મુખ્ય રાષ્ટ્રોમાં પોતાનું સ્થાન બનાવી લીધું છે.' હિંદુસ્તાનમાં આજે જે કૃત્રિમ જાતિભેદ છે તે ત્યાં પણ અસ્તિત્વમાં હતો પરંતુ સામુરાઈ જાતિની વરિષ્ઠ કહેવાતી વ્યક્તિઓએ પોતાનું જાતિગત વરિષ્ઠપણું છોડી પોતાના અજ્ઞાની અને દુઃખી બંધુઓને જ્ઞાની અને સુખી બનાવ્યા. આનાથી તેમના પ્રેમ સંપાદનથી તેમનામાં પોતીકાપણાની નવી રાષ્ટ્રીય ભાવના ઉત્પન્ન કરી. ત્યાં માતૃભૂમિની ઉન્નત અવસ્થા માટે કારણભૂત બન્યું. બાબાસાહેબે ધાર્મિક, સામાજિક, રાજકીય, આર્થિક જેવા વિષયો પર વિપુલ પ્રમાણમાં લખ્યું છે અને ભાષણો કર્યાં છે. આ બધામાં એમનો રાષ્ટ્રીય, દૃષ્ટિકોણ પ્રતિબિંબિત થતો જોઈ શકાય છે. એનો આપણે સૂક્ષ્મતાથી અભ્યાસ કરીએ તો એમાં મહાન રાષ્ટ્રપુરુષનાં દર્શન થાય છે. રાષ્ટ્ર નિર્માણમાં ડૉ. બાબાસાહેબનું યોગદાન ઐતિહાસિક છે.

**'બાબાસાહેબે જીવનભર એક રાષ્ટ્રીય ભાવ અને રાષ્ટ્રકાર્યમાં તમામની ભાગીદારી હોવી જોઈએ એ માટે સંઘર્ષ કર્યો. એમણે કેવળ ભારતનો જ વિચાર કર્યો. 'નેશન ફર્સ્ટ' એ એમના દરેક કાર્ય અને વિચારના કેન્દ્રમાં રહ્યું હતું**

*આઈ-૭, મધુરમ કોમ્પલેક્ષ, પેટ્રોલ પંપ પાછળ,*
*જીવરાજ પાર્ક, અમદાવાદ-૩૮૦૦૧૫*
*મો.૯૮૨૫૦૪૪૭૩૪*



# માનવસમાનતાના પુરસ્કર્તા : સંત કબીર

- નટુભાઈ પરમાર

**ભા**રતીય સંત પરંપરામાં 'કબીર' અનન્ય અને અગ્રિમ સ્થાને બિરાજેલા છે. માનવમાત્રને ઉપયોગી એવો એકેય જીવન ઉપદેશ નથી, જેને સંત કબીરે એમની અવિરત અને અગાધ વાણીમાં નહિ પ્રબોધ્યો હોય.

આજથી છ સદી પહેલાં વિ.સં. ૧૪૫૬માં જન્મેલા અને વિ.સં. ૧૫૭૫માં ૧૧૯ વર્ષની આયુએ નિર્વાણ પામ્યા હોવાનું મનાય છે. એવા સંત કબીર એક ત્યજાયેલા સંતાન તરીકે એક જુલાહા (વણકર) દંપતીને મળેલા અને પોતે જોલાહા/જુલાહા (વણકર) હતા એવો ઉલ્લેખ ખુદ કબીરના અનેક પદોમાં પણ જોવા મળે છે : 'તું બ્રાહ્મણ મૈં કાશીકા જુલાહા.'

કબીર જે કાળે જન્મ્યા ત્યારે ભારત ખંડમાં ધાર્મિક અને સામાજિક ભેદભાવ અને વિશેષ કરીને માનવ-માનવ વચ્ચેના ઉચ્ચ-નીચના ભેદભાવ સાથે અંધશ્રદ્ધા, અસત્ય, પાખંડ તેની ચરમસીમાએ હતાં. ત્યારની શાસનવ્યવસ્થા સાથે મળીને ધર્મના પાખંડ નીચે પંડા-પૂજારીઓ, મુલ્લા-મૌલવીઓ, સામાન્ય માનવીનું ભરપૂર શોષણ કરી રહ્યા હતા. અંધવિશ્વાસ, ભ્રમ, વહેમ, કુરિવાજો ને દૈવી વાણીને નામે છેતરપીંડી આચરીને પારાવાર શોષણ થઈ રહ્યું હતું. ધર્મના નામે હજારો પશુઓની બલિ સહજ અને સામાન્ય હતી. ધર્મના નામે પ્રજાના એક મોટા સમૂહને અછૂત-શૂદ્ર અને નીચે દર્શાવીને આ ધર્માધારિત આંતકીઓએ કાળો કેર વરતાવ્યો હતો.

**કબીરની વાણીની એ વિશેષતા રહી છે કે, કોઈ એકાંત ખૂણે- કોઈ ઝાડ નીચે બેસીને તન્મય મુદ્રામાં રહીને એ એમણે લખી નથી. કબીરે તો લોકોની વચ્ચે જઈને જનમાનસને જરૂર હતી તેવે સમયે, એમની સાથે બેસીને એમની વાણીને વહાવ્યા કરી છે**



આવા અંધકારભર્યા સમયમાં આગ ઝરતી વાણી સાથે, માનવતા ભૂલી ગયેલાઓને સાચો માર્ગ ચીંધવાનું એક યુગકાર્ય કબીરે નિભાવ્યું. ધર્મઝનૂનથી પોષાયેલાં ને પુષ્ટ થયેલા માતેલા ધર્મના ઠેકેદારોને પડકારીને તેમને ઉઘાડા કરવાનું અને સાથે જ સાચા શુદ્ધ માનવીય દૃષ્ટિકોણને પ્રચલિત કરવાનું, માનવના ગૌરવને પ્રસ્થાપિત કરવાનું, અસાધારણ હિંમતભર્યું પગલું સંત કબીરે ઉઠાવ્યું.

કબીરની વાણીની એ વિશેષતા રહી છે કે, કોઈ એકાંત ખૂણે- કોઈ ઝાડ નીચે બેસીને તન્મય મુદ્રામાં રહીને એ એમણે લખી નથી. કબીરે તો લોકોની વચ્ચે જઈને જનમાનસને જરૂર હતી તેવે સમયે, એમની સાથે બેસીને એમની વાણીને વહાવ્યા કરી છે. તેથી જ કહી શકાય કે કબીરે લખ્યું નથી, કહ્યું છે : 'કહહિં કબીર સુનો ભાઈ સાધુ...કહહિં કબીર પુકારિકે ... કહહિં કબીર હમ જાત પુકારા, પંડિત હોય સો લેય વિચારા.'

કબીરે જ એ કહ્યું છે :

'મસિ કાગદ છૂવોં નહિ, કલમ ગહૌં નહિ હાથ'

(હું કાગળને અડક્યો નથી કે મેં કલમને હાથ નથી લગાવ્યો)

વિવિધ અભ્યાસો - સંશોધનોને આધારે એ પુરવાર થયું છે કે, કબીરે પોતાની કોઈ જીવનકથા નથી આલેખી. ત્યજાયેલા બાળક તરીકે વણકર-જુલાહા દંપતી નીર-નીમાને મળેલા હોવાને કારણે અને આ ગરીબ દંપતીને ત્યાં ઉછર્યા હોવાના કારણે, વાંચવા-લખવા કે અભ્યાસ કરવાની કોઈ વિશેષ સગવડ તેમને પ્રાપ્ત નહોતી થઈ, તે છતાં પોતાની તીવ્ર પ્રજ્ઞાથી, તેમની આસપાસની દુનિયા અને જીવનનાં સત્યોને તેમણે ઓળખી લીધાં હતાં અને કેવળ સત્યના પક્ષે રહીને, સત્યના રસ્તે ચાલવાનું તેમણે નિર્ધાર્યું હતું. કોઈએ લખેલા શાસ્ત્રો કે કાલ્પનિક રીતે સર્જવામાં આવેલા દેવ-દેવીઓ-અલ્લાહ-ઈશ્વર કે વેદો-પુરાણો-કુરાન કરતાંય વિશેષ આસ્થા સંત કબીરને સ્વયં પ્રમાણિત એવા સત્યમાં હતી, જે એમના સમયના અનેક અવરોધો-વિરોધોના વંટોળ વચ્ચે પણ સતત એમની વાણીમાં વહેતી-ફેલાતી રહી હતી.

કબીરનો એ સવાલ આજે પણ અનુત્તર છે કે ...

*(રમૈની-૬)*
*બર્ણહુ કૌન રૂપ ઔ રેખા,*
*દુસર કૌન આહિ જો દેખા /૧/*
*વો ૐકાર આદિ નહિં વેદા,*
*તાકર કહહુ કૌન કુલ ભેદા /૨/*
*નહિં તારાગણ નહિં રવિ ચન્દા,*
*નહિં કછુ હોતે પિતા કે બિન્દા /૩/*
*નહિં જલ નહિં થલ નહિં થિરપવના,*
*કો ધરે નામ હુકુમ કો બરના /૪/*
*નહિ કછુ હોતે દિવસ નિજુ રાતી,*
*તાકર કહહુ કૌન કુલ જાતિ /૫/*
*(પૃષ્ઠ-૭૨/૭૩)*

અર્થાત્ તમારા માનેલા બ્રહ્મનું સ્વરૂપ કેવું છે ? તેનાં લક્ષણો ક્યાં છે ? તેને કોણે જાણ્યા છે ? ૐ પણ માનવે જ સર્જેલ છે, વેદ પણ તેનો ભેદ નથી જાણતા! (ધગધગતા સૂર્યના ગોળામાંથી પૃથ્વી કણ રૂપે છૂટી પડીને સર્જાઈ છે ત્યારે) પહેલાં સૂર્ય, ચંદ્ર, તારાઓ, પિતા કે પિતાનું બિન્દુ (વીર્ય), પાણી, પૃથ્વી, આકાશ કે વાયુ કાંઈ નહોતું, તો પછી આ બધાને ઉત્પન્ન થવાની આજ્ઞા કોણે કરી ? એમનાં નામકરણ કોણે કર્યા ? ત્યારે જ્યારે રાત-દિવસ, જ્ઞાન-અજ્ઞાન કાંઈ જ ન હતાં, ત્યારે કુળ-જાતિ એ બધું કોણે નિર્ધારિત કર્યું ? (એટલે કે આ બધું માનવોએ જ નિર્મિત કરેલું છે.)

**હંમેશા સત્યના પક્ષધર એવા કબીરનો અંતરાત્મા આવા પાખંડ સામે બંડ પોકારતો રહ્યો હતો. ધર્મના બહાના હેઠળ માનવસમાજના એક બહુ મોટા હિસ્સાને અછૂત અને શૂદ્ર રાખનારા પાંખંડીઓ ઉપર તેમની આગ ઓકતી વાણીએ આકરા પ્રહારો કર્યા**

કબીર એવો પણ સવાલ કરે છે કે...

*(રમૈની-૭)*
*તહિયા હોતે પવન નહિં પાની,*
*તહિયા સૃષ્ટિ કૌન ઉત્પાની /૧/*
*તહિયા હોતે કલી નહિં ફૂલા*
*તહિયા હોતે ગર્ભ નહિં મૂલા /૨/*
*તહિયા હોતે વિદ્યા નહિ વેદા,*
*તહિયા હોતે શબ્દ નહિં સ્વાદા /૩/*
*તહિયા હોતે પિંડ નહિં બાસૂ,*
*નહિં ધર ધરણિ ન પવન અકાસૂ /૪/*
*તહિયા હોતે ગુરુ નહિં ચેલા,*
*ગમ્ય અગમ્ય ન પંથ દુહેલા /૫/*
*(પૃષ્ઠ - ૭૪)*

અર્થાત્ ત્યારે પવન અને પાણી નહોતાં તો સૃષ્ટિ કોણે બનાવી ? ત્યારે કળી પણ ન હતી અને ફૂલ પણ ન હતું, ગર્ભ પણ નહોતો અને મૂળ (વીર્યબિંદુ) પણ નહોતું કે નહોતો એમાં રહેનાર કોઈ જીવ. ત્યારે પર્વત, પૃથ્વી, આકાશ, હવા કંઈ જ ન હતાં કે નહોતા કોઈ ગુરુ કે કોઈ શિષ્ય. તો પછી જેનું કોઈ ઠામ-ઠેકાણું જ નથી, એવા અજ્ઞાતની વાતો કોઈ કેવી રીતે કરે છે ?!

કહેવાતા ઈશ્વર ને ઈશ્વરની વાણીને નામે અધર્મ, પાંખડ અને અંધવિશ્વાસ ફેલાવીને સમગ્ર માનવ સમાજનું તે કાળે જે શોષણ થઈ રહ્યું હતું, માનવ-માનવ વચ્ચે ભેદ ઊભા કરીને તેમની વચ્ચે નફરત, ઈર્ષા અને ઘૃણાભાવ ઊભા કરવામાં આવી રહ્યા હતા, તેનાથી કબીર અત્યંત વ્યથિત થતા હતા. હંમેશા સત્યના પક્ષધર એવા કબીરનો અંતરાત્મા આવા પાખંડ સામે બંડ પોકારતો રહ્યો હતો. ધર્મના બહાના હેઠળ માનવસમાજના એક બહુ મોટા હિસ્સાને અછૂત અને શૂદ્ર રાખનારા પાંખંડીઓ ઉપર તેમની આગ ઓકતી વાણીએ આકરા પ્રહારો કર્યા અને સનાતન સત્ય ઉચ્ચારતા કહ્યું કે, વેદો, શાસ્ત્રો, પુરાણો કે કોઈ ધર્મગ્રંથોએ ક્યાંય માનવ-માનવ વચ્ચે ભેદ રાખવા જણાવ્યું નથી, આ બધા ભેદ તો માનવસર્જિત છે.

કબીરે કહ્યું :

*(રમૈની-૧)*
*પેટ ન કાહૂ વેદ પઢાયા,*
*સુન્નતિ કરાય તુરક નહિં આયા /૬/*
*નારી મોચિત ગર્ભ પ્રસૂતિ,*
*સ્વાંગ ધરૈ બહુતૈ કરતૂતી/૭/*
*તહિયા હમ તુમ એકૈ લોહૂ,*
*એકૈ પ્રાણ બિયાપૈ મોહૂ /૮/*
*એકૈ જની જના સંસારા,*
*કૌન જ્ઞાનસે ભયઉ નિનારા /૯/*
*ભૌ બાલક ભગધ્વારે આયા,*
*ભગ ભોગી કે પુરુષ કહાયા /૧૦/*
*અવગતિ કી ગતિ કાહુ ન જાની,*
*એક જીવ કિત કહૂં બખાની /૧૧/*
*(પૃષ્ઠ-૪૫)*

કબીર કહે છે, માતાના પેટમાંથી કોઈ જનોઈ ધારણ કરીને નથી આવતું કે નથી વેદ ભણીને આવતું કે નથી તે બ્રહ્મજ્ઞાની બ્રાહ્મણ બનીને આવતું. કોઈ જન્મથી સુન્નત કરાવીને મુસલમાન તરીકે પણ નથી આવતું. કિન્તુ જન્મ પછી જ્યારે સંસારના ભેદભાવની હવા લાગે છે ત્યારે જ માણસ કાલ્પનિક ઉચ્ચ નીચના ભેદભાવ અને કર્મકાંડના ઢોંગ કરે છે.

કબીર કહે છે, બ્રાહ્મણ, શૂદ્ર, હિન્દુ, મુસલમાન સૌની માતાઓ એક જ રીતે ગર્ભધારણ કરે છે. બધા એક જ રજ (વીર્ય)થી બને છે અને એ બધામાં એક સરખો પ્રાણ-જીવ

હોય છે તથા એક સરખી રીતે સૌ માતાના ગર્ભમાં મૂઢ દશામાં પડ્યા રહેલા હોય છે. આમ સંસારના બધા જ લોકો એક જ રીતે માતાના પેટે જન્મ લે છે, તો પછી કયા આધારે-ક્યા જ્ઞાનના આધારે આ અલગ વર્ણ અને જાતિની કલ્પના કરવામાં આવી છે ?! એક જ દ્વારેથી બાળકના રૂપે બધા જન્મ લે છે, વળી જે દ્વારેથી જન્મ લે છે, તેમાં જ આસક્ત થઈને પુરુષ કહેવાય છે ! વાસ્તવમાં આ અજ્ઞાત દશાની કોઈને કશી ખબર નથી. હું તો પોકારી પોકારીને કહું છું કે સર્વ જીવોમાં મનુષ્ય જીવન જ સર્વશ્રેષ્ઠ છે.

માનવસર્જિત ઉચ્ચ-નીચ, શૂદ્ર-પવિત્રના ભેદભાવોએ હજ્જારો વર્ષોથી પ્રજાના એક બહુ મોટા વર્ગને ખૂબ પીડા આપી છે. ધર્મો અને શાસ્ત્રોનો આશરો લઈને તમામ ધર્મના પુરોહિતો-મૌલવીઓ-પાદરીઓ દ્વારા કરવામાં આવતી આ પજવણી સામે કબીર એમનો પુણ્યપ્રકોપ ઠાલવે છે :

*(રમૈની-૧૪)*
*બડ સો પાપી આહિ ગુમાની,*
*પાખંડ રૂપ છલેઉ નર જાની /૧/*
*બામન રૂપ છલેઉ બલિ રાજા,*
*બ્રાહ્મણ કીન્હ કૌન કો રાજા /૨/*
*બ્રાહ્મણ હી સબ કિન્હી ચોરી,*
*બ્રાહ્મણ હી કો લાગન ખોરી /૩/*
*બ્રાહ્મ કિન્હો વેદ પુરાના,*
*કૈસેહુ કૈ મોહિ માનુષ જાના /૪/*
*એક સે બ્રહ્મે પંથ ચલાયા,*
*એક સે હંસ ગોપાલહિ ગાયા /૫/*
*એક સે શંભૂ પંથ ચાલાય,*
*એક સે ભૂત-પ્રેત મન લાયા /૬/*
*એક સે પૂજા જૈનિ વિચારા,*
*એક સે નિહુરિ નિમાજ ગુજારા /૭/*
*કોઈ કાહૂ કા કહા ન માના,*
*ઝૂઠા ખસમ કબીર ન જાના /૮/*
*તન મન ભજિ રહુ મોરે ભક્તા,*
*સત્ય કબીર સત્ય હૈ વક્તા /૯/*
*આપુહિ દેવ આપુ હૈ પાતી,*
*આપુહિ કુલ આપુ હૈ જાતિ /૧૦/*
*સર્વ ભૂત સંસાર નિવાસી,*
*આપુહિ ખસમ આપુ સુખવાસી /૧૧/*
*કહઈત મોહિ ભયલ યુગચારી,*
*કાકે આગે કહો પુકારી /૧૨/*
*(પૃષ્ઠ-૧૦૦)*

અર્થાત્, જે પોતાને જન્મથી જ પવિત્ર માનીને ઘમંડ કરે છે, તે મોટો પાપી છે. તેણે તો ઢોંગીનું રૂપ લઈને સામાન્ય માણસોને છેતર્યા છે. ॥૧॥ બ્રાહ્મણનું વામન રૂપ ધારણ કરીને ધર્માત્મા બલિ રાજાને છેતરી લીધા, ॥૨॥ આ બધી ચોરીઓ તેમણે જ કરી છે, એટલે તેમને જ દોષ લાગે ॥૩॥ બ્રાહ્મણોએ વેદ-પુરાણ તથા શાસ્ત્રોની રચના એવી રીતે કરી કે જેથી લોકો તેમને સારા સમજે ॥૪॥ તેઓએ અનેક પુરાણશાસ્ત્ર લખ્યાં. કોઈક શાસ્ત્ર થકી બ્રહ્મ અથવા બ્રહ્માનો પંથ ચલાવ્યો, કોઈક શાસ્ત્ર થકી કૃષ્ણના અવતારનો મહિમા કહ્યો ॥૫॥ કોઈક શાસ્ત્ર થકી શિવનું મહાત્મ્ય કહીને તેનો પંથ ચલાવ્યો તો કોઈક શાસ્ત્ર થકી ભૂત-પ્રેતનો મહિમા ગાયો ॥૬॥ કોઈક શાસ્ત્ર થકી પૂજાનો વિસ્તાર કર્યો અને કોઈક શાસ્ત્ર થકી નમી નમીને નમાજ પઢવાનો રિવાજ પાડ્યો ॥૭॥ કોઈએ કોઈનું કહેલું ન માન્યું. લોકોએ તેમના ખોટા સ્વામીત્વનું પ્રદર્શન કર્યું અને અસત્યને પોતાના માલિક બનાવી, સત્યને જાણ્યું જ નહીં ॥૮॥ હે મારા ભક્તો, તમારા તન, મન, વચનોને પવિત્ર કરો, કબીર સત્યના ઉપાસક છે અને સત્યના વક્તા છે ॥૯॥ સૌના અંતરમાં નિવાસ કરનાર ચેતન(પ્રાણ) પોતે જ દેવ છે અને પૂજવા માટે એ પોતે જ ફૂલહાર છે અને એ પોતે જ ઉત્તમ કુળજાતિનો છે ॥૧૦॥ સંસારમાં વસનારા પોતે જ પોતાના સ્વામી છે અને પોતે જ આનંદના અધિકારી છે॥૧૧॥ મારા જેવા લોકોએ બધા યુગોમાં સંસારીઓને આ સંદેશો આપ્યો જ છે, હજી કોની કોની આગળ મારે સાદ પાડીને તેને કહેવાનો છે ?॥૧૨॥ માણસ માત્રમાં જીવ આત્મા નામે એક જ તત્ત્વ છે અને તેથી કોઈ ઊંચા કે નીચા છે તેવો વિચાર જ ભ્રામક છે. કબીર કહે છે :

*(રમૈની-૨૬)*
*ઘર કા સૂત જો હોય અયાના,*
*તાકે સંગ ન જાહુ સયાના /૫/*
*સાંચી બાત કહી મૈં અપની,*
*ભયા દિવાના ઔર હી પુન્હી /૬/*
*ગુપ્ત પ્રગટ હૈ એકૈ દૂધા,*
*કાકો કહિયે બ્રાહ્મણ શૂદ્રા /૭/*
*ઝૂકે ગર્ભ ભૂલો મતિ કોઈ,*
*હિન્દુ તુરક ઝૂઠ કુલ હોઈ /૮/*
*(પૃષ્ઠ-૧૩૮)*

કબીર કહે છે, જો ઘરનો પુત્ર અજ્ઞાનીની જેમ વર્તતો હોય તો તેનો પણ સંગ છોડી દેવાને યોગ્ય છે ।૫। મેં મારી સાચી (ખરી) વાત કહી દીધી છે તોયે હજુ લોકો ભ્રામક વાતો સાંભળીને મતિભ્રષ્ટ થઈ રહ્યા છે ।૬। (ગાય કે ભેંસ જેવા પ્રાણીના શરીરમાંથી દોહીને) દૂધને વાસણમાં રાખેલું હોય કે તે પ્રાણીના શરીરમાં હોય, તે એક સરખું જ છે, તેમ માતાના ગર્ભમાં રહેનાર કે જન્મ લઈને બહાર આવનાર માણસમાંનું તત્ત્વ એક જ છે. તો પછી કોને બ્રાહ્મણ કહેવા અને કોને શૂદ્ર?

।૭। માટે કોઈ મિથ્યા અભિમાનમાં પોતાની મતિ (બુદ્ધિ) ખોશો નહિ. હિન્દુ અને મુસલમાનના અલગ કૂલ-જાતિ માનવાં એ પણ એક જૂઠ છે.।૮।

પોતાને ઉચ્ચ અને અન્યને નીચા ગણી, એવી વ્યક્તિ/માણસને જો અડી જવાય તો પાણીનો છાંટો લેતાં કે નહાઈ લેતાં મિથ્યાભિમાનીઓને ઠપકારતા સંત કબીર કહે છે :

*(રમૈની-૩૫)*
*ઔર કે છિયે લેત હો છીંચા,*
*તુમ સો કહહુ કૌન હૈ નીચા ।૪।*
*ઈ ગુણ ગર્વ કરો અધિકાઈ,*
*અધિકે ગર્વ ન હોય ભલાઈ ।૫। (પૃષ્ઠ-૧૭૦)*

પંડિતો, દ્વિજો(ઉચ્ચ વર્ણો)ને ઉલ્લેખીને સંત કબીર કહે છે કે જો કોઈ શૂદ્ર તમને અડી જાય છે તો તમે પાણીનો છાંટો લઈ લો છો (અને પવિત્ર બનવાનો ડોળ કરો છો), પણ આવું કરનારાઓ હું તમને પૂછું છું કે, તમારા કરતા વધારે નીચ કોણ છે ? તમારી વિદ્યા, વર્ણ, જાતિનું તમે બહુ અભિમાન ન કરશો, વધારે પડતાં અભિમાનથી કોઈનું ભલું થયું નથી.

માનવ માત્રની સમાનતા અને માનવતાના હિમાયતી સંત કબીર, પોતાના જ બાંધવો-ભગિનીઓ પ્રતિ ભેદભાવપૂર્ણ આચરણ કરતા રૂઢિચુસ્તોને આકરા શબ્દોમાં વખોડી કાઢે છે :

*(રમૈની-૬૨)*
*જો તું કરતા બર્ણ બિચારા,*
*જન્મત તીનિ દંડ અનુસારા ।૧।*
*જન્મત શુદ્રા મયે પુનિ શુદ્રા,*
*કૃતમ જનેઊ ઘાલિ જગ ધન્દા ।૨।*
*જો તું બ્રાહ્મણ બ્રાહ્મણિ કે જાયા,*
*ઔર રાહ સે કાહે ન આયા ।૩।*
*જો તું તુરુક તુરુકનિ કે જાયા,*
*પેટ હિ કાહે ન સુન્નતિ કરાયા ।૪। (પૃષ્ઠ-૨૮૭)*

કબીર કહે છે, જો તમે વર્ણવ્યવસ્થાને ઈશ્વરીય છે એમ વિચાર કરતા હો, તો ત્રણેય વર્ણોને ઓળખસમા ચિહ્નો (દંડ, કંદોરો અને જનોઈ) ધારણ કરીને માતાના પેટમાંથી કેમ ન જન્મ્યા ?।૧। (પરંતુ) સત્ય એ છે કે દરેક બાળક જન્મ સમયે કોઈ સંસ્કાર વિનાનું ને અશુદ્ધ (જેને શૂદ્ર તરીકે ઓળખ આપી છે તેવું જ) હોય છે તથા મર્યા પછી પણ તે અશુદ્ધ થઈ જાય છે. આ બેયની વચ્ચે ગળામાં જનોઈ ધારણ કરીને ખરેખર તો એક ધંધો ચલાવવામાં આવે છે! ।૨। જો તમને એવું અભિમાન હોય કે અમે જન્મજાત બ્રાહ્મણ છીએ અને બ્રાહ્મણીના પેટે જન્મ્યા છીએ તો પછી તમે (ભગદ્વારેથી નહિ ને) કોઈ અન્ય દ્વારેથી કેમ ન જન્મ્યા ?!।૩। અને હે મુસલમાનો ! જો તમને જન્મજાત મુસલમાન હોવાનું અને મુસલમાન સ્ત્રીના પેટે જન્મ્યા હોવાનું અભિમાન હોય, તો તમે માતાના ગર્ભમાંથી જ સુન્નત કરાવીને કેમ નથી જન્મ્યા ?!

ઉચ્ચ - નીચનો ભેદ દાખવનારાઓ પર વધુ એક પ્રહાર કરતા સંત કબીર કહે છે :

*(રમૈની-૬૩)*
*નાના રૂપ વર્ણ એક કીન્હા,*
*ચારિ વર્ણ વૈ કાહુ ન ચીન્હા ।૧।*
*નષ્ટ ગયે કર્તા નહિં ચીન્હા,*
*નષ્ટ ગયે ઔરહિ મન દીન્હા ।૨।*
*નષ્ટ ગયે જિન્હ બેદ બખાના,*
*બેદ પઢે પર બેદ ન જાના ।૩।*
*બિમલખ કરે નૈન નહિ સૂઝા,*
*ભયા અયાન તબ કિછઉ ન બૂઝા ।૪।*
*(પૃષ્ઠ-૨૯૪)*

અર્થાત્ માનવ-માનવ વચ્ચે અનેક જાતિ અને જ્ઞાતિનો ભેદ માણસોએ જ ઊભો કરેલો હતો, એ વાત(ભેદ) એને અનુસરનારા લોકો સમજી જ ન શક્યા ।૧। આવા ભેદભાવો અને વર્ણોના જનક અને નિર્ધારક પણ માનવો જ હતા, એ જેઓ સમજી ન શક્યા તેઓ નાશ પામ્યા અને આ ભેદભાવો ઈશ્વરદત્ત છે એવું માનનારાઓ અને સ્વીકારનારાઓ પણ નાશ પામ્યા ।૨। આ ભેદભાવોના પાલન માટે વેદને આગળ ધરનારા ને વેદને વખાણનારા પણ નાશ પામ્યા, તેઓ વેદ તો ભણ્યા પણ વેદના ભેદને ન જાણી શક્યા ।૩। તેઓને એવો અહંકાર/ભ્રમ છે કે ઉચ્ચ-નીચનો ભેદભાવ ઈશ્વરીય છે, કિન્તુ જેઓ સ્વાર્થ અને અહંકારમાં અંધ થઈ જાય છે, તેઓને તો નરી(સ્થૂળ) આંખોએથી પણ કશું નથી સૂઝતું ।૪।

કોઈ શૂદ્રને અડકવાથી અપવિત્ર થઈ જનારા ને પાણી છાંટી લઈને પાછા પવિત્ર જઈ જનારા કહેવાતા ઉચ્ચ વર્ગો, તેઓ પવિત્ર થવાને એ પાણી છાંટે છે કે જે પાણીને તેઓ પવિત્ર માને છે. આમ છતાં તે પાણી પોતે જ કેવું અપવિત્ર અને દૂષિત (ગંદુ) છે, તેનો ફોડ પાડતા અને આવી ઉચ્ચ-નીચની ભ્રામક માન્યતાઓથી દૂર રહેવાની શીખ આપતા સંત કબીર કહે છે :

*(રમૈની-૭૪)*
*ધર્મ કહૈ સબ પાની અહઈ,*
*જાતી કે મન પાની અહઈ ।૫।*
*ઢોર પતંગ સરે ઘરિયારા,*
*તેહિ પાની સબ કરૈં અચારા ।૬।*
*ફંદ છોડિ જો બાહર હોઈ,*
*બહુરિ પંચ નહિં જો હૈ સોઈ ।૭। (પૃષ્ઠ-૩૪૭)*

તાત્પર્ય એ કે, બધા જ ધર્મોમાં પાણીની પવિત્રતાનો મહિમા છે, તેને પવિત્ર મનાયું છે, તોયે એવા ભેદભાવ

પણ છે કે ક્યા વર્ણના હાથનું પાણી પીવું અથવા ન પીવું. (પાણી શબ્દ અહીં વિશાળ અર્થમાં છે, તેમાં અન્ન-આહાર પણ કબીરને અભિપ્રેત છે), એટલે કે બધી જાતિઓના મનમાં 'પાણી'નો ભ્રમ ભરાયેલો છે, લોકોના આવા ભ્રમને ભાંગતા કબીર કહે છે, જે 'પાણી'ના નામે આ પાખંડ અને ભ્રમ ફેલાવવામાં આવ્યો છે, તે પાણીની હાલત તો જુઓ કે તેમાં મગર, માછલાં, દેડકાં, કાચબા સહિતના અનેક જળચરો નિવાસ કરે છે ને તેમાં જ પ્રજનન કરે છે, તેમાં જ મળમૂત્ર કરીને સડીને મરી જાય છે અને તે જ પાણીનો પવિત્રાચાર માટે ઉપયોગ કરવામાં આવે છે ! ખરેખર તો માણસ-માણસ વચ્ચેના ઉચ્ચનીચના આ મિથ્યા ભેદભાવો છે, આવા બંધનને તોડીને જેઓ અલગ થઈ જાય છે, તેઓ ફરી કદી તે રસ્તે જતા નથી.

ઈશ્વરે કે અલ્લાહે તો માણસ-માણસ વચ્ચે કોઈ ભેદ પાડ્યા નથી તો પછી છૂતાછૂત અને અસ્પૃશ્યતા ક્યાંથી ઊતરી આવી છે ? પંડિતો-જ્ઞાનીઓ જરા તો સમજો! કબીર કહે છે :

*શબ્દ ૪૧*
*પંડિત દેખહુ મન મેં જાની* ।૧।
*કહુ ધોં છૂતિ કહાં સે ઉપજી,*
*તબહિં છૂતિ તુમ માની* ।૨।
*નાદે બિન્દે રૂધિર કે સંગે,*
*ઘટ હી મેં ઘટ સપઐ* ।૩।
*અષ્ટકેવલ હોય પુહુમી આયા,*
*છૂતિ કહા તે ઉપજૈ* ।૪।
*લખ ચૌરાસી નાના બહુ બાસન,*
*સો સબ સરિ ભૌ માટી* ।૫।
*એકૈં પાટ સકલ બૈઠાયે,*
*છૂતિ લેત ધોં કાકી* ।૬।
*છૂતિહિં જેંવન છૂતિહિ અંચવન,*
*છૂતિહિં જગત ઉપાયા* ।૭।
*કહહિં કબીર તે છૂતિ વિવર્જિત,*
*જાકે સંગ ન માયા* ।૮। *(પૃષ્ઠ-૫૯૦)*

અર્થ છે :

હે પંડિત ! જરા મનમાં સમજીને જુઓ ! ।૧।

એ કહો કે અસ્પૃશ્યતા ક્યાંથી જન્મી તે તમે છૂતા-છૂતની ભાવના ઊભી કરી અને સ્વીકારી ?।૨। પ્રાણવાયુ, વીર્ય અને રજ ભેગા થઈને શરીરની રચના નિર્માય છે અને માતાના પેટમાં બાળકનું શરીર પુષ્ટ અને પરિપક્વ થાય છે. ।૩। એ પછી જ માતાના પેટેથી જન્મ લઈ તે જમીન પર ચાલે છે, તો આ અસ્પૃશ્યતા કેવી રીતે ઊભી થઈ ગઈ ? ।૪। ચોરાસી લાખ યોનિઓના અસંખ્ય શરીરો સડીને માટીમાં વિલીન થઈ જાય છે. ।૫। પ્રકૃતિએ તો સૌને પૃથ્વી રૂપી જમીન (પાટલા) પર સાથે બેસાડ્યા છે, તો પછી તેમાંથી કોઈને સ્પૃશ્ય અને કોઈને અસ્પૃશ્ય કેમ ગણવામાં આવે છે ? ।૬। આમ જુઓ તો જગતમાં ભોજન અને પાણીમાં પણ છૂત (અશુદ્ધિ) છે ને એમાંથી જ સૌની ઉત્પત્તિ થાય છે. ।૭। હું કબીર કહું છું કે છૂત-અછૂતના ભાવોથી જે બચે છે, તે જ મોહ-માયાથી બચે છે ।૮।

અસ્પૃશ્યતાના દૂષણ પર વધુ એક પ્રહાર કરતા સંત કબીરે કહ્યું :

*(શબ્દ-૪૭)*
*પાંડે બૂઝિ પિયહુ તુમ પાની* ।૧।
*જેહિ મટિયા કે ઘર મેં બૈઠે,*
*તામેં સૃષ્ટિ સમાની* ।૨।
*છપ્પન કોટિ યાદવ જહેં ભીજે,*
*મુનિ જન સહસ અઠાસી* ।૩।
*પૈગ પૈગ પૈગમ્બર ગાડે,*
*સો સબ સરિ ભો માટી* ।૪।
*મચ્છ કચ્છ ઘરિયાર બિયાને,*
*રૂધિર નીર જલ ભરિયા* ।૫।
*નદિયા નીર નરક બહિ આવે,*
*પશુ માનુષ સબ સરિયા* ।૬।
*હાડ ઝરિ ઝરિ ગૂદ ગલિ ગલિ,*
*દૂધ કહા સે આયા* ।૭।
*સો લે પાંડે જેવન બૈઠે,*
*મરિયહિ છૂતિ લગાયા* ।૮।
*વેદ કિતેબ છાંડિ દેહુ પાંડે,*
*ઈ સબ મન કે ભરમા* ।૯।
*કહહિં કબીર સુનો હો પાંડે,*
*ઈ સબ તુમ્હરો કરમા* ।૧૦।
*(પાન છ ૬૧૩)*

ભાવાર્થ : હે પાંડે યાને પંડિતજી ! કોઈકનું આચરણ પવિત્ર છે તે જોવા-જાણવા છતાં તમે જાતિ પૂછીને તેના હાથનું પાણી પીવું કે ન પીવું એનો નિર્ણય કરો છો ।૧। પરંતુ શું તમને એ ખબર નથી કે જે માટીના ઘરમાં તમે બેઠા છો તેમાં પહેલેથી જ પૂરી પ્રાણીસૃષ્ટિ કહોવાઈને સમાયેલી છે. ।૨। છપ્પન કરોડ યાદવ અને અઠ્ઠાસી હજાર ઋષિઓ મરીને અને કહોવાઈને આ જ માટીમાં ભળી ગયા છે. ।૩। ડગલે ને પગલે આ જ માટીમાં પયંગબરો દટાયેલા છે અને કહોવાઈને માટી બની ગયા છે. આ જ માટીમાંથી ઘડો બન્યો છે, જેમાં તમે પાણી ભરીને પીવો છો. (આમ છતાં) જેને તમે અસ્પૃશ્ય માનો છો, તે વ્યક્તિ તે ઘડાને તેના સ્વચ્છ હાથોથી અડકી જાય, તો તમે તો તે ઘડાનું પાણી પણ પીતા નથી ! ।૪। પાણીનું પણ એવું જ છે. માછલાં, દેડકાં, કાચબા, મગરો કૂવા-નદીમાં

પ્રજનન કરે છે. તેમનાં મળ-મૂત્ર-લોહીથી મિશ્રિત પાણી પણ આ જ પાણીમાં ભળી જાય છે ।પ। ગંદકી બધેથી વહીને આ જ પાણીમાં ભળી જાય છે. મરેલાં પશુઓ તથા મનુષ્યોને આ જ નદીઓમાં વહાવી દેવામાં આવે છે, તે પણ સડી જઈને આ જ પાણીમાં ભળી જાય છે ને આ પાણી સૌ પીવે છે. આવા (અશુદ્ધ) પાણીને કોઈ (અસ્પૃશ્ય) શુદ્ધ-સ્વચ્છ હાથે અડકી જાય તો તેમાં તમને શું વાંધો પડી ગયો ?!।૬। દૂધ ક્યાંથી આવે છે, તે ઓ પંડિતો શું તમે નથી જાણતા ? હાડકાના ઝરણાથી તથા માંસની નાની-નાની ગલીઓ-નળીઓમાંથી જ તો ઝરી ઝરીને દૂધ આવે છે ।૭। આ દૂધ લઈને જ તમે (પંડિતજી) તો જમવા બેસી ગયા ! ને તોય સ્વચ્છ હોવા છતાં કોઈકના (અસ્પૃશ્યતા) માટીના ઘડાને તમે (પંડિતોએ) અછૂત માની લીધો ।૮। તમે કહો છો કે અસ્પૃશ્યતા એ તો ઈશ્વરે ઊભી કરેલી છે. ને એ શાસ્ત્રસંમત છે, હે પંડિતો ! તો તે તમારા મનનો ભ્રમ છે ।૯। હે પંડિતો ! હું કબીર તમને કહું છું કે, આ બધાં તો તમારા પાખંડપૂર્ણ કર્મ અને પ્રપંચ છે. ।૧૦।

અસ્પૃશ્યતાના આચારનારાઓની બેધારી નીતિ-બેવડાં વલણોને ખુલ્લા પાડતા સંત કબીર, અનોખાં તર્ક-દલીલ રજૂ કરતા કહે છે :

*(શબ્દ-૮૪)*
***પહિરિ જનેઉ જો બ્રાહ્મણ હોના,***
***મેહરી કયા પહિરાયા*** *(૭)*
***વો જન્મ કી શુદ્રિન પરસે,***
***તુમ પાંડે ક્યો ખાયા*** *।૮। (પૃષ્ઠ-૭૮૬)*

કબીર કહે છે, હે બ્રાહ્મણો ! જો જનોઈ પહેર્યા પછી જ બ્રાહ્મણ થવાય છે તો તમારા બ્રાહ્મણીને તમે કેમ જનોઈ ન પહેરાવી ? તેને તો તમે વેદ-શાસ્ત્રો-જનોઈ તમામથી વંચિત રાખી છે.।૭। આ અર્થમાં જનોઈ-સંસ્કારથી વંચિત હોવાને કારણે તે પણ જન્મથી શૂદ્રા જ ગણાય ! જો આમ છે તો હે પંડિતજી ! તમે તેમના હાથનું ભોજન કેમ જમો છો ?!।૮।

પંડિતોની જેમ જ કાજીઓ-મૌલવીઓને સંબોધીને પણ કબીર કહે છે :

*(શબ્દ-૮૪)*
***સુન્નતિ કરાય તુરુક જો હોના,***
***ઔરત કો ક્યા કહિયે*** *।પ।*
***અર્ધશરીરી નારિ બખાની,***
***તા તે હિન્દુ રહિયે*** *।૬। (પૃષ્ઠ-૭૮૬)*

કબીર કહે છે, હે મૌલવી ! હે કાજી સાહેબ ! જો સુન્નત કરાવવાથી જ મુસલમાન થવાય, તો તમારી બીબીને શું કહેજો ? ।પ। તેમની તો સુન્નત થઈ શકતી નથી. પત્નીને પુરુષનું અડધું અંગ માનવામાં આવે છે, એ જોતાં તમારા બીબી (પત્ની) તો હિન્દુ જ રહે છે !।૬।

સંત કબીરની અમૂલખ ને મબલખ વાણીમાંથી લીધેલો આ તો થોડોક તેજાબ છે !

જીવનપર્યંત માનવસંસાર, તેનાં આચરણો, ધર્મના ઠેકેદારોના અવનવા ખેલ-પ્રપંચ, ચોતરફ ફેલાયેલ અજ્ઞાનરૂપી અંધકારનાં વાદળો, ધર્મનાં ઓઠાં હેઠળ થતી જીવહત્યાઓ, વિષયસુખ અને સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેતા સંસારીઓ, ધર્મગ્રંથોની અનર્થકારી આજ્ઞાઓ, માયાનાં બંધનો, સંસારીઓમાં જડ ઘાલી ગયેલી પરંપરાઓ, રૂઢિઓ, અંધશ્રદ્ધા-વહેમોથી લિપ્ત માનવજીવન અને ચોતરફ ફેલાયેલાં અસત્યોને જાણી લઈને, સંત કબીરે સર્વસામાન્ય માણસોને કેવળ અને કેવળ સત્યને માર્ગે લઈ જવાનો પ્રયાસ કર્યો છે. લોકો માટેની તેમની તેજાબી-તર્કસંગત વાણીને લોકો વચ્ચે બેસીને વહાવી છે સંત કબીરે.

સંત કબીર માને છે કે, પૃથ્વી પરના લાખો-કરોડો જીવોમાં એકમાત્ર માણસ જ તેની કલ્પનાશક્તિ અને વિવેકશક્તિને કારણે અન્ય તમામ જીવોથી ન માત્ર અલગ છે, સર્વશ્રેષ્ઠ પણ છે. આથી જ એમનો સંદેશ ભાન ભૂલેલા માનવોને સાચા રસ્તે દોરી જતો સાચો સંદેશ છે. કબીરનો સંદેશ-કબીરની વાણી, એમના અવતરણના ૬૦૦ ઉપરાંતનાં વર્ષો પછી પણ, સમસ્ત માનવજીવનને અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશ તરફ દોરી જવાને કારગત જો રહી છે, તો તેનું એક માત્ર કારણ છે, કબીરની વાણીમાં નિરૂપાયેલું સનાતન સમાનતાનું તાર્કિક સત્ય!

સંત કબીરની વાણીમાં પ્રયોજાયેલી ભાષા-શૈલી અત્યંત પ્રાચીન હોવાથી તેને સમજવાની અને તેનો અર્થ શોધવાની મુશ્કેલીઓનો સામનો આજે પણ વિદ્વાનો કરી રહ્યા છે. કિન્તુ કહેવું જોઈએ કે, સંત કબીરની વાણી- જે રમૈની, સાખી અને શબ્દરૂપે - જેમાં સંચય પામી છે તે દળદાર ગ્રંથ (૨ ભાગમાં વહેંચાયેલા) સદગુરુ કબીર સાહેબ વિરચિત 'બીજક'માં કબીર સાહિત્યના અનન્ય અભ્યાસુ અભિલાષ દાસે, પ્રાચીન ભાષાશૈલીમાં યોજાયેલા કબીર સાહેબના પ્રત્યેક શબ્દનો-સંત કબીરને અભિપ્રેત એવો અર્થ અને વ્યાખ્યા કરીને, કબીર સાહિત્યના અભ્યાસુઓ પર બહુ મોટો ઉપકાર કર્યો છે.

કબીર સાહિત્યના મર્મજ્ઞ અને અભ્યાસુ સંશોધક અભિલાષ દાસને પણ વંદન.

(સંદર્ભ : 'બીજક' (ભાગ-૧ અને ૨) અભિલાષ દાસ)

*'છાંયડો', પ્લોટ નં. ૧૬૮/૨,*
*સૂર્યનારાયણ સોસાયટી, સેક્ટર-૨૫,*
*ગાંધીનગર-૩૮૨૦૨૪.*
*મો. ૯૮૨૫૬૩૨૮૩૮*

# પાલનપુર રાજ્યના ઐતિહાસિક અજવાળામાં ચારણી સાહિત્યનું પ્રદાન

*- શિવદાન ગઢવી*

**કો**ઈ કુટુંબ, ગામ, રાજ્ય કે દેશનો પ્રાચીન ઈતિહાસ કંડારવામાં વાસ્તવિકતા બહાર લાવવી, તટસ્થતા જાળવવી, કોઈ મહત્ત્વની બાબત સરતચૂકથી પણ નોંધ્યા વિના રહી ન જાય તેનું પૂરતું ધ્યાન રાખવું તે ઈતિહાસકર્તા માટે ઘણું અઘરું છે. એમાંયે ભારત કે ગુજરાતના પ્રાચીન ઈતિહાસને સાકાર કરવા કેટલાંક મર્યાદિત સાધનો છે, તો પણ એ સાધનો દ્વારા પ્રાચીન સમયનાં અજવાળાં ચોક્કસ જોઈ શકાય છે.

મારા ધ્યાને ''પાલનપુર રાજ્યનો ઈતિહાસ'' નામક ગ્રંથ આવ્યો. ઝીણવટપૂર્વક તેનું અધ્યયન કર્યું. ઈતિહાસના લેખક રાજઘરાનાના વિદ્વાન લેખક અને સાહિત્યકાર છે, તેટલું જ નહિ તેમના લખાણમાં તટસ્થતા, વિનય, સાહિત્ય પ્રત્યેનો આદર અને ઐતિહાસિક વફાદારીનાં આભલાં ઝબૂકે છે. લેખકે ઈતિહાસમાં ચારણી સાહિત્યની કાવ્યવાણીના એવા તો તાણાવાણા ગૂંથ્યા છે કે વાચકને એનાં શબ્દચિત્રો હૂબહૂ જોવા મળે.

**ચારણ કવિઓ અને ચારણી સાહિત્યનાં પૂજન દરેક રજવાડામાં થતાં, પછી તે ક્ષત્રિય શાસક હોય કે મુસ્લિમ શાસક હોય તેવા ભેદ હતા નહિ. ક્ષત્રિયોના રાજદરબારે ચારણ કવિઓનો જેટલો માન મરતબો હતો તેટલો જ મુસ્લિમ શાસકોના રાજ્યમાં પણ હતો**

તા. ૧-૯-૧૯૧૩ના પ્રકાશન પામેલા આ ગ્રંથના સંપાદક-લેખક તાલેમહમદખાન છે. તે સમયે પાલનપુરના દીવાન તેમના પિતા હતા. ચારણ, મોતીસર કવિઓથી એમનો દરબાર ધબકતો હતો. તે બાદ તેઓ દીવાનપદે આવેલા.

રાજઘરાનાના આ કર્તાએ પ્રસ્તાવનાના અંતે મુકેલ શબ્દોમાં એમનામાં રહેલ વિનય, નમ્રતાનો અહેસાસ થાય છે. ગ્રંથનું પ્રકાશન પાલનપુરના દીવાને-પોતાના પિતા દ્વારા રાજ્યના ભંડોળમાંથી કરાવેલ છે. તેમના આ શબ્દો જુઓ ''સાહિત્ય સેવામાં મારો આ પ્રથમ પ્રયાસ છે. તેથી વાચકવૃંદ મારી ભૂલોને ઉદારતાથી દરગુજર કરશે.'' ઈતિહાસ કંડારવામાં એમણે જે સાધનોનો ઉપયોગ કરેલ છે તે પણ ટાંક્યાં છે. અંગ્રેજ વિદ્વાનો કર્નલ ટોડ અને ફોર્બસ જેવાઓએ પણ તે સાધનોનો મહત્તમ ઉપયોગ કર્યો છે. લેખકે જેના સંદર્ભો લીધા છે તેની વિગતો પ્રસ્તાવના અને ફૂટનોટમાં આપી છે તે પ્રમાણે તેમને ઉપલબ્ધ નીચેની બાબતો જણાવી છે. (૧) રાજ્યના બાદશાહી ઈતિહાસની છબીઓ (૨) ધર્મસંબંધી પુસ્તકોમાંની ઘટનાઓ (૩) ચારણો, મોતીસર, બારોટોના કંઠે પેઢી દર પેઢીથી રાજદરબારે સંભળાતાં કાવ્યો, છંદો, દુહાઓ, લોકકથાઓ વગેરે તેમજ ચારણ કવિઓની હસ્તપ્રતો (૪) સનદ, દાનપત્રો, તામ્રપત્રોના લેખો, ઈનામી ગામો અને તેના સંદર્ભની ઘટનાઓ. (૫) મુસ્લિમ ગ્રંથો- મિરાતે સિકંદરી, મિરાતે એહમદી, મિરાંતે આલમ, આઈને અકબરી, તૂઝક જહાંગીરી, મુન્તખબૂત તવારિખ વગેરે.



સમગ્ર ગ્રંથ વાંચતાં ચારણી સાહિત્ય અને ચારણ કવિઓનું આ માટે કેવું મહત્ત્વનું પ્રદાન છે તે વાચકોના ધ્યાને મૂકવું છે. રાજદરબારે અને લોકદરબારે ચારણ કવિઓનાં બેસણાં હતાં. તે સમયે મીડિયાની કે સમાચારપત્રોની અત્યારના જેવી બોલબાલા ન હતી. ચારણોનો લોકો સાથેનો ગાઢ સંપર્ક હતો. તેથી સાહિત્ય એમની નાભિમાંથી પ્રગટતું.

ચારણ કવિઓ અને ચારણી સાહિત્યનાં પૂજન દરેક રજવાડામાં થતાં, પછી તે ક્ષત્રિય શાસક હોય કે મુસ્લિમ શાસક હોય તેવા ભેદ હતા નહિ. ક્ષત્રિયોના રાજદરબારે ચારણ કવિઓનો જેટલો માન મરતબો હતો તેટલો જ મુસ્લિમ શાસકોના રાજ્યમાં પણ હતો. ચારણી સાહિત્યના લલકારે રાજદરબારો ગાજતા હતા. પાલનપુરના શાસકોએ વિવિધ તબક્કે વીસ જેટલાં ગામો ચારણોને બક્ષિસ કરેલાં (પાન ૨૯૭)

પાલનપુરના દીવાનો મૂળભૂત રીતે ''વિહારી પઠાણો'' હતા અને રાજસ્થાનના ઝાલોરમાંથી એમનું વંશવૃક્ષ ઊગીને પાલનપુરમાં ફૂલ્યું ફાલ્યું છે. પાલનપુરના રાજકર્તાઓ ''દીવાન''થી જાણીતા બનેલ છે તેમને રાજપૂતો, ક્ષત્રિયો સાથે ઘનિષ્ઠ સંબંધો

હતા. રજવાડાંના સમયે ચારણો માત્ર કવિઓ ન હતા તેઓ યુદ્ધવીરો અને કુનેહબાજ પણ હતા. નીતિમત્તાને તેઓ અગ્રસ્થાન આપતા. આવા કારણે રાજ્યની ગાદી માટેના હક્કદારને રાજ્ય પ્રાપ્ત થાય તે માટે માથાં મૂકીને કામ કરેલા છે. લેખકે એની નોંધ લીધી છે. તાલેમહમદખાન રાજઘરાનાના હોવાથી લેખક અને સંપાદનને એમણે ઝીણવટભર્યો ન્યાય આપ્યો છે તેમણે ગૌરવથી નોંધ્યું છે કે, ચારણો ઈતિહાસના સંપાદકો છે. લેખક જણાવે છે કે, તેમનું ખાનદાન પરાપૂર્વથી ચારણી સાહિત્યનું રસિક અને પૂજક છે. આવા કારણે તો ઈડરના રાજકવિ સાંયાજી ઝૂલાના "નાગદમણ" નામક ગ્રંથનું પ્રકાશન રાજ્ય ભંડોળમાંથી કરવા રાજકવિ હમીરદાન મોતીસરને સામેથી જણાવેલું. (હમીરદાન જન્મ ઈ.સ. ૧૯૦૨, અવસાન ઈ.સ. ૧૯૬૪) લેખક- સંપાદકે ચારણી સાહિત્યની આ ઐતિહાસિક સામગ્રી મેળવવા એક યુનિવર્સિટી જેટલું કામ કરે તેટલો શ્રમ કર્યાનું મહેસૂસ થાય છે. એમણે ભલે ઝાલોર, પાલનપુરને સંબંધકર્તા રચનાઓ મેળવી હોય તેમ છતાં તેમાં ગુજરાતના અન્ય પરગણાના તાણાવાણા ગૂંથાયા છે. તેથી તે કામ સુવર્ણસેતુ જેવું છે. એની નોંધ લેતાં ચારણી સાહિત્ય પ્રત્યે આદર ધરાવનાર સહુ કોઈને ગૌરવ થશે.

મલેક ખુરમખાને ઝાલોરમાં ઈ.સ. ૧૩૯૪માં ગાદી સ્થાપી તેથી ચારણ કવિઓ પાસેની તેમના રાજ્યને સંબંધકર્તા હસ્તપ્રતોનો રાજ્યનો ઉતારો કરી લાવવા વિદ્વાન મોતીસર કવિ સરૂપજીને રાજના ખર્ચે ઝાલોર મોકલેલા, પાલનપુરના ગામોમાંથી ચારણો પાસેની હસ્તપ્રતો મેળવી તેના ઉતારા કરાવેલા.

**ચારણો પાસે ઘણી પ્રાચીન હસ્તપ્રતો છે તેમાંથી કેટલીક તો ઉધઈ ખાઈ ગયેલી હતી, અન્ય તો પાણીથી ધોવાઈ ગયેલી છે ! પાલનપુર રાજ્યને સંબંધર્તા મુખ્ય ચોપડો તો બળી ગયેલો હતો !**

**લેખકે શું નિહાળ્યું ?**

લેખક-સંપાદકે જોયું કે ચારણો પાસે ઘણી પ્રાચીન હસ્તપ્રતો છે તેમાંથી કેટલીક તો ઉધઈ ખાઈ ગયેલી હતી, અન્ય તો પાણીથી ધોવાઈ ગયેલી છે ! પાલનપુર રાજ્યને સંબંધર્તા મુખ્ય ચોપડો તો બળી ગયેલો હતો !

આમ છતાં તેમણે પાલનપુર, ઝાલોરમાંથી સાતસોથી આઠસો કાવ્યો ઉપલબ્ધ કર્યાં. આ ગ્રંથમાં તો ઘણાં ઓછાં કાવ્યોનો ઉપયોગ થયેલ છે. જૈન સાહિત્ય રક્ષિત બની શક્યું. ચારણી સાહિત્ય રાજદરબારે જ થોડું ઘણું પ્રકાશન પામ્યું. ગુજરાતી ભાષામાં ઈતિહાસ આલેખવામાં લેખકનો ચાર-પાંચ વરસોનો શ્રમ મહેસૂસ થાય છે. તેઓ લખે છે કે, "ચારણો અને ચારણી સાહિત્યના તેઓ પૂજક હતા. ચારણ કવિઓ તેમને અવારનવાર મળતા. હું તેમનાં કાવ્યો સાંભળતો, ચર્ચામાં ઊતરતો. જેમ જેમ હું ચિત્ત લગાડી વધારે સાંભળવા લાગ્યો તેમ તેમ મને તે કાવ્યોનું વિશેષ મહત્ત્વ માલુમ પડ્યું."

ચારણો પ્રાચીન સમયના ઈતિહાસના સંપાદક ગણાય છે. જો કે તેમનાં કાવ્યોમાં ક્યાંક અતિશયોક્તિ છે, પરંતુ હિંદનો ઈતિહાસ આવાં સાધનોએ જ પૂરો પાડ્યો છે. આ બાબતે ચારણો ઠપકાપાત્ર નથી જ. અતિશયોક્તિ અલંકાર કંઈક અંશે કાવ્યમાં જરૂરી છે." ગ્રંથના પ્રૂફ વાંચનમાં પણ ચારણોના દેવરાસણ નામના ગામેથી (મહેસાણાથી ૭ કિ.મિ. નું અંતર) મોતીસર લખાજી કાનજીને બોલાવેલા હતા.

મુસ્લિમ રાજકર્તાઓ ચારણી સાહિત્યમાં રહેલ કાવ્યવાણીના પોષક અને પ્રોસ્તાહક બનતા આવ્યા છે. રાવ લખપતે ભૂજમાં વ્રજ ભાષાની પાઠશાળા ખોલાવેલી. (ઈ.સ. ૧૭૪૯) હાલની સરકારે ચારણી સાહિત્યની હજારો હસ્તપ્રતોને પ્રકાશનમાં લાવવાના મુખ્ય આશયથી સૌરાષ્ટ્ર યુનિ.માં રાજકોટ મથકે મેઘાણી કેન્દ્રનો પ્રારંભ કર્યો છે, જે આવકારદાયક છે. મૂળ આશય ઉજાગર થઈ રહેતાં આપણી મહામૂલી સાહિત્યિક વિરાસતનું જતન થશે.

લેખકે પાલનપુર ઈતિહાસના પ્રથમ ભાગમાં દરેક પ્રકરણમાં વિવિધ આધારો સાથે ચારણી સાહિત્યનો સુપેરે ઉપયોગ કર્યો છે. બે પંક્તિના દુહા કે છ પંક્તિના "કવિત"માં વર્ણવેલી ઘટના વાચકને તે સમયની સામાજિક પરિસ્થિતિની ગતિવિધિમાં અવગાહન કરાવે છે. છસ્સો વરસો પૂર્વેના સમયથી રજવાડાંના શાસન સુધી આપણે ત્યાં કોઈ કમોવાદ ભભૂકતો ન હતો. હા, મહમદઘોરી, મહમદ બેગડો, ઔરંબઝેબ જેવા ધર્માંધ બાદશાહે બળજબરીથી ધર્મપરિવર્તનો કરાવેલાં હતાં. આમ છતાં બધા જ મુસ્લિમ શાસકો તેવા ન હતા. આપણે સહુ જાણીએ છીએ કે તા. ૧૮-૬-૧૫૭૬ના હલદીઘાટમાં અકબર બાદશાહના લશ્કર સાથેના યુદ્ધ ટાણે રાણા પ્રતાપના લશ્કરી સેનાપતિ હકીમખાન સૂરી હતા જે મુસ્લિમ હતા તો બીજી તરફ અકબરનો વાવટો ફરકતો રાખનાર તેમના લશ્કરના વડા માનસિંહ ક્છવાહ હતા જે આમેરના(જયપુર) રાજપૂત રાજવી હતા.

પાલનપુરના રાજવીનું મૂળ સ્રોત ઝાલોર હતું. ઈ.સ. ૧૩૯૨માં ઝાલોરની ગાદી ઉપર આવેલા. તે વિહારી પઠાણોના વંશજો હતા. તેમના વંશના ઉસ્માનખાને મુસલમાની ધર્મનો મહોદવી પંથ અખત્યાર કરેલો. પ્રથમ

ગાદી ઝાલોરમાં સ્થાપેલી હોવાથી રાજપૂતોના રિવાજો, રૂઢિઓ, રાજકવિ સ્થાપવા વગેરે તમામ પ્રથા પરંપરાગત રીતે ઊતરી આવેલી. નવરાત્રિ ઉત્સવ ઉજવતા, પૂજા થતી હતી, હિંદુ મુસ્લિમ ઐક્યતા પ્રબળ હતી. તેમના ત્યાં વ્યક્તિમાં રહેલી બુદ્ધિશક્તિ, કુનેહનો આદર થતો હતો.

ઉસ્માનખાન(ઈ.સ. ૧૪૬૧-૧૪૮૪) દીર્ઘદૃષ્ટિ, કુનેહબાજ અને શક્તિશાળી હોવાથી મહમદ બેગડાએ ઝાલોર, સાંચોર અને ભીનમાળનાં પરગણાં પણ એનાયત કરેલાં. તેટલું જ નહિ તેમના વડીલોના ખિતાબ આગળ "ઝુબ્દ" શબ્દ મૂકતાં ઝુબ્દ-તુલ-મુલક કહેવાયા. પછીથી "ઝબદલ" તરીકે ઓળખાયા. ચારણ કવિઓએ અપભ્રંશ કરી કાવ્યોમાં "જબદલ" શબ્દ વાપર્યો. જુઓ આ કવિતા

*ગજેન્દ્ર કાલેટી ગામ- સતન સેલાર સમપે;*
*લાખપસા કવગ્રેહ, એમ ઈસપ હર અપ્પે.*
*તણ દીહ ભૂપ જબદલતકે, તોરણ ઘોડો કરદીયાં;*
*કર ગ્રહે કરબ કે કલહટને, થર કર બારટ થાપિયો. (પાન-૧૫)*

ઉસ્માનખાને પોતાની દીકરીની વિવાહ પ્રસંગે તેની ખુશાલીમાં ગોપાજી નામના ચારણોની કળહટ શાખાના ચારણ કવિનું લાખપસાવ આપી સન્માન કર્યું. જેમાં એક "ઉત્તમ હાથી, કલોંટી ગામ, તોરણ ઘોડો આપ્યો અને પોતાના બારોટ-રાજકવિ તરીકે સ્થાપ્યા. જ્યારે દીવાનના વંશજોની ગાદી ઝાલોરથી પાલનપુર થતાં ચારણો પણ તેમની સાથે આવેલા અને આગળ જણાવેલ વીસ જેટલાં ગામો પાલનપુર રિયાસતમાં વિવિધ તબક્કે બક્ષિસ કરેલાં.

**અખેરાજના મોઢેથી ચારણ કવિઓએ સત્ય પરંતુ આવાં સળગતાં તેવરમાં વ્યંગાત્મક રીતે કાવ્યો બોલતાં કરાવ્યાં છે. એમાં વેરના બદલાની ઐતિહાસિક ઘટનાનો ઇતિહાસ છતો થયો છે**

ઉસ્માનખાન ન્યાયી, રૈયતના પાળનાર, ધર્મના નામે પોતાના રાજ્યની પ્રજાને ક્યારેય દુઃખ પહોંચાડનાર ન હતા. તેમના ઔદાર્ય અંગે કવિ ગોપાજી ચારણે સજીવારોપણ અલંકાર સર્જતો, બે પંક્તિનો કેવો દુહો રચેલ છે. તે સાંભળો.

*જબદલરે જશ દીકરો, મરે ન બુઢો થાય;*
*સુમાંને સો દીકરા, અવતર મરમર જાય. (પાન-૧૭)*

જબદલને "યશ" નામનો એવો દીકરો છે કે, "એ ક્યારે મરતો નથી તેમજ એને ઘડપણ પણ આવતું નથી. બીજી બાજુ કંજૂસના સો દીકરા હોવા છતાં અવતરીને જ મરી જાય છે." બીજા આ દુહામાં પણ સજીવારોપણ અલંકાર સાથે વર્ણાનુપ્રાસના ચોટદાર શબ્દોએ "દીવાનના" ઔદાર્યની છબી કંડારી છે.

*જબદલ જહ તણીયું, ઘાટુજકા ઘડાવિયું;*
*ઝાંપે ઝણકતિયું, દીસે દાતારાં ઘરે.*

(જ્યાં જબદલ દીવાને જશના ઘાટ જ એવા ઘડાવ્યા છે કે તે ઘરેણાંનો અવાજ ઝાંપેથી જ ઝણકી રહ્યો છે.

ઉસ્માનખાનના પૌત્ર બુઢનખાને શિરોહીના રાવ અખેરાજના પિતા જગમાલને ખંડિયા રાજા બનાવતાં બૂઢનખાનના પુત્ર મુઝા મલેકને (શાસન સમય જી. ઈ.સ. ૧૫૦૬-૧૫૧૦) તક શોધી કેદ કર્યો ત્યારે મુઝા મલેકે અખેરાજને "છળકપટવાળા" કહેતાં, અખેરાજે ચારણી સાહિત્યમાંનું નીચેનું કવિત સંભળાવ્યું. લેખકે તટસ્થતાથી તેનું સંપાદન કર્યું છે.

*કુટળ તેરા બાપ, જેણે શિરોહીકુટી'*
*કુટળ તેરા બાપ, જેણે પાટણહી લૂટી.*
*કુટળ તેરા બાપ, જેણે ધુંબડા ધપોયાં;*
*કુટળ તેરા બાપ, જેણે બાહડ ઘટબોયાં.*
*કુરિયાતીઆં કોટાંઘઢાં, ખગાંહથ વાહેખરાં;*
*મોં કુટળ મ કહે મુંજા મલેક, કુટળ તું કણીયાગરા. (પાન-૨૩)*

(અખેરાજને મુંજા મલેકે કપટી કહેતાં તે સામે આક્રોશ વ્યક્ત કરતા જણાવે છે કે, કુટનીતિવાળા તો તારા પિતા હતા જેમણે શિરોહીને કૂટનીતિથી કબજે કરી, પાટણ લૂટ્યું, નાનાં ગામોને અસર કરી, બાહડ ગઢ લીધો, હે મુંજા મલેક ! મને પ્રપંચી ના કહીશ, તું પ્રપંચી છે. તું તો અનાજનો વેપારી છે!

અખેરાજના મોઢેથી ચારણ કવિઓએ સત્ય પરંતુ આવાં સળગતાં તેવરમાં વ્યંગાત્મક રીતે કાવ્યો બોલતાં કરાવ્યાં છે. એમાં વેરના બદલાની ઐતિહાસિક ઘટનાનો ઈતિહાસ છતો થયો છે.

બાદશાહ જહાંગીરે વિહારી પઠાણો પાસેથી ઝાલોરનો ગઢ હડપ કરવા ફતે-ઉલ્લાં બેગને લશ્કર સાથે મોકલેલ, પરંતુ ઝાલોરીઓ તેના લશ્કર ઉપર તૂટી પડતાં તેની હાર થઈ. આ નામોશી ભરેલી હારથી બાદશાહ જહાંગીરે રાઠોડ ગજસિંહના પુત્ર શૂરસિંહને ભારે લશ્કર સાથે મોકલેલ. જેની સામે ઝાલોરના મુસ્લિમ, રાજપૂત વગેરેએ વિહારી પઠાણો સાથે કેસરિયાં કરેલાં. આ સંગ્રામમાં ચારણ કવિ શંકરજી કલોટ, તાજુજી ચૌહાણ, અબુજી તુંવર, અબદલખાન, સાલાહખાન વગેરેએ જાન ગૂમાવેલા. શુરસિંહ પાસે વિશાળ સૈન્ય હતું તેમ છતાં ઝાલોરીમાં ફૂટ થતાં ગઢનો કબજો તેમની પાસેથી જતો રહ્યો અને રાઠોડો પાસે આવ્યો.

જોધપુરના ચારણ કવિ જાદુદાને આ રણસંગ્રામનું ચારણી કાવ્યમાં હૂબહૂ ચિત્ર ખડું કર્યું છે. ''નિશાણી'' નામક છંદની બસ્સો જેટલી પંક્તિઓમાં યોદ્ધાઓનાં નામો, ફાટફૂટ અને ઝાલોરીઓએ કરેલ કેસરિયાંની ખુમારી સમગ્ર કાવ્યવાણીમાં સાંભળવા મળે છે. (ઇ.સ. ૧૬૧૭-૧૮) આ છંદની કેટલીક પંક્તિ જોઈએ. (પાન ૬૨થી ૭૧ પૈકી)

*તો બીચ જાળંધર દુરંગ, બંકા તુરકાણાં;*
*રણબંકા, વેહારિયાં, ગઢ વંકા સહપ્રાણાં.*
*તેણ પહાડે પહાડખાં, અણભંગ દીવાણાં;*
*આપ વેહારી ઉડણો, ચલતો અસમાંણાં,*
*ગરહર ત્રંબક વાજીયા, અનહદ નીસાણાં.*
*રણબંકા બેહારિયાં, મરણો આપણાં,*
*જાલોરી ગઢ પીઠદે, લે થાટ જવાંણાં.*

ઝાલોરનો કિલ્લો રણવીર વિહારી પઠાણોના કબજામાં હતો જે એમના પ્રાણ સમાન માનતા. પહાડખાન નામના અપરાજિત દીવાન તેના શાસક હતા. કવિએ ''અણભંગ'' શબ્દ વાપરી એની શક્તિ દર્શાવી છે, ચારણ કવિ કહે છે કે, પહાડખાન પોતે જ પોતાનો વેરી બન્યો ! એ જાણે આકાશમાં ઊડતો હતો. ત્યાં તો યુદ્ધનાં ઘોર નગારાં વાગ્યાં, ઝાલોરની ધરતી માથે ઉપદ્રવ ઊઠ્યો. દિલ્હી પતિ બાદશાહ પહાડખાન ઉપર કોપાયમાન થયો.

**તે સમયે હિંદુ-મુસ્લિમ જેવું ન હતું. ઝાલોરમાં વસતાં તમામ લોકોની એ માતૃભૂમિ હતી અને માતૃભૂમિ માટે મરી ફીટવાનો મંત્ર કવિએ આ દુહામાં ગર્જના કરતો કર્યો છે**

જ્યારે જગસિંહ રાઠોડે ઝાલોર ઉપ આક્રમણ કર્યું તેના બીજા દિવસે ઝાલોરીઓ એકઠા થયા અને કેસરિયાં કરવાનો નિર્ણય કરી પોતાના ચારણ કવિ દ્વારા ગજસિંહને કહેરાવ્યું. ગજસિંહ શરણે થવાની કરેલ હાકલ તેમજ ગઢ સોંપવાનો વિરોધ કરતો દુહો ગજસિંહના કાને સંભળાવ્યો.

*આભ ફટે, ઘર ઉલટે, કટે બકતરાં કોર;*
*પ્રાણ પલટે પીંડ પડે, જદછુટે ઝાલોર. (પાન-૬૦)*

આભ ફાટે, ધરતી ઉલટસુલટ થાય, ભીડ્યાં બખતરોની કોર તૂટે, શરીરમાંથી પ્રાણ જાય તો જ ઝાલોર અમારી પાસેથી છૂટશે. તે સમયે હિંદુ-મુસ્લિમ જેવું ન હતું. ઝાલોરમાં વસતાં તમામ લોકોની એ માતૃભૂમિ હતી અને માતૃભૂમિ માટે મરી ફીટવાનો મંત્ર કવિએ આ દુહામાં ગર્જના કરતો કર્યો છે.

લેખકે ઔરંગઝેબનું ચરિત્ર વર્ણન કરતાં નોંધ્યું છે કે, 'તે ધર્મઝનૂની હોવાથી બીજા પંથના લોકોને બહુ દુઃખ દેતો, તેના હજુરિયા તેને પ્રિય લાગે તેવું બોલતા, (પાન-૭૯) અકબર અને શાહજહાંએ તેમના રાજ્યના ઝઘડા રાજપૂતોની મદદથી જ શાંત કર્યા હતા.(પાન-૮૯)'

કવિએ જોગાજીમાં રહેલ બળને ન્યાય આપી તેનું ચરિત્રવર્ણન કર્યા પછી પાલનપુર દીવાન ફતેહખાનની છબી કંડારતાં જણાવે છે કે,

*ફતેહખાનન ફોંજાસજી, તુ આગે અણભંગ;*
*તેં કીધો કણીયાગરા, જોગાંસુ રણજંગ.(૧૬)*

ફતેહખાન પણ અજય રહેલ છે અને ફોજ સજીને ચડાઈ કરે છે. ચારણ કવિએ તેમના જ રાજ્યમાં ફતેહખાનને તો ''કણીયાગરો'' જ કહ્યો છે ! (વિહારી પઠાણો અનાજના વેપારી હતા તેથી તે શબ્દ વાપર્યો છે.) તે જોગાજી સાથે રણજંગ માંડ્યો છે. જોગીજીના મુખે કવિ ગર્વ ભર્યો દુહો ફતેહખાનને સંભાળાવે છે.

*સું વંચે ફતેહ નવાબ સુ, કર ધૂણે કેવાણ;*
*જુધ મુજ આગળ જોરવર,લ કુંણ રાવળ કુણ રાણ.(૧૭)*

(હે ફતેહખાન! તું તરંગોમાં રાચીશ નહિ, મારી પાસે જોરાવર ક્ષત્રિયો, રાવળ અને રાણા બધા જ છે.)

*બરદાઈ દાદો વડો, ખાનહુંઓ ખંધાર;*
*જીણ શક્તિ પર સાધીયા, અરબાળોય અપાર. (૧૮)*

(જોગાજી, તું પણ સાંભળી લે, ખંધારમાં બિરુદો ધરાવતો મારો દાદો થઈ ગયો છે. એની શક્તિ ઉપર અમે અપાર આરબોને સાધ્યા છે.)

ચારણ કવિએ બંને બળવંતોની શક્તિનાં લેખાં જોખાં દુહાઓમાં વ્યક્ત કર્યા છે.

*લે બીડો ફરમાણ લે, જુધ કરવા જણવાર;*
*ધરપત ઉપર વાવધર, બળ ભરિયો બેહાર.(૩૪)*

દિલ્હીમાં ઔરંગઝેબનું શાસન હતું અને ગુજરાતના સૂબા તરીકે મીર અમી મહંમદ હતો, ત્યારે પાલનપુર દીવાન ફતેહખાન(પહેલો) ગાદી ઉપર હતા. ગુજરાતના સૂબાની સ્થિતિ હાલકડોલક જેવી હોવાથી કેટલાયે જાગીરદારોએ નજરાણું આપવાનું બંધ કરેલું. સૂબાએ આ કામ ફતેહખાનને સોંપેલું તે ઘટનાને આવરી લેતા દુહાઓમાં જાગીરદારો કોણ કોણ હતા ? એમની શક્તિ, ફતેહખાને કઈ રીતે નજરાણું મેળવ્યું, તેને જે તે ટાણે ચારણ કવિએ આ રીતે વણી લીધા છે.

*ગઢપત વંકો વાવે ગઢ, જોગોરાંણ જડાગ;*
*એક વસે આખાડસીધ, ખળાં ખપાવણખાગ.(૭)*

(હાલના બનાસકાંઠા જિલ્લામાં આવેલા વાવના જાગીરદાર જોગારાજ ચૌહાણ રાજપૂત હતા. એનામાં

તલવારનું ભારે બળ હતું જેના દ્વારા લોકોને તાબે કરતો.)

*રાણા પિતામહ ભોજરાજ, આગ લગે અજીત;*
*ભારથ ઈસો ભંજીયો, વઢ દોયવાર વદીત.(૮)*

(જેમના પિતામહ ભોજરાજ એવા શક્તિશાળી હતા કે ફતેહખાન સાથેના યુદ્ધ પૂર્વે કોઈથી જીતી શકાયેલ નહિ. એણે બે વાર યુદ્ધો કરેલાં અને જીત મેળવેલી.

*જોગરાજ જસરાજસુ, ભડ જૂટ્યો ભારાથ;*
*રાંણો રોદ્રાલાંતણો, હેક ન આવે હાથ. (૧૧)*

(જસરાજની જેમ ભડવીર જોગરાજ ઝઝૂમ્યો રોદલાંનો આ એક જ રાણો હાથમાં આવતો ન હતો.)

*પેશક્સી પરઠે નહિ, દએ ન સારે દામ;*
*કલાહરો પાધર કરે, સુરાંશુ સંગ્રામ.(૧૨)*

જોગરાજ ગુજરાતના સૂબાને પેશક સી-ખંડણી આપતો ન હતો, પૂરાં નાણાં ચૂકવતો નહિ. શૂરવીરોથી એ સંગ્રામ કરતો હતો. ફતેહખાને ગુજરાતના સૂબાને મહમદ મીરના બીડાનું ફરમાન લઈને વાવના ધણી ઉપર આક્રમણ કર્યું. કવિએ તે સમયે ગુજરાતનો સૂબો મહમદમીર અને બાદશાહ ઔરંગઝેબ ગાદીપતિ હતો તેમ પ્રથમ દુહામાં જણાવ્યું છે. ચારણી સાહિત્યના ૫૧ દુહા, ૧૪૯ જેટલી ભુજંગી છંદમાં પંક્તિઓનો સમાવેશ કરીને પાલનપુર રાજ્યની નાનામાં નાની ઘટનાને ઐતિહાસિક મ્હોર મારી છે. સંપાદકે દુહાઓનું અર્થઘટન કરેલ નથી જે અમોએ કરેલ છે. કેટલાંક અપભ્રંશ શબ્દો પણ જોવા મળ્યા છે. (પાન ૧૦૬ થી ૧૨૪)

પાલનપુરની ગાદી ઉપર દીવાન શેરખાનને બેસાડવામાં આણંદરામ ચારણનો મહત્ત્વનો ફાળો હોવાથી તેમને મોટેટા નામનું ગામ બક્ષિસ કરેલું. (પાલનપુર નજીકમાં)

શેરખાનના શાસન સમયે (ઈ.સ. ૧૭૮૫-ઈ.સ. ૧૭૯૨) ત્યાંના કેટલાક વજેદારો, ઠાકોરો, જાગીરદારોએ બળવો કરવાના ઈરાદે ''ગોળા'' નામના ગામે એકઠા થયા અને જાગીરદાર મુઝાહિદ-ખાનનો આશરો લેતાં શેરખાને ગોળા ગામ ઉપર તોપોનો મારો ચલાવ્યો. કાકા ભત્રીજા વચ્ચે રણસંગ્રામ ખેલાયો. મુઝાહિદખાને એક ચારણ દ્વારા સંદેશો મોકલ્યો. ચારણી સાહિત્યમાં સોરઠા સ્વરૂપે જણાવ્યું કે,

*ગોળા ઉપર ગોળા, મત નાખો શેરામીયાં;*
*એ તો ડાકણરા ડોળા, ભરખી જાશે ભાંખરી. (પાન-૨૫૨)*

શેરખાને સંદેશો કાને ધર્યો નહિ. મુઝાહિદખાનને મરાઠાઓની મદદ મળતી હતી. શેરખાને તેમને ભગાડ્યા. મુઝાહિદખાન વૃદ્ધ થતાં તેમના દીકરા ઉસ્માનખાને ગોળા ગામનો વહીવટ હાથમાં લીધો. ખર્ચ વધી જતાં તેમના સૈન્યમાં કાપ મૂક્યો. ત્યાંથી છૂટા થયેલા માણસો શેરખાનના પક્ષમાં ગયા. શેરખાને આવી તકનો લાભ લઈ ગોળા ગામની સીમમાં એક યા બીજા બહાને પ્રવેશ કરતાં ઉસ્માનખાન અને બંને વચ્ચે યુદ્ધ થયું. શેરખાને ગોળા ગામને ભાંગીને વેરણછેરણ કરતાં મુઝાહીદખાન ઈડર તરફ ભાગ્યો. ચારણ કવિએ પરિસ્થિતિ નિહાળીને વ્યંગાત્મક દુહો ગાજતો કર્યો.

*ગોળારી ગાગર કરી, વાસ્યો તેં ગઢ શેર;*
*જે નર બેહસાં મારતાં, વનવન દીધાં વેર.*

ચારણી સાહિત્યમાં ચમત્કૃતિ સર્જતો આ વ્યંગાત્મક દુહો કેવળ સમાચારનું કામ કરતો નથી પણ બણગાં ફૂકનારાંનું કેવું પરિણામ આવે છે તે સૂચવે છે. ''દુહાનો અર્થ ભલે સાદો રહ્યો પણ તેમાં ઘણું કહેવામાં આવ્યું છે. શ્લેષ અલંકાર સર્જ્યો છે. અહીં ''ગોળા'' ને દ્વિ અર્થમાં લીધો છે. ગોળો એટલે પાણી ભરવાનું મોટું માટલું, તેમજ બીજો અર્થ ''ગોળા'' નામનું ગામ. ગોળાની ગાગર કરી (માટીનું નાનું વાસણ- મોરિયો.) તે જગ્યાએ શેરગઢ નામનું ગામ વસાવ્યું. જે માણસો બડાશો મારતા હતા એ દરેકને વેરણછેરણ કરી નાખ્યા, ચારણી સાહિત્યના રચયિતાઓ જે તે સમયે જ કાવ્યરચનામાં ઈતિહાસ આલેખ્યો છે તેથી તે વાસ્તવિક્તાથી ઘણો નજીક છે.

**ચારણી સાહિત્યમાં ચમત્કૃતિ સર્જતો આ વ્યંગાત્મક દુહો કેવળ સમાચારનું કામ કરતો નથી પણ બણગાં ફૂકનારાંનું કેવું પરિણામ આવે છે તે સૂચવે છે. ''દુહાનો અર્થ ભલે સાદો રહ્યો પણ તેમાં ઘણું કહેવામાં આવ્યું છે. શ્લેષ અલંકાર સર્જ્યો છે.**

*૩૭-શાકુંતલ બંગ્લોઝ,*
*સત્તાધાર ચાર રસ્તા પાસે,*
*સોલારોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧*
*મો. ૯૮૨૫૦૭૮૯૧૭*

# અધ્યાત્મની જીવનમાં આવશ્યકતા

*- પરમાનંદ મા. ગાંધી*

**મા**નવી સ્વભાવનો વિચાર કરીશું તો જણાશે કે પ્રત્યેકને સુખી થવું છે, દુઃખી થવું કોઈને ગમતું નથી. પણ પ્રત્યેકની સુખની સમજણ જુદી જુદી છે. તેના ગમાઅણગમા પણ જુદા જુદા છે અને તેના ગમા મુજબ ઈચ્છા મુજબ તે વસ્તુ પ્રાપ્ત કરવા તે સતત પ્રયત્નશીલ હોય છે. તે પ્રાપ્ત થતાં તેને આનંદ થાય છે અને તે વસ્તુ પ્રાપ્ત ન થતાં તે દુઃખની લાગણી અનુભવે છે. વાસ્તવમાં, તે સુખ વસ્તુમાં હોતું નથી. વસ્તુ તો જડ છે. તે માનવીને સુખી યા દુઃખી કેમ કરી શકે ? તો તે સુખ યા દુઃખનો અનુભવ માનવીનું મન કરાવે છે !

પરંતુ, મન ખૂબ ચંચળ છે. તેના ઉપર નિયંત્રણ મૂકવામાં ન આવે તો ભોગાસક્ત બની જઈ માનવીના અધઃપતનનું કારણ બને છે.

તે કઈ રીતે બને છે તેના સંદર્ભમાં કઠોપનિષદમાં એક રૂપક દ્વારા મનનીય વિચારણી કરી છે.

आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु ।
बुद्धिं तु सारथिं विद्धि मनः प्रगहमेव च ॥
(કઠો. ૧/૩)

ईन्द्रयाणि हयानाहुर्विषयांस्तेषु गोचरान् ।
आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुमनीषिणः ॥
(કઠો. ૧/૪)

યમરાજ નચિકેતાને ઉદ્દેશીને કહે છે, 'તું શરીરને એક રથ સમજ અને જીવાત્મા એ રથનો સ્વામી તેમાં બેઠો છે. બુદ્ધિને સારથિ સમજ અને મનને લગામ સમજ. ઈન્દ્રિયોને રથના ઘોડાઓ સમજ. વિષયો તે ઘોડાઓને દોડવાના માર્ગ છે. તથા શરીર, ઈન્દ્રિયો અને મન- એ બધામાં રહેનારો જીવ તે વિષયોને ભોગવે છે.'

પરમકૃપાળુ પરમાત્માએ માનવીને સર્વસાધન સંપન્ન શરીરરૂપી સુંદર રથ આપ્યો છે. તેને ચલાવવા બળવાન ઘોડાઓ આપ્યા છે. મનરૂપી લગામ લગાડીને તેને બુદ્ધિરૂપી સારથિના હાથમાં તે લગામ સોંપી છે અને જીવાત્માને તે રથમાં બેસાડી તેનો સ્વામી બનાવી કહ્યું, 'કે તું બુદ્ધિને પ્રેરણા આપતો રહેજે કે તે રથને પરમાત્મા તરફ લઈ જાય.' કારણ કે માનવીનું અંતિમ લક્ષ્ય તો તેને જ પ્રાપ્ત કરવાનું છે ને ?

પરંતુ મોહવશાત્ જીવાત્મા તે ભૂલી ગયો, બુદ્ધિને પ્રેરણા આપવાની જવાબદારી ચૂકી ગયો. પરિણામે બુદ્ધિરૂપી સારથિ અસાવધ થઈ ગયો. મનરૂપી લગામ ઉપરની તેની પકડ ઢીલી થઈ ગઈ અને ઈન્દ્રિયોરૂપી ઘોડાઓ ઉપરની લગામ ઢીલી થતાં, ઘોડાઓ તેમની ઈચ્છા મુજબ વિષયો તરફ દોડવા લાગ્યા.

જીવાત્મા ઈન્દ્રિયોના તાબામાં આવી શબ્દ, સ્પર્શ, ઈત્યાદિ વિષયોના સંસારચક્રમાં ભટકતો રહ્યો. અર્થાત્ તે જીવાત્મા શરીર, ઈન્દ્રિયો તથા મનના સહયોગથી ભગવાનને પ્રાપ્ત કરી શક્યો હોત પણ તે કરી ન શકતા તેની અધોગતિ થઈ.

તો પહેલી વાત આ અધોગતિમાંથી બચવા માટે માનવીએ તેના મનને ઈશ્વરાભિમુખ કરવું જરૂરી છે. તેમ કરવાથી માનવીની સાંસારિક આસક્તિ ઓછી થશે. તદુપરાંત માનવીએ ઉપલબ્ધ કરેલા ભાગોને ભગવાને આપેલી પ્રસાદી તરીકે સ્વીકાર કરવો જોઈએ. એટલું જ નહીં, પણ તે જે કાંઈ ભોગો ભોગવે છે, તે ઈશ્વરની શક્તિથી ભોગવે છે એ સમજણ કેળવવી જોઈએ અને પ્રત્યેક ભોગ ભોગવતી વખતે આ સમજણનું તેને અહર્નિશ સ્મરણ રહેવું જોઈએ.

**એ જાણવું જરૂરી છે કે જે મનથી માનવી ઉપાસના કરે છે તે મન, અંતઃકરણના મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર- એ ચાર ઘટકોમાંનું એક છે. તેથી તેને સતત કાર્યમાં પ્રવૃત્ત રાખવું જરૂરી છે. પણ તે વિકાસાર્થ હોવું જોઈએ**

બીજી વાત, આત્માની એકાગ્રતા માટે મનને શુભ કાર્યમાં જેવી કે પ્રભુની સેવાપૂજામાં ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. નિસ્પૃહભાવથી તેને જીવનની સાધના સમજી ઉપાસના કરવી જોઈએ. આમ કરવાથી ધીરે ધીરે મનની ચંચળતા ઘટતી જશે અને જેમ જેમ તે વિશુદ્ધ થતું જશે તેમ તેમ નિઃસંકોચપણે માનવી આત્માની અનુભૂતિ કરી શકશે.

પરંતુ, તે માટે માણસે નિરંતર આત્મ-નિરીક્ષણ કરવાની - સ્વનું અધ્યયન કરવાની Self Introduction કરવાની ટેવ પાડવી જરૂરી છે, કે જેથી માનવીના ધ્યાનમાં આવે કે તેના મનમાં કોઈ વિકૃતિ તો નિર્માણ નથી થઈ ને? કોઈ દોષ ઘૂસી તો નથી ગયોને ?

એ જાણવું જરૂરી છે કે જે મનથી માનવી ઉપાસના કરે છે તે મન, અંતઃકરણના મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર- એ ચાર ઘટકોમાંનું એક છે. તેથી તેને સતત કાર્યમાં પ્રવૃત્ત રાખવું જરૂરી છે. પણ તે વિકાસાર્થ હોવું જોઈએ.

સામાન્ય રીતે માણસ જે પણ કાંઈ કાર્ય કરે છે તે ફળની પ્રાપ્તિ માટે કરે છે. દા.ત. વિદ્યાર્થી અભ્યાસ કરે

છે, તે પરીક્ષામાં પાસ થવા માટે, મનુષ્ય ધંધામાં રાતદિવસ મહેનત કરે છે તે વધુ પૈસા કમાવા માટે, પરંતુ માણસ ભૂલી જાય છે કે તે જે કાંઈ તે ફળ પ્રાપ્ત કરે છે તેમાં તેનો પુરુષાર્થ છે. પરંતુ ધારેલું ફળ મેળવવું તેના હાથમાં નથી કારણ કે તે જે પણ કાંઈ ફળ મેળવે છે તે તેનામાં રહેલી ઈશશક્તિના લીધે મળે છે. ખેતરમાં બી નાંખવું, પુરુષના હાથની વાત છે. પરંતુ તે ઉગાડવું, તેમાંથી અનાજ નિર્માણ ઈશ્વર કરે છે.

તેથી ફળ જો પ્રભુ જ આપતા હોય તો માણસે ફળની ચિંતા કર્યા વગર તેના પુરુષાર્થ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં આ વાતની સ્પષ્ટ સમજણ આપતાં કહ્યું છે,

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूमा ते संमोस्तवकर्मणि ॥
(ગીતા અ. ૨/૫૦)

(અર્જુનને ઉદ્દેશીને ભગવાને કહ્યું છે.: 'તારો કર્મ કરવાનો જ અધિકાર છે. કર્મનું ફળ કે જે ખાસ બંધનનું કારણ બને છે. તેમાં તારો અધિકાર નથી. તેથી કર્મફળની ચિંતા કર્યા વગર તું તારા પુરુષાર્થ ઉપર ધ્યાન કેન્દ્રિત કર. ફળ આપનાર ભગવાન સાથે તારા મનને જોડ. તેથી તે તારો કર્મયોગ ગણાશે.'

પરંતુ કર્મના આ અજ્ઞાનના કારણે બહુજન સમાજ રૂઢિગ્રસ્ત પરંપરાને કાં તો, સાંપ્રદાયિક કર્મકાંડને વળગી રહી સંતોષ માને છે કે તેણે ભગવાનનું કામ કર્યું છે- ધાર્મિક કામ કર્યું છે. અને માનવીની આ મનોવૃત્તિના કારણે આપણા વૈદિક મૂલ્યો ઉદ્ધ્વસ્ત થતાં જાય છે. તત્ત્વનિષ્ઠ વૈદિક મૂલ્યોની યોગ્ય સમજણના અભાવે લોકોમાં અંધશ્રદ્ધા, બાધા-માનતા તથા એકે કર્યું તેથી બીજાએ કર્યું - એવી દેખાદેખી કરવાની ભાવના પ્રબળ થતી જાય છે. પરિણામે આજે સાપ ગયા અને લિસોટા રહ્યા એવી સમજણ પ્રચલિત થઈ છે.

**તત્ત્વનિષ્ઠ વૈદિક મૂલ્યોની યોગ્ય સમજણના અભાવે લોકોમાં અંધશ્રદ્ધા, બાધા-માનતા તથા એકે કર્યું તેથી બીજાએ કર્યું - એવી દેખાદેખી કરવાની ભાવના પ્રબળ થતી જાય છે. પરિણામે આજે સાપ ગયા અને લિસોટા રહ્યા એવી સમજણ પ્રચલિત થઈ છે**

નીચેની ઘટના ઉપરથી લોકમાનસની આવી વૃત્તિની સ્પષ્ટ કલ્પના આવશે.

એક કર્મકાંડી બ્રાહ્મણ તીર્થયાત્રા માટે નીકળ્યો. રસ્તામાં નદી આવતી હતી. તેથી તેમાં જ સ્નાન કરી સવારની 'સંધ્યા' કરી લેવાનું તેણે નક્કી કર્યું. સંધ્યા માટે પૂજાપાત્ર (તરભાણું, પવાલું તથા આચમન માટે ચમચી) સાથે લીધાં. પરંતુ નદીમાં સ્નાન કરવા જતી વખતે તે પાણીમાં તણાઈ જાય એ દહેશતથી નદીના એ પટમાં તેણે નાનો ખાડો ખોદી તેનાં પંચપાત્ર ઢાંકી લીધાં. પણ પછી તેને વિચાર આવ્યો કે હું સ્નાન કરીને પાછો આવીશ તો મને આ પંચપાત્ર નહીં મળે. તેથી તેણે તે જગ્યા ઉપર નિશાની તરીકે એક શિવલિંગ બનાવ્યું.

ભરભાંખળું થયું હતું. તે ટાણે એક ભાઈ નદીમાં સ્નાન કરવા હેતુ આવ્યા હતા. તેણે દૂરથી પેલા બ્રાહ્મણને નદીમાં સ્નાન કરવા જતી વખતે નદીના પટમાં એક નાનકડું શિવલિંગ બનાવતાં જોયું. તેને લાગ્યું કે આ નદીમાં સ્નાન કરવા જતી વખતે આવું શિવલિંગ બનાવવું પુણ્યકારી હશે તેથી તેણે પણ રેતીના પટમાં શિવલિંગ બનાવ્યું અને તે સ્નાન કરવા નદીમાં ગયો. બીજા ત્રણ ચાર જણા નદીએ સ્નાન કરવા આવ્યા હતા, તેમણે પેલા ભાઈને નદીના પટમાં શિવલિંગ બનાવતાં જોયું. આ રીતે સ્નાન કરવા જતાં શિવલિંગ બનાવવાનો મહિમા હશે. તેથી તે પણ શિવલિંગ બનાવી નદીમાં સ્નાન કરવા ગયા.

સ્નાન કરીને પેલો બ્રાહ્મણ પાછો ફર્યો તો તેણે બીજા ચાર પાંચ શિવલિંગ બનાવેલાં જોયાં. તે મૂંઝાયો. એમાંથી પોતે બનાવેલું શિવલિંગ કયું ? તેણે કપાળ કૂટ્યું અને કહ્યું: 'गतानुगतिको लोकं, न लोक पारमार्थिक । वाळुका लिंग मात्रेण गतो मे ताम्रयाव्ज्ञनम् ॥' લોકોમાં વાચ્યાર્થિક સમજણ જ નથી. લોકો દેખાદેખી - એકે કર્યું માટે બીજાએ કર્યું તે ભાવનાના છે. મેં (કોઈની લાત ન વાગે માટે) રેતીમાં શિવલિંગ બનાવ્યું તો મારાં તાંબાના પંચપાત્ર ખોયાં !

આવશ્યકતા છે લોકોને આત્માભિમુખ કરવાની તેમનામાં તેની યોગ્ય સમજણ કેળવવાની, અધ્યાત્મની સમજણ આપવાની સાથે સાથે એ જાણવું પણ જરૂરી છે કે જે મનથી માનવી ઉપાસના કરે છે, તે માનવીના અંતઃકરણના મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર તેમાંનું મન એક ઘટક છે. આ ઘટકોને પોતાની શક્તિનો અહેસાસ થાય તે માટે તેમને આત્માભિમુખ કરી તેમની યોગ્યતાની વિચારણા કરવાની જરૂરી છે.



શાસ્ત્રીય પરિભાષામાં કહેવું હોય તો आत्मनि अधि अध्यात्म । તે ઘટકોનો અભ્યાસ એટલે અધ્યાત્મ ! તેમને આત્માભિમુખ કરવાની વિચારણા એટલે અધ્યાત્મ.

તે ચાર ઘટકોમાં મનનું કાર્ય છે સંકલ્પ વિકલ્પ કરવાનું. તો મન કેવા સંકલ્પો કરે છે તેનો વિચાર કરવો જરૂરી છે. માનવીનું મન પ્રવાહપતિત થઈ સાંસારિક ભોગોનો સંકલ્પો તો નથી કરતું ને ? બીજાનું સુખ જોઈ તેની ઈર્ષા કરી તે દુઃખી તો નથી થતું ને ? તે ભૌતિક સુખોમાં રત તો નથી થયું ને ?

જો એમ હોય તો હૃદયાકાશમાં સતત વહેતાં આનંદના ઝરણા તરફ તેને વાળવું જોઈએ કે જેથી સંસારના ઉપભોગોમાંથી મુક્ત થઈ જીવનમાં પ્રસન્નતાનો અનુભવ કરે.

એવી જ રીતે બુદ્ધિનો અભ્યાસ થવો જરૂરી છે. માનવીની બુદ્ધિ બહિર્મુખ હોય છે તે વખતનું તેનું ચિંતન અને તે અંતઃપ્રવૃત્ત હોય છે તે વખતના તેના ચિંતનમાં ફરક પડશે. તેનાથી થતી ક્રિયાઓમાં ફરક પડશે. લાગણીઓમાં ફરક પડશે. આ રીતે સંદિગ્ધતા અનુભવતી બુદ્ધિને આત્માભિમુખ કરવી જરૂરી છે.

**'બે પ્રકારનાં જ્ઞાન છે. એક માનવીના પોતાના સ્વરૂપનું અને બીજું ઈશસ્વરૂપ. આ બંને જ્ઞાન એક જ છે એવું જ્ઞાન કરાવનાર અધ્યાત્મ છે. આ જ સાચું જ્ઞાન છે**

અંતઃકરણના ત્રીજા ઘટક-ચિત્તનો પણ અભ્યાસ કરવો જરૂરી છે. આકર્ષણ તથા અપાકર્ષણ એની પ્રમુખ ક્રિયા છે. માનવી સાથેના તેના વ્યવહારમાં તે અત્યંત ભાવપૂર્ણ હોય છે કાં તો દ્વેષયુક્ત હોય છે. તો તેને સંસારના આ બધા સંબંધોથી મુક્ત કરી તેના ઈશ્વર સાથેના સંબંધો બંધાય, ભગવાન સાથે તેની આત્મીયતા કેળવાય તે માટે તેનામાં સમર્પણની ભાવના કેળવવી જરૂરી છે.

માનવીના અહંકારનું પણ એવું છે, તે ખોટી સંવેદનાઓથી અશાંત થતું રહ્યું છે. તેનું એક જ ચોક્કસ કાર્યક્ષેત્ર નથી. તે પિતા છે, તે જ ક્ષણે તે પતિ પણ છે. ઓફિસમાં તે મેનેજર પણ છે. તે માટે તેનામાં યોગ્ય સમજણ કેળવવાની જરૂર છે. તેને 'અહમ્' રાખવો હોય, તો તે ઈશ્વરનું સંતાન છે. તેનો રાખે જે ઈશ્વરથી સમગ્ર સંસાર વ્યાપ્ત છે તે જ ઈશ્વર તેના પણ છે. તે વિચારથી ગૌરવાંવિત થશે તે સદ્ ચિદ્ આનંદરૂપ છે તે સમજણ માનવીને શાશ્વત આનંદની અનુભૂતિ કરાવશે.

ટૂંકમાં, આ રીતે માનવીને આત્માભિમુખ કરાવનારી અધ્યાત્મની આ સમજણ માનવીના જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં માનવીને આનંદદાયક દૃષ્ટિનું પ્રદાન કરે છે.

અધ્યાત્મજ્ઞાન માનવી જીવનને ગતિ આપે છે. તે જ્ઞાન, સૃષ્ટિ જેણે બનાવી છે તેના અસ્તિત્વનું તેના સામીપ્યનું અને તેનો કેવો સંબંધ છે તે સમજી લઈ વિકાસ કરતાં કરતાં તેની સાથે ઐક્ય સાધી તદ્રુપતાની અનુભૂતિ કરાવે છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ ભગવાને અધ્યાત્મજ્ઞાનનું મહત્ત્વ સમજાવતાં કહ્યું છે -

अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोन्यथा ॥
(ગીતા અ. ૧૩/૧૧)

'બે પ્રકારનાં જ્ઞાન છે. એક માનવીના પોતાના સ્વરૂપનું અને બીજું ઈશસ્વરૂપ. આ બંને જ્ઞાન એક જ છે એવું જ્ઞાન કરાવનાર અધ્યાત્મ છે. આ જ સાચું જ્ઞાન છે. બાકીનું બધું અજ્ઞાન છે. મતલબ, જીવનવિકાસમાં બાકીના જ્ઞાનનું કોઈ સ્થાન નથી.

ભક્ત કવિ નરસિંહ મહેતાના શબ્દોમાં કહેવું હોય તો, 'સંસારમાં સરસો રહે, ને મન મારી પાસ, સંસારમાં લેપાય નહીં, તેને જાણ મારો દાસ ?'

The Seven Habits of Highly Effective People. એ પુસ્તકમાં વિશ્વના ખ્યાતનામ ચિંતકે પણ અધ્યાત્મજ્ઞાનનું મહત્ત્વ સમજાવ્યું છે. તેના મુજબ માણસે પોતાના જીવનવ્યવહારને ચાર ભાગમાં વહેંચી નાખવું જોઈએ.

પહેલો શારીરિક વિભાગ તેમાં આહાર, વ્યાયામ, રોજિંદા જીવનનો વહીવટ. બીજો વિભાગ સામાજિક તથા ભાવનાત્મક - તેમાં પરિવાર તથા મિત્રો સાથેના સંબંધોનો વિચાર. ત્રીજો માનસિક વિભાગ - તેમાં વાંચન, લેખન, પ્લાનિંગ ઇત્યાદિ અને ચોથો વિભાગ - આધ્યાત્મિક. તેમાં આધ્યાત્મિક ચિંતન, વાંચન તથા જીવનનાં મૂલ્યાંકનોની સાચી સમજણ મળે છે અને તે માનવીને આખા દિવસની સ્ફૂર્તિ અને ઉત્સાહ આપે છે અને આ ચારે વિભાગોમાંથી આધ્યાત્મિક વિભાગને અગ્રિમતા આપે છે.

અંતમાં, સ્વામી વિવેકાનંદે સમાજના સુજ્ઞ લોકોને ઉદ્દેશીને કહ્યું હતું -

उत्तिष्ठ । ज्ञाग्रत । प्राप्य वरान निबोधत. ઊઠો ! જાગો! અને (વેદોના) શ્રેષ્ઠ વિચારોને, અજ્ઞાનના અંધકારમાં આથડતા સમાજમાં પહોંચાડો.'

કાશ ! આપણે સહુ સ્વામી વિવેકાનંદના આ આદેશને અમલમાં મૂકી શકીએ એ ભાવના !

*૧૦૦૬/બી કલાસાગર,*
*રત્નમણિ કોમ્પ્લેક્સ પાછળ,*
*જોધપુર ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૧૫*
*મો. ૯૩૨૮૩૦૪૪૦૯*

# સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિ અને લોકસંસ્કારો

*- લક્ષ્મણ પીંગળશીભાઈ ગઢવી*

**લો**ક સંસ્કૃતિ એ લોકાચાર, લોકવ્યવહાર, સદ્‌વિચાર, સદાચાર, સદ્‌વર્તન, સદ્‌ભાવ, રીત અને રિવાજોમાંથી પ્રાદુર્ભાવ પામતી સામુહિક પ્રક્રિયા છે. તેનું ઉદ્‌ભવસ્થાન એક જ નહીં, અનેક પરિબળો અને પરિસ્થિતિઓ હોય છે. દેશ પરદેશના અનેક ધર્મો, સંપ્રદાયો, પંથો અને મતોના સમન્વયથી સૌરાષ્ટ્રની સંસ્કૃતિમાં અનાસક્તિ, સહિષ્ણુતા, સર્વધર્મ સમભાવ, શૌર્ય, સાહસિકતા, સંત પરંપરા, સૌંદર્ય, આતિથ્યધર્મ, સાંપ્રદાયિક એકતા અને ધર્મના ભેદભાવ વગરનું ઉદારમતવાદી, માનવતાવાદી તત્ત્વ ઉપસ્યું છે. જે ઊર્મિપ્રધાન અને ભાવપ્રધાન છે. દેશપરદેશ, પ્રદેશોની ભ્રમણશીલ, શાસક, પશુપાલક, સાગરખેડક, ધર્મરક્ષક, વાણિજ્ય જાતિઓ, કુળોનાં સૌરાષ્ટ્રમાં આગમન તેમજ રક્તમિશ્રિત સંબંધોને કારણે અનેકોમાંથી એકરૂપ થયેલું લોકતત્ત્વ આ સંસ્કૃતિમાં અતિ તેજસ્વી, મૂલ્યવાન, ઉત્સવપ્રિય અને પ્રબળ છે. જે સર્વાંશે પ્રકૃતિ પરાયણ છે. આ લોકતત્ત્વનાં પ્રાબલ્યને કારણે આ લોકસંસ્કૃતિ ભારતમાં અન્ય રાજ્યોની લોક-સંસ્કૃતિ કરતાં સવિશેષ પ્રાણવાન, જીવંત, તેજસ્વી, શીલવંતી, ઉમદા, સહજ, નિરાળી અને શક્તિશાળી છે. આ લોક સંસ્કૃતિની સમૃદ્ધિ પણ મોટી છે. ખમીર, ખાનદાની, ત્યાગ, સેવા, તપશ્ચર્યા, ઉદારતા, વીરતા, ધીરતા, સાધુતાના જીવનનિષ્ઠ સંસ્કાર તત્ત્વોથી તેમજ આવેતુ પ્રજા પાસે જે કાંઈ સર્વશ્રેષ્ઠ, વિશિષ્ટ, વૈવિધ્યો અને સર્વોત્તમ હતું તે સઘળાંમાંથી સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિનું ઘડતર થયું છે. આથી આ લોકસંસ્કૃતિ પરમ ઐશ્વર્યશાળી ને વૈવિધ્ય સભર છે. સૌરાષ્ટ્રની પ્રજાના સ્વભાવની વિશેષતા જીવન પ્રત્યેની નિષ્ઠા એક ખમીરભર્યા, ગંભીરદર્શનની રહી છે. જેમાં બુદ્ધિહીનતાને જરાપણ સ્થાન નથી.



**૩૦૦ વર્ષ પૂર્વે દેરડી ગામે ચારણ આઈ જાનબાઈએ દુષ્કાળમાં સ્વહસ્તે વાવ ગાળી તેમાંથી અસ્પૃશ્યોને અને સવર્ણો એક જ વાવમાંથી પાણી ભરે એ શરતે વાવ ગામને અર્પણ કરી. તે દિવસથી આઈજાનબાઈની દેરડી ગામે એક જ વાવમાંથી દરેક વર્ગના લોકો અસ્પૃશ્યો અને સવર્ણો પાણી ભરે છે**

### મહાત્મા ગાંધીજી પૂર્વે સત્ય, સત્યાગ્રહ અને અસ્પૃશ્યતા નિવારણ કરતા ચારણ :

ચારણ જ્ઞાતિને લોકજાતિઓ ઝાઝેરાં આદરમાન આપે છે. ઝવેરચંદ મેઘાણી લખે છે કે : ‘‘ચારણને દેવી પુત્ર કહે છે. એ ધર્મપુરુષ લેખે વંદનીય હતો, યશોગાયક લેખે ‘લાખ પસાવ’ દાનનો અધિકારી હતો અને સત્ય ઉચ્ચારવાની હિંમતને કારણે એ બિહામણો હતો.’’ ‘‘આત્મહત્યા કરવાના અનેકવિધ ભયંકર પ્રકારો અજમાવતો. ચારણોનું ‘‘ધરેણુ’’ આપણે સૌ કોઈને કમકમાટી પેદા કરનાર શબ્દ છે. અન્યાય સામે, વિશ્વાસઘાત સામે, પોતાના અધિકારો પરના આક્રમણ સામે, ખુદ પોતે આચરેલા દૂષણ સામેય એણે કરેલાં આત્મવિલોપનના કમકમાવનાર કિસ્સા મધ્યયુગીય ઈતિહાસ છલોછલ છે.’’ અસ્પૃશ્યતા, નિવારણને આપણે સાંપ્રતયુગની સરજત ગણીએ છીએ. પણ એનું પગેરું શોધવા આપણે રા’મંડલિક, નરસિંહ મહેતાના યુગમાં જવું પડે તેમ છે. જુનાગઢ પાસેના મોણીયાનાં આઈ નાગબાઈનાં મંદિરમાં આઈ નાગબાઈ અછૂત દંપતીની ખાંભી પોતાની આગળ રોપાવી છે. આજે પણ એ આઈના ખોળામાં ખાંભી તરીકે મનાય છે. ૩૦૦ વર્ષ પૂર્વે ઢસા ગામ પાસે દેરડી ગામે ચારણ આઈજાનબાઈએ દુષ્કાળમાં સ્વહસ્તે વાવ ગાળી તેમાંથી અસ્પૃશ્યોને અને સવર્ણો એક જ વાવમાંથી પાણી ભરે એ શરતે વાવ ગામને અર્પણ કરી. તે દિવસથી આઈજાનબાઈની દેરડી ગામે એક જ વાવમાંથી દરેક વર્ગના લોકો અસ્પૃશ્યો અને સવર્ણો પાણી ભરે છે. ઈ.સ. ૧૫૪૦માં જામ રાવળે જામખંભાળિયા પાસેના પીપળિયા ગામના આઈકામબાઈની દેવાંગી ઘોડીઓ જોવા માટે મંગાવી. કામઈમાતાજીના ઘરે પુરુષવર્ગ હાજર ન હતો. જામ રાવળના માણસોએ માતાજીને કહ્યું કે હમણાં જ જામરાવળજીને ઘોડીઓ બતાવી મૂકી જઈશું. સાંજ સુધી ઘોડીઓ પાછી ન આવતા કામઈમાતાજી ખુદ ખોડીઓ લેવા જામરાવળની

છાવણી તરફ ચાલ્યાં, ગારંભડી ગામનો વણકર મોવાણ ગામે દરબારી વેઠથી પાછો વળતા માતાજીના ગામ પાસેથી નીકળ્યો. માતાજીને એકલા જતાં જોઈ તે પણ જગદંબાની પાછળ ચાલ્યો. જામરાવળજીની છાવણીમાં ઘોડીઓ અંગે ઉગ્ર વાતાવરણ સર્જાયું. માતાજી ત્રાગું કર્યું ને સતી થયાં, તેની સાથે હરિજન નાગાજણ સેવક પોતાના સ્વહસ્તે કટારથી ત્રાગું કર્યું. મા દીકરાના સંબંધો હતા. લોકસંસ્કૃતિના ધારક શ્રી મેરૂભાભાઈ ગઢવીએ પોતાના ગામમાં અનુ.જાતિના પરિવારો માટે રહેણાક સોસાયટી બનાવી આપી હતી. ચારણોએ અનુ.જાતિના વીરત્વને બિરદાવવા કદાપિ પાછી પાની કરી નથી. સુદામડાનો કાનીયો, ઝાંપડો, જેતપુરનો જોગડો, તેનાં ઉદાહરણ છેઃ

*લોકજાતિઓનો લાડકડો વહીવંચો દેવઃ*
*વંશતણી વંશાવળી, વળી જા ઘર વંચાય,*
*તા ઘર અવળા ગ્રહ ટળી, સવળા બને સદાય.*

બારોટ જ્ઞાતિ લોકજાતિઓમાં વહીવંચો દેવ તરીકે પૂજનીય છે. વહીવંચોદેવ પૃથ્વીની ઉત્પત્તિથી માંડીને પોતાના યજમાનની જ્ઞાતિ, કુળ, પરિવાર અને તેના પૂર્વજોની પિતૃ પક્ષ અને માતૃપક્ષની નામાવલિ, પેઢીનામા પરાક્રમોના પ્રસંગો વગેરે પરિયા અર્થાત્ ચોપડામાં સંગ્રહિત કરી કાવ્યબદ્ધ રીતે મુખપાઠ કરે છે. પ્રત્યેક લોકજાતિનાં કુટુંબોના જુદા જુદા વહીવંચાદેવ હોય છે. તેના ચોપડામાં નામ મંડાવવું એ લોકધર્મનું નામ અનિવાર્ય બંધન છે. યજમાન તેને માનપાનથી નવા બાળકનું નામ નોંધાવવા નિમંત્રે છે. આ નામ માંડવાનો મહોત્સવ રચાય છે. જ્ઞાતિજનો, પરિવારજનો અને ગામના લોકો આ ઉત્સવમાં ભાગ લેતાં હોય છે. સૌરાષ્ટ્રમાં જુદી જુદી લોકજાતિઓના વહીવંચાદેવ તેમજ સાગરમગા એટલે સમુદ્ર-દરિયાની વંશાવળી તેમજ નાગમગા એટલે નાગકુળ દેવાંશી નાગોને જીવનપર્યંત એકજ વખત શીખ મેળવી પોતાની ગુજરાત ચલાવનારા હોય છે. નામામગાની રસિકકથાઓ નાગલોકકથાઓમાં સંગ્રહિત છે. નાગમગા કદાપિ પ્રસિદ્ધ હોતા નથી.

**સૌરાષ્ટ્રમાં જુદી જુદી લોકજાતિઓના વહીવંચાદેવ તેમજ સાગરમગા એટલે સમુદ્ર-દરિયાની વંશાવળી તેમજ નાગમગા એટલે નાગકુળ દેવાંશી નાગોને જીવનપર્યંત એકજ વખત શીખ મેળવી પોતાની ગુજરાત ચલાવનારા હોય છે. નામામગાની રસિકકથાઓ નાગલોકકથાઓમાં સંગ્રહિત છે**

**વૈજ્ઞાનિક સાધનોની સહાય વગર આકાશમાં ઊડતાં નટ બજાણિયા :**

જામનગરના રાજવી જામરણમલ બીજાના શાસન દરમ્યાન નટવિદ્યામાં કુશળ ત્રણ નટભાઈઓએ પોતાના બાહુઓ પર ગેંડાની ઢાલ ચડાવી હવા ભરવા જાડી પછેડીઓ બાંધી હજાર માનવ સમુદાયની હાજરીમાં જામનગરના લાખોટા કોઠાની ઊંચી ટોચ પરથી ઉડ્ડયન કર્યું હતું. તેમાં બે નટ પછેડી ફાટી જવાને કારણે ૨૦-૨૫ માઈલ ઉપર મોતને ભેટ્યા ને ત્રીજા નટે જામનગરથી ચાર માઈલ દૂર ઠેબા ગામની પાદરમાં સહીસલામત ઉતરાણ કર્યું. તેને ઠેબા ગામે બક્ષીસમાં અપાયું હતું. ત્યારથી તે ગામ 'નટના ઠેબા' તરીકે પ્રસિદ્ધિ પામ્યું હતું. આ નટો ગગનવિહારી હતા, તેથી આકાશમાર્ગે ધારેલા સ્થળે ઉતરાણની સિદ્ધિ ધરાવતા હતા.

**નટે ગોડી નદી ઊતારી :**

તળાજા પાસેના ટિમણા ગામે ગોડી નદી વહે છે. આ નદીને એક નટ-બજાણિયાએ ધરતી ઉપર ઉતારી હતી. તેની રોમાંચક કથા લોકવાયકા પ્રમાણે આ રીતે સંગ્રહિત છે. ગામને પાદર નદી ન હોવાનું દુઃખ ગામના ઠાકોરને સદાયે કોરી ખાતું હતું. એક દિવસે ગામમાં નટ-બજાણિયો, ખેલ કરવા આવ્યો. જુદા જુદા ખેલ બતાવ્યા ઉનાળો, શિયાળો અને વર્ષા એ ત્રણેય ઋતુઓ ઘડીકમાં સર્જી બતાવી. ગામના ઠાકોરને ચમકારો થયો. ગોડિયાને કહ્યું : ‘‘ગામને પાદર નદી વહાવી દે ખરો ?’’ ગોડિયો કહે ‘હા ! બાપુ!’ પણ આ તો જાદુના દેવતાઈ મંત્ર છે એટલે એં તો દોં ઘડીના ખેલ હોય’’ ઠાકોર કહે, ‘‘બે ઘડી તો બે ઘડી બતાવ તો ખરો.’’ ગામ આખું પાદર ઉપર આવ્યું. ગામની નારીઓ પાણીનાં બેડાઓ લઈને પાણી ભરવા આવી. ગોડિયાએ આકાશમાં જોઈ મંત્ર ભણ્યા ત્યાં તો ગામને પાદરે નદી વહેતી થઈ. ગામલોકો ધન્ય થઈ ગયા. ગામના ઠાકોરે નદી કાયમ રાખે તો જે જોઈએ તે માંગી લેવા જણાવ્યું પણ ગોડિયો કહે : ‘આ તો નિયમના બાંધ્યા ખેલ હોઈ એટલે સંકેલ્યા વગર ચાલે નહીં. ગોડિયાએ નદીને સંકેલવાના મંત્રો શરૂ કર્યાં. એટલે ઠાકોરે તલવારના એક ઝાટકે ગોડિયાનું મસ્તક ઉડાડી દીધું ને નદીને કાયમ રાખી નદી ગોડિયે ઊતારી હોવાથી તેનું નામ ગોડી પડ્યું.



*ટીમાણું કરવા તરબોળી, જાદુગરે રમત્યું જોડી,*
*ઠાકોર કહે વારમાં થોડી, ગોડીએ વ્હેતી કરી ગોડી.*

**સોરઠિયા રબારીનું સામગાન સરજુ :**

સૌરાષ્ટ્રમાં સામવેદનો અભ્યાસ અને પ્રચાર શારદા મઠ દ્વારકા દ્વારા થયો છે. વંશ સુતાર, સોરઠીઆ રબારી અને ભોપા રબારી જ્ઞાતિઓમાં સામવેદના સરજુગાનના પ્રવર્તક તરીકે ઝરીઆવાડના વંશ સુતાર પરસોત્તમ મહેતાનાં સંન્યાસી પુત્ર ઝાલણઋષિનું નામ સુવર્ણ અક્ષરે અંક્તિ છે. પોરબંદર રાજ્યના રાજવી સરતાનજીના પરમમિત્ર જમળા ગામના ચારણ કવિ શ્રી જેઠાભાઈ ઉધાસે રચેલ આઈ તોતળીનાં સપાખરાં કથાગીતમાં આ દિવ્યગાનની સૌરાષ્ટ્રમાં અવતરણ અને તેના મઢોની સ્થાપનાની વિગતે કથા આલેખી છે. આ મઢોની સ્થાપનાથી આજ પર્યંત ઘીનો અખંડ દીવો, શંખ અને મોરપીંછની ધજા પૂજાય છે. ઝાલણઋષિએ લોકવાણીમાં સામગાનની સરજુનું જ્ઞાન વંશ સુતાર અને રબારીઓને આપ્યું છે. જે પરંપરાગત રીતે કંઠોપકંઠ ચાલ્યું આવે છે. જે રબારી મઢે જઈને મોઢ ઉતરાવે છે તે જ સરજુ શીખી શકે છે. તે શિખાડનારને ભક્ત કે ભગત હોય છે. સરજુમાં કડવા, પદો, સુવેડા, આંબારાયણ, ધોળ વગેરે સમય સમયની સરજુ હોય છે. કાનામાતરવગરની શબ્દ રચનાઓ હોય છે. પરંતુ સામગાનના નિયમ અનુસાર હા... હો...હે વગેરે આરોહ-અવરોહ-ભાર-ઉતાર-ઊંચે-નીચે-ભોરની વાણ, ઓતારની વાણ, ઉતારની વાણમાં બે અક્ષરો વચ્ચે શબ્દો ગોઠવાતા જતાં હોય છે. જે વિશિષ્ટ ગાન શૈલી છે.. જેમાં સ્વર પકડાય છે પરંતુ શબ્દો પકડાતાં નથી. જાણકારો જ તેનો શબ્દાર્થ સમજી શકે અન્યથા નહીં. આ સરજુને અક્ષરદેહ આપવાની ગુરુમનાઈ હોવાથી તેની વિગત-માહિતી અત્યંત ગોપનીય રહી છે. સરજુ એ પવિત્ર દિવ્ય સામગાન મનાય છે : ઋષિ યાજ્ઞવલ્કય સ્મૃતિની ૩-૪-૧૧૨માં જણાવ્યા પ્રમાણે "સમાધિ સુધી પહોંચવામાં અશક્ય હોય તેમણે બ્રહ્મપ્રાપ્તિ માટે વિધિપૂર્વક નિયમિત સાવધાનીપૂર્વક સામગાનનો પાઠ કરવો અને ઉત્તરોત્તર અભ્યાસમાં આગળ વધવું. સામગાનથી મનની એકાગ્રતા વધે છે." અમારા પિતાશ્રી પિંગળશીભાઈ ગઢવીએ સરજુ શીખવાની ઈચ્છા ભુવાઆતા પાસે વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું હતું કે : "ચારણ દેવીપુત્ર હોઈ, તેથી તેમને મોઢ ઉતારવાની ન હોઈ, તેઓ સરજુ મોઢ ઉતાર્યા વિના શીખી શકે છે." આ મંતવ્ય પછી અમારા પિતાશ્રી ત્રણેક જેટલી સરજુ શીખ્યા હતા પરંતુ તેમણે જીવનપર્યંત આ સરજુગાન જાહેરમાં કે અન્યત્ર રજૂ કર્યું ન હતું. સરજુની ગુપ્તતા કાયમ જાળવી હતી. પુંજ ઉત્સવ પણ બેનમૂન હોય છે.

**ભીમ પંચાળીયા નામના ચારણ સરદારે બહારવટિયા જોગીદાસ ખુમાણને અને તેની પાછળ વહારે ચડી આવનાર રાજવી વજેસંગજીને ખરા બપોરે મહેમાનગતિ કરી એક મ્યાનમાં બે તલવાર રાખી જમાડ્યા હતા**

**વિશ્વનો વિરલ આતિથ્ય સત્કાર :**

સૌરાષ્ટ્રના લોકજીવને અતિથિને ઈશ્વર સ્વરૂપ માની તેનું પૂજન-અર્ચન કર્યું છે. અતિથિ વગર જમવું નહીં, એવી તો ટેક રાખતા. અતિથિ અતિથિ ઝંખ્યા- કરતાં, અતિથિ ટાણે-કટાણે કે અધરાતે આંગણે આવે તો પ્રભુ પધાર્યાનો મહોત્સવ ઉજવતા અને અતિથિ વિદાય લે ત્યારે અંતરથી ચોધાર રુદનથી દ્રવિત થઈ ઊઠનારાં આ માનવીઓ હતા. પશુ, પક્ષી, પ્રાણીઓને પણ અતિથિરૂપે જ આવકારતાં આવા સામાન્ય માનવીઓમાં અસાધારણ અમીરાત હતી.

જુનાગઢનાં રા'ડિયાસે અને ઢાંકના નાગાજણે અતિથિઓને પોતાનાં માથાં ઉતારીને આપ્યાં હતાં. તળાજાના એભલવાળાએ પોતાના પુત્ર આણાને અને બીલખાના કપોળ વણિક શેઠ સગાળશાને ચંગાવતીએ પોતાના એકના એક દીકરાને પોતાના જ હાથે વધેરી નાંખ્યા હતા. લખણશી અને ઢોલરાએ પોતાની પત્નીઓને કાયમ માટે એના પ્રેમીઓને હાથોહાથ સોંપી આપી હતી. સાણા ડુંગરનો રાણો રબારીએ પોતાની પ્રિયતમા કુંવરને ભેંસ માની બહેન કહેતાં તેની બધી જ ભેંસો કુંવરને કાપડામાં આપી લાકડી લઈને હાલી નીકળ્યો હતો. જેતપુર દરબાર માણસીયાવાળે તો તડબૂચની ડગળી કાઢે એમ પીંડીમાંથી, શરીરમાંથી માંસનાં ચોસલાં કાઢી, સમડીઓને મહેફિલ આપી હતી. એક રોઝ માટે બાવીસ ચારણ્ય આઈઓ સતી થઈને બાવીશ્યુ આઈઓ તરીકે પૂજાય છે. શિહોર નગરના રાજયનો વારસદાર ત્રિકમ જાની આપતકાલીન સ્થિતિમાં બાબરીયાવાડમાં પોતાના પહેરેલ કપડામાં લોટ, પાણીને મસળતો જોઈ ધાખડાં બાબરની કન્યા પોતાના ગામે આવેલ અતિથિ પ્રત્યે દ્રવિત થઈ કાયમને માટે ગૃહિણી બની ગઈ હતી. છાંછર ગામને પાદરે, શિગવડો નદીને કાંઠે કામણગારું કોઈ પાદર તમાણે પોરસાવાળાના ગામની શિગવડા નદીની વચોવચ ઊભી રાખીને કચેરીમાં ગયેલ કમાઆઈ ચારણ્યનો ગોરવીયાળા શાખાનો ચારણ રામની પત્ની પૂરમાં તણાઈ જતાં આંગણે આવેલ ચારણનું પોરસાવાળે ગૃહસ્થાશ્રમ ફરીથી નવપલ્લવિત કર્યો હતો. ભીમ પંચાળીયા નામના ચારણ સરદારે બહારવટિયા જોગીદાસ ખુમાણને અને તેની પાછળ વહારે ચડી આવનાર રાજવી વજેસંગજીને ખરા બપોરે મહેમાનગતિ કરી એક મ્યાનમાં બે તલવાર રાખી જમાડ્યા હતા. દેવાળીયા ગામના મોલેસલામ દરબાર મંદોરખાને સગાં દીકરાને આકસ્મિક રીતે વધ કરનાર

અતિથિ ચારણને પોતાની મોંઘામૂલી ઘોડી આપી જીવતદાન આપ્યું હતું. જુનાગઢના નવાબ હાબતખાનના રાજમહેલે રાત્રે શિયાળોએ હૂકી કરતાં શિયાળાની કડકડતી ઠંડી જોઈ શિયાળો માટે બોડ બનાવવાનો આદેશ આપ્યો હતો. ત્રાપજ ગાળના મેપા આયરે પોતાના બારોટનો વંશવેલો રહે એ માટે પોતાના દીકરાનું દાન કર્યું હતું. રા'નવઘણના સૈન્યને ખોડ ગામે ચારણ આઈ વરૂવડીએ ભાવતાં ભોજન પીરસી અન્નપૂર્ણાદેવી તરીકે પ્રતિષ્ઠા પામ્યાં હતાં. વાંટાવદરના આયર રામીબાઈ પાણી ભરવા જતાં દુકાળના માબાપ વગરના નિરાધાર છોકરાઓનું દુકાળિયું ટોળું મા મા કરતું ઘેરી વળ્યું. મા માનો કાળો કલ્પાંત સાંભળતા રામીમા નોધારાં- અનાથના કાયમી મા બની રહ્યાં. જે મા વવાણીયામાં શ્રીમદરાજચંદ્રના સમકાલીન હતાં. મહાપંથના અનુયાયીઓ, સૌરાષ્ટ્રની દેશાણ જગ્યાઓ, ગામડે ગામડે ભજન કીર્તન કરતા સાધુ-સંતોએ અતિથિધર્મના આદર્શોને સાચવીને ધર્મ-ધજા ફરકતી રાખી છે. આવો દિલાવર માયાળુ સોરઠી આતિથ્ય સત્કાર સૌરાષ્ટ્ર સિવાય વિશ્વમાં ક્યાંય જોવા મળતો નથી. ઈશ્વરને પણ મહેમાન બનવાનું નિમંત્રણ આપનારા લોકો છે. એટલે જ કહેવાય છે ને : ''આતિથ્ય ને ઉપકારમાં સૌરાષ્ટ્ર તો સૌરાષ્ટ્ર છે.''

**સોરઠી બહારવટિયા :**

બહારવટિયા એટલે પોતાના હક્ક, હિત, અધિકાર, સત્તા, સ્વમાન, અન્યાયનો બદલો લેવા માટે બહાર રહીને કાયદાઓનો ભંગ કરનાર વીર પુરુષો, મોતને માથે લઈને, ખડિયામાં ખાપણ લઈને જ પરિવારને આખરી અલવિદા કરીને જ બહારવટું શરૂ કરતા. સૌરાષ્ટ્રના બહારવટિયા પણ આકરાવ્રત, નિયમ, આદર્શો સિદ્ધાંતો પાળતા. શિર સાટે ટેક હતી. વરરાજા, ચારણ, બ્રાહ્મણ, ફકીર, સાધુ, સંન્યાસી, ધર્મસ્થાનો અને નારીઓનું સન્માન જાળવતા. ચારિત્ર્ય નિર્મલતા, નેક, ટેક, એકવચની, પરોપકારવૃત્તિ, શત્રુ પ્રત્યેનો ધર્મ, શારીરિક તપશ્ચર્યા, વીરત્વ, આતિથ્યસત્કાર, માંગલિક પ્રસંગોની શાન-માનની જાળવણી વગેરે તેનાં જીવનમૂલ્યો હતાં. સોરઠી બહારવટિયા ભાગ-૧માં વાલો નામોરીના વૃતાંતમાં ઝવેરચંદ મેઘાણી એક પ્રસંગ વર્ણવે છે.

''આંહી ! બાઈયું રાસડા રમે છે. હાલો આંકડે મધ તૈયાર છે. ટપકાવી લઈએ !''

''જૂમલા !'' વાલે ત્રાંસી આંખ કરીને કહ્યું, ''ઓરતુંના ડિલ માથે આપણો હાથ પડે તો બહારવટાનો વાવટો સળગી જાય ?''

''પણ ત્યારે કાઠિયાવાડથી ઠેઠ કચ્છ સુધીનો આંટો અફળ જાય ?''

''સાત વાર અફળ, આપણાંથી બેઈમાન ન થવાય.''

જોગીદાસ ખુમાણના વીરત્વમાં નવલખાના નેરડામાં ઓળધોળ થઈને પ્રેમની યાચના કરનાર સુતાર કન્યાને ''તું તો મારી દીકરી'' એમ કહી પિતાનું વાત્સલ્ય આપનારા શીલવંતા બહારવટિયા હતા. આવાં વૃત્તાંત લખવા માટે જ ''ખડિયામાં ખાપણ બાંધીને નીકળી પડેલા બહારવટિયા વીરોના પહાડી નિવાસો પર પહોંચતા ચારણોને કોઈ સરકારી, રજવાડી દરબારી ગિસ્તો રોકી શકતી ન હતી.'' એમ શ્રી ઝવેરચંદ મેઘાણી લખે છે. આ બહારવટિયા પણ સંસ્કારપૂજક હતા.

**પાળિયા :**

સૌરાષ્ટ્રની ધરતી પાળિયાની ભૂમિ તરીકે પંકાય છે. આટલી મોટી સંખ્યામાં દેશમાં ક્યાંય પાળિયા જોવા મળતા નથી. ધર્મક્ષેત્રે, ધરતી-ધરા માટે, અબળા, અસહાયના રક્ષણ માટે, ગામ, દેશના રક્ષણ માટે, ગાયોના રક્ષણ માટે, આશરાધર્મ માટે, સ્વરક્ષણ માટે, અત્યાચાર માટે, પાળને ખાળવા માટે મરી ફીટનાર શહીદી વીરનાર વીરપુરુષોના પાળિયા પૂજાય છે. પાળિયા વીરપૂજાનાં પ્રતીકો છે. તેમાં ખાંભી, ખૂંટો, ખૂંટી, પાળિયા, પાયરિયા,પાવલિયા, પારીઆ, ચગા, રાગા, નગલિયા, ઠેસ્ય, લાઠ્ય, ફળા, ફડેલા, સર, પોરસો, ઝુઝાર, સૂરધન, ખેતરપાળ, જેવા જુદા જુદા પાળિયાના પ્રકારો હોય છે. સામાન્ય રીતે શૂરાના અને સતીના જ પાળિયા હોય છે. પાળેલાં પશુ-પ્રાણીઓના પણ પાળિયા હોય છે. ગામની એકાદ જ્ઞાતિ કે સમસ્ત વસાહત કોઈ કારણસર ગામ છોડી હિજરત કરી જાય છે ત્યારે ગધેડાનો પાળિયો વાવ કે મંદિર પાસે ખોડે છે જે ગધેગાળ કહેવામાં આવે છે. આવો એક પાળિયો અમારા ગામ છત્રાવા (ઘેડ)માં છે.

**ધર્મક્ષેત્રે, ધરતી-ધરા માટે, અબળા, અસહાયના રક્ષણ માટે, ગામ, દેશના રક્ષણ માટે, ગાયોના રક્ષણ માટે, આશરાધર્મ માટે, સ્વરક્ષણ માટે, અત્યાચાર માટે, પાળને ખાળવા માટે મરી ફીટનાર શહીદી વીરનાર વીરપુરુષોના પાળિયા પૂજાય છે. પાળિયા વીરપૂજાનાં પ્રતીકો છે**



*કહેવાતા ભૂતકાળની, રીત ધરમ ને લાજ,*
*આપે સમજણ આજ, પાદર ઊભી પાળિયો.*

સૌરાષ્ટ્રની દરેક જ્ઞાતિમાં નિરાળો દિલાવર જીવન વ્યાપ્ત લોક સંસ્કાર જોવા મળે છે. સૌરાષ્ટ્ર જેટલો જીવતો છે તેથી અનેક ગણો તો દટાયેલો પડ્યો છે પરંતુ કોણ હવે કોદાળી લઈને ધરતી પડ ઢંઢોળે, કોણ હવે સ્મશાન જગાડી ખપી ગયેલાને કોળે ?? ધૂળધોયાની કામગીરી અતિ કપરી છે. ઝવેરચંદ મેઘાણી લખે છે કે ‘‘કાઠી, રાજપૂત, ચારણ, આયર, રબારી અને ભરવાડ એવાં કાંટિયાવરણો આ સંસ્કૃતિનાં સરજનહાર હતા.’’ વીરપૂજાને સૌદર્યપૂજા, સ્નેહપૂજા અને અતિથિપૂજા, સત્યપૂજાને ટેકપૂજા એમની પૂજાઓ હતી. વાસ્તવિક એ બધા એક સંસ્કારના એક જ હીરાના જુદાં જુદાં પાસા હતાં. સૌરાષ્ટ્રમાં રબારી, આહીર, સગર, કારડિયા, સથવારા, ઘેડીયા કોળી વગેરે તેર જેટલી કોમો એક જ ભાણે જમતી, તેને તેર તાંસળીનો સમૂહ કહેવાતો. તેજ નવ જ્ઞાતિ પરજમાં આવતી જેમાં રજપૂત, આયર, ચારણ, સોની, કાઠી, મૈયા, મેર, વાઘેર, રાજગોરનો સમાવેશ થતો. તે રીતે કાંટિયાવરણમાં પણ જોરાવરો કોમો આવતી. આ બધામાં ભાઈચારો, એકતા, સંગઠન, સધિયારો, જેવા સદગુણો પડ્યા હતા. ચારણજ્ઞાતિમાં કોઈપણ સ્ત્રીને ‘ભાભી’થી સંબોધવામાં આવતા નથી. ભાભીના નામ પાછળ ‘બા’, બહેન’ શબ્દ ઉમેરી નામથી માનવાચક આદરપૂર્વક બોલાવવામાં આવે છે. દેર-ભોજાઈનો સંબંધ મા-દીકરા જેવો પવિત્ર રહેતો. કેટલીક જ્ઞાતિઓમાં વડીલ પુરુષોને આતા, બાપા, બા, ભા, જીજી જેવા માનવાચક શબ્દોથી સંબોધવામાં આવે છે. કેટલીક કોમોમાં સસરાને મામા અને સાસુને ફઈબા કહેવાનો રિવાજ છે. ફઈ પાછળ ભત્રીજી આપવાનો રિવાજ પ્રાચીનકાળથી જણાય છે. ભૃગુઋષિનાં બીજાં પત્ની પૌલીમી કૌટુંબિક સગપણે ભૃગુ પત્ની દિવ્યાયીની ભત્રીજી થતાં હતાં. કેટલીક કોમોમાં કન્યાની પસંદગીમાં તેની સહિયર અને ભાભી વખાણતી હોય તો જ કરવામાં આવે છે. તો કેટલીક કોમોમાં માતાના આચાર-વિચારને સંસ્કારોને પ્રાધાન્ય આપવામાં આવે છે. કેટલીક કોમોમાં સગાઈ સંબંધ બાંધતા પૂર્વે અરસ-પરસ જમવાનું નિમંત્રણ પાઠવવામાં આવે છે. જમવું એ માનવની સૌથી અઘરી પરીક્ષા ગણાય છે. જમવાની ક્રિયામાં માનવીની મનોવૃત્તિ, માનવીનું ઊંડાણ સંસ્કાર, નીતિમતા પરખાઈ જાય છે. ચામઠા લોકોમાં બ્રાહ્મણ વગર વર કન્યાને કહે છે ‘‘તું મારી પત્ની છો.’’ અને કન્યા વરને કહે છે ‘‘તમે મારા ધણી છો.’’ આમ અરસપરસ સૌની હાજરીમાં બોલે બાંધવાથી જ્ઞાતિ બંધારણ પ્રમાણે લગ્ન થઈ ગયેલાં માનવામાં આવે છે. આ કોમમાં હિન્દુ અને મુસ્લિમ ભેદ છે. પરંતુ જ્ઞાતિભેદ નથી. જે કુંટુંબમાં જે ધર્મ પળાતો હોય તે કન્યાને પાળવાનો હોય છે. બન્ને ધર્મી એકબીજા સાથે લગ્ન વ્યવહારથી સંબંધિત હોય છે. એક કોમમાં કન્યાની શુદ્ધતાની તપાસ લગ્નને દિવસે જ સ્ત્રીઓ દ્વારા કરવામાં આવતી તેવી પ્રથા હતી. એક કોમમાં વરનો પિતા તથા કન્યાની માતા બન્ને નગ્ન બની પેટના નીચેના ભાગે માટલા બાંધીને સામસામા દોડીને ભટકાવાથી જો માટલાં ફૂટે તો જ વિવાહ થયો ગણાય છે. નહિતર વિવાહ ફોક મનાય છે. બાળલગ્નોમાં વડીલો, વાલીઓ, વેવાઈ ફેરા ફરતા અને સંતાનો પુખ્તવયે સંસાર માંડતા. એક કોમમાં એવી માન્યતા છે કે બુદ્ધિશાળી વ્યક્તિ હોય તેને ત્યાં કન્યા જ જન્મે છે. શ્રમજીવી, કારીગરવર્ગ મહેનતુવર્ગને ત્યાં છોકરા જન્મે છે.

**સૌરાષ્ટ્રની વિચરતી કોમો વલ્લભીપુર, સોમનાથ, દ્વારકા, કચ્છથી હિંગળાજ સુધી તેમજ અણહિલપુર પાટણથી વઢવાણ, થાન થઈ દ્વારકાને માર્ગે અને ઢાંક, જુનાગઢ, સોમનાથ, પાટણ, માંગરોળ, સુદામાપુરી અને દ્વારકાના માર્ગે સતત આ ત્રણ ધોરીમાર્ગે જ પગપાળા પ્રવાસ કરતી રહેતી**

ભાણ જેઠવા નામના રાજવીએ પોતાની રાણીને કાઢી મૂક્યા બાદ ફરીથી લાવવા માટે માંગરોળમાં એક મહામંડપ બંધાવી ૧૮૦૦ કન્યાઓનાં કન્યાદાન આપી લગ્નોત્સવ ઊજવી રાણીને પાછી લાવ્યો હતો. એ માંગરોળનો મહામંડપ શમસુદ્દીન અનવરખાને તોડી પાડ્યો હતો. આ લગ્નોત્સવ પછી સૌરાષ્ટ્રમાં કન્યાદાન દેવું મહાપુણ્યનું કાર્ય મનાય છે. માલધારી ચારણ પીઠડઆઈની લાકડીમાં કરડા ચડાવવાની માનતા પૂરી કરવા જતાં તેના કરડાની જગ્યા આપોઆપ લાકડીમાં થઈ જાય છે. ફકીર અને બાવાસાધુ જ્યારે છૂટા પડે ત્યારે ફકીર સાધુને ‘દર્શન સફા’ કહે છે ત્યારે સાધુ તેના પ્રત્યુત્તરમાં ફકીરને ‘‘દીદારો સે નફા’’ કહે છે. આ વ્યવહાર આ બન્ને વચ્ચે જ કરવામાં આવે છે. સૌરાષ્ટ્રની વિચરતી કોમો વલ્લભીપુર, સોમનાથ, દ્વારકા, કચ્છથી હિંગળાજ સુધી તેમજ અણહિલપુર પાટણથી વઢવાણ, થાન થઈ દ્વારકાને માર્ગે અને ઢાંક, જુનાગઢ, સોમનાથ, પાટણ, માંગરોળ, સુદામાપુરી અને દ્વારકાના માર્ગે સતત આ ત્રણ ધોરીમાર્ગે જ પગપાળા પ્રવાસ કરતી રહેતી. આ કોમો દંગા, કુબા કે ગાડામાં પોતાનું ઘર રહેઠાણ નિવાસસ્થાન કરીને જીવનભર રહે છે. જતકોમમાં બાળકોનાં હાથ, પગ, માથું, છાતી ઉપર ફરતી દોરી વીંટાળી ઘોડિયાના ધોકા સાથે બાંધી દેવામાં આવે છે, બાળક મોટું થાય તો એક પગ બાંધી દેવામાં આવે છે તેની પાછળ એવી માન્યતા છે કે બાળક ઊંઘમાં આડુંઅવળું થાય, હાથપગ હલાવે તેમાં તેની શક્તિ ઘણી વેડફાય છે એ માટે તેને બાંધી દેવામાં આવે છે. નાથબાવા,

વાદી, મદારી સર્પને મુદત બાંધીથી પકડતાં તેને ઓંઘી કહે છે. મુદત પૂરી થતાં સર્પને છોડી મૂકવામાં આવતા. વાદી લોકો ખભા ઉપર લાકડીનો પાતળો છેડો એટલે સર્પની પૂંછડી જેવો પણ પાછળ રાખે છે અને લાકડીનો જાડો છેડો હાથમાં પકડી રાખે છે. તેનું કારણ તેના ગુરુને સર્પે લાકડીના સ્વરૂપે ગરદન ઉપર દંશ દીધો હતો. દેવીપૂજક કોમમાં માતાના તવામાં ઘઉંની લોટની નાની પૂરી તળવામાં આવે છે. તળાતી પૂરી જમણી બાજુ ઘુમરી ખાઈ એક આંટો ફરી રહે તો નાતમાં સૌ સારાવાના મનાય છે. જો પૂરી આડીઅવળી ડાબી બાજુ ફરે તો નાતમાં કોઈકે ગુનો કર્યો છે માની વ્યક્તિગત તપાસ કરવામાં આવતી. આ લોકજીવનમાં ઘોળ્યો અતિપ્રિય છે. ઘોળ્યો એટલે જતું કરવું. માફ કરવું, ચલાવી લેવું, જવા દેવું એવો આ શબ્દનો ભાવાર્થ છે. સૌરાષ્ટ્રના નિરાળા લોકસંસ્કાર વિશે મહાગ્રંથ રચાય તેમ છે. લેખના પાનાની મર્યાદાને કારણે એનું આછેરું દર્શન અત્રે શક્ય બન્યું છે. સૌરાષ્ટ્રની જાતિઓની વિવિધ પ્રકારની વિશિષ્ટતાઓ છે જે પિંગળશીભાઈ ગઢવીએ એક ગીતમાં સંગ્રહિત કરી છે એ ઉલ્લેખનીય છે.

**લોકસંસ્કાર વિશે મહાગ્રંથ રચાય તેમ છે. લેખના પાનાની મર્યાદાને કારણે એનું આછેરું દર્શન અત્રે શક્ય બન્યું છે. સૌરાષ્ટ્રની જાતિઓની વિવિધ પ્રકારની વિશિષ્ટતાઓ છે જે પિંગળશીભાઈ ગઢવીએ એક ગીતમાં સંગ્રહિત કરી છે એ ઉલ્લેખનીય છે**

**ગીત**

બ્રાહ્મણની રસોઈ, રાજપૂતની રીત, વાણિયાનો વેપાર, પારસીની પ્રીત, નાગરની મુત્સદી, વ્યાસની ભોવાઈ, લોહાણાની હુસાંતુસી, ભાટિયાની ભલાઈ, આયરની રખાવટ, ચારણની ચતુરાઈ, મેમણની ખેરાતી, સૈયદની સચ્ચાઈ, કણબીની ખેતી, સંધીની ઉઘરાણી, પઠાણનું વ્યાજ, ઘાંચીની ઘાણી, મેરનો રોટલો, પૂજારીનો થાળ, કોળીની કરકસર, ભક્તોનો માળ, વહીવંચાની બિરદાવળી, ઢાઢીના વખાણ, ભાટની કવિતા, માણભટ્ટની માણ, મણિયારાની ચૂડલી, વાંઝાનો વણોટ, ખવાસની ચાકરી, ખત્રીનો રંગાટ, સીદીનો મસીરો, કાગદીની સાઈ, ખોજાના ડાળિયા, કંદોઈની મીઠાઈ, ચુંવાળિયાનું પગેરું, વાઘેરની કરડાઈ, આડોડિયાની ઝડઝપટ, તરકની તોછડાઈ, અબોટીના કીર્તન, બજાણિયાની ઠેક, સોમપુરાનાં મંદિરો, ઘંટીયાની ખેપ, સરૈયાનો સૂરમો, સુતારનું ઘડતર, મોચીનાં પગરખાં, કડિયાનું ચણતર, વોરાની નમ્રતા, હજામનો જવાબ, પસાયતાનો ખુંખારો, દરવાણીનો રૂઆબ, ખારવાનું વહાણવટું, લોધીની જાળ, દરજીનો ટાંકોટેભો, પ્રજાપતનો ચોફાળ, નાડીયાનું ગાડાનારાણ, કાયસ્થની કલમ, વૈદ્યનું પડીકું, ગંજેરીની ચલમ, રામાનંદીની આરતી, મુલ્લાની બાંગ, ભોઈનું રાંધણું, ભરવાડોની ડાંગ, સિપાઈનો સાફો, ને નટડાનો દોર, કાશીના પંડિતો, તીરથનો ગોર, વાળંદની હજામત, ચામઠાની શાન, લુહારિયાની રખડપટ્ટી, ડફેરનું નિશાન, કેબાડીની કુહાડી, ભીલનું તીર, શીખની ઉતાવળ, ધૂળધોયાની ધીર, માધવીયાની કેણી, ભોવાયાનો ભાગ, ઢાઢીની રામલીલા, ધુતારાનો લાગ, મતવાનું મૈયારું, રાંકાની રાબ, ભીખારીની ઝોળી ને માળીની છાબ, નાથનો રાવણહથ્થો, ભાંડના ગાલ, ચોરટાની શિયાળી, તસ્કરનો ખ્યાલ, મલની કુસ્તી, બહુરૂપીનો વેશ, જાદુગરની ચાલાકી, માલધારીનો નેસ, ભોંપાનો ભભકો, રબારીની પૂંજ, ભરથરીનું ખપર, શેતાનની સૂઝ, પ્રશ્નોરાનું વૈદું, નાઘોરીનો નાતો, સાધુનું સદાવ્રત, કસાઈનો કાંતો, લંઘાના ત્રાસાં, તૂરીનું રવાજ, કામળિયાના કાંસિયા, ડબગરનું પખાજ, ભંગીનો ઢોલ, મીરની શરણાઈ, મારગીનો તંબૂરો, ધોબીની ધોલાઈ, જંગમનો ટોકરો, રાવળનું ટાક, વાદીની મોરલી, બહારવટિયાની ધાક, લંઘીના રાજીયા, યોગીની મોજ, જતિનો ત્યાગ, ફિરંગીની ફોજ, વાંસફોડાના વાંસ, હીજડાની તાળી, ગોકળીનો ગોફણિયો, રાજૈયાની થાળી, સલાટની ઘંટી, પીંજારાની તળાઈ, સંઘડીઆનો ઢોલીયો, મજૂરીની કમાઈ, સંન્યાસીનું મુંડન, જોગીની ધૂણી, ફકીરની કદવા, શરાફીની મૂડી, લુહારની ધમણ, ગાંધવનું ગાણું, જૈનોના અપવાસ, સુરતીનું ખાણું, મેઘવાળની મજૂરી, ઘાંચીની ધાર, ઘડિયાની દાતરડી, ખાણીઆનો ડાર, માજોઠીનું ગધેડું, ચુનારનો ભઠ્ઠો, જતની સાંઢડી, વણજારાની પોઠ્યો, ઘેડીયાની ટીપણી, પઢારોનો રાસ, કલાલનો દારૂ, કઠિયારાનો કાંસ, થોરોની ઈંઢોણી, ચમારનો કુંડ, સ્વામિનારાયણનો ચાંદલો, અતીતનું ત્રિપુંડ, મુંડાનો વાંદર્યો, દેવીપૂજકની વઢવેડ, વેરીયાની કરવત, હિજરતની હેડ્ય.

**સંદર્ભગ્રંથ :**

સૌરાષ્ટ્ર : સત્યમ્, શિવમ્, સુંદરમ્.

*સરસ્વતી બંગ્લોઝ, ૯-એ- પટેલ કોલોની,*
*રોડ નં. -૪, કવિશ્રી પિંગળશીભાઈ ગઢવી માર્ગ*
*જામનગર-૩૬૧૦૦૮. મો. ૯૪૨૭૪૧૧૦૧૯*



# બાળસાહિત્ય આજનાં વાચન-વિમુખ બાળકો સુધી કઈ રીતે પહોંચાડી શકાય ?

*- સોમાભાઈ વિ. પટેલ*

**બા**ળસાહિત્ય જ બાળકોના સંસ્કાર-ઘડતર માટેની ઉત્તમ સામગ્રી છે એમ કહેવાયું છે. આ સંસ્કાર-ઘડતર ટીવી-કમ્પ્યૂટર જેવા મનોરંજન અને માહિતીનાં સાધનોથી નહિ, પણ એમને ઉત્તમ અને ઉમદા વિચારો અને આનંદ આપતા સુરુચિપૂર્ણ વાંચનથી જ થાય. આ હકીકતને લક્ષમાં લઈએ તો બાળક હોંશે હોંશે વાંચવા પ્રેરાય એવું, એની વય-કક્ષાને અનુરૂપ અને એનાં રસ-રુચિને પોષે એવું ભરપૂર બાળસાહિત્ય અને સહેલાઈથી ઉપલબ્ધ થાય એ આપણું દાયિત્વ બની રહે છે.

એક જમાનો હતો જ્યારે આપણાં ઘરોમાં નાનાં બાળકોને હાલરડાં, જોડકણાં, બાળગીતો, પશુપંખીની કે પરીઓની વાર્તાઓ દ્વારા એમને બાળસાહિત્યનો જાણ્યે-અજાણ્યે સીધો પરિચય થતો. બહેન, બા કે દાદીમા બાળકને પ્રેમથી ગીતો કે વાર્તાઓ સંભળાવતાં, અને પછીથી એ બધું એને પુસ્તકમાં જોવા મળતું ત્યારે તેનો આનંદ બેવડાતો. બાળક એ પુસ્તક હોંશે હોંશે વાંચવા પ્રેરાતું. એક સમયે બાળકને ગળથૂથીમાંથી થતો બાળસાહિત્યનો સંપર્ક આજે ભૂતકાળની વાત બની છે, ત્યારે હવે બાળકમાં વાંચન માટેના સંસ્કાર નાનપણથી જ રોપાય એ માટે આજનાં માબાપે જાગૃતપણે પ્રયત્નશીલ બનવું પડશે.

**આજના બાળકની વાચન-વિમુખતા વાલીઓ માટે, કેળવણીકારો માટે અને સમાજહિત-ચિંતકો માટે ચિંતાનો વિષય બન્યો છે. ચિંતાનો વિષય એટલા માટે કે ટીવી, મોબાઈલ આદિનું વધુ પડતું ખેંચાણ બાળકને અભ્યાસ-વિમુખ બનાવવા ઉપરાંત તેના બાળમાનસ પર વિકૃત અસરો જન્માવે છે**


એ સાચું કે વિજ્ઞાન અને ટેકનોલોજીના ઝડપી વિકાસની સાથે સાથે આજના બાળકના સમગ્ર પરિવેશમાં અને તેના પગલે તેની રસ-રુચિમાં ઘણું પરિવર્તન આવ્યું છે. પરિવર્તન પામતા સમયની સાથે એનાં રસનાં ક્ષેત્રોમાં પણ બદલાવ આવ્યો છે. એક સમયે બાળક શાળાએથી ઘેર આવ્યા પછી દફ્તર કે બેગ મૂકી શેરીમાં મિત્રો સાથે રમવા દોડી જતો. આજનો બાળક શાળાએથી ઘેર આવ્યા પછી રમવાનું છોડી ઘરમાં પુરાઈ ટીવીના કાર્યક્રમો કે કાર્ટૂન ફિલ્મો જોવામાં કે વીડિયો ગેમ્સમાં વ્યસ્ત રહેવા લાગ્યો છે. એના ભણતરનો અને હોમવર્કનો બોજ પણ ઘણો વધ્યો છે. ભણતર, હોમવર્ક, ટ્યૂશન પછીની એની પ્રાથમિકતા ટીવી જોવાની કે વીડિયો ગેમ્સની હોય છે. હવે ઘર બહાર રમવા જવાનો જ એને સમય નથી હોતો, ત્યાં પુસ્તક કે ઈતર વાચનનો તો એ વિચાર જ કેમ કરે ?

આજે આપણે ત્યાં બાળસાહિત્ય વિપુલ પ્રમાણમાં સર્જાઈ રહ્યું છે. પરંતુ આ બાળસાહિત્ય જેમને નજરમાં રાખીને સર્જાય છે એ બાળકો આ વાંચવામાં રસ ધરાવે છે ખરાં ? ઘણીવાર એવું લાગે છે કે આજનો બાળભાવક વર્ગ બાળસાહિત્યના વાચનથી વિમુખ થઈ રહ્યો છે. આજના બાળકની આ વાચન-વિમુખતા વાલીઓ માટે, કેળવણીકારો માટે અને સમાજહિત-ચિંતકો માટે ચિંતાનો વિષય બન્યો છે. ચિંતાનો વિષય એટલા માટે કે ટીવી, મોબાઈલ આદિનું વધુ પડતું ખેંચાણ બાળકને અભ્યાસ-વિમુખ બનાવવા ઉપરાંત તેના બાળમાનસ પર વિકૃત અસરો જન્માવે છે. કેમ કે ટીવીમાં એ કાર્ટૂન ફિલ્મો જ નથી જોતો, એમાં એ મારફાડની, ક્રાઈમની અને સેક્સની સિરિયલો કે ફિલ્મોયે જુએ છે. એનાથી બાળમાનસ પર થઈ રહેલા પ્રદૂષિત વિચારોના આક્રમણની ચિંતા કરવી પડે એમ છે. આપણે માનવીને હાનિકારક એવા હવાના પ્રદૂષણની અને અવાજના પ્રદૂષણની ચિંતા કરીએ છીએ, પરંતુ બાળમાનસ પર ભારે નકારાત્મક અસરો જન્માવતા ટીવીના આવા પ્રદૂષણની ચિંતા કરીએ છીએ ખરા ?



આપણે એ સ્વીકારવું રહ્યું કે બાળકનાં રસ-રુચિ અને સંસ્કારનું ઘડતર ટીવી, કમ્પ્યૂટર, મોબાઈલ જેવા મનોરંજન અને માહિતીનાં સાધનો દ્વારા નહિ, પરંતુ એને આનંદ સાથે ઉત્તમ વિચારો આપતાં સુરુચિપૂર્ણ વાચનથી જ થાય. ટીવી, કમ્પ્યૂટર બાળકનાં જ્ઞાન-માહિતીમાં વધારો કરી શકે, પરંતુ એ જ્ઞાન અને માહિતી કેવાં પ્રકારનાં હશે અને એને એ કઈ દિશામાં લઈ જશે એ અભ્યાસનો વિષય બની શકે એમ છે. આથી બાળક એના આરંભના સમયમાં ટીવી જેવા કાર્યક્રમોના નકારાત્મક પ્રદૂષણથી બચે તેમજ તેના જીવનમાં સદગુણોનું અને સંસ્કારિતાનું સિંચન થાય એ માટે એને ગમતી પ્રવૃત્તિમાં દોરવું જોઈએ. અને આ માટે એને ગમતાં પુસ્તકોના વાચનથી વિશેષ સારો અન્ય કોઈ વિકલ્પ નથી. બાળકના સ્વસ્થ વિકાસ માટે એ નાનું હોય ત્યારથી જ તેને વાચનની ટેવ પડે એ આવશ્યક છે.

આજે ઘણાં માબાપ બાળકોની જરૂરિયાતો સંતોષવા ઘણું બધું કરે છે. એ એમને, સારો ખોરાક, ગમતાં સુંદર કપડાં, જાતજાતનાં મોંઘાં રમકડાં અને ગેમ્સ આપે છે. એમનું સારી રીતે લાલનપાલન કરે છે, પરંતુ એનાતી એમની ખરી જરૂરિયાતો સંતોષાય છે ખરી ? બાળકોની દુનિયા કુતૂહલ અને જિજ્ઞાસાથી ભરપૂર હોય છે. એમને જોવી છે જંગલના વાઘ, સિંહ, હાથી, શિયાળ જેવાં પશુઓની અને કાગડા, કબૂતર, મોર, કોયલ જેવાં પક્ષીઓની દુનિયા. એમને જોવી છે નદી, ઝરણાં સાગર અને ઊંચા ઊંચા પહાડોની અવનવી સૃષ્ટિ. એમને સાંભળવાં છે અને ગાવાં છે મધુર જોડકણાં અને ગીતો. એમને સાંભળવી છે કલ્પનાની દુનિયામાં દૂર દૂર વિહાર કરાવતી સરસ મજાની વાર્તાઓ. આજે બાળકને આવું બધું જોવા-સાંભળવા-જાણવા મળે ક્યાં ?



એ બધું એમને મળે જાતજાતનાં અને ભાતભાતનાં સુંદર મજાનાં રંગીન ચિત્રોથી ભરપૂર એવાં નાનાં-મોટાં પુસ્તકો અને સામયિકોની દુનિયામાં. એકવાર બાળકોને આવાં સરસ-મજાનાં ચિત્રોથી સભર પુસ્તકોની વચ્ચે મૂકો અને જુઓ કે એમને એમાં કેવો રસ પડે છે ? અને એ કેવાં જિજ્ઞાસાપૂર્વક ચિત્રો જોતાં એની દુનિયામાં ખોવાઈ જાય છે ! શરૂઆતમાં બાળક એને આપવામાં આવતાં પુસ્તકો ભલે ન વાંચે, પરંતુ પોતાની પાસે પડેલાં કે હાથમાં આવેલા પુસ્તકનાં પાનાં એ જિજ્ઞાસાપૂર્વક ખોલશે અને એમાં પશુ-પક્ષીઓનાં કે અન્ય ચિત્રો અવશ્ય જોવા લાગશે. એ એમાં ઝાડ અને જંગલ જોશે, સાગર અને પહાડ જોશે, આગગાડી એને વિમાન જોશે, અને મેદાનમાં પોતાના ગોઠિયા જેવાં બાળકોને રમતાં જોશે. પછી તો એ એને ગમતાં ચિત્રો જોવા પુસ્તકનાં પાનાં એકવાર નહિ, અનેકવાર ઉથલાવશે અને એમાંના ચિત્રોની દુનિયામાં ખોવાઈ જશે, કેમકે શરૂઆતમાં એ જ છે એની જિજ્ઞાસાને, એની રસરુચિને સંકોરતી અને સંતોષતી એની પોતાની દુનિયા.

**પુસ્તકમાં ચિત્રો જ નથી, એમાં બીજું યે ઘણું બધું છે. અને પછી એણે સાંભળેલી વાર્તાઓનાં ચિત્રો જોવા પુસ્તકનાં પાનાં એ એકવાર નહિ, પણ અનેકવાર ઉથલાવશે, અને એમ કરતાં એ જાણ્યે-અજાણ્યે પુસ્તકની દુનિયામાં વિહરતો થઈ જશે**

એમાંયે એમાંના એકાદ આવા પુસ્તકમાં એણે ચિત્રમાં જોયેલા સિંહ અને ઉંદરની વાત મમ્મીના મોઢે સાંભળશે કે વાંદરા અને મગરની વાત પપ્પાને મોઢે સાંભળશે ત્યારે એને કેવી મજા પડશે ? ત્યારે એને થશે, પુસ્તકમાં ચિત્રો જ નથી, એમાં બીજું યે ઘણું બધું છે. અને પછી એણે સાંભળેલી વાર્તાઓનાં ચિત્રો જોવા પુસ્તકનાં પાનાં એ એકવાર નહિ, પણ અનેકવાર ઉથલાવશે, અને એમ કરતાં એ જાણ્યે-અજાણ્યે પુસ્તકની દુનિયામાં વિહરતો થઈ જશે. બાળક શાળાએ જતું થાય એ પહેલાંથી એને પુસ્તક પ્રત્યે અનુરાગ થાય અને એ હોંશપૂર્વક વાંચવા પ્રેરાય એ માટે આરંભમાં માબાપોએ જ અને પછીથી શિક્ષકોએ સજાગપણે પ્રયત્ન કરવા જોઈશે. બાળક જેટલા રસથી રમકડું પસંદ કરીને તેની સાથે રમવા લાગે છે એ જ રીતે તે પોતાને ગમતી ચોપડી પસંદ કરીને રસપૂર્વક વાંચવા પ્રેરાય એવું કંઈક તેઓએ કરવું પડશે.

તમે જ કહો,

*"તું અહીંયા આવ, મજાની ખિસકોલી,*
*તું દોડ, તને દઉં દાવ, મજાની ખિસકોલી."*

એવું કોઈ ગીત માબાપ તરીકે તમે તમારા બાળક સમક્ષ કદી ગાયું છે ખરું ? અથવા તો પેલા

*"તું એક બિલાડી જાડી, એણે પહેરી સાડી,*
*સાડી પહેરી ફરવા ગઈ, તળાવમાં એ તરવા ગઈ.*
*તળાવમાં આવ્યો મગર..."*

એ કાવ્યની વાત કે સિંહ અને ચતુર સસલાની વાત એને રસ પડે એ રીતે સંભળાવી છે ખરી ? તમે ક્યારેય તમારા બાળકને સાત પૂંછડિયા ઉંદરની વાત કે દલા તરવાડીની વાત રસપૂર્વક કહી છે ખરી ? આવું કોઈ ગીત કે આવી કોઈ મજાની વાર્તા તમારા બાળકને સંભળાવો, પછી ચોપડી બતાવીને કહો કે આ ગીત અને આ વાર્તા આમાં છે એટલે એ ચોપડી તમારી પાસેથી ઝડપીને લઈ લેશે. વળી એમાં સરસ મજાનાં ચિત્રોની સાથે બીજાં ગીતો અને વાર્તાઓ પણ હોવાનાં. એ જોતાં બાળક એ ગીતોની અને વાર્તાઓની દુનિયામાં ખોવાઈ જવાનો. હવે આજનાં માબાપોએ બાળકમાં વાચન પ્રત્યે રસ જગાડવામાં, આવી તરકીબો પણ અજમાવવી પડશે. દરેક પરિવારે પોતાનાં બાળકોને તેમની રસ-રુચિને તોષે એવાં પુસ્તકો મળતાં રહે એમ કરવું જોઈએ. વધુ સારું તો એ છે કે દરેક ઘરમાં પોતાનાં બાળકોની વય-કક્ષા અનુસારનું, તેમની રસ-રુચિને ખીલવે એવાં થોડાક પુસ્તકોનું એક જાતનું ગૃહ-પુસ્તકાલય જ શરૂ કરવું જોઈએ, જેથી એમને માટે ઉપયોગી પુસ્તકો સહજ રીતે જ ઉપલબ્ધ કરાવી શકાય. નાનાં બાળકોને આવાં પુસ્તકો જોવા મળે ખરાં, પરંતુ એ શાળામાં જતા થાય ત્યારે વળી શાળામાં એને ગમતાં પુસ્તકો હર વખત મળે ખરાં ? ગમતાં પુસ્તકો મળે તો પણ તે પરત આપી દેવાનાં. પછી એ મળે કે ન મળે. બાળકો માટેનું નાનું ગૃહપુસ્તકાલય હોય તો બાળકો ગમે ત્યારે પુસ્તકો હાથમાં લેશે અને વાંચવા પ્રેરાશે.

**શાળાના વર્ગશિક્ષક પણ પોતાના વર્ગનાં બાળકોને કોઈ ઐતિહાસિક કે જોવાલાયક સ્થળની મુલાકાતે લઈ જાય છે તેમ આવા વિવિધ સમયે યોજાતા પુસ્તકમેળાઓમાં લઈ જઈ શકે. એમ કરવાથી, બાળકોનો પુસ્તકો સાથેનો પ્રત્યક્ષ સંપર્ક થશે અને તે વાચવાં પ્રેરાશે**

બાળકો વાંચન પ્રત્યે રસ ધરાવતાં થાય એ પછી એમને વૈવિધ્યપૂર્ણ બાળસાહિત્ય સુલભ થાય એ ખૂબ જરૂરનું ગણાય. આ કામગીરી શાળાનાં ગ્રંથાલયો ઉત્તમ રીતે કરી શકે. બાળકોને જરૂરી પુસ્તકો મેળવી આપવામાં ગ્રંથપાલ ઉપરાંત વર્ગશિક્ષક પણ મદદરૂપ થઈ શકે. બાળક શાળા-ગ્રંથાલયનો ઉપયોગ કરતો થાય તો તેમાં તેની રસવૃત્તિને સંતોષે એવાં વિવિધ પ્રકારનાં પુસ્તકો મળી રહે. અલબત્ત, બાળકોને તેમની અપેક્ષા અનુસાર નવાં નવાં સરસ પુસ્તકો ઉપલબ્ધ કરાવી શકે એવી પૂર્વપ્રાથમિક અને પ્રાથમિક શાળાઓ આપણે ત્યાં કેટલી હશે એવો પ્રશ્ન પણ થાય. ખરેખર તો દરેક શાળાને પોતાનું કેન્દ્રીય ગ્રંથાલય ઉપરાંત પ્રત્યેક વર્ગના વિદ્યાર્થીઓ માટેનું અલગ નાનકડું વર્ગ-પુસ્તકાલય પણ હોય એ ઈષ્ટ ગણાય, જેથી તેમને તેમની વય અને રુચિ મુજબની સામગ્રીવાળાં પુસ્તકો મેળવી આપી શકાય.

રાજ્યમાં ઘણાં શહેરોમાં પુસ્તક મેળાઓ યોજાતા હોય છે, જેમાં રાજ્યના અને ઘણીવાર દેશભરના પ્રકાશકોએ પ્રગટ કરેલાં વિવિધ પ્રકારનાં પુસ્તકો એક સાથે જોવા મળે છે. આવા પુસ્તકમેળાઓમાં વાલીઓ પોતાનાં બાળકોને લઈ જાય અને તેમને પુસ્તકો જોવા માટે પૂરતો સમય આપે એ ખૂબ જરૂરી છે. આ મેળામાંથી એમને ગમતાં, એમને માટે ઉપયોગી લાગે તેવાં થોડાંક પુસ્તકો એમના ગૃહપુસ્તકાલય માટે ખરીદે તો તેમનાં પુસ્તકો માટેનો રસ અને લગાવ વધશે. શાળાના વર્ગશિક્ષક પણ પોતાના વર્ગનાં બાળકોને કોઈ ઐતિહાસિક કે જોવાલાયક સ્થળની મુલાકાતે લઈ જાય છે તેમ આવા વિવિધ સમયે યોજાતા પુસ્તકમેળાઓમાં લઈ જઈ શકે. એમ કરવાથી, બાળકોનો પુસ્તકો સાથેનો પ્રત્યક્ષ સંપર્ક થશે અને તે વાચવાં પ્રેરાશે.

આવા પુસ્તકમેળાઓમાં ઘણા વાલીઓ અને ઘણાં પુસ્તક-રસિયાઓ બાળકો માટેનાં પુસ્તકો જોવા-ખરીદવામાં સારો રસ લેતા હોય છે. પરંતુ એમાં સારું શું અને નરસું શું ? કયું પુસ્તક ખરીદવું અને કયું ન ખરીદવું ? એવી મૂંઝવણ



એમને થતી હોય છે. આવા વખતે તેમની પાસે કોઈ પુસ્તક-સૂચિ ન હોવાને લીધે, જે જોયું અને એમાંથી જે ઠીક લાગ્યું તે ખરીદી લીધું એવી સ્થિતિ ઘણાની થાય છે. અંગ્રેજીમાં જેમ 'A Parents guide to childrens' Literature જેવાં પુસ્તક પ્રાપ્ય હોય છે તેવું માર્ગદર્શક પુસ્તક કે સૂચિ વાલીના હાથમાં હોય તો તે પોતાનાં બાળકની વય અને રસવૃત્તિ મુજબની પસંદગીનાં પુસ્તકો ખરીદી શકે.

આથી એ ખૂબ અપેક્ષિત અને આવશ્યક ગણાય કે ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલાં બાળસાહિત્યનાં, જુદી જુદી વય-કક્ષાનાં બાળકો માટેનાં ઉત્તમ પુસ્તકોની સૂચિ કે યાદી તૈયાર કરવામાં આવે. આ સૂચિ વિગતપૂર્ણ હોય, જેમાં પુસ્તકનો વિષય તેમાંની સામગ્રીની સંક્ષિપ્ત નોંધ, લેખક, કિંમત, પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન વગેરેનો સમાવેશ થયેલો હોય. વળી બાળસાહિત્યનાં પુસ્તકોની આ સૂચિ વખતોવખત અપડેટ થતી રહે, અને એ સૌ કોઈને સહેલાઈથી સુલભ થાય એ જરૂરી છે. આવી સૂચિ ઉપલબ્ધ હોય તો તે બાળકો માટે પુસ્તકો ખરીદવામાં વાલીઓને જ નહિ, શાળાનાં તેમજ અન્ય સર્વ ગ્રંથાલયોને પણ ખૂબ ઉપયોગી અને માર્ગદર્શક થાય.

**આપણા બાળસાહિત્યના સર્જકોએ પણ હવે આજની બાળપેઢીના મનોજગતને સ્વીકાર્ય થાય એવું અને એના રસજગતને પોષે અને તોષે એવું નવતર સાહિત્ય સર્જવું જરૂરી બન્યું છે**

આપણા બાળસાહિત્યના સર્જકોએ પણ હવે આજની બાળપેઢીના મનોજગતને સ્વીકાર્ય થાય એવું અને એના રસજગતને પોષે અને તોષે એવું નવતર સાહિત્ય સર્જવું જરૂરી બન્યું છે. આપણે જાણીએ છીએ કે વિજ્ઞાન અને ટેકનોલોજીના આ યુગમાં નવતર પરિવેશ વચ્ચે ઉછરી રહેલી આજની બાળપેઢીના ભાવજગતમાં અને રસનાં ક્ષેત્રોમાં ઘણું પરિવર્તન આવ્યું છે. આ પેઢી વિચારની તાર્કિકતા અને ઘટનાની વૈજ્ઞાનિકતામાં શ્રદ્ધા ધરાવતી હોઈ, એને અગાઉના પરંપરાગત, ચીલાચાલુ કથા પ્રસંગોમાં કે અતાર્કિક ચમત્કારોના વાંચનમાં રસ ન પડે એ સ્વાભાવિક છે. આજના બાળસાહિત્યના સર્જકોએ આજની બાળપેઢીને ગ્રાહ્ય થાય એવું, એના બદલાયેલા રસજગતને સંતોષે એવું અને એને આનંદથી પરિપ્લાવિત કરે એવું, નવું નવું સર્જન કરવા પ્રવૃત્ત થતું જોઈશે. બાળસાહિત્યના પ્રકાશકોએ પણ બાળકોને વાંચવામાં અભિરુચિ જાગે તેવાં આકર્ષક રૂપરંગવાળાં પુસ્તકો બાળકો માટે પ્રગટ કરી પોતાનું દાયિત્વ નિભાવવું જોઈશે.

હજુ આજે એ આપણે બાળકો માટેનાં અલગ ગ્રંથાલયોની કલ્પના કરી શકતા નથી. હા, કેટલાંક ગ્રંથાલયોમાં અલગ બાળવિભાગ હોય છે ખરો. અલબત્ત, આટલું પર્યાપ્ત ન ગણાય. ખરેખર તો બાળકો માટેનું એક એવું ગ્રંથાલય હોય, જેમાં ભરપૂર પ્રમાણમાં સર્વ પ્રકારનાં, વૈવિધ્યપૂર્ણ પુસ્તકો તો હોય જ, ઉપરાંત આ ગ્રંથાલય બાળકો માટે એક જીવંત સંસ્કારકેન્દ્ર જેવું હોય. એવું કેન્દ્ર, જ્યાં બાળસાહિત્યના સેમિનાર યોજાતા હોય, જ્યાં બાળગીતોનું ગાન અને બાળકાવ્યોનું પઠન થતું હોય, જ્યાં વાર્તાકથનના ડાયરા જામતા હોય, જ્યાં બાળકો માટેનાં દસ્તાવેજી ચિત્રો અને સ્લાઈડ શો બતાવાતાં હોય અને જ્યાં દૂરદર્શનના પસંદગીના કાર્યક્રમોનો લાભ લેવાતો હોય. એવું કેન્દ્ર, જ્યાં એક નાનકડી રંગભૂમિ પર બાળનાટકો અવારનવાર ભજવાતાં હોય, જ્યાં બાળકો સાથે નામાંકિત બાળસાહિત્યકારોની મુલાકાતો યોજાતી હોય. લેખકો દ્વારા ઉત્તમ કોટિનું બાળસાહિત્ય સર્જાતું રહે અને બાળકો મોટી સંખ્યામાં હોંશપૂર્વક એ વાંચવા પ્રેરાય એવું વાતાવરણ તેમને આવી વિવિધ પ્રવૃત્તિઓ નિમિત્તે મળે તે તેમના સર્વાંગી વિકાસ અને સંસ્કાર-ઘડતર માટેની મોટી ઉપલબ્ધિ ગણાય. અલબત્ત આ કાર્ય કોઈ એકલદોકલ જૂથ કે નાનકડી સંસ્થા દ્વારા ભાગ્યે જ સિદ્ધ થઈ શકે. આ માટે જેમ કેન્દ્રમાં નેશનલ બુક ટ્રસ્ટ જેવી સંસ્થા કાર્યરત છે તેમ રાજ્ય સરકાર 'ગુજરાત ચિલ્ડ્રન બુક ટ્રસ્ટ' કે 'ગુજરાત ચિલ્ડ્રન ડેવલપમેન્ટ ટ્રસ્ટ' જેવી કોઈ સ્વાયત્ત સંસ્થાની રચના કરીને તેના આશ્રયે ગુજરાતી બાળસાહિત્યના વિકાસ માટે અને તેના પગલે ગુજરાતનાં બાળકોના સર્વાંગી વિકાસ અને સંસ્કાર ઘડતર માટેની અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી શકે.

*૧, રચના સોસાયટી,*
*શિવરંજની ચાર રસ્તા પાસે,*
*સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫*
*મો-૯૭૨૬૪૮૫૧૧૬*



# કૃષ્ણલીલામાં નાગદમન અને સાંયાજી ઝૂલા

*- વસંતભાઈ ગઢવી*

*વિહાણે નવે નાથ જાગો વહેલા*
*હુવા દૌડિયા ધેન ગોપાલ હેલા*
*જગાડે જશોદા જદુનાથ જાગો*
*મહીમાટ ઘૂમે નવે નધ્ધ માગો.*

જન્માષ્ટમીના પાવન પર્વે કૃષ્ણભક્તિમાં તરબતર થયેલી અનેક રચનાઓ યાદ આવે છે. સાંયાજી ઝૂલા નામના સુવિખ્યાત ચારણ ભક્ત-કવિની ઉપરની પંક્તિઓમાં પણ કૃષ્ણભક્તિનો ભાવ તેની તમામ મધુરતા સાથે ઘૂંટાયેલો છે. સાંયાજીનો જન્મ સંવત ૧૬૩૨ (ઇ.સ. ૧૬૮૮) માં થયો હોવાનો મત વધારે પ્રમાણભૂત ગણાય છે. કવિ સાબરકાંઠા જિલ્લાના ઇડર વિસ્તારમાં ઝૂલા પરિવારમાં થયા, પરંતુ તેમની અનન્ય કૃષ્ણભક્તિની રચનાઓ થકી વ્યાપક પ્રસિધ્ધિ અને પ્રશંસા પામેલા છે. નવલા પ્રભાતની જ્યોતિર્મય ક્ષણોમાં માતા યશોદા બાળ કૃષ્ણને જગાડવા માટે પ્રયાસ કરે છે. તે સંદર્ભમાં કવિને આ પંક્તિઓ સ્ફૂરી છે. કવિની એક સુપ્રસિધ્ધ રચના 'નાગદમણ' ની શરૂઆત ઉપરની સુંદર પંક્તિઓથી થાય છે. કવિની રચનાના આ શબ્દો વાંચીને મનમાં નરસિંહ મહેતાની સ્મૃતિ થાય છે. 'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા' જેવી નરસિંહની અમરકૃતિ અનંતકાળ સુધી ગવાતી અને ઝીલાતી રહેવાની છે. સાંયાજી ઝૂલાની ઉપરની પંક્તિઓમાં પણ માતા-પુત્રના સ્નેહભર્યા સંવાદમાં સ્થૂળ રીતે જોઇએ તો નટખટ કાનને ગાયો તથા ગોવાળ સાથે જવા માટે કહેવામાં આવેલું છે. આ સંવાદની તો એક શોભા છે જ, પરંતુ અંતરાત્મામાં વસેલા પરમાત્માને ભાવ-ભક્તિથી જગાડવાનો એક વ્યાપક વિચાર પણ તેમાંથી પ્રગટે છે. કવિએ પોતાની દીર્ઘ રચનાના પ્રારંભે જ આ શબ્દો લખીને ભીતરની ચેતના રૂપી દેવને જાગૃત કરવાનો યજ્ઞ આરંભેલો છે. જીવને શીવત્વ તરફ પ્રયાણ કરવું હોય તો અંતરમાં આવું કૃષ્ણ રૂપી ચેતનાનું જાગરણ થવું જરૂરી છે. આથી કવિની આ રચનાને આત્મ જાગરણની સંહિતા કહેવામાં આવે છે તેમાં સંપૂર્ણ ઔચિત્ય છે. ચેતના પ્રગટે તો અંદર — બહારનો ઉજાસ એ સહજ રીતે પ્રાપ્ત થાય છે અને આવા અંદરના ઉજાસનું એક સવિશેષ મૂલ્ય છે. સ્થૂળ આંખો કદાચ તેના નિરીક્ષણમાં ક્ષતિ કરે પરંતુ જેમને આંતરિક ઉજાસ ઝળહળા હોય તેમનો માર્ગ પછી સ્થૂળ બાબતોની મર્યાદામાં બંધાતો નથી. કવિ માધવ રામાનુજના સુંદર શબ્દો યાદ આવે :

**કૃષ્ણની બાળલીલાનું ગાન એ કવિઓ માટે મોટા આકર્ષણનો વિષય છે. દરેક ભાષાના સાહિત્યમાં બાળકૃષ્ણને લાડ લડાવતી અનેક રચનાઓ જોવા મળે છે. 'નાગદમણ' માં પણ કવિએ પોતાની છટાથી કૃષ્ણ લીલાનું ગાન કરેલું છે**

*અંદર તો એવું અજવાળું અજવાળું*
*ટળવળતી હોય આંખ જેને જોવાને*
*એ મીંચેલી આંખેય ભાળું*
*અંદર તો એવું અજવાળું આજવાળું.*

સાંયાજીએ પોતાની રચનાઓમાં કૃષ્ણભક્તિને પ્રાધાન્ય આપેલું છે. કવિની બે દીર્ઘ રચનાઓ - 'નાગદમણ' તથા 'રૂક્ષ્મણીહરણ' લોકખ્યાતિને વરેલા છે. કવિશ્રીના જીવન સાથે અનેક કથાકથિત વાતો તથા ચમત્કારના પ્રસંગો જોડાયેલા છે. પરંતુ કવિની કૃષ્ણભક્તિની બે સુપ્રસિધ્ધ રચનાઓ થકીજ કવિનું દેદિપ્યમાન જીવન તથા અસાધારણ કવિત્વ શક્તિનું સુરેખ દર્શન થાય છે.



કૃષ્ણની બાળલીલાનું ગાન એ કવિઓ માટે મોટા આકર્ષણનો વિષય છે. દરેક ભાષાના સાહિત્યમાં બાળકૃષ્ણને લાડ લડાવતી અનેક રચનાઓ જોવા મળે છે. 'નાગદમણ'માં પણ કવિએ પોતાની છટાથી કૃષ્ણ લીલાનું ગાન કરેલું છે. 'રૂક્ષ્મણીહરણ' માં કૃષ્ણના ભક્ત વાત્સલ્યના ભાવ વીરરસની ધારે વહેલા છે. સાંયાજીએ 'અંગદવિષ્ટિ' કાવ્ય પણ લખ્યું છે. રામચંદ્રજીની શૌર્યગાથા તેમાં પ્રગટ થતી જોવા મળે છે. 'નાગદમણ'ની કૃષ્ણભક્તિની રચનાઓ

અત્યંત મધુર તથા ભાવપૂર્ણ છે.

ચારણી સાહિત્યના સર્જનમાં અનેક ઉજળા નામોનો ઉલ્લેખ કરવામાં આવે છે. તેમાંના એક સંત કવિ સાંયાજી ઝૂલા છે. મહાત્મા ઇસરદાસજી રચિત હરિરસ – દેવીયાંણની જેમ સાંયાજી ઝૂલાની કૃતિ 'નાગદમણ' નો પણ અવારનવાર ઉલ્લેખ થતો જોવા મળે છે. ચારણી સાહિત્યની આ રચનાઓ પ્રાચીન હોવા છતાં સાંપ્રત કાળમાં તેનું મૂલ્ય ઓછું થતું નથી. આ સંદર્ભમાં સમર્થ સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીએ કહેલી વાત ફરી સ્મૃતિમાં આવે છે. 'ચારણો અને ચારણી સાહિત્ય' પર ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (ગુજરાત વિદ્યાસભા) આયોજિત એક ઐતિહાસિક પ્રવચનમાં (૧૯૪૨) આ બાબતની છણાવટ મેઘાણીભાઈએ કરેલી છે. તેમણે પોતાના ઊંડા અભ્યાસના આધારે આ પ્રવચનમાં કહેલું કે માત્ર પ્રાચીનતાને કારણેજ આ સાહિત્યની વાત કરવાનું પ્રયોજન અહીં ઊભું થયું ન હોત, પરંતુ આ સાહિત્યની પ્રાસંગિકતા પણ છે કે જેના કારણે ચારણી સાહિત્ય પરનું આ વ્યાખ્યાન ગોઠવાયેલું છે. ચારણી સાહિત્યની આવી પ્રાસંગિકતા તેના મજબૂત કાવ્યતત્વ તેમજ રજૂઆતની ધારદાર તથા પ્રભાવી છટાને કારણે ટકી છે. તે ઉપરાંત વિશેષ મહત્ત્વની વાત એ છે કે, આ સાહિત્યમાં જીવનના જે મૂલ્યોને ઉજાગર કરવામાં આવ્યા છે તે જીવનમૂલ્યો કોઈપણ કાળમાં માનવજીવનને પોષક તથા સંવર્ધક છે. આવા માનવીય ગુણોનું મહત્ત્વ કદી પણ ઓછું આંકી શકાય તેવું નથી. આવા ધન્યનામ અને ઉજળી કાવ્યશક્તિ ધરાવનારા કવિઓના સંદર્ભમાં લખાયું છે :

***સત્યવક્તા, રંજન સભા કુશળ દીન હીત કાજ***
***બેપરવા દીલડા બડા સો સચ્ચા કવિરાજ.***

સાંયાજી ઝૂલા કૃત 'નાગદમણ' કાવ્યની રચના – ભૂમિકા – શબ્દમાળ તથા કાવ્યબાનીની બળકટતા એવી સમૃધ્ધ છે કે અનેક ચારણ – ચારણેતર સંશોધક વિદ્વાનોનું તેના પર ધ્યાન ગયું છે. ધાંગધ્રા (જિ.સુરેન્દ્રનગર)ના ડૉ. રમણીક મારું આ વિદ્વાનો પૈકીના એક છે. વર્ષો પહેલા મારૂ સાહેબે 'નાગદમણ'ને કેન્દ્રમાં રાખીને શોધ નિબંધ લખ્યો છે. આજે પણ એક સંદર્ભ ગ્રંથ તરીકે તેનો ઉપયોગ થઈ શકે તેવી નિષ્ઠા તથા મહેનતથી આ નિબંધ લખાયો છે. 'નાગદમણ' એ કવિઓને પણ પ્રિય લાગે તેમજ આકર્ષક લાગે તેવી રચના છે તેવું રમણીકભાઈનું તારણ સર્વથા ઉચિત છે. કાલીયદમન લીલાનું આ મધુર ગાન એ તેની સુંદરતા તથા પ્રવાહીતાને કારણે એક કાળજયી રચના બની શક્યું છે. જેમ મીરા – સુરદાસ તથા નરસિંહના કૃષ્ણભક્તિના પદો લોક સ્મૃતિમાં ચિરંજીવી થયા છે તેમ 'નાગદમણ' પણ આ કક્ષામાં પોતાનું સ્થાન મેળવી શકે તેવું ઉત્તમ સર્જન છે.

લોક સાહિત્ય તેમજ ચારણી સાહિત્યના મર્મજ્ઞ ડૉ. પુષ્કર ચંદરવાકરે પણ પોતાના લખાણોમાં 'નાગદમણ'નો ઉલ્લેખ કરીને તેના રચનાકારને બીરદાવ્યા છે. 'વિશેષ કાવ્યાત્મક' સ્વરૂપે નાગદમણની રચના સાહિત્ય પ્રેમીઓને લોભાવે તેવી છે તેવું ડૉ. ચંદરવાકર સાહેબનું તારણ 'નાગદમણ'ના સંદર્ભમાં ઉચિત છે. એક અભ્યાસુ અને નિષ્ઠાવાન શિક્ષણ કાર્ય કરનાર ડોલરરાય માંકડ 'નાગદમણ'ને એક 'પવાડો' પણ કહી શકાય તેવું અવલોકન કરે છે અને તેને ઉત્તમ રચના તરીકે પ્રમાણે છે. માંકડ સાહેબ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ હતા ત્યારે યુનિવર્સિટી દ્વારા પાંચ ચારણ કવિઓનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. આ બાબત માંકડ સાહેબનો વિદ્યાપ્રેમ તથા ચારણી સાહિત્યની તેમની પરખનું પ્રમાણ છે. અભિવ્યક્તિના એક ધારદાર માધ્યમ તરીકે ડિંગળને ઘણાં વિદ્વતજનોએ વધાવી છે. ડિંગળ શૈલીમાં જે રચનાઓ થાય છે તેમાં વીરરસ એ પ્રધાન સ્થાને છે તેવું ડૉ. મોનારિયાનું વિધાન યથાર્થ છે. 'નાગદમણ'માં પણ ડિંગળની આ અસરકારકતા સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. સાંયાજીએ કરેલા ચરિત્ર - ચિત્રણની એ વિશેષતા છે કે ભક્તકવિના પોતાના જીવનમાં ક્રમશઃ પ્રગટ થતો આધ્યાત્મિકતાનો ઉઘાડ તેમાં અનુભવી શકાય છે તેવું પ્રાધ્યાપક દિલીપભાઈ ચારણ (ઝૂલા)નું અવલોકન પણ રચના તથા રચનાકારના સંદર્ભમાં ઉપયુક્ત છે. સમસ્ત ઝુલા પરિવાર તરફથી 'નાગદમણ' જેવી કાળજયી રચના તેના સુંદર ભાવાનુવાદ સાથે જુલાઈ-૨૦૧૭ માં પ્રગટ કરવામાં આવી છે તે સાહિતય જગતની એક નોંધપાત્ર ઘટના છે. આ કાર્ય શ્રી જિતુદાન ગઢવીની અનુભવ સમૃધ્ધ કલમ થકી વિશેષ રસપ્રદ થયેલું છે. શ્રી જિતુદાન ગઢવીએ લખ્યું છે કે 'નાગદમણ' એ શ્રોતા – વક્તા માટે ભક્તિભાવનો

**'નાગદમણ' એ શ્રોતા – વક્તા માટે ભક્તિભાવનો ગ્રંથ છે પરંતુ રચના અનુસાર એ સાંયાજીએ કરેલી પ્રશસ્તિ ગાથા છે. છંદ ભૂજંગીના બંધારણમાં રહીને લખાયેલી આ રચનાની એક પંક્તિ કૃષ્ણના સ્વરૂપની જેમજ રસ તથા મધુરતાની ખોબે અને ધોબે લહાણ કરે છે**

ગ્રંથ છે પરંતુ રચના અનુસાર એ સાંયાજીએ કરેલી પ્રશસ્તિ ગાથા છે. છંદ ભૂજંગીના બંધારણમાં રહીને લખાયેલી આ રચનાની એક એક પંક્તિ કૃષ્ણના સ્વરૂપની જેમજ રસ તથા મધુરતાની ખોબે અને ધોબે લહાણ કરે છે.

*હરી હો હરી હો હરી ધેન હાંકે*
*ઝરૂખે ચડી નંદકુમાર ઝાંકે*
*અહિરાણિયાં અવ્વલા ઝૂલ આવે*
*ભગવાનનેધેન ગોપી ભળાવે.*

'હરી ધેન હાંકે' ની વાત કરતા કવિ કહે છે કે હરિના અવર્ણનીય રૂપની ઝાંખી નંદકુમારો તથા ગોપબાળાઓ કરે છે. કૃષ્ણને પોતાની ગાયો ભળાવે છે. જાણે કે સ્થૂળ પદાર્થને ત્યજીને પરમ પદાર્થની પ્રાપ્તિનો ગોપીજનોનો આ જાગૃત પ્રયાસ છે ! ગાયોને ભળાવવાનું તો એક બહાનું છે. પરંતુ કૃષ્ણમય થવાનો આ અવરસ છે તેને વ્રજવાસીઓ કેવી રીતે જતો કરી શકે ?

**હિન્દુસ્તાનના સાહિત્યના ઇતિહાસમાં ભક્તિ આંદોલનનું એક વિશેષ સ્થાન છે. '' ભાગવત '' એ અનેક રચનાઓનો સ્ત્રોત છે. ભક્તિ માર્ગ ભક્તિ પ્રાધાન્ય રહેલો છે. ભક્તિ આંદોલને દક્ષિણ ભારતમાં પોતાનો પ્રભાવ ઊભો કર્યો એ પ્રભાવ સમગ્ર દેશમાં વિસ્તર્યો.**

'નાગદમણ'ના પ્રસંગમાં કૃષ્ણ અને નાગણીઓ વચ્ચેનો સંવાદ એ મહત્ત્વની ઘટના છે. નાગણીઓ વ્યાકુળ થઇને તેમજ બાળક તરફના પોતાના સ્નેહને વશ થઇને આ મનોહર બાળકને સરોવર છોડી જવાનું કહે છે. આ માટે જાતજાતની લાલચ પણ આપે છે. પરંતુ છેવટે ગોપાળકૃષ્ણ પોતાની મહત્તા સ્પષ્ટ કરે છે. સાંયાજી લખે છે :

*રહો તો ઘરે દાવ દૂજો રહાવાં,*
*મોરો ઘાટ વેરાટ એથી ન માવાં,*
*ચમંકે ચમંકે સખે ચિત્ત ચેતી*
*લળે પાય લાગી વળે લુણ લેતી.*

કૃષ્ણ કહે છે કે હવે હું અહી રહીશ તો આશ્રિત તરીકે નહિ, પરંતુ વિજેતા તરીકે રહીશ. કૃષ્ણ પોતાના વિરાટ સ્વરૂપનું જાણે કે વાતવાતમાં દર્શન કરાવે છે. નાગપત્નીઓ હવે આ બાળકનો મહીમા પારખીને ચમકી જાય છે. કૃષ્ણને વંદન કરી તેનું લૂણ ઉતારે છે. નરસિંહના કાવ્ય વૈભવમાં પણ બાળગોપાળ પોતાનું સ્વરૂપ પ્રગટ કરી નાગણીઓને કહે છે :

*જગાડ તારા નાગને*
*મારું નામ કૃષ્ણ ક્હાનડો.*

અને કૃષ્ણ દર્શનથી કૃતાર્થ થયેલી નાગણીઓ કૃષ્ણ દર્શન કરી કહે છે :

*અમે અપરાધી કાંઈ ન*
*સમજ્યા, ન ઓળખ્યા ભગવંતને.*

અહી સાંયાજી ગોપીઓને વિરાટ દર્શન થયા પછી જે લાગણીના તેમજ પશ્ચાતાપના સુર વહાવે છે તેમાં અનોખી મધુરતા તેમજ નિર્દોષતા ટપકતી હોય તેવી પ્રતીતિ થાય છેઃ

*જપે નાગસુ નાગણી હાથ જોડી*
*થયો દોખ મોટો અમા મત્ત થોડી*
*તુકારે રીકારે જીકારે તમાસુ*
*અમા આજસો માફ કીજે અમાસુ.*

હિન્દુસ્તાનના સાહિત્યના ઇતિહાસમાં ભક્તિ આંદોલનનું એક વિશેષ સ્થાન છે. '' ભાગવત '' એ અનેક રચનાઓનો સ્ત્રોત છે. ભક્તિ માર્ગ ભક્તિ પ્રાધાન્ય રહેલો છે. ભક્તિ આંદોલને દક્ષિણ ભારતમાં પોતાનો પ્રભાવ ઊભો કર્યો એ પ્રભાવ સમગ્ર દેશમાં વિસ્તર્યો. મધ્યકાલિન સાહિત્યમાં નરસિંહ, ભાલણ, પ્રેમાનંદ, દયારામ, દાસી જીવણ વગેરેની વ્યાપક અસર ગુજરાતમાં પણ ઊભી થવા પામી. ચારણી સાહિત્યમાં પણ ભક્ત કવિ ઇસરદાસજી જેમ ભક્તકવિ સાંયાજી ઝૂલાએ ભક્તિમાર્ગે કાવ્યધોધ વહાવ્યો છે. કવિની ભાષા પ્રાસાદિક છે. સાંયાજીના સર્જનોમાં ડિંગળી ભાષાની કોઇ ક્લિષ્ટતા જોવા મળતી નથી. ઝવેરચંદ મેઘાણીએ પણ કવિની ભાષાની આ સરળતા અને અકૃત્રિમતાનો ઉલ્લેખ કરેલો છે. શ્રાવણના સરવડા ઝીલીને યોગેશ્વર કૃષ્ણના કર્મયોગના માર્ગે પ્રવૃત્ત થવાનો નિર્ધાર કરવા જેવો છે. આ માર્ગ કદી દુર્ગતિ તરફ લઇ જતો નથી.

*૧૧૫/૨, સેક્ટર-૨-એ,*
*ગાંધીનગર.*
*મો. : ૯૯૭૮૪૦૬૧૩૦*



# ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક


ગુજરાત
રોજગાર સમાચાર
TATA MEMORIAL CENTRE
www.facebook.com/gujaratinformation.official
www.gujaratinformation.net
Phone No. : 079-232-53440
Email : recruitment@actrec.gov.in - Website : www.actrec.gov.in

❖ માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક.

❖ શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતીવિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ.

❖ રાજ્યભરમાં હજારોથી વધુ ગ્રાહકોનું વિશ્વસનીય સાપ્તાહિક.

❖ રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર.

❖ રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી બોર્ડ સહિત કેન્દ્ર સરકારનાં વિવિધ મંત્રાલયો, નિગમો, જાહેર સાહસો, બેંક, રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતીવિષયક જાહેરાતોનું સંકલન.

❖ ભરતી ઉપરાંત સ્વરોજગારવિષયક લેખ, જનરલ નોલેજ ક્વિઝ કોર્નર તેમજ વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ સંબંધી વિજ્ઞાપનો.

ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકની PDF www.gujaratinformation.net લીંક પરથી ડાઉનલોડ કરી શકાશે.

**લવાજમ ભરવા માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને રોજગાર સમાચાર પરિવારના સભ્ય બનો.**

**વાર્ષિક લવાજમ માત્ર રૂ. ૩૦/-**

# પાંડવોએ આંબો રોપીઓ.....

- *કાકડિયા મનસુખ વી.*

**આ** વિશ્વમાં જો પ્રાચીન સંસ્કૃતિ ગણાતી હોય તો તે ભારતની છે અને એના ખૂબ વિશાળ પુરાવા આપણને ગ્રંથો અને પ્રાચીન દસ્તાવેજોમાંથી મળી રહે છે. આપણા ઐતિહાસિક સંસ્કૃત મહાકાવ્યો જ એના મોટા પુરાવા છે. આપણી લોકકલા, લોકગીતો, લોકવાતો અને જુદા જુદા પ્રાંતોમાં બોલાતી લોકબોલી, લોકવાણી અને લોકગાઈકીથી વર્ણવેલાં પ્રસંગકથાઓ, આખ્યાનો, મહાકાવ્યો અમૂલ્ય ને લાજવાબ છે. પ્રાચીન સંસ્કૃતિના દિવ્ય પ્રસંગો લોકભાષા કે લોકકથામાં વર્ણવી લેવાયા છે, જે ભાવ અને આધ્યાત્મિકતાના ઊંડાણમાં લઈ જાય છે. લગભગ પાંચહજાર વર્ષ પૂર્વે ભગવાન શ્રીકૃષ્ણ પ્રભુએ યુદ્ધના મેદાનમાં ભગવદ્ ગીતા અર્જુનને કહી હતી. જેના અનેક પ્રસંગો લોકબોલીમાં કાવ્ય, ખંડકાવ્ય અને આખ્યાનનાં રૂપોમાં ખૂબ ભાવથી ગવાય છે. સમય જતાં ઘણું બધું ભૂલી જવાતું હોય છે છતાં ! આપણી પ્રાચીન વાણીઓ અને લોકવાર્તાના ચાહકો ઘણા છે.

માનવજીવનમાં, સંસારી જીવનમાં સારાનરસા પ્રસંગોમાં આવી વાણી ખૂબ ગવાતી હોય છે. આધ્યાત્મિક પ્રસંગોને આખ્યાનના રૂપે પણ રજૂ કરાય છે. સંસારી જીવનમાં જન્મ, નામસંસ્કાર, અભ્યાસકાળે, લગ્નપ્રસંગે, સીમંત વખતે, બારમહિનામાં આવતાં ઉત્સવો, નવા નિવાસે પ્રવેશ વખતે, મંદિરમાં સ્વરૂપ પ્રતિષ્ઠા વખતે હોમ-યજ્ઞ અને અનેક ધાર્મિક તેમજ સામાજિક પ્રસંગે લોકગીતો, લોકવાણી અને લોકબોલીમાં પ્રસંગોનું ભાવવિભોરથી વર્ણન કરાય છે. મૃત્યુને તો મહાઅવસર ગણવામાં આવે છે. એમાં સાધુ, સંત કે ગાદીપતિના મૃત્યુ વખતે ભંડારો કરે છે. સાથે સાથે સંતવાણી ગવાય છે. સામાન્યજનોને ત્યાં આવા પ્રસંગો પોતાના ગજા પ્રમાણે, આર્થિક સ્થિતિ મુજબ ઉજવાય છે. જે જન્મે છે એનું મૃત્યુ નક્કી થાય છે. એમાં કોઈનું પણ કંઈ ચાલતું નથી. રાયરંક, રાજામહારાજા, સાધુ સંત કે પછી સામાન્ય જન હોય, દુર્ગુણોથી કેમ ભરેલા ન હોય ? સૌને આ દુનિયા છોડી જવાની છે. મૃત્યુ વખતે પણ અનેક વિધિઓ કરવામાં આવે છે. જેવી જ્ઞાતિજાતિ હોય એવા એના ઉત્સવો ને રિવાજો હોય છે. એ મુજબ બધા વિધિને અધીન થઈને વર્તે છે. માનવના મૃત્યુના બારમે દિવસે વિધિવત ઉત્તરક્રિયા બ્રાહ્મણો દ્વારા થાય છે અને પછી નાતીલાઓને, સંબંધીઓને જમાડાય છે. એના આગળના દિવસે દસાવિધિ થાય છે. ગરૂડપુરાણ વગેરે આત્માના ઉદ્ધાર માટે વર્ણન કરાય છે. ગવાય છે અને રાત્રે ભજનભાવ, સંતવાણી રખાય છે. હજુ પણ સૌરાષ્ટ્રમાં અને અનેક જગ્યાએ ભજનની પૂર્ણાહુતિ વખતે શ્રદ્ધાંજલિ અને પાંડવોનો આંબો ગવાય છે. એટલા બધા ભાવથી ગવાય છે કે એક આધ્યાત્મિક અને પ્રાચીન પ્રસંગમાં પોતે હોય એવો અનુભવ દરેકના હૈયે થાય છે. કરુણતા, ગદ્ગદીતા અને ભાવુકભર્યું વાતાવરણ ઊભું એ વખતે થઈ જાય છે.

**જે જન્મે છે એનું મૃત્યુ નક્કી થાય છે. એમાં કોઈનું પણ કંઈ ચાલતું નથી. રાયરંક, રાજામહારાજા, સાધુ સંત કે પછી સામાન્ય જન હોય, દુર્ગુણોથી કેમ ભરેલા ન હોય? સૌને આ દુનિયા છોડી જવાની છે**



મહાભારતના સમયમાં પાંચ પાંડવોને ખૂબ જ અન્યાય સહન કરવો પડ્યો હોય છે. કૌરવો હંમેશા પાંડવોનું ખરાબ ઈચ્છતા હોય છે. એમાં દુર્યોધન તો પોતાના પિતરાઈ ભાઈઓનું નિકંદન કેમ નીકળે એ જ તક જ્યારે ત્યારે શોધતો ફરે છે. આમ તો ધૃતરાષ્ટ્ર અને પાંડુ કુરુવંશમાં જન્મેલા સગા ભાઈઓ હતા. એના જ આ પુત્રો છે. ધૃતરાષ્ટ્રના સો પુત્રો કૌરવો જ્યારે પાંડુના પાંચ પાંડવ ગણાયા. ધૃતરાષ્ટ્ર જન્મથી જ અંધ હોય છે. એથી પોતાના નાનાભાઈ પાંડુને રાજ્યસિંહાસન પર બેસાડવામાં આવ્યો. પણ વિધાતાને કંઈક અવળું સૂઝ્યું એથી પાંડુ નાની વયે મૃત્યુ પામ્યા. એથી ધૃતરાષ્ટ્રને ગાદી મળી. દુર્યોધન સૌથી મોટો પુત્ર હતો એ પાંડવોથી ખૂબ જ વેરભાવ રાખતો હતો. પાંડવોને મારવા અનેક પ્રયત્નો કર્યા હતા. પણ સફળતા મળી ન હતી. કાકા વિદુર અને શ્રીકૃષ્ણની સહાયથી અનેકવાર મૃત્યુમાંથી ઉગરી ગયા હતા.

છેવટે મામા શકુનિની યુક્તિથી પાંચેય પાંડવો

જુગારમાં બધું જ હારી ગયા. "હાર્યો જૂગારી બમણું રમે" એ પ્રમાણે દાવમાં દ્રૌપદીને પણ હારી ગયા. ભરી સભામાં એની લાજ જ્યારે દુશાસન લૂંટતો હતો ત્યારે ભીષ્મ પિતામહ, દ્રૌણાચાર્ય, કૃપાચાર્ય, ઋષિમુનિઓ, રાજા મહારાજાઓની હાજરીમાં આ નામોશીભર્યું કાર્ય થયું ગણાય. અંતે કૃષ્ણપ્રભુ લાજ રાખે છે. પાંચ પાંડવોની દ્યુતમાં કપટથી હારી ગયા હતા. એથી બાર વર્ષ વનવાસ અને એક વર્ષ અજ્ઞાતવાસમાં વીતાવવાનું થયું હતું. આ સમય ખૂબ જ સંકટ અને દુઃખથી વિતાવ્યો. વનવાસથી પાછા ફર્યા ત્યારે રાજ પાછું આપવાની દુર્યોધને ના પાડી. અરે ! ખાલી પાંચ ગામડાં આપો તો પણ બસ થશે. પણ દુર્યોધન કહે છે કે સોયના નાકા જેટલી, અણી જેટલી પણ જમીન હવે આપીશ નહિ. પછીથી આ વાત માતા કુંતાએ કૃષ્ણપ્રભુને કહી કે તમો જઈને દુર્યોધનને સમજાવો તો તમારું જરૂરથી માનશે.

પાંડવોને મારવા લાક્ષાગૃહમાં આગ લગાડી. ત્યાંથી સહદેવને હિસાબે બચ્યા. ભીમને ઝેરના લાડવા ખવડાવ્યા. આમ અનેક પ્રયત્નો કરવાં છતાં પાંડવો બચી ગયા. નવી નવી યુક્તિ શોધવા માટે મહેલમાં આમથી તેમ ચક્કર લગાવતો હતો. ત્યારે મામા શકુનિએ વિગત જાણીને પાંડવોને મારવાની યુક્તિ બતાવી. વાહ ! મામા, વાહ! હવે તો જરૂરથી એમનું નિકંદન નીકળશે. કોઈ જાતના અવરોધ રહેશે નહિ. આમ પોતે સુંદર સોનાનો રત્નજડિત રથ જાતવાન ઘોડા જોડીને દુર્વાસા ઋષિને તેડવા એમના આશ્રમે નક્કી કર્યું. કહે છે ને કે "ગરજવાનને અક્કલ ના હોય." ત્યાં તો સમાચાર મળ્યા કે શ્રીકૃષ્ણ અહીં પધાર્યા છે. એમનું સ્વાગત ખૂબ જ સારી રીતે કર્યું. અને આવવાનું ખરું કારણ દુર્યોધને જણાવવા કહ્યું. વિગતવાર વાત કહીને ખૂબ શાંતિથી સમજાવીને મનાવ્યો. દુર્યોધન પાંચ ગામડાં આપવા તૈયાર થયો. ત્યારે શ્રીકૃષ્ણએ કહ્યું કે હું જે પાંચ ગામડાં માગુ એ તું પાંડવોને રાજીખુશીથી આપ. આમ કહીને અરસપરસ વચનથી બંધાયા. એ વખતે સૌ મહારથીઓની હાજરી હતી. ભીષ્મ પિતામહ અને દ્રૌણાચાર્ય પણ સહમત થયા. શ્રીકૃષ્ણની માંગણી પર સૌને વિશ્વાસ હતો. ફક્ત દુર્યોધનને એમાં ચાલ જેવું, કપટ જેવું લાગતું હતું ત્યારે મામા શકુનિ તો સંશયભરી નજરે જોતા હતા.

**પાંડવોને મારવા લાક્ષાગૃહમાં આગ લગાડી. ત્યાંથી સહદેવને હિસાબે બચ્યા. ભીમને ઝેરના લાડવા ખવડાવ્યા. આમ અનેક પ્રયત્નો કરવાં છતાં પાંડવો બચી ગયા. નવી નવી યુક્તિ શોધવા માટે મહેલમાં આમથી તેમ ચક્કર લગાવતો હતો**

શ્રીકૃષ્ણ સૌને શાંત ચિત્તે સર્વ હકીકત કહીને કહે છે કે :

*કૃષ્ણ - શ્રીકૃષ્ણ એમ બોલિયાં સુણો દુર્યોધન,*
*માની લેને વચન રે અમારાં,*
*પાંચ પાંડવો માતા કુંતા ને દ્રૌપદી,*
*પિતરાઈ ભાઈઓ છે તમારા.*
*પાંચ ગામડાં તમે સમજીને આપો,*
*બાકીના ભલે રાજ રે તમારા.*
*દુર્યોધન માની લેને વચન રે અમારાં...*

સભાજનો શું માગશે એ સાંભળવા ઉત્સુક વધારે હતા. દુર્યોધનને આ બધું જ બકવાસ લાગતું હતું. શું માંગે છે એજ સાંભળવું હતું.

*કૃષ્ણ - ઊંચો ગરવો ગઢ ગિરનારને,*
*હસ્તિનાપુર પંજાબ ને બંગાળ,*
*સિંધુપર્વત તમે સમજીનો આપો,*
*આપો નર્મદાપટ છે જે રસાળ,*
*દુર્યોધન માની લેને વચન રે અમારાં...*

કૃષ્ણના મુખેથી સાંભળીને દુર્યોધન ક્રોધે ભરાય છે સિંહાસન પરથી ઊભો થઈ ગયો. કૃષ્ણને જેમતેમ બોલવા લાગ્યો. માનમર્યાદા વડીલજનોને છોડી કહેવા લાગ્યો અરે ! ગોવાળિયા તને રાજ-નીતિની શું ખબર પડે ? તે માગ્યું તો ખરું પણ મારા માટે શું બચાવ્યું ? શું રહેવા દીધું ? હવે તો હું જરાપણ જમીનનો ટૂકડો પણ આપીશ નહિ. તમે શું સમજો છો તમારી જાતને ? દુર્યોધન લાલપીળો થઈને એકધારો જે આવે તે મુખેથી બકતો હતો. ગાયુના ગોવાળ તારી મેલી મુરાદ પ્રથમથી જ ખબર પડી ગઈ હતી. હવે કૃષ્ણ જે કરવું હોય એ કરજો પણ હું હવે વચને બંધાઈશ નહિ. મને મૂર્ખ બનાવ્યો.. અપમાન કરું એ પે'લા ચાલ્યા જાવ.

શ્રીકૃષ્ણને આવતાં જોઈને પાંચે પાંડવો ઊભા થઈ ગયા. ખૂબ આદર સત્કારથી માતા કુંતાએ પૂછ્યું શું કાર્ય સફળ થયું ? દુર્યોધન માન્યો ખરો ? હવે તો યુદ્ધ સિવાય બધું નક્કામું છે. એમનમ હક્ક નહિ આપે. ત્યારે દ્રૌપદી કહેવા લાગી કે યુદ્ધ અમારે નથી કરવું. શું યુદ્ધ જ આનો અંતિમ નિર્ણય ગણાય ? બીજો ઉપાય તો જરૂર હશે ને ? સૌ ચૂપ હતા ત્યારે ભીમ ક્રોધે ભરાઈને, આવેશમાં આવીને કહે છે કે યુદ્ધ જ અંતિમ નિર્ણય ખરો છે. શ્રીકૃષ્ણને ઉદ્દેશીને ભીમ કહે છે કે :

*ભીમ- અવની લઈને ઊંધી નાખું,*
*પણ વચને રહ્યો છું વિચારી,*
*શૂરાનો સ્વામી જો રજા આપે તો,*
*કૌરવકુળ દઉં હું સંહારી.*

*પછી શ્રીકૃષ્ણ ભલે જાય ભૂમિ અમારી...*

શ્રીકૃષ્ણ પ્રભુ કહે છે કે એમ ઉતાવળા થવાથી કંઈ જ નહિ વળે. એનો યથાર્થરૂપમાં વિચાર કરીને પછી જ નિર્ણય લેવો જરૂરી છે. હજુ પણ સમય છે. સમાધાન જરૂરથી કરીશું. એક પ્રયત્ન વધારે. કાલે વડીલો કે સભાજનો એમ ના કહે કે આ બધી ચાલ કૃષ્ણની છે. યુદ્ધથી કોઈને પણ ફાયદો નહિ થાય. સૌને પોતાના સ્વજનો, બાંધવો, પતિઓ, પુત્રો, કાકા-મામા વગેરેને ગુમાવવા પડે.

હસ્તિનાપુરમાં મામા શકુનિએ યુક્તિ જે બતાવી પ્રથમ હતી એ યોગ્ય લાગી. મુનિ દુર્વાસાને હું હમણા રાજમાં તેડી લાવું છું. મામા એવું સ્વાગત કરો કે એમને આપણી પર શક જાય નહિ અને આપણું કાર્ય બની જાય. ''ટાઢા પાણીયે ખસ જાય'' કેમ મામા બરાબર છે ને ? આમ મામાને તાળી આપીને દુર્યોધન દુર્વાસા મુનિને તેડવા જાય છે. ખૂબ માનપાનથી રથમાં બેસાડીને લઈ આવે છે. મહેલના સર્વે સ્વજનો મુનિ દુર્વાસાના સ્વાગતમાં ખડે પગે ઊભા હોય છે. મુનિના ભોજનની, રહેવાની સર્વ પ્રકારની અલાયદી વ્યવસ્થા કરે છે. પાણી માગે ત્યાં દૂધ હાજર થાય છે. દુર્વાસા મુનિ મનમાં તો બધું જ છળ જાણી ગયા હતા. એમનો પાંડવો પ્રત્યે ખૂબ ભાવ હતો. દુર્યોધનનું ભોજન અને એની સરભરા કામ આવી ગઈ. ખૂબ રાજીપા સાથે દુર્યોધનને માગી લેવાનું કહે છે. મામા શકુનિ દુર્યોધન સામે જોઈને ઈશારો કરે છે.

**દુર્યોધન તો દુર્વાસા મુનિના પગ પકડીને કહે છે કે : હે ! મુનિ, પાંડવો અમારા ભાઈઓ છે. વચન મુજબ એમણે તેર વર્ષ વનવાસ ભોગવ્યો છે. એમને મારે રાજ આપવું છે. પણ આપ જો એમનું સત્ કેટલું છે તેઓ ખરેખર સત્યા છે ? એ પરીક્ષા કરીને ખાતરી કરો પછી જ અમે રાજ આપીશું**

દુર્યોધન તો દુર્વાસા મુનિના પગ પકડીને કહે છે કે : હે ! મુનિ, પાંડવો અમારા ભાઈઓ છે. વચન મુજબ એમણે તેર વર્ષ વનવાસ ભોગવ્યો છે. એમને મારે રાજ આપવું છે. પણ આપ જો એમનું સત્ કેટલું છે તેઓ ખરેખર સત્યા છે ? એ પરીક્ષા કરીને ખાતરી કરો પછી જ અમે રાજ આપીશું. મુનિ તૈયાર થયા અને શકુનિમામાએ તૈયાર કરી રાખેલી સડી ગએલી ગોટલી અને ભૂંજેલી હતી જેની છાલ તેં એમને આપીને કહ્યું કે આને વાવીને આંબો ઉગાડો અને એની કેરીથી મને ફરાળ કરાવો. વચને બંધાયેલા હોવાથી દુર્વાસા મુનિ કાર્ય કરવા મજબૂર થયા.

દુર્વાસા મુનિ પોતાના સેવકગણ સાથે પાંડવોની પરીક્ષા કરવા આવી પહોંચે છે. પાંચ પાંડવો, માતા કુંતી અને દ્રૌપદી ખૂબ ભાવપ્રેમથી ચરણોમાં વંદન કરીને સ્વાગત કરે છે. જરૂર આપણું પણ લેવા આવ્યા છે. જો રીઝી જાય તો ન્યાલ કરી દે અને જો ખીજાય તો ધનોતપનોત કરી દે અને શ્રાપ આપે ઈ તો વધારાનો. અમારે ભોજન કરવું છે ત્યારે માતા કુંતા કહે છે કે દૂધપાક-પૂરી, લાડુ, માલપૂવા અને મીઠાઈઓ વિવિધ સાથે જુદાં જુદાં વ્યંજનો કહો એ બનાવીશું. ત્યારે દુર્વાસા મુનિ પોતાની ઝોળીમાંથી સડી ગએલી ગોટલી કાઢીને હાથમાં આપીને કહે છે કે અમે નદીએ સ્નાન કરીને આવીયે ત્યાં સુધીની પાંચ ઘડીમાં તમો આંબો ઉગાડીને એની કેરીના ફરાળ અમને કરાવજો. પાંચ પાંડવો તો છક્ક થઈ ગયા. વિચારવા લાગ્યા કે હવે શું કરીશું ? દુર્વાસા મુનિ તો ગોટલી આપીને જવા જાય છે. માતા કુંતાને પાંડવોને ઉદ્દેશીને કહે છે કે :

**દુર્વાસામુનિ :**

*દુર્વાસાઋષિ એમ બોલિયાં રે,*
*તમો રસોઈ બનાવો અમાપ;*
*આજ્ઞા અમારી લોપશો તો,*
*તો દેશું તમોને અમે રે શ્રાપ.*
*સડી ગએલી લાવ્યા ત્યાં ગોટલી,*
*અને ભૂંજેલી હતી એની છાલ;*
*પાંચઘડીમાં પકવો તમે આંબલો,*
*એના કરવા અમારે ફરાળ.*

માતાકુંતા પાંડવોને કહે છે કે હંમેશા આપણી પત શ્રીહરિએ રાખી છે અને હવે પણ એજ રાખશે. માટે શ્રીકૃષ્ણને યાદ કરી સૌ પોતાનું પૂન્ય મૂકીને આંબો વાવવાની શરૂઆત કરો.

*''સત રાખોને લક્ષ્મીના વરરાજ,*
*પાંડવોએ આંબો રોપીઓ;*
*તમે મહેર કરોને ગુરુમહારાજ,*
*પાંડવોએ આંબો રોપીઓ.''*

**યુધિષ્ઠિર -**

*પ્રથમ ધર્મરાજાએ આંબો રોપીઓ,*
*ધરીને શ્રીહરિનું એકધ્યાન;*
*સ્મરણ કર્યા શ્રીકૃષ્ણ તણાં રે,*
*ત્યાં તો આંબે આવ્યા રાતાપાન.*
*પાંડવોએ આંબો રોપીઓ....*

માતાકુંતાએ સડી ગએલી ગોટલી ધર્મરાજાના હાથમાં આપી અને કહ્યું કે તમારા પૂન્ય મૂકીને વાવો. ઊંડો ખાડો ખોદ્યો છે અને પછી એમાં ગોટલી વાવી ઉપર માટી નાખી દીધી. શ્રીકૃષ્ણ પ્રભુને યાદ કરીને કહ્યું કે હે પ્રભુ, પૂર્વ હું એક સંન્યાસી હતો. બારબાર વર્ષ અનાજનો એકપણ (અન્નનો) દાણો મોઢામાં મૂક્યો હતો નહિ. નવનવ ધૂણાની મેં સ્થાપના કરી હતી. રાતદિવસ બસ પ્રભુભજન અને સ્મરણમાં જ જન્મ પૂરો કર્યો હતો. એથી હું સતપુરુષ ગણાયો છું. ખૂબ જ કષ્ટ સહન કર્યા હતાં એ વખતે. મનમાં જરાપણ ગુમાન ધર્યું હતું નહિ. માટે આ પૂન્યરૂપી હું આંબાને પાણી પાવ છું અને પાણી

પિવડાવતાં જ આંબો ઊગ્યો અને એને રાતાં પાન આવ્યાં.

*"સત રાખોને લક્ષ્મીના વરરાજ,*
*પાંડવોએ આંબો રોપીઓ,*
*તમે મહેર કરોને ગુરુમહારાજ,*
*પાંડવોએ આંબો રોપીઓ."*

**અર્જુન -**

*અર્જુન તો મહા સતવાદીઓ,*
*એણે રાખ્યા હૃદયમાં જગદીશ,*
*સ્મરણ કર્યા શ્રીકૃષ્ણ તણાં,*
*ત્યાં તો ડાળીયું ફૂટી ચારે દીશ.*
*પાંડવોએ આંબો રોપીઓ...*

માતા કુંતાને પગે લાગી પોતે આંબા પાસે જાય છે અને પોતાના પૂન્યને યાદ કરતાં કહે છે કે : હું પૂર્વે એક ગરીબ બ્રાહ્મણ હતો. બાર બાર ગાઉ સુધી ભિક્ષા માગી લાવીને હું કુટુંબનું ભરણપોષણ કરતો. પણ મને ભિક્ષામાં કંઈપણ મળતું નહિ. મારાં બાળકો તો હંમેશાં ભૂખ્યાં રહેતાં. એકવખતે મારી પત્નીએ મને ખૂબ જ કડવા વેણ કહ્યાં. હું ખિન્ન થઈને ઘરનો ત્યાગ કરી નીકળી ગયો. ચાલતાં ચાલતાં જંગલમાં હું આવી ગયો. અહીં મને વનફળ તેમજ પીવાના પાણીનું એક ટીપું પણ મળ્યું નહિ. મારો જીવ આકુળવ્યાકુળ થતો હતો. લથડાતો-પડતો હું આગળ જતો હતો, ત્યાં દૂર એક દીવાનો અંજવાસ મેં જોયો. હું એ તરફ ચાલવા લાગ્યો. ત્યાં સુંદર એક આશ્રમ હતો. આશ્રમવાસીઓએ ભોજન કરી લીધું હતું. એનાં એઠાં પતરાળાં પડ્યાં હતાં. હું રાજી થયો. એમાંથી હું ભોજન વધેલું, એઠું ભેગું કરવા લાગ્યો. એટલામાં ત્યાં આશ્રમના સંત આવે છે અને મને કહે છે કે તારે ભોજન કરવું છે તો ચાલ હું તને આપું. આ રહેવા દે. અંદરથી તારા ભોજનની વ્યવસ્થા થઈ જશે. આમ સંતે મને પતરાળામાં પાંચ લાડુ આપ્યા. ખૂબ રાજી થઈને આશ્રમથી થોડે દૂર એક ખુલ્લા પટમાં જમવા બેઠો છું. ત્યાં તો પ્રભુ એની પરીક્ષા લેવા ભિખારીનું રૂપ ધરીને ભિક્ષાની યાચના કરી. હું ખૂબ જ ભૂખ્યો છું મને ભોજન આપો. પતરાળામાંથી એક લાડવો એને આપ્યો. પછી તો ભગવાન જુદા જુદા રૂપ ધરીને ચાર લાડુ પડાવી ગયા. હવે તો બસ એક જ લાડુ પોતાની પાસે બચ્યો હતો. એ લાડુ જ્યાં ખાવા જાય છે ત્યાં તો કોને ખબર ક્યાંથી એક અઘોરી બાવો આવી પહોંચ્યો. ખૂબ ગંધ મારતો હતો. ડરામણી આંખો, મોટા વાળ-નખ, ગંદો, ગોબરો ખૂબજ કદરૂપો લાગતો હતો. એણે તો ખાવાનું માગ્યું ને ઝૂંટવી લેવા હાથ લંબાવવા લાગ્યો. પોતાના ભાગ્ય પર ખૂબજ ઘૃણા ઉપજી. ઘણી મુશ્કેલીથી ભોજન મળ્યું છે. હવે તો શું ભૂખ્યા જ રહેવું પડશે ? મારા ભાગ્યમાં એકપણ લાડવો નથી.

**માતા કુંતા અને વડીલ બંધુઓને પગે લાગીને આંબા પાસે જઈને પોતાનું પૂન્ય યાદ કરે છે અને કહે છે કે : મને તો ખાતાં અને મારતાં જ આવડે છે. ભોજન કોઈને ત્યાં પૂરું કરવાનું હોય તો મારું કામ. અને કોઈને જમદ્વારે પહોંચાડવો હોય તો મારું કામ**


એમ ખીજાઈને એ (ભિખારી) અઘોરી તરફ લાડવો દેવા હાથ લંબાવ્યો. ક્રોધે ભરાઈને કહ્યું કે સાલા એક લાડવો પણ તું લેવા આવી ગયો. આ લે આ તું હવે ખા. આમ એને લાડુ આપતાં જ ભગવાન સ્વયં પ્રગટ થયા અને કહ્યું કે હવે પછીના જન્મમાં તમારો સાળો જ હું બનીશ. આમ અમે પૂન્યશાળી થયા. આ પૂન્યને હું યાદ કરીને પાણી આંબાને પાઉં છું. પાણી પાતાં જ આંબામાં ચારેબાજુ અનેક ડાળીઓ ફૂટી આંબો ઘેઘુર બની ગયો.

*"સત રાખોને લક્ષ્મીના વરરાજ,*
*પાંડવોએ આંબો રોપીઓ,*
*તમે મહેર કરોને ગુરુમહારાજ,*
*પાંડવોએ આંબો રોપીઓ.*

**ભીમ -**

*ભીમના મનમાં છે હરખ ઘણો,*
*તમે ભલે પધાર્યા શ્રીગોર,*
*ચારેબાજુ તમે દેજોને નોતરા,*
*ત્યાં તો આંબે આવ્યા રૂડોમોર.*
*પાંડવોએ આંબો રોપીઓ...*

માતા કુંતા અને વડીલ બંધુઓને પગે લાગીને આંબા પાસે જઈને પોતાનું પૂન્ય યાદ કરે છે અને કહે છે કે : મને તો ખાતાં અને મારતાં જ આવડે છે. ભોજન કોઈને ત્યાં પૂરું કરવાનું હોય તો મારું કામ. અને કોઈને જમદ્વારે પહોંચાડવો હોય તો મારું કામ. છતાં હું પૂન્યને યાદ કરીને કહું છું ગયા જન્મમાં હું ગાયોનો ગોવાળ હતો. દૂર દૂર જતાં ગાયો થાકી ગઈ અને તરસી થઈ. આજુબાજુ કોઈ જગ્યાએ પાણી દેખાતું



હતું નહિ. પણ દૂર એક કૂવો જોવામાં આવ્યો. પણ પાણી કેમ કાઢવું. અહીં ગાયુ પાણી વગર તરફડતી હતી. કૂવામાંથી પાણી કાઢવા મેં એક યુક્તિ વિચારી અને શ્રીહરિને પ્રાર્થના કરી કે ગાયું પાણી પીઈ લે ત્યાં સુધી મારો જીવ બચાવી રાખજો. આમ મેં મારા પેટના આંતરડાંનું દોરડું બનાવ્યું અને હોજરીની પખાલ બનાવી. એક પછી એક ગાયુને ધરાઈ ધરાઈને પાણી પાયું. હું ખૂબ જ રાજી થયો અને પછી મારું મૃત્યુ થયું. બધી ગાયોએ મને આશીર્વાદ આપ્યાં. આ પૂન્યને યાદ કરી હું આંબાને પાણી પાઉં છું. પાણી પિવડાવતાં જ ડાળેડાળે મોર આવ્યો છે.

*"સત રાખોને લક્ષ્મીના વરરાજ,*
*પાંડવોએ આંબો રોપીઓ.*
*તમે મહેર કરોને ગુરુ મહારાજ,*
*પાંડવોએ આંબો રોપીઓ...*

**સહદેવ -**

*સહદેવે સંભાર્યા શ્રી શ્યામને,*
*લળીલળીને લાગ્યા છે પાય;*
*હરિ અમારા દુ:ખડા કાપજો રે,*
*ત્યાં તો આંબે ખાખઠી બંધાય.*
*પાંડવોએ આંબો રોપીઓ...*

સહદેવ સૌને હાથજોડીને વંદે છે. પછી આંબા પાસે જાય છે. પોતાના પૂન્યને યાદ કરીને કહે છે કે : એકવાર મેં શ્રીહરિનો વાર્તાલાપ સાંભળ્યો હતો કે રાજા પાંડુનું મૃત્યુ હવે નજીક છે. જ્યારે એમનું મૃત્યુ થાય પછી સ્મશાને લઈ જાય ત્યાં એમના શબને ચિતા પર મૂકીને અગ્નિ સંસ્કાર કરે ત્યાર પછી જો કોઈ એમનું કાળજું ખાય તો મારી જેટલું ઐશ્વર્ય પામે. સમગ્ર બ્રહ્માંડનું જાણપણું થાય. આ વાત મારા ભાઈઓએ પણ સાંભળી. સમય આવે પાંડુરાજાનું મૃત્યુ થયું. સૌ એમને અગ્નિસંસ્કાર દેવા ડાઘુ બનીને સ્મશાને ગયા. પાંડુરાજાનું શબ ચિતા પર ભડભડ સળગી રહ્યું હતું. ત્યારે કોઈ કાળજું ખાવા તૈયાર થયું નહિ. કોઈની પણ હિંમત ચાલી નહિ. સૌ જ્યારે વિધિ પતાવીને ઘર તરફ જવા લાગ્યા ત્યારે છેલ્લો હું (સહદેવ) રોકાયો. મેં ચારેબાજુ નજર કરીને જોયું કે કોઈ જોતું નથી ને ! એમ જાણીને બળતી ચિતામાંથી પાંડુરાજાનું કાળજું કાઢીને મેં એક નાની બાજુમાં પડેલી માટલીમાં મૂકી દીધું. ઉપર ઢાંકણ પણ ઢાંક્યું. ત્યાંથી દૂર જવા લાગ્યો કે એક બાજપક્ષી તરાપમારીને મારી પાસેથી માટલી ઝૂંટવે છે. એજ વખતે ઢાંકણ ખૂલી જાય છે. એમાંથી નીકળતી વરાળ મારા નાક દ્વારા શરીરમાં જાય છે ત્યાં તો મને ત્રણકાળનું જ્ઞાન થયું. આ બાજુ મેં બાજપક્ષીને ઓળખી લીધા. ત્યારે મેં શ્રીહરિને કહ્યું કે તમે ? આમ છળ કરવાની શું જરૂર પડી. કીધું હોત તો તમોને આપી દેત. પણ હવે તમે લઈ જાવ કંઈ વાંધો મને નથી. આપ તો હવે રાજી છો ને ? આમ મેં કાળજું જતું કર્યું. હું મારા પૂન્યને યાદ કરીને આંબામાં પાણી રેડું છું. પાણી રેડતાં જ ડાળેડાળે ખાખઠી કેરી દેખાણી છે. પ્રભુનો મનમાં ઉપકાર માની હું રાજી થયો.

*સત્ રાખોને લક્ષ્મીના વરરાજ, પાંડવોએ આંબો રોપીઓ,*
*તમે મહેર કરોને ગુરુ મહારાજ, પાંડવોએ આંબો રોપીઓ.*

**નકુલ -**

*નકુલ તો છો નાનો બાંધવો, જે છે પાંચે પાંડવોની માંય,*
*સ્મરણ કર્યા શ્રી માધવ તણા, ત્યાં તો આંબે કેરીઓ પીળી થાય.*
*પાંડવોએ આંબો રોપીઓ....*

**રાજા પાંડુનું મૃત્યુ હવે નજીક છે. જ્યારે એમનું મૃત્યુ થાય પછી સ્મશાને લઈ જાય ત્યાં એમના શબને ચિતા પર મૂકીને અગ્નિ સંસ્કાર કરે ત્યાર પછી જો કોઈ એમનું કાળજું ખાય તો મારી જેટલું ઐશ્વર્ય પામે. સમગ્ર બ્રહ્માંડનું જાણપણું થાય**

નકુળ સૌથી નાનો હતો એટલે એ માતાકુંતા અને ધર્મરાજા સહિત સૌ ભાઈઓને ચરણે વંદીને પોતે આંબા પાસે જાય છે અને પોતાના પૂન્યને યાદ કરીને કહે છે કે : પૂર્વે હું એક આશ્રમમાં ગુરુ મહારાજનો ખાસ માનીતો શિષ્ય હતો. ગુરુ આજ્ઞા બરાબર હું પાળતો. સેવામાં ચૂક પાડતો નહિ. આશ્રમની સઘળી વ્યવસ્થા મને સોંપી હતી. એક વખતે ગુરુએ મહાયજ્ઞ કરવાનું વિચાર્યું. આ યજ્ઞની સામગ્રી ભેગી કરવાની મારી જવાબદારી હતી. સઘળાં કાર્યો મને સોંપ્યાં હતાં. યજ્ઞની શુભ શરૂઆતમાં સૌ જનોને બ્રાહ્મણો, રાજા પ્રજાને આમંત્રણ આપવાનું પણ મેં કાર્ય કર્યું હતું. સૌની અહીં વ્યવસ્થા, આસન અને રહેવાની વ્યવસ્થા મેં બરાબર નિભાવી હતી. સૌની હાજરીમાં આ યજ્ઞની શુભ શરૂઆત થઈ. ચારો તરફ શ્લોક-સ્તુતિગાન અને છંદનો ઘોષ સંભળાતો હતો. યજ્ઞમાં હોમાતી સામગ્રી ત્યાં નજીક ગોઠવેલી હતી. આમ યજ્ઞ જ્યાં પૂરો થયો ત્યારે બીડું હોમવામાં નરમસ્તની જરૂર પડે. ગુરુજીએ એ માટે બીડું તૈયાર કર્યું અને સેવકને કહ્યું કે તું સૌમાં ફેરવ. જે બીડું



ઉપાડશે એના મસ્તકને યજ્ઞમાં હોમવામાં આવશે. એ વખતે સર્વ જગ્યાએ, સૌની પાસે બીડું ફેરવતાં કોઈ બીડું ઝડપવા તૈયાર થયું નહિ. ગુરુજી પાસે આવીને મેં વિગતે વાત કરી અને હવે આ બીડું હું જ ઝડપીશ,(લઈશ) એમ કહીને બીડું થાળમાંથી ઉપાડી લઈને યજ્ઞ કુંડ પાસે હું તલવાર લઈને પહોંચી ગયો. શ્રીહરિને તેમજ ગુરુજીને યાદ કરી મેં મારું મસ્તક એક જ ઝાટકે યજ્ઞકુંડમાં હોમી દીધું. આ જોઈને ગુરુજી ખૂબ રાજી થયા ને મને પોતાનું જે કાંઈ યજ્ઞકુંડમાં પૂન્ય હતું એ મને આપ્યું. આ પૂન્યરૂપી જળ હું આંબાને પાઉ છું. પાણી પાતાં જ આંબામાં કેરીઓ બધી પાકી ગઈ.

*"સત રાખોને લક્ષ્મીના વરરાજ,*
*પાંડવોએ આંબો રોપીઓ,*
*તમે મહેર કરોને ગુરુમહારાજ,*
*પાંડવોએ આંબો રોપીઓ.*

દ્રૌપદી -

*દ્રૌપદી તો વેગે ચાલ્યા પીરસવા,*
*હૈયે હરખનો માય આજ,*
*હાથની વેડેલ છે જે કેરીઓ રે,*
*ઈ તો ના'વે અમારે કાજ.*
*પાંડવોએ આંબો રોપીઓ...*

માતા કુંતા અને પાંચેય પતિને નમન કરીને આંબા પાસે જાય છે અને પોતાના પૂન્યને યાદ કરીને આંબાને પાણી રેડે છે. જે ડાળે ડાળે કેરીઓ હતી એમાંથી પડવા લાગી. પણ એ કેરીઓ હવામાં લટકતી જ રહી. ત્યારે કુંતા માતા કહે છે કે તારા પૂન્યમાં કંઈક ખામી લાગે છે. એ વખતે દ્રૌપદી કહે છે કે મેં પાંચ પાંડવોને મારા પતિ માન્યા છે પણ હું અર્જુનને વધારે ચાહું છું એથી ફળ નીચે જમીન પર પડ્યા નહિ. પછી તો દ્રૌપદી ફળ હાથેથી લઈને દુર્વાસામુનિને જમવા બેસાડે છે પણ જમતા નથી. કહે છે કે હાથની વેડેલી કેરી હું જમતો નથી. અને દુર્વાસા ઋષિ ભોજન પરથી ઊભા થઈ ગયા. આ જ વખતે માતા કુંતા ક્રોધિત થયાં. અને કહેવા લાગ્યાં કે એકપણ ડગલું આગળ ભરતાં નહિ. નહિ તો હું બાળીને ભસ્મ કરી દઈશ. અમે સાત સાત સત્યા છીએ. આવી વાણી સાંભળીને મુનિ તો દુર્યોધનનું નખ્ખોદ જાય એવું બોલવા લાગ્યા. પછીથી માતા કુંતા શાંત ચિત્તે કહે છે કે મારે હજુ પૂન્ય આપવાનું બાકી છે. જમીન પર પડેલી કેરી તો આપ જમશોને ? ત્યારે દુર્વાસા મુનિએ હા પાડી છે. પોતાની જગ્યાએ બેસી ગયા.

*"સત્ રાખોને લક્ષ્મીના વરરાજ,*
*પાંડવોએ આંબો રોપીઓ,*
*તમે મહેર કરોને ગુરુમહારાજ,*
*પાંડવોએ આંબો રોપીઓ.*

માતાકુંતા -

*પછી તો માતા કુંતા બોલિયાં,*
*જેની અંતરની ઊઘડી છે આંખ,*
*શરણે આવી છું હું શામળા,*
*ત્યાં તો કેરી ખરી છે સવા લાખ.*
*પાંડવોએ આંબો રોપીઓ...*

કુંતા માતા આંબા પાસે જાય છે અને પોતાના પૂન્યને યાદ કરીને કહે છે કે પાંચ પાંડવમાં સહદેવ અને નકુળ બંને પુત્રો માદ્રીના હોય છે. પાંડુરાજા અને માદ્રીના મૃત્યુ પછી આ બંનેને ઉછેરવાની જવાબદારી મારે શિરે આવેલી. આ બંને પુત્રોને મેં મારા જ સગા પુત્રો માનેલા છે. જુદા મેં ક્યારેય માન્યા નથી. ક્યારેય પણ કોઈપણ કાર્યમાં હું સત્ ચૂકી નથી. માટે હે ! શ્રીકૃષ્ણ તમારે શરણે હું આવી છું. અમારી પત રાખો. આમ કહેતાં જ આંબા પરથી સવા લાખ કેરી જમીન પર પડી છે. આ કેરીઓ બધી વીણીને એનો થાળ ભર્યો. પછીથી રસોઈ બનાવી અને દુર્વાસા મુનિને રસ રોટલી ભાવપ્રેમથી જમાડયાં. માતા કુંતા, પાંચ પાંડવો અને દ્રૌપદીનો ભાવ જોઈને ખૂબ રાજી થયા અને ઉપરથી ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યાં. આવ્યા હતા સતની પરીક્ષા કરવા અને શ્રાપ દેવા, પણ તેઓ તો રાજી થઈને સૌને આશીર્વાદ આપીને પોતાના આશ્રમે ગયા.

**દુર્વાસા મુનિને રસ રોટલી ભાવપ્રેમથી જમાડયાં. માતા કુંતા, પાંચ પાંડવો અને દ્રૌપદીનો ભાવ જોઈને ખૂબ રાજી થયા અને ઉપરથી ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યાં. આવ્યા હતા સતની પરીક્ષા કરવા અને શ્રાપ દેવા, પણ તેઓ તો રાજી થઈને સૌને આશીર્વાદ આપીને પોતાના આશ્રમે ગયા**

*ભાવે બનાવી રસ પૂરી ને રોટલી,*
*અને જમોને તમે ઋષિરાય,*
*આજ દુર્વાસા આવ્યા તા સત્ છોડાવવા,*
*સત્ રાખ્યા કહે માધવરાય.*
*પાંડવોએ આંબો રોપીઓ...*
*"સત રાખોને લક્ષ્મીના વરરાજ,*
*પાંડવોએ આંબો રોપીઓ,*
*તમે મહેર કરોને ગુરુમહારાજ,*
*પાંડવોએ આંબો રોપીઓ.*

સંકલન : અનેક પ્રકારની આંબાની રચના અને ગાયકી સાંભળવા મળે છે.

સંતવાણી, લોકવાણીમાંથી, લોકગાયકીમાંથી.

સંતવાણી અને કીર્તનકાર - નનુભાઈ દુધાત (વૈષ્ણવ)

*એ-૧૪, હરિઓમનગર સોસાયટી, રમેશનગર પાસે,*
*ઈન્ડિયા કોલોની, ઠક્કરબાપાનગર રોડ,*
*અમદાવાદ-૩૮૨૩૫૦*
*મો. ૯૯૭૮૮૦૩૦૧૪)*



“ નિરાંતની પળ ”
- નટુભાઈ પરીખ
મો. -૯૮૨૪૪૦૮૩૧૨



" પ્રિયતમ "
- હરીશ મેકવાન



" વાત્સલ્ય "
- પ્રિયા આનંદ પરિયાણી
મો. - ૯૮૯૮૩૩૮૬૮૧



" છબછબિયાં "

- દર્શન શાહ

મો. - ૯૫૩૭૪૨૧૧૧૧

# હર્ષકાલીન સ્ત્રીઓનાં અવનવાં આભૂષણો

*- ટીના દોશી*

**પ**ગમાં ઝણકતાં ઝાંઝર, કેડે રણકતો કંદોરો, કંઠમાં આંબળાં જેવાં મોટાં ગોળ મોતીઓનો હાર, માણેક અને પન્નાજડિત લાલ-લીલાં રત્નોની લાંબી માળા, હાથની કલાઈ પર પન્નાજડિત મકરમુખી સોનાનું કડું, કાનની વાળીમાં બકુલના ફૂલની જેમ લાંબા ત્રણ મોતી, ડાબા કાનમાં આસમાની નીલા રંગનું દંતપત્ર, જમણા કાનમાં કેતકીનું લીલું ઘરેણું, માથા ઉપર કસ્તૂરીનું તિલકબિંદુ, લલાટ પર સેંથીમાં દામણીની જેમ લટકતો ચટુલાતિલકમણિ અને વાળમાં ચૂડામણિ મકરિકા... કહો જોઉં, એ કોણ છે ?

હર્ષચરિતમ્‌ની માલતી. નખશિખ આભૂષણોથી અલંકૃત પગથી માથા સુધી આકર્ષક આભૂષણોથી સજ્જ. રત્ન, સુવર્ણ, મોતી અને પુષ્પનાં બનેલાં અને માલતીનાં અંગોને ઝળહળ કરતાં આ આભૂષણો માટે હર્ષકાલીન સાહિત્યમાં અવનવા શબ્દો પ્રયોજાયા છે, જે આ પ્રમાણે છે :

**શિરોભૂષણ પછીના ક્રમે કંઠાભરણોની એટલે કે ગળાનાં આભૂષણોની વાત કરીએ તો મોતીના હાર અને રત્નમાળાના ઉલ્લેખ જોવા મળે છે. હર્ષરચિત રત્નાવલીમાં રત્નાવલીની ઓળખ કંઠમાં ધારણ કરેલી રત્નાવલીથી જ થઈ હતી**

ઝણકતાં ઝાંઝર માટે નૂપુરપટુરણિત, કંદોરા માટે રશના અને રણકતાં કંદોરા માટે શિંજાનરશના, આંબળા જેવડાં મોટાં મોતીના હાર માટે આમલકીફલનિસ્તુલમુક્તાફળ, રત્નોની લાંબી માળા માટે રત્નપ્રાલંબમાલિકા, રંગરંગી માણેક ને પન્ના માટે મરુણહરિતકિરણકિસલય, સોનાના કડા માટે હાટકકટક, મગરમુખી પન્ના માટે મરકતમકરવેદિકાસનાથ, નીલા દંતપત્ર માટે દન્તપત્રેણ કાલમેઘપલ્લવ અને કેતકીનાં ઘરેણાં માટે કર્ણાવતંસ !

માલતીએ ધારણ કરેલાં હાર, રત્નમાળા અને મકરિકા અંગે વિશેષ ટિપ્પણી કરતાં ડૉ. વાસુદેવ શરણ અગ્રવાલે 'હર્ષચરિતઃ એક સાંસ્કૃતિક અધ્યયન'માં નોંધ્યું છે કે, 'આંબળા જેવડાં મોટાં મોતીઓના હારને સ્થૂલ ગ્રહગણ કે નવગ્રહોની ઉપમા આપવામાં આવી છે. આ નવ મોતીઓની મોટી કંઠી હોય એવું લાગે છે. આ કંઠી ડોકને બરાબર અડીને પહેરવામાં આવતી. રંગીન રત્નોની પ્રાલંબમાળા છેક પયોધર સુધી લટકતી રહે તેટલી લાંબી હતી. ઉપરાંત, બે બાજુએ નીકળેલા બે મગરમુખોને ભેગા કરીને સોનાનું મકરિકા નામનું આભૂષણ બનતું હતું જે સામે વાળમાં કે માથે પહેરવામાં આવતું હતું.'

માલતીનાં આભૂષણોને નિમિત્તે, હર્ષકાલીન સ્ત્રીઓનાં પગથી માથા સુધીનાં અંગોને સજાવતાં અલંકારોને પરિચય મળે છે. દરેક યુગની સ્ત્રીઓની જેમ હર્ષકાલીન સ્ત્રીઓને પણ આભૂષણો અત્યંત પ્રિય હતાં. શરીરનાં અંગ અંગને આભૂષણોથી શણગારતી પગથી માંડીને મસ્તકને અલંકૃત કરતી. સ્ત્રીઓનાં મસ્તકને અલંકૃત કરતાં કેટલાંક આભૂષણો વિશે વાત કરતાં 'હર્ષકાલીન ભારતની સામાજિક અને ધાર્મિક સ્થિતિ'માં જયેશકુમાર શાહે અને 'હર્ષ'માં યદુનન્દન કપૂરે નોંધ્યું છે કે,

'હર્ષકાલીન સ્ત્રીઓને મસ્તકને અનેક પ્રકારનાં અલંકારોથી શણગારવાનો શોખ હતો. બાણભટ્ટે આવાં કેટલાંક અલંકારોનો ઉલ્લેખ કર્યો છે. ઉદાહરણ તરીકે ચૂડામણિ, મકરિકા, સીમંતમકરિકા કલગી જેવું માથામાં ખોસવાનું શિખંડખંડિકા, માથામાં નાખવા માટે મોતીઓ જડીને બનાવેલું ચન્દ્રલેખિકા તથા કપાળ પર લલાટિકા. વાળને યથાસ્થાન રાખવા ધારણ કરાતું બાલપાશ. બાણે તેમાં આગળની તરફ મોતીઓની જાળી લગાડેલી બતાડી છે. ઉપરાંત, મુગટ પર કલગીની જેમ પહેરાતું શિખંડાભરણ.'

આ શિરોભૂષણોમાં, હર્ષકાલીન સ્ત્રીઓમાં ચૂડામણિ અને મકરિકાનું વિશેષ આકર્ષક જોવા મળે છે. હર્ષચરિતમ્‌માં રાજમહર્ષિઓએ ચૂડામણિ ધારણ કર્યાં હતાં. કાંદબરીએ લલાટને લાલચોળ કરી દેતો સેંથીને અડકતો ચૂડામણિ સજાવ્યો હતો. આ ચૂડામણિમાંથી નીકળતા કિરણથી એના લાંબા કેશ જાણે મદિરા રસમાં ધોવાતા હોય એવા શોભતા હતા. આ જ ચૂડામણિને સ્પર્શ કરીને કાંદબરીએ રાજકુમાર ચંદ્રાપીડને વંદન કહાવ્યા હતાં. એ સમયે કાંદબરીની સખીઓએ સીમંતમાં મકરિકા સજાવી હતી અને મદલેખાએ કેશમાં શિખંડમાણિક્ય નામનું આભૂષણ ધારણ કર્યું હતું.

શિરોભૂષણ પછીના ક્રમે કંઠાભરણોની એટલે કે ગળાનાં આભૂષણોની વાત કરીએ તો મોતીના હાર અને રત્નમાળાના ઉલ્લેખ જોવા મળે છે. હર્ષરચિત રત્નાવલીમાં રત્નાવલીની ઓળખ કંઠમાં ધારણ કરેલી રત્નાવલીથી જ થઈ હતી. અહીં રત્નમાળા માટે રત્નાવલી શબ્દ પ્રયોજાયો છે. પ્રિયદર્શિકામાં વાસવદત્તાની નાની મોટી સેવિકાઓનાં વિશાળ પયોધરો હારથી કાંતિયુક્ત થયાં હતાં. નાગાનંદમાં નાયિકા મલયવતીને ચેટીના માધ્યમથી નાયક જીમૂતવાદને કહેલું કે, તમારા પયોધરોનો ભાર જ તમારી કમરને કષ્ટ દેવા પર્યાપ્ત

છે, પછી બીજા હાર પહેરવાથી શું લાભ ? હર્ષચરિતમ્‌થી વારવિલાસિનીઓ ચળકતા હારોથી ઠમકતી હતી. તેમના પયોધર બકુલમાળાથી વીંટળાયેલા હતા. હારનો મધ્યમણિ રહી રહીને આમતેમ હલતો હતો. રાણી યશોવતીના ગળાના સૂત્રમાં મૂલ્યવાન રત્નો બાંધેલાં હતાં.

કાદંબરીમાં ચંડાલ કન્યાના હારનું અલંકારિક ભાષામાં વર્ણન કરતાં બાણભટ્ટે કહ્યું છે કે, તેના ગળામાં, તેને યમુના નદી જાણીને જાણે ગંગાજી મળવા આવ્યાં હોય તેવી, મોટાં મોટાં મોતીની સ્વચ્છ માળા-અતિસ્થૂલમુક્તાફલ ઘટિતેન શુચિના હાર- તેણે પહેરેલી હતી. વિલાસવતીના પયોધર પર મુક્તાગુણા- મોતીના હાર લટકતા હતા તેથી તે બે પર્વતોની મધ્યે વહેતા ગંગા પ્રવાહવાળી પૃથ્વી જેવી શોભતી હતી. રાજકુમાર ચંદ્રાપીડને જોવા માટે મહેલના શિખર પર ચડેલી કેટલીક લલનાઓનાં ગળામાં મુક્તાલતા-મોતીની માળા લટકતી હતી. મહાશ્વેતાએ આમલકીફલસ્થૂલૈમુક્તાફલ- આમળા જેવા મોટા મોતીના દાણાનું અક્ષયવલય કંઠમાં પહેરેલું હતું. કાદંબરી ચંદ્રાપીડનું સ્મરણ કરતી વેળાએ બંન્ને હાથની તર્જની ઉપર વારે ઘડીએ મુક્તાપ્રાલંબ- મોતીની માળા ઉછાળતી હતી. અન્ય પ્રસંગે કાદંબરીએ અને મહાશ્વેતાએ એકાવલી- મોતીની એક સેરની માળા કંઠમાં પહેરી હતી.

**હર્ષકાલીન સ્ત્રીઓને આ કંઠાભરણોની સાથે જ કર્ણાભૂષણો પણ અતિપ્રિય હતાં. કર્ણાભૂષણ એટલે કાનમાં પહેરાતાં આભૂષણો. સુવર્ણ, મોતી, માણેક, પન્ના અને પુષ્પનાં કર્ણાભરણોનો સ્ત્રીઓને શોખ હતો. આ કર્ણાભરણો વિવિધ નામે ઓળખાતાં**

મોતીનાં કંઠાભૂષણ ઉપરાંત અન્ય પ્રકારના કંઠહારનું પ્રચલન પણ હર્ષકાલીન સ્ત્રીઓમાં જોવા મળે છે. ઉદાહરણ તરીકે નૃત્યક્રીડામાં આસ્કત અંતઃપુરની સ્ત્રીઓ વેગમાં કૂદવાથી ખસી ખસીને હાલતા હાર તેમનાં પયોધર પર અફળાતા હતા. વળી, પરસ્પર અથડાવાથી અતિ તીક્ષ્ણ રણરણાટ કરતા હારમણિવાળી રમણીઓનો ભૂષણરવ હવેલીઓમાં ગાજતો હતો. આ હાર એટલા ચળકતા હતા કે અંતઃપુરની ફરસ પર પડેલા હોય તેને તો સર્પકંચુક ધારીને મોર ખેંચી જતા હતા.

આ બધાં જ કંઠાભરણ મૂલ્યવાન હતાં, પણ સૌથી મહામૂલો તો શેષહાર હતો. તેના વિશે બાણભટ્ટે મદલેખાના મુખેથી કહાવ્યું કે, ‘અમૃતમંથન સમયે ઉત્પન્ન થયેલાં સર્વ રત્નમાં આ હાર શેષ રહેવાથી તે શેષહાર નામે ઓળખાય છે. ને એ જ કારણથી ભગવાન સાગરદેવને ઘણો જ પ્રિય છે. તેમણે એક દિવસ જ્યારે વરુણદેવ પોતાને ઘેર આવ્યા ત્યારે એમને આ હાર અર્પણ કર્યો હતો. વરુણદેવે એ હાર ગંધર્વરાજને અને તેમણે પોતાની દીકરી કાદંબરીને આપ્યો હતો.’

આ શેષહારને ક્ષીરસાગર, અમૃતનાં ફીણ, મૃણાલદંડ, વાસુકિનાગની ત્વચા અને રત્નશિરોમણિની ઉપમા આપીને, તેનું અદ્‌ભુતને રસપ્રદ વર્ણન કરતાં બાણભટ્ટે કહ્યું છે કે,

‘ક્ષીરસાગરની ધવલતાના હેતુ જેવો, ચંદ્રના સહોદર જેવો, નારાયણના નાભિકમળના મૃણાલદંડ જેવો, મંદરાચલે ઉત્પન્ન કરેલા ક્ષોભથી ઉછળેલા અમૃતના ફેનપિંડના સમૂહ જેવો, મંથન સમયે શ્રમ થવાથી કાઢી નાંખેલી વાસુકિ નાગની ત્વચા જેવો, મંદરાચલ વડે મંથન કરવાથી કચરાઈ ગયેલી સર્વ ચંદ્રકળાઓના ખંડ-સંચય જેવો, સાગરમાંથી ઊંચકી લીધેલા પ્રતિમા-તારાગણ જેવો, દિગ્ગજોની શુંડમાંથી પડતા જલકણના સમૂહ જેવો, મદન ગજના નક્ષત્ર-માલારૂપી આભરણ જેવો, શરદના નાના નાના મેઘથી ઘડ્યો હોય કે કાદંબરીના રૂપને લીધે વશ થઈ ગયેલા મુનિજનોના હૃદયથી જ જાણે રચેલો હોય એવો, સર્વ રત્નોના શિરોમણિ જેવો, સર્વ સાગરોના જાણે એકત્ર કરેલા યશસમૂહ જેવો, ચંદ્રના પ્રતિપક્ષ જેવો તથા રાશિ-પ્રભાના પ્રાણ જેવો પ્રકાશમાન અતિસુંદર હાર એટલે શેષહાર. લક્ષ્મીના હૃદય જેવો તે, કમળપત્ર ઉપરના જળબિંદુવત્‌ તરલ હતો. શરદચંદ્રની પેઠે તે દિશાઓને શ્વેત કરતો હતો. સ્વર્ગ ગંગાના પ્રવાહની પેઠે તેમાંથી દેવાંગનાઓનું પયોધર પરિમલ નીકળતું હતું. આ હાર અંગે યદુનન્દન કપૂરે નોંધ્યું છે કે, તે ઉપરથી પાતળો અને નીચેથી જાડો હોઈ, શરીર પર સાપ પડ્યો હોય એવો લાગતો આવો હતો એ શેષહાર !’

હર્ષકાલીન સ્ત્રીઓને આ કંઠાભરણોની સાથે જ કર્ણાભૂષણો પણ અતિપ્રિય હતાં. કર્ણાભૂષણ એટલે કાનમાં પહેરાતાં આભૂષણો. સુવર્ણ, મોતી, માણેક, પન્ના અને પુષ્પનાં કર્ણાભરણોનો સ્ત્રીઓને શોખ હતો. આ કર્ણાભરણો વિવિધ નામે ઓળખાતાં. જેમ કે, કુંડળ, વાળી, ત્રિકંટક, દંતપત્ર, અવતંસ, કર્ણકુવલયદલ, કર્ણોત્પલ, પત્રાંકુટ, કર્ણપૂર, કર્ણપલ્લવ અને કર્ણપાશ. કેટલાંક કર્ણાભરણો અંગે ભાવના આચાર્યે ‘પ્રાચીન ભારત મેં રૂપશૃંગાર’માં અને યદુનન્દન કપૂરે ‘હર્ષ’માં નોંધ્યું છે કે,

‘બે મોતીની વચ્ચે પન્નાને જડીને ત્રિકંટક નામનું કર્ણાભરણ બનાવવામાં આવતું. હર્ષના જન્મોત્સવના અવસરે નૃત્ય કરતી રાજમહિષીઓએ ત્રિકંટક ધારણ કર્યાં હતાં. બાણે કર્ણપાશ નામના અલંકારની ચર્ચા કરી છે, જે સંભવતઃ કર્ણોત્પલની નીચે પહેરાતું. કોમળ અને નાની પત્તીઓમાંથી પત્રાંકુર નામનાં કર્ણાભરણ બનતાં. વાળી નામના કર્ણાલંકારમાં ત્રણ લાંબા મોતી રહેતા. શ્રવણવતંસ કુંડળની ઉપર ધારણ કરાતું. હાલતાં કુંડળ લોલ નામે ઓળખાતાં.’

હર્ષકાલીન સાહિત્યમાં ઠેકઠેકાણે વિવિધ કર્ણાભરણોનો ઉલ્લેખ જોવા મળે છે. રત્નાવલીમાં, સાગરિકા સાથેની

પોતાની પ્રેમકથા અંગે રાણી વાસવદત્તા સમક્ષ મોં બંધ રાખે તે માટે ઉદયન રાજાએ સુસંગતાને ઈનામ પેટે કર્ણાભરણ આપ્યું હતું. પ્રિયદર્શિકામાં અંતઃપુરની સેવિકાઓએ કાનમાં કુંડળ સજાવ્યાં હતાં. કાદંબરીમાં ચંડાલ કન્યાના ચિત્રણમાં બે વાર કર્ણાભરણનો ઉલ્લેખ થયો છે. એ મુજબ, કર્ણાવસ્કતદંતપત્ર - એક કાનમાં દંતપત્રની પ્રભાથી તેના ગાલ ગોરા દેખાતા હતા. એ કન્યાએ, જરા લચી પડતાં કર્ણપલ્લવ અવતંસ સહિત રાજાને પ્રણામ કર્યાં.

કાદંબરીમાં કર્ણાભૂષણથી સજ્જ જે અન્ય સ્ત્રીઓ જોવા મળે છે તેમની વિગતો આ પ્રમાણે છે :

ઉજ્જયિનીના રાજા તારાપીડ સાથે ક્રીડા કરતી રાણીઓનાં કર્ણાભૂષણના કકડે કકડા થઈ ગયા હતા. રાજા તેમના કેશ જોરથી પકડે ત્યારે તેમનાં મણિકર્ણપૂરનાં ચૂરેચૂરા થઈ જતાં. રાણીઓનાં કર્ણપલ્લવ, કર્ણોત્પલ અને દંતપત્ર નીકળી જતાં. આ રાણીઓ નૃત્યક્રીડામાં આસક્ત થઈને ચાલી ત્યારે તેમનાં કર્ણપલ્લવ નીકળી જઈને ચગદાઈ ગયાં. તારાપીડના પુત્ર રાજકુમાર ચંદ્રાપીડને જોવા રમણીઓ મહેલના શિખર ઉપર ચડી ત્યારે કેટલીકનાં ગાલ ઉપર કર્ણપલ્લવ હાલતાં હતાં અને કોઈકનું દંતપત્ર પડી ગયું હતું. ચંદ્રાપીડની તાંબૂલવાહિની પત્રેલેખાએ કાનમાં મણિકુંડળ અને કર્ણપલ્લવ ધારણ કર્યાં હતાં. કાદંબરીએ હેમતાલીપટ્ટાભરણસુર્વણનાં કર્ણાભરણ ધારણ કર્યાં હતાં. તેના કાનમાં મરક્ત અને માણિક્યનાં કુંડળ ડોલતાં હતાં. તેથી ઢીલા પડેલા કર્ણપાશમાંથી મધુધારા વહેતી હોવાનો આભાસ થતો હતો. કાદંબરીનાં કર્ણાભૂષણ માટે કર્ણપલ્લવ અને કર્ણોત્પલ શબ્દ પણ પ્રયોજાયા છે. કાદંબરીના ખભા કર્ણાભરણની પ્રભાથી છવાઈ ગયા હતા અને તેના કર્ણપલ્લવ પર ભમરા બેસવાથી તે લચી પડ્યા હતા.

**હર્ષકાલીન સાહિત્યમાં કંદોરા અને કટિબંધ જેવાં આભૂષણો માટે કાંચી, કાંચીદામ, રસના, મેખલા, મેખલાદામ, મેખલાકલાપ અને કાંચનકાંચી જેવા શબ્દો પ્રયોજાયા છે. ઘૂઘરીવાળા રણકતા કંદોરા માટે શિંજાનરસના અને શિંજાનકાંચી શબ્દપ્રયોગ કરાયા છે.**

આ જ કાદંબરીએ બીજા પ્રસંગે, એક કાનમાં દંતપત્ર પહેરેલું હતું. તેના બીજા કાનમાં ચંદ્રકળારૂપી કળી જેવું કોમળ કુમુદપત્ર કર્ણપૂર રૂપે શોભતું હતું. કાદંબરીની દાસીઓએ કાનમાં પહેરેલાં આછા શ્વેત રંગનાં કેતકી ગર્ભપત્રનાં આભૂષણ દંતપત્રની શોભાને પણ હરતાં હતાં. તેમણે શિરીષ કરતાં પણ શોભામાં ચડે તેવી સેવાળ મંજરીઓનાં કર્ણપૂર ધારણ કરેલાં હતાં.

શેવાળ મંજરી ઉપરાંત ઝૂલતાં શિરીષ પુષ્પ, અશોક પલ્લવ અને કમળનાં ફૂલ પણ હર્ષકાલીન સ્ત્રીઓનાં મનપસંદ કર્ણાભરણ હતાં.

કર્ણાભરણો પછીના ક્રમે આવતાં કટિનાં આભરણો સ્ત્રીની નાજુક નમણી કેડ પર ઝૂલતાં. કટિને વધુ કમનીય બનાવતાં. હર્ષકાલીન સાહિત્યમાં કંદોરા અને કટિબંધ જેવાં આભૂષણો માટે કાંચી, કાંચીદામ, રસના, મેખલા, મેખલાદામ, મેખલાકલાપ અને કાંચનકાંચી જેવા શબ્દો પ્રયોજાયા છે. ઘૂઘરીવાળા રણકતા કંદોરા માટે શિંજાનરસના અને શિંજાનકાંચી શબ્દપ્રયોગ કરાયા છે.

પ્રિયદર્શિકામાં અંતઃપુરની સેવિકાઓના પહોળા નિતંબ પર શિંજાનકાંશી-ઘૂઘરીવાળા કંદોરાની સેર ઝૂલતી હતી. હર્ષચરિતમ્‌માં યશોવતીની વેલા નામની પ્રતીહારીએ નાજુક કટિને શિંજાનરસના-રણકતા કંદોરાથી અલંકૃત કરી હતી. નાગાનંદમાં જીમૂતવાદને ચેટીના માધ્યમથી મલયવતીને કહેલું કે, તમારા નિતંબના ભારથી જ બન્ને જંઘા ખિન્ન છે, તો પછી આ મેખલાનો બોજ શા માટે વહન કરો છો ?

કાદંબરીમાં ચંડાલ કન્યાની કેડે કામદેવરૂપી હાથીના મસ્તકરૂપી નક્ષત્રમાલા જેવી તથા રોમરાજિરૂપી લતાની આસપાસના ક્યારા જેવી મેખલાદામ શોભતી હતી. વારવિલાસિનીઓ ચાલતી હતી ત્યારે જઘન સાથે અથડાવાથી વાગતી રત્નમાળાઓવાળી મેખલાઓના મનોહર ઝણકાર સાંભળીને ગૃહસરોવરમાંના કલહંસ દોડી આવતા હતા. તેઓ રસનાના રણકારથી ઉત્સુક થયા હતા.

કાદંબરીમાં કટિના અન્ય અલંકારોના આ પ્રકારના ઉલ્લેખ જોવા મળે છે :

સંતાનસુખ માટે ટળવળતી વિલાસવતીએ રાજા તારાપીડને કહ્યું કે, ‘ક્યારે મને પુત્ર થશે અને ક્યારે એ કનકમેખલાની ઘંટિકા-ઘૂઘરીઓના શબ્દને અનુસરતી તેની ધાત્રીને પજવશે ?’ વિલાસવતીની મનોકામના પૂરી થઈ અને તેનો ચંદ્રાપીડ નામે પુત્ર થયો. આ ચંદ્રાપીડ યુવાન થયો અને નગરમાર્ગે નીકળ્યો ત્યારે તેને જોવાને ઉત્કંઠિત થયેલી નગરનારીઓ શણગાર સજતી સજતી, અરધાંપરધાં આભૂષણ પહેરીને મહેલના શિખર પર ચઢી ગઈ. એ વખતે કોઈકના ચરણ ઉતાવળમાં ચાલવાથી ઊતરી ગયેલી મેખલાને લીધે રૂંધાયા હતા. તેથી શૃંખલા બંધનને કારણે મંદ મંદ ગમન કરતી જાણે હાથણીઓ હોય તેવી દીસતી હતી. તેમની રચનાના સ્વરથી ગૃહસારસ આકર્ષિત થતા હતા.

ચંદ્રાપીડની તાંબૂલવાહિની પત્રલેખાની કટિ મહાર્દ-મહામૂલ્યવાન હેમમેખલાકલાપથી સુશોભિત હતી. કાદંબરીની કમનીય કેડ એક પ્રસંગે કાંચીદામ અને બીજા પ્રસંગે રસનાથી અલંકૃત હતી. કોઈ કોઈ વાર કંદોરાની સાંકળી ઊતરી જવાથી

કાદંબરીનાં ચરણમાં અટવાઈ જતી.

કેડને કંદોરાથી આભૂષિત કરવાની સાથે કાદંબરીએ હાથને માણિક્યવલય-માણેકનાં કંકણ અને આંગળીઓને મરકતમણિનાં અંગુલીયક-વીંટીથી અલંકૃત કર્યાં હતાં. કાદંબરીની સખી મહાશ્વેતાએ જમણા હાથની આંગળીમાં શંખની ઝીણી વીંટીઓ પહેરી હતી અને કલાઈ ઉપર શંખાભરણ સજાવ્યું હતું. વિલાસવતીએ હાથમાં દોલાયમાન મણિવલય-હાલતાં મણિમય કંકણધારણ કર્યાં હતાં. રાજા તારાપીડની રાણીઓએ ક્રીડા કરતી વખતે અને નૃત્યમાં આસક્ત થઈને ચાલતી વખતે મણિવલય ધારણ કર્યાં. વેગથી હાથ ઊંચા કરવાથી હાલતાં મણિકંકણનો મધુર ધ્વનિ ગુંજી ઊઠ્યો હતો. ચંડાલ કન્યાએ હાથને રત્નવલયથી અલંકૃત કર્યાં હતાં અને ગણિકાઓએ રાજાને સ્નાન કરાવતી વખતે વલયને ઊંચાં ચડાવી દીધાં હતાં. કાદંબરીની દાસીઓએ હાથમાં પહેરેલાં મૃણાલવલયને લીધે જાણે તેમના અવયવ ધોળા ધોળા થઈ ગયાર હોય તેવા લાગતા હતા. પ્રિયદર્શિકામાં સેવિકાઓએ કલાઈ પર કંકણ અને બાહુમાં બાજુબંધ સજાવ્યાં હતાં.

**હાથનાં આભૂષણોમાં જેમ માણિક્યવલય, તેમ પગનાં આભરણોમાં મણિનૂપુર પ્રચલિત હતાં, મણિનૂપુરથી અલંકૃત સ્ત્રીઓનાં ઉદાહરણ હર્ષકાલીન સાહિત્યમાં ઠેર ઠેર જોવા મળે છે. ખાસ કરીને બાણભટ્ટની કાદંબરીમાં**

આ ઉદાહરણો પરથી એમ કહી શકાય કે, કટિ અને કર્ણના અલંકારોની તુલનામાં કરનાં આભરણો મર્યાદિત હતાં. હર્ષકાલીન સાહિત્યમાં બાજુબંધનો ઉલ્લેખ એક વાર અને વીંટીનો ઉલ્લેખ બે વાર આવે છે. એટલે એમ કહેવું યોગ્ય ગણાશે કે આ બન્ને આભૂષણનું ઝાઝું પ્રચલન નહોતું, પણ વલય એટલે કે કંકણ અત્યંત પ્રચલિત હતાં. એમાં પણ માણિક્યવલય વધુ પ્રચલિત હતાં.

હાથનાં આભૂષણોમાં જેમ માણિક્યવલય, તેમ પગનાં આભરણોમાં મણિનૂપુર પ્રચલિત હતાં, મણિનૂપુરથી અલંકૃત સ્ત્રીઓનાં ઉદાહરણ હર્ષકાલીન સાહિત્યમાં ઠેર ઠેર જોવા મળે છે. ખાસ કરીને બાણભટ્ટની કાદંબરીમાં.

કાદંબરીમાં ચામરધારી સ્ત્રીઓનાં મણિનૂપુર ઝણકાર કરતાં હતાં. તારાપીડની રાણીઓનાં ચરણ કવચિત-રણઝણતાં મહાનૂપુરથી અલંકૃત હતાં. પત્રલેખાએ ઝણઝણાટ કરતાં મણિનૂપુર પત્રમાં પહેર્યાથી, કૂજન કરતાં કલહંસ વડે આકુલ થયેલાં કમળવાળી જાણે કમલિની હોય એવી તે દીસતી હતી. અશોક વૃક્ષને તાડન કરવાથી યુવતીઓનાં મણિનૂપુર સહસ્ર પ્રકારનાં ઝણઝણાટ કરતાં હતાં. એ જ રીતે મહાશ્વેતાનાં મણિનૂપુર અને કાદંબરીનાં સિંજમમણિનૂપુર ઝણકતાં હતાં.

મણિનૂપુરની જેમ નૂપુરમણિના ઉલ્લેખ પણ કાદંબરીમાં જોવા મળે છે. ચંડાલ કન્યાના નૂપુર મણિમાંથી પ્રસરતા આછા પીળા રંગના પ્રકાશથી તેનું શરીર રંગાયેલું હોય તેવું જણાતું હતું. ચંદ્રાપીડને જોવા પ્રાસાદ શિખર પર ચડેલી કોઈ કોઈ રમણીના નૂપુરમણિમાંથી ઈન્દ્રધનુષ જેવા રંગ પ્રસરતા હતા. કાદંબરીના નૂપુરમણિમાંથી કિરણસમૂહ નીકળતો હોય એવું દૃશ્ય સર્જાતું હતું.

કાદંબરીમાં મણિનૂપુર અને નૂપુરમણિ ઉપરાંત સાધારણ નૂપુરનો ઉલ્લેખ પણ થયો છે. અંતઃપુરની સ્ત્રીઓ નૃત્યક્રીડામાં આસક્ત હતી ત્યારે તેમના ચરણ અથડાવાથી મધુર ધ્વનિ કરતા હજારો કવણિતનૂપુર-રણઝણતાં ઝાંઝર વડે દિગંતરો ગાજતા હતા. હર્ષચરિતમ્‌માં યશોવતીની વેલા નામની પ્રતિહારીએ કવણિતતુલાકોટિ નામનાં ખણકતાં નૂપુર ધારણ કર્યાં હતાં. નાગાનંદમાં મલયવતીએ પગમાં નૂપુર સજાવ્યાં હતાં. પ્રિયદર્શિકામાં અંતઃપુરની સેવિકાઓએ પગમાં નૂપુર પહેર્યાં હતાં. રત્નાવલીમાં નૃત્ય કરતી ઉન્મત રમણીઓના પગમાં પહેરેલાં નૂપુર અતિશય ઝણકાર કરતાં. વળી, ઐન્દ્રજાલિકે ચંચળ ચરણોમાં રણકતાં નૂપુરવાળી દિવ્યાંગનાઓને આકાશમાં નૃત્ય કરતી દર્શાવી હતી.

પગથી માથા સુધીનાં આભૂષણો વિશે વાંચી, સાંભળીને એવું કહી શકાય કે હર્ષકાલીન સાહિત્યમાં અલંકારોનું વૈવિધ્ય હતું. જો કે નાક માટેના કોઈ અલંકારનો ઉલ્લેખ જોવા મળતો નથી, છતાં આભરણોની વિવિધતા અંગે બેમત નથી. આભૂષણો એટલાં પ્રચલિત હતાં કે તેની સરખામણી પણ કરાતી. એટલે જ કોસાંબી નગરીની કાંતિની ઝળહળતાં સુવર્ણનાં અલંકારો સાથે તુલના કરવામાં આવી છે !

*૧૦૩, નેહદીપ એવન્યુ, પ્રિયદર્શિની ટાવર પાસે,*
*મધર મિલ્ક પેલેસની શેરી, જજીસ બંગલો,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫.*
*મો. ૯૮૯૮૦૭૦૨૦૫*

# રમણભાઈનો કાવ્યવિચાર

*- વિજય શાસ્ત્રી*

**ર**મણભાઈનો કાવ્યવિચાર નર્મદના સમયની કવિતાના કથળેલા સ્તર અને બીજી તરફ યુનિવર્સિટી શિક્ષણે પ્રેરેલી કવિતાવિષયક નવી સમજની નીપજ છે. તેમના 'કવિતા અને સાહિત્ય'ના પહેલા વૉલ્યુમનાં લખાણો કવિતાવિચારને લગતાં છે. તેમની એક ફરિયાદ એ હતી કે ગુજરાતી કવિતા વાંચનારા શબ્દો, વિષય કે વાર્તા જ વાંચે છે. રસગ્રહણ, ગુણદોષપરીક્ષા, તુલના વગેરે દ્વારા કવિતાનો સૂક્ષ્મ રીતે વિચાર કરવા, કવિતાનું ધોરણ નક્કી કરવા 'કવિતા' શીર્ષક ધરાવતો નિબંધ લખાયો છે.

તેમની જે કેટલીક થિસિસ છે તેની સાથે સંમત થવાય એમ છે છતાં સ્વીકાર્ય બનતી દલીલો પણ ક્યાંક ને ક્યાંક અવ્યાપ્તિના દોષથી પીડાય છે. કવિતા સ્વયંભૂ છે. પ્રયત્નસાધ્ય નથી. કવિતા માટે જ્ઞાન નહિ, વિશેષ જ્ઞાન જોઈએ. આ 'વિશેષ જ્ઞાન' નું સ્વરૂપ કેવું છે તે પણ તેમણે સમજાવ્યું છે. તેમના મતે વાસ્તવિક સૃષ્ટિના નિયમોથી પર જતી, કલ્પના વડે નવ્ય સૃષ્ટિનું નિર્માણ કરતી શક્તિ તે 'વિશેષ જ્ઞાન', મમ્મટનું 'નિયતિકૃતનિયમરહિતા' સૂત્ર આડકતરી રીતે તેઓ સ્વીકારે છે.

**'કવિત્વરીતિ' નામનો નિબંધ વધુ સમતોલ બન્યો છે. એમાં પણ તેમણે વર્ડસ્વરથની poetic diction- ની વિભાવનાને કેન્દ્રમાં રાખી છે. વર્ડસ્વર્થે કરેલો બોલચાલની ભાષાનો મહિમા તેમને સ્વીકાર્ય છે, પરિણામે કૃત્રિમ પદ્યનો તેઓ વિરોધ કરે છે**

તીવ્ર અંતઃક્ષોભથી કવિતા જન્મે એવો વર્ડસ્વર્થનો સિદ્ધાંત તેઓ ઉમળકાથી સ્વીકારે છે, સમજાવે પણ છે. એક ધારાશાસ્ત્રીની અદાથી તેમણે ઊર્મિકવિતાના પક્ષમાં દલીલો કરી છે. તેમના મતે ઈશ્વરદત્ત પળો આવે ત્યારે બહુ વાર ટકતી નથી. આથી અંતર્ભાવપ્રેરિત કાવ્યો લાંબાં નથી હોતાં. લાગણીના ઉછાળને કવિતાનું મૂળ ગણતી રમણભાઈની વિચારણા એકાંગી અને ક્ષતિગ્રસ્ત બની છે. પછીના સમયમાં રામનારાયણ પાઠક અને આચાર્ય આનંદશંકર ધ્રુવ જેવા વિવેચકોએ આ સિદ્ધાંતનું એકાંગીપણું ચીંધી બતાવ્યું છે. સ્મશાનમાં થતા વિલાપો, મરસિયા, હરખપદુડા થઈને મરાતા કૂદકાઓ, શેરબજારમાં ખોટ જતાં થતી હતાશા વગેરેમાં લાગણીના સાચા ઊભરા હોય છે છતાં એ કવિતા બનતા નથી. લાગણીના ઊભરા સાથે બુદ્ધિના પ્રવર્તનથી નીપજતી નિયમિત આકૃતિ કલા બને છે. આમ, બૌદ્ધિક પ્રવર્તનનો જે નિર્દેશ રમણભાઈ કરવો ચૂકી ગયા હતા તેને અનુગામી વિવેચને ઉમેરીને કવિતાની



રમણભાઈ મહીપતરામ નીલકંઠ

વ્યાખ્યાનું સંમાર્જન કર્યું.

ઊર્મિના સત્યાગ્રહથી પ્રેરાઈને રમણભાઈએ નરસિંહરાવની 'કુસુમમાળા' ગત રચનાઓને ઉત્તમ કવિતા તરીકે પ્રસ્થાપિત કરવાની ચેષ્ટા કરી. ખરેખર તો ૧૮૮૭માં પ્રકાશિત 'કુસુમમાળા' નહિ પણ તેનાં બે વર્ષ પહેલાં (૧૮૮૫માં) પ્રગટ થયેલા બાલાશંકર કંથારિયાના કાવ્યસંગ્રહ 'કલાન્ત કવિ'ને સુન્દરમ્ 'પ્રથમ પરિવર્તનકારી નવોન્મેષ' કહીને ઓળખાવ્યો છે. (જુઓ : 'અર્વાચીન કવિતા' આવૃત્તિ બીજી પ્રસ્તાવના ૧૯૫૩)એ વધુ સમુક્તિક લાગે છે આત્મલક્ષી કવિતા તરફના પક્ષપાતે જ રમણભાઈએ આખ્યાનકાવ્ય, નાટક આદિ પરલક્ષી કાવ્યપ્રકારોને ગૌણ ગણ્યા. સ્વાનુભવરસિક કવિતા કવિસ્વભાવ પ્રગટ કરે છે, જે સર્વાનુભવરસિક કવિતામાં શક્ય નથી. સર્વાનુભવરસિક કવિતા પારકા મુલક પર રાજ્ય ચલાવે છે. તેથી કોઈ વેળા તેને અકવિતાના પ્રદેશમાં ઘસડાવું પડે છે. સ્વાનુભવરસિક તે કવિઓનો કવિ, સર્વાનુભવરસિક તે લોકનો કવિ. સર્વાનુભવરસિક કવિતા કલાપક્ષે ન્યૂન હોય છે એવો સૂર તર્કસંગત નથી. બીજી તરફ આત્મલક્ષી કવિતા કલાત્મકતાનો પર્યાય બને છે એમ કહેતા રમણભાઈને પણ સ્વીકારી શકાય તેમ નથી. આખી ચર્ચા પક્ષિલ બની ગઈ છે.'

'કવિત્વરીતિ' નામનો નિબંધ વધુ સમતોલ બન્યો છે. એમાં પણ તેમણે વર્ડસ્વરથની poetic diction- ની વિભાવનાને કેન્દ્રમાં રાખી છે. વર્ડસ્વર્થે કરેલો બોલચાલની ભાષાનો મહિમા તેમને સ્વીકાર્ય છે, પરિણામે કૃત્રિમ પદ્યનો તેઓ વિરોધ કરે છે. શબ્દરીતિ અને વાક્યરીતિ ગૌણ છે, કવિતારીતિ મુખ્ય છે. છંદોમયતા સહજ હોય ત્યાં સ્વીકાર્ય છે. ભાવની વિવિધતા પ્રમાણે વૃત્તમાં ફેરફાર થાય છે. તીવ્ર ચિત્તક્ષોભ આપોઆપ છંદ સિદ્ધ કરતો હોય છે એનું વિવરણ એમણે ડેવિડ મેસનનો મત ટાંકીને કર્યું છે : "માણસનું મન જ્યારે અમુક કોટિ સુધી ઉશ્કેરાયું હોય છે ત્યારે તેના મનની ક્રિયાઓ હંમેશ કરતાં અસાધારણ રીતે તાલ અથવા વિરામ પ્રમાણે કાલક્રમમાં ગોઠવાઈ જાય છે.... અધ્યયનની લહેરમાં આવેલો વિદ્યાર્થી પોતાની ખુરશીમાં બેઠો બેઠો આમતેમ હાલે

છે, વક્તા છોકરાંને રમવાના ચીચવા જેવો દોલાયમાન થાય છે, શ્વાસોચ્છ્વાસ અને નાડીના ધબકારા મનની વૃત્તિઓ સાથે જોડાયેલા સાફ જણાય છે, ઘડિયાળના ટીકટીક થવાથી મનમાં તરંગ ઉત્પન્ન થઈ ચાલી રહે છે, ઘંટના ડંકામાં વાણીના શબ્દ હોય છે એમ મૂર્ખ ધારે છે.'' ('કવિતા અને સાહિત્ય ભાગ-૧, આવૃત્તિ બીજી, ૧૯૬૨ પૃ. ૭૬) ડેવિડ મેસને ડેલાસ નામના અન્ય વિવેચકે આપેલાં ઉદાહરણો ટાંક્યાં છે તો રમણભાઈ એમાં પોતાના તરફથી પણ ઉદાહરણ ઉમેરે છે.' છોકરાંઓ નગારાના અવાજમાં અમુક શબ્દ બોલાતા હોય એમ ધારે છે. (એજન, પૃ.૭૬) આમ, કાબેલ ધારાશાસ્ત્રીની પદ્ધતિએ રમણભાઈ દલીલને વિવિધ દાખલાઓ વડે પુષ્ટિ આપે છે. તેમની સમગ્ર લખાવટ આવી રીતિથી નિર્વહણ પામી છે.

ત્રીજા નિબંધ 'છંદ અને પ્રાસ'માં જ્યારે તેઓ છંદનો સંબંધ સૌન્દર્ય સાથે છે એવી દલીલથી શરૂઆત કરે છે ત્યારે આ પહેલાંના નિબંધમાં 'ભાવ પોતાને અનુકૂળ વૃત્ત ખોળી લે છે' એવું જે વિધાન થયું છે તે પરસ્પર વિરોધી બને છે. જો કે બલવન્તરાયની પહેલાં સંગીત અને કવિતા બે જુદી વિદ્યાઓ છે એમ જ તેમણે કહ્યું તે બલવન્તરાયની પહેલાં કહ્યું તે સમજવા જેવું છે. કવિતમાં અર્થલક્ષિતાને તેમણે પ્રાધાન્ય આપ્યું. માનવશરીરની જેમ છંદ કાવ્યનું શરીર છે અને માનવશરીર જેમ વ્યવસ્થાવાળું હોય છે તેમ કાવ્યશરીર એવો છંદ પણ વ્યવસ્થાવાળો જ હોય છે. organic unity જેવી સંજ્ઞા આધુનિક સમયમાં પ્રચલિત થઈ તેનાં મૂળ કોલરિજની કાવ્યઘટનાની વિભાવનામાં પડેલાં છે. શરીરના વિવિધ અવયવો વચ્ચે સમવાયી સંબંધ હોય છે તેમ છંદમાં પણ હોય છે. કવિતા પોતાની જોડે છંદ લાવે છે. છંદ પોતાની જોડે કવિતા લાવતો નથી. આ જ નિબંધમાં થયેલી રાગમય ગદ્ય Impassioned prose ની ચર્ચા પણ નોંધપાત્ર છે. 'માહરી મજેહ' નામના પારસી કવિતાના સંગ્રહની રચનાઓની ૧૧૪થી ૧૫૫ લગભગ ૪૦ પૃષ્ઠોમાં ચર્ચા કરી તેની ત્રુટિક્ષતિઓ રમણભાઈ લાંબી લેખણે દર્શાવે છે. આવી દીર્ઘસૂત્રિતાની જરૂર વિશે વાચકને પ્રશ્નો થાય એમ છે. બલવન્તરાય પૂર્વે તેમણે બ્લેન્કવર્સની જિકર કરી છે તે બાબત બ્લેન્કવર્સનો ઇતિહાસ તપાસનાર માટે મહત્ત્વની છે.

**'વૃત્તિમય ભાવાભાસ' Pathetic Fallacy ગત વિચારણા પછીના સમયના ફિનોમિનોલોજિકલ અભિગમને મળતી આવે છે કે કેમ તે અભ્યાસીઓએ વિચારવા જેવું છે. વસ્તુઓ જાતે કેવી છે તે અગત્યનું નથી પણ જોનારને એ કેવી દેખાય છે તે અગત્યનું છે**

ચોથા નિબંધ 'વૃત્તિમય ભાવાભાસ' Pathetic Fallacy ગત વિચારણા પછીના સમયના ફિનોમિનોલોજિકલ અભિગમને મળતી આવે છે કે કેમ તે અભ્યાસીઓએ વિચારવા જેવું છે. વસ્તુઓ જાતે કેવી છે તે અગત્યનું નથી પણ જોનારને એ કેવી દેખાય છે તે અગત્યનું છે.

પાંચમો-છેલ્લો-નિબંધ 'કાવ્યાનન્દ' ૧૧૦ પૃષ્ઠોમાં વિસ્તરેલો છે. કાવ્યશાસ્ત્રી મમ્મટે, 'સદ્યપરનિવૃત્તયે' અને 'વિગલિતવેદ્યાન્તર' શબ્દોમાં ઓળખાવ્યો તે કવિતાનો 'પરમ આનંદ તે શું, એ આનંદનું સ્વરૂપ કેવું છે' જેવા મહત્ત્વના પ્રશ્નોની માંડણી આ સુદીર્ઘ નિબંધમાં થઈ છે. મમ્મટ, વિશ્વનાથ, જગન્નાથ જેવા પૂર્વના અને વર્ડ્સ્વર્થ, કોલરિજ, લીહન્ટ, જોર્જ મોઈર, પ્રો. આઈટુન જેવા પશ્ચિમી કાવ્ય મીમાંસકોના મંતવ્યોથી સમૃદ્ધ બનતા આ નિબંધમાં રમણભાઈ સમર્થ ભાષ્યકાર તરીકે ઊપસે છે. કાવ્ય કોઈ પણ ભાવનું હોય તોયે આનંદપર્યવસાયી જ હોય છે એ વાતનું નિરૂપણ કરતાં તેમણે કહ્યું છે કે 'વ્યવહારના દુઃખ, શોક કે વિષાદ પણ કાવ્યમાં આનંદ આપે. સ્થાયીનો ઉત્કર્ષ અને રસરૂપે થતો અનુભવ આનંદકારક જ હોય પછી તે શોક જેવા આનંદવિરોધી સ્થાયીમાંથી કેમ ન જન્મ્યો હોય. કાવ્યનો આનંદ શા માટે 'અલૌકિક' સંજ્ઞાથી ઓળખાય છે તેનું વિવરણ કરતાં રમણભાઈ લખે છે. 'લોકવ્યવહારમાં હર્ષના કારણથી હર્ષ થાય અને શોકના કારણથી શોક થાય તેને બદલે અહીં સર્વથી સુખ થાય છે તેથી આ વિભાવ, અનુભવ અને વ્યભિચારીભાવ અલૌકિક કહેવાય છે.' (એજન : પૃ. ૨૫૨) આ ઉપરાંત પણ તેમણે રસાનુભવ વિશે કરેલી ટિપ્પણીઓ તેમની સમજ અને સમજાવવાની શક્તિનો સંતર્પક અનુભવ કરાવે છે. રસની પ્રતીતિમાં મમત્વનો અભાવ, અપરિમિત પ્રમાતૃભાવ, રસાનુભવ માટે આવશ્યક રસિકતાના સંસ્કાર, વગેરે વિશેની નોંધો વિશદ બની છે. એક ઉદાહરણ જોઈ લઈએ. 'મરી, સાકર, કપૂર દરેકનો સ્વાદ જુદો પણ ત્રણેનું મિશ્રણ કરીને પાચકરસ બનાવીએ તો એનો સ્વાદ બદલાઈ જાય છે.' (એજન પૃ : ૨૫૪)

કેટલાંક મહત્ત્વનાં નીલકંઠીય નિરીક્ષણો જોઈએ :

- કાવ્યમાં સૂત્રરૂપ નિરૂપણ ન ચાલે, અમૂર્ત વિચારોનું પણ સ્થાન નથી.

'- વ્યંગ્યાર્થ કવિતા માટે અનિવાર્ય.'

'- શબ્દાલંકાર કરતાં અર્થાલંકાર ચડિયાતા.'

'- નીતિ ફલિત કરવા અનીતિનાં વર્ણન પછી નીતિનો સ્પષ્ટ વચનોથી બોધ કરેલો હોય ત્યાં કાવ્યત્વ રહેતું નથી.'

'- કવિતા વિચારવિષયક નહિ, વિકારવિષયક હોય છે.

તા. ૨-૯-૧૮ના રોજ કેન્દ્રીય સાહિત્ય અકાદમી આયોજિત રમણભાઈ નીલકંઠ સાર્ધજન્મશતાબ્દી - પરિસંવાદમાં રમણભાઈનો સંબંધિત બેઠકના અધ્યક્ષસ્થાનેથી રજૂ થયેલું.' (અમદાવાદ)

*જે-૩-૩૦૨, મુક્તાનંદનગર, સરદારપુલ સર્કલ,*
*અડાજણ રોડ, સૂરત-૩૯૫૦૦૯*
*મો. ૯૮૨૫૨૮૦૧૫૫*

# ઝાલાવાડનો સાંસ્કૃતિક વારસો : ખાંભી અને પાળિયા

*- ભૂપેન્દ્ર મો. દવે*

**સા**હિત્ય, અભિલેખો અને પુરાવશેષોનો વિપુલ અને સમૃદ્ધ વારસો ગુજરાત ધરાવે છે. એમાં ખાંભી અને પાળિયા એ એક મહત્ત્વનો સ્રોત છે. આ ખાંભી અને પાળિયા ઝાલાવાડમાં સૌથી વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે. ઈતિહાસ, પુરાતત્ત્વ અને સંસ્કૃતિની દષ્ટિએ ઝાલાવાડ સમૃદ્ધ છે. ખાંભી અને પાળિયા જેમ લોકસંસ્કૃતિના પ્રતીકો છે તેમ ઈતિહાસના અંકોડા પણ છે. આ દષ્ટિએ ઈતિહાસ, સંસ્કૃતિ, દંતકથા, લોકસાહિત્ય એમ ભિન્ન ભિન્ન સ્વરૂપે પાળિયાઓનો અભ્યાસ થઈ શકે એ ટૂંકમાં આ લેખમાં દર્શાવવાનો પ્રયાસ કર્યો છે.

પાળિયાઓની કથાઓ રાજાથી માંડીને અદનામાં અદના માનવી સુધીની વિરાટ જનતાને આવરી લે છે. ઈતિહાસ મોટેભાગે રાજવીઓ વચ્ચેની સ્પર્ધા, યુદ્ધો, પરાક્રમ અને કાવાદાવાઓની ગાથા વર્ણવે છે. સામાન્ય માનવીઓની એ સદંતર ઉપેક્ષા સેવે છે. પાળિયાઓની કથાઓ તત્કાલીન સમાજ, તેની પરંપરા કે રુઢિ, ભાવના, રહેણીકરણી તેમજ વટ વ્યવહારનું રોમાંચક ચિત્ર પૂરું પાડે છે. એમાં સમાજના દરેક વર્ગનું પ્રતિનિધિત્વ થતું હોવાથી સમાજનું તત્કાલીન ચિત્ર ઉપસતું હોય છે. રાજપૂત, બ્રાહ્મણ, વાણિયા, ચારણ, લોહાણા, સલાટ, સુથાર, વાણંદ, કોળી, મુસ્લિમ, સાધુ જેવી ઝાલાવાડની વિવિધ જાતિઓએ પ્રાણાર્પણ કરી એક ભવ્ય સામાજિક પરંપરાનું સર્જન કે અનુસરણ કર્યું છે, એ પાળિયાઓના અભ્યાસ પરથી જોઈ શકાશે.

**ખાંભી અને પાળિયાઓનું કોઈ નિશ્ચિત સ્થાન જણાતું નથી.ઝાલાવાડમાં સામાન્ય રીતે ગામના ઝાંપે કે પાદરમાં, તળાવની પાળે કે જળાશયના કિનારે, ટેકરા ઉપર, બે ડુંગરાની ગાળીમાં, મંદિરના પ્રાંગણમાં, સીમમાં કે ખેતરમાં ખોડાયેલા પાળિયા જોવા મળે છે**

આ અભ્યાસમાં એક બીજી વાત પાળિયા કથા માટે કહી શકાય. પોતાના જ સ્વાર્થ કે લાભમાં રત પારકા કે આંખની ઓળખાણ વિનાના કે અલ્પ પરિચિત માટે પોતાની જાતને મોતના મોંમા કેમ ધકેલી દે છે ? સ્ત્રીઓ પતિ પાછળ જ નહીં, પુત્ર પૌત્ર, ભત્રીજા કે ભાણેજ કે નિકટના કે દૂરના સગા પણ ન હોય તેવા પાડોશી પાછળ કેમ સતી થાય? ગામનો એક ઢોલી સમસ્ત ગામ પાછળ કુરબાન કેમ થઈ જાય ? મૂળીના જોમબાઈમા એક તેતર જેવા ક્ષુલ્લક પક્ષીના રક્ષણ માટે કેમ પોતાના અને પુત્રોના પ્રાણ ન્યોછાવર કરી ગયાં અને સતી કહેવાણાં તેને માનવીના મનનો કોયડો સમજવો કે પ્રાણીમાત્ર તરફની અનુકંપા ? પતિ પાછળ પ્રાણ આપે એને જ સતી કહેવાની આપણી માન્યતા પણ કેટલી બોદી છે એ ખ્યાલ હળવદના સેંકડો સતીઓના પાળિયા પરથી આવી શકશે. વળી પુરુષો પણ પત્ની પાછળ, મિત્ર પાછળ, ગુરુ પાછળ 'સતા' થયા છે. આમ સતી કે સતા થઈ મરી ફીટવાની ભાવના આજના યુગની ભાવનાને અનુરૂપ નથી. આજે માનવીની દષ્ટિ પારલૌકિક સુખને બદલે ઈહલૌકિક સુખોપભોગ તરફ વિશેષ ઢળી છે. એ પણ એનું એક કારણ છે. આ દષ્ટિને સાચી કે સારી ગણવી તે દરેકના ઘડતર, સંસ્કાર, શિક્ષણ, પરંપરા વગેરે અનેક બાબતો ઉપર આધારિત છે. પાળિયાઓનો, એની કથાઓનો અભ્યાસ ઈતિહાસની પેઠે પ્રજામાં શું હતું, ક્યાં હતું,કયારે હતું તે બતાવે. એમાંથી શું ગ્રહણ કરવું, શું છોડી દેવું તે, આપણે વિચારવું જોઈએ.

કયા ગુણો કે દુર્ગુણો આપણી, આપણા કુટુંબની, ગામની કે દેશની આબરૂ વધારશે કે ઘટાડશે તે સમજવાનું કામ આપણા પૂર્વજોએ એમનાં કાર્યો દ્વારા સમજવાનું આપણા ઉપર છોડયું છે, એમ માનવામાં પણ વાંધો નથી. આ ખાંભી અને પાળિયા સામાન્ય પ્રજાનાં છે. એમની સગવડે એમના વંશવારસોએ ઊભાં કરેલાં છે, રાજ્ય કે કેન્દ્રીય સત્તાએ નહીં. તેથી જ એ પ્રજાનો વારસો છે. સંસ્કૃતિ છે. પ્રજા તરીકે ઉન્નત મસ્તકે ગૌરવભેર જીવવા માટે પ્રજાની જીભે ને બારોટના ચોપડે સચવાઈને એ જીવે છે. એ આપણા વડવા છે. એને જીવાડવા કે મારવા એ આપણા હાથની વાત છે.

ખાંભી અને પાળિયાઓનું કોઈ નિશ્ચિત સ્થાન જણાતું નથી.ઝાલાવાડમાં સામાન્ય રીતે ગામના ઝાંપે કે પાદરમાં, તળાવની પાળે કે જળાશયના કિનારે, ટેકરા ઉપર, બે ડુંગરાની ગાળીમાં, મંદિરના પ્રાંગણમાં, સીમમાં કે ખેતરમાં ખોડાયેલા પાળિયા જોવા મળે છે.

આપણી લોક પરંપરાએ ખાંભી - પાળિયાઓને પવિત્ર સ્મરણ નિશાની તરીકે સાચવી રાખ્યાં છે અને એને નુકસાન કરવું એ પાપ મનાતું આવ્યું છે. આથી આ પૂર્વજોના પાળિયાઓની ગામલોકો - તેઓના વંશજો પૂજા પણ કરે છે.

ઈતિહાસના સાધન તરીકે પાળિયા એ આપણા રાષ્ટ્રનો એક મહામૂલો સાંસ્કૃતિક વારસો છે. આથી ગામમાં અલગ અલગ જગ્યાએ ઊભા કરવામાં આવેલા પાળિયાઓને કટુડા ગામમાં જે રીતે છાપરાવાળી સાર્વજનિક જગ્યા પર રાખવામાં આવ્યા છે તે રીતે તડકા, વરસાદ, ઠંડી કે હવાથી રક્ષણ મળે તે રીતે દરેક ગામ છાપરા બાંધીને પાળિયાઓનું રક્ષણ કરે

એ આજની તાતી જરૂરિયાત છે. પાળિયાઓને મૂળ સ્થાનેથી ખસેડી ન શકાય તો તેને મૂળ સ્થાને રાખી એના પર છત્રી કે છાપરૂં બાંધીને આ ઐતિહાસિક સ્મારકોને સુરક્ષિત રાખવામાં આવે તો આપણી આ પ્રાચીન સંપત્તિનું જતન થશે.

ગુજરાતના સમાજજીવનમાં પાળિયા જુદા જુદા નામે ઓળખાય છે. ખાંભી, ખાંભો, ખુંટો, ખૂંટી, પાળિયા, પાવરિયા, પાવલિયા, પારીઆ, ચગા, છગા, શગા, નગલિયા(નાગના), ચગલિયા (ચગનું બહુવચન), ઠેસ્ય, લાઠય, ફળાં, ફંડેલા, સર, પોરસો, ઝુઝાર વગેરે નામે પાળિયા ઓળખાય છે. લોકજીવનમાં પાળિયાને મૃત્યુના સ્મારક તરીકે નહી પણ વીરપૂજા તરીકે અપનાવાયેલા છે. એમાં પિતૃતર્પણ અને ભય એ બન્ને ભાવ સમાયેલા છે. સતીઓનું પણ એમ જ. જાડા ખ્યાલ મુજબ દેરી - છતરડીમાં પાળિયા હોય તેની પાળિયામાં જ ગણતરી કરે છે. પણ પગલાં, સમાધિ,ઓટા વગેરે પૂજ્ય વડીલ કે વ્યક્તિ અથવા પૂજનીય સાધુ - સંતો કે ભક્તો પ્રત્યેના આદર - ભક્તિથી જુદા સ્વરૂપે પૂજાય છે.

એક જમાનો હતો જ્યારે ગામમાં સમાચારના આદાન-પ્રદાન માટે ઢોલ ઉપયોગી સાધન હતું. ગામના ચોરે બૂંગિયો વાગે ત્યારે નાના-મોટા સૌ નાત-જાતના ભેદ વગર, વરણના ભેદ વગર, હાથ પડયું હથિયાર લઈને ચોરે આવી પૂગતા અને દુશ્મનોનો સામનો કરવા માટે ઊપડી જતા. આ પાળિયા એ જમાનાના છે જે દુધમલિયા યુવાનોએ ગાયોની વહારે ચઢતા મોતને મીઠું કર્યું. આ એ પાળિયા છે જેમણે ગામ પર ત્રાટકેલા દુશ્મનોની સામે પોતાનો જીવ આપી ગામને બચાવ્યું. આવા વીર પુરુષોની પાછળ જે સતી થઇ તેમના પાળિયા પણ દેખાય છે. પોતાને થયેલ અન્યાય માટે બહારવટે ચડવાને બદલે કટારી ગળામાં ઘાલી દદડતાં લોહી સાથે ઈષ્ટદેવ દેવીઓનું સ્મરણ કરતાં-કરતાં અન્યાય કરનારની ડેલીએ અથવા દરબારગઢમાં પોતાનું લોહી છાંટી બલિદાન આપનાર ચારણ, બ્રાહ્મણ, બારોટના પાળિયા પણ જોવામાં આવે છે.

ઝાલાવાડમાં વિવિધ પ્રકારનાં ધર્મસ્થાનક છે. આ ખુલ્લાં ધર્મસ્થાનોની રક્ષા અર્થે, એ મિલકતોને કોઈ નુકસાન ન કરે તે માટે, પશુ પક્ષીઓનો શિકાર ન કરે, કુદરતી વન-સંપદાની જાળવણી અર્થે, ગૌચરના રક્ષણ માટે ''ગધેગાળ'' નો ખાંભો મૂકવામાં આવે છે. આવા ખાંભામાં નીચે સ્ત્રી અને ઉપર ગધેડો બિભત્સ રીતે આલેખાયેલા હોય છે. જે કોઈ આ ધર્મની જગ્યાના હક ઉપર તરાપ મારે કે ગૌચર અર્થે કાઢેલી જમીનને દાબે તેને આ પાળિયામાંની ગધેગાળ માતા સમી લાગે, એવો આ પાળિયાનો ભાવ છે. ધ્રાંગધ્રા તાલુકાના ખાંભડા- ધોળી જવાના માર્ગે તળાવની જમણે વડીયા પાટીમાં વાવની સામે આવેલ ખેતરમાં ગૌચર જાળવણીનો ગાળનો ખાંભો આવેલો છે.

બીજા એવા પાળિયા છે જેમણે આશરા ધર્મ પાળવા માટે મોતને મીઠું કર્યું જયમલ્લ પરમાર કહે છે :

''પાળિયા એ લોકસંસ્કૃતિના પ્રતિનિધિરૂપ ઐતિહાસિકરૂપે ઐતિહાસિક સંશોધનના અભિલેખો છે. અર્ધું લોકસાહિત્ય તો આ પાળિયા આસપાસ રચાયું છે. એના સંશોધનની હજુ શરૂઆત જ થઈ છે. પાળિયા લોકસંસ્કૃતિનું જીવંત પ્રતીક છે. હજુ પણ જૂના પાળિયાને નૈવેદ ધરાવાય છે.એને તેલ સિંદૂર ધૂપ-દીપ થાય છે. ઘણાં કુટુંબોમાં પરણ્યા પછી દંપતીની છેડાછેડી તેમના શૂરાપૂરાના પાળીએ છૂટે છે. પાળિયો એ ભૂતકાળ નથી બની ગયો પણ, લોકજીવનના સંસ્કારમાં એનો પ્રાણ ધબકાર બોલી રહ્યો છે.''

**ઝાલાવાડમાં વિવિધ પ્રકારનાં ધર્મસ્થાનક છે. આ ખુલ્લાં ધર્મસ્થાનોની રક્ષા અર્થે, એ મિલકતોને કોઈ નુકસાન ન કરે તે માટે, પશુ પક્ષીઓનો શિકાર ન કરે, કુદરતી વન-સંપદાની જાળવણી અર્થે, ગૌચરના રક્ષણ માટે ''ગધેગાળ'' નો ખાંભો મૂકવામાં આવે છે**

જ્યારે મણીભાઈ વોરા એમની લાગણી આ રીતે રજૂ કરે છે : ''જૈન લેખકોએ જ ઈતિહાસ સાચવ્યો છે એમ કહેનારા ભૂલી જાય છે કે કચ્છ - સૌરાષ્ટ્ર જેવા પ્રદેશોનો ઈતિહાસ પાળિયામાં સંગ્રહાયેલો છે. પ્રાચીન ઈતિહાસને પ્રગટ કરવાના પ્રયત્નો થયા છે પણ સર્વત્ર પડેલા પાળિયાની વાચના કરવાનો પ્રયત્ન કેટલાએ કર્યો ? કચ્છ - સૌરાષ્ટ્રનો મધ્યકાલીન ઈતિહાસ લોકસાહિત્ય પાળિયામાં છે. પાળિયા એ ઈતિહાસ બોલી રહ્યા છે. પરમસુખ, માનવજીવનનો ધર્મ, બીજા લોકોના સંતાપ દૂર કરી શાતા આપવી, જીવી જવું તે જ છે. સનાતન મૂલ્યો માટે સંત, સતી, શૂરાઓએ જીવન કુરબાન કરી જે પવિત્ર ગાથા રચી તે પાળિયા છે.''

લોકસંસ્કૃતિ અને લોકજીવન અંગે સંશોધન કરનારાઓને આ ધરતીમાંથી ઘણું બધું જાણવા જેવું મળી રહે તેમ છે.

પોતાનો પતિ યુદ્ધમાં કે બીજા કોઈ કારણસર મૃત્યુ પામે ત્યારે પતિનું શબ ખોળામાં લઈ ચિતામાં સળગી પ્રાણ છોડી દીધા હોય એવી સતીઓના અસંખ્ય પાળિયા ઝાલાવાડમાં જોવામાં આવે છે. આ પ્રકારના પાળિયામાં સતીનો હાથ કોતરાયેલો હોય છે. આવા પાળિયામાં જ્યાં નજર નાખીએ ત્યાં અઢારે વરણના જતી, સતી અને શૂર મળી આવે છે. વઢવાણ શહેરના રાણકદેવીના મંદિર પાસેની દીવાલમાં તેમજ હળવદને પાદર તો સતીઓના સમાધિ મંદિરોનું એક નગર વસી ગયું છે. બ્રાહ્મણ, વાણિયા, સોની, મોચી, મેરાઈ, લુવાણા, સથવારા, સુથાર અને રાજપૂત સતીઓના મંદિરોની હારમાળા હાલી આવે છે.

**પાળિયાનું નગર : શૌર્યભૂમિ હળવદ :**

ઝાલાવાડમાં આમ તો ગામેગામ પાદરમાં થોડા વત્તા પ્રમાણમાં પાળિયા જોવા મળે છે. ઝવેરચંદ મેઘાણીએ જેને કંકુવરણી ભોમકા કહી છે તે શૌર્યભૂમિ હળવદમાં જેટલી સંખ્યાના અને જે જુદી જુદી જ્ઞાતિના પાળિયા એક જ સ્થળે જોવા મળે છે તેટલા કોઈ ગામમાં કે કહો કે ગુજરાતભરમાં જોવા મળતા નથી. હળવદના પાળિયા જે સ્થળે છે તેની વિશેષતા એ છે કે અહી સઘળા પાળિયા સ્મશાનભૂમિમાં જોવા મળે છે અને સ્મશાન ભૂમિ પણ જુદી-જુદી જ્ઞાતિની છે જેમ કે, મોચી જ્ઞાતિના પાળિયા મોચી જ્ઞાતિની સ્મશાનભૂમિમાં છે. તો બ્રાહ્મણ જ્ઞાતિના પાળિયા તેમના સ્મશાનમાં છે. આવી જુદી-જુદી જ્ઞાતિની સ્મશાનભૂમિ એક જ સ્થળ ન હોય, પણ જુદા જુદા પોતપોતાના સ્મશાન હોય, એવું ભાગ્યે જ બીજા કોઈ ગામમાં જોવા મળશે !

ઝાલાવાડના ખાંભી અને પાળિયા અંગે ડૉ. ઈન્દ્રવદન આચાર્યએ સારા પ્રમાણમાં નોંધ કરી છે. તેમનો આ વિશેનો લેખ જર્નલ ઓફ ગુજરાત રિસર્ચ સોસાયટી વોલ્યુમ ૪૦, ઓક્ટોબર ૧૯૭૮માં પ્રકાશિત થયેલ છે. આ લેખમાં તેમણે હળવદના પાળિયા વિશે વિગત જણાવી છે.

**હળવદ એટલે સતી અને શૂરાની ભૂમિ. હળવદના લગભગ દરેક બ્રાહ્મણ કુળમાં પતિના મૃત્યુ પાછળ પત્ની સતી થતી હતી તેના પુરાવા રૂપે સ્મશાનભૂમિમાં આજે પણ તેમના અનેક પાળિયા, દેરીઓ મોજૂદ છે**

આ પહેલાં હળવદના પાળિયા અંગે એક વિસ્તૃત લેખ ૧૯૭૦માં સ્વાધ્યાયના અંક ૪૩ માં પ્રકાશિત થયો હતો. તેના લેખક હતા લોકજીવનના અભ્યાસી પુષ્કર ચંદરવાકર. તેમના આ લેખમાં હળવદના પાળિયાની વિગતો આપી છે. તેમના આ લેખમાં તેમણે ચાર સતીના હાથના પંજાવાળા પાળિયાનો ઉલ્લેખ કર્યો છે અને ''સ્વાધ્યાય''માં આ પાળિયાનો ફોટોગ્રાફ પણ છપાયો છે.

પુષ્કર ચંદરવાકર લખે છે ''ગામ તરફ જતા વેગડવાવનો રસ્તો ઓળંગીને જઈએ છીએ ત્યારે આ સ્મારકનો એક શૂરોપૂરો ઢાલ અને ભાલો લઈને જરા નમીને ઊભો છે. તેના ભાલા નીચે ચાર સતીઓના ચૂડાદાર હાથની હથેળીઓને કોણી સુધીનો ભાગ કોતરેલ છે. તે પાળિયા નીચે લખાણ અસ્પષ્ટ છે, અને ભુંસાઈ ગયેલ છે. છતાં તેની સાલ જળવાઇ રહી છે. સવંત ૧૫૫૧ વરસે શ્રાવણ સુદી ૧૧...... આગળનું લખાણ ભુંસાઈ ગયું છે, પણ સંવતમાંથી ૧૩૦ વર્ષ બાદ કરતાં ૧૪૨૧ હોય તેવું તારવી શકાય. ભાલો અને તલવારવાળો, પાઘડીવાળો, કરડા શૂરાપૂરાથી કલ્પી શકાય કે પાળિયો કોઇ રાજપૂત વીરની ચાર બાઈઓનો હોવો જોઈએ.''

પુષ્કર ચંદરવાકર આગળ લખે છે કે ''આ સ્મારકની વિશેષતા દેરાવાસી અને સ્થાનકવાસી જૈનોના સતીમાના પાળિયા આ દેરીમાં છે. પણ અત્રે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે અહિંસાને વરેલી જૈન જ્ઞાતિમાં સતીઓ શા માટે થઈ હશે ? એક મત પ્રમાણે શિવ ધર્મમાં સતી થવાનો રિવાજ પ્રચલિત હતો. આ પાળિયાઓ વિચારમાં નાખી દે છે. આ પાળિયા કોઠારી વંશની સ્ત્રીઓના છે. આ પાળિયાના શિલાલેખો સિંદૂર અને વરખના કારણે સાવ વિરૂપ થઈ ગયા છે.

**નંદવાણા સતીમા :**

નંદવાણા બ્રાહ્મણનો ઈતિહાસ માનસિંહ ૧લાની સાથે સારી રીતે સંકળાયેલ છે. તેમની સતીઓના પાળિયા આજે રાજેશ્વરની સ્મારક ભૂમિમાં છે. તે પાળિયાની કોતરણીમાં સતીના ઉપરના ભાગમાં થાળાવાળું શિવલિંગ જોવામાં આવે છે. આવા પ્રકારની કોતરણીવાળા પાળિયા નંદવાણા બ્રાહ્મણોની સતીમાના છે. ખાંભીઓ ધરતી પર પડી છે તેનું કોતરકામ અને શિલાલેખ સ્પષ્ટ છે.

**ઔદીચ્ય અને શ્રીમાળી બ્રાહ્મણોના સતી મા :**

હળવદના આ પાળિયાના સાવ પૂર્વમાં જે ચાર દેરીઓ છે તે શ્રીમાળી બ્રાહ્મણની છે. તે દેરીઓમાં પાળિયા છે તે ઉપરાંત ભોંય પર ઊભેલા કેટલાક પાળિયા છે. અહી બ્રાહ્મણ કુળની સતીઓના પાળિયા અને દેરી છે. દવે કુળનાં સતીમા સ્મશાનમાં છાપરાની પૂર્વે બેઠાં છે. તેની નાનકડી બનાવેલી દેરી છે, અને સિંદૂર વરખથી સતીમાને શણગારેલાં હોવાથી તેની વિશેષ વિગત મળતી નથી. જોષી બ્રાહ્મણો એક સમયે હળવદમાં અતિ સમૃદ્ધ હતા. તેમની દેરીઓ શિખરબદ્ધ છે. માંડલીયા રાવલના સંવત ૧૭૬૯ના સતીમા અહીં બિરાજે છે. ઠાકર કુળના સતીમાના પણ પાળિયા છે. કંસારા જ્ઞાતિના સતીમાનું અહીં મંદિર આવેલું છે.

હળવદ એટલે સતી અને શૂરાની ભૂમિ. હળવદના લગભગ દરેક બ્રાહ્મણ કુળમાં પતિના મૃત્યુ પાછળ પત્ની સતી થતી હતી તેના પુરાવા રૂપે સ્મશાનભૂમિમાં આજે પણ તેમના અનેક પાળિયા, દેરીઓ મોજૂદ છે. એક જ કુટુંબમાંથી ચાર ચાર સતીઓ થઈ હોય તેવા પુરાવા રૂપ દેરીઓ છે.

જે કુળના સતી હોય તે કુળના દીકરા વહુની છેડાછેડી તે સતીમાના સ્થાનકે છૂટે છે. આશ્ચર્યની વાત તો એ છે કે બ્રાહ્મણ કુળમાં મૃત્યુ થાય ત્યારે તેના કુળના સતી સામે જ અગ્નિસંસ્કાર થાય છે. કેટલીક સતીની દેરીઓનો પાટોત્સવ દર વર્ષે ઉજવી ત્યાં જ ભોજન પણ ગોઠવવામાં આવે છે.

**મોચી કોમના શૂરા અને સતીના પાળિયા :**

હળવદના રેલવે સ્ટેશન પાસે જ જન-ક્ષત્રિય શૂરા

સતીના ૮૦ જેટલા પાળિયા છે. અસલ રાજપૂત ઢબની બાંધણીની દેરીઓના પાળિયા ઉપર સંવત, માસ, તિથિ, વાર, જ્ઞાતિ વગેરે માહિતી આપતા શિલાલેખો કોતરેલા છે. વિક્રમની ૧૩ મી સદીથી માંડીને ૧૮ મી સદી સુધીના લગભગ ૬૦૦ વર્ષના લાંબા સમય પરના અહીં પાળિયા છે. આ બધા જ પાળિયા જન-ક્ષત્રિય કોમના છે. સંવત ૧૮૨૫ અને ત્યાર પછીની સાલના પાળિયા પર જ્ઞાતિ નામ તરીકે મોચી શબ્દ આવે છે, જ્યારે તે પહેલાના પાળિયા પર પણ ‘જણસાહી’ શબ્દ જોવા મળે છે. તેરમી સદીના જૂના પાળિયા પર જન-ક્ષત્રિય નામ છે.

હળવદના પાદરમાં જન-ક્ષત્રિયોના લગભગ ૧૫૦ જેટલા પાળિયા હતા. પરંતુ ત્યાં રેલવે સ્ટેશન લાઇન નાખવાનું નક્કી થતાં બાકીના પાળિયા વગેરે નાશ પામ્યા હવે માત્ર ૮૦ જેટલા પાળિયા ઊભા છે.

**સોનારકાની ધાર :**

હળવદથી થોડે દૂર રાણકપુર ગામે જતા પાંડાતીરથના મારગેથી આજથી લગભગ ૨૦૦ વર્ષ પહેલાં સોનીઓની સમૂહ જાન ૨૧ વરરાજાઓ કન્યાઓને વરીને આવતા હતા. સાંજ ઢળી હતી, કોડભર્યા એ યુગલો અને પોરસાતા જાનૈયાઓ ઝડપથી નાની ધાર વટાવી શરણેશ્વર તરફ વળતા હતા, શણગારેલાં ગાડામાં બેઠેલી જાનડીઓએ તો ગીત ઉપાડયું : અમે ઈડરિયો ગઢ જીત્યા રે...

**હળવદના પાદરમાં જન-ક્ષત્રિયોના લગભગ ૧૫૦ જેટલા પાળિયા હતા. પરંતુ ત્યાં રેલવે સ્ટેશન લાઇન નાખવાનું નક્કી થતાં બાકીના પાળિયા વગેરે નાશ પામ્યા હવે માત્ર ૮૦ જેટલા પાળિયા ઊભા છે**

ત્યાં ધાર પાછળથી ૩૦ બુકાનીધારી બહારવટિયાઓએ હુકમ કર્યો ‘જે હોય તે કાઢી દો, આ તલવાર તમારી સગી નહીં થાય !’ જોર-તલબીનો એ જમાનો હતો પણ, આ ધરતી શૂરવીરોની હતી. જાનના વરરાજાઓ સહિત જાનૈયાઓએ સામો પડકાર નાખ્યો અને તલવારો તાણી અને એ નાનકડી ધારના લાલ રંગમાં સાંજ વિલાઈ ગઈ ! ૧૧ મીંઢોળબંધા જુવાનો અને તેમના દસ મિત્ર સ્વર્ગે સિધાવ્યા. એમની વીરતાને જોઈને સોનારણો સતી થઈ. આજેય વીરતા અને વટની નિશાનીરૂપ પાળિયાઓ એ ધાર માથે ઊભા છે. ધારનું નામ પડયું છે ‘સોનારકાની ધાર.’ સોની જ્ઞાતિના માણસો આજે આ પાળિયાઓને જુવારે છે. નિવેદ ધરાય છે. કુળની વહુવારુ આ સોનારકાની ધારના શૂરાપૂરાની લાજુ કાઢે છે.

**કૂવાનો કેર :**

કૂવા સાથે એક અતિ કરુણ પ્રસંગ જોડાયેલો છે. કંકાવટી ઝાલાઓની એ સમયની રાજધાની હતી. તેના રાજા વાઘોજી. એક દિવસ મુસલમાનોનું દળકટક કંકાવટી ઉપર ચડી આવ્યું. વાઘોજી લશ્કર લઈ સામે લડયો. જતાં જતાં રાણીવાસમાં કહેવરાવ્યું કે જ્યાં લગી તમે મારી ધજા ફરકતી જુઓ ત્યાં લગી માનજો કે હું જીવતો છું. વાઘોજીનું લશ્કર દુશ્મનોને હંફાવતું હતું ત્યાં એવું બન્યું ધજા ગ્રહણ કરનાર સૈનિકે કોઈક કારણસર ધજા નીચે મૂકી. રાજગઢમાં દેખાયું કે ધજા હેઠી પડી છે અને રાણીઓએ રાજગઢના કૂવામાં પડી પોતાના પ્રાણ છોડયા.

આ બાજુ વાઘોજી દુશ્મનોને તગેડી પાછો ફર્યો. જોયું તો રાણીવાસ ભેંકાર. હવે જીવવું શા કામનું ? એમ માનીને ફરીવાર સરદારોને એકત્ર કરી દુશ્મનોની પાછળ ચડયો. કેસરિયા કર્યા અને વીરગતિને પામ્યો. મહંમદ બેગડાએ કૂવાનો (હાલનું કંકાવટી) સંપૂર્ણ નાશ કર્યો. કંકાવટીમાં રાજગઢીના ખંડિયેર માત્ર બચવા પામ્યા છે. રહ્યો છે માત્ર પેલો કૂવો - જેણે એક સૈનિકની બેદરકારીને લીધે અનેકનો ભોગ લીધો તે. આ વાઘોજી સાથે સોલંકી કુળની સાહેબકુંવરબાનું સગપણ થયેલું. તેને પણ ખબર મળતાં તે કુંવારી સતી થઈ. તેનો પાળિયો ધ્રાંગધ્રા તાલુકાના જૂની બાવળી ગામે છે.

**એક તેતરને કારણે :**

આશરો માગવા આવેલા દુખિયારાને આશરો આપવાનો ધર્મ તો જાણીતો છે પરંતુ શિકારીને હાથે ઘાયલ થયેલા તેતરને આશરો આપી પોતાના જુવાનજોધ દીકરા અને કુટુંબીઓએ શિકારીઓની સામે થઈ જાનની ખુવારી વેઠે એવું બને ખરું ? હા, એક સમયે સાયલાના ચભાડ જુવાનિયા શિકાર કરવા નીકળેલા. તેઓ મૂળીના પાદરમાં આવી પહોંચ્યા ત્યાં એમણે તેતરને વીંધ્યું. તેતર પાંખો ફફડાવતું દોડતું પરમારોના મા જોમબાઈના તંબુમાં પહોંચ્યું. ચભાડ જુવાનિયાઓએ પોતાનો શિકાર તેમને આપવા જીભાજોડી કરી પણ, આશરે આવેલાને કેમ સોંપાય ? મા જોમબાઈએ ઘસીને ના પાડી અને મૂળીના પાદરમાં મચ્યું ધીંગાણું ! જોમબાઈમાના દીકરા મુંજોજી કામ આવ્યા. સામા પક્ષે પણ ઘણી ખુવારી થઈ. કાળ જતો રહ્યો કહેણી રહી ગઈ કે...

*સંવત ચૌદ ચુમોતેરે, સોઢાનો સંગ્રામ,*
*રણઘેલે રતનાવતે નવખંડ રાખ્યું નામ.*
*વાર શનિશ્ચર સુદ મખે, ટાઢા સુરજ ત્રીજ,*
*રણ વાંધે રતનાવતે, ધારણ મુંજો ધીર.*
*પડયા ચભાડ પાંચસો, સોઢા વિસુ સાત,*
*એક તેતરને કારણે,અલ રાખી અખિયાત.*

એક તેતરને કારણે મૂળીના પાદરમાં પાંચસો ચભાડ કામ આવ્યા. તો સાત વીસુ સોઢા પરમાર કામ આવ્યા. પણ

ઘાયલ તેતરને મા એ ન સોંપ્યું. પોતાના દીકરા મુંજાજી આ ધીંગાણામાં કામ આવ્યા. તેની પાછળ મા જોમબાઈ સતી થયા તેની દેરી પણ મૂળીના પાદરમાં ઊભી છે. આજે તો મા જોમબાઈની માનતાઓ ચાલે છે.

**અણનમ માથાં :**

પંચાળની કાંધી ઉપર આંબરડીના ટીબે પેલા 'અણનમ માથાં' હસી રહ્યાં છે. આંબરડીનો ધણી વિહળ રાબો. તેને એવું નીમ કે પોતાની તલવાર સિવાય બીજા કોઈને નમે નહીં. વિહળ રાબાને અગિયાર ભેરુબંધ. એ પણ એવા જ અણનમ... સંધાયે એક વખત નીમ લીધું કે જીવવુંય હારે ને મરવુંય હારે !

કોઈ ઈર્ષ્યાળુ આદમીએ અમદાવાદના સુલતાનના કાન ભંભેર્યા કે આંબરડીનો ધણી વિહળ રાબો કોઈને નમતો નથી અને સુબો ક્રોધે ભરાયો. દળકટક લઈને ઉપડયો વિહળ રાબાને નમાવવા. સુલતાને વિહળ રાબાને કહેવરાવ્યું કે 'કાં સલામ ભરો ને કાં લડાઈ કરો,' વિહળ રાબાએ લડાઈનું નોતરું ઝીલી લીધું પણ સુલતાનને કહ્યું કે અમારી પાસે તોપ કે બંદૂકો તો નથી પણ આડ હથિયારે તારું લશ્કર લડે ને અમે બધા ભાઈબંધો પણ આડ હથિયારે લડીએ. બાદશાહે વિહળ રાબાનું વેણ રાખ્યું. ધીંગાણું મચ્યું. સુલતાને જોયું કે, આ બળુકા જુવાનીઆ તો નાળિયેર ફોડે એમ પોતાના લશ્કરનાં માથાં વધેરતાં હતાં. પોતાના લશ્કરનો સોથ વળી જતો જોઈ બાદશાહે વચન ફેરવી તોળ્યું અને બંદૂકોમાંથી ગોળીઓ છૂટવા માંડી. બહાદુરોના શરીર ચારણી જેવાં થઈ ગયાં. વિહળ રાબાએ એ ટાણે એક કુંડાળું દોર્યું અને ભાઈબંધોને કહ્યું કે આપણે સંધાય જીવ્યા છીએ સાથે અને મરવા ટાણે આ કુંડાળામાં ભેગા મરશું. ઘાયલ થયેલા ભેરુબંધમાંથી કોઈ પોતાના આંતરડા લઈને કુંડાળામાં આવે છે, કોઈનું ધડ હાથમાં માથું લઈને આવે છે, બધા આવી ગયા અને અગિયારે જણ પડખો પડખ સદાને માટે પોઢી ગયા.

સાંજ વેળાએ બહારગામ ગયેલો ભાઈબંધ તેજરવ સોયો ગામમાં આવે છે. તેણે જોયું તો ભારે અનરથ થઇ ગયો હતો, પાદરમાં લોહીના ખાબોચિયાં ભરાયાં હતાં. સ્મશાનમાં ચિતાઓ જલતી હતી. તે દોડયો. કેટલાકે એને પાછો વાળવા હાક મારી પણ એને મોડું થતું હતું. એ ચિતા ઉપર ચડી ગયો. સરગાપરની વાટે ભેરૂબંધોથી છેટું પડવા ન દીધું !

આ પરમ બાર મિત્રો જ્યાં મરાણા અને દેહ પડ્યા ત્યાં ૧૨ ખાંભીઓ અને દેરી છે. જેને 'ચારણ વિસળ કી બારી' કહે છે. આ ઠેકાણે ગામની કોઈ કોમની વ'વારુ લાજ કાઢ્યા વિના હાલે તો ગાંડી થઈ જાય છે, એવી વાત પ્રચલિત છે. ઉપરાંત આ ઠેકાણે કોઈ મારતે ઘોડે (દોડાવતો ઘોડા પર) નીકળે તો એની જાનને જોખો થાય છે, અને અહીં કોઈ કોઈ વેળાએ રણ જાગે છે અને શૂરાઓના હાકલા પડકારા 'મારો મારો' 'દિયો દિયો' એવા અવાજો સંભળાય છે. આવા રણ જાગવાના પ્રસંગો પરથી આ એક દુહો 'અમર દુહો' બન્યો છે જે બોલે છે કે :

***ખાંભી ખોડી ખડખડે, નયને ખણખણ ઝરે ઈંગાર ;***
***પાણા કરે પડકાર, ઈ દુહો અમાણા દેશનો.***

**રેશમિયો ભેડો :**

આયરનો અનાથ બાળક. આઈ વેજીના માવતરે ઉછેરીને મોટો કર્યો. આઈ વેજીનો નેસ તો પછી વતનમાં કચ્છમાં ઉપડી ગયો. ઉપરાઉપરી વરસ દુકાળનાં આવ્યાં અને અહીં રેશમિયા ભેડાને ભગવાને રૂડા દી' દેખાડયા. દોમદોમ સાયબી. બહેન તો ભાઈના ઘરે વરસ વરતવા છોકરડાંને ખાંડુ પાડરૂ હારે ચોટીલા પાસેના આજના રેશમિયા ગામને પાદરે આવી પહોંચતા સુધીમાં સાંજ વળી ગઈ. અંધારું ઉતરવા માંડયું. વાટમાં જતાં અસવારને આઈએ પૂછ્યું ''મારો વીરો રેશમિયો ઘરે છે ને ?'' બહેનને ખબર નહોતી કે સામે ઊભો હતો એ જેને એ પૂછતી હતી એ એનો ભાઈ રેશમિયો હતો. પણ દુકાળનું ટાણું અને આઈને ઓળખી જતા એનામાંથી રામ ગયા. કહે કે ''રેશમિયો ? ઇ તો થોડા દા'ડા પહેલા લાંબા ગામતરે ગિયો.... !''

આઈએ તો ઘોડેસવારને રેશમિયાના અણસારે ઓળખીને જ પૂછેલું. કચ્છમાંથી દડમજલ કરીને માંડ ભાઈના પાદરે પહોંચેલી બેનના માથા પર તો આભ તૂટી પડયું ! એનાં તો બારે વહાણ ડૂબી ગયાં. હવે જાઉં ક્યાં ? એની આંખમાંથી ચોધાર આંસુ ટપકવા માંડયાં, આક્રંદ માંડયું અને ધરા કંપી ઊઠી, ડુંગર ધાર ડોલવા લાગી ! પાદરનાં ઝાડવાને રોવડાવતાં મરશિયા ઉપાડયા :

***ભલકિયું ભેડા, કણસિયું કાળજ માંય,***
***રગું રેશમિયા, વીંધાણી વાગડના ધણી;***
***ઘોડો મૂવો ઘરગિયાં, મેલ્યાં મેહુલિયે,***
***રખડી રાન થિયાં, રોળ્યાં રેશમિયે;***
***ભેડા ભાંગી ડાળ, જેને આધારે જીવતાં,***
***કરમે કોરો કાળ, રખડાવ્યા રેશમિયા;***
***ટોળાં જાય ટળ્યે, નવરંગી નીરડિયું તણા,***
***એને ગોંદરે નઈ ગોવાળ, રેઢાં રિયા રેશમિયા.***

રેશમિયો ભેડો સહન ન કરી શક્યો. ચિત્કાર પાડી ઊઠયો : ''બસ કરો આઈ ! એ હું જ રેશમિયો, મારાથી ભૂલ થઈ ગઈ, હવે માફ કરો.''

પણ આઈના આક્રંદથી વનરા ઝૂરવા લાગી. રેશમિયાના દિલના દગાએ આઈના જીવતરમાંથી રસ ઉડાડી મેલ્યો!

*ભર દરિયે કોઈ વા'ણ, ભેડાનું ભાંગી ગિયું,*
*પંડય થિયાં પાષાણ, રસ ગિયો રેશમિયા.*

દંતકથા કહે છે કે આઈ વેજીના આક્રંદ બોલે, એક એક મરશિયે રેશમિયો ભેડો, આઈના ઢોરડાને છોરડાં ધીરે ધીરે પાષાણરૂપ બનતા ગયા અને પોતે પણ !

*ભેડા ભેડાતે એને વાડ્યું કરીને વાળીએ,*
*સાંઠી સુકાતે રસ ન રે ' રેશમિયા.*

અસતને ઉઘાડા પાડવા, માનવીની નાદારીને સતને ત્રાજવે ચડાવીને આઈએ સત લીધું. આજે એનો પાળિયો રેશમિયાને રસ્તે ઊભો છે અને એની માનતાયું હાલે છે.

**બલિદાનનું સ્મારક – માધાવાવ :**

વઢવાણની બારમા સૈકાની વાત કરીએ. પાણી વગર ટળવળતાં આ ગામમાં સારું એવું પાણીનું કામ થાય એ માટે કરણ વાઘેલાના મંત્રી માધવે સંવત ૧૩૫૦ આસપાસ વાવ બંધાવી. વરસો સુધી એનું કામ ચાલ્યું. બાર વર્ષે કામ પૂરું થયું, પણ ક્યાંયથી પાણીની આવ ન દેખાય ! સહુ મૂંઝાણા. જોષી મહારાજે ગંભીર મોઢું કરીને કહ્યું કે, ''પાણી તો આવે પણ વાવ વરઘોડિયાનો ભોગ માગે છે ! ''

એ વખતે કહેવાય છે રાજઘરાણાનો એક જુવાન અને એની ઘરવાળી તૈયાર થયાં. એમના પગલે પગલે વાવમાં પાણી છલકાયું. એ તો ધામમાં ગયાં પણ ગ્રામજનોને પાણીનું સુખ કરતાં ગયાં.

આ વાવનું નામ માધાવાવ. આ વાવના છેલ્લા મતવાલામાં ઘણાં વર્ષો પહેલાં પુરૂષ અને સ્ત્રીની મૂર્તિ નીચે જે લખાણ વાંચવામાં આવતું તે આજે ભૂંસાઈ ગયું છે. અત્યારે ભૂંસાઈ ગયેલું પણ જેની વાચના નોંધી લેવામાં આવી છે તે લખાણ આ મુજબ હતું : '' સવંત ૧૩૫૦ વર્ષે કાર્તિક સુદ ૮ ગુરો નાગર જ્ઞાતિયમહ શ્રી સાંઢવ સુતામહ શ્રી તષ માહિતી''

માધાવાવ જોઈએ એટલે નજર સામે તરવરે છે ગામ માટે પ્રાણ પાથરનાર જોડલું. – માધાવાવના મતવાલામાંથી જાણે કે સંભળાય છે.

*''બાર બાર વરસે નવાણ ગળાવ્યાં,*
*નવાણે નીર નોં આવ્યા જી રે.''*

પાણી માટે પ્રાણ પાથરનાર દંપતીનું સ્મારક આજે વઢવાણમાં ઊભું છે.

**સતી રાણકદેવીની ખાંભી :**

વઢવાણ શહેર એ જમાના જૂનું, જૂનાગઢની હારનું શહેર છે. જ્યાં રાણકદેવી સતી થયાં છે. તેમની ખાંભી વઢવાણના ભોગાવાના કાંઠે કિલ્લાની અંદર એક ભવ્ય – ભગ્ન દેવળમાં પધરાવેલ છે. અઢારેય આલમ સતી રાણકદેવીની માનતાએ આવે છે. ઈતિહાસ પ્રસિદ્ધ આ વાત તો જગજાહેર છે. આ પણ સતીના પાળિયાની કહાની છે. સોરઠ ધણીની રાણી પોતાના શિયળ વ્રતમાં મોટા માંધાતાના શરણે પણ નમતી નથી, અને એ પોતાનું જીવન વહાલું કરતી નથી. પોતાનાં વ્હાલાં બાળકો પોતાની નજર સામે વધેરી નાખવામાં સીતમગર સત્તાધીશ કાંઈ બાકી રાખતા નથી.

વઢવાણના ભોગાવામાં સતી થયેલ રાણકદેવી શ્રદ્ધા – આદરનું પ્રભવસ્થાન રહી છે. રાણકદેવી સંવત ૧૧૧૩ આસપાસ વઢવાણના ભોગાવામાં સતી થયેલ. આજના રાણકદેવીના ભગ્ન મંદિરમાં રાણકદેવીની ખાંભી જુવારવામાં આવે છે.

**ઝાલાવાડમાં સાવજ :**

વરસો પહેલાં ઝાલાવાડમાં પણ સાવજની વસતી હતી એની એક લોકકથા સાંભળવા મળે છે, પણ તેની ઐતિહાસિક સાબિતી પણ હવે મળી છે. ધ્રાંગધ્રાના કિલ્લાની સામે ફલકુ નદીના સામે કાંઠે, ધ્રાંગધ્રા – હળવદ રોડ અને ધ્રાંગધ્રા – હળવદ રેલવે પુલની વચ્ચે શીતળા માતાના મંદિર પાસે સાવજ અને માણસનો એક પાળિયો છે. માણસ ઘોડા ઉપર છે, પાછળ સાવજનું મોઢું કોતરેલું છે. સાવજે માણસને મારી નાખ્યાનો આ પાળિયો છે.

**ઢોલીનો પાળિયો :**

સાયલા તાલુકાના સુદામડા ઉપર મિંયાણાઓનું ધાડું આવ્યું અને દરબારે પડકાર કર્યો કે, આજ સુદામડા માટે સૌ લડી લેજો અને ગામ – ગરાસમાં સૌના સરખા ભાગ છે. તે દી'થી સુદામડાના તમામ વરણના લોકો ગરાસદાર બની ગયા. એ ધીંગાણામાં ગામની રક્ષામાં કાનીયો ઢોલી મોખરે મરાણો. એ ઢોલ તરઘાયો અને ધીંગાણાના ઢોલ વગાડનાર રખેસર કાનીયાની ખાંભી દરબારોની ખાંભીઓની હારે પૂજાય છે.

**પાળિયામાં વેલડું :**

પાળિયામાં વેલડું કંડારેલ હોય તેવો એક પાળિયો થાનના તરણેતરમાં જોવા મળે છે. જ્યારે જૂના સૂરજદેવળમાં માનવી અને બાજુમાં લાંબુ તંબૂર જેવું વાદ્ય કંડારેલો પાળિયો જોવા મળે છે.

ઝાલાવાડની કંકુવરણી ભોમકામાં ગામે ગામ ઊભેલા ખાંભી - પાળિયાઓ દ્વારા ઝાલાવાડનું જોમ મૂર્તિમંત થાય છે. ઝાલાવાડના પાળિયા માટે મોટું પુસ્તક બને તેટલી સામગ્રી છે. આ નાનકડા એવા લેખમાં આ બધું સમાવિષ્ટ કરવું દુષ્કર છે. પાળિયાઓ ઉપર દર વર્ષે સિંદૂર ચડતું જાય છે. આજેય કોઈ કોડભરી રમણીનો ભરથાર સિંદૂરિયા વાઘા સજીને ગામને પાદર અતીતની આલબેલ પોકારતો ઊભો હોય તેવાં દશ્યો દેખાયાં કરે છે.

---

*'પૂર્વાલય', દ ૮, પરિમલ સોસાયટી,*
*સુરેન્દ્રનગર (મો. ૯૪૨૭૫ ૮૯૦૦૬)*

# 'પાને પાને પ્રકટતો પ્રકાશ' (પાંચ પ્રેરણાદાયી પુસ્તકોની વાત)

*- રેખાબા સરવૈયા*

"**સા**હિત્ય એટલે જ્યાં આગળ પુસ્તક પૂરું થાય અને એજ ક્ષણથી વાંચનારના મનમાં વિચારો શરૂ થાય એવાં વિચારોનું ભાથું.' આ વાક્ય કહેનાર પણ મહાન વિચારક જ હશે... કારણ કે... અહીયાં એણે સાહિત્યની વ્યાખ્યામાં પાયાની ઈંટ તરીકે તો વિચારને જ મૂક્યો છે. એ સૂચવે છે કે વિચારમાં અદ્‌ભુત શક્તિ છે. અને જે વિચારે છે એજ વ્યક્તિ જીવંત, સાચા અર્થમાં જીવંત કહી શકાય છે. ઈશ્વરની રચેલી આ દુનિયામાં પર્વત, દરિયો, ઝરણાં, વૃક્ષો, પશુ-પંખી, આકાશ... આ બધાંને સૌંદર્ય આપ્યું છે એમાં બેમત નથી પરંતુ એ જ ઈશ્વરની અદ્‌ભુત રચના એવા મનુષ્યને સુદરતાંમાં સુગંધ સમાન વિચારની ભેટ આપી છે. માણસ બુદ્ધિશાળી છે અને માટે જ તે વિચારી શકે છે. વિચારોની શક્તિ દ્વારા વ્યક્તિ પોતાની મહાનતા સિદ્ધ કરી શકે છે !

**સાહિત્યમાં એ શકિત છે : જે જીવનની દિશાને બદલી શકે છે. મનુષ્યનું જીવન જો એક પથ્થર જેવું અણઘડ હશે તો પણ ઉચ્ચ પ્રકારનું સાહિત્ય છીણી અને હથોડીની માફક એને ધીરે - ધીરે કોતરીને સુંદર મજાનું શિલ્પ કંડારી શકે છે**


મનુષ્યના ઘડતરમાં સાહિત્યનો ફાળો અવશ્યપણે રહેલો છે જ; એ નકારી શકાય નહીં. કારણ કે... સાહિત્યમાં એ શકિત છે : જે જીવનની દિશાને બદલી શકે છે.

મનુષ્યનું જીવન જો એક પથ્થર જેવું અણઘડ હશે તો પણ ઉચ્ચ પ્રકારનું સાહિત્ય છીણી અને હથોડીની માફક એને ધીરે - ધીરે કોતરીને સુંદર મજાનું શિલ્પ કંડારી શકે છે.

ચાલો મિત્રો !

આજે આપણે પરિચય કરીએ આવા જ કેટલાંક પુસ્તકોનો ! જેમાં રજૂ થયેલાં વિચારો જીવનની દિશા બદલી શકે છે. જિવાતી જિંદગીને હકારાત્મક વલણથી છલકાવી મૂકે છે. આજના આ ચેનલના આળસુ યુગમાં થોડી તસ્દી લઈને સંગત કરવી જ જોઈએ એવું પ્રથમ પુસ્તક છે... ઇંગ્લીશ લેખક હયું પ્રેથરનું... 'Note's to Myself' ૩૨ વર્ષની ઉભરાતી ઉંમરે જે માણસે માત્ર લેખનને જ વ્યવસાય તરીકે અપનાવી લીધો હોય ત્યારે કલમ પ્રત્યેની એની નિષ્ઠા આપણો આદર જરૂર મેળવી જ શકે ! આ પુસ્તકનો ગુજરાતીમાં ભાવાનુવાદ પણ થયો છે જેનું ગુજરાતી નામ છે. 'હું મારું સરનામું છું. અને ભાવાનુવાદક છે રમેશ પુરોહિત... આ સિવાય આ જ પુસ્તકનો બીજો ભાવાનુવાદ કર્યો છે, માવજી સાવલાએ... અને નામ રાખ્યું છે... 'મારી જાત સાથેની વાત'. આમાં લેખકે ખુદનું અંતરદર્શન લખ્યું છે.'

માણસના મનમાં ઊઠતી વિવિધ લાગણીઓનું એમણે એકદમ સાક્ષીભાવે વર્ણન કર્યું છે. ગમા-અણગમાની વાતો પણ અહીં શબ્દો ચોર્યા વગર જ કરી છે. ડાયરીમાં પોતાના વિચારોને ટપકાવવા જેટલી જ સરળ આ ચોપડીમાંથી અર્થઘટન તો ખૂબ જ ગહન નીકળે એવી વાતો અહીં મૂકી છે. ઉપદેશકની રીતે એણે ભાષણ નથી આપ્યું પણ કોઈ નજીકના મિત્રને વાતો કરતા હોય એવી હળવાશથી પોતાના મનની કિતાબ ઉઘાડી મૂકી છે. આમાં જાત સાથે વાત માંડવાથી જગતની નિરર્થક ભાગમભાગી, લાલસા, પ્રસિદ્ધિનો મોહ વગેરે બાબતો કેવી વામણી લાગે એની વાત કરી છે. સાથેસાથે નિખાલસભાવે સેક્સ-પ્રેમ અને બીજી વાતો પણ એમણે આપણી સમક્ષ આત્મીયતાથી જ મૂકી છે. ખરેખર તો આ પુસ્તક દરેક જિજ્ઞાસુએ એટલા માટે વાંચવું જોઈએ કે... આપણને એ વાંચતા આપણી જાતનું પ્રતિબિંબ એમાં દેખાશે અને થશે કે... બટકણા સંબંધોને નિભાવતા છેક અતૃપ્ત થતી અને અંદરથી જેનો આત્મા વલોવાઈને સાવ ઓલવાઈ



જવાની અણી ઉપર છે એવા રઘવાયા માણસને ઘડીક ઊભા રહીને થાક ખાવાની ખાસ જરૂર જણાય છે ! થોડીવાર જ જો આપણે થંભીને આપણી જાત સાથે વાત કરી શકીએ તો અંદર જ રહેલો રત્નનો ખજાનો (આનંદ) એ આપણને મળી શકે... અને ભીતરથી જ આત્મા કહી ઊઠશે કે... "My Propose in life is that I have no poropse' !

દોસ્તો ! આ જ ફીલિંગમાં કન્ટીન્યૂટી જાળવીએ તો આપણાં અંતરનાં દ્વારને ઉઘાડવા માટે દસ્તક દઈ રહ્યું છે. આપણું બીજું પુસ્તક..!

જી હા... સ્કોટલેન્ડનાં લેખિકા સુશ્રી એઈલીન કેડીનું પુસ્તક : 'Opening Doors Within' કે જેનો ગુજરાતી ભાવાનુવાદ કર્યો છે, આપણા જાણીતા લેખિકા સુશ્રી કુન્દનિકા કાપડિયાએ... (જે પોતાના નામ આગળ-ઈશા - લગાડે છે.) ૧૯૫૩માં લેખિકાને ખુદને અંતરમાંથી ઝીણા-ઝીણા અવાજથી આ બધા સંદેશાઓ સંભળાયા હતા ! અને જાણે કે ખુદ ઈશ્વર જ આ વાતો કહીને પોતાની નિરાશા, હતાશા, ઉદાસી અને દુઃખને દૂર કરવામાં એક મિત્રની જેમ જ મદદરૂપ બનતા હોય એવી પવિત્ર ભાવના સાથે બહેન એઈલીન કેડીએ વિગતવાર એ બધા જ સંદેશોને તા. ૧ જાન્યુઆરીથી લઈને ૩૧મી ડિસેમ્બર સુધી એની ચીવટથી નોંધ કરેલી છે એટલે આ પુસ્તકમાં નાનકડા પાનામાં તારીખ પ્રમાણેની નાની-નાની નોંધ કરેલી છે. આ એ પ્રકારનું લખાણ છે જે દરેક વ્યક્તિને એમ જ થાય કે આ તો ઈશ્વરે મને જ કહેલી વાત છે. 'ઉઘડતા દ્વાર અંતરનાં' પુસ્તકમાં લેખિકાએ જે સંદેશાઓ આપ્યા છે એમાં સતત જીવન પ્રત્યેનું હકારાત્મક વલણ જ રજૂ થાય છે. જીવનને ગમે તેવી સ્થિતિ વચ્ચે પણ અર્થપૂર્ણ અને આનંદથી ભરપૂર કરી દેવાની એક અગમ્ય તાકાત અને શક્તિની વાત પાને-પાને દીવાની જેમ પ્રકાશ પાથરે છે. જીવનની અત્યંત મહત્ત્વની બાબતો પ્રેમ, આનંદ, શાંતિ, એકતા, મૈત્રી, કુમાશ, દયા, માયા, કૃતજ્ઞતા આ બધી છે ! બાકીનું બધું જ પ્રદૂષણ છે મનની ઈર્ષા, ક્રોધ, નિરાશા, ઉદાસી આ બધું સાફ થાય ત્યારે મન કેવળ આનંદનું જ રૂપ બની રહે છે ! અને 'જીવન એક મિત્ર જેટલું જ વ્હાલું બની રહે છે !'

**જીવનની અત્યંત મહત્ત્વની બાબતો પ્રેમ, આનંદ, શાંતિ, એકતા, મૈત્રી, કુમાશ, દયા, માયા, કૃતજ્ઞતા આ બધી છે ! બાકીનું બધું જ પ્રદૂષણ છે મનની ઈર્ષા, ક્રોધ, નિરાશા, ઉદાસી આ બધું સાફ થાય ત્યારે મન કેવળ આનંદનું જ રૂપ બની રહે છે !**

વાંચવાની આળસ હોય એવા મિત્રને ગમે એવી વાત એ છે કે, આખીય ડાયરીમાંથી ગમે તે એક પાનું ઉઘાડીને વાંચશો તો પણ કંઈક તાજગીથી સભર મળશે જ.

'મન આપનું છે, આપની મરજીની જ વાત છે ! વાંચવું કે ન વાંચવું કંઈ પણ, આપની મરજીની વાત છે !'

દોસ્તો ! હું તો માત્ર આંગળી ચીંધી દઉં છું... કે આ વાંચવાલાયક પુસ્તક છે... ખરું ને ? ઘણી વખત સો જણાને આંગળી ચીંધી હોય તો એમાંથી એક જણ એ દિશામાં જાય પણ ખરું...

અચ્છા 'Now come to the point...' ...આપણું ત્રીજું પુસ્તક છે... જગવિખ્યાત લેખક - ચિંતક સિરિયા દેશનાં વતની અને કલમ દ્વારા દરેક વાચકના દિલમાં વસનારા ખલિલ જિબ્રાનનું... 'The Prophet' જેનો ગુજરાતીમાં ભાવાનુવાદ કર્યો છે. કિશોરલાલ મશરૂવાળાએ... આ પુસ્તકનું ગુજરાતીમાં નામ રખાયું છે... 'વિદાય વેળાએ.'

મિત્રો ! રવીન્દ્રનાથની 'ગીતાંજલી'ને જ્યારે નોબેલ પ્રાઈઝ મળ્યું ત્યારે એક વિવાદ ઉઠેલો કે ખલીલ જિબ્રાનના પુસ્તક 'પ્રોફેટ' ને કેમ નહીં ?... આટલી હદની લોકપ્રિયતા મેળવનાર આ પુસ્તકમાં લેખકે જિવાતી જિંદગીની એ તમામે - તમામ બાબતો વિશે લખ્યુ ંછે જે દરેકેદરેક માણસના જીવનને એક જ સરખી રીતે લાગુ પડતી જ હોય ! અત્યંત સરળ અને આકર્ષક રીતે શૈલીથી પ્રેમ - લગ્ન - બાળકો - શ્રમ - વેપાર - ગુનો - સજા - શિક્ષણ - મિત્રતા - ભલાઈ - બૂરાઈ - સુંદરતા - મજા - આનંદ - ધર્મ - દુઃખ - કાયદો - બુદ્ધિ - લાગણી - ધન - હર્ષ - શોક - વૃદ્ધ લોકો - ઘર - ભિક્ષુજન - કાળ - મૃત્યુ, જીવન અને વિદાય...!!! આ બધી જ બાબતો ઉપર એણે લખ્યું છે. લેખકે આ વિચારો પોતાની ૧૬ વર્ષની ઉંમરે લખીને પોતાની માતાને બતાવ્યા ત્યારે લખાણથી પ્રભાવિત થયા વગર દીકરાને કહ્યું કે, 'બેટા' ! હજુ આ વિચારો કાચા છે, એને પાકવા દે ! - અને જિબ્રાને એ લખાણ અભેરાઈ પર ચડાવ્યું ! પછી વરસોનાં વરસો બાદ એમાં ફેરફારો કરીને એને પ્રકાશિત કર્યું.

દોસ્તો ! આજે પણ જિબ્રાનના પ્રેમ વિશેના વિચારો કેટલા બધા વાસ્તવિક લાગે છે એ જુઓ ! એ લખે છે કે... 'પ્રેમ એ તો પડખામાં સૂતેલી તલવાર છે જે મનની અંદર સૂતેલાં સપનાંને ઊભે-ઊભાં વેતરી નાખે છે. પ્રેમ સિંહાસનેય બેસાડે છે - તો એ જ પ્રેમ શૂળીએ પણ ચડાવે

છે ! ઊંચે તડકામાં ગેલ કરતી કૂણી પત્તિયો પણ પ્રેમ છે અને છેક જમીનમાં ખૂંપેલાં મૂળિયામાંથી ઈચ્છાનાં વૃક્ષને કાપી નાખનાર તત્ત્વ પણ પ્રેમ જ છે. પ્રેમમાં શ્રદ્ધા રાખવી હોય તો તમારે મેંદાના લોટની જેમ મસળાઈ જવા માટે તૈયાર રહેવું પડે છે. પ્રેમ તમને એવી ભેટ આપશે જે તમને હસાવશે પણ પૂરેપૂરા નહીં અને રડાવશે, તોય પૂરેપરા નહીં. પરંતુ... એ વેદના જગતનાં બધા જ દુઃખથી, સુખથી વધુ વ્હાલી લાગે એવી હોય છે. બધું જ ગુમાવી દેવાની તૈયારી માંગે છે પ્રેમ...'

મિત્ર ! પ્રેમની તો દરેક દિલ દીઠ નોખી - નોખી જ વ્યાખ્યા રહેવાની ! મોટેરાને મન પ્રેમની વ્યાખ્યા હોય એ જ ભૂલકાં - નાનકડાં બાળકોને મન ન પણ હોય... અને આ બાળકોને મન જે પ્રેમ છે, એની તો દુનિયા જ નિરાળી છે ને આપણું હવે પછીનું પુસ્તક પણ એ જ મતલબનું છે.

જી... હા... ઊગતા સૂરજની ભૂમિ એવા જાપાનનાં જ વિખ્યાત ટી.વી. કલાકાર, એવા લેખિકા તેત્સુકો, કુરોયાનાં શાળાનાં સ્મરણોનાં રંગીન - ટચૂકડા પ્રસંગોની બિછાત લઈને સમગ્ર જાપાન અને વિશ્વમાં 'To Tochan' !!! નેશનલ બૂક ટ્રસ્ટ દ્વારા ગુજરાતીમાં અનુવાદિત થયેલું આ પુસ્તક આપણા સુધી પહોંચ્યું છે રમણ સોની દ્વારા...

**'તોતોચાન' - એટલે કે ખુદ લેખિકા પહેલા ધોરણની વિદ્યાર્થીની તરીકે શાળાને, શિક્ષકોને, વાતાવરણને, મિત્રોને, પ્રાણીઓને, પ્રવાસને, સંગીતને, ખેતરને, નૃત્યને... કઈ દૃષ્ટિથી જુએ છે !**

આજે સમગ્ર જગ્યાએ શિક્ષણની ઘોર ખોદાઈ ગઈ છે એવા વખતે સર્જનાત્મક શિક્ષણ દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ કરવાના વિનમ્ર - નવતર પ્રયાસ રૂપે આ પુસ્તક ખરેખર તો દરેક શિક્ષક, દરેક વાલીએ વાંચવું અને વિચારવું જ રહ્યું !

'તોતોચાન' - એટલે કે ખુદ લેખિકા પહેલા ધોરણની વિદ્યાર્થીની તરીકે શાળાને, શિક્ષકોને, વાતાવરણને, મિત્રોને, પ્રાણીઓને, પ્રવાસને, સંગીતને, ખેતરને, નૃત્યને... કઈ દૃષ્ટિથી જુએ છે ! એ બાળસહજ કુતૂહલ - જિજ્ઞાસા - નિખાલસતા - નિર્દોષતાને એકદમ ટૂંકા - ટૂંકા પ્રસંગોમાં લેખિકાએ વર્ણવી છે. સુંદર મજાનાં રેખાંકનો - ચિત્રો દ્વારા આ પુસ્તકને એકદમ જીવંત અને નયનરમ્ય બનાવે છે.

આ પુસ્તકની વિશેષતાએ છે કે... લેખિકા એટલી બધી સંવેદનશીલ અને લાગણીશીલ છે કે... પોતાના કલાસમાં ભણતાં બધા જ મિત્રનો એણે આટલી મોટી ઉંમર પછી પણ સંપર્ક કરીને આ જ પુસ્તકને અંતે એ બધાંય મિત્રને યાદ કરીને એ બધાં અત્યારે શું છે... ! એમની જિંદગી કેવી ચાલે છે ? એ બધું જ બયાન કર્યું છે !

આજે જ્યારે દરેક મા-બાપને એવું ભૂત સવાર થઈ ગયું છે કે, પોતાનું બાળક આમ બને - કે તેમ બને, આ ક્ષેત્રમાં ટોચ ઉપર પહોંચવું જ જોઈએ ! IAS બનીને એણે તો કરીને દેખાડવું જ જોશે... ! આ ડૉક્ટર તો બનશે જ ! આ પ્રોફેસર તો બનશે જ, એને બનવું જ પડશે ! આ બધી જ જીદ-સપનાઓએ બાળકનાં કુમળા મનમાં લાદી દઈને જેમ અપેક્ષાઓ પૂરી કરાવડાવવા મચી પડ્યા છે, એ લોકોને લેખિકાએ લાલબત્તી ધરી છે..

તોતોચાનની બાળસહજ હરકતો, તોફાનો, જિજ્ઞાસા, કૃત્યો, કુતૂહલ... આ બધું જ એટલું બધું રસપ્રદ રીતે લખ્યું છે કે, આપણામાં એક 'તોતોચાન' નામની બાળકી કૂદાકૂદ કરવા લાગે છે ! એટલી બધી મુક્ત રીતે તોતોચાન પોતાના વિચારો રજૂ કરે છે... કે સંભાળનારા દંગ રહી જાય. રેલવેનાં ડબ્બામા બાળકોને ખુલ્લું વાતાવરણ પૂરું પાડનારાં આચાર્ય કોબાયાશીની 'તોમોએસ્કૂલ'નું એક રમણીય ચિત્ર વાચકનાં મનમાં જ ઊભું થઈ જાય છે. આ આચાર્ય દરેક બાળકના ઘડતરમાં એટલો બધો રસ લ્યે છે કે... દરેક બાળક મોટું થયા પછી પણ એનાં પ્રેમને - હૂંફને ભૂલી નથી શક્યા. આપણામાં રહેલા એક નિર્દોષ અને નિર્દંભ બાળકને જગાડવા માટે પણ આ પુસ્તક વાંચવું જ રહ્યું. લેખિકા આ બૂક લખ્યા પછી 'UNICEF'



(આંતરરાષ્ટ્રીય સંસ્થા)નાં સદભાવના - દૂત નિમાયાં…! આ કેવી ઉપલબ્ધિની વાત !

આ વિચારયાત્રાના અંતિમ પડાવ તરીકે આપણું પુસ્તક છે… 'દ્રૌપદી'… સાહિત્યનું સર્વશ્રેષ્ઠ સન્માન એવા જ્ઞાનપીઠ એવોર્ડથી સન્માનિત થયેલા આ પુસ્તકનાં લેખિકા છે ઉડિયા ભાષાનાં પ્રસિદ્ધિ પ્રાપ્ત… એવા સુશ્રી પ્રતિભા રાય… ! અને ઓરિસ્સાની આ રચનાને ગુજરાતીમાં અનુવાદિત કરી છે… સુશ્રી જયા મહેતાએ…

પ્રાચીન ભારતની, મહાભારત (મહાકાવ્ય)ની પ્રતિભાશાળી, માનુનિ અને જાજવલ્યમાન નારી એવી દ્રૌપદીના જીવનની જેટલી વાતો આપણે જાણીએ છીએ એથી વિશેષ નથી જાણતાં એવી વાતો, દ્રૌપદીએ વેઠેલી વેદનાઓ, પાંચ-પાંચ સમર્થ પતિઓ હોવા છતાં એનું મન એક મિત્રની ઝંખના માટે કેટલું ઝૂરતું બતાવ્યું છે - એ એનું એકલવાયાપણું, સમ્રાજ્ઞી થયા પછી શીલનું નિલામ થવાની ક્ષણોમાં અંતરથી બળી જતું એનું આત્મગૌરવ, એક સાદી જિંદગીનું સપનું જોતી નવયૌવનાની હારેની સંજોગોની ચોપાટ પર જે પાસા ફેંકાય છે એ દ્રૌપદીને વેરવિખેર જીવન જીવવાની ફરજ પાડે છે. આ બધાની વચ્ચે પણ દ્રૌપદી કટ્ટર અને અખંડ રહીને જીવી જાય છે ! યજ્ઞમાંથી ઉત્પન થયેલી 'યાજ્ઞસેની'નું જીવન પણ એક ઝળહળતી - બળતી જ્યોત જેવું જ રહે છે. એનું સ્વમાન, આત્મભાન અને અટલ ખુમારીવાળું વ્યક્તિત્વ વાંચકને નવું બળ, નવી પ્રેરણા અને નવી હિંમતથી જીવનને જીવવાની દિશા પૂરી પાડે છે. વિધિની કેવી તો વિચિત્ર વિડંબના કહેવાય કે… યજ્ઞકુંડની જવાળામાંથી જન્મેલી યાજ્ઞસેની (દ્રૌપદી) જીવનભર બળતી - દાઝતી - દઝાડતી રહી અને એના જીવનનો અંત આવ્યો હિમગીરીની બર્ફીલી અને ટાઢીબોળ પર્વતમાળામાં…!


**સ્ત્રી જ્યારે એક સ્ત્રીના જીવનની મૂલવણી કરે છે, ત્યારે એ અત્યંત સૂક્ષ્મ અને ઝીણામાં ઝીણી બાબતોને નોંધે છે… આખરે તો નારી શું ઝંખે છે. ઉમ્રભર ! પૈસો, પદ, પ્રતિષ્ઠા પરિવાર..!!!**

નારીના મનમાં ઊંડાણને, નારીની અણકહેલી પીડાને એક મિત્ર તરીકે શ્રી ક્રિષ્નની મિત્રતા, દ્રૌપદીના જીવનના તડકાથી છાયેલા જીવનમાં એક છાંયડીનું કામ કરે છે. દ્રૌપદીના મનનો બળાપો, એનો વલોપાત, એ બધું જ એ સમજે છે. અને તે છતાં કશું જ કરી શકતા નથી…! મહાભારતનું આ એક ચિરંજીવ પાત્ર છે… દ્રૌપદી… અને એની અંતરમનની ઘટનાને પ્રતિભારાયની કલમે એક સ્ત્રીના હૃદયથી સમજવાનો અને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. એ પ્રયત્ન સફળતમ રહ્યો પણ ખરો !

એક સ્ત્રી જયારે એક સ્ત્રીના જીવનની મૂલવણી કરે છે, ત્યારે એ અત્યંત સૂક્ષ્મ અને ઝીણામાં ઝીણી બાબતોને નોંધે છે… આખરે તો નારી શું ઝંખે છે. ઉમ્રભર ! પૈસો, પદ, પ્રતિષ્ઠા પરિવાર..!!! આ બધું જ એના કદમોમાં ધરી દીધા પછી પણ એનું મન જો ધરાય નહીં તો એના મનની ભાષાને વાંચનાર કોઈ તેને મળ્યું નથી એમ જ માનવું રહ્યું ! પતિ-ભાઈ-બહેન-મા આ બધા જ સંબંધોથી ઉપરનો એક સંબંધ સ્ત્રી ઝંખે છે… એ છે મૈત્રીનો સંબંધ ! દ્રૌપદીના મનની આ બધી જ વાતોનો પરિચય એમાંથી મળી રહે છે…! દ્રૌપદી ઝંખે છે… હરદમ એના મનની ખુશી-ઉદાસી - દુઃખ - ખાલીપો - આનંદ - હરખને ક્ષણેક્ષણે કોઈ જ પરદા વગર જેની સામે રજૂ કરી શકે, વહેંચી શકે એવો મિત્ર !

તો… મિત્રો… આ હતી ગમતીલાં પુસ્તકોની થોડી ઝલક ! હવે વાર શેની લગાડો છો…? આળસ ત્યજીને… શરૂ કરો એમાંથી કોઈ એક પુસ્તક વાંચવાનું…! જેનાં પાને-પાને પ્રકાશ પથરાયેલો દેખાશે…!!! આપણી પરંપરા રહી છે કે… દિવાળીનાં પર્વમાં ઘરનાં ગોખ - આંગણનું અને દીવાલો પર દીવડા પ્રકટાવીને સર્વત્ર પ્રકાશ પાથરીએ છીએ… આ જ રીતથી અહીં પણ પાંચ પુસ્તકોની વાતને શબ્દોથી પેટાવી છે એના થકી અંતરમનના આંગણમાં પ્રકાશ ફેલાય તો આ લખવું સાર્થક ગણાશે. અંતમાં માઈકલ મોન્ટેઈનનું પેલું વાક્ય યાદ છે ને…? પુસ્તકોને હું એટલા માટે પ્રેમ કરું છું કે એ મને આળસમાંથી મુક્ત કરે છે, ખોટા મિત્રના સાથમાંથી છૂટકારો અપાવે છે, મારી ઉદાસીની ધારને બુઠ્ઠી બનાવે અને મને મૂંગો -મૂંગો સથવારો આપે છે !

*'નીતિ', સાંઈ મંદિર પાસે,*
*ઝાંઝરડ રોડ, જૂનાગઢ.*
*મો. ૯૯૨૫૦૧૭૫૮૪*



# ગુજરાતી લોકગીતોમાં ગુંજતો જીવનબોધ

*- નીલેશ પંડ્યા*

● આપણાં લોકગીતો માનાં દૂધ જેવાં સત્ત્વશીલ છે એટલે એમાંથી પેકેજ્ડ મિલ્કની ફ્લેવરની અપેક્ષા નહી રાખી શકાય;એ માટીની મહેક પ્રસરાવે છે,પરફ્યુમની માદકતા નહી...

●ગુજરાતી લોકગીતોમાં ઘુંટાયેલો બોધ ગઈકાલે ઉપકારક હતો,આજે છે ને આવતી કાલેય રહેશે

ગુજરાત કંઈ કેટલીય વાતે નસીબવંતું છે એમ લોકસંગીત બાબતે પણ... આપણી પાસે હજારો લોકગીતો છે;ભલે મુદ્રિત અવસ્થામાં ઓછાં છે, હજુ કંઠોપકંઠ વહેણ પણ એટલા જ જોરથી ધસમસી રહ્યું છે. ભાગીરથીના પ્રવાહની જેમ આ 'લોકગંગા' પણ અડચણની શિલાઓ વચ્ચેથી પોતાનો માર્ગ કાઢીને અનુકૂળતાનાં મેદાન પર વહી નીકળી છે. સમયાંતરે એને 'નીલકંઠ' મળતા રહ્યા એટલે એનું મહાત્મ્ય સતત વધતું જ રહ્યું છે.

**ગુજરાત કંઈ કેટલીય વાતે નસીબવંતું છે એમ લોકસંગીત બાબતે પણ... આપણી પાસે હજારો લોકગીતો છે;ભલે મુદ્રિત અવસ્થામાં ઓછાં છે,હજુ કંઠોપકંઠ વહેણ પણ એટલા જ જોરથી ધસમસી રહ્યું છે**

નિરાશાવાદીઓ એવું માનતા હતા કે વિજ્ઞાન-ટેકનોલોજીના વિકાસ સાથે અર્વાચીનતાની ત્સુનામી આવશે ને એમાં પ્રાચીનતા તણાઈ જશે પણ થયું એથી ઊલટું,આજે રોક, પોપ, રેપ, જાઝ, ફ્યુઝન મ્યુઝિકના જમાનામાં ગુજરાતી લોકસંગીતની બોલબાલા છે જ. હવે બોલીવૂડની ફિલ્મોને આપણાં લોકગીતો, લોકઢાળનાં ગીતોની ગરજ પડી છે એ ઓછું છે? કોલેજો, યુનિવર્સિટીઓ પોતાના યુવા વિદ્યાર્થીઓ માટે તગડો ખર્ચ કરીને લોકસંગીતના કાર્યક્રમો યોજે છે એ નાની વાત છે?



આમ થવું સ્વાભાવિક છે કેમ કે લોકસંગીતમાંથી માટીની મહેક આવતી હોય છે, પરફ્યુમની માદકતાના શોખીનોનેય ભીની માટીની ખુશ્બૂ ગમે જ. ગુજરાતી લોકગીતો માતાનાં દૂધ જેવાં સત્ત્વશીલ છે; એમાં પેકેજ્ડ મિલ્ક જેવી ફ્લેવર ન આવે તોય માના દૂધ સાથે અન્ય કોઈ 'ક્ષીર'ની તુલના કેમ થઇ શકે? આપણાં લોકગીતો સીધાં સાદાં છે એટલે જ રાજવી ઠાઠ ભોગવે છે; સાદગી જ એનો વૈભવ છે!

અહી વાત માંડવી છે લોકગીતોમાં ઘુંટાયેલા જીવન બોધની. લોકગીતો માત્ર મનોરંજન માટે જ રચાયાં છે એવો આપણને ખ્યાલ છે જે ખોટો છે. લોકગાણાં લોકરંજક છે ને લોકશિક્ષક પણ. એ 'સ્યુગરકોટેડ પિલ્સ' જેમ મમળાવવાં ગમે, મીઠાં લાગે પરંતુ ઇંગિત સંદેશા દ્વારા ઉપદેશક, મોટીવેશનલ ગુરુની ભૂમિકા ભજવી જાણે છે. ગુજરાતનાં કેટલાંય લોકગીતો 'પ્રાર્થના' જેટલાં અસરકારક છે.

*મારગ મેલીને પરમારગે નો જાયેં વાલા !*
*ઊભાં ગડગોથડાં ખાયેં પરાણિયા !*
*દીઠડે મારગ જાયેં...*
*ઊંડાઊંડા જળની આળ્યું નો કરીએ વાલા !*
*કાંઠે બેસીને નાયેં રે પરાણિયા !*
*દીઠડે મારગ જાયેં...*
*પર રે અસતરીની આળ્યું નો કરીએ વાલા !*
*આળ્યું કરીએ તો ગાળ્યું ખાયેં પરાણિયા !*
*દીઠડે મારગ જાયેં...*
*ઊંચાં ઊંચાં ઝાડની આળ્યું નો કરીએ વાલા !*
*નીચાં પડ્યાં ફળ ખાયેં પરાણિયા !*
*દીઠડે મારગ જાયેં...*

આ ગીતનો અર્થ કરવાની જરૂર છે? નથી જ, પોતાના જીવને, પ્રાણિયાને વ્યક્તિ પોતે જ સમજી જવા વીનવે છે. કેવો સરસ બોધ !

લોકગીત મોટેભાગે સકારાત્મક સંદેશો આપે છે. એ જીવનદીપમાં શગ સંકોરીને દીવેલ પૂરવાનું કામ કરે છે, નહિ કે દીવડો બુઝાવવાનું. 'દાદા હો દીકરી, વાગડમાં ના

દેજો રે સૈ' અતિ પ્રચલિત લોકગીત છે.સાસરિયામાં ત્રસ્ત એક પરીણિતા પોતાના પિતાને ખબર મોકલે છે કે હું અહી ભયાનક દુઃખ ભોગવું છું,મારી પાસે આત્મહત્યા જ એકમાત્ર ઉપાય છે.

*ઊડતા પંખીડા ! મારો સંદેશો લઈ જાજો રે સૈ,*
*દાદાજીને કે'જો કે દીકરી કૂવે પડે રે*
*દાદા હો દીકરી...*

આ ગીતનો અહી ધી એન્ડ કરી શકાયો હોત પણ લોકરચનાકાર બહુ શાણો હોય છે, જો અહી લોકગીત પૂરું થાય તો સમાજમાં નકારાત્મક સંદેશો જાય કે જે વહુવારુ બહુ દુઃખી હોય એણે આપઘાતનો વિચાર કરવો કે એ વિચારને અમલમાં મૂકવો ! લોકગીત આવું ક્યારેય ન શીખવે એટલે એ પરિણીતાને એના પિતા જવાબ મોકલે છે એટલે કે લોકગીત દ્વારા હકારાત્મક વાત વહેતી થાય એ માટે એક અંતરો વધાર્યો ને એ આ મુજબ છે :

**ગાય આપણે માટે પૂજનીય છે પણ હવે ન્યૂ ઈન્ડિયાએ ગાયનું આર્થિક અને આયુર્વેદિક મૂલ્ય પણ આંક્યું છે. 'પંચગવ્ય' એટલે કે ગાયનું દૂધ,દહીં,ઘી,ગૌમૂત્ર અને ગોબર દ્વારા સારવારનો, શરીરશુદ્ધિનો હવે ક્રેઝ છે**

*કૂવે ના પડજો દીકરી,અફીણિયાં ના ખાજો રે સૈ,*
*અજવાળી આઠમનાં આણાં આવશે રે*
*દાદા હો દીકરી...*

ઘણા લોકો એવી દલીલ પણ કરતા રહે છે કે લોકગીતો તો હવે આઉટ ઓફ ડેટ છે, હવે એ આપણે માટે શા ખપનાં? આજના ઈન્ટરનેટ યુગમાં જૂના જમાનાનાં ગીતોનો બોધ કામ લાગે?

*શ્રાવણ મહિને વાલો સંદેશા મોકલે ને*
*ઝરમર વરસે રે ઝીણા મેહ,હરિ સંગ*
*હરિ સંગ હેત રે ઘણેરાં નંદલાલ...*

ગુજરાતી ભાષાનું બહુ મધુરું, પ્રચલિત અને મનભાવન ઢાળનું આ લોકગીત રાધા-કાન વચ્ચેના સંવાદરૂપે સર્જાયું છે. અહી ગીતના બે અંતરાનો ઉલ્લેખ કરવો છે. પ્રથમ અંતરામાં રાધાજી કૃષ્ણને કહે છે કે,

*આવો કરસનજી આવોને કાનજી*
*કાનજી તારા ઢોલિયા ઢળાવું,હરિ સંગ*
*હરિ સંગ હેત રે ઘણેરાં નંદલાલ...*
*નામ ન જાણું તારું ઠામ ન જાણું*
*હું તો કેમ કરી આવું તારી પાસ,હરિ સંગ*
*હરિ સંગ હેત રે ઘણેરાં નંદલાલ...*

બરસાને કી છોરી રાધિકાએ કૃષ્ણને કહ્યું કે તમે મારે ઘેર આવો,તમારી આગતા સ્વાગતા માટે તત્પર છું પણ કાનુડાનો જવાબ જોયો? ચોખ્ખું જ કહી દીધું કે હું તારું નામ નથી જાણતો, તારું ઠામ-ઠેકાણું નથી જાણતો એટલે કે તું મારે માટે અજાણી છે, હું તારે ઘેર કેમ આવું?

વર્ષોથી આ લોકગીત ગાઈએ-સાંભળીએ છીએ પણ એનો અર્થ આજે કરીએ તો સ્પષ્ટ જ છે કે ફેસબૂકમાં અજાણી વ્યક્તિની ફ્રેન્ડ રીક્વેસ્ટ ન સ્વીકારવી ! ગીત ભલેને પ્રાચીન રહ્યું, સંદેશો અર્વાચીન કાળમાં ઉપયોગી છે ને?

પુરુષોની એક જમાત પહેલેથી જ વનિતાઓને વહાલના નામે છેતરપીડીનું વિષ પિવડાવી દેવામાં માહિર રહી છે. આ ગોરખધંધા પહેલેથી ચાલ્યા આવે છે. અગાઉ એવી લાલચ અપાતી કે હું તમને અલંકારો લઈ દઈશ, કપડાં ખરીદી આપીશ; હવે લાલચનું સ્વરૂપ સમય સાથે બદલાયું – અભણ સ્ત્રીઓને લોન, સબસિડી, સહાયની લાલસા અપાય છે, શિક્ષિતને નોકરીની, સાહિત્ય-કળા ક્ષેત્રની માનુનીઓને સ્ટેજ આપીને વિખ્યાત કરી દેવાની ! ભામિનીઓને ભાન થાય ત્યાં તો બહુ મોડું થઈ ગયું હોય છે. કેટલાક લોકગીતો એવાં છે જે દરેક યુગની સ્ત્રીઓને સાવચેત કરે છે, જેમકે-

*હાલી હાલીને મારા પાવલિયા તરવાણા જો*
*તોયે રે ના આવ્યો તારો દેશ રે*
*વણજારા વાલમ છેતરીને લાવ્યો જો...*
*આઘેરાં હાલો તો તમને ચૂંદડિયું લઈ આલું જો*
*તારી ચૂંદડિયુંની ઓઢનારી હું નૈ રે*
*વણજારા વાલમ છેતરીને લાવ્યો જો...*

આપણા દેશમાં ગાયનું આધ્યાત્મિક મૂલ્ય ઘણું છે.ગાયના દેહમાં તેત્રીસ કરોડ દેવોનો વાસ છે એવી



આપની માન્યતા છે; ગાય આપણે માટે પૂજનીય છે પણ હવે ન્યૂ ઈન્ડિયાએ ગાયનું આર્થિક અને આયુર્વેદિક મૂલ્ય પણ આંક્યું છે. 'પંચગવ્ય' એટલે કે ગાયનું દૂધ, દહીં, ઘી, ગૌમૂત્ર અને ગોબર દ્વારા સારવારનો, શરીરશુદ્ધિનો હવે ક્રેઝ છે. આજના યુગમાં ગાય પાળવી થોડી મુશ્કેલ છે, ખાસ તો શહેરોમાં લોકો ફ્લેટ્સ કે નાનાં ટેનામેન્ટસમાં વસે છે ત્યાં ગાયને ક્યાં બાંધવી? જો કે ગુજરાત સરકાર કાઉ હોસ્ટેલ્સ મુદ્દે ખૂબ જ ગંભીર છે એટલે આવતા દિવસોમાં શહેરીજનો પણ ગૌપાલક બની શકશે.

*ગૌપલાનને પ્રમોટ કરતું આ લોકગીત જુઓ-*

*મારા વાડામાં વાલોળિયા ત્યાં બાંધી કવલી ગાય રે*
*ખડ ખાય ને પાણી પીએ એનાં દૂધ કચોળે જાય રે.*
*કોણે તે ખીલા ખોડિયા ને કોણે બાંધી ગાય રે,*
*રામે તે ખીલા ખોડિયા ને સીતાએ બાંધી ગાય રે.*
*કોણે તે વાછરું છોડિયા ને કોણે દોહી ગાય રે,*
*રામે તે વાછરું છોડિયા ને સીતાએ દોહી ગાય રે.*

ગાય પાળવી હોય તો પુરૂષ અને સ્ત્રી-બંનેને સરખી નિભાવ જવાબદારી ઉપાડવી પડે, માત્ર સ્ત્રીઓ જ મથામણ કરે એ ન ચાલે. ભગવાન રામચંદ્રજીનાં લગ્ન થયાં ત્યારે જનક રાજાએ પુત્રી સીતાને કેટલીય ગાયો દાનમાં આપી હતી એવી કથા છે. લોકગીત એમ કહે છે કે સીતાની સાથોસાથ રામ પણ ગાય સંબંધી શ્રમયજ્ઞમાં સામેલ થતા. રામ ખીલા ખોડે, વાછરું છોડે-એમ અડધોઅડધ જવાબદારી નિભાવે છે,લોકગીત દ્વારા મળતો સંદેશો સાફ છે...

ગુજરાતી લોકગીતોએ જરૂર પડ્યે રૂઢિઓ સામે બંડ પોકારવાનું કામ પણ સુપેરે નિભાવ્યું છે.એક સમયે ઘર કરી ગયેલા અને આજેય સંપૂર્ણ નષ્ટ ન થયેલા બાળલગ્નના કુરિવાજ સામે કેટલીક નાયિકાઓ મેદાને પડી અને તેમણે મર્યાદામાં રહીને તેનો આગવી ઢબે વિરોધ કર્યો,આ રીતે-

*મારા સસરો તે લાવ્યા ઢોલિયો,પિયુ નાના છે,*
*સાસુડી રે લાવી સેજ ,ભમર પિયુ નાના છે.*
*મારા જેઠ તે લાવ્યા દીવડો પિયુ નાના છે,*
*જેઠાણી રે સીંચે તેલ,ભમર પિયુ નાના છે.*
*મારો દેર તે લાવ્યા ફૂલડાં પિયુ નાના છે,*
*દેરાણી રે ગૂંથે હાર,ભમર પિયુ નાના છે.*
*સસરા રે લ્યો તમારો ઢોલિયો પિયુ નાના છે,*
*સાસુજી લ્યો તમારી સેજ,ભમર પિયુ નાના છે.*
*જેઠ રે લ્યો તમારો દીવડો પિયુ નાના છે,*
*જેઠાણી રે લ્યો તમારું તેલ,ભમર પિયુ નાના છે.*
*દેર રે લ્યો તમારાં ફૂલડાં પિયુ નાના છે,*
*દેરાણી રે લ્યો તમારો હાર,ભમર પિયુ નાના છે.*

જુઓ, કેવો સરસ કડવાશ વિનાનો વિરોધ ! શૃંગારરાત્રિ માટે જરૂરી તમામ ચીજોનો નવપરિણીતાએ અસ્વીકાર કર્યો કેમકે પિયુ નાના હોય પછી ક્યાં એ વસ્તુઓની જરૂર જ પડવાની હોય? નાયિકાના અસ્વીકારમાં વર્ષો પુરાણા કુરિવાજ સામેનો આડકતરો બંડ પડઘાઈ રહ્યો છે.

આવાં અન્ય ગીતો પણ છે જેમકે-

*રામ જોવા હાલી રે જીવણ જોવા હાલી*
*મારી ઓછી ઉંમરમાં સસરો આણે આવ્યા*
*મારી ઓછી ઉંમરમાં સસરા ભેળી નૈ જાઉં*
*મારી સાસુડી છે ભૂંડી મને દળણું મેલે સૂંડી*
*મારી ઓછી ઉંમરમાં...*
*પાંદડું ઊડી ઊડી જાય રે પરદેશી લાલ પાંદડું*
*પાંદડાની માયા બહુ લાગી પરદેશી લાલ પાંદડું*
*માડી મારો સસરો આણે આવ્યા,*
*માડી હું તો સસરા ભેળી નૈ જાઉં*
*સાસુડી મેણાં બોલે,*
*પરદેશી લાલ પાંદડું...*

આમ, લગ્ન પછી નાયિકાઓ પિયરમાં છે,એને આણું તેડવા સસરા,જેઠ,દિયર વગેરે સમયાંતરે આવતા રહે છે પણ એ જુદાં જુદાં બહાનાં બતાવી ને સાસરે જવાનું ટાળે છે, અંતે પતિ તેડવા આવે ત્યારે જાય છે, એટલા માટે કે ત્યાં તો એ પુખ્ત થઈ ગઈ હોય છે !

આમ,પાષણયુગનાં મનાતાં ગુજરાતી લોકગીતો એ યુગમાં તો ઉપકારક હતાં જ,આજના ફોર-જી,ફાઈવ-જી યુગમાંય પ્રસ્તુત છે અને આવતીકાલના રોબોટયુગમાં પણ ઉપકૃત સાબિત થશે.

*'વાણી', ૧-નટરાજનગર,યુનિવર્સિટી રોડ*
*રાજકોટ-(૩૬૦૦૦૫)*
*મો.નં.-૯૪૨૬૪૮૧૩૮૭*

QR Code for website link

Government of Gujarat

150 YEARS OF CELEBRATING THE MAHATMA

**Directorate of Information**
**Gujarat**

# Social Media

gujaratinformation.net

gujaratinformation.official

@infogujarat

gujarat.information

Gujarat Information

ગુજરાત
ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

the GUJARAT
An English Quarterly Magazine

19/1 Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar 382 010
Gujarat - India.(079)-23253391

# માણસને હંમેશાં દોડાવતી રહી છે ઘડિયાળ

*- માવજી મહેશ્વરી*

*મારું ઘર હોત જો ટાવરનું ઘડિયાળ (તો)*
*વાળત વિત્યો કાળ, એના ઊંધા કાંટા ફેરવી.*

આ પંક્તિઓ ગુજરાતના નામી કવિ રમેશ પારેખની છે. કવિ સમયના કાંટા ઊંધા ફેરવવાની વાત કરે છે. કવિને વિતેલો સમય પાછો મેળવવો છે. કવિએ જેની વાત કરી છે તે સમય ખરેખર છે શું ? એ પસાર થાય છે ખરો ? સમયનું મૂલ્ય સોના કરતાં પણ વધુ છે, એવું ચિંતકો કહે છે. પણ સોનું આપતાં સમય મળી શકે ખરો ? તો સમય શું છે, એ કઈ રીતે પસાર થાય છે ? આપણને સમય પસાર થયાની અનુભૂતિ થાય છે ખરી ? આ બધા પ્રશ્નો ખૂબ જટિલ છે. માણસની વધતી ઉંમર સાથે બદલાતા સંદર્ભો અને મૂલ્યોનો પ્રશ્ન છે. ત્યારે થાય કે સમય ખરેખર છે ખરો ? જોકે આ સવાલોના જવાબ મેળવવા અઘરા છે. તે છતાં એક એવી ચીજ છે, જે દરેક સમજુ અને જાગૃત મનુષ્યને ટકોરા મારીને કહે છે કે સમય પસાર થઈ રહ્યો છે. અને તે ચીજ છે, ઘડિયાળ !

**જગતની સંસ્કૃતિઓનો અભ્યાસ કરનારાઓને જાણવા મળ્યું છે કે પચીસથી ત્રીસ હજાર વર્ષ પહેલાં માનવ સમય જાણવા ચંદ્રનો આશરો લેતો હતો. સૂર્ય અને ચંદ્ર એ જગતનાં પ્રત્યક્ષ અને અનુભૂતિજન્ય ઘડિયાળ છે**

થોડા પાછળ જઈએ. ત્રણસો ચારસો વર્ષ પાછળ. એ સમયના લોકોની માનસિકતા અને આજની માનસિકતા વચ્ચે જો કોઈ ફરક હોય તો તે સમય માપન માટેનો છે. સમય કંઈક છે કે સમયને ટુકડામાં વહેંચીને જોવાની જાગૃતતા ખરેખર વાસ્તવિક રીતે ઔદ્યોગિક ક્રાંતિ પછી આવી. એનો અર્થ એવો થતો નથી કે તે પહેલાં સમયની કોઈને કિંમત ન હતી. પણ તે છતાં એ હકીકત નકારી ન શકાય કે તે વખતે સમયની ચિંતા ખાસ કરીને જ્યોતિષીઓ, કર્મકાંડીઓ, ખગોળશાસ્ત્રીઓ કે પ્રવાસીઓ વિશેષ કરતા. આ હકીકતને આજના સમયમાં સ્વીકારવી જરા અઘરી લાગે. કારણ કે આપણે જે યુગમાં જીવીએ છીએ તે યુગ ઘડિયાળના કાંટે જ માત્ર નહીં, પણ સેકન્ડ કાંટા પર ચાલે છે. આજના જગતની વ્યવસ્થાઓ દિવસ કે કલાક પર નહીં પણ સેકંડ પર ગોઠવાયેલી છે. એટલે સમયનો સૌથી અગત્યનો એકમ હોય તો તે સેકન્ડ છે. પરંતુ સેકંડ એટલે શું ? કેસીયમ ૧૩૩ નામના પદાર્થના રેડિયોથર્મી ગાળાને એક સેકંડ કહેવાય છે. (નવ અબજ ઓગણીસ કરોડ છવીસ લાખ એકત્રીસ હજાર સાતસો સીતેર) ! માથું ખંજવાળવું પડે તો ઊંડા ઊતરવાની જરૂર નથી. જગતની બધી હકીકતો બધાને સમજાય તે જરૂરી નથી. અહીં એ ચોખવટ પણ થવી જરૂરી છે કે આપણે એમ માનતા હોઈએ કે સમયનું લઘુતમ એકમ સેકંડ છે. તો એ હકીકત ખરી નથી. સેકંડથી પણ નાનાં માપ છે. જેને મીલીસેકંડ, માઈક્રો સેકંડ, અને નેનો સેકંડ કહેવાય છે.

સમયને આપણે એક પરિમાણ ગણીએ છીએ. જેમ કે વજન, અંતર કદ વગેરે. પણ અન્ય પરિમાણો ઇન્દ્રિયગત છે. તેમને સ્થૂળ વસ્તુઓથી જાણી કે સમજી શકાય છે. પણ સમય ઇન્દ્રિયગત નથી. સમયને જોઈ કે સ્પર્શી શકાતો નથી. સમય ઇન્દ્રિયગત ન હોવાને કારણે આજની તારીખ પણ જગતના વિજ્ઞાનિકો કે ચિંતકો નક્કી નથી કરી શક્યા કે સમય નામનો કોઈ પદાર્થ કે ચીજ વાસ્તવમાં છે કે નહીં. તેમ છતાં આ લેખનો મૂળ વિષય છે તે સમયનું મૂલ્ય જરાય ઘટતું નથી.

જગતના આદિ મનુષ્યને સમયની અનુભૂતિ સૂર્ય અથવા ચંદ્ર દ્વારા થઈ હશે. સૂર્યનું દરરોજ ઊગવું, આથમવું, ચંદ્રનું વધઘટ થવું. આ ઘટનાઓએ આદિ મનુષ્યને કશુંક પસાર થઈ રહ્યું છે તેવું માનવા પ્રેર્યો હશે. જગતની સંસ્કૃતિઓનો અભ્યાસ કરનારાઓને જાણવા મળ્યું છે કે પચીસથી ત્રીસ હજાર વર્ષ પહેલાં માનવ સમય જાણવા ચંદ્રનો આશરો લેતો હતો. સૂર્ય અને ચંદ્ર એ જગતનાં પ્રત્યક્ષ અને અનુભૂતિજન્ય ઘડિયાળ છે. પરંતુ સૂર્ય અને ચંદ્ર બેય મળીને વધુમાં વધુ ૨૪ કલાક, એટલે કે એક દિવસનો સમય જાણવા માટે ઉપયોગી છે. ૨૪ કલાક કરતાં વધુ સમય જાણવા માટે પંચાંગની જરૂર પડે છે. અને ૨૪ કલાક્થી ઓછો સમય જાણવા માટે ઘડિયાળની જરૂર પડે છે. ઈ.સ. પૂર્વે ૪૫માં રોમન સમ્રાટ જૂલિયસ સીઝરે સૂર્યગતિ આધારિત જૂલીયન પંચાંગ અમલમાં મૂક્યું. પણ એ પંચાંગમાં ઘણી ક્ષતિઓ હતી. આ ક્ષતિઓ પૉપ ગ્રોગરી ૧૩માંએ ઈ.સ. ૧૫૮૨માં દૂર કરી અને તેણે ગ્રેગેરિયન પંચાંગ અમલમાં મૂક્યું. આ પંચાંગને આપણે અંગ્રેજી પંચાંગ તરીકે ઓળખીએ છીએ. વર્તમાન જગત મોટાભાગે આ પંચાંગને અનુસરે છે.

દિવસો, પખવાડિયાં, મહિના, કે વર્ષો માપવાની સરખામણીમાં કલાકો માપવા તે સમયે અઘરા હતા. ૨૪